ચોથી શ્રેણી

પુસ્તક–૮૦

તા. ૧૮મી માર્ચ, ૨૦૨૧
ફાલ્ગુન ૨૭, ૧૯૪૨ શાકે
થી
તા.૨૨મી માર્ચ, ૨૦૨૧
ચૈત્ર ૧, ૧૯૪૩ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## આઠમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

# અ નુ ક્ર મ ણિ કા




| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા. ૧૮મી માર્ચ ૨૦૨૧ ફાલ્ગુન ૨૭, ૧૯૪૨ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૯ | ૧૪૮ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત ( વીર સાવરકર અંગે અપમાનજનક શબ્દો દૂર કરવા બાબત) | ૧૪૯ | ૧૪૯ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) | ૧૫૦ | ૧૬૭ |
| **તા. ૧૯મી માર્ચ ૨૦૨૧ ફાલ્ગુન ૨૮, ૧૯૪૨ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૬૮ | ૧૭૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૭૯ | ૨૮૧ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(ચોથો દિવસ) | ૨૮૨ | ૩૧૬ |
| **તા. ૨૦મી માર્ચ ૨૦૨૧ ફાલ્ગુન ૨૯, ૧૯૪૨ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૩૧૭ | ૩૨૯ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૩૦ | ૪૨૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(પાંચમો દિવસ) | ૪૨૩ | ૪૫૨ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત (ઉચ્ચ પ્રણાલિકા અંગે) | ૪૫૩ | ૪૫૩ |
| **તા. ૨૨મી માર્ચ ૨૦૨૧ ચૈત્ર ૧, ૧૯૪૩ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૪૫૪ | ૪૬૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૬૬ | ૫૭૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(છઠ્ઠો દિવસ) | ૫૭૪ | ૬૧૩ |
| અડધા કલાકની ચર્ચા (નિયમ–૯૨) | ૬૧૪ | ૬૧૪ |

ફાલ્ગુન ૨૭, ૧૯૪૨ શાકે
તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**
**ગુરૂવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૨૧**
**ફાલ્ગુન ૨૭, ૧૯૪૨ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**
**છોટાઉદેપુર જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના**

* ૩૫૭૫૯ **શ્રી જીતુભાઇ ચૌધરી** (કપરાડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૬૪ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૯૧ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૩૮,૨૦,૦૦૦/- |

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રી પાસેથી જાણવા માગું છું કે, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ છોટા ઉદેપુર જિલ્લામાં ૧ વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી છે, તે પૈકી કેટલી મંજૂર કરેલ છે અને કેટલી નામંજૂર કરેલ છે અને નામંજૂર કરેલ તેના કારણો શું છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ છોટાઉદેપુર જિલ્લામાં ૧ વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ મળેલ છે અને તે પૈકી કેટલી મંજૂર કરેલ છે અને કેટલી નામંજૂર કરેલી છે, નામંજૂર કરેલીના કારણો, માનનીય અધ્યક્ષશ્રી, છોટાઉદેપુર જિલ્લામાં ૬ તાલુકા આવેલા છે અને ૬ તાલુકા પૈકી છોટાઉદેપુરમાં કુલ ૪૮ અરજીઓ મળી છે, તેમાં ૨૨ અરજીઓ મંજૂર કરવામાં આવી છે, ૨૬ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. કવાંટ તાલુકામાં ૨૨ અરજીઓ મળી છે, બાવીસે બાવીસ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. જેતપુર પાવીમાં ૭૩ અરજીઓ મળી છે, તે પૈકી ૬૧ અરજીઓ મંજૂર કરવામાં આવી છે, ૧૨ અરજીઓ નામંજૂર થયેલ છે. નસવાડી તાલુકામાં ૨૮ અરજીઓ મળી છે, ૨૩ અરજીઓ મંજૂર કરવામાં આવી છે, ૫ અરજી નામંજૂર કરવામાં આવી છે. તેવી જ રીતે બોડેલીમાં ૩૪ અરજીઓ મંજૂર કરવામાં આવી છે, ૨૨ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે, સંખેડામાં ૩૭ અરજીઓ મળી છે, ૨૯ અરજીઓ મંજૂર કરવામાં આવી છે, ૮ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે. આમ, કુલ આ છોટાઉદેપુર જિલ્લામાં ૨૬૪ જેટલી અરજીઓ મળી છે, તે પૈકી ૧૯૧ અરજીઓ મંજૂર થઇ છે, ૭૩ અરજીઓ નામંજૂર થઇ છે. હવે નામંજૂર થવાના કારણોમાં ૩૭ અરજીઓ એવી છે કે, જેનો બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦ ના સ્કોરમાં નામ નથી. ૨૧ અરજીઓ એવી છે કે, મૃત્યુ પામનાર વ્યકિતની ઉંમર ૧૮ વર્ષથી ઓછી અને ૬૦ વર્ષથી વધુ હોવાના કારણે અને ૧૫ અરજીઓ એવી છે કે, આ અરજીઓ ૨ વર્ષના સમયગાળામાં કરવાની હોય છે, પરંતુ ૨ વર્ષના સમયગાળા વિત્યા બાદ અરજી કરેલ હોવાથી ૧૫ અરજીઓ એ કારણના લીધે નામંજૂર થઇ છે. આમ, ૧૯૧ અરજી મંજૂર અને ૭૩ અરજી નામંજૂર થયેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય અભેસિંહભાઇ.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનાનો લાભ કોને આપવામાં આવે છે? અને કેટલો લાભ આપવામાં આવ્યો છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના એ શરૂઆતમાં અમલ વખતે કુદરતી મૃત્યુના કિસ્સામાં રૂ. ૫,૦૦૦/-ની સહાય અને અકસ્માતે મૃત્યુના કિસ્સામાં રૂ. ૧૦,૦૦૦/-ની સહાય આપવામાં આવતી હતી. જેમાં, વખતોવખત સુધારો કરી જે પહેલા વર્ષ ૨૦૦૧માં જે રૂ. ૫૦૦૦/- હતી, તેમાં વધારો કરી રૂ. ૧૦,૦૦૦/- કરવામાં આવી અને ત્યારબાદ તા. ૧૫.૦૨.૨૦૧૪ના રોજ જે રૂ. ૧૦,૦૦૦/- સહાય મળતી હતી એને રૂ. ૨૦,૦૦૦/- કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક-૨, માનનીય બ્રિજેશ મેરજા, પ્રશ્ન ક્રમાંક-૩, માનનીય સી.કે. રાઉલજી

**વડોદરા જિલ્લામાં ગણવેશ સહાય યોજના**

* ૩૫૭૦૯ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક | (૧) ૧,૦૬,૫૧૫ |

વર્ષમાં વડોદરા જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ વિકસતિ જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

| | |
|---|---|
| (૨) કેટલી રકમની ગણવેશ સહાય ચૂકવવામાં આવી? | (૨) રૂ. ૩,૯૬,૪૪,૪૦૦/- |

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગણવેશ સહાય યોજના હેઠળ વડોદરા જિલ્લામાં હાલની સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજી મંજૂર કરવામાં આવી અને કેટલી સહાય ચૂકવવામાં આવી અને હાલની સ્થિતિએ કેટલી સહાય ચૂકવવાની બાકી છે?

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મંજૂર કરેલ અરજીઓ ૧,૦૬,૫૧૫ અને તેમને રૂપિયા ૩ કરોડ ૯૬ લાખ ૪૪ હજાર ૪૦૦ની સહાય ચૂકવવામાં આવેલ છે. તાલુકાવાર અરજીની વાત કરી એમાં ડભોઇમાં ૫૪૧૪ અરજીઓ મળી હતી એમાં વિદ્યાર્થીઓની સંખ્યા ૩૫૮૬ હતી જેમાં રૂપિયા ૨૧,૫૧,૬૦૦નું ચૂકવણું કરવામાં આવેલ છે. જેસર તાલુકામાં ૬૭૨૦ અરજીઓ મળી છે એમાંથી ૪૦૨૮ વિદ્યાર્થીઓની સંખ્યા સામે ૨૬,૧૬,૮૦૦ રૂપિયાની ચૂકવણી કરવામાં આવી. કરજણ તાલુકામાં ૬૭૧૧ અરજીઓ આવી એમાં ૪૫૨૫ વિદ્યાર્થીઓને ૨૭ લાખ ૧૫ હજાર રૂપિયાનું ચૂકવણું કરવામાં આવ્યું. પાદરા તાલુકામાં મંજૂર કરેલ અરજીઓ ૨૨૬૩૨ હતી જયારે વિદ્યાર્થીઓની સંખ્યા ૧૨૧૧૭ હતી એની સામે ૭૨ લાખ ૭૦ હજાર ૨૦૦ રૂપિયા ચૂકવવામાં આવ્યા. સાવલી તાલુકામાં ૧૪૮૮૫ અરજીઓ આવી. ૧૦૧૬૫ વિદ્યાર્થીઓ અને રૂપિયા ૬૦ લાખ ૯૯ હજારનું ચૂકવણું કરવામાં આવ્યું. શિનોરમાં ૧૫૭૩ અરજીઓ આવી, ૧૩૨૮ વિદ્યાર્થીઓ અને ૭ લાખ ૯૬ હજાર ૮૦૦નું ચૂકવણું કરવામાં આવ્યું. વડોદરા જિલ્લામાં ૪૦ હજાર ૨૬ અરજીઓ મળી, ૨૩, ૭૩૩ વિદ્યાર્થીઓને રૂપિયા ૧ કરોડ ૪૨ લાખ ૩૯ હજાર ૮૦૦નું ચૂકવણું કરવામાં આવ્યું અને વાઘોડીયામાં ૮૫૫૪ અરજી આવી, ૬૫૯૨ વિદ્યાર્થીઓને રૂપિયા ૩૯ લાખ ૫૫ હજાર ૨૦૦નું ચૂકવણું કરવામાં આવ્યું. આમ, કુલ ૧,૦૬,૫૧૫ અરજીઓ મળી. ૬૬૦૭૪ વિદ્યાર્થીઓને ૩ કરોડ ૯૬ લાખ ૪૪ હજાર રૂપિયાનું ચૂકવણું કરવામાં આવ્યું અને એક પણ અરજી નામંજૂર કરવામાં આવેલ નથી.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ગણવેશ સહાય યોજના એ સરકારની યોજના છે. શાળામાં ભણતા છોકરાઓને આ ડ્રેસ આપવામાં આવે છે. આ ડ્રેસની સહાય છોકરાના ખાતામાં જમા કરાવવામાં આવે છે કે એજન્સી મારફત ડ્રેસ બનાવીને એમને આપવામાં આવે છે?

શ્રી વાસણભાઇ ગો. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના જનપ્રિય મુખ્યમંત્રી આદરણીય વિજયભાઇ રૂપાણી સાહેબની સરકાર આ ગણવેશ સહાયમાં પહેલા તો ૧૦૦ ટકાનો વધારો સન ૨૦૧૫થી કરવામાં આવ્યો છે. પહેલા ૩૦૦ રૂપિયાની સહાય આપવામાં આવતી હતી, હવે ૬૦૦ રૂપિયા એની સહાય ચૂકવવામાં આવે છે. બીજું કે આ જે સહાય છે એ ડી.બી.ટી. દ્વારા ડાયરેકટ વિદ્યાર્થીના ખાતામાં જમા કરવામાં આવે છે એટલે વિદ્યાર્થી પોતાની રીતે પોતે જ પરચેઇઝ કરીને પોતાની ચોઇસ પ્રમાણે ગણવેશ ખરીદી શકે છે.

**ગાંધીનગર જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના**

* ૩૫૫૯૯ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર-દક્ષિણ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૬૭ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૬૬ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૧૩,૩૦,૦૦૦/- |

શ્રી શંભુજી એ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય તા.૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજી મળી, કેટલી મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી અને કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લામાં કુલ ૪ તાલુકા આવેલા છે. ગાંધીનગર તાલુકાની વાત કરું તો કુલ ૬૦ અરજી મળી તે તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. કલોલ તાલુકામાં ૧૨૩ અરજી મળી છે એ બધી અરજીઓ મંજૂર કરવામાં આવી છે. એ જ રીતે દહેગામ તાલુકામં ૪૬ અરજીઓ આવી હતી એ પૈકી ૪૫ અરજીઓ મંજૂર કરવામાં આવી છે જયારે એક અરજી નામંજૂર કરવામાં આવી છે. માણસા તાલુકામાં ૩૮ અરજીઓ આવી હતી એ બધી જ

મંજૂર કરવામાં આવી છે. દહેગામમાં એક અરજી નામંજૂર કરવામાં એ અરજદારની આવક વધારે હોવાને કારણે નામંજૂર કરવામાં આવી છે અને આમાં છ માસની અંદર અરજી કરવાની હોય છે. આ યોજના હેઠળ ૫,૦૦૦ રૂપિયાની સહાય ચૂકવવામાં આવે છે.

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ લાભ મેળવવા ક્યાં અરજી કરવાની? કેટલા સમયમાં અરજી કરવાની? મંજૂરી આપવાની સત્તા કોને છે અને સહાય કેવી રીતે આપવામાં આવે છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, વારસદારે મૃત્યુ થયાના છ માસના સમયગાળામાં નિયત નમૂનામાં ઓનલાઇન ઇ-સમાજકલ્યાણ પોર્ટલ ઉપર આની અરજી કરવાની રહે છે. ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓ ડિઝિટલ સેવા સેતુ અંતર્ગત ઇ-ગ્રામ કેન્દ્રો મારફત પણ અરજી કરી શકે. એટલે કે પોતાના ગામેથી ગ્રામપંચાયતમાં જઇને પણ આ લાભ મેળવવા માટે અરજી કરી શકે. ગ્રામ્ય વિસ્તાર માટે જિલ્લા સમાજકલ્યાણ અધિકારી (પંચાયત) અને શહેરી વિસ્તાર માટે જિલ્લાના નાયબ નિયામક અનુસૂચિત જાતિના કલ્યાણ દ્વારા અરજી મંજૂર કરવામાં આવે છે અને તેની ૫,૦૦૦ રૂપિયાની સહાય ડી.બી.ટી. હેઠળ લાભાર્થીના પોતાના બેંક એકાઉન્ટમાં જમા કરવામાં આવે છે.

**સુરત જિલ્લામાં ઇન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના**

* ૩૫૭૪૫ **શ્રી મોહનભાઇ ઢોડિયા** (મહુવા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં ઇન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન (વયવંદના) યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૯૨૫ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૪૭૨ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૧,૨૭,૮૭,૭૫૦/- |

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે સુરત જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય પેન્શન યોજના હેઠળ તાલુકાવાર કેટલી અરજી મળેલ? તે પૈકી કેટલી મંજૂર કરેલ અને કેટલી અરજી નામંજૂર કરેલ અને નામંજૂર કરવાના કારણો શું છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લાના ૯ તાલુકા છે અને સુરત શહેર, સુરત શહેર ઉધના, સુરત શહેર કતારગામ અને સુરત શહેર પુણા, એમ ૧૩ જગ્યા ઉપર હું સુરત શહેરની વાત કરું તો અમને ૧૮ અરજી મળી છે. તે પૈકી ૧૩ અરજીઓ મંજૂર થઇ છે. ૫ અરજીઓ નામંજૂર થઇ છે. સુરત શહેર ઉધના વિસ્તારમાં ૨૭ અરજીઓ મળી છે. ૨૨ અરજીઓ મંજૂર થઇ છે. ૫ અરજીઓ નામંજૂર થઇ છે. સુરત શહેર કતારગામ વિસ્તારમાં ૩૨ અરજીઓ મળી છે. ૫ અરજીઓ મંજૂર થઇ છે. ૧૭ અરજીઓ નામંજૂર થઇ છે. સુરત શહેર પુણા વિસ્તારમાં ૨૦ અરજીઓ મળી છે. ૧૯ અરજીઓ મંજૂર થઇ છે. ૧ અરજી નામંજૂર થઇ છે. ચોર્યાસી તાલુકામાં ૬ અરજીઓ મળી છે. છ અરજીઓ મંજૂર થઇ છે. ઓલપાડ તાલુકામાં ૩ અરજીઓ મળી છે. ૧ અરજી મંજૂર થઇ છે. બારડોલી તાલુકામાં ૩૦૩ અરજીઓ મળી છે. ૨૮૩ અરજીઓ મંજૂર થઇ છે. ૨૦ અરજીઓ નામંજૂર થઇ છે. મહુધા તાલુકામાં ૫૧૪ અરજીઓ મળી છે. ૪૦૫ અરજીઓ મંજૂર થઇ છે. ૧૦૯ અરજીઓ નામંજૂર થઇ છે. કામરેજ તાલુકામાં ૨૩ અરજીઓ મળી છે. ૨૨ અરજીઓ મંજૂર થઇ છે. ૧ અરજી નામંજૂર થઇ છે. પલસાણા તાલુકામાં ૩ અરજીઓ મળી છે. ૩ અરજીઓ મંજૂર થઇ છે. માંડવી તાલુકામાં ૮૧૯ અરજીઓ મળી છે. ૭૩૨ અરજીઓ મંજૂર થઇ છે. ૮૭ અરજીઓ નામંજૂર થઇ છે. માંગરોળ તાલુકામાં ૩૬૯ અરજીઓ મળી છે. ૩૫૫ અરજીઓ મંજૂર થઇ છે. ૧૪ અરજીઓ નામંજૂર થઇ છે. ઉમરપાડા તાલુકામાં ૭૮૮ અરજીઓ મળી છે. ૬૧૨ અરજીઓ મંજૂર થઇ છે. ૧૭૬ અરજીઓ નામંજૂર થઇ છે. કુલ ૨,૯૨૫ અરજીઓ આવી છે. તે પૈકી ૨,૪૭૨ અરજીઓ મંજૂર થઇ છે. ૪૪૧ અરજીઓ નામંજૂર થઇ છે. નિયત કરેલ ઉંમર ધરાવતા ન હોવાના કારણે ૨૬૮ જેટલી અરજીઓ નામંજૂર થઇ છે. બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦નો સ્કોર ન ધરાવતા એવા ૧૬૪ અરજદારોની અરજી નામંજૂર થઇ છે. અરજી કર્યા પછી અમારા વિભાગના અધિકારીઓ જે તે સ્થળની ચકાસણી કરતા હોય છે પરંતુ એ ચકાસણી કરતા જે તે સ્થળે લાભાર્થી ન મળ્યા હોવાના કારણે ૫ અરજીઓ નામંજૂર થઇ છે. અરજી કર્યા પછી અવસાન થયું હોય એવા સંજોગોમાં ૪ અરજીઓ નામંજૂર થઇ છે. આમ, કુલ ૪૪૧ અરજીઓ નામંજૂર થઇ છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ યોજનાનો લાભ મેળવવા માટે કોણ કોણ અરજી કરી શકે અને આ યોજના હેઠળ કેટલી સહાય આપવામાં આવે છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે આ યોજનાનો લાભ મેળવવા માટે કોણ કોણ અરજી કરી શકે અને આ યોજનાની સહાય કેટલી આપવામાં આવે છે તો સહાય મેળવવાની પાત્રતાની હું વાત કરું તો ૬૦ વર્ષથી વધુ ઉંમરના અરજદારો આમાં અરજી કરી શકે છે અને બીજું ખાસ કહું કે બી.પી.એલ. યાદીના ૦ થી ૨૦ના સ્કોરમાં સમાવિષ્ટ હોય તેવા વૃદ્ધો આ યોજનાનો લાભ મેળવવા માટે તેઓ અરજી કરી શકે છે અને સહાયનું દર જે માનનીય

સભ્યશ્રીએ પૂછ્યું છે તો આ યોજના હેઠળ ૬૦થી ૭૯ વર્ષની વયના લાભાર્થીઓને રાજય સરકાર દ્વારા ૫૫૦ રૂપિયા અને કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૦ રૂપિયા એમ કુલ ૭૫૦ રૂપિયા અને ૮૦ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા લાભાર્થીઓને કેન્દ્ર સરકાર દ્વારા ૫૦૦ રૂપિયા અને રાજય સરકાર દ્વારા ૫૦૦ રૂપિયા એમ ૮૦ વર્ષથી વધુ વયના લાભાર્થીઓને માસિક ૧,૦૦૦ રૂપિયાની સહાય દર મહિને ચૂકવવામાં આવે છે.

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજનાનો લાભ મેળવવા માટે અરજદારે અરજી કયાં કરવાની હોય છે અને અરજી મંજૂર કરવાની પદ્ધતિ શું છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજનાનો લાભ મેળવવા માટે તાલુકા મામલતદાર કચેરી, પ્રાંત કચેરી અને કલેકટર કચેરીના જનસેવા કેન્દ્ર ઉપર અરજદાર અરજી કરી શકે છે અને આ યોજના હેઠળ ચાલુ વર્ષ દરમિયાન ડીઝીટલ ગુજરાત. ગવર્નમેન્ટ. ઇન પોર્ટલ ઉપરથી ઇ-ગ્રામ કેન્દ્રો ઉપરથી ઓનલાઇન અરજી કરી શકે છે, તેમ છતાં જાતે ઓનલાઇન અરજી કરી શકતા નથી તેવા લાભાર્થીઓની અરજી મામલતદાર કચેરી ખાતેથી રૂબરૂમાં ઓનલાઇન અરજી કરી આપવામાં આવે છે. એની મંજૂર કરવાની સત્તાની વાત કરી છે ત્યારે આ યોજના હેઠળ અરજી મંજૂર કરવાની સત્તા તાલુકાના મામલતદારશ્રીને છે અને લાભાર્થીની સહાય મંજૂર કર્યા બાદ લાભાર્થીની વિગત પોર્ટલ ઉપર અપલોડ કરવામાં આવે છે અને આધાર નંબર અને બેન્ક એકાઉન્ટ નંબરનું વેરીફીકેશન કરવામાં આવે છે અને વેરીફીકેશનની પ્રક્રિયા બાદ લાભાર્થીને ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર હેઠળ લાભાર્થીના ખાતામાં આ સહાય ચૂકવવામાં આવે છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે આ નિરાધાર વૃદ્ધ પેન્શન યોજના છે એની અંદર અરજદારે ફોર્મ ભર્યા પછી કેટલા સમયની અંદર એને મંજૂર કરવામાં આવે છે? કારણ કે મારા વિસ્તારમાં આવેલ સુત્રાપાડા તાલુકાની અંદર લગભગ ૨૦૧૭થી વિધવા અને નિરાધાર વૃદ્ધોની પેન્શન માટેની અરજી કરેલી છે. વારંવાર રજૂઆતો કરવા છતાં આજની તારીખ સુધી એનો કોઇ ઉકેલ આવ્યો નથી તો એની સમય મર્યાદા કેટલી હોય છે અને આ જે પેન્ડીંગ અરજીઓ મારા વિસ્તારની છે એનો કેટલા સમયમાં ઉકેલ કરવા માગો છો?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન સહાય યોજના મેં અગાઉ કહ્યું તેમ એ પહેલા મામલતદાર કચેરીએ, પ્રાંત કચેરીએ કે જિલ્લા કલેકટરશ્રીના જનસેવા કેન્દ્ર સુધી આ અરજી કરવા માટે જવું પડતું હતું પણ અત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબના નિર્ણયથી જે ઇ-ગ્રામ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા છે જે પોતાના ગામેથી ગ્રામ પંચાયતમાંથી આ અરજી કરી શકે છે, અને જે તારીખે અરજી કરી હોય, દા.ત. માર્ચ મહિનામાં અરજી કરી હોય તો એ અરજી માર્ચ મહિનામાં મંજૂર થાય છે અને એની સહાય આવતા મહિનાથી એટલે કે એપ્રિલ મહિનાથી એની સહાય ચૂકવવાનું શરૂ થાય છે અને તમે જે સુત્રાપાડાની વાત કરી છે એની વિગત મને પહોંચાડજો, ચોક્કસ એનો નિર્ણય ટૂંકા સમયમાં કરી દઇશું.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં લોકો આ યોજનાનો ખૂબ લાભ લે છે. પરંતુ ઘણા પરિવારો એવા છે કે આપણને ખબર છે કે ગરીબ છે, બી.પી.એલ. છે પણ ૦થી ૨૦માં આવતા નથી અને એ લોકો લાભથી વંચિત રહી જાય છે. ખરેખર જરૂરિયાતવાળા વૃદ્ધ લોકો છે એને લાભ આપવા માટે સ્કોર વધારવાના છો કે કોઇ વૈકલ્પિક વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

**ગ્રાન્ટ ઇન એઇડના છાત્રાલયોમાં પગાર વધારાની રજૂઆતો**

* ૩૫૧૬૨ **શ્રી ઋત્વિકભાઇ મકવાણા** (ચોટીલા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં રાજ્યના પછાત વર્ગના ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોના કર્મચારીઓ તરફથી પગાર વધારા માટેની કેટલી રજૂઆતો સરકારને મળી, અને | (૧) ૨૩ |
| (૨) ઉક્ત સ્થિતિએ રજૂઆતો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) રજૂઆતો નીતિ વિષયક હોઇ વિચારણા હેઠળ છે. |

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજ્યમાં પછાત વર્ગના ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયના કર્મચારીઓ માટે પગાર વધારાની દરખાસ્ત વિચારણા હેઠળ છે એવું કહેવામાં આવ્યું છે તો આ દરખાસ્ત છેલ્લા કેટલા સમયથી વિચારણા હેઠળ છે? બીજું કે આ વિચારણાની પ્રક્રિયામાં આપના વિભાગ દ્વારા કઇ કઇ કાર્યવાહી કરવામાં આવી અને ખરેખર એ લોકોને પગાર વધારો આપવા માગો છો કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયના કર્મચારીઓના પગાર વધારાની બાબત અમારા વિભાગ દ્વારા અને સરકારમાં વિચારણા હેઠળ છે. ખૂબ ટૂંક સમયમાં જ એમનો નિર્ણય લેવામાં આવશે. હું

ભૂતકાળની થોડી વાતો કરું તો ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયના ગૃહપતિ અને ગૃહમાતા (અંતરાય) જવાબ સાંભળવો પડેને ભાઇ? (અંતરાય)

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, લાંબા જવાબ માટે આપે રોકવાનું કહ્યું છે. મેં સ્પષ્ટપણે ૩ પ્રશ્નો પૂછ્યા છે (અંતરાય) કે ક્યારથી વિચારણા હેઠળ છે? આ વિચારણા માટે શું શું પ્રક્રિયા કરી અને પગાર વધારો ખરેખર આપવા માગો છો કે કેમ? એકદમ ટૂંકા જ પ્રશ્નો પૂછ્યા છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન છેલ્લા એક વર્ષથી વિચારણા હેઠળ છે અને મેં કહ્યું તેમ આવનારા ખૂબ જ ટૂંકા સમયમાં આનો યોગ્ય નિર્ણય લેવામાં આવશે અને આપની સંમતિ હોય તો (અંતરાય)...

અધ્યક્ષશ્રી : પૂછે એટલું કહો.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : ભૂતકાળમાં કેટલા સમય બાદ કેટલો પગાર વધાર્યો હતો અને અત્યારે કેટલો સમય થયો છે એ વિગતો આપની મંજૂરીથી આપવી છે. તા.૨૨-૫-૧૯૬૯માં ગૃહપતિ અને ગૃહમાતાનો પગાર રૂપિયા ૧૫૦ હતો. એ પગાર ૧૧ વર્ષ પછી એટલે કે વર્ષ ૧૯૮૦માં ૩૦૦ રૂપિયા થયો. એ પછી ચાર વર્ષના ગાળા બાદ વર્ષ ૧૯૮૫માં એ પગાર ૫૦૦ રૂપિયા થયો. ત્યારબાદ વર્ષ ૧૯૮૭માં એ ૮૦૦ રૂપિયા થયો અને એના ચાર વર્ષ પછી વર્ષ ૧૯૯૧માં ૧૬૦૦ રૂપિયા થયો. ત્યાર બાદ ૬ વર્ષના લાંબા ગાળા બાદ વર્ષ ૧૯૯૭માં એ પગાર ૨૦૦૦ થયો. ત્યાર બાદ ૮ વર્ષના ગાળા બાદ એ પગાર ૨૧૦૦ રૂપિયા થયો અને એના આઠ વર્ષના ગાળા બાદ વર્ષ ૨૦૦૫માં એ પગાર ૨૪૦૦ રૂપિયા થયો. (સતત અંતરાય) વર્ષ ૨૦૦૫ પછી ૯ વર્ષના ગાળા માટે ૨૫૦૦ રૂપિયા થયો. (સતત ઘોંઘાટ) (અંતરાય) વર્ષ ૨૦૧૪માં ત્રણ વર્ષ પછી ૪૩૦૦ રૂપિયા થયો. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૪ પછી માત્ર ત્રણ જ વર્ષમાં થયા છે અને એમના પગારમાં વધારો થયો છે.

અધ્યક્ષશ્રી : પહેલું અને છેલ્લું કહી દીધું હોત તો ચાલત. માનનીય કિરીટસિંહ (અંતરાય) તમારો પ્રશ્ન કાંઇ બાકી રહ્યો? (વિરોધપક્ષના કેટલાક ધારાસભ્યશ્રીઓ પોતાની જગ્યા પરથી ઊભા થઇ જતા) એક મિનિટ તમે બધા બેસી જાવ. જેમણે પૂછ્યું છે એમને તક આપું છુંને. પ્લીઝ, બેસી જાવ. પ્લીઝ, બેસી જાવ. (સતત અંતરાય) પ્લીઝ, પ્લીઝ એમનો પ્રશ્ન પૂરો થાય પછી તક આપું. આપને તક આપું છું. સાંભળો પ્લીઝ.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબો આપ્યા છે (અંતરાય)

અધ્યક્ષશ્રી : (ગેલેરી નં.૪ માંથી વિરોધપક્ષના ધારાસભ્યો ઊભા થઇ જતા) તમે શા માટે ઊભા થયા? બેસોને પ્લીઝ. અરે પણ આ જુઓ. તમારા મિત્રોને કહો. (અંતરાય) તમારા મિત્રોને સમજાવો. તમારે પૂછવું હોય તો તમારા મિત્રોને સમજાવો.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી છેલ્લા ૫૦ વર્ષ પહેલાની વાત કરે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : અરે, ભાઇ અવાજ સંભળતો નથી, શું કહી રહ્યા છે? પ્લીઝ.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી છેલ્લા ૫૦ વર્ષ પહેલાની વાત કરે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ બધું આવી ગયું. (અંતરાય) હવે તમારે શું બાકી રહ્યું એ કહોને? (સતત અંતરાય) શું કરો છો? અરે એમને પૂછવા તો દો. (અંતરાય)

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, *(xxx) (સતત અંતરાય) ત્યારની વાત અત્યારે કરવાનો કોઇ મતલબ નથી. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારો સ્પષ્ટ પ્રશ્ન છે કે ખરેખર એ લોકોને પગાર વધારો આપવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી, એનો જવાબ આપી દો ને. જે જવાબ આપ્યો છે એમાં હજુ આપ વધારવા માગો છો?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩-૩-૨૦૧૪ (સતત અંતરાય) તા.૩-૩-૨૦૧૪ અને તા.૪-૩-૨૦૧૭ એટલે કે સાત વર્ષમાં બે વાર પગાર વધારો કરવામાં આવ્યો છે.

અધ્યક્ષશ્રી : માનનીય કિરીટસિંહ.

શ્રી કિરીટસિંહ રાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગ્રાન્ટ ઇન એઇડની છાત્રાલયની વ્યવસ્થા ક્યારે અમલમાં આવી? અને યોજનાનો હેતું શું છે?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયનો અમલ શિક્ષણ અને મજૂર વિભાગના તા.૨૨-૫-૧૯૬૯ના ઠરાવથી ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયની યોજના અમલમાં આવી છે અને માનનીય અધ્યક્ષશ્રી, યોજનાના હેતુની વાત કરું તો પછાતવર્ગના ગરીબ વિદ્યાર્થીઓ કે જેઓની આર્થિક પરિસ્થિતિ નબળી અને પુરતી સુવિધાના અભાવને કારણે અવવચ્ચેથી અભ્યાસ છોડી ન દે તેને ધ્યાનમાં રાખીને સરકારશ્રી દ્વારા નિ:શુલ્ક રહેવા-જમવાની સુવિધાવાળા છાત્રાલયો સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે ચલાવવાની યોજના તા.૨૨-૫-૧૯૬૯થી અમલમાં મૂકવામાં આવી છે. પ્રાથમિક,

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૧૮મી માર્ચ ૨૦૨૧

તારાંકિત પ્રશ્નો

માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક કક્ષા માટેના આ છાત્રાલયોમાં પછાતવર્ગના છાત્રોને વિનામૂલ્યે રહેવા-જમવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે, આવા છાત્રો આ છાત્રાલયમાં રહીને નજીકની શાળામાં અભ્યાસ કરે છે અને પોતાની શૈક્ષણિક કારકિર્દી આગળ ધપાવે છે. સાક્ષરતાના આ યુગમાં ગરીબ વિદ્યાર્થીઓના અભ્યાસ માટે આ યોજના આશીર્વાદરૂપ પુરવાર થયેલ છે અને હજારોની સંખ્યામાં આ યોજનાનો લાભ વિદ્યાર્થીઓને મળે છે.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે હમણાં એમણે જવાબમાં જણાવ્યું કે વર્ષ ૨૦૧૪માં પગાર વધારો કરવામાં આવ્યો છે અને વર્ષ ૨૦૧૭માં વધારો કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૪માં કેટલો પગાર આપવામાં આવતો હતો અને કેટલો વધારો કરવામાં આવ્યો છે? અને બીજું...

અધ્યક્ષશ્રી : આ એ જ વાત હતી જે હમણાં કહેતા હતા. ચાલો, હવે દેર સે આયે દુરસ્ત આયે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૭માં કેટલો વધારો કરવામાં આવ્યો? અને લઘુત્તમ વેતન ધારાની જોગવાઇ મુજબ અત્યારે તમારી પાસે વિચારણામાં છે એ લઘુત્તમ વેતન ધારા મુજબ પગાર વધારો આપણે આપવા માગી એ છીએ કે કેમ? હા કે ના?

શ્રી ઇશ્વરભાઇ ૨. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહપતિના પગાર, ગૃહમાતાના પગાર, મુખ્ય રસોઇયાના પગાર, મદદનીશ રસોઇયાના પગાર, ચોકીદારોના પગાર ક્યારે કેટલા હતા? ક્યારે કેટલો વધારો થયો(અંતરાય) જવાબ આપું જ છું.

અધ્યક્ષશ્રી : માહિતી આપે છે. (અંતરાય)

શ્રી ઇશ્વરભાઇ ૨. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૨૮-૯-૨૦૦૫ના રોજ જે ૨૪૦૦ રૂપિયા પગાર મળતો હતો એમાં ૨૧૦૦ રૂપિયાનો વધારો કરીને તા. ૩-૩-૨૦૧૪ના રોજ એ પગારને ૪૫૦૦ રૂપિયા કરવામાં આવ્યો છે. ત્યારબાદ તા.૩-૩-૨૦૧૪ પછી તા. ૪-૩-૨૦૧૭ના રોજ તેમાં પણ ૧૦૦૦ રૂપિયાનો વધારો કરીને ૪૫૦૦ના ૫૫૦૦ રૂપિયા કરવામાં આવ્યા છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, લઘુતમ વેતન ધારા મુજબ આપણે આ પગાર ચૂકવવા માંગીએ છીએ કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ૨. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહપતિ, ગૃહમાતા, મુખ્ય રસોઇયા, મદદનીશ રસોઇયા, ચોકીદારો, એ લોકો વિદ્યાર્થીની સાથે સાથે રહેવાની, જમવાની બધી જ સગવડો પોતે પણ ભોગવતા હોય છે અને સરકારનું મન ખુલ્લું છે. આ સાત વર્ષમાં બે વાર પગાર વધારો થયો છે. આવનારા ખૂબ ટૂંકા સમયમાં આમાં પણ સુધારો કરવામાં આવશે.

**આણંદ અને ખેડા જિલ્લામાં એમ.બી.બી.એસ. ડોક્ટરોની નિમણૂક**

* ૩૫૨૦૪ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને ખેડા જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ કેટલા ડોક્ટરોને નિમણૂક આપવામાં આવી, | (૧) અને (૨) પત્રક-૧ સામેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલા ડોક્ટરો ફરજ પર હાજર થયા અને કેટલા ડોક્ટરો હાજર ન થયા, | |
| (૩) હાજર ન થયા હોય તેવા જિલ્લાવાર કેટલા ડોક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલી અને કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને | (૩) પત્રક-૨ સામેલ છે. |
| (૪) ઉક્ત બોન્ડની રકમ વસૂલવા ઉક્ત સ્થિતિએ સરકારે શું કાર્યવાહી કરી? | (૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |

**પત્રક-૧**

તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને ખેડા જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમબીબીએસ પાસ કરેલ ડોક્ટરોની નિમણૂકોની વિગત દર્શાવતું પત્રક

| **ક્રમ** | **જિલ્લાનું નામ** | **વર્ષ-૨૦૧૯** | | | **વર્ષ-૨૦૨૦** | | |
|---|---|---|---|---|---|---|---|
| | | **નિમણૂક આપેલ ડોક્ટર** | **ફરજ પર હાજર થયેલ ડોક્ટર** | **ફરજ પર હાજર ન થયેલ ડોક્ટર** | **નિમણૂક આપેલ ડોક્ટર** | **ફરજ પર હાજર થયેલ ડોક્ટર** | **ફરજ પર હાજર ન થયેલ ડોક્ટર** |
| ૧ | આણંદ | ૧૩ | ૩ | ૧૦ | ૧૨ | ૦ | ૧૨ |
| ૨ | ખેડા | ૨૩ | ૧૧ | ૧૨ | ૧૨ | ૫ | ૭ |
| | **કુલ** | **૩૬** | **૧૪** | **૨૨** | **૨૪** | **૫** | **૧૯** |

**પત્રક-૨**

| હાજર ન થયા હોય તેવા ડોક્ટરોની બોન્ડની વસૂલાતની વિગત દર્શાવતું પત્રક | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ-૨૦૧૯ | | | વર્ષ-૨૦૨૦ | | |
| | | બોન્ડની રકમની વસૂલાત કરેલ ડોક્ટરોની સંખ્યા | વસૂલાત કરેલ બોન્ડની રકમ (રૂ.) | વસૂલાત કરવાની બાકી બોન્ડની રકમ (રૂ.) | બોન્ડની રકમની વસૂલાત કરેલ ડોક્ટરોની સંખ્યા | વસૂલાત કરેલ બોન્ડની રકમ (રૂ.) | વસૂલાત કરવાની બાકી બોન્ડની રકમ (રૂ.) |
| ૧ | આણંદ | ૩ | ૧૫૦૦૦૦૦ | ૩૫૦૦૦૦૦ | ૨ | ૧૦૦૦૦૦૦ | ૫૦૦૦૦૦૦ |
| ૨ | ખેડા | ૪ | ૨૦૦૦૦૦૦ | ૪૦૦૦૦૦૦ | ૨ | ૧૦૦૦૦૦૦ | ૨૫૦૦૦૦૦ |
| | **કુલ** | **૭** | **૩૫૦૦૦૦૦** | **૭૫૦૦૦૦૦** | **૪** | **૨૦૦૦૦૦૦** | **૭૫૦૦૦૦૦** |

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આણંદ અને ખેડા જિલ્લામાં નિમણૂક પામેલ ડોકટરો હાજર ન થવાના કારણો શા છે? આણંદ અને ખેડા જિલ્લામાં ૬૦ જેટલા ડોકટરોની નિમણૂક કરવામાં આવી. ૧૯ હાજર થયા, ૧૧ના બોન્ડની ડિપોઝીટ જમા થઇ અને ૩૦ લોકોના બોન્ડની રકમ જમા કરવાની બાકી રહી છે. ત્યારે આ બોન્ડની રકમ વસૂલ કરવા માટે સરકારશ્રીએ શું પગલાં લીધાં? નિમણૂક પામેલા ડોકટરો હાજર થતા નથી એને કારણે લોકોને ખાનગી હોસ્પિટલોનો સહારો લેવો પડે છે માટે નિમણૂક પામેલ ડોકટર હાજર ન થાય તો બોન્ડની વસૂલી સિવાય સરકાર બીજા કોઇ પગલાં ભરવા માંગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બોન્ડની વસૂલાત કર્યા સિવાય કાયદા મુજબ, કોર્ટોના હુકમ મુજબ આપણે અન્ય કોઇ પગલાં લઇ શકતા નથી. અગાઉ વિચારણા કરી હતી આરોગ્ય મંત્રી તરીકે મારા દ્વારા જ કે જો સરકારનો બોન્ડનો સમયગાળો ડોકટરો પૂર્ણ ન કરે તો એમને રાજયમાં પ્રેક્ટિસ કરવાની મંજૂરી આપવી નહીં. આટલી કડક વિચારણા અમલમાં મૂકવાનો મેં પ્રયત્ન કર્યો હતો પરંતુ નિયમો અને કોર્ટના જજમેન્ટોના આધારે કોઇપણ ડોકટર એમ.બી.બી.એસ.ની ડિગ્રી મેળવી લે અને એને ઓથોરીટી દ્વારા રજિસ્ટર કરવામાં આવે એટલે કે મેડિકલ કાઉન્સીલ અને ગુજરાત મેડિકલ કાઉન્સીલ દ્વારા ત્યાર પછી આપણે એમને પ્રેક્ટિસ કરતા રોકી શકતા નથી. આપણો અધિકાર ફકત એમની પાસે જે બોન્ડ જે વખતે, જે સમયે એમને એડમિશન મળ્યું હોય એ વખતે જે બોન્ડ વસૂલ કરવાનો થતો હોય એ વસૂલ કરવા માટેની કાર્યવાહી કરવાની રાજય સરકાર પાસે સત્તા છે. આ સત્તાનો ઉપયોગ કરી અગાઉ જે જોગવાઇઓ હતી એ હળવી હતી. અગાઉના વર્ષોમાં તો કરોડો રૂપિયાના બોન્ડ વસૂલ કરવાના બાકી હતા પરંતુ અમે આ બધી જોગવાઇઓ સુધારી જે બોન્ડ આપે તેને જામીનગીરી કરવાની, એની મિલકત જામીનમાં મૂકવાની, એને બેંક ગેરેંટી આપવાની, આવી બધી કડકાઇઓથી શરૂઆત કરી અને એના કારણે ગયા વર્ષે ૧૯ કરોડ રૂપિયાના બોન્ડ આપણે વસૂલ કરી શક્યા. આમ આરોગ્ય મંત્રી તરીકે આ બાબત અંગે મારું ખૂબ ધ્યાન છે કે સરકારના ખર્ચે ખૂબ ઓછી ફી ભરી ખાનગીમાં જયારે ગુજરાતમાં કોંગ્રેસ સરકાર વખતે મેડિકલ કોલેજો ઓછી હતી. સીટો ઓછી હતી, ત્યારે ગુજરાતના વિદ્યાર્થીઓને આખું ગુજરાત જાણે છે, અહીયા બેઠેલા જાણે છે, કોઇનામાં ના કહેવાની શક્તિ નથી, હિંમત નથી. આપણા ગુજરાતી વિદ્યાર્થીઓને લાખો રૂપિયાનું ડોનેશન આપી બીજા રાજ્યમાં જવું પડતું હતું. ગુજરાતી છોકરા છોકરીઓ કર્ણાટક, તામીલનાડુ, મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં જઇ લાખો રૂપિયાનું ડોનેશન આપી મા-બાપથી જુદાં રહી વિદ્યાર્થીઓને ભણવું પડતું હતું. ગુજરાતના કરોડો રૂપિયા દર વર્ષે આપણા બહાર જતા રહેતા હતા. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી. મુખ્યમંત્રી નરેન્દ્રભાઇએ આ મેડીકલ કોલેજોની શરૂઆત કરી. પહેલા ૧,૦૦૦ સીટો હતી. હવે ૫૫૦૦ કરતા વધુ સીટો કરી. એટલે ગુજરાતના છોકરા છોકરીઓ વધુ ભણતા થયા. વધુ આપણે ત્યાં નોકરીમાં આવતા થયા છે. અનામતના ધોરણો પ્રમાણે આપણા બધા વિદ્યાર્થીઓને એસ.સી., એસ.ટી., બક્ષીપંચના નોર્મ્સ પ્રમાણે એડમીશન આપીએ છીએ, એટલે સામાજિક સમરસતા પણ જળવાય છે. વધુમાં વધુ વિદ્યાર્થી ગુજરાતમાં ડોક્ટર બને છે. સરકારી સેવામાં આવે છે. ખાનગી સેવામાં જાય છે. બોન્ડના નિયમોનો જે ભંગ કરે છે,એની સામે કડકમાં કડકમાં કડક કાર્યવાહી અત્યારે કરી રહ્યા છીએ.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રીને પૂછવા માગું છું કે પ્રજા ટેક્સ ભરે છે. અત્યારે આપણે બહુ મોટો રોગ વધતો જાય છે એમાંથી પસાર થઇ રહ્યા છીએ, તેવા સંજોગોમાં પ્રજા ટેક્સ ભરે છે એ ટેક્સના પૈસાથી બજેટમાં કોલેજ બનાવીએ છીએ. એ કોલેજોમાંથી ભણીને આપણે ડોક્ટર બનાવીએ છીએ. એ ડોક્ટર માટે કરોડો રૂપિયા ખર્ચીને દવાખાના બનાવીએ છીએ. તે દવાખાનામાં કરોડો રૂપિયાની મશીનરી વસાવીએ છીએ. કરોડો રૂપિયાની દવા લાવીએ છીએ.

અધ્યક્ષશ્રી : પછી જવાબ લાંબો આવશે.

શ્રી નિરંજન પુ. પટેલ : બહુ લાંબો જવાબ આપશે તો ચાલશે. આ બહુ સિરિયસ પ્રશ્ન છે. આરોગ્યનો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : હું ના નથી કહેતો. પછી એવું ના કહેતા કે જવાબ લાંબો આવ્યો.

શ્રી નિરંજન પુ. પટેલ : ના, નહિ કહું, આટલો બધો ભાર જનતા ઉઠાવતી હોય. ટેમ્પરરી નોકરી માટે રાખીએ છીએ અને ૫ વર્ષે કાયમી કરીએ છીએ. આ લોકોને એડમીશન આપીએ છીએ અને ૫ વર્ષના બોન્ડ લઇએ અથવા તો કાયદામાં સુધારો થાય કે જનતાની સેવા કરવી એ જરૂરિયાતવાળી વસ્તુ છે. એની અંદર ઊણા ઉતરીશું તો આવનારા રોગની બગડતી જતી પરિસ્થિતિમાં પ્રજા માફ નહિ કરે. આપણે દારૂ પીધેલાને પકડીને રૂપિયા ૧૦,૦૦૦નો દંડ કરીએ છીએ. ઢોરો તોડનારાને કડકાઇથી દંડ કરીએ છીએ. તો પ્રજાના પૈસાથી શિક્ષણ મેળવે છે. એના માટે કાયદો ન બનાવીએ અને એને ફરજ ન પાડીએ?

અને બહાર નફો કરવાની દ્રષ્ટીથી એ લોકો બોન્ડ ભરી દે છે. રૂપિયા ૨૦ કરોડ, ૨૫ કરોડ વસૂલ કરીએ એ મહત્વનું નથી. આપણે કરોડો રૂપિયાની સરકારની યોજના આરોગ્ય માટે બનાવીએ છીએ. એના અમલીકરણ માટે આપણે આ વ્યવસ્થા ગોઠવવી પડશે. માનનીય મંત્રીશ્રીને મારો સીધો પ્રશ્ન આ કાયદામાં નિયમોમાં ફેરફાર કરીને ૫ વર્ષ માટે પ્રજાની સેવા કરવા માટે ડોક્ટરોને ફરજ પાડવા માટેનો કાયદો લાવી શકીએ કે કેમ?

અધ્યક્ષશ્રી : અઢી મિનિટનો પ્રશ્ન થયો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રી નિરંજનભાઇને અભિનંદન આપું છું કે ખૂબ સારો વિચાર વ્યક્ત કર્યો. કમનસીબી એ છે કે અગાઉ વર્ષ ૧૯૬૦માં ગુજરાત જુદું પડ્યું, ત્યારથી કોંગ્રેસની સરકારો વર્ષ ૧૯૯૫ સુધી ચાલી. એ વખતે શ્રી નિરંજનભાઇ જેવી સલાહ આપનારા કોઇ કોંગ્રેસી ધારાસભ્ય કોંગ્રેસને મળ્યા નહિ. એના કારણે ટૂંકી દ્રષ્ટીના કારણે, ટૂંકી સમજના કારણે ગુજરાતમાં મેડિકલ કોલેજો જે વિકસાવવી જોઇએ. (અંતરાય) ડોક્ટર કયાંથી આવે? કોઇ દુકાનમાંથી થઇને ડોક્ટર તો. (અંતરાય) શ્રી નિરંજનભાઇ, સાંભળો મેં તમને વખાણ્યા છે. પ્રશ્ન એ છે કે તમે મોડા આવ્યા. તમારે વહેલા આવવાની જરૂર હતી. બીજા બધા આવી ગયા. તમારી કોંગ્રેસમાં બહુ વિચાર મોડો આવ્યો. આખા દેશમાં સેલ્ફ ફાઇનાન્સ કોલેજો બીજા રાજ્યોએ મોટા પ્રમાણમાં ચાલુ કરી હતી. સાહેબ, તે વખતે અહીંયાં ટૂંકી દષ્ટિના લોકો હતા. બધી જ સમજ જ ઓછી હતી. ગુજરાતમાં કશું કરવા દેવું નહીં, જેમ અત્યારે સાહેબ, સાંભળો ભાઇ સાંભળો સાંભળો, હજી ઘણું સાંભળવાનું છે. શ્રી બાબુભાઇ, સાંભળો તમને હજુ વાર લાગશે. * (xxx) સાહેબ, જેમ ઉદ્યોગોનો.. સાહેબ, અમે જેમ ઉદ્યોગોનો વિકાસ કરીએ છીએ તો ઉદ્યોગોનો વિરોધ કરે છે. અમે જેમ સિંચાઇ યોજનાઓ બનાવીએ છીએ, અમે નર્મદા યોજના આગળ વધારી, અમે સરકારી કામ માટે જમીન એક્વિઝીશન કરીએ તો બધા કામમાં વિરોધ કર કર કરવાનું. તેના સિવાય કશું કર્યું નહીં. એટલે ગુજરાતમાં સેલ્ફ ફાઇનાન્સ મેડિકલ કૉલેજો થઇ નહીં. એટલે ગુજરાતના હજારો વિદ્યાર્થીઓને બીજા રાજ્યમાં લાખો રૂપિયા ખર્ચીને જવું પડ્યું. આ તો આભાર માનો શ્રી નરેન્દ્રભાઇ મોદીની હિંમતનો કે મોદી સાહેબે આપણે ત્યાં મેડિકલ સોસાયટીની શરૂઆત કરી અને મેડિકલ કૉલેજો વધારી અને તેના કારણે આજે આપણને ડોકટરો પ્રાપ્ત થતા જાય છે. શ્રી નિરંજનભાઇની વાત સાચી છે. એક મેડિકલ કૉલેજનો સ્ટુડન્ટ હોય તેને ડોકટર બનાવવા માટે ૩૦થી ૪૦ લાખ રૂપિયા સરકારને ખર્ચ થાય છે. તેની સામે આપણે ફી કેટલી લઇએ છીએ? તો સાહેબ ૨૫ હજાર રૂપિયા. બાલમંદિરના બાળકની હોય તેના કરતાં ઓછી ફી આ ગુજરાતની ભાજપની સરકાર ડોકટરોને ભણાવવા માટે ફકત ૨૫ હજાર ફી લઇએ છીએ. આ બોન્ડ જે લઇએ છીએ તેમાં પહેલાં ૫ હજાર રૂપિયા હતી, પછી ૧૦ હજાર રૂપિયા થઇ. મારા આવ્યા પછી કડકાઇ કરી અને પી.જી.માં ૪૦ લાખ રૂપિયા બોન્ડ અને એમ.બી.બી.એસ.માં ૨૦ લાખ રૂપિયાના બોન્ડ કર્યા. આ કડકાઇના કારણે ડોકટરો ન્હોતા મળતા તે મળતા થઇ ગયા છે. આપણા સી.એચ.સી., પી.એચ.સી., મોટી સિવિલ હોસ્પિટલોમાં સારા સારા ડોકટરો પ્રાપ્ત થવાની શરૂઆત થઇ ચૂકી છે.

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ..

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇએ વાત કરી... (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ સામ સામે જવાબ આપવા માટે સભાગૃહ નથી. કંઇપણ પૂછવું હોય તો મારા થકી પૂછી શકો છો. પ્લીઝ, પ્લીઝ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્યમંત્રીશ્રીએ અહીંયાં બેઠેલા લોકોની ટૂંકી દષ્ટિની વાત કરી. મારે કહેવું છે કે, ટૂંકા લોકોની લાંબી દષ્ટિ હોય અને ૨૫ વર્ષથી ભાજપનું શાસન હોય, ૨૫ વર્ષથી આ ગૃહમાં ભાષણો થતા હોય, ૨૫ વર્ષથી આ જ ગૃહમાં કહેવાતું હોય કે સીટો વધારી છે, વિકાસ કર્યો છે તેમ છતાં આણંદ જેવા સમૃદ્ધ જિલ્લામાં વર્ષ ૨૦૧૯ના વર્ષમાં ૨૨ જેટલા ડોકટરો હાજર ન થયા, ૩૬માંથી ૨૨ ડોકટરો હાજર ન થયા. ૨૦૨૦ના વર્ષમાં ૨૪માંથી ૧૯ ડોકટરો હાજર ન થયા. આણંદ ખેડા જેવા સમૃદ્ધ વિસ્તારમાં જયાં તમામ સગવડ છે ત્યાં આવી સ્થિતિ હોય તો ગુજરાતના અંતરિયાળ વિસ્તારોની હાલત તો આથી પણ ખરાબ હશે. મારે માનનીય મંત્રીશ્રીને એ કહેવું છે કે, આ લાંબી દષ્ટિને ટૂંકાની વાત કરવાને બદલે આ આણંદ જિલ્લો વર્ષ ૧૯૯૭માં અસ્તિત્વમાં આવ્યો અને આજે વર્ષ ૨૦૨૧ થઇ. ત્રણ-ત્રણ વાર ખાતમુહૂર્ત કર્યા. માનનીય નીતિનભાઇએ કર્યું, બીજા મંત્રીઓએ કર્યું તો પણ આજ દિન સુધી જિલ્લાની સિવિલ હોસ્પિટલનો પાયો ખોદાયો નથી. એટલે લાંબી દષ્ટિની કોની છે અને ટૂંકા કોણ છે તે ચર્ચામાં પડવાની જરૂર નથી. એટલે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આટલા મોટા પ્રમાણમાં ડોકટરોની નિમણૂકના ઓર્ડર આપ્યા પછી ગેરહાજર રહે છે. તેની પાછળ સરકારની નિયત પણ ખોટી છે, ઇચ્છાશક્તિનો અભાવ છે અને ખાનગીકરણની જે તમારી નીતિ છે તેને પ્રોત્સાહન આપવા માટે તો આ કારણભૂત નથી ને તે પણ એક પ્રશ્ન છે. મારી મંત્રીશ્રીને ખાસ વિનંતી છે કે, આવા જે નિમણૂકના પત્રો મળ્યા પછી ડોકટરો હાજર ન થતા

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હોય તેની સામે કોઇ કડક કાર્યવાહીના નિયમો બનાવવામાં આવે જેથી પ્રજાને આરોગ્યની સુવિધા મળે, સરકારી હોસ્પિટલો, કોલેજોમાં ડોકટરો મળે અને ખાનગી હોસ્પિટલમાંથી લોકોને લૂંટાતા બચાવી શકાય.

અધ્યક્ષશ્રી : માનનીય સભાગૃહને જાણવા માટે પોણા ત્રણ મિનિટનો પ્રશ્ન થયો. માનનીય મંત્રીશ્રી આપ જવાબ આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા તો હું માનનીય અમિતભાઇની વાતનું કડકાઇથી ખંડન કરું છું કે, આણંદની કોઇ મેડિકલ હોસ્પિટલનું મેં ખાતમુહૂર્ત કર્યું નથી. તમે સાબિતી આપો તો..(અંતરાય) મારી વાત સાંભળો માનનીય અમિતભાઇ, * (xxx) હવે પ્રજા સમજી ગઇ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : * (xxx) શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે. (અંતરાય) તમે બેસો તો ખરા..(અંતરાય) પણ શું છે?

(આ તબક્કે વિરોધ પક્ષના બધા માનનીય સભ્યો ઉભા થઇ સૂત્રોચાર કરવા લાગ્યા)

(અંતરાય) અરે પણ હું કહું છું ને. * (xxx) શબ્દો કાઢી નાંખ્યા છે. (અંતરાય) પ્લીઝ, કોઇ એક જણ બોલો, બધા બોલશો તો કેવી રીતે સંભળાશે? (અંતરાય) માનનીય પરેશભાઇ, બીજા લોકોને બેસવાનું તો કહો. તમે બધા બેસી જાવ, તમે બેસી જાવ, તમે બેસી જાવ. એમનો પ્રશ્ન છે તમે બધા બેસી જાવ. પ્લીઝ, બધા બેસી જાવ, પહેલા આપના મિત્રોને બેસાડો, આપના મિત્રોને બેસાડો, અરે પણ બેસાડો તો ખરા, તમારી વાત સાંભળવાની તૈયારી છે. (અંતરાય)

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇએ કહ્યું કે * (xxx), * (xxx) એમાં ખોટું શું કહ્યું છે? (અંતરાય) * (xxx) એમ કહ્યું છે એમાં ખોટું શું કહ્યું છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, પ્લીઝ, આપનું સ્થાન લો, આપ સૌ વેલમાં આવશો નહીં, વેલમાં આવશો નહીં, વેલમાં ન આવો. ત્યાંથી બોલો જે કહેવું હોય તે.

શ્રી વિજયકુમાર રૂપાણી : * (xxx) એમાં ખોટું શું કહ્યું છે? સાહેબ, ખાતમુહૂર્ત કર્યું નથી, એમણે કર્યું નથી એટલે * (xxx) એમ માનનીય નીતિનભાઈએ કહ્યું. એમણે ખાતમુહૂર્ત કર્યું જ નથી, સાહેબ, એમણે ખાતમુહૂર્ત કર્યું જ નથી અને * (xxx) મારે છે.

અધ્યક્ષશ્રી : માનનીય પ્રતાપભાઇ, માનનીય પ્રતાપભાઇ, મર્યાદામાં રહો. પ્લીઝ, તમારે જે બોલવું હોય તે ત્યાંથી બોલો, ત્યાંથી જ બોલો અને જે કહેવું હોય તે કહો. (અંતરાય) હું સાંભળવા તૈયાર છું. ઓર્ડર, ઓર્ડર, પ્લીઝ, આપણે આગળ ચર્ચા કરી શકીએ, આપણે આગળ ચર્ચા કરી શકીએ, આપણે આગળ ચર્ચા કરીએ. જે કહેવું હોય એ હું સાંભળવા તૈયાર છું. હું આપને પૂરેપૂરી તક આપવા તૈયાર છું. આપ બેસી જાવ પહેલા. પ્લીઝ, પ્લીઝ, વારંવાર વિનંતી કરવા છતાં માનનીય ધારાસભ્યશ્રીઓ સાંભળતા નથી. તમારે જે કહેવું હોય તે કહી શકો, તમે બધા સાથે જ બોલો તો કેવી રીતે ચાલશે? સભાગૃહ ૧.૦૦ વાગ્યા સુધી મોકૂફ રાખવામાં આવે છે.

(સભાગૃહ બપોરના ૧૨.૪૮થી ૧.૦૦ વાગ્યા સુધી મોકૂફ રાખવામાં આવ્યું.)

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**રાજકોટ જિલ્લામાં સંત સુરદાસ યોજના**

૩૫૬૩૯ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૩૨ |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૦ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૧૩૨૬૦૦ |

- - - - - - - - -

**પંચમહાલ જિલ્લામાં પાલક માતા-પિતા યોજના**

૩૫૬૮૫ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં પાલક માતા-પિતા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૨૩૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૨૩૨ |

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અને

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? (૩) રૂ.૪૬,૪૭,૦૦૦/-

- - - - - - - - -

**છોટા ઉદેપુર જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના**

૩૫૭૫૭ **શ્રી કનુભાઈ દેસાઈ**(પારડી) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૬૪ |
| (૨)તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૯૧ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૩૮,૨૦,૦૦૦/- |

- - - - - - - - -

**દસાડા સામૂહિક આરોગ્ય કેન્દ્ર બનાવવાનું આયોજન**

૩૫૧૫૯ **શ્રી નૌશાદ સોલંકી**(દસાડા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં તા.૨૨-૦૩-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૮૫૫૮ (અગ્રતા-૮૩) ના અનુસંધાને **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દસાડા સામૂહિક આરોગ્ય કેન્દ્ર માટે વર્ષ ૨૦૧૫-૧૬માં નાબાર્ડ પ્રોગ્રામ હેઠળ નવીન જોગવાઈ થયેલ તે બિલ્ડીંગના નવીન બાંધકામ માટે હાલમાં પૂરતી જમીન ઉપલબ્ધ ન હોઈ અન્ય જગ્યાએ જમીન ઉપલબ્ધ થાય તે માટે તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૧) નવી બાબત ૨૦૧૫-૧૬માં દસાડા નવીન સામૂહિક આરોગ્ય કેન્દ્રના બાંધકામ માટે ગામ નમૂનો-૭/૧૨, ગામ નમૂનો ૮અ (જમીનની ખાતાવહી) સહિતની દરખાસ્ત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરેન્દ્રનગર દ્વારા કલેક્ટરશ્રી, સુરેન્દ્રનગરને તા.૧૫-૦૯-૨૦૨૦થી મોકલી આપેલ છે. |
| (૨) ઉક્ત બિલ્ડીંગનું બાંધકામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | (૨) ઉક્ત બિલ્ડીંગના બાંધકામ માટે જમીન ઉપલબ્ધ થયેથી જરૂરી એસ.બી.સી. સ્ટ્રકચર ડીઝાઈનની કાર્યવાહી કરી તેના આધારે અંદાજો બનાવી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઉક્ત કામગીરી માટે ટેન્ડર મંજૂર થયા બાદ ઈજારદારશ્રીને વર્ક ઓર્ડર આપ્યેથી જેમ બને તેમ જલ્દીથી પૂર્ણ કરવામાં આવશે. |

- - - - - - - - -

**ખેડા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

૩૪૦૧૭ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે,

(૧)

| ક્રમ | વર્ષ | તપાસેલ બાળકો |
|---|---|---|
| ૧ | ૨૦૧૯ | ૫,૩૪,૮૨૫ |
| ૨ | ૨૦૨૦ | ૫,૩૭,૫૭૧ |
| | **કુલ** | **૧૦,૭૨,૩૯૬** |

(૨) ઉક્ત સ્થિતિએ હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગોના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી, અને

(૨)

| ક્રમ | વર્ષ | હૃદય | કિડની | કેન્સર |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૯ | ૧૩૮ | ૨૯ | ૧૧ |
| ૨ | ૨૦૨૦ | ૧૯૯ | ૫૦ | ૮ |
| | **કુલ** | **૩૩૭** | **૭૯** | **૧૯** |

(૩) ઉક્ત ગંભીર રોગો ધરાવતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી?

(૩) હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગો ધરાવતા બાળકોની વિનામૂલ્યે સારવાર માટે સરકાર દ્વારા નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવી છે.

- હૃદયની બિમારીવાળા બાળકોને યુ.એન.મહેતા

ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ

- કિડનીની બિમારીવાળા બાળકોને ઈન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ
- કેન્સરની બિમારીવાળા બાળકોને એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ ખાતે વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે.

- - - - - - - - -

**ભરૂચ-ટંકારીયા-પાલેજ રોડને રીસરફેસ કરવા બાબત**

૩૪૦૦૭ **શ્રી દુષ્યંતભાઈ પટેલ**(ભરૂચ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ-ટંકારીયા-પાલેજ રોડ કિ.મી.૦/૦૦ થી ૨૯/૨૦ને રીસરફેસીંગ કરવાની કામગીરીને મંજૂરી મળેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા રૂપિયાના કામોને મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. સોળ કરોડ |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે? | (૩) ટેન્ડર પ્રક્રિયા હેઠળ. |

- - - - - - - - -

**છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ**

૩૫૭૦૪ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૪૫૧૯ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૨) કુલ રૂ.૫૬૯૨.૮૫ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં એમ.બી.બી.એસ. ડોક્ટરોની નિમણૂક**

૩૫૧૩૨ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર**(મોડાસા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમ.બી.બી.એસ. પાસ કરેલ કેટલા ડોક્ટરોને નિમણૂક આપવામાં આવી, | (૧) અને (૨) પત્રક-૧ સામેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલા ડોક્ટરો ફરજ પર હાજર થયા અને કેટલા ડોક્ટરો હાજર ન થયા, | |
| (૩) હાજર ન થયા હોય તેવા જિલ્લાવાર કેટલા ડોક્ટરો પાસેથી બોન્ડની કેટલી રકમ વસૂલી અને કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને | (૩) પત્રક-૨ સામેલ છે. |
| (૪) ઉક્ત બોન્ડની રકમ વસૂલવા ઉક્ત સ્થિતિએ સરકારે શું કાર્યવાહી કરી? | (૪) મામલતદાર (વસૂલાત) દ્વારા વસૂલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. |

**પત્રક-૧**

**તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર રાજ્યની સરકારી કોલેજોમાંથી એમ.બી.બી.એસ. પાસ કરેલ ડોક્ટરોની નિમણૂકોની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ-૨૦૧૯ | | | વર્ષ-૨૦૨૦ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નિમણૂક આપેલ | ફરજ પર હાજર થયેલ ડોક્ટર | ફરજ પર હાજર ન થયેલ | નિમણૂક આપેલ | ફરજ પર હાજર થયેલ ડોક્ટર | ફરજ પર હાજર ન થયેલ |

| | | ડોક્ટર | | ડોક્ટર | ડોક્ટર | | ડોક્ટર |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | અરવલ્લી | ૧૩ | ૨ | ૧૧ | ૯ | ૧ | ૮ |
| ૨ | સાબરકાંઠા | ૯ | ૫ | ૪ | ૧૯ | ૧૦ | ૯ |
| | **કુલ** | **૨૨** | **૭** | **૧૫** | **૨૮** | **૧૧** | **૧૭** |

**પત્રક-૨**

**હાજર ન થયા હોય તેવા ડોક્ટરોની બોન્ડની વસૂલાતની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | જિલ્લાનું નામ | વર્ષ-૨૦૧૯ | | | વર્ષ-૨૦૨૦ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | બોન્ડની રકમની વસૂલાત કરેલ ડોક્ટરોની સંખ્યા | વસૂલાત કરેલ બોન્ડની રકમ (રૂ.) | વસૂલાત કરવાની બાકી બોન્ડની રકમ (રૂ.) | બોન્ડની રકમની વસૂલાત કરેલ ડોક્ટરોની સંખ્યા | વસૂલાત કરેલ બોન્ડની રકમ (રૂ.) | વસૂલાત કરવાની બાકી બોન્ડની રકમ (રૂ.) |
| ૧ | અરવલ્લી | ૩ | ૧૫,૦૦૦૦૦ | ૪૦,૦૦૦૦૦ | ૧ | ૫,૦૦,૦૦૦ | ૩૫,૦૦૦૦૦ |
| ૨ | સાબરકાંઠા | ૨ | ૧૦,૦૦૦૦૦ | ૧૦,૦૦૦૦૦ | ૧ | ૫,૦૦,૦૦૦ | ૪૦,૦૦૦૦૦ |
| | **કુલ** | **૫** | **૨૫,૦૦૦૦૦** | **૫૦,૦૦૦૦૦** | **૨** | **૧૦,૦૦,૦૦૦** | **૭૫,૦૦૦૦૦** |

---------

**રાજુલા-સાવરકુંડલા તાલુકાને જોડતા રસ્તાને પ્રગતિ પથ જાહેર કરવા બાબત**

૩૫૧૯૮ **શ્રી અંબરીષભાઇ ડેર**(રાજુલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રાજુલા તાલુકા અને સાવરકુંડલા તાલુકાને જોડતા રસ્તાને પ્રગતિ પથ જાહેર કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ક્યારે જાહેર કરવામાં આવેલ છે,

(૩) ઉક્ત જાહેર કરેલ રસ્તાની કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૪) ઉક્ત જાહેર કરેલ રસ્તાની કામગીરી ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) પીપાવાવ-અંબાજી-આબુ માર્ગને તા.૨૪-૦૨-૨૦૦૫ના રોજ પ્રગતિપથ તરીકે જાહેર કરવામાં આવેલ અને ''રાજુલા-સાવરકુંડલા'' અનુભાગનો તેમાં સમાવેશ થાય છે.

(૩) અને (૪) ઉક્ત સ્થિતિએ, યોજનાના મુખ્ય હેતુ મુજબ આ રસ્તાને ૫.૫૦ મીટરમાંથી ૧૦.૦ મીટર પહોળો કરવાની કામગીરી તા.૧૪-૦૯-૨૦૧૧ના રોજ રૂ.૩૫૫૭.૮૪ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે.

---------

**પાટણ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ**

૩૪૦૨૦ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની આરોગ્ય તપાસ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગોના કેટલા બાળકોને સારવાર આપવામાં આવી, અને

(૩) ઉક્ત ગંભીર રોગો ધરાવતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી?

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | તપાસેલ બાળકો |
|---|---|---|
| ૧ | ૨૦૧૯ | ૩,૬૯,૨૧૫ |
| ૨ | ૨૦૨૦ | ૩,૬૩,૩૪૫ |
| | **કુલ** | **૭,૩૨,૫૬૦** |

(૨)

| ક્રમ | વર્ષ | હૃદય | કિડની | કેન્સર |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૯ | ૩૯૦ | ૮૪ | ૫૩ |
| ૨ | ૨૦૨૦ | ૪૩ | ૮ | ૨ |
| | **કુલ** | **૪૩૩** | **૯૨** | **૫૫** |

(૩) હૃદય, કિડની અને કેન્સર જેવા ગંભીર રોગો ધરાવતા બાળકોની વિનામૂલ્યે સારવાર માટે સરકાર દ્વારા નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવી છે.

- હૃદયની બિમારીવાળા બાળકોને યુ.એન.મહેતા

ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ

- કિડનીની બિમારીવાળા બાળકોને ઈન્સ્ટિટ્યૂટ ઓફ કીડની ડીસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ
- કેન્સરની બિમારીવાળા બાળકોને એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ ખાતે વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે.

- - - - - - - - -

### સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓને કૃષિ વિષયક વીજ જોડાણ

૩૫૫૯૪ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં કેટલા અનુસૂચિત જાતિના લાભાર્થીઓને નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૧૯૪ કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા.

(૨) કુલ રૂ.૨૮૮.૬૩ લાખનો ખર્ચ થયો.

- - - - - - - - -

### ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં રોડના નવીન જોબ નંબર ફાળવવા બાબત

૩૫૧૮૯ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં કેટલા રોડના નવીન જોબનંબર ફાળવવામાં આવ્યા અને કેટલા રોડના કામ પૂર્ણ થયા,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા રોડના કામ બાકી છે, અને

(૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ, છેલ્લા બે વર્ષમાં, ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં ૨૭૩ રોડના નવીન જોબ નંબર ફાળવવામાં આવેલ છે. તે પૈકી ૪૨ રોડના કામો પૂર્ણ થયેલ છે.

(૨) અને (૩) ઉક્ત સ્થિતિએ ૨૩૧ કામોની પ્રી-કન્સ્ટ્રક્શન પ્રક્રિયા તેમજ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

- - - - - - - - -

### જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રોડના નવીન જોબ નંબર ફાળવવા બાબત

૩૫૧૭૨ **શ્રી પ્રવિણભાઈ મુસડિયા** (કાલાવડ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલા રોડના નવીન જોબનંબર ફાળવવામાં આવ્યા અને કેટલા રોડના કામ પૂર્ણ થયા,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા રોડના કામ બાકી છે, અને

(૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ, છેલ્લા બે વર્ષમાં, જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨૧૩ રોડના નવીન જોબ નંબર ફાળવવામાં આવેલ છે. તે પૈકી ૨૦ રોડના કામો પૂર્ણ થયેલ છે.

(૨) અને (૩) ઉક્ત સ્થિતિએ ૧૯૩ કામો પ્રી-કન્સ્ટ્રક્શન પ્રક્રિયા તેમજ વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

- - - - - - - - -

### અમદાવાદ અને વડોદરાની મેડીકલ કોલેજોમાં મંજૂર મહેકમ

૩૫૨૧૦ **શ્રી પુનમભાઈ પરમાર** (સોજીત્રા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ બી.જે. મેડીકલ કોલેજ, અમદાવાદ અને સરકારી મેડીકલ કોલેજ, વડોદરામાં કોલેજવાર સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧)

| **સંવર્ગ** | **મંજૂર જગ્યા** | |
|---|---|---|
| | **બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ** | **સરકારી મેડીકલ કોલેજ, વડોદરા** |
| વર્ગ-૧ | ૩૪૩ | ૨૯૨ |
| વર્ગ-૨ | ૧૦૫ | ૧૦૭ |

| | | |
|---|---|---|
| વર્ગ-૩ | ૨૪૬ | ૩૦૮ |
| વર્ગ-૪ | ૧૬૪ | ૧૩૬ |
| **કુલ** | **૮૫૮** | **૮૪૩** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવગર્વાર, કોલેજવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે,

(૨)

| **સંવર્ગ** | **ભરાયેલ જગ્યા** | |
|---|---|---|
| | **બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ** | **સરકારી મેડીકલ કોલેજ, વડોદરા** |
| વર્ગ-૧ | ૨૮૩ | ૨૨૮ |
| વર્ગ-૨ | ૯૬ | ૭૬ |
| વર્ગ-૩ | ૧૯૩ | ૧૭૫ |
| વર્ગ-૪ | ૧૬૪ | ૧૩૬ |

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કરાર આધારીત, ફિક્સ પગાર આધારીત, માનદ વેતનથી ભરાયેલ છે, અને

(૩) બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ

| **સંવર્ગ** | **ભરાયેલ જગ્યાઓની વિગત** | | |
|---|---|---|---|
| | **કરાર આધારીત** | **ફીક્સ પગાર આધારીત** | **માનદ વેતન** |
| વર્ગ-૧ | ૩૧ | ૦૩ | ૦૧ |
| વર્ગ-૨ | ૧૨ | ૦૦ | ૦૦ |
| વર્ગ-૩ | ૦૦ | ૬૭ | ૦૦ |
| વર્ગ-૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૪૩** | **૭૦** | **૦૧** |

**સરકારી મેડીકલ કોલેજ, વડોદરા**

| **સંવર્ગ** | **ભરાયેલ જગ્યાઓની વિગત** | | |
|---|---|---|---|
| | **કરાર આધારીત** | **ફીક્સ પગાર આધારીત** | **માનદ વેતન** |
| વર્ગ-૧ | ૧૯ | ૦૪ | ૦૦ |
| વર્ગ-૨ | ૧૦ | ૦૦ | ૦૦ |
| વર્ગ-૩ | ૦૭ | ૪૫ | ૦૦ |
| વર્ગ-૪ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૪) સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે તેમજ આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪)

| **સંવર્ગ** | **ખાલી જગ્યા** | |
|---|---|---|
| | **બી.જે.મેડીકલ કોલેજ, અમદાવાદ** | **સરકારી મેડીકલ કોલેજ, વડોદરા** |
| વર્ગ-૧ | ૬૦ | ૬૪ |
| વર્ગ-૨ | ૦૯ | ૩૧ |
| વર્ગ-૩ | ૫૩ | ૧૩૩ |
| વર્ગ-૪ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૧૨૨** | **૨૨૮** |

આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી

\- - - - - - - - -

**ડાંગ જિલ્લાના રસ્તાને રીસરફેસ કરવાનું આયોજન**

૩૪૦૧૧ **શ્રી વિજયભાઈ પટેલ**(ડાંગ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાનો વઘઈ-ડુંગરડા-ભેંસકાતરી રસ્તાને રીસરફેસ કરવાનું સરકારનું કોઈ | (૧) અને (૨) હા, જી. રસ્તાની ૨૬.૯૩ કિ.મી. લંબાઈ પૈકી જરૂરિયાતવાળી ૨૦.૯૩ કિ.મી. લંબાઈમાં |

આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ રસ્તાનું કામ ક્યારે મંજૂર કરવામાં આવશે ?

રસ્તાના રીસરફેસીંગ માટે રૂ.૫૨૫ લાખની મંજૂરી તા.૩૦-૧૨-૨૦૨૦ના આપેલ છે.

- - - - - - - - -

**મોરબી જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૩૫૬૧૬ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોરબી જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ અનુસૂચિત જાતિની કેટલી કન્યાઓની અરજીઓ મળી, | (૧) ૧૪૭ |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓની અરજીઓ મંજૂર કરી, અને | (૨) ૧૪૧ |
| (૩) તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૧૪,૧૦,૦૦૦/- |

- - - - - - - - -

**બોટાદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ**

૩૫૬૩૪ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૬૪૯૩ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ? | (૨) કુલ રૂ.૯૩૨૬.૩૭ લાખ ખર્ચ થયો. |

- - - - - - - - -

**અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં લોહીની બોટલો એકત્રિત કરવા બાબત**

૩૫૧૪૭ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદની સિવિલ હોસ્પિટલની બ્લડ બેંકમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સ્વૈચ્છિક રકતદાન દ્વારા લોહીની કેટલી બોટલો એકત્રિત કરવામાં આવી,

(૧)

| વર્ષ | એકત્રિત કરવામાં આવેલ લોહીની બોટલોની સંખ્યા |
|---|---|
| ૨૦૧૯ | ૮૬૫૬ |
| ૨૦૨૦ | ૬૮૫૧ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી બોટલો સરકારી અને ખાનગી હોસ્પિટલોને આપવામાં આવી,

(૨)

| વર્ષ | સરકારી હોસ્પિટલોને આપવામાં લોહીની બોટલોની સંખ્યા | ખાનગી હોસ્પિટલોને |
|---|---|---|
| ૨૦૧૯ | ૮૯૯૮૭ | ૯૨૧ |
| ૨૦૨૦ | ૬૩૨૩૪ | ૭૦૦ |

(૩) એકત્રિત થયેલ લોહીની બોટલોમાંથી ઉક્ત સમયગાળામાં લોહી બગડી જવાના કેટલા બનાવો બન્યા, અને

(૩) એક પણ બનાવ બનેલ નથી.

(૪) આવા બનાવો ન બને તે માટે શું પગલાં લેવામાં આવ્યા?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**એસ્સાર પાવર કંપનીને પેનલ્ટીની રકમ**

૩૫૧૩૮ **ડો. સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| | | ૨૦૨૦-૨૧ | ૨.૦૪ | ૦.૦૦ | ૨.૦૪ | ૦.૦૦ | નિગમની રચના એપ્રિલ-૨૦૨૦માં થયેલ છે. લોન આપવાની પ્રક્રિયા માટે નીતિનિયમો ઘડતરની બાબત હાથ પર હોવાથી ગ્રાન્ટ વણવપરાયેલી રહેલ છે. |
| ૧૦ | ગુજરાત બિન અનામત | ૨૦૧૯-૨૦ | ૧૫૦૦.૦૦ | | ૦.૦૦ | | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

| ક્રમ | નિગમનું નામ | વર્ષ | રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ લોન (રકમ રૂ. લાખમાં) | રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલ સહાય (રકમ રૂ. લાખમાં) | લોન પૈકી વણવપરાયેલ રહેલ ગ્રાન્ટ (રકમ રૂ. લાખમાં) | સહાય પૈકી વણવપરાયેલ રહેલ ગ્રાન્ટ (રકમ રૂ. લાખમાં) | ગ્રાન્ટ વણવપરાયેલ રહેવાના કારણો |
|---|---|---|---|---|---|---|---|
| | શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ | ૨૦૨૦-૨૧ | ૩૮૩૩૩.૦૦ | | ૪૧૪૪.૦૬ | | કોવિડ-૧૯ને કારણે અરજીઓના નિકાલમાં વિલંબ થયેલ છે. આ નાણાકીય વર્ષમાં બચત રકમનો ખર્ચ થઈ જનાર છે. (નોંધઃ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને સહાય યોજના અને લોન યોજના માટે અલગ-અલગ ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. પરંતુ મુખ્ય સદર ૬૨૨૫ હેઠળ સંયુક્ત રકમ ફાળવવામાં આવે છે.) |

- - - - - - - - -

**અમદાવાદ જિલ્લામાં પાલક માતા-પિતા યોજના**

૩૫૬૧૦ **શ્રી રાકેશભાઈ શાહ**(એલીસબ્રિજ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં પાલક માતા-પિતા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૨૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૧૨ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૧૫,૦૬,૦૦૦/- |

- - - - - - - - -

**પાટણ તાલુકામાં વીજ જોડાણોની પડતર અરજીઓ**

૩૭૭૮૩ **શ્રી કીરીટકુમાર પટેલ**(પાટણ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ પાટણ જિલ્લાના પાટણ તાલુકામાં ખેતી વિષયક વીજ જોડાણોમાં લાંબા સમયથી પડતર અરજીઓ રહેવાથી ખેડૂતોને તત્કાલ વીજ જોડાણ લેવા પડે છે, તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ખેતી વિષયક વીજ જોડાણ મેળવવાની કેટલી અરજીઓ પડતર છે તથા પડતર રહેવાના શાં કારણો છે; અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓના નિકાલ માટે શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**જામનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ**

* ૩૫૬૫૧ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૧૧૮૯૦ કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ? | (૨) કુલ રૂ. ૧૭૭૮૯.૦૧ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

તા. ૧૮મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**આરોગ્ય કેન્દ્રોને અપગ્રેડ કરવા બાબત**

૩૫૧૧૬ **શ્રી નથાભાઈ પટેલ**(ધાનેરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં અપગ્રેડ કરવાની કેટલી દરખાસ્ત કેટલા સમયથી સરકારમાં પડતર છે, | (૧) કોઈ દરખાસ્ત પડતર નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ દાંતીવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં અપગ્રેડ કરવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩)ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ**

* ૩૫૫૭૦ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૯૨૧ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યાં. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ? | (૨) કુલ રૂ. ૧૩૧૯.૭૩ લાખનો ખર્ચ થયો. |

- - - - - - - - -

અધ્યક્ષશ્રી : પ્લીઝ,

**શબ્દો દૂર કરવા અંગેની રજૂઆત**

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ(મુખ્ય દંડકશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, મારે આપનું ધ્યાન દોરવાનું છે, માનનીય સભ્યશ્રી ઋત્વિકભાઇ મકવાણા પ્રશ્ન નંબર-૮માં એવું બોલ્યા છે કે * (xxx) તો એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : ખાલી * (xxx) એ મારે બોલવાનું જ હતું આના પછીનું મારી પાસે છે, એ શબ્દો કાઢી નાંખવામાં આવે છે અને એ શબ્દોને વળગી રહે તો એનો પુરાવો મારી સમક્ષ રજૂ કરે, નહિ તો માફી માગવી પડશે. નેકસ્ટ.

**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

જાહેર સાહસો માટેની સમિતિના અગિયારમા, બારમા, તેરમા અને ચૌદમા અહેવાલની રજૂઆત

શ્રી ડો. નીમાબેન ભા. આચાર્ય (સમિતિના પ્રમુખશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર સાહસો માટેની સમિતિનો અગિયારમો, બારમો, તેરમો અને ચૌદમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

**અહેવાલો રજૂ કરવામાં આવ્યા.**

અધ્યક્ષશ્રીની જાહેરાત

વીર સાવરકર અંગેના અપમાનજનક શબ્દો દૂર કરવા બાબત

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે, પ્રશ્નકાળના સમય દરમિયાન જે કંઇ અંતરાય થયા અને એમાં જે કંઇ અસંસદીય શબ્દો બોલવામાં આવ્યા છે એ હું કાઢી નાંખું છું. *(xxx) એ કાઢી નાંખવામાં આવે છે. *(xxx)એ શબ્દો પણ હવે કાઢી નાંખવામાં આવે છે. ચાલો નેકસ્ટ. નેકસ્ટ. (અંતરાય) મારી ફરજના ભાગરૂપે જે આવે છે એ મેં કર્યું છે. મારી ફરજના ભાગરૂપ જે આવ્યું છે એ મેં કર્યું છે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૨૭, ૧૯૪૨ શાકે

અધ્યક્ષશ્રીની જાહેરાત(વીર સાવરકર વિશે અપમાનજનક શબ્દો દૂર કરવા અંગે)

શ્રી પુંજાભાઇ ભી. વંશ : સાહેબ, તમારી ફરજમાં ઘણું બધું આવે છે. તમારી ફરજ આટલી જ છે એવું નથી.

શ્રી પરેશ ધાનાણી ( વિરોધપક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નીતિનભાઇ જેવા સિનિયર મંત્રી થઇને, અમારી ઉંમર અમે જેટલા વરસ આ ગૃહમાં કાઢ્યા એ કોઇના દાદા અને પરદાદા ઉપર વાત કરે છે. આ સત્તાનો મદ ગુજરાતને મહેસુશ થઇ રહેલ છે. જીતતા હતા તો સદ્દામ પણ જીતતા હતા અને ગદ્દાફી પણ જીતતા હતા, પણ સરમુખત્યારોનું શાસન હતું, તમારે શ્રી નીતિનભાઇ જેવા સિનિયર મંત્રી આવા શબ્દો બોલે એમને માફી મંગાવવી જોઇએ. આ સિનિયર મંત્રી છે. અમે કાયમ મર્યાદા ચૂક્યા નથી. શ્રી નીતિનભાઇ નિયમોથી, પરંપરાઓથી, કાયદાઓથી વાકેફ છે, કોઇ જુનિયર સભ્ય ભૂલ કરે તો વાંધો નથી. આ ગાંધી અને સરદારનું ગુજરાત છે. લોકશાહીના મંદિરમાં ચર્ચાના સ્તરને ક્યાં લઇ જવું છે આપણે? ક્યાં લઇ જવું છે? ક્યાં લઇ જવું છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : બોલી રહ્યા, બોલી રહ્યા, તમે બોલી રહ્યા હોય તો હું જવાબ આપું.

શ્રી પરેશ ધાનાણી : તમારા જેવા જવાબદાર નેતા પાસે આ અપેક્ષા નહોતી. આ સત્તાનો મદ ક્યારેક ઓગળશે, આજ તમારો સમય છે ક્યારેક અમારો સમય પણ આવશે. અમે તો સહન કરી રહ્યા તમે સહન નહિ કરી શકો. માફી માગવી જોઇએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, મારા શબ્દો હજી પણ રેકર્ડ ઉપર ચકાસી જોવામાં આવે. મેં કોઇ વ્યક્તિ વિશે, કોઇ વ્યક્તિના દાદા વિશે, એ રીતે વાત કરી નથી. મેં તમારા દાદાઓ, ઇટ મીન્સ કે તમારી આગલી પેઢીએ ચાળીસ વરસ સુધી રાજ કર્યું છે એ ટોનમાં કહ્યું છે. મેં એક્સના દાદા, વાયના દાદા, કોઇ હોદ્દેદારનું, કોઇનું નામ દીધું નથી, પણ કાઢોને શબ્દો, શ્રી પુંજાભાઇ, આ રેકર્ડ કાઢોને, રેકર્ડ કાઢોને. તમે ખોટું બોલો કે શ્રી નીતિનભાઇ ખાતમુર્હૂત કરી ગયા, તમે જુઠ્ઠું બોલો એ છૂટ અને તમે કહો એ અમારે સાંભળી લેવાનું, એવી લોકશાહી તમે ઇચ્છો છો ? તમે જુઠ્ઠું બોલો, અમે સાંભળી લઇએ એવી સિનિયોરિટી શ્રી પરેશભાઇ, તમે ઇચ્છો છો? મેં સ્પષ્ટ કહ્યું છે. જૂની પેઢી જે હતી, આણંદ જિલ્લો નવો નથી, આણંદ જિલ્લો આજનો સમૃદ્ધ નથી, આણંદ જિલ્લો પહેલેથી જ સમૃદ્ધ છે. સરદાર વલ્લભભાઇના જમાનામાં પણ આણંદ જિલ્લો સમૃદ્ધ હતો એટલા માટે હું એમ કહું છું કે, આવા સમૃદ્ધ જિલ્લામાં જે લોકોએ વરસો સુધી શાસન કર્યું, મેં એક્સ, વાય કે ઝેડ કોઇનું નામ નથી લીધું કોઇએ પોતાની રીતે માની લેવાની જરૂર નથી પણ એવા લોકો આજે આ પ્રશ્ન પુછે કે આણંદ જેવા સમૃદ્ધ જિલ્લામાં આવું નથી એનો મેં જવાબ આપ્યો છે. મેં કોઇ વ્યકિત વિશે કોઇ મહાનુભાવ વિશે કે કોઇ વ્યકિતના દાદા વિશે કોઇ જ ઉલ્લેખ કર્યો નથી. હજુ રેકર્ડ ઉપર શબ્દો છે. માનનીય અધ્યક્ષશ્રી, એ ચકાસવાની આપને મારી વિનંતી છે. એટલે ખોટી રીતે આ વાતને લેવાની જરૂર નથી અને ઉપરથી શ્રી અમિતભાઇએ મારી માફી માગવી જોઇએ કે મેં ખાતમુહૂર્ત નથી કર્યું છતાં મારું નામ લઇ અને તેમણે કહ્યું કે શ્રી નીતિનભાઇ ખાતમુહૂર્ત કરી ગયા. સાહેબ, માફી માગવાની શરૂઆત તે કરે. (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, મેં તો કોઇનું નામ નથી લીધું છતાં આ રીતે વાતો કરે છે, પણ ભારતના મહાન સ્વાતંત્ર્ય સેનાની વીર સાવરકરજી જેમણે કાળા પાણીની સજા ભોગવી, તેમનું નામ દઇ અને જે રીતે અપમાન કર્યું છે ત્યારે તે શબ્દો રેકર્ડમાંથી દૂર કરવા એટલુ પૂરતું નથી. તેમણે માફી માગવી જોઇએ આ મારી દરખાસ્ત છે. કાલે કોઇ ગાંધીજી વિશે બોલશે, કોઇ સરદાર વલ્લભભાઇ વિશે બોલશે, આને હળવાશથી ન લેવાય, તેમને માફી મંગાવો.

અધ્યક્ષશ્રી : તેને હળવાશથી લીધું જ નથી (અંતરાય) શ્રી જીજ્ઞેશભાઇ, પ્લીઝ, આપ બેસી જાવ. આપનો વિષય નથી. આપ બેસી જાવ (અંતરાય) શ્રી જીજ્ઞેશભાઇ, આપ બેસી જાવ. આપને ઉભા થવાનું કોઇ કારણ નથી. આપ બેસી જાવ પ્લીઝ, હું આપને આદેશ કરું છું, આપ બેસી જાવ. પ્લીઝ, બેસી જાવ અત્યારે આપને કોઇ અધિકાર નથી. હું આપને બેસવાનો આદેશ કરું છું. હું આપને વારંવાર કહું છું, આપ બેસી જાવ. વિના કારણે આપે ઉભા થવું જોઇએ નહીં. સભાગૃહના તમામ સભ્યોને હું જણાવવા માગું છું કે માનનીય ઋત્વિકભાઇ મકવાણાજીએ જે શબ્દો કહ્યાં તે મેં મંગાવ્યા, તે દૂર તો કર્યા જ છે અને મેં એમ કહ્યું કે તેમની વાતને વળગી રહેતા હોય તો પુરાવો રજૂ કરે અને પછી માફી માગવી પડશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તેની સમય-મર્યાદા આપવી જોઇએ અને લાંબો સમય નહીં આ જ સત્રમાં પુરાવા રજૂ કરવા જણાવવું જોઇએ.

અધ્યક્ષશ્રી : આપને લેખિતમાં સૂચના મળી જશે. (અંતરાય)

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા :(બેઠા બેઠા) પુરાવો રજૂ કરીશું.

અધ્યક્ષશ્રી : શ્રી ઋત્વિકભાઇ, હવે બેસી જાવ. તમારો હમણાં વિષય રહેતો નથી. (અંતરાય) શું છે ? (સતત અંતરાય) તમે બધા બોલો છો, અહીંયા કશું જ સંભળાતું નથી. (અંતરાય) બેસી જાવ, હવે કોઇ બોલશો નહીં.

તા. ૧૮મી માર્ચ ૨૦૨૧

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નીતિનભાઇની દરખાસ્ત પછી આપે કહ્યું કે સમય-મર્યાદામાં તેનો ખુલાસો માંગીશું, નહીં આપે તો માફી માગે. આ કહ્યા પછી પણ તેઓ પોતાની વાતનો બચાવ કરે તે પણ વાજબી નથી. હિન્દુસ્તાનની આઝાદીમાં જેમણે જેમણે પોતાના જીવન ત્યાગ કર્યા, ડબલ ફાંસી, આ જગત પેદા થયું ત્યારથી કોઇ એક વ્યકિતને ડબલ ફાંસી થઇ હોય તો એનું નામ વીર સાવરકર છે. એ વ્યકિત માટે કાં તો અજાણ છે, કાં ગેરસમજ છે અને કાં તેઓ કોઇ અન્ય વિચારસરણીથી પ્રેરાયેલા છે. એવું મારે કહેવું જોઇએ. એટલે આજ સાંજ સુધીમાં જ તેઓ ખુલાસો કરે, નહીંતર પછી આવતી કાલે માફી માગે. (અંતરાય)

સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિના બીજા અને ત્રીજા અહેવાલની રજૂઆત

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિનો બીજો અને ત્રીજો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલો રજૂ કરવામાં આવ્યા.**

અંદાજ સમિતિના ચોથા અહેવાલની રજૂઆત

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અંદાજ સમિતિનો ચોથો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

ગૃહ વિભાગ

**ગૃહ વિભાગ**

**માગણી ક્રમાંક - ૪૨**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૯,૯૭,૪૫,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૪૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૪૨ રજૂ કરવામાં આવી.**

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરવામાં આવી.**

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી.**

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરવામાં આવી.**

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરવામાં આવી.**

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરવામાં આવી.**

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરવામાં આવી.**

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરવામાં આવી.**

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરવામાં આવી.**

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરવામાં આવી.**

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરવામાં આવી.**

શ્રી ભરતજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરવામાં આવી.**

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરું છું.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરવામાં આવી.**

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરવામાં આવી.**

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરવામાં આવી.**

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરવામાં આવી.**

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૦ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૬૦,૨૩,૦૬,૯૯,૦૦૦/ -ની માગણી ક્રમાંક- ૪૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૪૩ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૧ રજૂ કરવામાં આવી.**

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૨ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૩ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૪ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૮ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તિભાઇ શા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૯ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૧ રજૂ કરવામાં આવી.**

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરવામાં આવી.**

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરવામાં આવી.**

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરવામાં આવી.**

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરવામાં આવી.**

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૮ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરવામાં આવી.**

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરવામાં આવી.**

તા. ૧૮મી માર્ચ ૨૦૨૧

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરવામાં આવી.**

શ્રી રઘુભાઇ મે. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરવામાં આવી.**

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરવામાં આવી.**

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરવામાં આવી.**

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૯ રજૂ કરવામાં આવી.**

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૦ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૨ રજૂ કરવામાં આવી.**

**ગૃહ વિભાગ**

**માગણી ક્રમાંકઃ ૪૪**

**શ્રી** પ્રદિપસિંહ ભ. જાડેજા : (રાજ્યકક્ષાના જેલ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જેલ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૯૮,૦૮,૬૪,૦૦૦/ - ની માગણી ક્રમાંક-૪૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૪૪ રજૂ કરવામાં આવી .**

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ રજૂ કરવામાં આવી.**

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૪ રજૂ કરવામાં આવી.**

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૭ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.**

| **અ.નં .** | **મુખ્ય સદર અને સંદર્ભ** | **કાપ દરખાસ્ત રૂ.** | **વિષય** | **પ્રભારી સભ્યશ્રી** |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **ગૃહ વિભાગ**<br>**માગણી નં.૪૨** | |
| **૧** | ૨૦૫૨-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>રૂ .૧૫,૬૯,૬૬,૦૦૦<br>અં.પ્ર.નં .૧૨<br>પાનાનં .૧૪ | ૧૦૦ | તપાસ પંચોની કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરાવવામાં અને તેના અહેવાલો સત્વરે જાહેર કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઈ પણદા |
| **૨** | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ આપવામાં તેમજ છઠ્ઠા પગારપંચમાં ગ્રેડ-પેની વિસંગતતા દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા . | શ્રી હિંમતસિંહ પટેલ |
| **૩** | _ _ " _ _ | ૧૦૦ | કોરોના ગાઈડ લાઈનનો ભંગ કરનાર પાસેથી દંડ વસૂલવામાં થતો ભેદભાવ દૂર કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી કનુભાઈ બારૈયા |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | _ _ " _ _ | ૧૦૦ | કોરોનાના નામે પોલીસ કર્મચારીઓદ્વારા થતી ખોટી દંડ વસૂલીથી નિર્દોષ આમજનતાને થતી હેરાનગતિ દૂર કરવામાંતંત્રનીનિષ્ફળતા. | શ્રી વિરજીભાઈ ઠુમ્મર |
| *૫ | _ _ " _ _ | ૧૦૦ | કોરોનામાં અચાનક લોકડાઉન કે કરફ્યુ નાંખવામાં આવતા આમ જનતાને પડતી હાલાકી દૂર કરવા જરૂરી આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદનજી ઠાકોર |
| ૬ | _ _ " _ _ | ૧૦૦ | એ.સી.બી.માં થયેલ ફરીયાદોની તપાસ અટકાવવા માટે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રીભગાભાઈ બારડ |
| ૭ | _ _ " _ _ | ૧૦૦ | કોઈપણ પ્રકારના દબાણો વગર પોલીસ તંત્ર કામગીરી કરી શકે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગભાઈ કાલરીયા |
| ૮ | ૨૦૫૨ - સચિવાલય...સેવાઓ<br>૦૯૦ - સચિવાલય<br>રૂ .૧૫,૬૯,૬૬,૦૦૦<br>અં.પ્ર.નં .૧૨<br>પાનાનં .૧૪ | ૧૦૦ | કોરોના ગાઈડલાઈન અનુસાર માસ્ક વિનાના ઈસમોને કરવાના દંડ અન્વયેની તારીખવાર લેખિત સૂચનાઓની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા . | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૯ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ સ્ટેશનોમાં ગેરકાયદેસર રીતે ઉઘરાણી કરતા વહીવટદારોની પોસ્ટની કાયદેસરતા અંગે સ્પષ્ટતા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| ૧૦ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ સ્ટેશનોમાંથી વહીવટદારોની પ્રથા તાકીદે બંધ કરી આવા વહીવટદારોને યોગ્ય ડ્યુટી સોંપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભીખાભાઈ જોષી |
| *૧૧ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ સ્ટેશનોમાં ચાલતી દારૂ, જુગાર જેવી અસામાજિક પ્રવૃત્તિઓ માટે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૧૨ | _ _ " _ _ | ૧૦૦ | એફ.એસ.એલ દ્વારા કલોલ ગેસ પાઈપ લાઈનમાં થયેલ બ્લાસ્ટની ઝડપથી તપાસ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| ૧૩ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ અને હોમગાર્ડના સરખા ડ્રેસ કોડના કારણે પ્રજાને ઓળખ અંગે પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઈ વાજા |
| ૧૪ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યમાં બુકીઓ અને વ્યાજખોરો દ્વારા મકાનો પચાવી પાડવાની ફરિયાદો થવા છતાં પગલાં ન લેનાર જવાબદારો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીભરતજી ઠાકોર |
| ૧૫ | _ _ " _ _ | ૧૦૦ | સી.આઈ.ડી .ક્રાઈમના કર્મચારીઓ દ્વારા દુકાનો - મોલોમાં સી.સી.ટી.વી .બંધ કરાવી નાણા ઉઘરાવવાની ફરિયાદો થવા છતાં અસરકારક પગલાં લેવામાં | શ્રી સુખરામભાઈ રાઠવા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તંત્રની નિષ્ફળતા. | |
| ૧૬ | __"__ | ૧૦૦ | ગંભીર ગુનાઓ માટે દરેક જિલ્લાઓમાં લીગલ સેલ ઉભા કરી ચકાસણી બાદ જ કોર્ટમાં કેસ દાખલ થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી |
| ૧૭ | __"__ | ૧૦૦ | લોક રક્ષક દળની ભરતીમાં પાસ થયેલ ઉમેદવારોને સત્વરે નિમણૂક આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઈ વંશ |
| ૧૮ | __"__ | ૧૦૦ | ગુન્હાખોરી અટકાવવા અને ગુનેગારોનું પગેરું મેળવવાના આશયથી લગાવવામાં આવેલ સી.સી.ટી.વી . કેમેરાનો યોગ્ય ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત |
| ૧૯ | ૨૦૫૨-સચિવાલય...સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>રૂ .૧૫,૬૯,૬૬,૦૦૦<br>અં.પ્ર.નં .૧૨<br>પાનાનં .૧૪ | ૧૦૦ | કાયદાઓમાં જરૂરી અને કડક સુધારાઓ કરી અસામાજિક પ્રવૃત્તિ કરતા ઈસમોને અંકુશમાં રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અંબરીષભાઈ ડેર |
| ૨૦ | __"__ | ૧૦૦ | અખબારો, ટીવી-ચેનલોમાં અસામાજિક પ્રવૃત્તિની વિગતો જાહેર થયા બાદ જ પગલાં લેવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુનિલભાઈ ગામીત |
| | | માગણી ક્રમાંક- ૪૩ | | |
| ૨૧ | ૨૦૫૫ -પોલીસ<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૧-MEP-30<br>પોલીસ....મહાનિરીક્ષક<br>રૂ .૩૨,૧૩,૬૬,૦૦૦<br>અં.પ્ર.નં .૧૨,<br>પાના નં .૨૦ અને ૨૧ | ૧૦૦ | રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બગડતા આમજનતાનો પોલીસ તંત્ર ઉપરથી વિશ્વાસ ઉઠતો જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૨૨ | __"__ | ૧૦૦ | ગેંગસ્ટારોને છાવરતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કીરીટકુમાર પટેલ |
| ૨૩ | __"__ | ૧૦૦ | રાજયમાં વિદેશી હથિયારોનું ગેરકાયદેસર વેચાણ થતુંઅટકાવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૨૪ | __"__ | ૧૦૦ | પોલીસ તંત્રનું મનોબળ મજબૂત થાય તેવા પગલાં ભરી આમજનતા તેના પર વિશ્વાસ કરે તેવુ વાતાવરણ ઉભુ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રેમસિંહભાઈ વસાવા |
| ૨૫ | __"__ | ૧૦૦ | ગુન્હાહીત પ્રવૃત્તિઓ આચરનાર પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ ઉપર સતત દેખરેખ રાખી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | ડો .અનિલ જોષિયારા |
| *૨૬ | __"__ | ૧૦૦ | પ્રમાણિક પોલીસ અધિકારીઓ/કર્મચારીઓની વારંવાર થતી બદલીઓ અટકાવવામાં તંત્રની | શ્રી રાજેશકુમાર ગોહિલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નિષ્ફળતા. | |
| *૨૭ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ તંત્રની કામગીરી ઉપર ચાંપતી નજર રાખવા માટે કોઈ સ્વતંત્ર સંસ્થાની નિમણૂંક કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શીવાભાઈ ભુરીયા |
| ૨૮ | _ _ " _ _ | ૧૦૦ | મહિલાઓ ઉપર થતા દુષ્કર્મોના આરોપીઓને બચાવનાર જવાબદારો સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઋત્વિકભાઈ મકવાણા |
| ૨૯ | _ _ " _ _ | ૧૦૦ | આમજનતામાં ઉભી થયેલી ભ્રષ્ટ પોલીસ તંત્રની છાપ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તિભાઈ પરમાર |
| *૩૦ | ૨૦૫૫ - પોલીસ<br>૦૦૧ - નિર્દેશ અને વહીવટ<br>૦૧ - MEP-30<br>પોલીસ....મહાનિરીક્ષક<br>રૂ .૩૨,૧૩,૬૬,૦૦૦<br>અં.પ્ર.નં .૧૨,<br>પાના નં .૨૦ અને ૨૧ | ૧૦૦ | ગેરકાયદેસર રીતે લોકોના જમીન - મકાન ખાલી કરાવનાર કાયદાના રક્ષકો સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૩૧ | _ _ " _ _ | ૧૦૦ | બાળ કિશોરોને ગુન્હાહીત કેસ માટે પગના તળીયે લાકડીઓથી માર મારવાથી થતા અપમૃત્યુ માટે જવાબદારો સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| ૩૨ | _ _ " _ _ | ૧૦૦ | વગર ગુન્હાએ પકડાયેલા નિર્દોષ ઈસમો ઉપર થર્ડ ડીગ્રી ટોર્ચરીંગ થાય છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| ૩૩ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ સ્ટેશનોમાં લગાવેલા સી.સી.ટી.વી કેમેરા બંધ કરાવી ગુન્હેગારો ઉપર અમાનુષી ત્રાસ / માર મારવાથી બનતા અપમૃત્યુના બનાવો માટે જવાબદારો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |
| ૩૪ | _ _ " _ _ | ૧૦૦ | દારૂ ભરેલા વાહનોની હેરાફેરીમાં મદદ કરતા પોલીસ કર્મચારીઓ સામે નવા કાયદા મુજબની કલમો લગાવી ભારે દંડ અને સજાની કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાંતિભાઈ સોઢાપરમાર |
| ૩૫ | _ _ " _ _ | ૧૦૦ | દારુના નવા કાયદા અન્વયે દારુ વેચનાર તેમજ પીનાર વ્યક્તિ સામે નોંધાયેલ એફ.આઈ.આર.ની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| ૩૬ | | ૧૦૦ | એલ.આર.ડી .દિક્ષાંત કાર્યક્રમમાં કોરોનાની ગાઈડલાઈનનો જાહેરમાં ભંગ કરનાર અધિકારીઓ અને એલ.આર.ડી.ના જવાનો પાસેથી એક હજાર રૂપિયાનો દંડ વસૂલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીઈન્દ્રજીતસિંહ પરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૭ | ૨૦૫૫-પોલીસ<br>૧૦૯ - જિલ્લા પોલીસ<br>૦૧-MEP-6 જિલ્લા...ખુદ<br>રૂ .૩૩,૨૩,૪૦,૬૪,૦૦૦<br>અં.પ્ર.નં .૧૨<br>પાના નં .૩૧ અને ૩૨ | ૧૦૦ | અસામાજિક તત્વોના ત્રાસ સામે આમજનતાને રક્ષણ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનમભાઈ પરમાર |
| ૩૮ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ તંત્ર ઉપર જાહેરમાં હુમલાઓ કરનાર અસામાજિક તત્વોને પકડી ભારે સજા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સંજયભાઈ સોલંકી |
| ૩૯ | ૨૦૫૫-પોલીસ<br>૧૦૯ - જિલ્લા પોલીસ<br>૦૧-MEP-6 જિલ્લા...ખુદ<br>રૂ .૩૩,૨૩,૪૦,૬૪,૦૦૦<br>અં.પ્ર.નં .૧૨<br>પાના નં .૩૧ અને ૩૨ | ૧૦૦ | પોલીસ કર્મચારીઓની ડ્યુટીનો ચોક્કસ સમય નક્કી કરવામાં, તેમને જાહેર રજાના લાભો આપવામાં તેમજ ભીડવાળી જગ્યાઓ ઉપર નિયમિત પોલીસ પોઈન્ટ રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીઅમિત ચાવડા |
| ૪૦ | _ _ " _ _ | ૧૦૦ | પકડાયેલો દારુ પોલીસ અધિકારીઓ દ્વારા જ બારોબાર વેચી દેવા સામે ગંભીરપગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નથાભાઈ પટેલ |
| ૪૧ | _ _ " _ _ | ૧૦૦ | દરેક પોલીસ સ્ટેશનના તેના વિસ્તારમાં રહેતા સીનીયર સીટીઝનોની માહિતીનો રેકોર્ડ રાખી, આવા સીનીયર સીટીઝનોને જરૂરી મદદ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઈ ગામીત |
| ૪૨ | _ _ " _ _ | ૧૦૦ | સરકારી કાર્યક્રમો અને અન્ય કાર્યક્રમોમાં મોટાભાગનું પોલીસતંત્ર બંદોબસ્તમાં હોવાથી અન્ય જગ્યાઓ પર ગુન્હાહીત પ્રવૃતિઓ વધતી જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રઘુભાઈ દેસાઈ |
| ૪૩ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ સ્ટેશનોમાં ફરિયાદ કરવા જતી આમજનતાને અપમાનીત કરતા ફરજ પરના પોલીસ કર્મચારીઓ સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઈ ચૌધરી |
| *૪૪ | _ _ " _ _ | ૧૦૦ | પોલીસ સ્ટેશનોમાં કસ્ટોડીયલ ડેથનું પ્રમાણ વધતુ જાય છે તે માટે જવાબદાર અધિકારીઓ સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઈ મુસડીયા |
| ૪૫ | _ _ " _ _ | ૧૦૦ | નબળી કામગીરી કરતા પોલીસ અધિકારીઓ-કર્મચારીઓની શિક્ષાના ભાગ રૂપે જિલ્લા બહાર બદલી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| *૪૬ | _ _ " _ _ | ૧૦૦ | અપૂરતો પોલીસ સ્ટાફ અને નિયમિત પેટ્રોલીંગના અભાવે ગુન્હાખોરીના વધતા જતા પ્રમાણને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાળાભાઈ ડાભી |
| ૪૭ | _ _ " _ _ | ૧૦૦ | પેટ્રોલીંગ માટે ફાળવેલા વાહનો પાછળ થતા પેટ્રોલ-ડીઝલના ખર્ચની વિગતો | શ્રી મહેશકુમાર પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪૮ | __"__ | ૧૦૦ | પોલીસ તંત્રમાં ઘણા લાંબા સમયથી ફરજ બજાવતા હેડ કોન્સટેબલોને એ.એસ.આઈ .તરીકેનું પ્રમોશન આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૪૯ | ૨૦૫૫ -પોલીસ<br>૧૦૯-જિલ્લા પોલીસ<br>૦૩- MEP-16 રાજ્ય...શાખા<br>રૂ.૮,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર .નં ૧૨<br>પાના નં .૩૧ થી ૩૬ | ૧૦૦ | વાહન ચાલકોને ખોટી રીતે હેરાન કરી દંડ વસુલનાર સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈમરાન ખેડાવાલા |
| ૫૦ | __"__ | ૧૦૦ | ટ્રાફિક શાખા દ્વારા સી.સી.ટી.વી . કેમેરાના આધારે અપાતા ઈ-મેમોની કાયદેસરતાની સ્પષ્ટતા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીત વસોયા |
| *૫૧ | ૨૦૫૫-પોલીસ<br>૧૧૬ -ન્યાય...વિજ્ઞાન<br>૦૧ -MEP-10<br>ન્યાય...પ્રયોગશાળા<br>રૂ.૫૮,૦૧,૯૩,૦૦૦<br>અં.પ્ર.નં .૧૨<br>પાના નં .૫૦ અને ૫૧ | ૧૦૦ | લાંબા સમય સુધી પોસ્કો કેસોનું એફ.એસ.એલ .દ્વારા પરીક્ષણ ન થતા સેમ્પલોનો થતો નાશ અટકાવવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી લલીતભાઈ કગથરા |
| ૫૨ | __"__ | ૧૦૦ | ગુજરાત ફોરેન્સિક સાયન્સ પ્રયોગશાળામાં પૂરતું મહેકમ રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનલાલ વાળા |
| | | માગણી ક્રમાંક- ૪૪ | | |
| ૫૩ | ૨૦૫૬ -જેલ<br>૦૦૧ -નિર્દેશ અને વહીવટ<br>૦૧-MEP-22 જેલમહાનીરીક્ષક<br>રૂ.૨૮,૪૧,૫૨,૦૦૦<br>અં.પ્ર.નં .૧૨<br>પાના નં .૫૫ અને ૫૬ | ૧૦૦ | જેલોમાં કેદીઓ વચ્ચે યોજાતી મહેફીલોને અવગણનાર જવાબદાર જેલ અધિકારી સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તિભાઈ ખરાડી |
| ૫૪ | __"__ | ૧૦૦ | જેલોમાંથી વારંવાર પકડાતી પ્રતિબંધિત વસ્તુઓ માટે જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | ડો .સી .જે . ચાવડા |
| *૫૫ | __"__ | ૧૦૦ | કેદીઓને તાલીમ આપતા ઈન્સ્ટ્રકટરોની ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિક્રમભાઈ માડમ |
| *૫૬ | __"__ | ૧૦૦ | જેલોના કર્મચારીઓની સમયાંતરે બદલીઓ કરી જેલોમાં થતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાખાભાઈ ભરવાડ |
| ૫૭ | __"__ | ૧૦૦ | જેલોમાં કેદીઓ વચ્ચે થતાં મારામારીના બનાવો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

**અધ્યક્ષશ્રી:** હવે રજૂ થયેલ માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

## તા. ૧૮મી માર્ચ ૨૦૨૧

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શ્રી પરેશ ધાનાણી(વિપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી આજે ગૃહ સમક્ષ ગૃહ વિભાગનીજે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની પ્રજાના જાનમાલ, સુખ, શાંતિ, સલામતી અને સુરક્ષા એ ગૃહ વિભાગની પ્રાથમિક જવાબદારી છે. હું આપના માધ્યમથી ગૃહને જણાવવા માગું છું કે, ૨૫-૨૫ વર્ષના ભારતીય જનતા પાર્ટીના શાસન પછી પણ ગાંધી અને સરદારના ગુજરાતમાં ગુનાહિત પ્રવૃત્તિઓ સતત વધી રહી છે. ગુંડા ગલીમાં રખડતાં હોય, સામાન્ય માણસ ભયના ઓથાર નીચે થરથર કાંપતો હોય એવી કટોકટીની સ્થિતિમાંથી આજે ગુજરાત પસાર થઈ રહ્યું છે. મારે ટૂંકી વાત કરવી છે. ગૃહમાં સામે આવેલા આંકડા મુજબ ખૂન, લૂંટ, ધાડ, ચોરી અને રાયોટિંગના અસંખ્ય ગુનાઓ નોંધાયા. આજે પણ ૪૦૪૩ જેટલાં આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે. દેશી-વિદેશી દારૂ રૂપિયા ૨૧૫ કરોડ કરતાં વધુનો નજીવો દારૂ પકડાયો. ગુજરાતની ગલીએ ગલીએ દારૂની રેલમછેલ છે. આટલેથી અટક્યું નથી રૂપિયા ૬૮ કરોડ ૬૦ લાખ કરતાં વધુની કિંમતના અફીણ, ગાંજો, ચરસ, પોશડોડા, હેરોઈન, મફેડ્રોન જેવાં માદક પદાર્થો પકડાયા તેમ છતાં ૪૫૪૫ કરતાં વધુ આરોપીઓ પકડવાના બાકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૬૫૨૩૭ કિલો કરતાં વધુ ગૌમાંસનો જથ્થો પકડાણો, ૧૩૨ જેટલા ગુનેગારો આજે પણ પકડવાના બાકી છે. ગુનેગારોને પકડવામાં આવતા નથી પણ આ કોરોના ક્રાઇસીસમાં કાયદાના અલગ કાટલે ગુજરાતની પ્રજાને જોખી અને આ ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં ૨૩ લાખ કરતાં વધુ વ્યકિતઓ પાસેથી રૂપિયા ૧૧૪ કરોડ જેટલો આકરો દંડ માસ્કના નામે આ સરકાર દ્વારા ઉઘરાવાઇ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગ, ખાખી વરદી જે પ્રજાના જાનમાલની સુરક્ષા કરે છે. અમે એને સલામ કરીએ છીએ. એક જવાન, એક પોલીસનો દીકરો, પ્રજાની રખવાળી માટે ચિંતા કરતો હોય, એની પોલીસ ખાતાની ખાતાકીય પરીક્ષાઓ બંધ, પી.એસ.આઇ., વર્ગ-૩ની પરીક્ષા હજી પડતર, એલ.આર.ડી.ની પરીક્ષામાં ગોટાળો, હોમગાર્ડને પૂરા પગાર આપવામાં ન આવે, લોકરક્ષક દળના જવાનો ઉપર નોકરીની લટકતી તલવાર, એને જીવન ગુજારવું પડે, એવી સ્થિતિમાંથી ગુજરાત પસાર થઇ રહ્યું છે. વિવિધ સંવર્ગના જે પોલીસ કર્મચારીઓ છે, એને પૂરતો પગાર મળતો નથી. નાના કર્મચારીએ ટી.વી, ફ્રિજ કે સ્કૂટર વસાવું હોય તો પણ મંજૂરી લેવી પડે અને એમાંયે એક જવાન જે પ્રજાની સુરક્ષા કરે છે એના બાળકોના શિક્ષણ અને વડીલોના આરોગ્યની સારવાર માટે ઉપાધી કરે, પોષણક્ષમ પગારના અભાવે કયાંય રોડ ઉપર દંડા પછાડી, લોકોના ખિસ્સા ખંખેરતા હજારો બનાવો આજે આખાય ગુજરાતમાં દેખાઇ રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એન.સી.આર.બી.ના અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૭થી ૨૦૧૯ વચ્ચે ૩૦૩૫ મર્ડર થયા, ૫૯૦૩ અપહરણ થયા, કેરલા કરતાંયે ગુજરાતનો ક્રાઇમ રેટ વધતો જાય છે. મર્ડરમાં કેરલા ૧.૯ પરસન્ટ હતું, ગુજરાત ૧.૫ પરસન્ટ હતું, અપહરણમાં કેરાલા ૧.૧ પરસન્ટ છે. ગુજરાત વધીને ૨.૭ ટકાએ પહોંચ્યું છે. હું વાંચતો હતો કે, આ પોલીસની જવાબદારી શું ? એક જવાન ખાખી વરદી પહેરીને બજારમાં આવે, એ આપણા જ સમાજનો દીકરો હોય, ખાખી વરદીથી ગુંડાઓ થર થર કાંપતા હતા, આજ ભૂમાફિયા, મિલકત માફિયા, જમીન માફિયા, ડ્રગ માફિયા કયાંક ખાખી સાથે મુઠ્ઠીભર લોકો એવા હશે કે આ ગૃહનું માથું શરમથી ઝૂકાવે, પરંતુ એની ઓથ તળે ગુજરાતની સામાન્ય પ્રજા એના અધિકારો ઉપર તરાપ મારે, આપણું માથુ શરમથી ઝુકી જાય છે. મેં કોઇને પૂછ્યું કે, કોઇ અધિકારી પોલીસ બનીને સોગંદ લે તો શું લે? સંવિધાનના સોગંદ ખાનારા લોકોને આજ સરકારે, જયારે પોલીસની વરદી પહેરે એની ટ્રેનીંગ પૂરી થાય અને દીક્ષાંત પરેડમાં પોલીસવાળો સંકલ્પ કરતો હોય છે, ભારત કે સંવિધાન કે પ્રતિ શ્રધ્ધા ઔર સચ્ચી નિષ્ઠા રખુંગા તથા અપને પદ કે કર્તવ્યો કા રાજભકિત, ઇમાનદારી ઔર નિષ્પક્ષતા સે પાલન કરુંગા.

માનનીય અધ્યક્ષશ્રી, વિતેલા ૨૫ વર્ષના શાસનમાં સંવિધાનના સોગંદ ખાનારા લોકોને આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુલામ બનાવ્યા છે, પ્રજાની રક્ષા કરનારા લોકોને, આજ પ્રજા પીડાઇ રહી છે, પ્રજાની રક્ષા કરનારા લોકોને તમે પટાવાળા શું કામ બનાવવા માંગો છો? એ આ જ ગુજરાતનો સામાન્ય માણસ સવાલ પૂછી રહ્યો છે. મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે, સાહેબ, વિરોધપક્ષના નેતા તરીકે મેં માનનીય મંત્રીશ્રી, વિભાગમાં વિવિધ સ્તરે રજૂઆતો કરી. લોકડાઉનમાં જપ્ત કરેલા તમામ વાહનો ઉપરનો દંડ વસુલ કર્યા વગર મુકત કરવામાં આવે પરંતુ સરકારે એ ન કર્યો. સન ૨૦૧૬-૧૭માં એસ.આર.પી.નું વેઈટીંગ લિસ્ટ છે એમને તાત્કાલીક નિમણૂક કરવામાં આવે ન આપવામાં આવી. રાજયના લોકો ઉપર પોલીસ દ્વારા ખોટી કનડગત હેરાનગતિ કરવામાં આવી રહી છે એનાથી અમે સરકારનું ધ્યાન દોર્યું તેમ છતાં સરકારે એના ઉપર નિયંત્રણ ન મૂકયું. તા.૧૧મી મેએ સુરત ખાતે પોલીસ તંત્રનું પ્રજા સાથે અમાનવીય વ્યવહાર થયો અમે સરકારનું ધ્યાન દોર્યું કે નિયંત્રણ મૂકો ન મૂકયું. ૨૫ મેના રોજ પધ્યુમનનગર પોલીસ સ્ટેશન રાજકોટ ખાતે તા. ૨૪-૫-૨૦ના રોજ અમારા કિસાન કોંગ્રેસના નેતા પાલભાઇ આંબલીયા તેઓને ઝાડનું થડ પકડાવી સામાન્ય માણસ જોઇ ન શકે એવો અમાનુષી અત્યાચાર એમના ઉપર શા માટે ગુજારવામાં આવ્યો? લોકડાઉનના કેસ પાછા ખેંચવાના કહ્યા પણ એ ન ખેચ્યાં. અમારા નાના માણસની પોણા બે લાખ મોટર સાઇકલોથી આ ગુજરાતના પોલીસ સ્ટેશન ઉભરાય છે. પાંચ પાંચ હજાર કરતાં ઓછી એકને પણ પાવતી નથી પકડાવી આ રીતે લાખો કરોડો રૂપિયા સામાન્ય પ્રજાના ખિસ્સા ખંખેરવા માટે સરકાર તંત્રનો દુરુપયોગ કરે છે. તા. ૬-૭-૨૦૨૦ના રોજ અમારા શ્રી હર્ષદભાઇ રીબડીયાની રજૂઆત અન્વયે કેશોદ નગરપાલિકાના પ્રમુખ સામે ફોજદારી

કેસ નોંધવા કહ્યું, પરંતુ એ ન નોંધી. અમારા ધારાસભ્યશ્રી અજીતસિંહ ચૌહાણની રજૂઆતે તલવારથી કેક કાપનાર લોકો સામે ફરિયાદ દાખલ કરવાનું કહ્યું. પરંતુ એમને બચાવવામાં આવ્યા એનું મને દુઃખ થાય છે. દેત્રોજ પોલીસ સ્ટેશન ખાતે ગઇ ૧૫-૮ના રોજ નોંધાયેલા શંકાસ્પદ મૃત્યુની તપાસ કરવા માટે તટસ્થ તપાસ કરવા માટે કહ્યું પણ એ ન થઇ. ઉના પોલીસ સ્ટેશન ખાતે ૨૬-૬-૨૦૧૪ના રોજ ૩૫/૧૪થી નોંધાયેલ અપ મૃત્યુની ફરિયાદ આજ સુધી એની તપાસ નથી થઇ. અમે નિષ્પક્ષ એજન્સીની આની તપાસ સોંપવાની વાત કરી પરંતુ સરકારે એ ન કર્યું. અમારા ધારાસભ્ય કાંતિભાઇ ખરાડીની રજૂઆત અન્વયે દાંતા તાલુકાના હડાળા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. સ્થાનિક વિસ્તારમાં ડરનો માહોલ ઉભો કરી રહ્યા છે એના ઉપર નિયંત્રણ મૂકવાનું કહ્યું પરંતુ એ ન કરવામાં આવ્યું. આટલેથી અટકયું નથી. વિરોધપક્ષનો નેતા ૧૫ લાખની પ્રજાને બચાવવા માટે અમરેલી સિવિલ હોસ્પિટલમાં એકલો વ્યકિત સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરીને મૌન પ્રતિક ધરણા કરે તો આ રાજયની સૂરી સરકાર એણે ૧૫ જણા ભેગા થઇને ટીંગાટોળી કરીને પોલીસ સ્ટેશને લઇ જાય. આખાય ગુજરાતના વેપારીઓએ સ્વૈચ્છિક બંધનું એલાન આપ્યું. એકલો વ્યકિત સ્કુટર લઇને નીકળ્યો. જેમ ગુંડાને ચોરને પકડવા પોલીસ દોડતી હોય એમ હું હું કરતી સાયરનો વગાડીને વેપારીઓ સ્વૈચ્છિક બંધ પાળવા માગતા હતા એમને ધમકાવવાનું કામ કર્યું છે. આટલેથી વાત અટકતી નથી. આ રાજયમાં અસંમતિનો અધિકાર એનાથી લોકશાહી પલ્લી પાળીને ઉછરી હતી આજે કોઇને આવેદન આપવા જવું હોય તો મંજૂરીનું બંધન, ધરણા કરવા હોય તો મંજૂરીનું બંધન, પ્રતિક ઉપવાસ કરવા હોય તો મંજૂરીનું બંધન. લોકડાઉનમાં અમે કોઇક ભીડાયેલા લોકોને ખભ્ભો દેવા માટે કયાંય અન્નક્ષેત્ર ચલાવતા હતા. કયાંય એને ખભ્ભો આપવાનો એનું દુઃખ હરવાનો પ્રયત્ન કરતા હતો ત્યારે ભારતીય જનતા પાર્ટીના લોકો વૈશ્વિક આપત્તિમાં લોકો વચ્ચે ન આવ્યા અને ઘરમાં પૂરાઇ ગયા અને અમે લોકો, લોકોની વચ્ચે હતા તોય અમને પોલીસ તંત્ર ડંડાના જોરે ઘરમાં બેસાડવાનું પાપ શું કામ થયું? મારે દુઃખ સાથે કહેવું પડે છે. ૧૫ માર્ચનો બનાવ છે. સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ થઇ. છ કોર્પોરેશનોમાં ચૂંટણીના આગલા દિવસે દસ હજાર કરતાં વધુ લોકોને ડંડારાજથી ઘરેથી રાત્રે ઉઠાડી પકડીને ખોટી અરજીઓના નામે પોલીસ સ્ટેશન બેસાડી દેવામાં આવ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, તમે વિપક્ષને ખાખી વર્દીની ઓથ તળે નજરકેદ કરીને કદાચ ચૂંટણીઓ જીતતા હશો, અભિનંદન. સાહેબ, તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણીઓ ગઇ, ગુજરાતમાં બિન અધિકૃત રીતે ક્યાંય સોશિયલ મીડિયાના છ વર્ષ જૂના અહેવાલ, ક્યાંય સાચી-ખોટી અરજીઓ કરાવીને આખા ગુજરાતમાં કોંગ્રેસના આગેવાન અને કાર્યકર્તાઓને પોલીસ સ્ટેશને પૂરીને તમે ચૂંટણી જીતી ગયા તો કોઇ મોટો મીર નથી માર્યો. આ ચૂંટણીઓના ઓથ તળે સરમુખત્યાર સદ્દામ અને ગદ્દાફી જીતતા હતા પણ સુશાસન નહોતું. આ સત્તાના મદમાં કદાચ સરકારી તંત્રનો દુરુપયોગ થઇ રહ્યો છે. મારે તાજેતરના બે બનાવો નોંધવા છે. તાલુકા પંચાયતની ચૂંટણી હતી. આ ગૃહના સભ્યશ્રી મહંમદ જાવીદ પીરઝાદા. અમારો વોર્ડ બનતો હતો. બધા મિત્રોની સાથે હતા તો ખોટી અપહરણની ફરિયાદ કરાવી. અમારા ધારાસભ્યશ્રી જવાબ નોંધાવવા સભ્યને લઇને પોલીસ સ્ટેશને ગયા તો તેમને ચેમ્બરમાં પૂરીને, પોલીસ અમારા પ્રતિનિધિને અપહરણ કરીને લઇ જાય તો માથું શરમથી ઝૂકે છે. મેં પરમ દિવસે ૧૬મી માર્ચે પત્ર લખ્યો. મહેસાણા એલ.સી.બી. દ્વારા સતલાસણા તાલુકા પંચાયતમાં અમારા ચૂંટાયેલા એક પ્રતિનિધિને મતદાન મથકેથી ખોટો કેસ ઉભો કરીને લઇ ગયા. અરે ભાઇ, તમે પ્રજાના પ્રતિનિધિઓને પોલીસના દંડે કદાચ પીટશો. અમારા મતદાનનો અધિકાર છીનવીને તમારા વોર્ડ બનાવશો પણ આ સત્તાની ભૂખ સારી નથી. આપના મારફત સરકારને વિનંતી કરવા માગું છું. ગુજરાતમાં વિતેલા ૨૦ વર્ષમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ-૧૪૪ અન્વયે વર્ષમાં સરેરાશ ૩૦૦ દિવસ કલમ-૧૪૪નું રાજ શું કામ હોય છે? ગુજરાત એવા કયા ભયના ઓથાર નીચે થરથર કાંપી રહ્યું છે તે કલમ-૧૪૪નું રાજ હોય. દિલ્હીમાં ખેડૂતોનું આંદોલન થયું. રાજ્યના ૩૦૦ સામાજિક ખેતી કાર્યકર્તાઓને ૯૦ દિવસ સુધી નજરકેદ કરવામાં આવ્યા. મને એક ખેડૂત આગેવાને કહ્યું કે ભાઇ, અમારે એક નંબર કે બે નંબર જવું હોય તો માથે પોલીસ ઉભી રહેતી હતી. આ સ્થિતિ ગુજરાતમાં પેદા થઇ છે.

અધ્યક્ષશ્રી : શ્રી પરેશભાઇ, આપનું પ્રવચન પૂરૂં થાય છે. માનનીય હર્ષ સંઘવી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી બે-ત્રણ વાતો સાથે મારું વક્તવ્ય પૂરું કરી દઉં.

અધ્યક્ષશ્રી : મિનિટ જ નથી. શ્રી અમિતભાઇમાંથી કપાઇ જશે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટમાં કન્ક્લુડ કરી લઇશ. આ ભાજપના રાજમાં કાયદાના અલગ કાટલાઓ છે. સરકારી કાર્યક્રમોને પોલીસ સલામ કરે છે. સામાન્ય માણસ ઉપર દંડાનું રાજ છે. ભાજપના રાજમાં ટોળાશાહીને પ્રોત્સાહન આપે છે. સામાન્ય માણસને તેના લગ્નના વ્યવહાર ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત સરકારનું ધ્યાન દોરવા માગું છું. મારી માંએ મને એક દિવસ કહ્યું કે બેટા, આ કળિયુગનું શાસન છે. માથું વઢાય તો વાંધો નહી, પણ માથું ઝૂકાવતો નહીં. અમે આ ગૃહની અંદર કહીએ છીએ કે આ દાંડીયાત્રા એ સવિનય કાનૂનભંગથી પહેલી આઝાદીની લડાઇ હતી. અમે આ ગૃહમાં સંકલ્પ કર્યો છે કે આવતા દિવસોમાં ૭૫ અઠવાડિયા સુધી પ્રજાની પીડાને વાચા આપવા સવિનય કાનૂનભંગ કરીશું. અમારે જેલ સાથે નાતો નથી પણ અમને ગૌરવ છે કે અમારા બાપ-દાદા એ ગાંધીજી હોય, સરદારજી હોય, જવાહરલાલજી સહિત કેટલાય આઝાદીના લડવૈયાઓએ જેલ ભરી અને આ

દેશને આઝાદી અપાવી હતી. જેલમાં રહેવાનો અમારા બાપ-દાદાનો ગૌરવવંતો ઇતિહાસ છે, જેલમાં રહીને અંગ્રેજોની માફી માગવાનો નહીં શ્રી નીતિનભાઇ. *(xxx) (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : *(xxx)

અધ્યક્ષશ્રી : એ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : *(xxx)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. એમનું વક્તવ્ય બંધ કરાવો સાહેબ. શ્રી પરેશભાઇ.

અધ્યક્ષશ્રી: આપના વક્તવ્યનો સમય પણ પૂરો થાય છે. માનનીય પરેશભાઇ, આપનું પ્રવચન પૂરું થઇ ગયું છે.

શ્રી પરેશ ધાનાણી : અને હવે રાજકીય અત્યાચાર પણ વધતો જાય છે ત્યારે બીજી આઝાદીની લડાઇ.. (અંતરાય) ખાખી વર્દીમાં પોલીસ પ્રજાનું રક્ષણ... (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ સમય શ્રી અમિતભાઇમાંથી કપાઇ જશે.

શ્રી પરેશ ધાનાણી : ખાખી વર્દી પહેરીને કયાંય સરકારના પટાવાળાની નોકરી લીધી છે તો આવતા દિવસોમાં એનો હિસાબ કિતાબ કરીશું. આટલી વાત સાથે આ માગણીઓને નકારું છું.

શ્રી હર્ષ ર. સંઘવી(મજૂરા) : માનનીય અધ્યક્ષશ્રી, આ હિસાબની વાતો આજે બહુ ચાલે છે. લોકોએ એવો હિસાબ કર્યો છે કે મુદ્દાની વાત ભૂલી જવાય છે અને વાતે વાતે ભટકી જવાય છે. માનનીય પરેશભાઇએ જયારે આજે આ ગુજરાતની વાત કરી, ગાંધી અને સરદારના ગુજરાતની વાત કરી, ગુજરાતના લૉ એન્ડ ઓર્ડરની જયારે વાત કરતા હતા. એમણે કહ્યું કે સત્તા તો આવશે અને સત્તા જશે, હું એમને યાદ અપાવવા માગું છું કે ગુજરાતની આ જનતાએ સત્તાનો ચાન્સ એમને ૪૦-૪૦ વર્ષ સુધી આપ્યો હતો. સદ્ધામની વાતો એ દરેક વાતે કરતા હોય છે. કારણ કે એમને આદત છે વાત રીપીટ કર્યા કરે. હું યાદ અપાવવા માગું છું કે આજે ગુજરાત સુરક્ષાની બાબતમાં દેશમાં નંબર-વન ગણાય છે. જયારે કોંગ્રેસનું શાસન હતું એ શાસનને હું યાદ અપાવવા માગું છું. કારણ કે શ્રી પરેશભાઇની યાદદાસ્ત કદાચ થોડીક કાચી હશે. આ રાજય કોના નામે ઓળખાતું હતું? સુરત આસીફ અમદાવાદીના નામે ઓળખાતું હતું, બરોડા રાજુ રીસાલદારના નામે ઓળખાતું હતું. અમદાવાદ એ કોંગ્રેસના શાસનમાં લતીફના નામે ઓળખાતું હતું. એ વ્યકિત, એ શાસન એ વખતે કદાચ આ સદ્ધામની વાતો એમને યાદ હોત તો આજે ગુજરાતની જનતા એમને આ રીઝલ્ટ ના આપેત. કોંગ્રેસના શાસનની યાદ કરવી જોઇએ, જૂના પેપરો નીચે લાયબ્રેરીમાંથી કાઢવા જોઇએ, (અંતરાય) દારૂની વાત કરી, ગૌમાંસની વાત કરી, અમારી સરકારની નીતિ સાફ છે કે રાજયની અંદર ગૌમાસ અટકાવવું છે, દારૂની અટકાયત કરવી છે, અમારા ગૃહમંત્રીશ્રીએ મજબૂત નિર્ધાર કર્યો એટલે દારૂની પકડ થાય છે એટલા માટે આકડા વધારે આવે છે. પોલીસને કલાર્ક ગણાવતા, મારા વિરોધ પક્ષના નેતાને હું યાદ અપાવું, છેલ્લા ૫-૭ દિવસના પેપરો કાઢે, મહારાષ્ટ્ર શાસનમાં એક પોલીસ ઇન્સ્પેકટરની જે વાતો પ્રજા સમક્ષ આવી છે એ વાતો જોવી જોઇએ, મહારાષ્ટ્રની હાલત જોવી જોઇએ, કોંગ્રેસના રાજયમાં કયા પ્રકારે પોલીસની શું હાલત કરી છે? હનુમાન ચાલીસામાં એક દોહો છે, '' સબ સુખ લહે તુમ્હારી શરના, તુમ રક્ષક કાહુ કો ડરના'' આ દોહાની બીજી પંકિત ''તુમ રક્ષક કાહુ કો ડરના'' એ પંકિત અમારા ગુજરાતના સિંહ જેવા ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહજી જાડેજા સાહેબની આખી ટીમને, ગુજરાત રાજયના એક એક પોલીસના જવાનોને હું અર્પીત કરવા માગું છું. આ રાજયમાં કોરોનાની ભયંકર સ્થિતિ હતી ત્યારે મેં રીયલમાં કામ કરતા પોલીસ જવાનોને જોયા છે. મારા સુરતે પ્લેગમાં કામ કરતા પોલીસના જવાનોને જોયા છે. કોરોનાના કપરા કાળમાં માર્ચ મહિનાના ધોમધખતા તાપમાં પોલીસના જવાને આ શહેરની અને રાજયની સેવા કરવા માટે કોઇ ક્ષણ બાકી નથી રાખી. ડબલ ડબલ ડયુટી કરીને આ રાજયના લોકોને સુરક્ષિત રાખવામાં પોલીસનો અહમ ફાળો છે. હું સુરત શહેરથી આવું છું. સુરત શહેર આ રાજ્યનું ઔદ્યોગિક કેપિટલ છે. આ દેશમાં માત્ર એક જ શહેર એવું હશે કે જ્યાં બે મોટા ઉદ્યોગો એક ટેક્સટાઇલ અને બીજું ડાયમન્ડ ઉદ્યોગ માટે આ દેશનું કેપિટલ હોય.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી અમિત ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સવા છ કરોડની જનતાના સુખ, શાંતિ અને સલામતી જોવાની જવાબદારી ગૃહ વિભાગની છે. જ્યારે ગૃહ વિભાગનો હવાલો રાજ્યના મુખ્યમંત્રીશ્રી જાતે સંભાળતા હોય ત્યારે ગુજરાતની પ્રજાની અપેક્ષા સવિશેષ રહેતી હોય છે. હું મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું કે ૨૫ વર્ષના ભારતીય જનતા પાર્ટીના શાસનમાં જે પણ ભ્રષ્ટાચાર વધ્યો એનો જાહેરમાં સ્વીકાર કર્યો. એટલું જ નહીં પ્રજા અને મિડિયા સમક્ષ એકરાર કર્યો અને પોતે જે વિભાગ સંભાળે છે એના માટે પણ કહ્યું કે સૌથી ભ્રષ્ટ વિભાગોમાં ગૃહ વિભાગનો સમાવેશ થાય છે. આજે ગુજરાતના પોલીસ ખાતામાં બે પ્રકારના અધિકારીઓ/કર્મચારીઓ કામ કરે છે. એક અધિકારી/કર્મચારી એવા કે જે બંધારણ મુજબ, નીતિ-નિયમ, કાયદા મુજબ, નિષ્ઠા અને પ્રમાણિકતાથી પોતાના જીવના જોખમે પણ આ ગુજરાતની જનતાની સેવા માટે, સુખ શાંતિ માટે પોતાની ફરજ અદા કરે છે. બીજા પ્રકારના અધિકારીઓ કે જે નીતિ નિયમમાં માનતા નથી. કાયદા-

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કાનૂન કે બંધારણમાં માનતા નથી. પરંતુ * (xxx) આવા અધિકારી/કર્મચારીઓને પણ કહેવા માગું છું કે આ ગુજરાત પોલીસ એ કોઇ પાર્ટી માટે નથી. આપ ગુજરાત સરકારને જવાબદાર છો. દેશના બંધારણ અને કાયદા મુજબ ફરજ અદા કરવાની હોય છે. કોઇ સરકારો કાયમ રહેવાની નથી. કોઇ સરકારો કાયમ બચાવવા આવવાની નથી. કોઇ આકાઓ તમને ભવિષ્યમાં ખોટું કરશો તો બચાવવા નહીં આવે. એવા અનેક દાખલા ગુજરાત અને દેશની જનતાએ જેલમાં રહેલા અધિકારીઓના જોયા છે. એમને પણ કેવા પત્રો જેલમાંથી લખવા પડે એના આપણે સાક્ષી છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અંગ્રેજોનું શાસન હતું ત્યારે પ્રજાને ડરાવવા માટે, ધમકાવવા, દબાવવા માટે, શોષણ કરવા માટે, કોઇ આંદોલન ન કરે એટલા માટે પોલીસનો દુરુપયોગ થતો. આજે આ નવા અંગ્રેજોનું શાસન, કે જે પ્રજાને ડરાવવા માટે, ધમકાવવા માટે, કોઇ અવાજ ઉંચો ન કરે એટલા માટે ફરી પોલીસનો દુરુપયોગ કરવાની શરૂઆત કરી છે. કોઇ યુવાન રોજગારી માટે વાત ન કરી શકે, કોઇ ખેડૂત આંદોલન ન કરી શકે, કોઇ મોંઘવારીની વાત ન કરી શકે, કોઇ રાજકીય કાર્યક્રમ ન થઇ શકે, ફક્ત એમના ઉત્સવો અને *(xxx) થાય એ મુજબના કાર્યક્રમો થાય અને એમાં પોલીસનો દુરુપયોગ થઇ રહ્યો છે. લોક ડાઉનના સમયે પ્રજાને મદદની જરૂર હતી, હૂંફની જરૂર હતી, ગરીબ આદિવાસી સમાજને બે ટંકના ભોજનની તકલીફ હતી એવા સમયમાં કેવડિયા વિસ્તારમાં પોલીસ દ્વારા રાતોરાત ગામ ખાલી કરાવવા માટે અમાનુષી અત્યાચાર ગુજારવામાં આવ્યો. લોકોને ખેંચી ખેંચીને બહાર કાઢવામાં આવ્યા. રાજકીય રીતે પોતાનો એજન્ડા કઇ રીતે પાર પડે એવા પ્રયત્નો કરવામાં આવ્યા. જ્યારે કોરોનાની શરૂઆત હતી, કાળજી રાખવાની હતી, જાગૃતિ રાખવાની હતી ત્યારે અમદાવાદમાં નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ કર્યો, લાખો લોકોને ભેગા કર્યા અને આ ગુજરાતના લોકોને કોરોનામાં ધકેલવાનું કામ કર્યું. આજે એ જ રીતે ટી-૨૦ ના નામે ફરી પાછા લાખો લોકોને ત્યાં ભેગા કર્યા. ફરી પાછો ગુજરાતમાં કોરોના ઘેર ઘેર ફેલાય તેવા* (xxx) કર્યા અને એનો ભોગ ગુજરાતની જનતા બની રહી છે. સામાન્ય માણસે એક માસ્ક ના પહેર્યો હોય તો હજાર રૂપિયાનો દંડ લેવાનો અને કોઇ આકાઓના દીકરા હોય એ સ્ટેડિયમોમાં કાર્યક્રમો કરે અને શરમની વાત છે કે ગુજરાતના મુખ્યમંત્રી ટ્વિટ કરીને આભાર માને કે સરકારની કાયદા કાનૂનનો અમલ કરાવવાની જવાબદારી છે, જે સરકારની જવાબદારી છે કોરોનાની ગાઇડ લાઇનનો અમલ કરાવવાની અને આવા *(xxx) રોકવાની એના બદલે ક્યાંક કોઇકની પ્રસંશા માટે ટ્વિટ કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે વડોદરા હોય, યુવાનો રોજગારી માટે આંદોલન કરે, ઉદ્યોગપતિઓ એમનું શોષણ કરતા હોય એવા યુવાનોની વાત સાંભળવાના બદલે પોલીસને આગળ કરીને એવા યુવાનો પર ખોટી એફ.આઇ.આર., પાસા કરવામાં આવે. જેમ પરેશભાઇએ વાત કરી તા.૧૧મી માર્ચ ગાંધીનગરમાં વિધાનસભાનું સત્ર ચાલુ હોય સરકારે આપેલા સદસ્ય નિવાસ કે જ્યાં ધારાસભ્યો પોતાના પરિવાર સાથે રહેતા હોય. તા.૧૧મી માર્ચે રાત્રે ૧૨-૩૦ વાગે સિવિલ ડ્રેસમાં ૨૫ જેટલા અધિકારીઓ આવે. ધારાસભ્ય શ્રી ઋત્વિકભાઇ મકવાણાના ઘરનું બારણું ખખડાવે. જ્યાં પોતાના પરિવાર સાથે ધારાસભ્ય રહે છે એમને ઊઠાડીને ધમકી આપીને નીચે લઇ જવામાં આવે. ચાલો તમારી પૂછપરછ કરવાની છે. (ઘોંઘાટ ) એમણે મદદ માટે મને બોલાવ્યો. ત્યાં હું ગયો હતો. સિવિલ ડ્રેસમાં ૨૫ અધિકારીઓને મેં કહ્યું કે હું આવું તો અમને પણ પકડીને સાથે લઇ જાય. ફરી ક્યાંક ઉપર રજૂઆત કરતા ક્યાંક ફોન આવે તો અડધેથી પાછા મોકલવામાં આવે. ફરી રાત્રે ૧-૩૦ વાગે એમ કહે કે ઘરની તલાસી લેવી છે. મેં કીધું કે કોઇ કાગળ છે? કોઇ વોરંટ છે? સર્ચ વોરંટ છે? તો કહે કે ના અમારે એવી કોઇ જરૂર નથી. અમને બધા પાવર છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૨મી માર્ચ દાંડી યાત્રાનો ઐતિહાસિક દિવસ. એ દિવસે મહાત્મા ગાંધીજીએ સવિનય કાનૂની ભંગ માટે દાંડી કાઢી એ ઐતિહાસિક દિવસ અમારા અંડરમાં આવતા તમામ ધારાસભ્યો રહેતા હોય એવા સદસ્ય નિવાસના મુખ્ય દરવાજા બંધ કરવામાં આવે, પોલીસ આડી ઊભી રહે. કોઇને અંદર પણ આવવા ના દે અને બહાર પણ જવા ના દે. જાણે અહીંયા ગુંડાઓ રહેતા હોય, જાણે અહીંયા આતંકવાદીઓ રહેતા હોય અને આખા ગુજરાતના ગુંડાઓ બેફામ ફરતા હોય અને *(xxx) માનનીય અધ્યક્ષશ્રી, પહેલા ગુજરાત નકલી એન્કાઉન્ટરના નામે ઓળખાતું હતું. આજે ગુજરાત કસ્ટોડિયલ ડેથના નામે આખા દેશમાં ટોપ પર છે. જામનગરમાં ખંડણી ઊઘરાવવામાં આવે, હત્યાઓ કરવામાં આવે, લોકોની જમીન પર કબજા કરવામાં આવે ત્યારે ત્યાંની પ્રજા ફરિયાદ કરે તો કોઇ સાંભળે નહીં. કોઇ અધિકારીની બદલી સુદ્ધાં ન થાય. કોઇના ઇશારે, કોના પીઠબળથી આટલું માફિયારાજ ચાલ્યું? કયારેક રાજ્યસભાના સાંસદ કે ઉદ્યોગપતિએ ઇન્ટરવીન થવું પડે ત્યારે બદલી થાય. અહીંયા કાયમ કહેવામાં આવે છે કે અમદાવાદ લતીફના નામે ઓળખાય છે. મારે આ સરકારને પૂછવું છે કે શહેરા કોના નામે ઓળખાય છે? વાઘોડિયા કોના નામે ઓળખાય છે? દ્વારકા કોના નામે ઓળખાય છે? પોરબંદર કોના નામે ઓળખાય છે? ગોંડલ કોના નામે ઓળખાય છે? અને કુતિયાણા કોના નામે ઓળખાય છે? એનો પણ જવાબ આપજો. માનનીય નીતિનભાઇ કહેતા હતા, બાપ-દાદાઓનું અમને ગૌરવ છે, અમારા બાપ-દાદાઓનું કે જેઓ આઝાદીની લડાઇ લડ્યા. અંગ્રેજો સામે પોતાનું સર્વસ્વ બલિદાન આપ્યું પણ ક્યારેય ઝૂક્યા નથી. તમારા બાપ-દાદાઓ કેવા ઝૂક્યા હતા? કેવી માફીઓ માગી હતી એના ઇતિહાસમાં પુરાવાઓ છે. અમારા બાપ-દાદાઓએ લોકોની સેવા માટે જિંદગી કાઢી હતી. તમારા બાપ-દાદાઓએ કોની સેવા કરી છે? અમે જાણીએ છીએ અને આજે પણ * (xxx) (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય જેઠાભાઇ (અંતરાય)...

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૧૮મી માર્ચ ૨૦૨૧

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શ્રી અમિત ચાવડા : કોને ત્યાં સહી કરવા જવું પડે છે? કોને બદલી કરાવવા માટે જવું પડે છે? *(xxx) એ આખું ગુજરાત અને આખો દેશ જાણે છે. માનનીય નીતિનભાઇ (અંતરાય)...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર(ભરવાડ) (શહેરા) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અમિતભાઇએ મારા નામનો ઉલલેખ કર્યો છે. એ બાબતે મારે કહેવું છે. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : (ઊભા થઇને ) શ્રી જેઠાભાઇ, બંધ બેસતી પાઘડી કેમ પહેરી લીધી? તમારું નામ જ નથી લીધું.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર: શ્રી અમિતભાઇએ મારા નામનો ઉલ્લેખ કર્યો છે એ બાબતે માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે.

શ્રી અમિત ચાવડા : લોકોની સુખ-શાંતિ જળવાય. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે બેસી જાવ.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : શ્રી પરેશભાઇ, તમે બેસી જાવ. તમને બધા ઓળખે છે. તમે બેસી જાવ તમે શું કરો છો એ બધાને ખબર છે. મને વધારે બોલાવશો નહીં, તમે બેસી જાવ.

અધ્યક્ષશ્રી : માનનીય જેઠાભાઇ.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : તમારા રાજમાં શું ચાલતું હતું એ મને ખબર છે બેસી જાવ. (અંતરાય) શ્રી માધવસિંહના વખતમાં શું ચાલતું હતું એ ખબર છે બેસી જાવ. તમે બેસી જાવ. મને બોલાવશો નહીં. બેસી જાવ. શ્રી પરેશભાઇ, બેસી જાવ. માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પરેશભાઇને બેસાડી દો.(સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રવચન શરૂ કરો, એટલે બેસી જશે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પરેશભાઇને બેસાડી દો. (અંતરાય) શું ચાલતું હતું એ મને ખબર છે. * (xxx) કોની જોડે વાતો કરે છે? એમના બાપદાદાએ શું કર્યું છે એ મને પૂછો. (અંતરાય) એમના બાપદાદા શું કરતા હતા એ મને પૂછો.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, સાંભળો, શું કહે છે એ તો સાંભળો.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) :માનનીય અધ્યક્ષશ્રી, ખુલ્લેઆમ લતિફો પેદા કરતા હતા, ખુલ્લેઆમ દાદાગીરી ચાલતી હતી. ખુલ્લેઆમ દારુ, જુગારના અડ્ડા ચાલતા હતા. પોલીસને બોલવાનો કોઇ અધિકાર નહોતો. એમના રાજમાં પોલીસને પાંગળી બનાવી દેવાનું કામ કોંગ્રેસના નેતાઓએ કર્યું હતું. આ લોકોને બોલવાનો કોઇ અધિકાર નથી. માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ગુજરાતની પ્રજાએ શ્વાસ લીધો છે. લેન્ડ ગ્રેબીંગ જેવા કાયદા એમના વખતમાં જે લોકોએ જમીનો દબાવી દીધી હતી એના માટે કાયદો લાવી અને જેલમાં (અંતરાય) (વિરોધ પક્ષ દ્વારા નહીં ચલેગી, નહીં ચલેગી, દાદાગીરી નહીં ચલેગીના સૂત્રોચ્ચાર) માનનીય અધ્યક્ષશ્રી, આમને કહો બેસે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ,

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, આ શ્રી ખેડાવાલાની બાજુમાં જુગારનો અડ્ડો ચાલતો હતો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, આપ બેસી જાવ. સાંભળો તો ખરા, માનનીય ધારાસભ્યશ્રી (અંતરાય) બેસો તો ખરા, પ્લીઝ બેસી જાવ બધા. પ્લીઝ. આપને વિનંતી કરું છું. પ્લીઝ બેસી જાવ. (અંતરાય) બેસી જાવ પ્લીઝ. આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) :માનનીય અધ્યક્ષશ્રી, ગૌહત્યા જેવો કાયદો ભારતીય જનતા પાર્ટીની (અંતરાય) સાહેબ, બોલવા તો દે, સાહેબ, આમને બેસાડો.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, દરખાસ્ત મૂકો. શું કરું? (અંતરાય) હું બધાને વિનંતી કરું છું. પ્લીઝ, બધા શાંત થઇ જાવ.(અંતરાય)

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (ભરવાડ) : સાહેબ, હાઉસ ઓર્ડરમાં લાવો. સાહેબ, આવી રીતે ન ચાલે. (અંતરાય) સાહેબ, હાઉસ ઓર્ડરમાં લાવો.

અધ્યક્ષશ્રી: શ્રી જેઠાભાઇ, આપનો સમય પૂરો થાય છે. માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, (અંતરાય) (સૂત્રોચ્ચાર) (વિરોધ પક્ષ દ્વારા સૂત્રોચ્ચાર)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હાઉસ ઓર્ડરમાં લાવવા વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી: મેં પણ વારંવાર વિનંતી કરી છે. માનનીય ધારાસભ્યશ્રીઓને વિનંતી કે આપ પ્લીઝ, બેસી જાવ. સાંભળો, માનનીય મંત્રીશ્રીનું પ્રવચન છે, આપના વકતવ્યનો જવાબ આપે છે. (અંતરાય) માનનીય ગેનીબેન, પ્લીઝ. આપના બધા સાથીઓ બહાર નીકળ્યા (અંતરાય)

( આ તબક્કે હાજર રહેલા કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓએ ગૃહમાંથી વોકઆઉટ કર્યો )

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં શ્રી ખેડાવાળાને એવું કહ્યું કે તમે જાવ, નહિતર ઓવૈસીને બોલાવું છું તો તરત જ જતા રહ્યા.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, પ્લીઝ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : મારો સમય થોડો વધારે પડતો બગડ્યો છે.

( આ તબક્કે સભ્યશ્રી જિગ્નેશભાઇ મેવાણી પોતાની જગ્યા ઉપર ઉભા થઇને કંઇક બોલતા )

અધ્યક્ષશ્રી : માનનીય જિગ્નેશભાઇ મેવાણી, આપ બેસી જાઓ. પ્લીઝ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : આજે ગૃહ વિભાગની ચર્ચાઓ છે. એના સંદર્ભમાં..

અધ્યક્ષશ્રી : આપ ગૃહને બાનમાં લઇ રહ્યા છો. (અંતરાય) માનનીય જિગ્નેશભાઇ, આપ બેસી જાઓ. વારંવાર રિકવેસ્ટ કરવામાં આવી હોવા છતાં તમે માનતા નથી.(અંતરાય) માનનીય જિગ્નેશભાઇને સભાગૃહમાંથી બહાર લઇ જવામાં આવે. પ્લીઝ એક મિનિટ. સાર્જન્ટ. (અંતરાય) એક મિનિટ. એમને લઇ જવામાં આવે. વારંવારની વિનંતી છતાં માનતા નથી એવું થોડું ચાલે? શ્રી જિગ્નેશભાઇ, પ્લીઝ. એમને સાચવીને લઇ જાવ. એમને સાચવીને લઇ જાવ.

(આ તબક્કે સાર્જન્ટ દ્વારા સભ્યશ્રી જિગ્નેશભાઇ મેવાણીને સભાગૃહમાંથી બહાર લઇ જવામાં આવ્યા.)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( રાજ્ય કક્ષાના ગૃહ, પોલીસ આવાસ, નાગરિક સંરક્ષણ, ગૃહ રક્ષક દળ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષના નેતા અને કોંગ્રેસના પ્રમુખે ગૃહ વિભાગની ચર્ચામાં અમારા રાજ્યના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે ૭૯૬૦ કરોડ રૂપિયાનું બજેટ આપીને ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષાને અગ્રીમતા આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પરેશભાઇ ધાનાણી જે રીતે વાત કરતા હતા કે ગુંડા ગલીમાં રખડતા હોય. મને લાગે છે કે કોંગ્રેસના શાસનમાં ગુંડાઓ ગલીની અંદર રખડતા હતા. કોંગ્રેસના શાસનમાં રાજકીય હત્યાઓ કરીને હત્યાઓ કરવાવાળાને રાજકીય આશ્રય આપવાનું કામ કર્યું હોય તો ગુજરાતની કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યું છે. અમે ગૌ હત્યા માટેનો કડક કાયદો લાવ્યા. ગૌ હત્યા કરવાવાળાને આજીવન કેદની સજાનો કાયદો લાવ્યા. ગૌ હત્યા કરવાવાળ કસાઇઓને છાવરવાનું કામ કર્યું હોય તો ગુજરાતની કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પોલીસની ખાખીની ખુમારી આજે અકબંધ છે. ગુજરાતની એક લાખ કરતાં વધારે પોલીસ આ રાજ્યની શાંતિ, સલામતી, સુરક્ષા માટે ઉત્તમ પ્રકારની કામગીરી કરી રહી છે. હું ગુજરાતના પોલીસતંત્રના એ જવાનોને, અધિકારીઓને એ બાબતની ખાતરી આપવા માગું છું કે, તમે જે રીતે કામ કરો છો તે રીતે કામ કરો કોંગ્રેસના આક્ષેપોથી કંઇ અકળાવવાની કે ગભરાવવાની જરૂર નથી. અમે જ્યારે સત્તા ઉપર આવ્યા તે વખતે જેમ માનનીય હર્ષભાઇએ કહ્યું તેમ આખે આખા નગરો તે ગુંડાઓના નામથી ઓળખાતા હતા. ભગવાન જગન્નાથનો રથ બુલેટપ્રુફ રથની અંદર લઇ જવો પડતો હતો. પરંતુ ગુજરાતમાં જયારથી ભાજપની સરકાર આવી ત્યારથી આ ગુંડાઓના આકાઓની શાન ઠેકાણે આવી છે. તેના કારણે આજે ગુજરાતની અંદર શાંતિ, સલામતી અને સુરક્ષા છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પરેશભાઇ ધાનાણીએ જે રીતે અમરેલીના ઉલ્લેખ કર્યો. મેં હમણાં થયેલ જિલ્લા પંચાયતના પરિણામોની વિગતો મેળવી છે. તેમની વિધાનસભામાં જિલ્લા પંચાયતની સાત સીટ આવે છે. આ સાતમાંથી છ સીટો ભારતીય જનતા પાર્ટીની આવેલી છે. એમના ત્યાં બે તાલુકા પંચાયત આવે છે. અમરેલી તાલુકા પંચાયત અને કુકાવાવ તાલુકા પંચાયત. અમરેલી તાલુકા પંચાયતમાં ૧૮ ભારતીય જનતા પાર્ટીની સીટો અને ર સીટો કોંગ્રેસની આવેલી છે. કુકાવાવ તાલુકા પંચાયતમાં ૧૬ સીટોમાંથી ૧૧ સીટો ભારતીય જનતા પાર્ટીની અને પ કોંગ્રેસની છે. અમરેલી નગરપાલિકામાં પણ ભારતીય જનતા પાર્ટીની સત્તા આવી છે. આ દેખાડે છે કે, પ્રજાને અહેસાસ છે કે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનું ઉત્તમ પ્રમાણે જતન થતું હોય તો તે ગુજરાતની ભાજપની સરકાર દ્વારા થાય છે. એમણે આ સભાગૃહના રેકર્ડને ખરાબ કર્યું છે. અમે અમારી કોર કમિટી દ્વારા અને અમારા માનનીય વિજયભાઇ અને માનનીય નીતિનભાઇએ લોકડાઉન દરમ્યાન જેટલા વાહનો જપ્ત કર્યા હતા તે તમામે તમામ વાહનો અમારી સરકારે નિર્ણય લઇને મુક્ત કરવાનું કામ કર્યું હોય તો તે ગુજરાતની ભાજપ સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. તેમના બાલાસિનોરના ધારાસભ્ય દ્વારા જે રજૂઆત કરવામાં આવી હતી તેમાં પણ પોલીસ કેસ કરવામાં આવ્યો છે અને આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. દેત્રોજ હોય, ઉના હોય કે હડાદ હોય આ તમામે તમામ વિગતોની અંદર પોલીસે પોતે કોઇપણ જાતની તરફદારી કર્યા સિવાય એકશન લીધા છે. સતલાસણા પોલીસ સ્ટેશનમાં તાલુકા પંચાયતના પ્રતિનિધિ સામે ગુનો દાખલ કર્યો છે. આ ગુજરાતની પોલીસ છે અને ગુજરાતની પોલીસમાં કોઇ કાયદાનો ભંગ કરે તો તે ભાજપનો હોય કે કોંગ્રેસનો હોય કોઇની પણ સાડાબારી રાખ્યા વગર અમે એકશન લઇએ છીએ. તે તાલુકા પંચાયતના પ્રતિનિધિ સામે કલમ-૪૦૯ વિશ્વાસઘાતનો ગુનો દાખલ થયેલો છે. આ કોઇ રાજકીય કારણોસર નથી કર્યો. અમે કોઇને દંડાવા દેવા માગતા નથી. કોંગ્રેસ પક્ષના નેતા અને આજની થયેલી ચર્ચામાં માનનીય નીતિનભાઇએ જે ઉલ્લેખો કર્યા તે કોઇ વ્યક્તિના સંદર્ભમાં નથી કર્યા. પરંતુ આજે પણ ગુજરાતની પ્રજા મહેસાણાના કિસાન સંમેલનની અંદર જે પ્રમાણે ગુજરાતના કિસાનો ઉપર અત્યાચાર કરીને, એક ટ્રક જેટલા પગરખાં ભેગા કરવા પડ્યા હતા તેવા કિસાનો અને ગુજરાતની પ્રજા તેમના બાપ-દાદાએ કરેલા અત્યાચારો આજે પણ ભૂલી નથી. આ સરકારે ઉત્તમ પ્રકારની કામગીરી કરી છે. છાશવારે ગુજરાતની ધરતી ઉપર કોઇ

આતંકવાદી આવે અને તે આતંકવાદી નિર્દોષ નાગરિકોના રક્તથી ગુજરાતની ધરાને ભીંજવા જાય તે આતંકવાદીઓને પકડવા અને તે આતંકવાદીઓ સામે તે ભાષામાં જવાબ આપવા માટે અમારા ગુજરાતના પોલીસના અધિકારીઓએ કામ કર્યું, પરંતુ કેટલીક એન.જી.ઓ.ના સહારે મારા પોલીસ અધિકારીઓને જેલમાં પુરાવવાનું દુષ્કૃત્ય કર્યું હોય તો આ કોંગ્રેસના આગેવાનોએ કર્યું છે. મને ગૌરવ છે મારી ગુજરાતની પોલીસ ઉપર કે સિરિયલ બ્લાસ્ટ હોય કે બીજા કોઇ પણ આતંકવાદી કૃત્ય હોય એમાં કેરળથી આઝમગઢ સુધી થઇને ગુનેગારોને એના આઝમગઢના કિલ્લામાંથી અબુબકરને પકડી લાવવાનું કામ કરતા હોય તો એ મારા ગુજરાતના પોલીસના જવાનો કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક હજાર રૂપિયાના માસ્કના દંડની વાત કરે છે. નામદાર હાઇકોર્ટે જે ચુકાદો આપ્યો છે અને એ ચુકાદાના આધાર ઉપર ગુજરાતમાં કોરોનાનું સંક્રમણ વધે નહીં તે માટે આ એક હજાર રૂપિયાનો દંડ લેવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, નમસ્તે ટ્રમ્પની વાત કરીને ગુજરાત સરકારને બદનામ કરવા માટે પ્રયત્ન કરે છે. ટ્રમ્પનો પ્રવાસ એ કોઇ પણ હિસાબે કોંગ્રેસને આજે પણ પચ્યો નથી. કોરોનાનો ગુજરાતમાં એક પણ કેસ ન હતો એની પહેલા ટ્રમ્પનો કાર્યક્રમ થયેલો છે એટલે એ પ્રમાણે * (xxx)

માનનીય અધ્યક્ષશ્રી, ૧૨મી માર્ચ દાંડીકૂચનો દિવસ આઝાદી કા અમૃત મહોત્સવ, અમે મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઇ પટેલ, વીર સાવરકર, ભારત દેશને ગુલામીની ઝંઝીરોમાંથી મુકત કરવા માટે જે નામી-અનામી શહીદોએ સહાદત આપી છે એને વંદન કરવા, અભિવંદન કરવા દેશના પ્રધાનમંત્રી વહેલી સવારે ગાંધી આશ્રમ આવે અને દાંડીકૂચની શરુઆત કરે આ અમારા માટે રાજનીતિ નથી, આ અમારા માટે રાષ્ટ્રનીતિ છે અને ભારતીય જનતા પાર્ટીનો કાર્યકર આના માટે વરેલો છે. માનનીય નરેન્દ્રભાઇ દેશના પ્રધાનમંત્રી બન્યા અને પ્રધાનમંત્રી બન્યા બાદ એમણે આખા દેશમાં સ્વાતંત્ર્ય પર્વ સાથે જોડાયેલા તમામે તમામ પ્રસંગોને યાદ કરીને આવનારી પેઢી આઝાદીની આ લડાઇને યાદ રાખે એના માટેનો આ કાર્યક્રમ છે. માનનીય અધ્યક્ષશ્રી, આ કાર્યક્રમમાં કેટલાક મુફલીસ લોકો પ્રધાનમંત્રીનો આ કાર્યક્રમ બગડે એના માટે કિસાન આંદોલનના નામે ગુજરાતની પ્રજાને ગુજરાતની સરકાર માટે જો આ કાર્યક્રમ કરતા હોય તો સરકાર તરીકે અમારું કર્તવ્ય છે કે આઝાદી કા અમૃત મહત્સવનો કાર્યક્રમ અમે કોઇ પણ કાળે સફળ કરીએ. કાર્યક્રમને નિષ્ફળ કરવા માટે તમે ટ્રેક્ટરો ભેગા કરીને કિસાન આંદોલનના પાટિયા લગાડો, અમને માહિતી હોય તો ગુજરાતની પોલીસની એ જવાબદારી છે કે, પ્રધાનમંત્રી આવવાના હોય એની પૂર્વ સંધ્યાએ આવી પ્રવૃત્તિ હરગીઝ ચલાવી લેવા માગતા નથી. તમારે મેન્ડેડ લેવો હોય તો જાવને પ્રજાની વચ્ચે ! તાલુકા પંચાયત ગઇ, જિલ્લા પંચાયત ગઇ તમારી વાત ગામડાઓમાં કોઇ સાંભળવા માટે તૈયાર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, એજ પ્રમાણે એમણે જુદા જુદા આક્ષેપો કરીને ગુજરાતના પોલીસ તંત્રનું મોરલ તોડવા માટેનું કામ કર્યું છે ત્યારે હું આ સભાગૃહના માધ્યમથી કહું છું કે, ગુજરાતની પોલીસ ગુજરાત માટે ઉત્તમ પ્રકારની કામગીરી કરી રહી છે અને આ કામગીરી અવિરતપણે ચાલુ રહે એ માટે ગુજરાતની સરકાર ગુજરાતના પોલીસ તંત્રની પડખે છે અને આગામી દિવસોમાં પણ આ પ્રક્રીયા આપણે ચાલુ રાખવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું રાજયના નાણામંત્રીશ્રીનો આભાર માનુ છું. આભાર એટલા માટે માનું છું કે, એમણે અમે જે માગણીઓ કરી એ તમામે તમામ માગણીઓ એ રાજયની શાંતિ, સલામતી અને સુરક્ષા માટે મંજૂર કરી છે. ૭૯૬૦ કરોડ રુપિયાનું બજેટ, જયારે કોઇ રાજય સુરક્ષિત હોય તો જ એ વિકસિત થઇ શકે અને જે પ્રમાણે અમને આ બજેટ મળવાના કારણે અમે અનેકગણી સારી કામગીરી કરી શકીશું. માનનીય અધ્યક્ષશ્રી, જેમ કાયદો અને વ્યવસ્થામાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર અગત્યનું છે, ટેકનોલોજી અગત્યની છે એમ આ વખતના બજેટમાં માનનીય નીતિનભાઇ પટેલ દ્વારા ૩૦૨૦ જગ્યાઓ માટે રૂપિયા ૧૧૯ કરોડ ફાળવવામાં આવ્યા છે. ટેકનોલોજી અને કન્વિક્શન રેટ ઇન્પ્રુવ સહિતના અનેક મુદ્દાઓ માનનીય નાણામંત્રીશ્રી દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણને સૌને ગૌરવ હોય કે આપણી ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને આપણી રક્ષાશક્તિ યુનિવર્સિટીને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ રાષ્ટ્રીય દરજ્જો આપ્યો છે. અને એના કારણે હવે આપણી આ યુનિવર્સિટીઓની અનેક બ્રાન્ચો વિશ્વભરની અંદર હશે. માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી ગુજરાતમાં પહેલેથી એ હતા ત્યારે અને આજે પણ ગુજરાતના પોલીસતંત્રમાં ટેકનોલોજી અપગ્રેડેશન માટે સતત પ્રયત્નો કર્યા છે. શ્રી હર્ષભાઇએ જે ઉલ્લેખ કર્યો એમ સુરત એ આખા દેશના લિવિંગ ઇન્ડેક્સમાં ૧૧૧ પૈકીનું પાંચમા નંબરનું શહેર છે. સુરતમાં ડાયમંડ કેપિટલ્સ, ટેક્સટાઇલ માટે અમારા પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર. પાટીલ સાહેબની પણ માગણી હતી, ત્યાંના ધારાસભ્યશ્રીઓની પણ માગણી હતી એટલે સુરતમાં કાયદો અને વ્યવસ્થા માટે આજ દિવસ સુધી ક્યારેય ન મળી હોય એટલી ૮૬૨ જેટલી જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે. ૭૫ જેટલા વાહનો મંજૂર કર્યા છે. ગયા વખતે ઘોડાદરા, સિંગણપોર-ડભોલી પોલીસ સ્ટેશન શરૂ કરવામાં આવ્યા છે, આગામી વરસમાં સારોલી, ઉતરાણ, પાલ અને અલથાણ આ ચાર પોલીસ સ્ટેશન શરૂ કરવાના છીએ. સુરત એ આર્થિક રાજધાની છે. એના માટે ઇકોનોમિકલ સ્ટેન્ડ અને ઇકોનોમિકલ સ્ટેન્ડમાં પણ મેનપાવર પૂરો પાડ્યો છે. સીસીટીવી સેલ્ફ ટ્રેકીંગ પ્રોજેક્ટ માટે પણ પાંચ કરોડ રૂપિયા નિયમિતપણે મળે એવી વ્યવસ્થા કરેલ છે. સુરત શહેર એવું છે કે જેની અંદર પરિવારના લોકો નોકરી ધંધે જાય, એના નાના દીકરા, દીકરીનું કોઇ ધ્યાન રાખનાર ના હોય એના કારણે ઘણીવાર

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

દીકરીઓ ઉપર બળાત્કારની ઘટના બને છે એટલા માટે સુરત પોલીસ કમિશનર દ્વારા ચાઇલ્ડ ડે કેર સેન્ટર શરૂ કરવામાં આવેલ છે.

આપણું રાજ્ય એવું છે કે જ્યાં ૧૬૦૦ કિલોમીટર જેટલો દરિયાકાંઠો છે. અનેક ધાર્મિક સ્થાનો આવેલા છે. Vital ઇન્સ્ટોલેશન આવેલા છે. એના માટે આ રાજ્ય સરકાર આ નાણા વિભાગ સતત ભરતીની પ્રક્રિયામાં વધારો કરતું રહ્યું છે. હું છેલ્લાં દસ વરસના આંકડા આપું તો છેલ્લાં દસ વરસમાં ગુજરાતની ભા.જ.પ.ની સરકારે ગુજરાતના પોલીસ તંત્રમાં નવું ૮૪૦૦૦ જેટલું માનવબળ પૂરું પાડ્યું છે. આજે ગુનેગારો એ હવે હાઇ-ફાઇ બની ચૂક્યા છે અને હાઇ-ફાઇ બનેલો આ ગુનેગાર એ વાઇ-ફાઇનો પણ ઉપયોગ કરતો હોય છે તેવા સંજોગોમાં આપણી પોલીસને સ્માર્ટ બનવું પડશે અને શાર્પ બનવું પડશે એટલા માટે આખા રાજ્યના ૩૪ જિલ્લા મથકો, ૬ ધાર્મિક સ્થળો અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના માધ્યમથી ૪૧ જેટલા શહેરોને આવરીને રૂપિયા ૩૨૫ કરોડના ખર્ચે વિશ્વાસ પ્રોજેક્ટ શરૂ કર્યો, એનાથી ગુનાઓની તપાસમાં મદદરૂપ થશે. કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં, ટ્રાફિક નિયમનમાં પણ મદદરૂપ થશે અને આ સીસીટીવીના નેટવર્કને જિલ્લાના તમામ કમાન્ડીંગ કન્ટ્રોલ સ્ટેશન અને જિલ્લામાંથી રાજ્યના કમાન્ડીંગ કન્ટ્રોલ સ્ટેશનના માધ્યમથી કનેક્ટ કરવામાં આવેલ છે. મને જણાવતા આનંદ થાય છે કે, ચોરીના ૫૧૩, અકસ્માતના ૩૩૫, અપહરણના ૧૩૦, તહેવારોમાં ૩૩૫ જગ્યાઓ ઉપર આમ ૨૬૮૩ જુદા જુદા ગુનાઓનો ભેદ ઉકેલવા માટે મદદ મળી છે. વિશ્વાસ-વન પ્રોજેક્ટ માટે તમામ ધારાસભ્યશ્રીઓની પણ માગણી હતી અને આ વિશ્વાસ-વન પછી આગામી દિવસોમાં વિશ્વાસ-ટુ તરીકે નવા ૮,૦૦૦ કેમેરા લગાડવાનું કામ રાજ્યના આ વખતના બજેટમાં મંજૂર કરવામાં આવ્યું છે. આના માધ્યમથી નેશનલ, સ્ટેટ હાઇવે, આંતરરાજ્ય સરહદ, ટોલનાકા આ બધી જગ્યાએ લગાડવામાં આવશે. આજ કાલ કસ્ટોડિયલ ડેથના નામે ગુજરાત સરકારને બદનામ કરવામાં આવે છે, પરંતુ રાજ્યના તમામે તમામ પોલીસ સ્ટેશનમાં સીસીટીવીના નેટવર્ક માટે આજે ૧૪૧૯ પોલીસ સ્ટેશનમાં ૭૩૨૭ કેમેરા કાર્યરત છે અને આગામી દિવસોમાં પણ માનનીય નાણામંત્રી દ્વારા નવા ૧૨૦ કરોડ રૂપિયા રાજયના તમામે પોલીસ સ્ટેશનમાં સી.સી.ટી.વી.ના વધારે નેટવર્ક માટે કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે કોઇ પણ એફ.આઇ.આર.થાય તો થયેલી એફ.આઇ.આર. તાત્કાલિક જ આપણે ઇ-ગુજકોક પ્રોજેક્ટ હેઠળ તેને લોડ કરવામાં આવે છે. ૭૨૫ પોલીસ સ્ટેશનોમાં અને ૧૩૪૮ પોલીસ કચેરીઓમાં આ કાર્યરત છે એટલે આગામી દિવસોમાં આને વધારે સઘન બનાવવામાં આવશે. આ ઇ-ગુજકોકના માધ્યમથી ૫ હજાર જેટલા ચોરાયેલા વાહનો શોધી કાઢયાં અને સર્ચ એપ્લીકેશનના માધ્યમથી ૭ હજારથી વધારે ગુનેગારોને શોધી કાઢવા માટે ઉપયોગી થયું છે. આપણે પોકેટ કોક લાવ્યા આ વખતે રાજયના નાણા વિભાગ દ્વારા પોકેટ કોક ના આપણે ૧૬ લાખ લોકોના પોલીસ વેરિફિકેશન કર્યા પરંતુ હવે પોકેટ કોકની સાથે આપણને ટેબ્લેટ આપવાના છે અને એ ટેબ્લેટના માધ્યમથી વધારે સારી રીતે કામગીરી કરી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, crime and criminal tracking network system. એની અંદર પણ આખા દેશની અંદર આપણું કામ એ ઉત્તમ પ્રકારનુ થયું છે. થોડાં દિવસ પહેલાં જ મને ગુજરાતના પોલીસ તંત્રએ મેં કહ્યું તેમ હવે માત્ર માનવબળ વધારવું એ પૂરતો રસ્તો નથી ટેકનોલોજીનો ઉપયોગ કરવો એ આવશ્યક છે. આ પોલીસ અધિકારીઓને ૧૦ હજાર બોડી વોર્ન કેમેરા રૂપિયા ૫૦ કરોડના ખર્ચે દેશમાં સૌ પ્રથમ આટલું વિશાળ કામ કર્યું હોય તો એ ગુજરાતના નાણાં વિભાગના કારણે પોલીસ તંત્રે કર્યું છે. બોડી વોર્ન કેમેરા અધિકારી પોતાના કર્મચારી રાખશે. ઘણી વખત ખોટી ફરિયાદો થાય છે કે પોલીસ કર્મચારીએ અયોગ્ય વર્તન કર્યું, પૈસાની માગણી કરી એવા સંજોગોમાં તેનું ઓડિયો રેકોર્ડીંગ હશે, એનું લાઇવ કમાન્ડીંગ કન્ટ્રોલ સ્ટેશન જોડે રેકોર્ડીંગ હશે જે આપણને અત્યંત ઉપયોગી થઇ શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, આગામી દિવસોમાં આ ૧૦ હજાર બોડી વોર્ન કેમેરાથી સજ્જ કરવામાં આવશે. આપણી ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી એ દેશમાં પ્રથમ નંબરની છે અને તેની બાકીની જૂની ટેકનોલોજીની વાત નથી કરતો પરંતુ હવે ગુનેગારને શંકાસ્પદમાંથી ગુનેગાર સુધી પકડવા માટે આજકાલ કોઇ પણ ગુનો બને, ગુનો બન્યાં પછી સ્થળ ઉપરના નમૂના એકત્રિત થાય પછી ફોરેન્સીક સાયન્સ હેઠળ તેનું ઇન્વેસ્ટીગેશન થાય, ઇન્વેસ્ટીગેશન થયા પછી ગુનેગાર પકડાય, ગુનેગારને પકડયા પછી તેનું ક્રાઇમ ડિટેકશન થાય અને પછી તેને કન્વીકશન થાય અને જો ગુનેગારે કરેલા ગુનાની સજા થાય તો જ સમાજની અંદર કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ આપણે ઉત્તમ રાખી શકીએ. Eye Detect Pupil Dilation એ ગુનેગારની આંખની કીકીમાં તેને પ્રશ્ન પૂછવાથી થતાં ફેરફારોના માધ્યમથી એ નક્કી કરી શકાય કે આ ગુનેગાર છે. એ રીતે rapid DNA technology, Isothermal amplification unit જેનાથી ગૌમાંસનું ઝડપી આપણે પરીક્ષણ કરી શકીએ. નાર્કોટીક ડ્રગ્સ સંબંધિ પણ ઘણા ટેસ્ટો માટે રાજય સરકાર દ્વારા લાવવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મોર્ડેનાઇઝેશન અને મોર્ડેનાઇઝેશનના માધ્યમથી અનેક નવા હથિયારો પણ રાજયની અંદર ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. મેં કહ્યું તેમ આ વખતે રૂપિયા ૨૫.૩૮ કરોડની નવી સેવા તરીકે વર્ષ ૨૦૧૯-૨૦માં હતી અને કન્વીક્શન રેઇટ ઇમ્પ્રુવ કરવા માટે પણ રાજય સરકારે આ વખતના બજેટમાં આયોજન કર્યું છે. ગુજરાતમાં ભાજપનું શાસન ૨૫ વર્ષથી કેમ છે તેનુ કારણ હોય તો આ રાજય સરકાર પ્રબળ રાજકીય ઇચ્છા શકિતથી લો એન્ફોર્સમેન્ટ તેને ખાલી માનવબળ પૂરું પાડયું તેવું નથી, તેને ટેકનિકલ ઇક્વીપમેન્ટ પૂરાં પાડયા એવું નથી. પણ જ્યાં આવશ્યકતા હતી ત્યાં કાયદામાં

સુધારા કર્યા અને એ કાયદાના સુધારાને કારણે સમાજને રંજાડવાવાળા આવા ટપોરીઓ અને ગુંડાઓને જેલના હવાલે કરવાનું કામ કોઇએ કર્યું હોય તો એ ગુજરાતની ભાજપની સરકારે કર્યું છે. અમે એમ નથી કહેતાં કે ગુજરાતમાં દારૂ નથી વેચાતો. પણ અમારી કટિબદ્ધતા છે કે ગુજરાતમાં દારૂનું ઉત્પાદન, દારૂનું વેચાણ અને દારૂની હેરાફેરી કરવાવાળાની શાન ઠેકાણે લાવવા માટે અમે અમારો કાયદો કડક બનાવ્યો છે. આ કાયદો એટલા માટે કડક બનાવ્યો છે કે જ્યારે દારૂના વ્યસનને કારણે કોઇ બહેન વિધવા થાય ત્યારે એની આંખમાંથી પડતા આંસુની વ્યથાને અમે વ્યવસ્થામાં પરિવર્તિત કરી છે. એના કારણે એનો પરિવાર એકલો પડી જાય, એના દીકરા-દીકરીઓના ભણતરમાં સમસ્યા થાય. એના કારણે અકસ્માતો થાય. એ શારીરિક રીતે એવો પાંગળો બની જાય કે હરતી-ફરતી લાશની જેમ સમાજમાં ફરતો હોય. આ અમારો રાજકીય એજન્ડા નથી. અમારું કમિટમેન્ટ છે કે ગુજરાતની બહેનો માટે અમે દારૂબંધીના કાયદાનો કડકાઇથી અમલ કરાવીશું. ગાય અમારી માતા છે અને એમાં ૩૩ કરોડ દેવતાઓનો વાસ છે પણ કેટલાંક કસાઇઓ ગૌવંશનું કતલ કરતા હતા. એની શાન ઠેકાણે લાવવા માટે આજીવન કારાવાસ અને વાહન જપ્તીનો કાયદો કર્યો હોય તો આ ભાજપની સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. અમે cotpa એક્ટમાં સુધારો કરીને હુક્કાબંધી કરી છે. આ સરકાર મહિલાઓના રક્ષણ માટે કટિબદ્ધ છે. છાશવારે કોઇ બાઇક લઇને નીકળે અને કોઇ બહેનના ગળા ઉપર હાથ નાંખીને ચેઇન લૂંટી જાય. કાયદામાં સજા ઓછી હતી. હવે ગુજરાતમાં કોઇ બહેનના ગળામાં હાથ નાંખીને ચેઇન લૂંટવા માટેનો પ્રયત્ન કરશે તો એની શાન ઠેકાણે લાવવા માટે સાત વર્ષની સજાની જોગવાઇ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા કરવામાં આવી છે. પાસાનો કાયદો વ્યાજખોરો, મહિલાઓ - દીકરીઓની છેડતી કરવાવાળા લોકો, જુગારના અડ્ડા ચલાવવાળા લોકો આ બધાને પાસા હેઠળ બુક નહોતા કરી શકતા. સમાજમાં નાના, ગરીબ માણસને હેરાન કરે, કાયદામાં છટકબારીનો લાભ લઇને સાંજે જામીન લઇને પાછો આવે. આવા લોકો સામે કડકાઇ દાખવવા માટે પાસાનો કાયદો આ જ વિધાનસભામાં ભાજપની સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. અમે ગુજસીટોકનો કાયદો લાવ્યા છીએ. સંગઠિત ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ અને આતંકવાદની ઘટના ગુજરાતમાં ન બને એના માટે આ કાયદો લાવ્યા છીએ. આગામી દિવસોમાં ગુજરાતમાં આ વિધાનસભાના સભ્યોને ગૌરવ થાય એવી કોઇ ઘટના હોય તો ગુજરાતની શાંતિ અને સલામતી માટે ઉત્તમ રીતે બન્યો હોય તો ગુજરાતનો આ ગુજસીટોક કાયદો છે. ગઇ કાલે શ્રી કૌશિકભાઇએ ઉલ્લેખ કર્યો એમ ગુજરાતના ભૂમાફિયાઓની શાન ઠેકાણે લાવવા માટે અમે લેન્ડ ગ્રેબિંગ કાયદો લાવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મને થોડો સમય વધારે આપવામાં આવે એવી વિનંતી છે. અમે અશાંત ધારાનો કાયદો લાવ્યા છીએ. આગામી દિવસોમાં આ વિધાનસભામાં લવજેહાદવાળો, ધાર્મિક સ્વાતંત્ર્યમાં સુધારાવાળો કાયદો લાવ્યા છીએ. હું સૌ સભાસદોને કહું છું કે એ કાયદો જ્યારે આવે ત્યારે એ કાયદાના સમર્થનમાં આપ જ્યારે હા કહો ત્યારે એ રીતે હા પાડજો કે વિધર્મી લોકો જ્યારે આપણી બહેન-દીકરીઓનું શોષણ કરીને લગ્નના નામે આપણી બહેન દીકરીઓને ધર્માંતર કરાવે છે. એની શાન ઠેકાણે આવે એ રીતે આપ સૌ એને સમર્થન કરજો. આજે ગુજરાત ક્યાં છે? આજે ગુજરાત આખા દેશમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં એન.સી.આર.બી.ના આંકડાના આધાર ઉપર આજે ગુજરાત હિંસાના ગુનામાં દેશમાં ૩૨મા નંબરે છે. આજે આખા દેશમાં ગુજરાત હિંસાના ગુનામાં ૩૨મા ક્રમે, શરીર સંબંધી ગુનામાં ૩૦મા ક્રમે, ખુનના ગુનામાં ૨૯મા ક્રમે, બળાત્કારના ગુનામાં ૨૯મા ક્રમે અને અપહરણના ગુનામાં ૨૯મા ક્રમે છે. મિલકત ચોરીમાં પણ રાજ્યની સારી સ્થિતિ આપણે કરી છે. ઘાસના ઢગલામાંથી સોય શોધવા જેવા અઘરા પ્રકારના ગુનેગારોને પકડીને જેલના હવાલે મૂકીને સજા આપવાનું કામ કર્યું હોય તો તે ગુજરાતના પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. અમરેલી, સુરત, અમદાવાદ ગ્રામ્યમાં પાંચ કિલો જેટલાં સોનાની લૂટ અને અન્ય પ્રકારના ગુનેગારોને પકડ્યા છે. આમ, હમણાં જ જામનગરમાં અમે ગુજસીટોકનો ગુનો એટલા માટે નોંધ્યો કે ત્યાંનો જયેશ નામનો ગુનેગાર ૪૫ જેટલા ગુનાઓ સાથે સંકળાયેલો હતો. છાશવારે લોકોની હેરાનગતિ કરે અને ખંડણીના ગુનાઓ સાથે જોડાયેલો હતો અને લંડનમાં બેઠાં બેઠાં નેટવર્ક કરે.. અમારા સારામાં સારા અધિકારીઓને જામનગર મોકલવાનો અમે નિર્ણય લીધો. કેન્દ્રમાં આપણી સરકારની અને ઈન્ટરપોલની મદદ લીધી. લંડનમાં બેસીને જામનગરમાં ફાયરિંગ કરવાવાળા લોકોને CBI અને ઈન્ટરપોલે ત્યાંની પોલીસની મદદથી ધરપકડ કરવાનું કામ કર્યું હોય તો ગુજરાત પોલીસની પ્રબળ રાજકીય ઈચ્છાશક્તિના આધારે કરવામાં આવ્યું છે. આના આધારે દેખાય આવે છે કે આ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિના જતન કરવા માટે ઝીરો ટોલરન્સના માધ્યમથી આ રાજ્ય સરકાર કામ કરી રહી છે. આજે રાજ્યમાં કોઈ ઓર્ગેનાઈઝ ગેંગ નથી. કોઈ કર્ફ્યુ લાવવા માટેની આવશ્યકતા નથી. હમણાં છેલ્લા જે આંકડા ડિકલેર થયા છે એમાં ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટમાં ૫૩ ટકા સાથે ગુજરાત પ્રથમ નંબરે છે. ડોમેસ્ટીક ઈન્વેસ્ટીગેશનમાં ગુજરાત દેશમાં બીજા સ્થાને છે. એક્સપોર્ટ પ્રીપરેશન ઈન્ડેક્સમાં પણ ગુજરાત પહેલા સ્થાને છે. ભારતના કુલ એક્ષપોર્ટના ૨૩ ટકા એ ગુજરાતમાંથી થાય છે. દેશમાં કોરોનાની કામગીરી વખતે આપણને ખબર પડી કે રોજગારી માટે કેટલા અન્ય પ્રાંતના લોકો ગુજરાતની ધરતી ઉપર ફરી રહ્યાં છે. આ ગુજરાતની સરકાર શાંતિ, સલામતી અને સુરક્ષા માટે કટિબધ્ધ છે. હું આ સભાગૃહના માધ્યમથી સ્પષ્ટતા કરવા માગું છું કે માનનીય વિજયભાઈ રૂપાણી અને માનનીય નીતિનભાઈ પટેલના નેતૃત્વ હેઠળ કોઈ આકાઓની દાદાગીરી અમે ગુજરાતમાં ચલાવી લેવા માગતા નથી.

**કાપ દરખાસ્ત ક્રમાંક -૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૮, ૨૯, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૫, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૨, ૫૩, ૫૪ અને ૫૭ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક- ૪૨, ૪૩ અને ૪૪ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

અધ્યક્ષશ્રી : આજ રોજની અત્યાર સુધીની જે કંઈ કાર્યવાહી થઈ છે તેમાં અસંસદીય શબ્દો કે વાક્ય જે કંઈ હશે તે વંચાણે લઈને કાઢી નાંખવામાં આવશે.

**(વિરામ બપોરના ૨-૨૯થી ૩-૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**દાખલ કરવા માટેના બિન-સરકારી વિધેયકો**

ગુજરાત જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઇ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબત વિધેયક, ૨૦૨૧

**ગુજરાત રાજયમાં જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઇ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ અને આ સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઇ કરવા માટેનું વિધેયક.**

શ્રી જગદીશ વિશ્વકર્મા(નિકોલ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૧ નું ગુજરાત જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઇ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૧નું ગુજરાત જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઇ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઈવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબત વિધેયક, ૨૦૨૧**

માનનીય સભ્યશ્રી - શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) ગેરહાજર.

**ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક, ૨૦૨૧**

માનનીય સભ્યશ્રી - શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ(ઘાટલોડિયા) ગેરહાજર.

**પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન સરકારી વિધેયકો**

**સન ૨૦૧૯ નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૪**

**ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક.૨૦૧૯**

માનનીય સભ્યશ્રી પૂર્ણેશ મોદી(સુરત-પશ્ચિમ) ગેરહાજર.

**સન ૨૦૧૯ નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૮**

**ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક,૨૦૧૯**

માનનીય સભ્યશ્રી રમણભાઇ ધુ. પટેલ(વિજાપુર) ગેરહાજર.

**સન ૨૦૧૮ નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૩૦**

**ગુજરાત નાના કુટુંબને વૃધ્ધિ (પ્રોત્સાહન) વિધેયક, ૨૦૧૮**

માનનીય સભ્યશ્રી ડો. નીમાબેન ભા. આચાર્ય(ભૂજ) ગેરહાજર.

**સન ૨૦૧૯ નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૨૯**

**ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુધ્ધિકરણ) વિધેયક, ૨૦૧૯**

માનનીય સભ્યશ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) ગેરહાજર.

**સભાગૃહનું કામકાજ બપોરના ૦૩.૦૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૧૯મી માર્ચ, ૨૦૨૧ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૧૯મી માર્ચ ૨૦૨૧

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**શુક્રવાર, તા.૧૯મી માર્ચ, ૨૦૨૧**

**ફાલ્ગુન ૨૮, ૧૯૪૨ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**મહેસાણા જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

* ૩૬૧૫૩ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ મહેસાણા જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૭૫૫૫૬૨.૩૯ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ. ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦ | AAY (કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યકિત દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

શ્રી રમણભાઇ ધુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,કોરોનાની મહામારીમાં સમગ્ર વિશ્વ ખૂબ મુશ્કેલીમાં સપડાયેલ હતું ત્યારે આપણા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે લોકડાઉનનો પોગ્રામ આપ્યો એમાં ગુજરાતમાં કોઇ માણસ ભૂખ્યો ન રહી જાય તેની ચિંતા ગુજરાત સરકારે કરી છે. ત્યારે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને પુરવઠા મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ છેલ્લા એક વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ચીજવસ્તુઓના વિતરણની શું વ્યવસ્થા કરેલ હતી?

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં તાલુકાવાર જાન્યુઆરી, વર્ષ ૨૦૨૦થી ડિસેમ્બર, ૨૦૨૦ સુધીની આવશ્યક ચીજવસ્તુઓ તાલુકાવાર વિતરણની માહિતી જણાવું તો સતલાસણા તાલુકામાં ઘઉ ૨૯૯૫.૫૦ મેટ્રિક ટન, ચોખા ૧૨૭૮.૫૦ મેટ્રિક ટન, ખાંડ ૧૪૧.૫૫ મેટ્રિક ટન, મીઠું ૯૨.૯૬ મેટ્રિક ટન, કેરોસીન ૧૨૯.૨૪ કિલોલિટર, અને ખાદ્યતેલ એક લિટરના પાઉચ ૧૮૭૧૪ પાઉચનું વિતરણ કરવામાં આવેલ હતું. ખેરાલુ તાલુકામાં ઘઉ ૩૫૮૬.૯ મેટ્રિક ટન, ચોખા ૧૫૩૦.૩૯ મેટ્રિક ટન, ખાંડ ૧૬૯.૮૬ મેટ્રિક ટન, મીઠું ૧૦૭.૨૪ મેટ્રિક ટન, કેરોસીન ૧૩૭.૫૯ કિલોલિટર જયારે ખાદ્યતેલ એક લિટરના પાઉચ એમ ૧૦૩૦૦ પાઉચનું વિતરણ કરવામાં આવેલ હતું. ઊંજા તાલુકામાં ૪૩૨૮.૫૮ મેટ્રિક ટન, ચોખા ૧૮૪૯.૯૩ મેટ્રિક ટન, ખાંડ ૧૫૪.૪૯ મેટ્રિક ટન, મીઠું ૯૯.૮૬ મેટ્રિક ટન, કેરોસીન ૫૩.૫૯ કિલોલિટર, જયારે ખાદ્યતેલ એક લિટરના પાઉચ ૬૩૬૬ પાઉચનું વિતરણ કરવામાં આવેલ હતું. વિસનગર તાલુકામાં ઘઉ ૬૯૩૯.૯૭ મેટ્રિક ટન, ચોખા ૨૯૬૨.૩૯ મેટ્રિક ટન, ખાંડ ૨૯૩.૫૭ મેટ્રિક ટન, મીઠું ૧૭૩.૫૧ મેટ્રિક ટન, કેરોસીન ૧૭૬.૦૮ કિલોલિટર જયારે ખાદ્યતેલ એક લિટરના પાઉચ ૧૫૪૮૪ પાઉચનું વિતરણ કરવામાં આવેલ હતું. વડનગર તાલુકામાં ઘઉ ૪૩૨૫.૪૪ મેટ્રિક ટન, ચોખા ૧૮૪૮.૪૧ મેટ્રિક ટન, ખાંડ ૧૬૦.૨૮ મેટ્રિક ટન, મીઠું ૧૦૩.૫૬ મેટ્રિક ટન, કેરોસીન ૧૧૨.૯૨ કિલોલિટર, ખાદ્યતેલ એક લિટરના પાઉચમાં ૮૦૬૦ પાઉચનું વિતરણ કરવામાં આવેલ હતું. વિજાપુર તાલુકામાં ઘઉં ૮૪૬૨.૩૪ મેટ્રિક ટન, ચોખા ૩૬૦૮.૮૨ મેટ્રિક ટન, ખાંડ ૩૪૯.૨૬ મેટ્રિક ટન, મીઠું ૨૧૬.૪૭ મેટ્રિક ટન, કેરોસીન ૧૫૮.૭૦ કિલોલિટર જયારે ખાદ્યતેલ એક લિટરના પાઉચમાં ૨૦૨૬૬ પાઉચનું વિતરણ કરવામાં આવેલ હતું. મહેસાણા તાલુકામાં ઘઉં ૧૦૧૯૫.૨૯ મેટ્રિક ટન, ચોખા ૪૩૪૭.૨૯ મેટ્રિક ટન, ખાંડ ૩૦૨.૫૩ મેટ્રિક ટન, મીઠું ૨૮૫.૨૮ મેટ્રિક ટન,

કેરોસીન ૩૫૦.૦૯ કિલોલિટર કેરોસીન ૩૫૦.૦૯ કિલોલિટર અને તેલ એક લિટરના પાઉચ એમ ૨૯,૨૩૫ પાઉચનું વિતરણ કરવામાં આવેલ છે. એ જ રીતે બેચરાજી તાલુકામાં ઘઉં ૨,૬૫૫..

અધ્યક્ષશ્રી : કેટલું લાંબું લિસ્ટ છે?

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : ૨ તાલુકા છે.

અધ્યક્ષશ્રી : બે પાના ભરીને છે. તો અહીં ટેબલ કરજો અથવા તો એમને આપી દેજો.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આમ, મહેસાણા જિલ્લામાં જાન્યુઆરી-૨૦૨૦થી ડિસેમ્બર-૨૦૨૦ સુધીમાં ૫૨,૯૬૨.૩૫ મેટ્રિક ટન ઘઉં, ૨૨,૬૦૦.૦૪ મેટ્રિક ટન ચોખા, ૨,૧૮૦.૪૦ મેટ્રિક ટન ખાંડ, ૧,૦૫૬.૨૬ મેટ્રિક ટન મીઠું તથા ૧,૫૫૧.૯૬ કિલોલિટર કેરોસીન સમગ્ર જિલ્લામાં આપવામાં આવ્યું છે.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ગરીબોની વાત કરી. તો આપણે ૩૯ રૂપિયે તુવેરદાળ ખરીદીએ છીએ અને ૬૧ રૂપિયે લોકોએ આપીએ છીએ. તો આટલો બધો નફો સરકાર શા માટે કરે છે? જો સરકાર ગરીબોની ચિંતા કરતી હોય તો આપણે કાળાબજાર કરીએ છીએ તો શું આપણે..

અધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછો ને?

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૩૯ રૂપિયે તુવેરદાળ ખરીદી અને ૬૧ રૂપિયે આપીએ છીએ. તો એ ભાવ ઘટાડીને આપણે ૩૯ રૂપિયાના બદલે ૪૦ રૂપિયે કે પડતર કિંમતે ગરીબોને આપવા માગીએ છીએ કે નહીં?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, એક તો ૩૯ રૂપિયે ખરીદી હોય એવું તો અત્યાર સુધીમાં ક્યાંય બન્યું નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, દલીલ નહીં, તમે સવાલ પૂછ્યો છે. એમને જવાબ તો આપવા દેશો કે નહીં? જવાબ આપવા દો.

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ટેકાના ભાવે ખરીદી ભારત સરકાર નાફેડ વતી કરતી હોય છે. જ્યારે ચણાદાળ કે દાળ આપવાની વાત હોય ત્યારે રાહત ભાવે ગરીબોને આપવામાં આવે ત્યારે રાજ્ય સરકાર સબસિડી ભોગવી અને જે તે પડતર કિંમત હોય ત્યારે ઓક્શનમાં ખરીદી કરી અને પછી વધારાની સબસિડી તેમાં રાજ્ય સરકાર આપે. ૩૯ રૂપિયે ખરીદવાની વાત અત્યાર સુધી ક્યાંય નથી એટલે આવા ખોટા આંકડા ન આપે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનો જવાબ આવી ગયો છે.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : સાહેબ, તા. ૨૬-૨-૨૦૨૧નો પરિપત્ર છે તેમાં લખ્યું છે કે વર્ષ ૨૦૨૧ માટે વિવિધ જણસીઓના પડતર ભાવ. તેમાં લખ્યું છે કે તુવેરદાળ પ્રતિ ક્વિન્ટલ ૩૯૦૦ રૂપિયા. આ સરકારનો પરિપત્ર છે.

અધ્યક્ષશ્રી : સારું. મંત્રીશ્રીનો જવાબ એ જ છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાની કટોકટીમાં ગરીબો માટે રાજ્ય સરકારે પોતાના અનાજના ભંડારો ખોલી દીધા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પરિપત્રનો પ્રશ્ન નથી. (અંતરાય) હું ક્યાં ના પાડું છું? પણ, જવાબ મંત્રીશ્રીએ એ જ આપ્યો છે, જે આપવાનો છે. એ સિવાય કંઇ જવાબ છે? (અંતરાય) આપના પ્રશ્ન ઘણાં હશે, ના નહીં. (અંતરાય) તમને પૂછવા દઇશ. તમે ફરી પૂછજો ને.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાના કપરા કાળમાં રાજ્ય સરકારે પોતાના અનાજના ભંડારો ગરીબો માટે ખુલ્લા મૂકી દીધા. આ આખી વિતરણ વ્યવસ્થા રેશનીંગની વ્યાજબી ભાવની દુકાને થાય છે ત્યારે મારે જાણવું છે કે મહેસાણા જિલ્લાની અંદર કેટેગરીવાઇઝ અને તાલુકાવાઇઝ કેટલી દુકાનો આવેલી છે?

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લામાં માર્ચ-૨૦૨૧ની સ્થિતિએ તાલુકાવાર વ્યાજબી ભાવની દુકાનની વાત કરું તો સતલાસણા તાલુકામાં વ્યાજબી ભાવની હાલમાં ૩૩ દુકાનો છે. જેમાં ૩૨ કાયમી દુકાનો છે અને એક દુકાન ચાર્જમાં ચલાવવામાં આવે છે. ખેરાલુ તાલુકામાં હાલમાં વ્યાજબી ભાવની ૫૦ દુકાનો છે. જેમાં ૪૪ કાયમી દુકાનો છે. ૨ દુકાનો બ્રાન્ચમાં અને ૪ દુકાનો ચાર્જમાં ચલાવવામાં આવે છે. ઊંઝા તાલુકામાં વ્યાજબી ભાવની હાલમાં ૬૪ દુકાનો  આવેલ છે, જેમાં ૫૫ કાયમી દુકાનો છે અને ૩ દુકાનો બ્રાન્ચમાં અને ૬ દુકાનો ચાર્જમાં ચલાવવામાં આવે છે. વિસનગર તાલુકામાં હાલમાં વ્યાજબી ભાવની ૯૦ દુકાનો આવેલ છે, જેમાં ૭૭ કાયમી દુકાનો છે અને ૫ દુકાનો બ્રાન્ચમાં અને ૮ દુકાનો ચાર્જમાં ચલાવવામાં આવે છે. વડનગર તાલુકામાં હાલમાં વ્યાજબી ભાવની ૫૬ દુકાનો આવેલ છે. જેમાં ૫૩ કાયમી દુકાનો છે, એક દુકાન બ્રાન્ચમાં અને ૨ દુકાનો ચાર્જમાં ચલાવવામાં આવે છે. વિજાપુર તાલુકામાં વ્યાજબી ભાવની  ૯૯ દુકાન આવેલ છે જેમાં  ૯૪ કાયમી દુકાનો છે અને ૩ દુકાન બ્રાંચમાં  અને  ૨ દુકાન ચાર્જમાં ચલાવવામાં આવેલ છે. એ જ રીતે મહેસાણા તાલુકામાં વ્યાજબી ભાવની હાલમાં ૧૩૬ દુકાનો છે જેમાં ૧૪૪ કાયમી દુકાનો છે અને ૧ દુકાન બ્રાંચમાં અને ૨૧ દુકાન ચાર્જમાં ચલાવવામાં આવે છે. એ જ રીતે બેચરાજી તાલુકામાં વ્યાજબી ભાવની ૩૯ દુકાનો છે જેમાં ૩૫ કાયમી દુકાનો છે અને ૪ દુકાનો ચાર્જમાં ચલાવવામાં આવે છે. કડી તાલુકામાં વ્યાજબી ભાવની હાલમાં ૧૦૦ દુકાનો છે જેમાં ૮૫ કાયમી દુકાનો છે અને ૬ દુકાનો બ્રાંચમાં અને ૯ દુકાન ચાર્જમાં ચલાવવામાં આવે છે. જોટાણા તાલુકામાં વ્યાજબી ભાવની ૨૭ દુકાન છે જેમાં ૨૨ કાયમી દુકાનો છે અને ૩ દુકાનો બ્રાંચમાં અને ૨ દુકાનો ચાર્જમાં ચલાવવામાં આવે છે. આમ, કુલ મહેસાણા જિલ્લામાં ૧૦

તાલુકામાં ૬૯૪ વ્યાજબી ભાવની દુકાનો આવેલ છે જેમાં ૬૧૧ કાયમી દુકાનો છે અને બ્રાંચ એ.પી.એફ. ૨૪ અને ચાર્જમાં ચાલતી ૫૯ દુકાનો આવેલ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબો આપ્યા મહેસાણા જિલ્લામાં એક વર્ષમાં જુદી જુદી ખાદ્ય સામગ્રી ખાંડ, ચોખા, મીઠાનો જે જથ્થો વિતરણ કર્યો છે એના આંકડા આપ્યા છે. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે મહેસાણા જિલ્લામાં જે આંકડા આપ્યા છે વિતરણના તો મળવાપાત્ર જથ્થો કેટલો હતો અને એની સામે જે વિતરણ કર્યું છે એ પૂરેપૂરું વિતરણ કર્યું છે કે ઓછો જથ્થો વિતરણ કર્યો છે? બીજું, માનનીય સભ્યશ્રી કીરીટભાઇએ જે પ્રશ્ન પૂછ્યો અને માનનીય કેબિનેટ મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો કે ખોટા આંકડા રેકર્ડ ઉપર ન મૂકે એ વાત મંત્રીશ્રી, બરાબર નથી. ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો તા.૨૬-૨-૨૦૨૧નો પરિપત્ર છે અને એ પરિપત્રની અંદર ઘઉં, ચોખા, ખાંડ, તુવેરદાળ, ચણાદાળ, મગ, ચણા એ બધાના ભાવો નક્કી કર્યા છે અને એમાં ૩૯૦૦ રૂપિયા એક ક્વિન્ટલના તમારા નિગમે નક્કી કર્યા છે, તો માનનીય સભ્યશ્રી કીરીટભાઇએ પૂછ્યું કે આ જે ૩૯૦૦ પડતર કિંમત છે એ ભાવે આપણે ગરીબોને આપવા માગીએ છીએ કે નથી માગતા, વાત આટલી જ છે અને *(xxx) તો કેબિનેટ મંત્રી તરીકે તમારી પાસે વિગતો હોવી જોઇએ અને સાચી વાત આ ગૃહ સમક્ષ મૂકવી જોઇએ.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હકીકત એ સાચી છે કે ભારત સરકાર નાફેડવતી તુવેરની ખરીદી કરે છે. તુવેરદાળની નહીં, શ્રી પુંજાભાઇ, બેમાં ફરક છે સાંભળજો, ખેડૂતો પાસેથી ખરીદી કરે, તુવેરદાળ (અંતરાય)...

અધ્યક્ષશ્રી : પ્લીઝ, પ્લીઝ. આપે શ્રી પુંજાભાઇનું નામ શું કરવા લીધું? મારી સામે જોઇને કહો. પ્લીઝ, બેસી જાવ.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, તુવેરની ખરીદી ખેડૂતો પાસેથી રાજય સરકાર ટેકાના ભાવે કરે છે અને જે ગરીબોને આપવાની વાત છે એ તુવેરદાળ આપી છે એટલે તુવેરમાંથી ક્રસીંગ કરીને તુવેરદાળ પ્રોસેસ કરીને આપવાની હોય છે. જે સમયે બજારમાં જે પ્રવર્તમાન હોય એમાં ગરીબોને રાહત ભાવે મળે એ માટે રાજય સરકાર વધારાની સબસિડી રાજય સરકાર ભોગવીને તુવેરદાળનું વિતરણ કરે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બહુ સ્પષ્ટ પરિપત્ર છે. માનનીય મંત્રીશ્રીએ જે એમનો જવાબ આપ્યો..(અંતરાય) સાહેબ, હું એની ઉપર જ ચોખવટ કરું છું કે રાજય સરકારના નાગરિક પુરવઠા વિભાગ દ્વારા બહાર પાડેલા પરિપત્રની અંદર બહુ કલીયર લખેલું છે, તુવેરદાળ લખેલું છે, તુવેર નથી લખ્યું અને તુવેર દાળનો પ્રતિ ક્વિન્ટલ ૩૯૦૦ રૂપિયા ભાવ નક્કી કર્યો છે એટલે કે એક કિલોના ૩૯ રૂપિયા થાય. આપ કહો છો કે તુવેર નથી, પ્રોસેસ કરેલી દાળ જ છે એટલે તુવેર દાળ જ છે આ અને તમે શું ભાવે ખરીદો છો એ પ્રશ્ન છે, એટલી જ વાત માનનીય જયેશભાઇ આમાં છે.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ દરમિયાન તુવેરના ભાવો ચેંજ થતા હોય છે એટલે ગરીબોને રાહત ભાવે આપવા માટે રાજય સરકાર સબસિડી આપે છે. જે પ્રવર્તમાન બજાર ચાલતું હોય અને જયારે આપવાનું થતું હોય ત્યારે ઇ-ઓકશન કરીને માર્કેટમાંથી એ ખરીદવામાં આવે છે, માર્કેટના ભાવ ફીકસ ન હોય એટલે જો ત્યારે ભાવ ઉંચો હોય, વધારે ભાવ હોય ત્યારે રાજય સરકાર સબસિડી આપે છે અને ઓછો ભાવ હોય તો એ પ્રમાણે વિતરણ કરીએ છીએ એટલે ગયા વર્ષના ભાવની સરખામણી એવી રીતે ન હોય.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારા સવાલનો જવાબ જ નથી મળ્યો. .. (અંતરાય)

ડો. આશાબેન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મહેસાણા જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩ હેઠળ તમામ રેશનકાર્ડ તેમજ કેટેગરીવાર રેશનકાર્ડની શું વિગતો છે? અને બીજો પ્રશ્ન છે કે એપ્રિલ-૨૦૨૦થી જૂન-૨૦૨૦ દરમિયાન રાજય સરકાર દ્વારા કોવિડ-૧૯ની મહામારીના કારણોસર જાહેર કરાયેલ ફૂડ બાસ્કેટ અન્વયે મળવાપાત્ર વિના મૂલ્યે આવશ્યક ચીજવસ્તુઓના પ્રમાણની વિગતો શું છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપણે કોઇ નક્કી કરીને નથી આવ્યા ને? તો શાંતિ રાખો. આપને પણ પૂછવા દઇશ. (અંતરાય) માનનીય આશાબેન પણ આપની જેમ ધારાસભ્ય છે, એ પણ પ્રશ્ન પૂછી રહ્યા છે. પહેલાં એમના પ્રશ્નનો જવાબ આવવા દો, પછી એવું હશે તો તમને ફરી ચાન્સ આપીશ.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એપ્રિલ-૨૦૨૦થી જૂન-૨૦૨૦ દરમિયાન સમગ્ર રાજ્યમાં કોવિડ-૧૯ની મહામારીમાં જ્યારે સમગ્ર વિશ્વ (અંતરાય)...

અધ્યક્ષશ્રી : શ્રી શશીકાન્તભાઇ, બધું શાંત ચાલે છે તો ચાલવા દો ને? એમને પણ કહું છું અને તમને પણ કહું છું.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં જ્યારે આ પ્રકારની મુશ્કેલી હતી ત્યારે જરૂરિયાતમંદ વ્યક્તિઓને ભૂખ્યા ન રહેવું પડે, કોઇને ખાવાની આવશ્યક ચીજવસ્તુ માટે મુશ્કેલીનો સામનો કરવો ન પડે તે માટે તમામ જરૂરિયાતમંદ લોકોની ચિંતા કરતી આ રાજ્ય સરકાર અને આપણા રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ (અંતરાય)...

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : આપને પ્રશ્ન પૂછવા દઈએ છીએ, વારંવાર પૂછવા દઈએ છીએ. પછી પણ તમે આ રીતે વર્તન કરો છો એ સારું નથી. આપના નેતા પણ અહીંયા પૂછવા માગે છે. માનનીય પુંજાભાઇને પણ પૂછવા દીધું છે. તમને પ્રશ્ન ન પૂછવા દેતા હોય અને કહેતા હોય તો વાત બરાબર છે. પ્લીઝ.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબે પ્રજાના હિતમાં વિના મૂલ્યે ફૂડ બાસ્કેટનું વિતરણ કરવાનો સંવેદનશીલ નિર્ણય લીધો ત્યારે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ અંત્યોદય કાર્ડધારકોને કાર્ડ દીઠ ૨૫ કિલો ઘઉં, ૧૦ કિલો ચોખા, એક કિલો ચણા અથવા ચણાની દાળ, ૩ વ્યક્તિ સુધી માટે કાર્ડ દીઠ ૧ કિલો ખાંડ જ્યારે ૩થી વધારે વ્યક્તિ હોય તો વ્યક્તિ દીઠ ૩૫૦ ગ્રામ ખાંડ તથા ૬ વ્યક્તિ સુધીના કાર્ડધારક માટે કાર્ડદીઠ ૧ કિલોગ્રામ મીઠું અને ૬થી વધુ વ્યક્તિવાળા કુટુંબ માટે કાર્ડદીઠ ૨ કિલોગ્રામ મીઠું વિના મૂલ્યે આપવામાં આવ્યું છે. તેવી જ રીતે અગ્રતા ધરાવતા કુટુંબોને પ્રતિ વ્યક્તિ સાડા ત્રણ કિલોગ્રામ ઘઉં, દોઢ કિલોગ્રામ ચોખા તથા કાર્ડદીઠ ૧ કિલોગ્રામ ખાંડ અને ૩થી વધુ વ્યક્તિ ધરાવતા કાર્ડધારકને વ્યક્તિદીઠ ૩૫૦ ગ્રામ ખાંડ અને ૬ વ્યક્તિ સુધીના કાર્ડધારકને કાર્ડદીઠ ૧ કિલોગ્રામ મીઠું તેમજ ૬થી વધુ વ્યક્તિવાળા કુટુંબ માટે કાર્ડદીઠ ૨ કિલોગ્રામ મીઠું વિના મૂલ્યે આપવામાં આવેલ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા તો આજે અભિનંદન આપવા પડે યુ.પી.એ. સરકારના ચેર પર્સન શ્રીમતી સોનિયાજી, એ વખતના વડાપ્રધાનશ્રી મનમોહનસિંહજીને કે જેમણે આખા દેશના લોકોની ચિંતા કરી અને આ રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદો ૨૦૧૩ લાવ્યા. શ્રી કીરીટભાઇનો પ્રશ્ન સ્પષ્ટ હતો કે (અંતરાય) હજુ ન સંભળાતું હોય તો ફરી જોરથી કહું. શ્રી કીરીટભાઇનો પ્રશ્ન અને ચિંતા સ્પષ્ટ હતી કે જેમ સરકારના વિવિધ વિભાગો, માસ્કમાં પણ આપણે જોયું હતું કે સસ્તા માસ્ક બજારમાંથી લાવીને મોંઘા ભાવે સરકારના વિભાગો વેચતા હતા. એ જ રીતે આમાં પણ અન્ન નાગરિક પુરવઠા વિભાગનો તા. ૨૬-૨-૨૦૨૦નો પરિપત્ર બહુ સ્પષ્ટ છે કે જેમાં જણસીઓની ખરીદ કિંમત નક્કી કરી છે અને બજાર કિંમત વર્ષ ૨૦૨૦-૨૧ માટે એટલે ચાલુ વર્ષ માટે જ નક્કી કરવામાં આવી હતી. એમાં તુવેર દાળનો ભાવ સ્પષ્ટ પ્રતિ ક્વિન્ટલ લખ્યો છે એ મુજબ એક કિલોના ૩૯ રૂપિયા થાય છે તો મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે ૩૯ રૂપિયામાં ખરીદાતી હોય અને ૬૦ રૂપિયામાં અપાતી હોય તો આટલો ગાળો રાખવા પાછળનું કારણ શું છે? માનનીય મંત્રીશ્રીએ કહ્યું છે કે ૩૯ રૂપિયામાં નથી ખરીદી તો કયા ભાવે ખરીદી છે એની સ્પષ્ટતા કરે.

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે તુવેર ખરીદીની વાત છે એમાં ચાલુ સાલે ૯૧ રૂપિયે પડતરના ભાવે ખરીદી થઇ છે. જે વિતરણ ભાવ છે એ ૬૧/- રૂપિયે પ્રતિ કિલોએ પડતરથી કરેલો છે એમાં ૩૦ રૂપિયા પ્રતિ કિલોએ સબસિડી રાજ્ય સરકારે એમાં આપી છે. ૩૯ રૂપિયા છે એ ગયા વર્ષના આંકડા છે. ચાલુ વર્ષે ૯૧/- રૂપિયા પડતર કિંમત છે ૩૦ રૂપિયા સબસિડી છે, ૬૧ રૂપિયે ખરીદી અને હજુ ફરી કહું છું કે માર્કેટમાં એના રેટ વારેવારે બદલાતા હોય છે. ૯૧/- રૂપિયા પડતર કિંમત છે ૩૦ રૂપિયા રાજ્ય સરકારની સબસિડી છે અને ૬૧ રૂપિયે ચાલુ વર્ષે વિતરણ કરેલ છે. ૩૯ રૂપિયા છે એ એના આગલા વર્ષના આંકડા છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક - ૨.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ક્રમાંક - ૨. (સતત ઘોંઘાટ)

અધ્યક્ષશ્રી : પરિપત્ર પૂરતો જવાબ આપી દો ને શું છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)...

શ્રી અમિત ચાવડા : તમારે પરિપત્ર સુધારવો જોઇએ. (અંતરાય)

શ્રી વિજયકુમાર રૂપાણી : એક મિનિટ શ્રી જયેશભાઇ, માનનીય અધ્યક્ષશ્રી, મૂળ વાત એ છે કે પરિપત્રમાં જણશીના બધા ભાવો નક્કી થયા. હવે એ ભાવો મુજબ માલ આવે તો એ ભાવથી અમે વિતરણ કરીએ. એ ભાવથી માલ આવ્યો નથી. ચાલુ વર્ષે અમે એમ કહીએ છીએ કે, જ્યારે અમે ૯૧ રૂપિયામાં ખરીદી કરીને ગરીબોને ૬૦ રૂપિયામાં આ દાળ આપી છે. ૩૦ રૂપિયા રાજ્ય સરકારે સબસિડી આપી છે અને ગરીબોની ચિંતા અમે કરીએ છીએ. પછી વારંવાર પરિપત્રનો ઉલ્લખ કરવાનો કોઇ મતલબ નથી.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક - ૨, માનનીય સીમાબેન.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ક્રમાંક - ૨ (સતત ઘોંઘાટ)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, (સતત અંતરાય) આપણે એક જ પ્રશ્નમાં અડધો કલાક જેવી ચર્ચા કરી છે. ઘણું ઘણું થયું કહેવાય. (સતત અંતરાય) હવે એના પર પ્રશ્ન ન હોય. માનનીય પરેશભાઇ, ઘણું બધું આવી ગયું. પ્રશ્નો આવી ગયા. (સતત અંતરાય) માનનીય ગૃહના નેતાનો આટલો સારો ખુલાસો... (સતત અંતરાય) પ્લીઝ,

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આપની સરકારે કરેલા પરિપત્રને હજુ ૩૦ દિવસ પૂરા થયા નથી. સાહેબ, મારી વાત બહુ સ્પષ્ટ છે. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

શ્રી વિજયકુમાર રૂપાણી : એ ભાવે ખરીદી થઇ હોય તો (અંતરાય)...

શ્રી પરેશ ધાનાણી : અનાજ હોય, કઠોળ હોય (અંતરાય)...

## તા. ૧૯મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી વિજયકુમાર રૂપાણી : શ્રી પરેશભાઇ, એ ભાવે ખરીદી થઇ હોય તો દેખાડોને? તો અમે ૯૧ રૂપિયામાં ખરીદી કરી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનો પરિપત્રનો જે પ્રશ્ન છે એનો જવાબ પણ સ્પષ્ટ આવી ગયો. (સતત અંતરાય )

શ્રી પરેશ ધાનાણી : પરિપત્ર પણ સરકારનો છે, અમારો નથી.

અધ્યક્ષશ્રી : પરિપત્ર છે પણ એ ભાવે ખરીદી નથી થઇ. રૂપિયા ૯૧ના ભાવે ખરીદી થઇ. સબસિડી ૩૦ રૂપિયા આપી છે. આ પ્રશ્ન પૂરો થાય છે. (સતત અંતરાય )

શ્રી પરેશ ધાનાણી : ગરીબોને કાંઇ સસ્તુ નથી મળતું. (સતત અંતરાય) ખેડૂતોને પોષણક્ષમ ભાવ નથી મળતા. માનનીય અધ્યક્ષશ્રી, (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક:૨ (સતત અંતરાય) આનાથી વધારે શું ક્લેરિફિકેશન હોય? આમાં તમને અડધો કલાક ચર્ચા આપી. (સતત અંતરાય) એક જ પ્રશ્નમાં (બંને તરફથી માનનીય સભ્યશ્રીઓ ઊભા થઇ જતા ) તમે શું કરવા ઊભા થઇ જાઓ છો? (સતત અંતરાય) પણ સાહેબ આપણે શા માટે (સતત અંતરાય અને સૂત્રોચ્ચારો ) એક મિનિટ, હવે એવું લાગે છે કે એક જ પ્રશ્નની અંદર લગભગ અડધો કલાકની ચર્ચા તમને આપીએ, બધાને પ્રશ્નો પૂછવા દઇએ. તમને સંતોષ ના થાય એ બની શકે. પરંતુ ખુલાસાપૂર્વક વિગત આવી જતી હોય પછી આપણે સભાગૃહનું કામકાજ આગળ વધારવા દેવું પડે. આ રીતે સભાગૃહને અવરોધાય નહીં, પ્લીઝ. પણ તમારા પરિપત્ર મુજબ નથી ખરીદ્યો એમ કહે છે. જવાબ આવી ગયો છે. (અંતરાય)

શ્રી વિજયકુમાર રૂપાણી : અમે રૂપિયા ૩૯માં ખરીદી કરી હોય તો તમે કહો. ખરીદી રૂપિયા ૯૮માં કરીએ છીએ. રૂપિયા ૬૦માં આપીએ છીએ. જવાબ તો આપ્યો તમને? હવે શું છે? રૂપિયા ૩૯માં ખરીદી કરતા હોઇએ અને અમે રૂપિયા ૬૦માં વેચતા હોઇએ, (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમારા પ્રશ્નનો જવાબ આપી દેવામાં આવ્યો છે. ચાર ચાર વાર આપ્યો.

શ્રી વિજયકુમાર રૂપાણી : પરિપત્ર હોય પણ ખરીદી એ ભાવે થવી જોઇએ ને? પરિપત્ર પ્રમાણે ખરીદી નથી. સાહેબ, આ સમજતા જ નથી. માનનીય અધ્યક્ષશ્રી, સમજતા જ નથી. અમે એમ કહીએ છીએ રૂપિયા ૩૯માં ખરીદી કરી હોય અને રૂપિયા ૬૦માં આપતા હોઇએ.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, બેસી જાવ. બધા ગૃહની ગરિમા જાળવો.

શ્રી વિજયકુમાર રૂપાણી : સાહેબ, આજે બજાર ભાવ રૂપિયા ૯૮ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, બેસી જાવ. એમને જવું હશે તો જશે પણ આપ તો બેસી જાવ, આપણે શા માટે ઉભા રહીએ છીએ?

શ્રી વિજયકુમાર રૂપાણી : સાહેબ, આવી દાદાગીરી ન ચાલે.

અધ્યક્ષશ્રી : પણ આપણે તો બેસી શકીએ છીએ, આપણે બેસી શકીએ. આપણે શા માટે ન બેસીએ? (અંતરાય) આપને પ્રશ્નો પૂછવા દઇએ છીએ. માનનીય ડેર, તમારે ઉભા જ રહેવું છે? પ્લીઝ, શ્રી અનંતભાઇ, બેસી જાવ, પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો આપના માધ્યમથી સરકારને ખૂબ સીધો સવાલ છે. તા. ૨૬-૨-૨૦૨૧ એટલે આજથી એક મહિનો પૂરો નથી થયો. ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ દ્વારા જે પરિપત્ર કર્યો. ૧૫ જણસીનો ખરીદી ભાવ, પડતર ભાવ અને વસૂલવાપાત્ર ભાવ સરકારે નક્કી કર્યા છે. ઘઉં ૨૫૦૦ રૂપિયા ક્વિન્ટલના પડતર વસૂલવાપાત્ર રૂપિયા ૫૦૦૦, ચોખા ૨૬૦૦ રૂપિયા, વેચવાના રૂપિયા ૫૨૦૦ એ, ખાંડ ખરીદવાની રૂપિયા ૪૧૦૦ એ અને વેચવાની રૂપિયા ૮૨૦૦ એ, તુવેરદાળ ખરીદવાની રૂપિયા ૩૯૦૦ એ અને વેચવાની રૂપિયા ૭૮૦૦.

અધ્યક્ષશ્રી : વાત તુવેરદાળની છે ને?

શ્રી પરેશ ધાનાણી : ચણાદાળ ખરીદવાની રૂપિયા ૫૧૦૦ એ અને વેચવાની રૂપિયા ૧૦૨૦૦ એ એટલે અમારી લાગણી છે કે આ પડતર ભાવ છે. * (xxx) (અંતરાય) અમારો એ સવાલ છે.

શ્રી વિજયકુમાર રૂપાણી : સાહેબ, ખોટી વાત છે.

અધ્યક્ષશ્રી :આ શબ્દો કાઢી નાખવામાં આવે છે. આખું વાકય કાઢી નાખવામાં આવે છે.

શ્રી વિજયકુમાર રૂપાણી : સાહેબ, ખોટા આક્ષેપો થાય છે. મલાઇ કોંગ્રેસના સંસ્કારો છે. મલાઇ ખાઇને આ બધા લોકો આ જગ્યાએ છે. મલાઇની વાતો કરો છો? (અંતરાય)

અધ્યક્ષશ્રી :આ મનોવૃત્તિનો સવાલ છે. તમારા પ્રશ્નનો જવાબ ન આપતી હોય ટ્રેઝરી બેન્ચ તો હું પ્રયાસ કરું, પણ તમારા પ્રશ્નનો જવાબ આવી જતો હોય (અંતરાય) પણ કહે છે ને આપના પ્રશ્નનો જવાબ આપ્યો છે. આપ જાણીબુઝીને આ પ્રશ્નને ખેંચો તો એનો કોઇ અર્થ નથી. (અંતરાય)

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તારાંકિત પ્રશ્નો

શ્રી વિજયકુમાર રૂપાણી : સાહેબ, રૂપિયા ૩૯માં ખરીદી થઇ હોય તો દેખાડે. આ સાવ રાજકીય વાતો ચાલે છે. જવાબ સાંભળવામાં રસ નથી, નક્કર વસ્તુ નથી. ખોટા આક્ષેપો થઇ રહ્યા છે. રૂપિયા ૩૯માં ખરીદી કરી હોય તો દેખાડોને પણ? ખરીદી રૂપિયા ૯૮માં કરી છે અને રૂપિયા ૬૦માં આપીએ છીએ.

અધ્યક્ષશ્રી : ફરીવાર સભાગૃહમાં મારી વિનંતી છે. ગૃહના નેતાશ્રી, હું આપને બધાને વિનંતી કરું છું. માનનીય પરેશભાઇ,(સતત અંતરાય)

શ્રી વિજયકુમાર રૂપાણી : સાહેબ, આ ચાલવાનું છે? બધા જવાબ આપો. એમાં જરાય ચિંતા ન કરો. (અંતરાય) આવી રીતે હોય સાહેબ? અરે, અમે તમને જવાબ આપીએ છીએ. સાહેબ, સાંભળવાની તૈયારી નથી. બોલી લીધું, હવે અમારો જવાબ તો સાંભળો? (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમણે જવાબ આપ્યો, વિગતવાર આપ્યો, પ્લીઝ, બેસી જાવ. તમારે ફરી પૂછવું હોય તો ફરીવાર હું વિનંતી કરીશ પણ તમે પ્લીઝ, સામ સામે જવાબો ન આપીએ. શ્રી નરેશભાઇ, પ્લીઝ, શ્રી નૌશાદભાઇ અને શ્રી નરેશભાઇ, બંને બેસી જાવ. શ્રી ઋત્વિકભાઇ, બેસી જાવ. પ્લીઝ,

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, *(xxx)

શ્રી વિજયકુમાર રૂપાણી : આપણે જવાબ આપ્યો. સાંભળવું જ નથી તો?

અધ્યક્ષશ્રી : આપ સૌ બેસી જાવ, શું કરવા પગ દુખાડો છો? પ્લીઝ, બધા બેસી જાઓ. શ્રી ઇમરાનભાઇ, આ સ્કૂલ કોલજ નથી. બેસો, પ્લીઝ, પરંતુ આ શું માંડ્યું છે? આ પ્રશ્નને અડધો કલાક થયો. વારંવાર આ બાજુ તક આપવાનું છોડીને તમને તક વધારે આપું છું. તમારા પ્રશ્નનો વિગતવાર જવાબ મળે, પછી પણ પ્રશ્ન માટે હંગામો કરો છો? આવું ન ચલાવાય. માનનીય શૈલેષભાઇ, છેલ્લીવાર પ્રશ્ન પૂછવા દઉં છું. પ્લીઝ, શ્રી નૌશાદભાઇ, આપ હાથ નીચો કરો. તમે ધમાલ પણ કરો છો અને પ્રશ્ન પણ પૂછવો છે? આવું થોડું ચાલે? ચાલો, પ્લીઝ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે કન્ફ્યુઝન છે. ૨૬-૨ના પરિપત્ર મુજબ ૩૯ રૂપિયા છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે અમે ૯૧ રૂપિયામાં તુવેરદાળ ખરીદી. પરિપત્ર ૨૬-૨ નો છે. જવાબ તા.૩૧-૧૨-૨૦૨૦ સુધીનો. પરિપત્ર ૨૬-૨ સુધી અમલનો. તમારો ૩૧-૧૨ સુધીનો જવાબ છે કે ૯૧ રૂપિયામાં દાળ ખરીદી. ૩૯ રૂપિયે દાળ ખરીદવાની પરિપત્રમાં ઉલ્લેખ છે. દાળ ખરીદાઇ ૯૧ રૂપિયામાં એટલે ૫૨ રૂપિયાનો બે મહિનામાં ડિફરન્સ છે. સરકાર કહે છે કે અમે ૯૧ રૂપિયામાં દાળ ખરીદી અને ૩૦ રૂપિયાની સબસિડી પણ આપી છે. સવાલ ત્યાં ઉભો રહે છે કે ૩૯ રૂપિયાની દાળ લેવાની સરકાર વાત કરે અને એ દાળમાં ૫૨ રૂપિયા વધારે આપવાની વાત આવે. એ પણ ટૂંકાગાળામાં. એટલે આમાં શંકાની સોય જાય છે. મુખ્યમંત્રીશ્રી અમારી વાત આ છે. આપ સાહેબ ૩૦ રૂપિયાની સબસિડી આપો છો.

અધ્યક્ષશ્રી : ચર્ચા આવી રીતે શાંતિથી કરો તો ઠીક છે. અન્યથા તમે હો-હા હવે મચાવશો તો પ્રશ્નકાળનો સમય હું પૂરો કરી દઇશ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ છે કે ૯૧ રૂપિયામાં ખરીદી અને ૫૨ રૂપિયાનો ડિફરન્સ ટૂંકાગાળામાં આવે છે. રાજ્યમાં મોંઘવારી વધી છે. જો એ સસ્તા અનાજની દુકાન ઉપરથી તુવેરદાળ ઉપરથી ખબર પડતી હોય તો અન્ય ભાવમાં થતું હશે? અમારી લાગણી છે તમે પરિપત્ર બહાર પાડ્યો છે. તમારો પરિપત્ર છે એ સુધારવો જોઇએ. ડિપાર્ટમેન્ટની પણ ભૂલ છે. ના સુધાર્યો હોય તો સુધારવો જોઇએ. બીજું, આટલા ટૂંકાગાળામાં ૩૯ રૂપિયાની દાળ તમે ૯૧ રૂપિયામાં ખરીદી તો ૫૨ રૂપિયાનો ડિફરન્સ શા માટે આવ્યો?

અધ્યક્ષશ્રી : આનો ફાયદો ખેડૂતને થયો હશે? લાભ ખેડૂતને મળ્યો હશે.

વિજયકુમાર રૂપાણી : જવાબ આપું છું. જવાબ સાંભળવો છે કે નહીં? (અંતરાય)જવાબ સાંભળવો જ નથી? શ્રી શૈલેષભાઇના સવાલનો જવાબ આપું છું. જવાબ સાંભળવો જ નથી. (અંતરાય)આવું તો ચલાવાય જ નહીં? સાહેબ, ઉપરથી ગમે તેવું બોલે છે?

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, આપના પક્ષના ધારાસભ્યશ્રીઓને કહો.

વિજયકુમાર રૂપાણી : શ્રી કીરીટભાઇએ જે સવાલ પૂછ્યો ઓન રેકર્ડ છે. એમનું કહેવું એમ હતું કે ૩૯ રૂપિયાનો પરિપત્ર છે. ગરીબ લોકોને તમે શા માટે ૬૦-૬૧ રૂપિયાના ભાવથી આપો છો? ગરીબ લોકોને આ રીતે ઉંચા ભાવ કરીને, કાળાબજાર કરીને સરકાર નફો લેવા આ પ્રયત્ન કરી રહી છે, તો જવાબ આપે. આ સવાલ શ્રી કીરીટભાઇનો હતો. એના અનુસંધાનમાં કહીએ છીએ કે પરિપત્ર રૂપિયા ૩૯નો હશે. અધિકારીઓએ નાફેડે જે ભાવ કહ્યો હોય તે મુજબનો પરિપત્ર કાઢ્યો. વાસ્તવમાં બજારમાં ગૃહમાં મારી ચેલેન્જ છે કે આજે બજારમાં ૩૯ રૂપિયામાં દાળ મળતી હોય તો અમે આ બધી વસ્તુના સરકાર જવાબ દેવા તૈયાર છે.(અંતરાય) સાંભળો તો ખરા?

અધ્યક્ષશ્રી : શ્રી નૌશાદભાઇ, ઉભા ના થશો. શ્રી પંડ્યાજી, શ્રી ઋત્વિકભાઇ, આપ બંને જણા વારંવાર ખલેલ પહોંચાડો છો. ગૃહના નેતા જ્યારે વાત કરતા હોય, તો આપની ફરજ છે કે જવાબ સાંભળવો.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

## તા. ૧૯મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, આમાં મૂળ વાત એ છે કે સરકારે ખોટું કર્યું હોય તો અમે જવાબ દેવા તૈયાર છીએ. મારી ચેલેન્જ છે કે રૂપિયા ૩૯માં દાળ મળતી હોય અને અમે લોકોએ ૯૧ રૂપિયામાં ખરીદી હોય તો આ ગૃહમાં અમે જવાબ દેવા બંધાયેલા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ૩૯ રૂપિયામાં આજે કયાંય દાળ ન મળે. ખેડૂતોને આજે પૂરતા ભાવ મળે છે, ખેડૂત ખુશ છે. આ ૯૧ રૂપિયા ખેડૂતોને મળી રહ્યા છે. અમે સાહેબ આ દાળ ટેન્ડરથી લઇએ છીએ એમને એમ નથી લેતા. ટેન્ડરમાં ૯૧ રૂપિયા ભાવ આવ્યા છે અને તેમાં સરકારે ૩૦ રૂપિયા સબસિડી આપી. શ્રી કીરીટભાઇ, ગરીબ લોકોને અમે સસ્તા ભાવે દાળ આપીએ છીએ. આ જવાબ છે.

અધ્યક્ષશ્રી : શ્રી લલીતભાઇ, મને એમ લાગે છે કે આપે બહાર જવું જોઇએ. તમે એલ.ઓ.પી. બનવા માગો છો? જ્યારે તમારા માનનીય પરેશભાઇ ઉભા હોય ત્યારે તમે ? અને હવે એકપણ વાર તમે બોલશો તો બહાર કાઢવા પડશે. પ્લીઝ પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ૧૮મી માર્ચ ૨૦૨૧...

અધ્યક્ષશ્રી : મારે કોઇની સલાહની જરૂર નથી. પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ૧૮મી માર્ચ ૨૦૨૧ના રોજ ગુજરાતના ભાવનગર જિલ્લાના મહુવા માર્કેટીંગ યાર્ડના જે તુવેરદાળના ભાવ છે તે ૧૧૧૨ રૂપિયા ઓછામાં ઓછો ભાવ અને ૧૨૨૧ રૂપિયા વધુમાં વધુ ભાવ છે. આજનો ૧૮મી તારીખનો ભાવ છે. ખેડૂતના દીકરાની ૧૧૧૨ x ૫ એટલે ૫૫૬૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ તુવેરદાળ આજે બજારમાં વેચાય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : (બેઠાં બેઠાં) તુવેર, તુવેરદાળ નહીં.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહું છું. આજે તુવેરદાળ વેચાય છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : (બેઠાં બેઠાં) તુવેર, તુવેર.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, તુવેર, તુવેર. હું ખેડૂત છું.

અધ્યક્ષશ્રી : એમણે સુધાર્યું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ૫૫૬૦ રૂપિયે ક્વિન્ટલ તુવેર ખેડૂતના દીકરાની ખુલ્લી બજારમાં વેચાતી હોય અને ૯૧ રૂપિયા પ્રતિ કિલો તુવેરદાળ ખરીદવામાં આવે છે. સાહેબ, ગુજકોમાસોલ તુવેરદાળ બનાવે છે. આપણી સહકારી સંસ્થામાંથી મેં લોકડાઉનમાં ખરીદી એટલે મને ખબર છે. મારી આપના મારફત સરકારને વિનંતી છે. આ સ્પષ્ટ છે કે ખેડૂતની તુવેરના ભાવ..

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, એક-બે મિનિટ રોકાઇ જાઓ. માનનીય પરેશભાઇ, એક-બે મિનિટ રોકાઇ જાઓ. એક-બે મિનિટ રોકાઇ જાઓ. માનનીય ઋત્વિકભાઇ, આપ આપની જાતે બહાર જતા રહેશો. (આ તબક્કે માનનીય ઋત્વિકભાઇ સભાગૃહ છોડી ગયા.)

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, સામેની બાજુએ...

અધ્યક્ષશ્રી : માનનીય પંડયાજી, પ્લીઝ. તમારે કહેવાની જરૂર નથી. હું એ જ એસેસમેન્ટ કરતો હતો. માનનીય પંડયાજી, આપ પણ બહાર જતા રહેશો. (આ તબક્કે માનનીય શશીકાંત પંડયા સભાગૃહ છોડી ગયા.) થેન્ક યુ. માનનીય ડેર આપ પણ બહાર જતા રહેશો. આપ બહાર જતા રહેશો પ્લીઝ. (આ તબક્કે માનનીય અમરીષભાઇ ડેર સભાગૃહ છોડી ગયા.)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એમને પણ મોકલી દો.

અધ્યક્ષશ્રી : શ્રી ડેરની સાથે તમને અને તમારી જોડી છે. તે બહાર રાહ જોતા હશે, જુઓ, બહાર ઉભા લાગે છે. પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી આપના મારફત માનનીય ગૃહના નેતા અને મુખ્યમંત્રીશ્રીને વિનંતી છે, હું પણ ખેડૂતનો દીકરો છું અને આ ગૃહમાં ઘણાખરા લોકો ખેતી સાથે જોડાયેલા છે. આજનો ભાવ જે કહ્યો તેમાં આપણે તુવેરમાંથી તુવેરદાળ બનાવીએ તો નીતિનભાઇ એક કિલોએ કેટલો ખર્ચ થાય? રૂપિયો, બે રૂપિયા, ત્રણ રૂપિયા, ચાર રૂપિયા, પાંચ રૂપિયા અને સાહેબ અહીં ૯૧ રૂપિયા. એટલે અમારી સ્પષ્ટ લાગણી છે કે, ઉત્પાદકને પોષણક્ષમ ભાવ મળે. ઉપભોકતાને સસ્તુ મળે તેનો સેતુ સરકારે બનવાનું હોય. માનનીય મંત્રીશ્રીના જવાબથી સ્પષ્ટ છે અને સામાન્ય લોકોને શંકા થાય છે કે ૩૯ રૂપિયાની ખરીદી અને ૯૧ રૂપિયે...

અધ્યક્ષશ્રી : ૩૯ રૂપિયા નથી તે સ્પષ્ટ થઇ ગયા પછી ૩૯, એક મિનિટ.. પહેલાં ૩૯ શબ્દ છોડી દો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, તે જી.આર.નો શબ્દ ટાંક્યો છે.

અધ્યક્ષશ્રી : હવે જી.આર. પ્રમાણે કશું થયું જ નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આજનો બજારનો ભાવ રૂપિયા ૫૫૬૦ છે.

અધ્યક્ષશ્રી : તે જી.આર. પ્રમાણે થયું નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૫૫૬૦ રૂપિયે એ તુવેર ખરીદીને અને ૯૧ રૂપિયે તુવેરદાળ તો માનનીય અધ્યક્ષશ્રી, ૩૬ રૂપિયા...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આમાં કંઇ કહેવું છે? એક મિનિટ આમનું પૂરું થઇ જાય એટલે...

## તારાંકિત પ્રશ્નો

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એક કિલોએ ૩૬ રૂપિયાનો ફેર પડયો. મારી વિનંતી છે કે, સરકારે...

અધ્યક્ષશ્રી : હવે આમાં વધારે ખેંચાય તેવું નથી. આપણે બીજા પ્રશ્ન પર જઇએ. તમારી બધાની વાત આવી ગઇ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ભવિષ્યમાં ક્ષતિ સુધરે તેના માટે સરકાર કોઇ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજીત ભાવ કોઇ પણ હોઇ શકે પણ બજાર ભાવથી વસ્તુની ખરીદી થતી હોય છે. હું બીજા વિભાગનો દાખલો આપું જેથી આપને ખ્યાલ આવશે. દાખલા તરીકે અમે કોઇ રૂપિયા ૨૫ કરોડના ખર્ચે પુલ બનાવવાનું ટેન્ડર બહાર પાડ્યું અને અમારો એસ્ટીમેટ રૂપિયા ૨૫ કરોડ હોય સમજી લો કે કોઇ કારણસર કોઇ વસ્તુના ભાવમાં અચાનક વધારો થાય, આયાતમાં કોઇ વસ્તુના ભાવમાં વધારો થાય, સ્ટીલના ભાવ વધે, સિમેન્ટના ભાવ વધે અથવા મજૂરીના ભાવ વધે તો રૂપિયા ૨૫ કરોડના એસ્ટીમેટવાળા પુલનો ખર્ચ રૂપિયા ૩૨ કરોડ થઇ જાય તો એને પડકી ન રખાય કે તમે રૂપિયા ૨૫ કરોડનું ટેન્ડર બહાર પાડ્યું હતું અને તમે રૂપિયા ૩૨ કરોડમાં કેમ કામ આપ્યું? જે રીતે ટેન્ડરમાં ભાવ આવે, જુદા જુદા લોજીકથી તપાસી અને એને મંજૂર કરાય. આ રૂપિયા ૩૯ કેવી રીતે હતા? તો એ ગયા વર્ષે હતા, અમે જ્યારે ખરીદી કરી ત્યારે ૯૧ રૂપિયા ભાવ હતો, અત્યારે હાલ મેં અહીં બેઠાં બેઠાં વેપરીને તૂવેર દાળના હાલના ભાવ પૂછ્યા તો આજે ૯૮ રૂપિયા છે. એટલે બજારમાં કોઇ પણ વસ્તુની કિંમતમાં વધ-ઘટ થતી હોય છે અને પરિપત્ર એ અલગ વસ્તુ છે, નિર્ધારીત એસ્ટીમેટ અલગ વસ્તુ છે અને બજારમાંથી ખરીદી કરવી એ અલગ વસ્તુ છે. બીજો દાખલો આપુ કે, મગફળીના ટેકાના ભાવ ભારત સરકારે નક્કી કર્યા પણ એક્ષપોર્ટ થવાના કારણે મગફળીની કિંમત વધી ગઇ, તેલની નિકાસ થઇ અને ખેડૂતોને વધારે ભાવ મળ્યા તો કોઇ એમ કહે છે કે તમે ટેકાના આ ભાવે ખરીદી કરવાના હતા તો વધારે ભાવ ખેડૂતોને કેમ આપો છો? એ ખેડૂતોનો અધિકાર છે, ખેડૂતોના હિતમાં જે થતું હોય એ અમારી સરકાર કરે છે. એટલે આ ૩૯ રૂપિયા કે કોઇ પણ કિંમતને પકડી રાખવાનું કોઇ કારણ નથી.

### છોટાઉદેપુર જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય

* ૩૬૦૭૪ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે? | ૩૪ |

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કઇ કઇ સેવા-સહકારી મંડળીનોઓને કેટલી રકમનું ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, પ્રશ્ન ક્રમાંક-૨, ૩, ૪ અને ૬ એમાં ફકત ડિસ્ટ્રીક્ટ બદલાય છે વિષય એક જ છે એટલે નીતિનો એકવાર જવાબ આપી દીધા પછી બીજા જવાબ આપવાના રહેશે નહીં.

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં સામાન્ય વિસ્તારની ૯ અને આદિજાતિ વિસ્તારની ૧૧ એમ કુલ ૨૦ સેવા-સહકારી મંડળીઓને ધિરાણ વૃદ્ધિ સહાય અને વસૂલાત વૃદ્ધિ સહાય ચૂકવવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦ મંડળીઓ છે એટલે એના નામ આપ કહો તો ડિટેલમાં આપુ નહીં તો એમને આપી દઇશ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એ નામ એમને આપી દેજો.

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, તો વિગતવાર મંડળીઓના નામ આપતો નથી. સાથે સાથે છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ ૨૦૧૮-૧૯માં ૨૦ સેવા-સહકારી મંડળીઓને ધિરાણ વૃદ્ધિ સહાય રૂપિયા ૪,૪૨,૮૦૦/- તથા વસૂલાત વૃદ્ધિ સહાય રૂપિયા ૨,૨૯,૦૦૦/- એમ મળીને કુલ રૂપિયા ૬,૩૧,૮૦૦/- ચૂકવવામાં આવેલ છે અને એવી જ રીતે છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ ૨૦૧૯-૨૦માં સામાન્ય વિસ્તારની ૮ સેવા-સહકારી મંડળી અને આદિજાતિ વિસ્તારની ૬ સેવા-સહકારી મંડળી એમ કુલ ૧૪ સેવા-સહકારી મંડળીઓને આ લાભ આપવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૯-૨૦માં કુલ ૧૪ સેવા-સહકારી મંડળીઓને ધિરાણ વૃદ્ધિ સહાય રૂપિયા ૪,૩૬,૭૦૦/- અને વસૂલાત વૃદ્ધિ સહાય રૂપિયા ૫,૧૧,૨૦૦/- એમ કુલ રૂપિયા ૯,૪૭,૯૦૦/- ચૂકવવામાં આવ્યા છે.

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી એ જણાવવા કૃપા કરશે કે, વર્ષ ૨૦૧૮-૧૯ તથા વર્ષ ૨૦૧૯-૨૦માં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલી મંડળીઓને સહાય આપવામાં આવી છે?

અધ્યક્ષશ્રી : ખાલી આંકડા પુછ્યા છે.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : પાંચ જ તાલુકા છે.

અધ્યક્ષશ્રી : આપી દો,

## તા. ૧૯મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ ૨૦૧૮-૧૯માં તાલુકાવાઇઝ માહિતી આપું તો સંખેડા તાલુકામાં સામાન્ય વિસ્તારની ૭ મંડળી અને આદિજાતિ વિસ્તારની ૨(બે) મંડળીઓ, બોડેલી તાલુકામાં સામાન્ય વિસ્તારની ૨(બે) આદિજાતિ વિસ્તારની ૨(બે) મંડળીઓ, છોટાઉદેપુર તાલુકામાં આદિજાતિ વિસ્તારની ૩ મંડળીઓ, જેતપુર-પાવી તાલુકામાં આદિજાતિ વિસ્તારની ૨(બે) મંડળીઓ, નસવાડી તાલુકામાં આદિજાતિ વિસ્તારની ૨ (બે) મંડળીઓ, એમ વર્ષ ૨૦૧૮-૧૯માં છોટાઉદેપુર જિલ્લામાં સામાન્ય વિસ્તારની કુલ ૯ અને આદિજાતિ વિસ્તારની કુલ ૧૧ મંડળીઓને આ સહાય આપવામાં આવી છે, એવી જ રીતે વર્ષ ૨૦૧૯-૨૦માં સંખેડા તાલુકામાં સામાન્ય વિસ્તારની ૮ મંડળીઓ, આદિજાતિ વિસ્તારની ૪ મંડળીઓ, બોડેલી તાલુકામાં એક પણ મંડળી નથી, જેતપુર-પાવી તાલુકામાં આદિજાતિ વિસ્તારની ૧ મંડળી અને નસવાડી તાલુકામાં ૧ મંડળી આમ ૨૦૧૯-૨૦માં સામાન્ય વિસ્તારની કુલ ૮ અને આદિજાતિ વિસ્તારમાં ૬ મંડળીઓને આ સહાય આપવામાં આવી છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, સેવા સહકારી મંડળીઓને ધિરાણ આપવા માટેના નિયમો શું છે એક જ ગામની અંદર સમાન હેતુવાળી મંડળીઓ હોય તો એમને ધિરાણ આપવા માટે કઇ પદ્ધતિથી ધિરાણ આપવામાં આવે છે અને એક સભાસદને કેટલું ધિરાણ આપવામાં આવે છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ધિરાણ છે એ સભાસદોને નહિ પણ મંડળીઓને આપવામાં આવે છે. છેલ્લાં ત્રણ વરસનું સરેરાશ ધિરાણ અને વસૂલાત જોવામાં આવે છે. ચાલુ વરસે એમાં જે વૃદ્ધિ થઇ હોય એટલે કે ૧૦ ટકાથી ૧૫ ટકા વૃદ્ધિ થઇ હોય તો ૧ ટકા લેખે સહાય આપવામાં આવે છે. ૧૫ ટકાથી ૨૦ ટકા વૃદ્ધિ થઇ હોય તો ૧.૫ ટકા લેખે અને ૨૦ ટકાથી ઉપરની વૃદ્ધિ હોય તો ૨ ટકા લેખે અથવા તો વધુમાં વધુ રૂપિયા ૫૦,૦૦૦ એ રીતે સહાય યોજના હેઠળ મંડળીઓને ચૂકવવામાં આવે છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, સહકારી પ્રવૃત્તિ ગુજરાત રાજ્યની હતી અને એ સહકારી પ્રવૃત્તિને આખા દેશે સ્વીકારી છે. ગામડામાં વિવિધ કાર્યકારી મંડળી હોય કે મોટા કદની મંડળી હોય અને એના થકી ગામડાના ખેડૂતોને ધિરાણ મળતું હોય અને એ મંડળીએ જે વસૂલાત કરી હોય એમાં તમે પ્રોત્સાહક રકમ ચૂકવો છો, મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, જે ૩૪ મંડળીઓ છે એમાં વિ.કા. મંડળીઓ કેટલી અને મોટા કદની મંડળીઓ કેટલી છે અને આ મંડળીઓમાં કામ કરતા જે કર્મચારીઓ છે એમને પગાર ઓછો હોવાના કારણે ઘણી વખત ગેરરીતિઓ થતી હોય છે. આવી કોઇ ગેરરીતિ તમારા ધ્યાન પર આવી છે કે કેમ એ મારે આપની પાસેથી જાણવું છે.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ જે મંડળીઓને સહાય ચૂકવેલી છે એમાં સામાન્ય વિસ્તારની મંડળીઓની તાલુકાવાઇઝ માહિતી મેં આપી છે. એવી રીતે છોટાઉદેપુર જિલ્લામાં વર્ષ ૨૦૧૮-૧૯માં સામાન્ય વિસ્તારમાં કુલ ૯ મંડળીઓ છે અને આદિજાતિ વિસ્તારમાં ૧૧ મંડળીઓ છે.

અધ્યક્ષશ્રી : ફરી પૂછો, મને ખબર છે, માનનીય મંત્રીશ્રી, સભ્યશ્રી તમને ફરીથી પૂછે છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મેં આપને પ્રશ્ન સીધો જ પુછ્યો છે કે આમાં વિવિધ કાર્યકારી મંડળીઓ કેટલી અને મોટા કદની સહકારી મંડળીઓ કેટલી અને ત્રીજો પ્રશ્ન હતો કે આ મંડળીઓના મંત્રીઓનો પગાર ટૂંકો હોવાના કારણે ગેરરીતિઓ થતી હોય છે તો એવી કોઇ ગેરરીતિઓ આપના ધ્યાન પર આવી છે કે કેમ એ મારે આપની પાસેથી જાણવું છે.

અધ્યક્ષશ્રી : આંકડા પહેલાં તો પૂછ્યા છે અને ત્રીજા પ્રશ્નનો જવાબ આપની પાસે હોય તો આપો.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૩-૨૦૨૦ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કુલ ૬ તાલુકામાં ૧૭૭ મંડળીઓ આવેલી છે, એમાં બે જાતની મંડળીઓ પેક્સ અને લેમ્સ એટલે કે નાની મંડળીઓ અને મોટી મંડળીઓ. છોટાઉદેપુર જિલ્લામાં બોડેલી તાલુકામાં પેક્સ ૪૩ મંડળી છે અને લેમ્સ એક પણ નથી. છોટાઉદેપુર તાલુકામાં પેક્સ મંડળી ૮ અને લેમ્સ મંડળી ૯, જેતપુર-પાવી તાલુકામાં પેક્સ મંડળી ૨૯, ક્વાંટ તાલુકામાં પેક્સ મંડળી ૯ અને લેમ્સ મંડળી ૧૦ આવેલી છે. નસવાડી તાલુકામાં પેક્સ મંડળી ૧૬ અને લેમ્સ મંડળી ૭ અને સંખેડા તાલુકાની અંદર પેક્સ મંડળીઓ ૪૬ એમ છોટાઉદેપુર જિલ્લામાં કુલ જે ૧૭૭ મંડળીઓ છે એમાંથી ૧૫૧ પેક્સ મંડળીઓ અને ૨૬ લેમ્સ મંડળીઓ છે. આ આખા જિલ્લાની મંડળીઓ છે મેં અગાઉ જવાબ આપ્યો આ વિસ્તારમાંથી સામાન્ય વિસ્તારમાં કે આદિજાતિ વિસ્તારની આટલી આટલી મંડળીઓને વૃદ્ધિ સહાય અને ધિરાણની યોજનાઓનો લાભ મળેલ છે.

અધ્યક્ષશ્રી : પગારની કોઇ ફરિયાદ આવી છે કે કેમ એમ પૂછે છે સભ્યશ્રી, એના માટે એમને જુદી નોટિસ આપવી પડશે? (અંતરાય) સારું. .

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા :હા, જુદી નોટિસ આપવી પડશે સાહેબ.

અધ્યક્ષશ્રી : આમાં કંઇ વિવાદ થાય એની પહેલાં હું જ જવાબ આપી દઉંને.

**છોટાઉદેપુર જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય**

* ૩૬૦૬૧ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા. ૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત | ૩૪ |

છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે?

અધ્યક્ષશ્રી : પ્રશ્ન-૨ અને પ્રશ્ન-૬એ છોટાઉદેપુરના જ છે અને એકસરખા છે એટલે એ સિવાયનું કંઇક પૂછજો.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, હા જી, સાહેબ. હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વર્ષ ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦માં છોટાઉદેપુર જિલ્લામાં સામાન્ય વિસ્તારમાં મંડળીઓને તાલુકાવાર કેટલી રકમની સહાય આપવામાં આવે છે?

અધ્યક્ષશ્રી : જવાબ આવી ગયો છે. તેમણે આગળ સાંભળ્યો નથી. તે તેમના છઠ્ઠા પ્રશ્નમાં ગૂંચવાયેલા હતા.

**સાબરકાંઠા જિલ્લાની બજાર સમિતિને કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ**

* ૩૬૧૯૩ **શ્રી સુરેશભાઇ પટેલ** (મણિનગર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાની પ્રાંતિજ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૦૭.૫૫/- લાખ. |
| (૨)ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે? | (૨) રૂ.૦૭.૫૫/- લાખ. |

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કિસાન કલ્પવૃક્ષ યોજના અંતર્ગત બજાર સમિતિઓમાં કઇ કઇ સુવિધાઓ ઉભી કરવામાં આવે છે અને મારો બીજો પ્રશ્ન છે કે, મારા મૂળ વતન ચાણસ્મામાં આદરણીય દિલીપભાઇએ બજાર સમિતિ બંધ હતી અને તે ચાલુ કરી તેને અભિનંદન આપું છું અને એક તરફ આપણે એવું જોઇએ છીએ કે બજાર સમિતિઓ બંધ થઇ જશે અને આમ થશે તો આપણે નવી ચાલુ થાય તો આ બજાર સમિતિઓના સપોર્ટ માટે સરકારનું શું આયોજન છે ?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, કિસાન કલ્પવૃક્ષ યોજના અંતર્ગત બજાર સમિતિઓની અંદર સુવિધાઓ ઉભી કરવા માટે આ યોજના અંતર્ગત સહાય આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત બજાર સમિતિઓને તેમની સુવિધા માટે ઓકશન શેડ, લોડીંગ અન લોડીંગ શેડ, પાર્કિંગ શેડ, ડ્રાયરશેડ, માર્કેટયાર્ડની દિવાલ ફેન્સીંગ ગેટ સાથે, આંતરીક પાકા રસ્તા, બાયોગેસ સાથેનું સોલીડ વેસ્ટ ડિસ્પોજલ પ્લાન્ટ, રૂમ સાથેના વે-બ્રિજ, અનાજ કઢોળ તથા મસાલા સાફ કરવાના કિલનીંગ વોશીંગ ગ્રેડીંગ પેકેજીંગ યુનિટ, વેજીટેબલ એન્ડ ફ્રુટ કોલ્ડ રૂમ/કોલ્ડ સ્ટૉરેજ, ઓટોમેટીક ડ્રાયર સેન્ટર, બેલીંગ પ્રેસ, એગ્સ સ્ટૉરેજ સેન્ટર, દૂધ કલેકશન સેન્ટર, ઇન્ફર્મેશન સેન્ટર, ફ્રુટ એન્ડ વેજીટેબલ માટે પ્રાયમરી પ્રોસેસીંગ સેન્ટર, ગ્રેડીંગ કિલનીંગ વેકસીંગ એન્ડ પેકીંગ સુવિધા, પ્રી-કુલીંગ એકમો, રાઇપનીંગ ચેમ્બર, ફ્રુટ એન્ડ વેજીટેબલ માર્કેટ, ફાર્મર ટ્રેનીંગ સેન્ટર, શૌચાલય અને બાથરૂમ, કમ્પાઉન્ડવોલ ગેટ સાથે, એમ્બ્યુલન્સ વાન, ઓફિસ બિલ્ડીંગ, શોપ્સ કમ ગોડાઉન, પ્લેટફોર્મ, રેસ્ટ હાઉસ, ખેડૂત કેન્ટીન, લાઇટની વ્યવસ્થા, ફ્રુટ શોપ, ખેડૂત ગોડાઉનો, વેપારી અને અન્ય ગોડાઉનો આવી અલગ અલગ ૩૫ જાતની સુવિધાઓ આ યોજના હેઠળ માર્કેટીંગ યાર્ડોને આપવામાં આવે છે.

શ્રી રાજેન્દ્રસિંહ ૨. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કિસાન કલ્પવૃક્ષ યોજનામાં સહાયના ધોરણો શું છે ?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, કિસાન કલ્પવૃક્ષ યોજનામાં સામાન્ય વિસ્તાર માટે અ અને બ વર્ગ ધરાવતી બજાર સમિતિઓને કુલ પ્રોજેકટ કોસ્ટના ૨૫ ટકા એટલે જયારે ક અને ડ વર્ગની બજાર સમિતિઓને કુલ પ્રોજેકટ કોસ્ટના ૫૦ ટકા સહાય આપવામાં આવે છે. જયારે આદિજાતિ વિસ્તારની અંદર અ અને બ વર્ગ ધરાવતી બજાર સમિતિઓને કુલ પ્રોજેકટ કોસ્ટના ૫૦ ટકા અને ક અને ડ વર્ગની બજાર સમિતિઓને કુલ પ્રોજેકટ કોસ્ટના ૭૫ ટકા આ યોજના હેઠળ લાભ આપવામાં આવે છે. આ યોજનાથી નવા સાધનો પણ આ યોજનાની અંદર ઉમેરવામાં આવ્યા છે અને આ યોજનામાં બજાર સમિતિઓને રાજય સરકાર દ્વારા મહત્તમ ૫ કરોડ રૂપિયા સુધીની સહાય અલગ અલગ માર્કેટીંગ યાર્ડોને આપવામાં આવે છે.

**વિંછીયા બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ મંજૂર રકમ**

* ૩૬૨૧૭ **શ્રી ગોવિંદભાઇ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લાની વિંછીયા બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ. ૫૦.૦૦/- લાખ |
| (૨)ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે? | (૨) રૂ. ૫૦.૦૦/- લાખ |

# તા. ૧૯મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આગલા પ્રશ્નના જવાબમાં મારો પ્રશ્ન આવી જાય છે એટલે મને સંતોષ છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ બીજા સવાલના જવાબમાં જણાવ્યું કે ૫૦ લાખ રૂપિયાની રકમ ચૂકવવામાં આવી છે તો એ રકમ કઇ તારીખે ચૂકવવામાં આવી અને કઈ-કઈ શરતોએ આ બાંધકામ કરવાનું થાય છે એની વિગતો આપે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ વિંછીયા માર્કેટિંગ યાર્ડને ૫૦ લાખ રૂપિયાની સહાય તા.૧૯/૧૦/૨૦૧૯ના નાણાકીય હુકમથી સહાય સંયુક્ત ખાતામાં ચૂકવવામાં આવી છે અને વિંછીયા બજાર સમિતિને આ યોજના હેઠળ ખેડૂત શેડની સગવડ ઊભી કરવા માટે રૂપિયા ૫૦ લાખની સહાય આપવામાં આવી છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ૫૦ લાખ રૂપિયાની રકમ મંજૂર કરી દીધી પણ એ મંજૂર કરતી વખતે સહકાર વિભાગે શરતો પણ મૂકી હશે કે આટલી શરતોનું પાલન કરવાનું રહેશે. તો એ કઈ-કઈ શરતોએ આપણે આ ૫૦ લાખ રૂપિયા આપ્યા છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આધુનિક બજાર સ્થાપવાની યોજનામાં જે સહાય આપવાના ધોરણો અને શરતો છે એ અંગેની માહિતી મેં અગાઉ પહેલાં જવાબમાં પણ આપી હતી કે અલગ-અલગ ખેડૂતો માટેના શેડ, કેન્ટિન, આંતરિક રસ્તાઓ અને પેવર બ્લોક નાંખવા વગેરે જેવા કામોમાં પ્રોજેક્ટ કોસ્ટના ૧૦૦ ટકા અથવા ૫૦ લાખ રૂપિયાની મહત્તમ મર્યાદા છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય મંત્રીશ્રી માહિતી ટેબલ પર મૂકી દેજો.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, સભ્યશ્રી એવું કહે છે કે આપ આ માહિતી ટેબલ પર આપી દેજો.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે માહિતી છે. હું આપી દઉં છું.

અધ્યક્ષશ્રી : હા, તો આપી દો.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, રૂપિયા ૫૦ લાખની મંજૂરી આપતા પહેલાં નાયબ નિયામક અને જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓએ તેની કાળજીપૂર્વક ચકાસણી કરી લેવાની રહેતી હોય છે. જે હેતુ માટે સહાય મંજૂર કરવામાં આવી છે તે હેતુ માટે બજાર સમિતિ ભવિષ્યમાં અન્ય સહાયક સંસ્થા પાસેથી સહાય મેળવી શકશે નહિ. નાયબ નિયામક અને જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓએ સમિતિના કામકાજના પ્રમાણમાં સહાયની રકમ છૂટી કરવાની રહેશે. કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવથી જે શરતો નક્કી કરવામાં આવી છે એમાં આ અલગ-અલગ શરતોનું પાલન કરવાનું રહેશે. વર્ષ દરમિયાન એક વાર સહાય મળી શકે છે. આ શરતોને આધીન અમે સહાય આપીએ છીએ.

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, કલ્પવૃક્ષ યોજના અને આર.કે.વાય. યોજનામાં તારાપુર એ.પી.એમ.સી.ને રૂપિયા પાંચ કરોડની સહાય આપી હતી. એ ગાઇડ લાઇન પ્રમાણે કામો ન થયા અને ઉચાપત થઇ હતી. એ બાબતની સરકારને જાણ છે કે કેમ? અને એ ઉચાપત થઇ એમાં એક અધિકારીનો ભોગ પણ લેવાયો હતો. એની પણ કોઇ તપાસ થઇ નથી તો એ તપાસ કરવા માગો છો કે કેમ અને જે ઉચાપત કરનાર છે એની સામે શું પગલાં લીધાં અને હવે શું પગલાં લેવા માગો છો?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જવાબ વિંછીયા બજાર સમિતિનો હોવાથી સભ્યશ્રી અલગથી નોટિસ આપશે તો એમને જવાબ આપીશું.

અધ્યક્ષશ્રી : મને એક પત્ર મળ્યો છે. ‘‘માનનીય અધ્યક્ષશ્રી આપ સાહેબે માનનીય ઋત્વિકભાઈ અને માનનીય શશીકાંતભાઇને બહાર જવા માટે કહ્યું. ત્યારે મેં એ બંને મિત્રોને એવી વિનંતી કરી હતી કે, લોંજમાં બેસીને સાથે ચા પીજો. મારે તો આજે ધર્મ કરતાં ધાડ પડી. આપનો, શ્રી અમરીષભાઇ ડેર.’’ આ સમય પૂરો કરવો છે.

### સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના

* ૩૬૨૦૪ **શ્રી કિરીટસિંહ રાણા** (લિંબડી) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૩૧-૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જળસંગ્રહ માટે કેવા પ્રકારના કામો હાથ ધરવામાં આવેલ છે, | (૧) |

| હાથ ધરવામાં આવેલ કામના પ્રકાર | |
|---|---|
| વર્ષ ૨૦૧૮-૧૯ | વર્ષ ૨૦૧૯-૨૦ |
| નવા ચેકડેમ, નવી ચેકવોલ, નવા-તળાવ, નવી ખેત તલાવડી, નવા અર્ધન બંધ, નવા અર્ધન ડેમ, નવા કોઝવે-કમ-ચેકડેમ અને ડીસીલ્ટીંગ તળાવ | નવા ચેકડેમ, નવી ચેકવોલ, નવા-તળાવ, નવી ખેત તલાવડી, નવા અર્ધન બંધ, નવા કોઝવે-કમ ચેકડેમ, ડીસીલ્ટીંગ તળાવ, ચેકડેમ રીપેરીંગ અને ચેકડેમ રીપેરીંગ સાથે ડીસીલ્ટીંગ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ જળસંગ્રહના કુલ કેટલા કામો કરવામાં આવેલ છે, અને | (૨) ૩૧૮ કામો |
| (૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૩) રૂ. ૪૯૩.૧૬ લાખ |

અતારાંકિત પ્રશ્નો

શ્રી કિરીટસિંહ રાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ અંતર્ગત જળસંગ્રહના વર્ષવાર અને તાલુકાવાર કેટલા કામો, ક્યા પ્રકારના થયા અને તેનો ખર્ચ કેટલો થયો?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ અંતર્ગત જળસંગ્રહના તાલુકાવાર જે કામો કરવામાં આવ્યા છે એ સંદર્ભમાં માહિતી માગી છે. વર્ષ ૨૦૧૮-૧૯માં ચોટીલા તાલુકાના પાંચ ગામમાં ૫૧ કામો કરવામાં આવ્યા છે. એમાં રૂપિયા ૫૨.૬૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. એ જ રીતે સાયલા તાલુકાના પાંચ ગામમાં ૩૫ કામોમાં રૂપિયા ૫૮.૨૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. એ જ રીતે લીંમડી તાલુકાના પાંચ ગામમાં ૪૬ કામો કરવામાં આવ્યા છે. એમાં રૂપિયા ૫૯.૭૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

અધ્યક્ષશ્રી: પ્રશ્નકાળ પૂરો થાય છે. માનનીય ઋત્વિકભાઈ, શ્રી શશીકાંતભાઈ અને માનનીય અમરિષભાઈ ડેરને માત્ર પ્રશ્નકાળ સુધી જ એમને બહાર જવાનું હતું એટલે તેઓ હવે આવી શકશે.

**અતારાંકિત પ્રશ્નો**

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**આણંદ જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૩૬૦૩૩ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે? | ૪૫ |

- - - - - - - - -

**મહિસાગર જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૩૬૦૪૩ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં મહિસાગર જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે? | ૨૮ |

- - - - - - - - -

**રાજ્યમાં ખાદ્યતેલનો બફર સ્ટોક**

૩૫૩૦૫ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ગરીબોને તહેવારોમાં સસ્તું અને પૂરતું ખાદ્યતેલ મળી રહે તે માટે ક્યા પ્રકારના કેટલા ખાદ્યતેલનો બફર સ્ટોક કરેલ, | (૧) રાજ્યના અંત્યોદય અને બી.પી.એલ. કાર્ડધારકોને તહેવારો (જન્માષ્ટમી અને દિવાળી)ના માસમાં વર્ષમાં બે વાર જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવે છે. જે ખાદ્યતેલની ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા ખરીદી કરવામાં આવે છે.<br>આમ, જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ખાદ્યતેલનો કોઇપણ બફર સ્ટોક કરવામાં આવતો નથી. |
| (૨) ખાદ્યતેલના બફર સ્ટોક માટે રાજ્ય સરકારે કોની પાસેથી ક્યા પ્રકારનો ખાદ્યતેલનો જથ્થો કઇ કંપનીઓ પાસેથી ખરીદ કર્યો, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩)ઉક્ત ખાદ્યતેલ ગરીબોને શા ભાવે વેચાણ કરવામાં આવ્યું? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

તા. ૧૯મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**ડાંગ જિલ્લામાં રમતગમત સંકુલોના બાંધકામનો થયેલ ખર્ચ**

૩૬૧૧૦ **શ્રી વિજયભાઇ પટેલ** (ડાંગ) : **માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં રમતગમતના સંકુલ ક્યા-ક્યા સ્થળે આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રમતગમતના સંકુલમાં કઇ-કઇ રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં રમત ગમત સંકુલોના બાંધકામ બાબતે કુલ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં સાપુતારા ખાતે રમતગમતનું સંકુલ આવેલ છે.

(૨) આ રમતગમતના સંકુલમાં બેડમિન્ટન, ખો-ખો, કબડ્ડી અને જુડોની રમતનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૩) છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં રમત ગમત સંકુલોના બાંધકામ બાબતે કુલ રૂ. ૧૧૦.૮૫ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**છોટાઉદેપુર જિલ્લામાં મનરેગા યોજના**

૩૫૩૮૪ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૦૧-૦૨-૨૦૨૧ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં વન વિભાગને કયા કયા કામો માટે કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવેલી છે, અને

**જવાબ**

(૧) મનરેગા યોજના અંતર્ગત ભારત સરકારા દ્વારા મળેલ ગ્રાન્ટ અન્વયે રાજ્ય કક્ષાએથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી. જેથી જિલ્લા કક્ષાએથી વન વિભાગને ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. પરંતુ લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે.

(૨) તે પૈકી તાલુકાવાર કયા કયા કામો પૂર્ણ થયેલા છે અને કયા કામો અધૂરા છે, અને

(૨)

**મનરેગા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં હાથ ધરેલ વન વિભાગનાં કામો**

| ક્રમ | તાલુકો | પૂર્ણ થયેલા કામો | અધૂરા કામો |
|---|---|---|---|
| ૧ | બોડેલી | ૧. વનમ નર્સરી | ૧. વનમ નર્સરી |
| ૨ | છોટાઉદેપુર | ૧. કન્ટુર ટ્રેન્ચ<br>૨. વનમ નર્સરી | ૧. નર્સરી ઉછેર<br>૨. વન તલાવડી<br>૩. પરકોલેશનટેન્ક<br>૪. કન્ટુર ટ્રેન્ચ<br>૫. વનમ નર્સરી |
| ૩ | જેતપુરપાવી | ૧. વનમ નર્સરી | - |
| ૪ | ક્વાંટ | ૧. કન્ટુર ટ્રેન્ચ<br>૨. પ્રોટેક્શન ટ્રેન્ચ<br>૩. પથ્થર દિવાલ<br>૪. કેટબેક<br>૫. વનમ નર્સરી | ૧. નર્સરી ઉછેર<br>૨. વનમ નર્સરી |
| ૫ | નસવાડી | ૧. નર્સરી ઉછેર<br>૨. પ્રોટેક્શન ટ્રેન્ચ<br>૩. કન્ટુર ટ્રેન્ચ<br>૪. વનમ નર્સરી | ૧. માટીપાળા<br>૨. કન્ટુર ટ્રેન્ચ<br>૩. નર્સરી ઉછેર |
| ૬ | સંખેડા | - | - |

(૩) ઉક્ત પૂર્ણ થયેલ કામો પાછળ કેટલો ખર્ચ થયો ?

(૩)

**છેલ્લા બે વર્ષમાં વન વિભાગનાં પૂર્ણ થયેલ કામોનો ખર્ચ**

| ક્રમ | તાલુકો | પૂર્ણ થયેલા કામો | ખર્ચ રકમ રૂ. (લાખમાં) |
|---|---|---|---|
| ૧ | બોડેલી | ૧. વનમ નર્સરી | ૧.૧૫ |
| ૨ | છોટાઉદેપુર | ૧. કન્ટુર ટ્રેન્ચ<br>૨. વનમ નર્સરી | ૬.૫૪ |

| | | | |
|---|---|---|---|
| ૩ | જેતપુરપાવી | ૧. વનમ નર્સરી | ૪.૦૧ |
| ૪ | ક્વાંટ | ૧. કન્ટુર ટ્રેન્ચ<br>૨. પ્રોટેક્શન ટ્રેન્ચ<br>૩. પથ્થર દિવાલ<br>૪. કેટબેક<br>૫. વનમ નર્સરી | ૭.૬૯ |
| ૫ | નસવાડી | ૧. નર્સરી ઉછેર<br>૨. પ્રોટેક્શન ટ્રેન્ચ<br>૩. કન્ટુર ટ્રેન્ચ<br>૪. વનમ નર્સરી | ૬.૧૬ |
| ૬ | સંખેડા | - | ૦.૦૦ |
| | | **કુલ** | **૨૫.૫૫** |

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૩૬૨૨૯ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ જૂનાગઢ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૫૪૫૭૯.૮૦ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ. ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦ | AAY (કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

- - - - - - - - -

**કચ્છ જિલ્લામાં ૨૫% કેપીટલ ગોડાઉન સહાય હેઠળ ચૂકવેલ રકમ**

૩૬૧૪૧ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં ૨૫% કેપીટલ ગોડાઉન સહાય હેઠળ કુલ કેટલા રૂપિયાની સહાય ચૂકવવામાં આવી, અને

(૨) તેનાથી રાજ્યની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયો ?

**જવાબ**

(૧) રૂ.૧૭,૧૫,૧૦૦/-

(૨) ૨૬૯૫.૩૦ મે. ટન.

- - - - - - - - -

**કોરોના મહામારીમાં રાશનકાર્ડ ધારકોને મફત અનાજ આપવા તુવેર દાળની ખરીદી**

૩૫૩૭૫ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીના કારણે લોકડાઉન સમયે રેશનકાર્ડ ધારકોને મફત અનાજ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા તુવેર દાળની ખરીદી કઈ પદ્ધતિથી કરવામાં આવી,

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીના કારણે લોકડાઉન સમયે રેશનકાર્ડ ધારકોને વિનામૂલ્યે વિતરણ કરવા રાજ્ય સરકાર દ્વારા તુવેરદાળની ખરીદી કરવામાં આવેલ નથી.

(૨) તે અન્વયે કોની પાસેથી તુવેર દાળનો કેટલો જથ્થો કયા ભાવે ખરીદવામાં આવ્યો,

(૨) ઉપર્યુક્ત ખંડ(૧)ની વિગતે માહિતી શૂન્ય છે.

(૩) તે અન્વયે કેટલી રકમ કોને ચૂકવવાની થાય છે, અને

(૩) ઉપર્યુક્ત ખંડ(૧)ની વિગતે માહિતી શૂન્ય છે.

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે?

(૪) ઉપર્યુક્ત ખંડ(૧)ની વિગતે માહિતી શૂન્ય છે.

- - - - - - - - -

**મહેસાણા જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૩૬૧૪૫ **ડૉ. આશાબેન પટેલ** (ઉંઝા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ મહેસાણા જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૭૫૫૫૬૨.૩૯ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ. ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦ | AAY (કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

- - - - - - - - -

**ચુણેલ ગામમાં મનરેગા હેઠળ વાંસ પ્રોજેક્ટમાં નાણાકીય ગેરરીતિ**

૩૬૩૩૦ **શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાના મહુધા તાલુકામાં ચૂણેલ ગામમાં મનરેગા હેઠળ વાંસ પ્રોજેક્ટમાં નાણાકીય રકમની ગેરરીતી થઇ હોવા□□ હકીકત સાચી છે,

(૧) ના, જી.

(૨) જો હા, તો કેટલી રકમની નાણાકીય ગેરરીતી આચરવામાં આવી હતી, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**નર્મદા જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૩૬૦૯૩ **શ્રી પ્રવિણભાઇ ઘોઘારી** (કરંજ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે?

૧૧

- - - - - - - - -

**તાપી અને સુરત જિલ્લામાં વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા**

૩૫૪૦૪ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી અને સુરત જિલ્લામાં જિલ્લાવાર વાજબી ભાવની કેટલી દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલી દુકાનોમાં ગેરરીતિ સામે આવી અને તેવા કેટલા દુકાનદારો સામે શું પગલાં ભરવામાં આવ્યા,

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

(૪) કેટલા પરવાના રદ કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં ૫૧૪ વાજબી ભાવની દુકાનો ઉપર અને સુરત જિલ્લામાં ૪૪૮ વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨)

(૧) તાપી જિલ્લામાં ૪૭૩ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૪૦૫ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૪,૧૦,૦૦૦/- પરવાના અનામત રાજ્યસાત
- રૂ.૨૫,૮૯,૯૧૧/- નો દંડ
- ૧૭ (સત્તર) પરવાના મોકૂફ
- ૧ (એક) પરવાનો રદ
- ૧૧ (અગિયાર) કોર્ટ કેસ
- ૬૮ કેસ નિર્ણય પર બાકી

(૨) સુરત જિલ્લામાં ૪૪૮ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી તે પૈકી ૪ દુકાનદારોને તાકીદ આપવામાં આવી અને ૨૮૮ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૯૬૪/- નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૫,૪૪,૯૫૨/- પરવાના અનામત રાજ્યસાત
- રૂ.૨૭,૭૪,૨૮૯/- નો દંડ
- ૧૮ (અઢાર) પરવાના મોકૂફ
- ૧ (એક) પરવાનો રદ
- ૧૫૬ કેસ નિર્ણય પર બાકી

(૩) જિલ્લાવાર નીચે મુજબનો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો
(૧) તાપીઃ- શૂન્ય
(૨) સુરતઃ-

| **અ.નં.** | **આવશ્યક ચીજવસ્તુ** | **જથ્થો કિ.ગ્રા./લી.** |
|---|---|---|
| ૧ | ઘઉં | ૨૮૨ |
| ૨ | ચોખા | ૧૩૪ |

(૪) (૧) તાપીઃ- ૧ (એક)
(૨) સુરતઃ- ૧ (એક)

- - - - - - - - -

**નવાબંદર ખાતે મત્સ્ય જેટી બનાવવાની કામગીરી**

૩૫૩૪૬ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ ગીર-સોમનાથ જિલ્લામાં નવાબંદર ખાતે મત્સ્ય જેટી બનાવવાની

**જવાબ**

(૧) તા.૨૦-૦૧-૨૦૨૧ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે નવાબંદર ખાતે મત્સ્યબંદર

| | |
|---|---|
| કામગીરીનું ખાત મુહૂર્ત માનનીય રાષ્ટ્રપતિશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા ક્યારે કરવામાં આવ્યું, | બનાવવાની કામગીરીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. |
| (૨) ઉક્ત સ્થિતિએ જેટીની કામગીરી કયા તબક્કે છે, અને | (૨) મત્સ્યબંદરના કામ માટે ઓનલાઇન પદ્ધતિથી ઈજારદાર આખરી કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત જેટીની કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) રૂ.૨૯૫.૮૫ કરોડના ખર્ચે ત્રણ થી ચાર વર્ષમાં કામગીરી પૂર્ણ કરવાનું આયોજન છે. |

- - - - - - - - -

**ભરૂચ જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૩૬૦૮૪ **શ્રી મુકેશભાઇ પટેલ** (ઓલપાડ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે? | ૫૯ |

- - - - - - - - -

**રાજ્યકક્ષાની સમિતિ (એમપાવર્ડ કમિટી)ની બેઠકો**

૩૫૩૪૯ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાંસદ આદર્શ ગ્રામ યોજના માટે રાજ્યકક્ષાની સમિતિ (એમપાવર્ડ કમિટી)ની રચના કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત રાજ્યકક્ષાની સમિતિની બેઠકો ક્યારે મળી, અને | (૨)<br>• તા.૧૯-૦૨-૨૦૧૯<br>• તા.૧૬-૦૭-૨૦૧૯<br>• તા.૦૪-૧૨-૨૦૧૯<br>• તા.૦૧-૧૨-૨૦૨૦ |
| (૩) એમપાવર્ડ કમિટીની બેઠક ત્રણ મહિનામાં ઓછામાં ઓછી એકવાર મળશે તેવી જોગવાઈ થયેલ છે તેમ છતાં બેઠકો ન મળી હોય તો તેના કારણો શાં છે? | (૩) વહીવટી તેમજ વૈશ્વિક મહામારીના કારણોસર. |

- - - - - - - - -

**મોરબી અને બોટાદ જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો અમલ**

૩૫૩૧૯ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦ ૧-૨૦૨૧ ની સ્થિતિએ મોરબી અને બોટાદ જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો અમલ કરવામાં નથી આવ્યો તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના શાં કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત યોજનાનો ક્યાં સુધીમાં અમલ કરવામાં આવનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**સુરત જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૩૬૧૦૧ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે? | ૧૬ |

- - - - - - - - -

અતારાંકિત પ્રશ્નો

**નર્મદા જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૩૬૦૮૧ **શ્રી દુષ્યંતભાઈ પટેલ** (ભરૂચ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે? | ૧૧ |

\- - - - - - - - -

**સુરત જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૩૬૧૦૭ **શ્રી મોહનભાઈ ઢોડિયા** (મહુવા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે? | ૧૬ |

\- - - - - - - - -

**શેરીયાઝ બારા ખાતે જેટીની કામગીરી**

૩૫૩૩૭ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના શેરીયાઝ બારા ખાતે મંજૂર થયેલ જેટીના કામની ટેન્ડર પ્રક્રિયા થઈ ગયેલ, તે કામમાં એજન્સી ફીક્સ કરવાના બદલે ટેન્ડર રદ કરવામાં આવેલ □□ હકીકત તા:૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જે હા, તો તેના કારણો શા છે, અને | (૨) સરકાર દ્વારા આ કામના ટેન્ડરમાંથી જેટી તથા બાન્ડના કામો બાદ કરી બાકી રહેતાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનાં કામો હાથ ધરવા જણાવેલ, જે અન્વયે આ જગ્યાએ દરિયાઈ સુવિધાઓ વગરનાં કામો કરવા માટે ઈજારદારની સહમતી માગવામાં આવેલ. જે બાબતે ઈજારદાર દ્વારા કોઈપણ પ્રત્યુત્તર પાઠવવામાં ન આવતાં આ કામગીરી માટેનું ટેન્ડર રદ કરવામાં આવેલ. |
| (૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવનાર છે? | (૩) આ કામગીરીમાં વહીવટી કારણોસર વિલંબ થતાં NFDB દ્વારા ગ્રાન્ટ રદ કરવામાં આવેલ. જેથી આ કામગીરી ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

\- - - - - - - - -

**પાટણ જિલ્લાની બજાર સમિતિને કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ**

૩૬૧૯૧ **શ્રી જગદીશ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૨૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાની હારીજ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૦૨.૬૫/- લાખ. |
| (૨)ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે? | (૨) રૂ.૦૨.૬૫/- લાખ. |

\- - - - - - - - -

**વડોદરા જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૩૬૦૬૪ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત | ૮૧ |

છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે?

- - - - - - - - -

**ટ્રેલરનું અલગથી રજિસ્ટ્રેશન રદ કરવા કેન્દ્ર સરકારને રજૂઆત**

૩૭૯૬૩ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ટ્રેક્ટર તથા ટ્રેલરને અલગ-અલગ રજિસ્ટ્રેશન આપવામાં આવે છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ટ્રેલરનું અલગ રજિસ્ટ્રેશન રદ કરવા રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ ક્યારે ક્યારે રજૂઆતો કરી, અને | (૨) ટ્રેક્ટર-ટ્રેઈલરના કિસ્સામાં કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૪૭ ના પેટા નિયમ (૫) પ્રમાણે બન્ને વાહનોનું અલગ અલગ રજિસ્ટ્રેશન થઈ શકે છે, વધુમાં આ નિયમના પ્રોવીઝો મુજબ વાહન માલિક ઈચ્છે તેવા કિસ્સામાં ટ્રેક્ટર તથા ટ્રેઈલરનું સીંગલ વાહન (એકજ વાહન) તરીકે પણ રજિસ્ટ્રેશન થઈ શકે છે. તેથી ટ્રેક્ટર ટ્રેઈલર અલગ રજિસ્ટ્રેશન કરવાની જોગવાઈ રદ કરવા કેન્દ્ર સરકારને રજૂઆત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેન્દ્ર સરકારે શાં પ્રતિભાવ આપેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**ટ્રેલરનું અલગથી રજિસ્ટ્રેશન રદ કરવા કેન્દ્ર સરકારને રજૂઆત**

૩૭૯૬૦ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ટ્રેક્ટર તથા ટ્રેલરને અલગ-અલગ રજિસ્ટ્રેશન આપવામાં આવે છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ટ્રેલરનું અલગ રજિસ્ટ્રેશન રદ કરવા રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ ક્યારે ક્યારે રજૂઆતો કરી, અને | (૨) ટ્રેક્ટર-ટ્રેઈલરના કિસ્સામાં કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૪૭ ના પેટા નિયમ (૫) પ્રમાણે બન્ને વાહનોનું અલગ અલગ રજિસ્ટ્રેશન થઈ શકે છે, વધુમાં આ નિયમના પ્રોવીઝો મુજબ વાહન માલિક ઈચ્છે તેવા કિસ્સામાં ટ્રેક્ટર તથા ટ્રેઈલરનું સીંગલ વાહન (એકજ વાહન) તરીકે પણ રજિસ્ટ્રેશન થઈ શકે છે. તેથી ટ્રેક્ટર ટ્રેઈલર અલગ રજિસ્ટ્રેશન કરવાની જોગવાઈ રદ કરવા કેન્દ્ર સરકારને રજૂઆત કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેન્દ્ર સરકારે શાં પ્રતિભાવ આપેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદીલ**

૩૫૩૧૩ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એકટ અંતર્ગત પુરવઠો મેળવતા કેટલા બીપીએલ કાર્ડ ધારકોના કાર્ડ એપીએલ કાર્ડમાં તબદિલ કરવામાં આવ્યા અને કેટલા કાર્ડ રદ્દ કરવામાં આવ્યા ? | તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એકટ અંતર્ગત પુરવઠો મેળવતા બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદીલ કરવા અંગેની તથા રદ કરવામાં આવેલ બીપીએલ કાર્ડની વિગત નીચે મુજબ છે. |

| જિલ્લાનું નામ | વર્ષ | બીપીએલ કાર્ડમાંથી એપીએલ કાર્ડમાં તબદીલ કરેલ | રદ કરવામાં આવેલ બીપીએલ રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|---|

| | | રેશનકાર્ડની સંખ્યા | |
|---|---|---|---|
| સુરેન્દ્રનગર | ૨૦૧૯ | ૩૪ | ૮૮ |
| | ૨૦૨૦ | ૮૨૭ | ૨૧૪૭ |
| | **કુલ** | **૮૬૧** | **૨૨૩૫** |
| રાજકોટ | ૨૦૧૯ | ૪૦ | ૧૭૬ |
| | ૨૦૨૦ | ૧૩૭૬ | ૧૩૯ |
| | **કુલ** | **૧૪૧૬** | **૩૧૫** |

- - - - - - - - -

### ગુજરાત સંગીત નાટક અકાદમી, ગાંધીનગરનું મંજૂર મહેકમ

૩૫૨૯૧ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તાબા હેઠળની ગુજરાત સંગીત નાટક અકાદમી, ગાંધીનગરનું સંવર્ગવાર મંજૂર
થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરેલી અને ખાલી છે,

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ફીક્સ પગાર / કરાર આધારિત / આઉટસોર્સીગથી ભરાયેલ છે, અને

(૪) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩) પત્રક-અ મુજબ.

(૪) વહીવટી અનુકૂળતા થયેથી.

**પત્રક-અ**

| ક્રમ | સંવર્ગનું નામ | વર્ગ | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યાઓ પૈકી | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ફીક્સ પગારથી ભરાયેલ | કરાર આધારિત ભરાયેલ | આઉટસોર્સીગથી ભરાયેલ |
| ૧ | સભ્ય સચિવ | ૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | સહાયક નિયામક | ૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | પ્રોજેક્ટ અધિકારી | ૩ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | હેડ ક્લાર્ક | ૩ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૫ | સિનિયર ક્લાર્ક | ૩ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૬ | જુનિયર ક્લાર્ક કમ ટાઈપીસ્ટ ગુજરાતી | ૩ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૭ | પટાવાળા | ૪ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| | **કુલઃ-** | | **૦૮** | **૦૭** | **૦૧** | **૦૦** | **૦૦** | **૦૩** |

- - - - - - - - -

### એસ.ટી. નિગમને નવી બસો ખરીદવા સહાય

૩૬૧૨૨ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) એસ.ટી.નિગમને નવી બસો ખરીદવા રાજ્ય સરકાર દ્વારા કોઈ સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા તો, તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય આપવામાં આવી તથા તેમાંથી કેટલી બસો ખરીદવામાં આવી ?

**જવાબ**

(૧) હા

(૨) સહાય- ૩૧૪.૬ કરોડ
બસોની ખરીદી- ૧૬૯૦

તા. ૧૯મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**નવસારી અને વલસાડ જિલ્લામાં બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદિલ**

૩૫૪૦૯ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એકટ અંતર્ગત પુરવઠો મેળવતા કેટલા બીપીએલ કાર્ડ ધારકોના કાર્ડ એપીએલ કાર્ડમાં તબદિલ કરવામાં આવ્યા અને કેટલા કાર્ડ રદ્દ કરવામાં આવ્યા ?

**જવાબ**

તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એકટ અંતર્ગત પુરવઠો મેળવતા બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદીલ કરવા અંગેની તથા રદ કરવામાં આવેલ બીપીએલ કાર્ડની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | વર્ષ | બીપીએલ કાર્ડમાંથી એપીએલ કાર્ડમાં તબદીલ કરેલ રેશનકાર્ડની સંખ્યા | રદ કરવામાં આવેલ બીપીએલ રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|---|
| નવસારી | ૨૦૧૯ | ૪૮ | ૧૦૯ |
| | ૨૦૨૦ | ૭૫ | ૩૯૩ |
| | **કુલ** | **૧૨૩** | **૫૦૨** |
| વલસાડ | ૨૦૧૯ | ૩ | ૧૫ |
| | ૨૦૨૦ | ૧૦૫ | ૨૯ |
| | **કુલ** | **૧૦૮** | **૪૪** |

- - - - - - - - -

**કચ્છ જિલ્લાની બજાર સમિતિને કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ**

૩૬૧૩૩ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાની ભુજ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

**જવાબ**

(૧) રૂ.૧૨.૫૮/- લાખ.

(૨) રૂ. ૧૨.૫૮/- લાખ.

- - - - - - - - -

**સાબરકાંઠા જિલ્લાની બજાર સમિતિને કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ**

૩૬૧૯૮ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાની પ્રાંતિજ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

**જવાબ**

(૧) રૂ.૦૭.૫૫/- લાખ.

(૨) રૂ.૦૭.૫૫/- લાખ.

- - - - - - - - -

**સાબરકાંઠા જિલ્લામાં દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન**

૩૬૧૬૨ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન માટે કોઈ યોજના છે કે કેમ,

**જવાબ**

(૧) હા,
નીચે મુજબની બે યોજના છે.
(૧) દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત

કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજના

(૨) પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ દ્વારા જીવામૃત બનાવવા સારૂ લાભાર્થીઓને પ્રાકૃતિક કૃષિ કીટમાં સહાયની યોજના

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં આ યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ હતી,

(૨)

| ક્રમ | યોજનાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | દેશી ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજના | ૧૨,૩૯૯ |
| ૨ | પ્રાકૃતિક કૃષિ કીટમાં સહાયની યોજના | ૮,૧૫૩ |

(૩) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૩)

| ક્રમ | યોજનાનું નામ | મંજૂર અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | દેશી ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજના | ૪,૦૩૩ |
| ૨ | પ્રાકૃતિક કૃષિ કીટમાં સહાયની યોજના | ૭,૫૯૩ |

(૪) કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

(૪)

| ક્રમ | યોજનાનું નામ | લાભાર્થીની સંખ્યા | સહાયની રકમ(રૂ.) |
|---|---|---|---|
| ૧ | દેશી ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજના | ૪,૦૩૩ | ૧,૮૩,૩૫,૭૦૦/- |
| ૨ | પ્રાકૃતિક કૃષિ કીટમાં સહાયની યોજના | ૨,૬૫૧ | ૩૫,૭૮,૮૫૦/- |

- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં રમતગમત સંકુલોના બાંધકામનો થયેલ ખર્ચ**

૩૬૦૪૯ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૨૧ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં રમતગમતના સંકુલ કયા-કયા સ્થળે આવેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧/૦૧/૨૦૨૧ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં દેવગઢબારીયા ખાતે રમતગમતનું સંકુલ આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રમતગમતના સંકુલમાં કઇ-કઇ રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

(૨) દેવગઢબારીયા રમત સંકુલમાં સ્વીમીંગ, એથ્લેટીક્સ, આર્ચરી(તીરંદાજી), બાસ્કેટબોલ, વોલીબોલ, કબડ્ડી, ખો-ખો, હોકી તેમજ ઇન્ડોર હોલમાં જુડો, રેસલિંગ અને કુસ્તીની રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં રમત ગમત સંકુલોના બાંધકામ બાબતે કુલ કેટલો ખર્ચ થયેલ છે?

(૩) છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં રમત ગમત સંકુલોના બાંધકામ બાબતે કુલ રૂ.૪૯૪.૯૦ લાખનો ખર્ચ થયેલ છે.

- - - - - - - - -

**ગીર સોમનાથ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૩૬૨૩૯ **શ્રી આર. સી. મકવાણા** (મહુવા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ ગીર સોમનાથ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) ગીર સોમનાથ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૪૦૯૪૧.૧૫ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા

અને દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ. ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦ | AAY (કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

- - - - - - - - -

**મહિસાગર જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૩૬૦૩૭ **શ્રી જિગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં મહિસાગર જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે? | ૨૮ |

- - - - - - - - -

**પાટણ જિલ્લાની બજાર સમિતિને કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ**

૩૬૧૪૮ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧ -૨૦૨૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાની હારીજ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૦૨.૬૫/- લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે? | (૨) રૂ.૦૨.૬૫/- લાખ. |

- - - - - - - - -

**સાબરકાંઠા જિલ્લાની બજાર સમિતિને કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ**

૩૬૧૫૮ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧ -૨૦૨૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાની પ્રાંતિજ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૦૭.૫૫/- લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે? | (૨) રૂ.૦૭.૫૫/- લાખ. |

- - - - - - - - -

**સુરત અને તાપી જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો અમલ**

૩૫૩૯૯ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦ ૧-૨૦૨૧ ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો અમલ કરવામાં નથી આવ્યો તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના શાં કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત યોજનાનો ક્યાં સુધીમાં અમલ કરવામાં આવનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૩૬૦૬૯ **શ્રીમતી મનીષા વકીલ** (વડોદરા શહેર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** | **જવાબ**

તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે?

૨૨

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૩૬૨૩૨ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ જૂનાગઢ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૫૪૫૭૯.૮૦ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ. ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦ | AAY (કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

- - - - - - - - -

**ભરૂચ જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૩૬૦૭૯ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે?

૫૯

- - - - - - - - -

**પાટણ જિલ્લાની બજાર સમિતિને કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ**

૩૬૨૦૦ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧ -૨૦૨૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાની હારીજ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

**જવાબ**

(૧) રૂ.૦૨.૬૫/- લાખ.

(૨) રૂ.૦૨.૬૫/- લાખ.

- - - - - - - - -

**ભરૂચ અને નવસારી જિલ્લામાં વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા**

૩૫૩૯૭ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ અને નવસારી જિલ્લામાં જિલ્લાવાર વાજબી

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં ૧૯૨૮ વાજબી ભાવની દુકાનો ઉપર અને

ભાવની કેટલી દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

નવસારી જિલ્લામાં ૪૫૨ વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલી દુકાનોમાં ગેરરીતિ સામે આવી અને તેવા કેટલા દુકાનદારો સામે શું પગલાં ભરવામાં આવ્યા,

(૨)

(૧) ભરૂચ જિલ્લામાં ૧૦૩ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૧૦૩ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૩૩,૫૧૬/ - નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૧,૮૧,૨૫૦/ - પરવાના અનામત રાજ્યસાત
- રૂ.૯,૫૮,૫૩૯/ - નો દંડ
- ૪ (ચાર) પરવાના મોકૂફ
- ૩ (ત્રણ) પરવાના રદ

(૨) નવસારી જિલ્લામાં ૩૧૪ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૩૧૨ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૮૨,૩૭૧/ - નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૪,૬૧,૨૫૦/ - પરવાના અનામત રાજ્યસાત
- રૂ.૨,૨૬,૫૦૦/ - નો દંડ
- ૩ (ત્રણ) પરવાના રદ
- ૧ (એક) કોર્ટ કેસ
- ૨ (બે) કેસ સુનાવણી હેઠળ

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

(૩) જિલ્લાવાર નીચે મુજબનો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો

(૧) ભરૂચઃ-

| અ.નં. | આવશ્યક ચીજવસ્તુ | જથ્થો કિ.ગ્રા./લી. |
|---|---|---|
| ૧ | ઘઉં | ૧૭૭૧૮ |
| ૨ | ચોખા | ૬૮૮૯ |
| ૩ | દાળ | ૧૩૪૭ |
| ૪ | ખાંડ | ૧૦૩૬ |
| ૫ | કેરોસીન | ૬૫૨૬ |

(૨) નવસારીઃ-

| અ.નં. | આવશ્યક ચીજવસ્તુ | જથ્થો કિ.ગ્રા./લી. |
|---|---|---|
| ૧ | ઘઉં | ૧૬૭૯૫ |
| ૨ | ચોખા | ૯૩૧૭ |
| ૩ | દાળ | ૨૯૩ |
| ૪ | ખાદ્યતેલ | ૧૨ |
| ૫ | ખાંડ | ૫૪૬ |
| ૬ | મીઠું | ૪૬૫ |

(૪) કેટલા પરવાના રદ કરવામાં આવ્યા?

(૪) (૧) ભરૂચઃ- ત્રણ (૩)
(૨) નવસારીઃ- ત્રણ (૩)

- - - - - - - - -

**કોરોના મહામારીમાં રાશનકાર્ડ ધારકોને મફત અનાજ આપવા તુવેરદાળની ખરીદી**

૩૫૩૭૮ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીના કારણે લોકડાઉન સમયે

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીના કારણે લોકડાઉન સમયે

રાશનકાર્ડ ધારકોને મફત અનાજ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા તુવેર દાળની ખરીદી કઈ પદ્ધતિથી કરવામાં આવી,

રાશનકાર્ડ ધારકોને વિનામૂલ્યે વિતરણ કરવા રાજ્ય સરકાર દ્વારા તુવેરદાળની ખરીદી કરવામાં આવેલ નથી.

(૨) તે અન્વયે કોની પાસેથી તુવેર દાળનો કેટલો જથ્થો કયા ભાવે ખરીદવામાં આવ્યો,

(૨) ઉપર્યુક્ત ખંડ(૧)ની વિગતે માહિતી શૂન્ય છે.

(૩) તે અન્વયે કેટલી રકમ કોને ચૂકવવાની થાય છે, અને

(૩) ઉપર્યુક્ત ખંડ(૧)ની વિગતે માહિતી શૂન્ય છે.

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે?

(૪) ઉપર્યુક્ત ખંડ(૧)ની વિગતે માહિતી શૂન્ય છે.

- - - - - - - - -

## રાજકોટ જિલ્લામાં પ્રવાસનના વિકાસ માટે હાથ ધરેલા કામો

૩૬૨૨૩ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં પ્રવાસનના વિકાસ માટે કયા કયા કામો હાથ ધરવામાં આવ્યા છે,

(૨) આ અંતર્ગત કયા સ્થળનો વિકાસ કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થવા પામેલ છે?

**જવાબ**

(૧) અને (૨) (૧) રાજકોટ જિલ્લા ખાતે ભારત સરકારની સ્વદેશ દર્શન સ્કીમ અન્વયે જુદા-જુદા ૩ (ત્રણ) સ્થળોની કામગીરીઃ

- આલ્ફ્રેડ હાઈસ્કુલ, રાજકોટના વિકાસની કામગીરી.
- કબા ગાંધીનો ડેલો અને રાષ્ટ્રીય શાળાની કામગીરી.
- ખંભાલીડા કેવ્સના વિકાસની કામગીરી.

(૨) રાજકોટ જિલ્લામાં નીચે જણાવેલ જુદા-જુદા ૧૦ (દસ) સ્થળોએ હાથ ધરવામાં આવેલ વિકાસની કામગીરીઃ

- કેરાડેશ્વર મહાદેવ.
- ખોડીયાર માતા, જેતપુર.
- રામ મંદિર, મેવાસા.
- વિશ્વેશ્વર મહાદેવ, જેતપુર.
- સિધ્ધેશ્વર મહાદેવ, હડમતાલા.
- મનમનેશ્વર મહાદેવ, મેશપર.
- ઉતાવળી રીવરફ્રન્ટ, જામકંડોરણા.
- પ્રવાસી સુવિધા વીરપુર.
- ભોલેશ્વર મહાદેવ, થોરડી.
- મોમાઈ માતા ટેમ્પલ, થોરાળા.

(૩) બી.એ.પી.એસ. સ્વામીનારાયણ મંદિર, રામોદ તા. કોટડા સાંગાણી.

(૩) રૂપિયા ૩૫૯૦.૬૨ લાખ

- - - - - - - - -

## મોરબી જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ

૩૬૨૦૯ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ મોરબી જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) મોરબી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૩૩૫૫૬.૯૧૩ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં

આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ. ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦ | AAY (કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

- - - - - - - - -

**પંચમહાલ જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૩૬૦૪૦ **શ્રી કુબેરભાઇ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે? | ૯૧ |

- - - - - - - - -

**વડોદરા જિલ્લામાં ટ્રેક્ટરની યોજનામાં સહાય મેળવવાની અરજીઓ**

૩૬૦૭૬ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ટ્રેક્ટરની ખરીદીમાં સહાય માટે કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૧) ૩૭૬૫ |
| (૨) તે પૈકી કેટલા ખેડૂતોએ ટ્રેક્ટરની ખરીદી કરી, અને | (૨) ૨૩૨૪ |
| (૩) તે પૈકી કેટલા ખેડૂતોને કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) તે પૈકી ૨૨૦૬ ખેડૂતોને રૂ. ૧૦,૨૬,૪૫,૦૦૦/- સહાય ચૂકવવામાં આવી. |

- - - - - - - - -

**જામનગર અને રાજકોટ જિલ્લામાં કૃષિ રાહત પેકેજ**

૩૫૩૨૮ **શ્રી ચિરાગભાઇ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| (૩) ભવિષ્યમાં આવા સ્ટોર દ્વારા ગ્રાહકો પાસેથી એમઆરપી કરતા વધુ રકમ ન વસૂલવામાં આવે તે માટે શા પગલા લેવામાં આવ્યા? | (૩) ભવિષ્યમાં આવા સ્ટોર દ્વારા ગ્રાહકો પાસેથી એમઆરપી કરતાં વધુ રકમ ન વસૂલવામાં આવે તે માટે તંત્ર દ્વારા તાલુકાકક્ષાએ વિભાગીય નિરીક્ષક, જિલ્લા કક્ષાએ જિલ્લા અધિકારી (મદદનીશ નિયંત્રક), ક્ષેત્રિયકક્ષાએ ક્ષેત્રિય અધિકારી (નાયબ નિયંત્રક) દ્વારા વખતો વખત આ પ્રકારના સ્ટોર ખાતે ધી લીગલ મેટ્રોલોજી એક્ટ ૨૦૦૯ તથા ધી લીગલ મેટ્રોલોજી (પેકેજ્ડ કોમોડીટીઝ) રુલ્સ ૨૦૧૧ અંતર્ગત તપાસણી હાથ ધરી જો કોઇ ગેરરીતી ધ્યાને આવે તો કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. તથા સદર કામગીરીનું મોનીટરીંગ રાજ્યકક્ષાએ નિયંત્રક કાનુનીમાપ |

વિજ્ઞાન દ્વારા કરવામાં આવે છે.

- - - - - - - - -

**રાજ્યમાં ધાર્મિક સ્થળોનો પ્રસાદ સ્કીમમાં સમાવેશ**

૩૬૦૨૫ **શ્રી આત્મારામ પરમાર**(ગઢડા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારશ્રીની પ્રસાદ સ્કીમ અંતર્ગત રાજ્યના સોમનાથ સિવાય ગુજરાતના કયા ધાર્મિક સ્થળોનો સમાવેશ કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કયા સ્થળનો સમાવેશ કરવા માટે કાર્યવાહી કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારશ્રીની પ્રસાદ સ્કીમ અંતર્ગત રાજ્યના સોમનાથ સિવાય ધાર્મિક સ્થળ અંબાજીનો સમાવેશ કરવામાં આવેલ છે.

- - - - - - - - -

**જામનગર જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૩૬૨૧૪ **શ્રી અરવિંદ રૈયાણી** (રાજકોટ પૂર્વ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ જામનગર જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) ક્યા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩(માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૪૩૮૯૭.૬૮ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ-૨૦૨૦ થી | AAY (કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| ડિસેમ્બર - ૨૦૨૦ | PHH (વ્યક્તિ | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

- - - - - - - - -

**ગીર સોમનાથ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

* ૩૬૨૩૫ **શ્રી જે.વી.કાકડિયા** (ધારી) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ ગીર સોમનાથ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) ક્યા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) ગીર સોમનાથ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩(માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૪૦૯૪૧.૧૫ મે.ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો | કેટેગરી | ઘઉં | ભાવ | ચોખા | ભાવ | કુલ |
|---|---|---|---|---|---|---|

| સમય ગાળો | | (કિ.ગ્રા.) | પ્રતિ કિલો (રૂ.) | (કિ.ગ્રા) | પ્રતિ કિલો (રૂ.) | અનાજ (કિ.ગ્રા) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦ | AAY (કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

- - - - - - - - -

**અમદાવાદ અને બનાસકાંઠા જિલ્લામાં મનરેગા યોજના**

૩૮૨૧૯ **શ્રી જગ્નેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને બનાસકાંઠા જિલ્લામાં કેટલા લોકોને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ (મનરેગા યોજના) હેઠળ રોજગારી પૂરી પાડવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર અને જિલ્લાવાર કેટલું મહેનતાણું ચૂકવવામાં આવ્યું?

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લો | લોકોને (શ્રમિકોને) પૂરી પાડેલ રોજગારી |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૬,૬૪૨ |
| ૨ | બનાસકાંઠા | ૧,૨૫,૯૦૧ |

નોંધઃ- મનરેગા સોફ્ટમાં નાણાંકીય વર્ષ મુજબ માહિતી ઉપલબ્ધ હોઈ, નાણાંકીય વર્ષ પ્રમાણે માહિતી તૈયાર કરવામાં આવેલ છે.

(૨)

| ચૂકવેલ મહેનતાણું રકમ રૂ.(લાખમાં) | | | |
|---|---|---|---|
| ક્રમ | જિલ્લો | વર્ષ ૨૦૧૯-૨૦ | વર્ષ ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦ અંતિત) |
| ૧ | અમદાવાદ | ૮૨૭.૬૫ | ૧૧૦૭.૧૮ |
| ૨ | બનાસકાંઠા | ૨૯૬૫.૦૭ | ૩૪૪૫.૮૬ |

- - - - - - - - -

**ડાંગ જિલ્લામાં રમતગમત સંકુલોના બાંધકામનો થયેલ ખર્ચ**

૩૬૧૧૭ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં રમતગમતના સંકુલ ક્યા-ક્યા સ્થળે આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રમતગમતના સંકુલમાં કઈ-કઈ રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં રમત ગમત સંકુલોના બાંધકામ બાબતે કુલ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં સાપુતારા ખાતે રમતગમતનું સંકુલ આવેલ છે.

(૨) આ રમતગમતના સંકુલમાં બેડમિન્ટન, ખો-ખો, કબડ્ડી અને જુડોની રમતનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૩) છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં રમત ગમત સંકુલોના બાંધકામ બાબતે કુલ રૂ. ૧૧૦.૮૫ લાખનો ખર્ચ થયેલ છે.

- - - - - - - - -

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો અમલ**

૩૫૩૨૨ **શ્રી લલીત વસોયા** (ધોરાજી) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો અમલ કરવામાં નથી આવ્યો તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના શાં કારણો છે, અને

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત યોજનાનો ક્યાં સુધીમાં અમલ કરવામાં આવનાર છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં પ્રવાસનના વિકાસ માટેના કામો**

૩૬૧૩૫ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પ્રવાસનના વિકાસ માટે કયા કામો હાથ ધરવામાં આવ્યા છે,

(૨) આ સ્થળો ખાતે મુખ્યત્વે કયા પ્રકારની સુવિધાનો સમાવેશ થાય છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્થળ વાઈઝ કેટલો ખર્ચ થવા પામેલ છે?

**જવાબ**

(૧)

(૧) નડાબેટ સ્થિત નડેશ્વરી મંદિર, ટી-જંકશન અને ઝીરો પોઈન્ટ ખાતે વિવિધ પ્રવાસી સુવિધાની કામગીરી.

(૨) ઢીમા ખાતે ધરણીધર મંદિરના વિકાસનું કામ.

(૨)

(૧) નડાબેટ સ્થિત નડેશ્વરી મંદિર ખાતે યાત્રિકો માટે વિસામો.

ટી જંકશન ખાતે દુકાનો, વિશાળ પાર્કીંગ, ઓડીટોરીયમ, અજય પ્રહરી સ્મારક, પરેડ ગ્રાઉન્ડ, એક્ઝીબિશન હોલ, સૈનિકોને રહેવા માટે સુવિધા સાથે બે માળનું બિલ્ડીંગ, ઇલેક્ટ્રીફિકેશન, સી.સી.ટી.વી કેમેરા, ટોઈલેટ બ્લોક, પીવાના પાણીની સુવિધા, સાઈનેજીસ, રીટર્નીંગ વોલ, અરાઈવલ પ્લાઝા, ભવ્ય પ્રવેશ દ્વાર, સી.સી. રોડ વગેરે.

- ટી જંકશન થી ઝીરો પોઈન્ટ જવાના રસ્તાનું સ્ટ્રેંન્થનીંગ કામ તેમજ રસ્તા ઉપર વોચ ટાવર.
- ઝીરો પોઈન્ટ ખાતે સેલ્ફી પોઈન્ટ, મેઈન ગેટ, પાર્કીંગ, ટોઈલેટ બ્લોક, ગઝેબો, પીવાના પાણીની સુવિધા, એમ્ફી થીએટર વગેરે.

(૨) ઢીમા ખાતેના ધરણીધર મંદિરના વિકાસ માટે સી.સી. રોડ તથા રિટેઇનિંગ વોલની કામગીરી.

(૩)

(૧) નડાબેટ સ્થિત નડેશ્વરી મંદિર ખાતે યાત્રિકો માટે વિસામો, ટી જંકશન અને ઝીરો પોઈન્ટ ખાતે પ્રવાસી સુવિધા માટે રૂપિયા ૫૨૬૫.૪૫ લાખનો ખર્ચ થવા પામેલ છે.

(૨) ઢીમા ખાતે ધરણીધર મંદિરના વિકાસ માટે રૂપિયા ૮૦.૨૭ લાખનો ખર્ચ થવા પામેલ છે.

- - - - - - - - -

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા**

૩૫૨૯૬ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર વાજબી ભાવની કેટલી દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલી દુકાનોમાં ગેરરીતિ સામે આવી અને તેવા કેટલા દુકાનદારો સામે શું પગલાં ભરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં ૮૭૦ વાજબી ભાવની દુકાનો ઉપર અને મહેસાણા જિલ્લામાં ૪૧૯ વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨)

(૧) ગાંધીનગર જિલ્લામાં ૫૧૩ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૧૨ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૬,૮૫૦/ - નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૩૫,૦૦૦/ - પરવાના અનામત રાજ્યસાત
- રૂ. ૨૦,૪૦,૫૧૧/ - નો દંડ
- ૧૨ (બાર) પરવાના મોકૂફ
- ૭ (સાત) પરવાના રદ
- ૧ (એક) સુનાવણી બાકી
- ૫૦૦ દુકાનદારોને તાકીદ આપવામાં આવી.

(૨) મહેસાણા જિલ્લામાં ૪૧૬ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૪૧૬ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૫,૪૬,૮૪૨/ - નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૧૧,૪૦,૪૦૨/ - પરવાના અનામત રાજ્યસાત
- રૂ. ૮૧,૫૭,૭૩૪/ - નો દંડ
- ૪૪ (ચુમ્માલીસ) પરવાના મોકૂફ
- ૩ (ત્રણ) પરવાના રદ

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

(૩) જિલ્લાવાર નીચે મુજબનો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો

**(૧) ગાંધીનગરઃ-**

| **અ.નં.** | **આવશ્યક ચીજવસ્તુ** | **જથ્થો કિ.ગ્રા./લી.** |
|---|---|---|
| ૧ | ઘઉં | ૧૯૨૫ |
| ૨ | ચોખા | ૧૦૦૦ |

**(૨) મહેસાણાઃ-**

| **અ.નં.** | **આવશ્યક ચીજવસ્તુ** | **જથ્થો કિ.ગ્રા./લી.** |
|---|---|---|
| ૧ | ઘઉં | ૧૩૭૫૦ |
| ૨ | ચોખા | ૮૪૭૮ |
| ૩ | દાળ | ૭૦૫ |
| ૪ | ખાદ્યતેલ | ૪૮ |
| ૫ | ખાંડ | ૧૮૮૫ |
| ૬ | કેરોસીન | ૬૯ |
| ૭ | મીઠું | ૨૦૪૩ |

(૪) કેટલા પરવાના રદ કરવામાં આવ્યા?

(૪) (૧) ગાંધીનગરઃ- ૭ (સાત)
(૨) મહેસાણાઃ- ૩ (ત્રણ)

**કચ્છ જિલ્લામાં ૨૫% કેપીટલ ગોડાઉન સહાય હેઠળ ચૂકવેલ રકમ**

૩૬૧૨૬ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા**(માંડવી) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં ૨૫% કેપીટલ ગોડાઉન સહાય હેઠળ કુલ કેટલા રૂપિયાની સહાય ચૂકવવામાં આવી, અને

(૧) રૂ.૧૭,૧૫,૧૦૦/ -

(૨)તેનાથી રાજ્યની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયો ?

(૨) ૨૬૯૫.૩૦ મે. ટન

- - - - - - - - -

**વડોદરા જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૩૬૦૬૦ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ**(વાઘોડિયા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે? ૮૧

---------

**ગીર સોમનાથ જિલ્લામાં ૨૫% કેપીટલ ગોડાઉન સહાય હેઠળ ચૂકવેલ રકમ**

૩૬૦૨૨ **શ્રી ભીખાભાઈ બારૈયા**(પાલીતાણા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં ૨૫% કેપીટલ ગોડાઉન સહાય હેઠળ કુલ કેટલા રૂપિયાની સહાય ચૂકવવામાં આવી, અને | (૧) રૂ. ૧૮,૪૨,૬૦૦/- |
| (૨)તેનાથી રાજ્યની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયો ? | (૨) ૪૦૦૦ મે. ટન |

---------

**ઉકાઈ જળાશયમાં માછીમારીના ઈજારા બાબતે મળેલ ફરિયાદો**

૩૫૪૦૨ **શ્રી સુનિલભાઈ ગામીત**(નિઝર) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકાઈ જળાશયમાં માછીમારી માટે ઈ-ઓક્શનથી ખાનગી કંપનીને ઈજારો આપવા બાબતે કેટલી ફરિયાદ સરકારને મળી, અને | (૧) કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે ઉક્ત સ્થિતિએ ક્યારે શું કાર્યવાહી કરવામાં આવી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત માર્કેટ યાર્ડ**

૩૫૨૬૭ **શ્રી નથાભાઈ પટેલ**(ધાનેરા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા માર્કેટયાર્ડ કાર્યરત છે,

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | કાર્યરત માર્કેટયાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૦૧ |
| ૨ | ડીસા | ૦૧ |
| ૩ | ધાનેરા | ૦૩ |
| ૪ | દાંતીવાડા | ૦૨ |
| ૫ | થરાદ | ૦૨ |
| ૬ | કાંકરેજ | ૦૧ |
| ૭ | ભાભર | ૦૧ |
| ૮ | વાવ | ૦૨ |
| ૯ | દિયોદર | ૦૧ |
| ૧૦ | અમીરગઢ | ૦૧ |
| ૧૧ | દાંતા | ૦૧ |
| ૧૨ | વડગામ | ૦૧ |
| ૧૩ | લાખણી | ૦૧ |
| ૧૪ | સુઈગામ | ૦૦ |

(૨) તે પૈકી ઉક્ત તાલુકાવાર ક્યા માર્કેટયાર્ડ ખાનગી અને કયા સહકારી છે,

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | ખાનગી માર્કેટયાર્ડ | સહકારી માર્કેટયાર્ડ ખેતીવાડી |
|---|---|---|---|

| | | | ઉત્પન્ન બજાર સમિતિઓ હેઠળના માર્કેટયાર્ડ |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | - | પાલનપુર |
| ૨ | ડીસા | - | ડીસા |
| ૩ | ધાનેરા | (૧) બનાસ ઈન્ફ્રાકોન પ્રા.લિ. (૨) વી. આર. પુરોહિત કૃષિ પ્રોડક્ટ | ધાનેરા |
| ૪ | દાંતીવાડા | (૧) ધાનુ એગ્રો પ્રોડક્ટ માર્કેટ પ્રા.લિ. | પાંથાવાડા |
| ૫ | થરાદ | (૧) બનાસા એગ્રો માર્કેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એલએલપી | થરાદ |
| ૬ | કાંકરેજ | - | થરાદ તા. કાંકરેજ |
| ૭ | ભાભર | - | ભાભર |
| ૮ | વાવ | (૧) ધરણીધર એગ્રો પ્રોડક્ટસ માર્કેટ પ્રા.લિ. | વાવ |
| ૯ | દિયોદર | - | દિયોદર |
| ૧૦ | અમીરગઢ | - | અમીરગઢ |
| ૧૧ | દાંતા | - | દાંતા |
| ૧૨ | વડગામ | - | વડગામ |
| ૧૩ | લાખણી | - | લાખણી |
| ૧૪ | સુઈગામ | - | - |

(૩) ઉક્ત માર્કેટ યાર્ડને સરકાર દ્વારા કોઈ સહાય પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને

(૩) હા, જી.

(૪) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા માર્કેટ યાર્ડને કેટલી સહાય ચૂકવવામાં આવી?

(૪)

| અ.નં. | માર્કેટયાર્ડના નામ | તા.૦૧-૦૨-૧૯ થી તા.૩૧-૦૧-૨૦ | તા.૦૧-૦૨-૨૦ થી તા.૩૧-૦૧-૨૧ |
|---|---|---|---|
| ૧ | વડગામ | રૂ. ૪૪.૫૦/- લાખ | - |
| ૨ | લાખણી | - | રૂ. ૧૩૦.૫૫/- લાખ |

---------

**અરવલ્લી જિલ્લાની બજાર સમિતિને કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ**

૩૬૧૫૧ **શ્રી કરશનભાઈ સોલંકી**(કડી) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લાની માલપુર બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૧) રૂ.૪૧.૫૦/- લાખ.

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

(૨) રૂ.૪૧.૫૦/- લાખ.

---------

અતારાંકિત પ્રશ્નો

**પોરબંદર જિલ્લામાં રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજનામાં ગેરકાયદેસર ફાળવેલ ગ્રાન્ટ**

૩૫૨૯૩ **ડો. સી. જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : ૧૪મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રની તા.૧૯-૦૯-૨૦૧૮ના રોજ પ્રથમ બેઠકમાં ગૃહમાં રજૂ થયેલ ૧૦૯૮૨ (અગ્રતા-૨૦૮)ના અનુસંધાને **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**Table 1**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોરબંદર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. અને રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ પોરબંદર દ્વારા રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના(આરકેવીવાય) યોજના અન્વયે મળેલ ગ્રાન્ટ અને અન્ય રકમ કામધેનુ એન્ટરપ્રાઈઝ નામની ખાનગી પેઢીને દૂધના પ્રોસેસીંગ અને પેકેજીંગના પ્લાન્ટ માટે રજિસ્ટ્રારની મંજૂરી વગર ગેરકાયદેસર ફાળવેલ છે તે બાબતની મળેલ ૫ ફરિયાદો અન્વયે મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી, નિરીક્ષણ અને અન્વેષણ સમિતિ, અમદાવાદને તા.૦૧-૦૯-૨૦૧૮ના પત્રથી હકીકતલક્ષી અહેવાલ કરવા રજિસ્ટ્રારશ્રીએ જણાવેલ તે અન્વયે તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ક્યારે અહેવાલ મળેલ છે, | (૧) પાંચ ફરિયાદો બાબતે રજિસ્ટ્રાર કચેરી તરફથી તા.૦૧-૦૯-૨૦૧૮ના પત્રથી માંગેલ અહેવાલ બાબતે મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રી, અમદાવાદનો તા.૦૫-૦૩-૨૦૧૯ના પત્રથી મોકલેલ હકીકતલક્ષી અહેવાલ રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ ગાંધીનગરની કચેરીમાં તા. ૦૮-૦૩-૨૦૧૯ ના રોજ મળેલ છે. |
| (૨) મળેલ અહેવાલ અન્વયે ક્યારે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) મુખ્ય કાર્યપાલક અધિકારીશ્રીના તા.૦૫-૦૩-૨૦૧૯ના અહેવાલમાં પોરબંદર દૂધ સંઘ દ્વારા કામધેનુ એન્ટરપ્રાઈઝને આપેલી રકમ વ્યાજ સહિત પરત આવી ગયેલ હોઈ, કોઈ કાર્યવાહીની ભલામણ કરવામાં આવેલ ન હતી, આથી સદર અહેવાલ અન્વયે કોઈ કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે અન્વયે જવાબદારો સામે શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**રાજકોટ જિલ્લામાં પ્રવાસનના વિકાસ માટે હાથ ધરેલા કામો**

૩૬૨૨૦ **શ્રી લાખાભાઈ સાગઠીયા**(રાજકોટ ગ્રામ્ય) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં પ્રવાસનના વિકાસ માટે કયા કયા કામો હાથ ધરવામાં આવ્યા છે,<br>(૨) આ અંતર્ગત કયા સ્થળનો વિકાસ કરવામાં આવેલ છે, અને | (૧) અને (૨) (૧) રાજકોટ જિલ્લા ખાતે ભારત સરકારની સ્વદેશ દર્શન સ્કીમ અન્વયે જુદા-જુદા ૩ (ત્રણ) સ્થળોની કામગીરીઃ<br>• આલ્ફ્રેડ હાઈસ્કૂલ, રાજકોટના વિકાસની કામગીરી.<br>• કબા ગાંધીનો ડેલો અને રાષ્ટ્રીય શાળાની કામગીરી.<br>• ખંભાલીડા કેવ્સના વિકાસની કામગીરી.<br>(૨) રાજકોટ જિલ્લામાં નીચે જણાવેલ જુદા-જુદા ૧૦ (દસ) સ્થળોએ હાથ ધરવામાં આવેલ વિકાસની કામગીરીઃ<br>• કેરાડેશ્વર મહાદેવ.<br>• ખોડીયાર માતા, જેતપુર.<br>• રામ મંદિર, મેવાસા.<br>• વિશ્વેશ્વર મહાદેવ, જેતપુર.<br>• સિધ્ધેશ્વર મહાદેવ, હડમતાલા.<br>• મનમનેશ્વર મહાદેવ, મેશપર.<br>• ઉતાવળી રીવરફ્રન્ટ, જામકંડોરણા. |

તા. ૧૯મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

- પ્રવાસી સુવિધા, વીરપુર.
- ભોલેશ્વર મહાદેવ, થોરડી.
- મોમાઈ માતા ટેમ્પલ, થોરાળા.

(૩) બી.એ.પી.એસ. સ્વામીનારાયણ મંદિર, રામોદ તા. કોટડા સાંગાણી.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩)ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થવા પામેલ છે? | (૩) રૂપિયા ૩૫૯૦.૬૨ લાખ |

---------

**જૂનાગઢ જિલ્લામાં સીડ ફાર્મ માટે ફાળવેલ રકમ**

૩૫૩૫૨ **શ્રી અંબરીષભાઈ ડેર**(રાજુલા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અમરેલી અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર સીડ ફાર્મ માટે કેટલી જમીનો ફાળવવામાં આવેલી છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સીડ ફાર્મ માટે અમરેલી જિલ્લામાં કોઈ જમીન નથી, જ્યારે જૂનાગઢ જિલ્લામાં ૧૯-૦૪-૩૮ હેક્ટર જમીન આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ, જિલ્લાવાર ઉક્ત જમીનોનો કયા હેતુ માટે ઉપયોગ થાય છે, અને | (૨) અમરેલી જિલ્લામાં જમીન ઉપયોગ અંગે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, જ્યારે જૂનાગઢ જિલ્લામાં ખેતીના હેતુ માટે છે. |
| (૩) ઉક્ત જમીનો ક્યારથી બિન ઉપયોગી અને પડતર છે અને તેના કારણો શાં છે? | (૩) અમરેલી જિલ્લામાં જમીન બિન ઉપયોગી અને પડતર અંગે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, જ્યારે જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૦૭-૦૮થી જિલ્લા પંચાયત દ્વારા સીડ ફાર્મની કામગીરી બંધ કરવાનું ઠરાવતાં પડતર છે. |

---------

**પંચમહાલ જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૩૬૦૪૪ **શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે? | ૯૧ |

---------

**રાજ્યમાં એક્સપ્રેસ હાઈ-વે / સ્ટેટ હાઈ-વે માર્ગો માટે ગતિ મર્યાદા**

૩૫૩૦૬ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં એક્સપ્રેસ હાઈવે-સ્ટેટ હાઈવેના માર્ગો માટે ગતિ મર્યાદા ક્યારે નક્કી કરવામાં આવી, | (૧) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૧૨-૦૯-૨૦૧૯ના નોટીફિકેશન નં.PT/2019/11/MVD/102014/165/KH થી રાજ્યમાં એક્સપ્રેસ હાઈવે-સ્ટેટ હાઈવેના માર્ગો માટે મહત્તમ ગતિ મર્યાદા નક્કી કરવામાં આવી છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કયા પ્રકારના માર્ગ ઉપર કયા પ્રકારના વાહન માટે કેટલી સ્પીડ નક્કી કરવામાં આવી છે, અને | (૨) પત્રક-અ મુજબ તથા તે□□□ દર્શાવેલ ગતિની મર્યાદામાં સ્થાનિક સ્થિતિ, અનુકૂળ સંજોગો તથા જાહેર માર્ગ સલામતીને લક્ષ્યમાં રાખી ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ-૧૯૮૯ની કલમ-૧૮૪ તથા મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૮ની કલમ-૧૧૨ મુજબ સંબંધિત જિલ્લા કલેક્ટર તથા પોલીસ કમિશનર પણ ગતિ મર્યાદા નક્કી કરી શકે છે. |
| (૩) ઉક્ત સ્પીડનો ભંગ કરનાર વાહનો માટે કેટલી રકમના દંડની જોગવાઈ કરવામાં આવેલ છે? | (૩) મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૮ની જોગવાઈ મુજબ ગતિ મર્યાદાનો ભંગ કરવાનાં કિસ્સામાં બંદરો અને વાહન વ્યવહાર વિભાગના જાહેરનામાથી માંડવાળ ફી નિયત કરવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે. |

| વાહનનો પ્રકાર | પ્રથમ ગુન્હો | બીજીવાર કે |
|---|---|---|

| | | **ત્યારબાદનાં ગુન્હા માટે** |
|---|---|---|
| થ્રી ચક્રીય | રૂ. ૧૫૦૦/- | રૂ. ૨૦૦૦/- |
| ટ્રેક્ટર | રૂ. ૧૫૦૦/- | રૂ. ૨૦૦૦/- |
| હળવા મોટર વાહન | રૂ. ૨૦૦૦/- | રૂ. ૩૦૦૦/- |
| અન્ય વાહનો | રૂ. ૪૦૦૦/- | ૬ મહિના માટે વાહન ચાલકને લાયસન્સ માટે ડિસ્ક્વોલીફાઈ કરવાની જોગવાઈ છે. |

**પત્રક- અ**

| ક્રમ | વાહનનો પ્રકાર | એક્સપ્રેસવે પ્રવેશ નિયંત્રણ સાથે | ૪ થી વધુ લેન ધરાવતા નેશનલ અને સ્ટેટ હાઈવે | સ્ટેટ હાઈવે (કોલમ IV સિવાયના) | મ્યુનિસિપલ હદના માર્ગો | જિલ્લાના મુખ્ય માર્ગો | જિલ્લાના અન્ય માર્ગો | ગ્રામ્ય માર્ગો |
|---|---|---|---|---|---|---|---|---|
| I | II | III | IV | V | VI | VII | VIII | IX |
| ૧ | ડ્રાઈવર સહિત ૮ સીટ કરતાં વધુ નહીં તેવા પેસેન્જર વાહનો | ૧૨૦ | ૧૦૦ | ૮૦ | ૭૦ | ૬૫ | ૬૦ | ૫૦ |
| ૨ | ડ્રાઈવર સહિત ૯ અથવા વધારે સીટીંગ ધરાવતા પેસેન્જર વાહનો | ૧૦૦ | ૯૦ | ૭૫ | ૬૦ | ૬૦ | ૬૦ | ૫૦ |
| ૩એ | માલવાહક વાહનો | ૮૦ | ૮૦ | ૭૦ | ૬૦ | ૬૦ | ૫૦ | ૪૦ |
| ૩બી | ટ્રેક્ટર | ૪૦ | ૪૦ | ૪૦ | ૩૦ | ૩૦ | ૩૦ | ૩૦ |
| ૪ | મોટર સાઈકલ | | | | | | | |
| | (એ)>૧૦૦ સીસી | ૮૦ | ૮૦ | ૭૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૫૦ |
| | (બી)< ૧૦૦ સીસી | - | ૬૦ | ૬૦ | ૫૦ | ૫૦ | ૫૦ | ૪૦ |
| ૫ | ક્વાડ્રી સાઈકલ | | | | | | | |
| | (એ)પેસેન્જર | - | ૬૦ | ૬૦ | ૫૦ | ૫૦ | ૪૦ | ૪૦ |
| | (બી) નોન પેસેન્જર | - | ૫૦ | ૫૦ | ૪૦ | ૫૦ | ૪૦ | ૪૦ |
| ૬ | થ્રી વ્હિલર | - | ૫૦ | ૫૦ | ૪૦ | ૪૦ | ૩૫ | ૩૦ |

- - - - - - - - -

**છોટા ઉદેપુર જિલ્લામાં મનરેગા યોજના**

૩૬૦૬૨ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છોટા ઉદેપુર જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવાની હતી,

(૨) તેની સામે તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ વર્ષવાર કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| **ઉપલબ્ધ કરાવવાની માનવદિન રોજગારી** | |
|---|---|
| **વર્ષ ૨૦૧૯-૨૦** | **વર્ષ ૨૦૨૦-૨૧** |
| ૨૨,૯૮,૮૯૨ | ૨૩,૫૦,૮૬૧ |

(૨)

| **ઉપલબ્ધ કરાવવામાં આવેલ માનવદિન રોજગારી** | |
|---|---|
| **વર્ષ ૨૦૧૯-૨૦** | **વર્ષ ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦ અંતિત)** |

| | |
|---|---|
| ૨૪,૯૨,૦૯૧ | ૧૯,૨૦,૫૯૦ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર મહિલાઓ માટે કેટલા માનવદિન રોજગારી ઉપલબ્ધ કરાવ વામાં આવેલ છે?

(૩)

| **મહિલાઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવેલ માનવદિન રોજગારી** | |
|---|---|
| **વર્ષ ૨૦૧૯-૨૦** | **વર્ષ ૨૦૨૦-૨૧** (તા.૩૧-૧૨-૨૦ અંતિત) |
| ૯,૫૨,૭૪૬ | ૭,૧૦,૩૯૧ |

- - - - - - - - -

**રાજકોટ જિલ્લામાં પ્રવાસનના વિકાસ માટેના કામો**

૩૬૨૧૮ **શ્રી ગોવિંદભાઇ પટેલ**(રાજકોટ દક્ષિણ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં પ્રવાસનના વિકાસ માટે કયા કામો હાથ ધરવામાં આવ્યા છે,

(૨) આ અંતર્ગત ક્યા સ્થળનો વિકાસ કરવામાં આવેલ છે, અને

(૩)ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થવા પામેલ છે?

**જવાબ**

(૧) અને (૨)

(૧) રાજકોટ જિલ્લા ખાતે ભારત સરકારની સ્વદેશ દર્શન સ્કીમ અન્વયે જુદા-જુદા ૩ (ત્રણ) સ્થળોની કામગીરી:

- આલ્ફ્રેડ હાઇસ્કુલ, રાજકોટના વિકાસની કામગીરી.
- કબા ગાંધીનો ડેલો અને રાષ્ટ્રીય શાળાની કામગીરી.
- ખંભાલીડા કેવ્સના વિકાસની કામગીરી.

(૨) રાજકોટ જિલ્લામાં નીચે જણાવેલ જુદા-જુદા ૧૦ (દસ) સ્થળોએ હાથ ધરવામાં આવેલ વિકાસની કામગીરી:

- કેરાડેશ્વર મહાદેવ.
- ખોડીયાર માતા, જેતપુર.
- રામ મંદિર, મેવાસા.
- વિશ્વેશ્વર મહાદેવ, જેતપુર.
- સિધ્ધેશ્વર મહાદેવ, હડમતાલા.
- મનમનેશ્વર મહાદેવ, મેશપર.
- ઉતાવળી રીવરફ્રન્ટ, જામકંડોરણા
- પ્રવાસી સુવિધા, વીરપુર.
- ભોલેશ્વર મહાદેવ, થોરડી.
- મોમાઇ માતા ટેમ્પલ, થોરાળા.

(૩) બી.એ.પી.એસ. સ્વામીનારાયણ મંદિર, રામોદ તા.કોટડા સાંગાણી

(૩) રૂપિયા. ૩૫૯૦.૬૨ લાખ

- - - - - - - - -

**સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૫% કેપીટલ ગોડાઉન સહાય હેઠળ ચૂકવેલ સહાય**

૩૬૨૦૫ **શ્રી કિરીટસિંહ રાણા**(લીંબડી) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૫% કેપીટલ ગોડાઉન સહાય હેઠળ કુલ કેટલા રૂપિયાની સહાય ચૂકવવામાં આવી, અને

(૨)તેનાથી રાજ્યની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયો ?

**જવાબ**

(૧) રૂ.૮,૬૩,૨૫૦/-

(૨) ૧૫૧૦.૩૯ મે. ટન

- - - - - - - - -

અતારાંકિત પ્રશ્નો

**સરદાર સરોવર સંકુલમાં જમીન સંપાદન કરવા બાબત**

૩૫૨૩૩ **શ્રી મોહનસિંહ રાઠવા**(છોટાઉદેપુર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧-૦૨-૨૦૨૧ની સ્થિતિએ સરદાર સરોવર સંકુલમાં નર્મદા ટેન્ટ સીટી બનાવવા માટે કેટલી જમીન સંપાદન કરવામાં આવી, | (૧) તા.૦૧-૦૨-૨૦૨૧ની સ્થિતિએ સરદાર સરોવર સંકુલમાં નર્મદા ટેન્ટ સીટી બનાવવા માટે કોઇ જમીન સંપાદન કરવામાં આવેલ નથી. |
| (૨) તે પૈકી કેટલી જમીન કઇ એજન્સીને કયા હેતુ માટે ફાળવવામાં આવી, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ જમીન એજન્સીઓને આપવા માટે નિવીદા બહાર પાડવામાં આવી હતી કે કેમ, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જો, ના તો તેના શા કારણો છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમરેલી જિલ્લામાં ૨૫% કેપીટલ ગોડાઉન સહાય હેઠળ ચૂકવેલ સહાય**

૩૬૨૩૦ **શ્રી બાબુભાઇ બોખીરીયા**(પોરબંદર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં ૨૫% કેપીટલ ગોડાઉન સહાય હેઠળ કુલ કેટલા રૂપિયાની સહાય ચૂકવવામાં આવી, અને | (૧) રૂ.૪૨,૭૪,૯૧૦/- |
| (૨)તેનાથી રાજ્યની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયો ? | (૨) ૪૯૦૦ મે. ટન |

---------

**વડનગર-મોઢેરા-પાટણ સર્કીટ માટે ગ્રાન્ટ ફાળવણી**

૩૬૧૪૩ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભારત સરકાર દ્વારા સ્વદેશ દર્શન યોજના અંતર્ગત વડનગર-મોઢેરા-પાટણ સર્કીટ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભારત સરકાર દ્વારા સ્વદેશ દર્શન યોજના અંતર્ગત વડનગર-મોઢેરા-પાટણ સર્કીટ માટે રૂ.૯૧૪૨.૦૬ લાખ મંજૂર કરેલ છે. જે પૈકી રૂ. ૪૦૧૪.૯૩ લાખ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

**પ્રશ્ન**

(૨) ક્યા સ્થળના કામ માટે કેટલી રકમ ફાળવવામાં આવેલ છે, અને

**જવાબ**

(૨)

| ક્રમ | વિગત | રૂ. લાખમાં |
|---|---|---|
| **(અ) વડનગર** | | |
| ૧ | શર્મિષ્ઠા તળાવ | ૪૪૫૬.૫૪ |
| ૨ | તાનારીરી પાર્ક અને ગાય લેક | ૧૯૧૭.૧૩ |
| ૩ | શેઠ ચકુલાલ ભોગીલાલ ઈન્ટરપ્રિટેશન સેન્ટર | ૩૦૫.૮૬ |
| ૪ | અંબાજી લેક | ૩૦૫.૪૨ |
| ૫ | લટેરી વાવ | ૧૫૬.૭૮ |
| ૬ | ગેટ અને ફોર્ટ વોલ | ૩૪૦.૭૯ |
| ૭ | વડનગર રેલ્વે સ્ટેશન | ૮૩૪.૧૬ |
| **(બ) મોઢેરા** | | ૩૯૦.૦૫ |

સ્થળ વાઇઝ ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી, પરંતુ થયેલ ખર્ચ અન્વયે મોકલેલ યુ.ટી.સી. અન્વયે તબક્કાવાર ગ્રાન્ટની ફાળવવામાં આવે છે.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩)ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે? | (૩) રૂ. ૫૬૬૧.૦૫ લાખ |

---------

**દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો અમલ**

૩૫૩૭૬ **શ્રી ભાવેશભાઇ કટારા** (ઝાલોદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦ ૧ -૨૦૨૧ની સ્થિતિએ દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો અમલ કરવામાં નથી આવ્યો તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના શાં કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત યોજનાનો ક્યાં સુધીમાં અમલ કરવામાં આવનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**વડનગર-મોઢેરા-પાટણ સર્કીટ માટે ગ્રાન્ટ ફાળવણી**

૩૬૧૪૬ **ડૉ. આશાબેન પટેલ**(ઉંઝા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભારત સરકાર દ્વારા સ્વદેશ દર્શન યોજના અંતર્ગત વડનગર-મોઢેરા-પાટણ સર્કીટ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભારત સરકાર દ્વારા સ્વદેશ દર્શન યોજના અંતર્ગત વડનગર-મોઢેરા-પાટણ સર્કીટ માટે રૂ.૯૧૪૨.૦૬ લાખ મંજૂર કરેલ છે. જે પૈકી રૂ. ૪૦૧૪.૯૩ લાખ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) ક્યા સ્થળના કામ માટે કેટલી રકમ ફાળવવામાં આવેલ છે, અને | (૨) (નીચેનું કોષ્ટક) |

| ક્રમ | વિગત | રૂ. લાખમાં |
|---|---|---|
| (અ) વડનગર | | |
| ૧ | શર્મિષ્ઠા તળાવ | ૪૪૫૬.૫૪ |
| ૨ | તાનારીરી પાર્ક અને ગાય લેક | ૧૯૧૭.૧૩ |
| ૩ | શેઠ ચકુલાલ ભોગીલાલ ઈન્ટરપ્રિટેશન સેન્ટર | ૩૦૫.૮૬ |
| ૪ | અંબાજી લેક | ૩૦૫.૪૨ |
| ૫ | લટેરી વાવ | ૧૫૬.૭૮ |
| ૬ | ગેટ અને ફોર્ટ વોલ | ૩૪૦.૭૯ |
| ૭ | વડનગર રેલ્વે સ્ટેશન | ૮૩૪.૧૬ |
| (બ) મોઢેરા | | ૩૯૦.૦૫ |

સ્થળ વાઇઝ ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી, પરંતુ થયેલ ખર્ચ અન્વયે મોકલેલ યુ.ટી.સી. અન્વયે તબક્કાવાર ગ્રાન્ટની ફાળવવામાં આવે છે.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩)ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે? | (૩) રૂ. ૫૬૬૧.૦૫ લાખ |

- - - - - - - - -

**જૂનાગઢ ખાતે પ્રાદેશિક સંશોધન કેન્દ્ર માટે જમીન ફાળવણી**

૩૫૩૪૭ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : **૧૪મી ગુ.વિ.સભાના પ્રથમ સત્રમાં તા.૨૩-૦૩-૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૯૩૩૩ (અગ્રતા-૧૩૫)ના અનુસંધાને માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભારત સરકાર સાથેની ગુજરાતની અગત્યની બાબતો વર્ષ ૨૦૧૫ પૈકી સેન્ટર ફોર કોટન એક્સલન્સની સ્થાપના બાબતે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ કરેલ રજૂઆત, માંગણી અન્વયે ઈન્ડિયન કાઉન્સીલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ, નવી દિલ્હી દ્વારા જૂનાગઢ ખાતે મગફળી સંશોધન કેન્દ્ર ખાતે કપાસ માટે પ્રાદેશિક સંશોધન કેન્દ્ર શરૂ કરવાનું નક્કી કરેલ તેમાં ૧૦૦ એકર જમીનની માંગણી કરેલ તે જમીન મેળવવાની કાર્યવાહી તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૧) જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા જૂનાગઢ સ્થિત મગફળી સંશોધન કેન્દ્રને ઇવનગર ગામની સ.ન.૭, ૮/૧.૮/૨ અને ૯ની કુલ ૧૦૦.૨૬ હે. જમીન અગાઉ તેમની કચેરીને ફાળવી દીધેલ છે. |
| (૨) ઉક્ત કાર્યવાહી કયાં સુધીમાં પૂર્ણ કરીને ક્યાં | (૨) આ સંશોધન કેન્દ્ર Central Institute of |

સુધીમાં ઉક્ત સંશોધન કેન્દ્ર કાર્યરત કરવામાં આવશે?

Cotton Research (CICR), Nagpurદ્વારા શરૂ કરવા નક્કી થયેલ. જે સંદર્ભે Directorate of Groundnut Research, Ivnagar, Dist. Junagadh એ તમામ સુવિધાઓ પુરી પાડવાનું નક્કી થયેલ છે. જે મુજબ ઉક્ત સંશોધન કેન્દ્ર શરૂ કરવા માટે પ્રાથમિક કામગીરી પૂર્ણ થઇ ગયેલ છે અને સંશોધનના અખતરાઓ લેવાની કામગીરી ગત સિઝનમાં શરૂ કરી દેવામાં આવેલ છે.

- - - - - - - - -

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં મનરેગા યોજના અન્વયે રકમની ફાળવણી**

૩૫૩૫૦ **શ્રી વિરજીભાઇ ઠુમ્મર** (લાઠી) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી મનરેગા યોજના અન્વયે કેટલી રકમ રાજ્ય સરકારને મળી,

(૨) તે પૈકી અમરેલી અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર, વર્ષવાર કેટલી રકમ ફાળવી, અને

(૩) ઉક્ત ફાળવવામાં આવેલ રકમ પૈકી જિલ્લાવાર કેટલા માનવદિનની રોજગારી માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧)

| કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને મળેલ રકમ | |
|---|---|
| | **(રકમ રૂપિયા લાખમાં)** |
| **નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦** | **નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૦ અંતિત)** |
| ૭૭,૫૮૪.૨૬ | ૧,૧૭,૫૭૫.૭૧ |

(૨) મનરેગા યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ અન્વયે રાજ્યકક્ષાએથી કોઇપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી, પરંતુ જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે.

(૩) જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે તે પૈકી ઉક્ત જિલ્લાવાર નીચેની વિગતે માનવદિનની રોજગારી પાછળ ખર્ચ થયો.

| **ક્રમ** | **જિલ્લો** | **વર્ષ ૨૦૧૯-૨૦** | | **વર્ષ ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૦ અંતિત)** | |
|---|---|---|---|---|---|
| | | **માનવદિન રોજગારી** | **ખર્ચ રકમ રૂ. (લાખમાં)** | **માનવદિન રોજગારી** | **ખર્ચ રકમ રૂ. (લાખમાં)** |
| ૧ | અમરેલી | ૭,૦૨,૧૪૦ | ૧,૨૦૬.૩૦ | ૫,૫૮,૮૧૯ | ૧,૦૧૪.૩૧ |
| ૨ | ભાવનગર | ૯,૧૨,૩૫૩ | ૧,૬૨૮.૩૮ | ૧૮,૪૩,૮૨૩ | ૩,૬૧૭.૩૭ |

**નોંધઃ** મનરેગા સોફ્ટમાં નાણાકીય વર્ષ મુજબ માહિતી ઉપલબ્ધ હોઇ, નાણાકીય વર્ષ પ્રમાણે માહિતી તૈયાર કરવામાં

- - - - - - - - -

**મોરબી અને બોટાદ જિલ્લામાં બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદિલી**

૩૫૩૨૦ **શ્રી લલીતભાઇ કગથરા**(ટંકારા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. -

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મોરબી અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એકટ અંતર્ગત પુરવઠો મેળવતા કેટલા બીપીએલ કાર્ડ ધારકોના કાર્ડ એપીએલ કાર્ડમાં તબદીલ કરવામાં આવ્યા અને કેટલા કાર્ડ રદ્દ કરવામાં આવ્યા?

**જવાબ**

તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મોરબી અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એકટ અંતર્ગત પુરવઠો મેળવતા બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદીલ કરવા અંગેની તથા રદ કરવામાં આવેલ બીપીએલ કાર્ડની વિગત નીચે મુજબ છે.

| **જિલ્લાનું નામ** | **વર્ષ** | **બીપીએલ કાર્ડમાંથી એપીએલ કાર્ડમાં તબદીલ કરેલ રેશનકાર્ડની સંખ્યા** | **રદ કરવામાં આવેલ બીપીએલ રેશનકાર્ડની સંખ્યા** |
|---|---|---|---|
| મોરબી | ૨૦૧૯ | ૭ | ૧૯૪ |

| | | | |
|---|---|---|---|
| | ૨૦૨૦ | ૧૧૨ | ૯૧ |
| | **કુલ** | **૧૧૯** | **૨૮૫** |
| બોટાદ | ૨૦૧૯ | ૧ | ૧૯ |
| | ૨૦૨૦ | ૨૭ | ૧૩૯ |
| | **કુલ** | **૨૮** | **૧૫૮** |

- - - - - - - - -

**ભરૂચ જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૩૬૦૮૨ **શ્રી દુષ્યંતભાઈ પટેલ** (ભરૂચ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલી સેવા સહાકરી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે? | ૫૯ |

- - - - - - - - -

**જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો અમલ**

૩૫૩૩૮ **શ્રી બાબુભાઈ વાજા**(માંગરોળ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦ ૧-૨૦૨૧ ની સ્થિતિએ જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો અમલ કરવામાં નથી આવ્યો તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના શાં કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત યોજનાનો ક્યાં સુધીમાં અમલ કરવામાં આવનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા સહાય મેળવવા અરજીઓ**

૩૭૯૬૪ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવાની કેટલી અરજીઓ તાલુકાવાર સરકારને મળી, | (૧) પત્રક-૧ મુજબ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ વર્ષવાર, તાલુકાવાર મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, | (૨) પત્રક-૨ મુજબ. |
| (૩) અરજીઓ નામંજૂર કરવાના શાં કારણો છે, અને | (૩) અરજીઓ નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.<br>➢ મૃતક ઇફેક્ટીવ વેલીડ ડ્રાયવીન્ગ લાયસન્સ ધરાવતા ના હોવાથી<br>➢ મૃતકની ઉંમર ૭૦ વર્ષ કરતાં વધુ હોવાથી<br>➢ મૃત્યુનું કારણ અકસ્માત ન હોવાથી<br>➢ ખાતેદાર ખેડૂતના પ્રથમ હયાત સંતાન ન હોવાથી<br>➢ સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના હેઠળની (જનતા) અન્ય યોજનામાં ચૂકવવામાં આવેલ હોવાથી |
| (૪) બાકીની અરજીઓ ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવનાર છે? | (૪) અરજદારશ્રીઓ દ્વારા વીમા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર તરફથી માંગવામાં આવેલ ખૂટતા સાધનીક કાગળોની યોગ્ય પૂર્તતા થયેથી વીમા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા સત્વરે મંજૂર કરવામાં આવશે. |

**પત્રક-૧**

| તાલુકાનું નામ | અરજીઓની સંખ્યા |
|---|---|
| અમરેલી | ૧૭ |
| લીલીયા | ૦૭ |
| લાઠી | ૧૨ |
| બાબરા | ૨૬ |
| કુંકાવાવ | ૧૧ |
| બગસરા | ૧૭ |
| ધારી | ૧૦ |
| સાવરકુંડલા | ૩૪ |
| ખાંભા | ૨૧ |
| રાજુલા | ૧૭ |
| જાફરાબાદ | ૧૧ |

**પત્રક-૨**

| તાલુકાનું નામ | મંજૂર અરજીઓની સંખ્યા | | નામંજૂર અરજીઓની સંખ્યા | |
|---|---|---|---|---|
| | સને ૨૦૧૯ | સને ૨૦૨૦ | સને ૨૦૧૯ | સને ૨૦૨૦ |
| અમરેલી | ૦૭ | ૦૬ | ૦૦ | ૦૦ |
| લીલીયા | ૦૪ | ૦૨ | ૦૧ | ૦૦ |
| લાઠી | ૦૩ | ૦૬ | ૦૧ | ૦૦ |
| બાબરા | ૧૦ | ૦૬ | ૦૧ | ૦૨ |
| કુંકાવાવ | ૦૧ | ૦૪ | ૦૪ | ૦૦ |
| બગસરા | ૦૭ | ૦૬ | ૦૦ | ૦૧ |
| ધારી | ૦૩ | ૦૪ | ૦૦ | ૦૧ |
| સાવરકુંડલા | ૧૬ | ૦૮ | ૦૨ | ૦૧ |
| ખાંભા | ૦૮ | ૦૭ | ૦૦ | ૦૨ |
| રાજુલા | ૦૯ | ૦૫ | ૦૦ | ૦૦ |
| જાફરાબાદ | ૦૪ | ૦૩ | ૦૦ | ૦૧ |

---------

**મોરબી જિલ્લામાં કાંટાળા તારની વાડ બનાવવાની પડતર અરજીઓ**

૩૭૯૬૧ **શ્રી મહેશકુમાર પટેલ**(પાલનપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મોરબી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ તાલુકાવાર કાંટાળા તારની વાડ બનાવવાની કેટલી અરજીઓ મંજૂર કરવાની પડતર છે,

(૨) ઉક્ત અરજીઓ પડતર રહેવાના શાં કારણો છે, અને

(૩) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબની અરજીઓ પડતર હતી. જેની આજની તારીખમાં પ્રાથમિક મંજૂરી આપી દીધેલ છે.

| તાલુકા | સંખ્યા |
|---|---|
| ટંકારા | ૦૧ |
| વાંકાનેર | ૦૨ |
| હળવદ | ૦૩ |

(૨) અરજીઓ મેળવવાની શરૂઆત માટે પોર્ટલ તા.૩૦-૧૨-૨૦૨૦ થી ખોલવામાં આવેલ હતું અને તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અરજીઓ મેળવવાની પ્રક્રિયા ચાલુ હતી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં કૃષિ રાહત પેકેજ**

૩૫૩૧૪ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખરીફ-૨૦૨૦ ઓગસ્ટ માસમાં થયેલ ભારે

**જવાબ**

(૧) હા,જી.

વરસાદથી થયેલ પાક નુકશાન અન્વયે કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવેલ છે જે અન્વયે ૩૩ ટકા કે તેથી વધુ નુકશાન હોય તેવા ખાતેદાર ખેડૂતને પ્રતિ હેક્ટર રૂ.૧૦,૦૦૦ની સહાય ચુકવવાની જોગવાઈ કરવામાં આવેલી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧/૦૧/૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં અસરગ્રસ્ત ખાતેદાર ખેડૂતને રૂ.૧૦,૦૦૦ને બદલે રૂ.૬૮૦૦ ચૂકવવામાં આવ્યા છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) કૃષિ રાહત પેકેજ અંતર્ગત તા.૩૧/૧/૨૦૨૧ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં મંજૂર થયેલ ચૂકવવાપાત્ર ખેડૂતોની અરજીઓને જોગવાઈ અનુસાર મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર રૂ.૧૦,૦૦૦/-ની સહાય મંજૂર કરેલ છે. જે પૈકી રૂ.૬૮૦૦/- પ્રતિ હેક્ટર SDRF બજેટ હેડ અને રૂ.૩૨૦૦/- પ્રતિ હેક્ટર રાજ્ય બજેટ હેડ એમ બે અલગ અલગ બજેટ હેડમાંથી ચૂકવવામાં આવી રહી છે.

(૩) જો હા, તો તેના શા કારણો છે, અને

(૩) ઉક્ત મંજૂર કરેલ રૂ.૧૦,૦૦૦/- પ્રતિ હેક્ટર સહાય પૈકી SDRF બજેટ હેડ હેઠળ રૂ.૬૮૦૦/- પ્રતિ હેક્ટર અને રાજ્ય બજેટ હેડ હેઠળ રૂ.૩૨૦૦/- પ્રતિ હેક્ટર મુજબ SDRF અને રાજ્ય બજેટ બન્ને સદરમાંથી અલગ-અલગ બિલ બનાવી સહાય ચૂકવવામાં આવે છે. ઉક્ત પ્રક્રિયા ઓનલાઈન હોઈ સહાયની રકમ લાભાર્થીના ખાતામાં અલગ-અલગ સમયે જમા થવાની શક્યતા રહેતી હોઈ તફાવત આવી શકે છે.

(૪) ઉક્ત તફાવતની રકમ અસરગ્રસ્ત ખાતેદાર ખેડૂતને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ?

(૪) શક્ય તેટલા વહેલા ચૂકવવામાં આવશે.

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદિલ**

૩૫૨૯૨ **શ્રી જશુભાઈ પટેલ**(બાયડ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એકટ અંતર્ગત પુરવઠો મેળવતા કેટલા બીપીએલ કાર્ડ ધારકોના કાર્ડ એપીએલ કાર્ડમાં તબદિલ કરવામાં આવ્યા અને કેટલા કાર્ડ રદ કરવામાં આવ્યા ?

**જવાબ**

તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એકટ અંતર્ગત પુરવઠો મેળવતા બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદીલ કરવા અંગેની તથા રદ કરવામાં આવેલ બીપીએલ કાર્ડની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | વર્ષ | બીપીએલ કાર્ડમાંથી એપીએલ કાર્ડમાં તબદીલ કરેલ રેશનકાર્ડની સંખ્યા | રદ કરવામાં આવેલ બીપીએલ રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|---|
| અરવલ્લી | ૨૦૧૯ | ૧૨૪ | ૧૭૧ |
| | ૨૦૨૦ | ૨૦૪૩ | ૧૭૭ |
| | **કુલ** | **૨૧૬૭** | **૩૪૮** |
| સાબરકાંઠા | ૨૦૧૯ | ૧૫૬૫ | ૩૩૭ |
| | ૨૦૨૦ | ૩૪૩ | ૭૮૨ |
| | **કુલ** | **૧૯૦૮** | **૧૧૧૯** |

---------

**દાહોદ જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૩૬૦૫૧ **શ્રી રમેશભાઈ કટારા**(ફતેપુરા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલી સેવા સહાકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે?

**જવાબ**

૨૨

**રાજ્યમાં ધાર્મિક સ્થળોનો પ્રસાદ સ્કીમમાં સમાવેશ**

૩૬૦૩૯ **શ્રી જીગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારશ્રીની પ્રસાદ સ્કીમ અંતર્ગત રાજ્યના સોમનાથ સિવાય ગુજરાતના કયા ધાર્મિક સ્થળોનો સમાવેશ કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કયા સ્થળનો સમાવેશ કરવા માટે કાર્યવાહી કરવામાં આવેલ છે?

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારશ્રીની પ્રસાદ સ્કીમ અંતર્ગત રાજ્યના સોમનાથ સિવાય ધાર્મિક સ્થળ અંબાજીનો સમાવેશ કરવામાં આવેલ છે.

- - - - - - - - -

## વડનગર-મોઢેરા-પાટણ સર્કીટ માટે ગ્રાન્ટ ફાળવણી

૩૬૧૪૯ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભારત સરકાર દ્વારા સ્વદેશ દર્શન યોજના અંતર્ગત વડનગર-મોઢેરા-પાટણ સર્કીટ માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે,

(૨) ક્યા સ્થળના કામ માટે કેટલી રકમ ફાળવવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભારત સરકાર દ્વારા સ્વદેશ દર્શન યોજના અંતર્ગત વડનગર-મોઢેરા-પાટણ સર્કીટ માટે રૂ.૯૧૪૨.૦૬ લાખ મંજૂર કરેલ છે. જે પૈકી રૂ. ૪૦૧૪.૯૩ લાખ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

(૨)

| ક્રમ | વિગત | રૂ. લાખમાં |
|---|---|---|
| (અ) વડનગર | | |
| ૧ | શર્મિષ્ઠા તળાવ | ૪૪૫૬.૫૪ |
| ૨ | તાનારીરી પાર્ક અને ગાય લેક | ૧૯૧૭.૧૩ |
| ૩ | શેઠ ચકુલાલ ભોગીલાલ ઈન્ટરપ્રિટેશન સેન્ટર | ૩૦૫.૮૬ |
| ૪ | અંબાજી લેક | ૩૦૫.૪૨ |
| ૫ | લટેરી વાવ | ૧૫૬.૭૮ |
| ૬ | ગેટ અને ફોર્ટ વોલ | ૩૪૦.૭૯ |
| ૭ | વડનગર રેલ્વે સ્ટેશન | ૮૩૪.૧૬ |
| (બ) મોઢેરા | | ૩૯૦.૦૫ |

સ્થળ વાઈઝ ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી, પરંતુ થયેલ ખર્ચ અન્વયે મોકલેલ યુ.ટી.સી. અન્વયે તબક્કાવાર ગ્રાન્ટની ફાળવવામાં આવે છે.

(૩) રૂ. ૫૬૬૧.૦૫ લાખ

- - - - - - - - -

## જૂનાગઢ જિલ્લામાં દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન

૩૬૨૩૩ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન માટે કોઈ યોજના છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં આ યોજના હેઠળ કેટલી અરજીઓ મળેલ હતી,

**જવાબ**

(૧) હા,
નીચે મુજબની બે યોજના છે.
(૧) દેશી ગાય આધારિત સંપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબને એક ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજના
(૨) પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ દ્વારા જીવામૃત બનાવવા સારૂ લાભાર્થીઓને પ્રાકૃતિક કૃષિ કીટમાં સહાયની યોજના

(૨)

| ક્રમ | યોજનાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | દેશી ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજના | ૧૨,૨૫૧ |

| | | |
|---|---|---|
| ૨ | પ્રાકૃતિક કૃષિ કીટમાં સહાયની યોજના | ૧,૬૯૦ |

(૩) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૩)

| ક્રમ | યોજનાનું નામ | મંજૂર અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | દેશી ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજના | ૫,૩૬૦ |
| ૨ | પ્રાકૃતિક કૃષિ કીટમાં સહાયની યોજના | ૧,૩૧૯ |

(૪) કેટલા લાભાર્થીઓને કેટલા રકમની સહાય ચૂકવવામાં આવી?

(૪)

| ક્રમ | યોજનાનું નામ | લાભાર્થીની સંખ્યા | સહાયની રકમ(રૂ.) |
|---|---|---|---|
| ૧ | દેશી ગાય માટે નિભાવ ખર્ચમાં સહાય આપવાની યોજના | ૫,૩૬૦ | ૧,૦૭,૯૫,૫૦૦/- |
| ૨ | પ્રાકૃતિક કૃષિ કીટમાં સહાયની યોજના | ૬૭૮ | ૯,૧૫,૩૦૦/- |

---------

**રાજ્યમાં ધાર્મિક સ્થળોનો પ્રસાદ સ્કીમમાં સમાવેશ**

૩૬૦૮૦ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારશ્રીની પ્રસાદ સ્કીમ અંતર્ગત રાજ્યના સોમનાથ સિવાય ગુજરાતના કયા ધાર્મિક સ્થળોનો સમાવેશ કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કયા સ્થળનો સમાવેશ કરવા માટે કાર્યવાહી કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકારશ્રીની પ્રસાદ સ્કીમ અંતર્ગત રાજ્યના સોમનાથ સિવાય ધાર્મિક સ્થળ અંબાજીનો સમાવેશ કરવામાં આવેલ છે.

---------

**ભરૂચ અને નર્મદા જિલ્લામાં કૃષિ રાહત પેકેજ**

૩૫૩૯૮ **શ્રી સંજયભાઈ સોલંકી**(જંબુસર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખરીફ-૨૦૨૦ ઓગસ્ટ માસમાં થયેલ ભારે વરસાદથી થયેલ પાક નુકસાન અન્વયે કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવેલ છે જે અન્વયે ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન હોય તેવા ખાતેદાર ખેડૂતને પ્રતિ હેક્ટર રૂ.૧૦,૦૦૦ની સહાય ચુકવવાની જોગવાઈ કરવામાં આવેલી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧/૦૧/૨૦૨૧ની સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લામાં અસરગ્રસ્ત ખાતેદાર ખેડૂતને રૂ.૧૦,૦૦૦ને બદલે રૂ.૬૮૦૦ ચૂકવવામાં આવ્યા છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૩) જો હા, તો તેના શા કારણો છે, અને

(૪) ઉક્ત તફાવતની રકમ અસરગ્રસ્ત ખાતેદાર ખેડૂતને

**જવાબ**

(૧) હા,જી.

(૨) કૃષિ રાહત પેકેજ અંતર્ગત તા.૩૧/૧/૨૦૨૧ની સ્થિતિએ ભરૂચ અને નર્મદા જિલ્લામાં મંજૂર થયેલ ચૂકવવાપાત્ર ખેડૂતોની અરજીઓને જોગવાઈ અનુસાર મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર રૂ.૧૦,૦૦૦/-ની સહાય મંજૂર કરેલ છે. જે પૈકી રૂ.૬૮૦૦/- પ્રતિ હેક્ટર SDRF બજેટ હેડ અને રૂ.૩૨૦૦/- પ્રતિ હેક્ટર રાજ્ય બજેટ હેડ એમ બે અલગ અલગ બજેટ હેડમાંથી ચૂકવવામાં આવી રહી છે.

(૩) ઉક્ત મંજૂર કરેલ રૂ.૧૦,૦૦૦/- પ્રતિ હેક્ટર સહાય પૈકી SDRF બજેટ હેડ હેઠળ રૂ.૬૮૦૦/- પ્રતિ હેક્ટર અને રાજ્ય બજેટ હેડ હેઠળ રૂ.૩૨૦૦/- પ્રતિ હેક્ટર મુજબ SDRF અને રાજ્ય બજેટ બન્ને સદરમાંથી અલગ-અલગ બિલ બનાવી સહાય ચૂકવવામાં આવે છે. ઉક્ત પ્રક્રિયા ઓનલાઈન હોઈ સહાયની રકમ લાભાર્થીના ખાતામાં અલગ-અલગ સમયે જમા થવાની શક્યતા રહેતી હોઈ તફાવત આવી શકે છે.

(૪) શક્ય તેટલા વહેલા ચૂકવવામાં આવશે.

ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ?

- - - - - - - - -

**દાહોદ અને પંચમહાલ જિલ્લામાં કૃષિ રાહત પેકેજ**

૩૫૩૭૯ **શ્રી વજેસિંગભાઈ પણદા**(દાહોદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખરીફ-૨૦૨૦ ઓગસ્ટ માસમાં થયેલ ભારે વરસાદથી થયેલ પાક નુકસાન અન્વયે કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવેલ છે જે અન્વયે ૩૩ ટકા કે તેથી વધુ નુકશાન હોય તેવા ખાતેદાર ખેડૂતને પ્રતિ હેક્ટર રૂ.૧૦,૦૦૦ની સહાય ચુકવવાની જોગવાઈ કરવામાં આવેલી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧/૦૧/૨૦૨૧ની સ્થિતિએ દાહોદ અને પંચમહાલ જિલ્લામાં અસરગ્રસ્ત ખાતેદાર ખેડૂતને રૂ.૧૦,૦૦૦ને બદલે રૂ.૬૮૦૦ ચૂકવવામાં આવ્યા છે તે હકીકતથી સરકાર વાકેફ છે, | (૨) દાહોદ અને પંચમહાલ જિલ્લાનો કૃષિ રાહત પેકેજમાં સમાવેશ થયેલ નથી. |
| (૩) જો હા, તો તેના શા કારણો છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત તફાવતની રકમ અસરગ્રસ્ત ખાતેદાર ખેડૂતને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**વિંછીયા બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ મંજૂર રકમ**

૩૬૨૨૪ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લાની વિંછીયા બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ. ૫૦.૦૦/- લાખ |
| (૨)ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે? | (૨) રૂ. ૫૦.૦૦/- લાખ |

- - - - - - - - -

**સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૫% કેપીટલ ગોડાઉન સહાય હેઠળ ચૂકવેલ રકમ**

૩૬૨૧૦ **શ્રી પરસોત્તમ સાબરીયા**(ધ્રાંગધ્રા ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૫% કેપીટલ ગોડાઉન સહાય હેઠળ કુલ કેટલા રૂપિયાની સહાય ચૂકવવામાં આવી, અને | (૧) રૂ.૮,૬૩,૨૫૦/- |
| (૨)તેનાથી રાજ્યની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયો ? | (૨) ૧૫૧૦.૩૯ મે. ટન |

- - - - - - - - -

**આણંદ જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય**

૩૬૦૪૧ **શ્રી કુબેરભાઈ ડીંડોર**(સંતરામપુર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે? | ૪૫ |

- - - - - - - - -

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા**

૩૫૩૨૯ **શ્રી ચિરાગભાઈ કાલરીયા**(જામજોધપુર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર વાજબી ભાવની કેટલી દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલી દુકાનોમાં ગેરરીતિ સામે આવી અને તેવા કેટલા દુકાનદારો સામે શું પગલાં ભરવામાં આવ્યા,

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

(૪) કેટલા પરવાના રદ કરવામાં આવ્યા?

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં ૪૭૫ વાજબી ભાવની દુકાનો ઉપર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૭૦૧ વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨)

(૧) જામનગર જિલ્લામાં ૫૭ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૩૩ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૧,૧૬,૫૩૭/- નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૧૮,૧૦૮/- પરવાના અનામત રાજ્યસાત
- રૂ. ૧૧,૯૩૧/- નો દંડ
- ૧ (એક) પરવાના મોકૂફ
- ૨૪ (ચોવીસ) કેસ સુનાવણી હેઠળ

(૨) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૩ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૯ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૩૩,૫૦૦ /- પરવાના અનામત રાજ્યસાત
- રૂ. ૪૧,૨૯૩/- નો દંડ
- ૪ (ચાર) કેસ સુનાવણી હેઠળ

(૩) જિલ્લાવાર નીચે મુજબનો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો.

**(૧) જામનગરઃ-**

| અ.નં. | આવશ્યક ચીજવસ્તુ | જથ્થો કિ.ગ્રા./લી. |
|---|---|---|
| ૧ | ઘઉં | ૭૭૫૩ |
| ૨ | ચોખા | ૩૦૭૮ |
| ૩ | ખાંડ | ૭૮ |
| ૪ | કેરોસીન | ૧૯૮૫ |
| ૫ | મીઠું | ૬૬૯ |
| ૬ | ખાદ્યતેલ | ૨૫ |

**(૨) દેવભૂમિ દ્વારકાઃ-** શૂન્ય

(૪) (૧) જામનગર- શૂન્ય(૨) દેવભૂમિ દ્વારકા - શૂન્ય

---------

**ગીર સોમનાથ જિલ્લામાં બુધ્ધીસ્ટ સર્કીટ અન્વયે કામગીરી**

૩૫૩૪૪ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમાં સત્ર તા.૧૧-૧૨-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૦૭૦૩ (અગ્રતા-૨૫૬) ના અનુસંધાને **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગીર સોમનાથ જિલ્લામાં શાણાના ડુંગરની બુધ્ધીસ્ટ સર્કીટ અન્વયે ચાલી રહેલ કામગીરી જાન્યુઆરી ૨૦૨૦ સુધીમાં, શાણેશ્વર હનુમાનજી મંદિરની આસપાસ વિકાસની કામગીરી માર્ચ-૨૦૨૦ સુધીમાં, જગજીવન બાપુ સેવા આશ્રમની કામગીરી આર.સી.સી. ડીઝાઈન મળ્યેથી ૧૧ માસમાં તથા ગુપ્ત પ્રયાગ ધાર્મિક જગ્યાની કામગીરી

તા.૩૦-૦૩-૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવાની હતી તે કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિ હાલ કયા તબક્કે છે,

(૨) ઉક્ત કામગીરી ઉક્ત સમય મર્યાદામાં પૂર્ણ ન

**જવાબ**

(૧) (૧) ગીર-સોમનાથ જિલ્લામાં શાણાના ડુંગરની બુધ્ધિષ્ટ સર્કીટ અન્વયે ચાલી રહેલ કામગીરી જાન્યુઆરી ૨૦૨૦ની સ્થિતિએ પૂર્ણ થયેલ છે.

(૨) શાણેશ્વર હનુમાનજી મંદિરની આસપાસ વિકાસની કામગીરી તા.૧૬-૦૧-૨૦૨૦ના રોજ પૂર્ણ થયેલ છે.

(૩) જગજીવન બાપુ સેવા આશ્રમ તેમજ ગુપ્ત પ્રયાગ ધાર્મિક જગ્યાના વિકાસની કામગીરી પ્રગતિમાં છે.

(૨) (૧) જગજીવન બાપુ સેવા આશ્રમની કામગીરી

થઈ હોય તો તેના કારણો શાં છે, અને

સંબંધે સોઈલ બેરિંગ કેપેસિટી રીપોર્ટ તા.૨૪-૦૩-૨૦૨૦ થી મળેલ છે, જેના લીધે તા.૨૪-૦૬-૨૦૨૦ થી આલેખન વર્તુળ, ગાંધીનગર દ્વારા ડ્રોઈંગ આપવામાં આવેલ છે. જેના કારણે કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થઈ શકેલ નથી.

(૨) ગુપ્ત પ્રયાગ ધાર્મિક જગ્યાની કામગીરીમાં બોક્ષ કલ્વર્ટ તથા સી.સી.રોડની વધારાની કામગીરી કરવાના કારણે કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થઈ શકેલ નથી.

(૩) ઉક્ત કામવાર ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવેલ છે?

(૩)

| | | |
|---|---|---|
| (૧) | શાણા ડુંગર ખાતેની બુધ્ધિષ્ટ સર્કીટ | રૂ. ૩૦૮.૮૫ લાખ |
| (૨) | શણેશ્વર હનુમાનજી મંદિર | રૂ. ૨૪૪.૧૦ લાખ |
| (૩) | જગજીવન બાપુ સેવા આશ્રમ | રૂ.૯૭.૪૮ લાખ |
| (૪) | ગુપ્ત પ્રયાગ ધાર્મિક જગ્યા | રૂ. ૩૦૯.૦૬ લાખ |

- - - - - - - - -

**કચ્છ જિલ્લાની બજાર સમિતિને કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ**

૩૬૧૩૧ **ડૉ.નીમાબેન આચાર્ય** (ભુજ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાની ભુજ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૧) રૂ.૧૨.૫૮/- લાખ.

(૨)ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

(૨) રૂ.૧૨.૫૮/- લાખ.

- - - - - - - - -

**દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં કૃષિ રાહત પેકેજ**

૩૫૩૩૨ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ખરીફ-૨૦૨૦ ઓગસ્ટ માસમાં થયેલ ભારે વરસાદથી થયેલ પાક નુકશાન અન્વયે કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવેલ છે જે અન્વયે ૩૩ ટકા કે તેથી વધુ નુકશાન હોય તેવા ખાતેદાર ખેડૂતને પ્રતિ હેક્ટર રૂ.૧૦,૦૦૦ની સહાય ચુકવવાની જોગવાઈ કરવામાં આવેલી છે તે હકીકત સાચી છે,

(૧) હા,જી.

(૨) જો હા, તો તા.૩૧/૦૧/૨૦૨૧ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં અસરગ્રસ્ત ખાતેદાર ખેડૂતને રૂ.૧૦,૦૦૦ને બદલે રૂ.૬૮૦૦ ચૂકવવામાં આવ્યા છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) કૃષિ રાહત પેકેજ અંતર્ગત તા.૩૧/૧/૨૦૨૧ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં મંજૂર થયેલ ચૂકવવાપાત્ર ખેડૂતોની અરજીઓને જોગવાઈ અનુસાર મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર રૂ.૧૦,૦૦૦/-ની સહાય મંજૂર કરેલ છે. જે પૈકી રૂ.૬૮૦૦/- પ્રતિ હેક્ટર SDRF બજેટ હેડ અને રૂ.૩૨૦૦/- પ્રતિ હેક્ટર રાજ્ય બજેટ હેડ એમ બે અલગ અલગ બજેટ હેડમાંથી ચૂકવવામાં આવી રહી છે.

(૩) જો હા, તો તેના શા કારણો છે, અને

(૩) ઉક્ત મંજૂર કરેલ રૂ.૧૦,૦૦૦/- પ્રતિ હેક્ટર સહાય પૈકી SDRF બજેટ હેડ હેઠળ રૂ.૬૮૦૦/- પ્રતિ હેક્ટર અને રાજ્ય બજેટ હેડ હેઠળ રૂ.૩૨૦૦/- પ્રતિ હેક્ટર મુજબ SDRF અને રાજ્ય બજેટ બન્ને સદરમાંથી અલગ-અલગ બિલ બનાવી સહાય ચૂકવવામાં આવે છે. ઉક્ત પ્રક્રિયા ઓનલાઈન હોઈ સહાયની રકમ લાભાર્થીના ખાતામાં અલગ-અલગ સમયે જમા થવાની શક્યતા રહેતી હોઈ તફાવત આવી શકે છે.

(૪) ઉક્ત તફાવતની રકમ અસરગ્રસ્ત ખાતેદાર ખેડૂતને કયાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ?

(૪) શક્ય તેટલા વહેલા ચૂકવવામાં આવશે.

- - - - - - - - -

તા. ૧૯મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**કોરોના મહામારીમાં રાશનકાર્ડ ધારકોને મફત અનાજ આપવા તુવેર દાળની ખરીદી**

૩૫૨૭૧ **શ્રી કાન્તીભાઈ ખરાડી**(દાંતા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીના કારણે લોકડાઉન સમયે રાશનકાર્ડ ધારકોને મફત અનાજ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા તુવેર દાળની ખરીદી કઈ પદ્ધતિથી કરવામાં આવી,

(૨) તે અન્વયે કોની પાસેથી તુવેર દાળનો કેટલો જથ્થો કયા ભાવે ખરીદવામાં આવ્યો,

(૩)તે અન્વયે કેટલી રકમ કોને ચૂકવવાની થાય છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોરોના મહામારીના કારણે લોકડાઉન સમયે રાશનકાર્ડ ધારકોને વિનામૂલ્યે વિતરણ કરવા રાજ્ય સરકાર દ્વારા તુવેરદાળની ખરીદી કરવામાં આવેલ નથી.

(૨) ઉપર્યુક્ત ખંડ(૧)ની વિગતે માહિતી શૂન્ય છે.

(૩) ઉપર્યુક્ત ખંડ(૧)ની વિગતે માહિતી શૂન્ય છે.

(૪) ઉપર્યુક્ત ખંડ(૧)ની વિગતે માહિતી શૂન્ય છે.

---------

**અમદાવાદ અને પાટણ જિલ્લામાં વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા**

૩૫૩૦૪ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર વાજબી ભાવની કેટલી દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલી દુકાનોમાં ગેરરીતિ સામે આવી અને તેવા કેટલા દુકાનદારો સામે શું પગલાં ભરવામાં આવ્યા,

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ૪૮૧ વાજબી ભાવની દુકાનો ઉપર અને પાટણ જિલ્લામાં ૩૯૧ વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨)

(૧) અમદાવાદ જિલ્લામાં ૧૪૦ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી. જે પૈકી ઓફલાઈન તપાસણીમાં ૧૦ દુકાનદારો અને ઓનલાઈન તપાસણીમાં ૧૩૦ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૪૮૫૯૭/- નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૬૧૩૦૦૦/- પરવાના અનામત રાજ્યસાત
- રૂ. ૨૦૧૮૫૧૭/- નો દંડ
- ૪ (ચાર) પરવાના મોકૂફ
- ૩ (ત્રણ) પરવાના રદ

(૨) પાટણ જિલ્લામાં ૨૭૭ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી. ૨૭૭ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૪,૩૪,૫૦૦/- પરવાના અનામત રાજ્યસાત
- રૂ. ૨૫,૪૪,૬૯૮/- નો દંડ
- ૩ (ત્રણ) પરવાના મોકૂફ
- ૨ (બે) પરવાના રદ

(૩) જિલ્લાવાર નીચે મુજબનો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો

(૧) અમદાવાદઃ-

| અ.નં. | આવશ્યક ચીજવસ્તુ | જથ્થો કિ.ગ્રા./લી. |
|---|---|---|
| ૧ | ઘઉં | ૩૮૮૫ |
| ૨ | ચોખા | ૧૭૫૫ |
| ૩ | ખાંડ | ૧૫૪ |

| | | |
|---|---|---|
| ૪ | કેરોસીન | ૧૦૯૪ |
| ૫ | મીઠું | ૧૨૦ |

(૨) પાટણઃ-

| અ.નં. | આવશ્યક ચીજવસ્તુ | જથ્થો કિ.ગ્રા./લી. |
|---|---|---|
| ૧ | નીલ | નીલ |

(૪) કેટલા પરવાના રદ કરવામાં આવ્યા?

(૪) (૧) અમદાવાદઃ- ૩
(૨) પાટણઃ- ૨

---------

**આણંદ જિલ્લામાં રોટાવેટરની ખરીદીમાં સહાય**

૩૬૦૨૭ **શ્રી મહેશકુમાર રાવલ**(ખંભાત) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં રોટાવેટરની ખરીદીમાં સહાય માટે કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા ખેડૂતોએ રોટાવેટરની ખરીદી કરી, અને

(૩) તે પૈકી કેટલા ખેડૂતોને કેટલી સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં રોટાવેટરની ખરીદીમાં સહાય માટે ૮૦૫ અરજીઓ મંજૂર કરવામાં આવી.

(૨) તે પૈકી ૪૬૦ ખેડૂતોએ રોટાવેટરની ખરીદી કરી, અને

(૩) તે પૈકી ૪૪૨ ખેડૂતોને રૂ. ૧,૭૩,૩૧,૩૭૫/- સહાય ચૂકવવામાં આવી.

---------

**દાહોદ જિલ્લામાં મનરેગા યોજના**

૩૫૩૮૨ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા**(ગરબાડા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં ધાનપુર અને દેવગઢ બારીયા તાલુકાઓમાં તાલુકાવાર મનરેગા યોજના અંતર્ગત ચેકડેમ, કૂવાઓ બનાવવા કેટલા કામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) ઉક્ત કામો માટે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, વર્ષવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

(૩) તે પૈકી કેટલી રકમનો તાલુકાવાર, વર્ષવાર ખર્ચ કરવામાં આવ્યો, અને

(૪) કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી?

**જવાબ**

(૧) ચેકડેમ અને કૂવા બનાવવાના મંજૂર કામ

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૯-૨૦ | | વર્ષ ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૦ અંતિત) | |
|---|---|---|---|---|---|
| | | ચેકડેમ | કૂવા | ચેકડેમ | કૂવા |
| ૧ | ધાનપુર | ૩૨૭ | ૨૮૭ | ૨૫૧ | ૧૮૬ |
| ૨ | દેવગઢ બારીયા | ૧૭ | ૨૬૧ | ૧૬૭ | ૩૬૦ |

**નોંધઃ-** મનરેગા સોફ્ટમાં નાણાંકીય વર્ષ મુજબ માહિતી ઉપલબ્ધ હોઈ, નાણાંકીય વર્ષ પ્રમાણે માહિતી તૈયાર કરવામાં આવેલ છે.

(૨) મનરેગા યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ અન્વયે રાજ્ય કક્ષાએથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર/તાલુકાવાર ફાળવવામાં આવતી નથી, પરંતુ જિલ્લાવાર/તાલુકાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે.

(૩)

| ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા તાલુકાવાર કરવામાં આવેલ ખર્ચ રકમ રૂ. (લાખમાં) | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૧૯-૨૦ | | વર્ષ ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૦ અંતિત) | |
| | | ચેકડેમ | કૂવા | ચેકડેમ | કૂવા |
| ૧ | ધાનપુર | ૮૭૬.૯૯ | ૭૮૯.૭૫ | ૬૬૩.૯૬ | ૧૦૨.૬૦ |
| ૨ | દેવગઢ | ૫૩.૮૮ | ૯૦૬.૩૧ | ૨૯૦.૫૪ | ૫૪૧.૦૫ |

(૪) ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા તાલુકાવાર ખર્ચ થતો હોવાના કારણે રકમ વણવપરાયેલ રહેવાનો પ્રશ્ન રહેતો નથી.

---------

તા. ૧૯મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**દાહોદ જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૩૬૦૫૪ **શ્રી શૈલેષભાઈ ભાભોર**(લીમખેડા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે? | ૨૨ |

---------

**મહેસાણા જિલ્લામાં ઘનિષ્ઠ ખેતીથી વાવેલા ફળપાકોમાં સહાય**

૩૬૧૬૦ **શ્રી હિતુ કનોડિયા** (ઈડર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ઘનિષ્ઠ ખેતીથી વાવેલા ફળપાકોમાં સહાયની કેટલી અરજીઓ મળી,

(૧)

| અનુ. નં. | નાણાકીય વર્ષ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | ૮૫૮ |
| ૨ | ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ) | ૬૯૮ |
| | **કુલ** | **૧૫૫૬** |

(૨) તે પૈકી કેટલી અરજીઓમાં સહાય ચૂકવેલ છે, અને

(૨)

| અનુ. નં. | નાણાકીય વર્ષ | સહાય ચૂકવેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | ૩૩૧ |
| ૨ | ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ) | ૨૦૫ |
| | **કુલ** | **૫૩૬** |

(૩) તેમાં કેટલી સહાય ચૂકવવામાં આવી?

(૩)

| અનુ. નં. | નાણાકીય વર્ષ | ચૂકવેલ સહાય (રૂ) |
|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | ૩૧,૦૨,૨૨૩/- |
| ૨ | ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ) | ૧૬,૦૮,૮૬૮- |
| | **કુલ** | **૪૭,૧૧,૦૯૧/-** |

---------

**વડોદરા જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૩૬૦૫૭ **શ્રી કેતનભાઈ ઈનામદાર**(સાવલી) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે? | ૮૧ |

**ખેતી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનું મંજૂર મહેકમ**

૩૫૩૬૦ **શ્રી કાંતિભાઈ સોઢા પરમાર** (આણંદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ખેતી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ખેતી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ નીચે મુજબ છે. |

| અ.નં. | સંવર્ગનું નામ | મંજૂર જગ્યા |
|---|---|---|
| **વર્ગ-૧** | | |
| ૧ | ખેતી નિયામક | ૧ |
| ૨ | અધિક ખેતી નિયામક | ૨ |
| ૩ | સંયુક્ત ખેતી નિયામક | ૩ |
| ૪ | સંયુક્ત ખેતી નિયામક (યાંત્રિક) | ૧ |
| ૫ | વહીવટી અધિકારી | ૧ |
| ૬ | નાયબ ખેતી નિયામક | ૧૭ |
| ૭ | નાયબ ખેતી નિયામક (યાંત્રિક) | ૧ |
| ૮ | સંયુક્ત નિયામક (હિસાબ) | ૧ |
| | **કુલ** | **૨૭** |
| **વર્ગ-૨** | | |
| ૯ | મદદનીશ ખેતી નિયામક | ૩૪ |
| ૧૦ | ખેતી અધિકારી | ૫૪ |
| ૧૧ | તાલિમ અધિકારી (મહિલા) | ૧ |
| ૧૨ | ખેતી ઈજનેર | ૧ |
| ૧૩ | મદદનીશ વહીવટી અધિકારી | ૧ |
| ૧૪ | હિસાબી અધિકારી | ૩ |
| | **કુલ** | **૯૪** |
| **વર્ગ-૩** | | |
| ૧ | ખેતીવાડી નિરીક્ષક | ૬ |
| ૨ | ખેતીવાડી મદદનીશ | ૫ |
| ૩ | કચેરી અધિક્ષક | ૧૧ |
| ૪ | હેડક્લાર્ક | ૨૦ |
| ૫ | સિનિયર ક્લાર્ક | ૫૨ |
| ૬ | જુ.ક્લાર્ક, જુ.ક.ટાઈપીસ્ટ, ટ્રેસર | ૮૧ |
| ૭ | ડ્રાયવર | ૧૬ |
| ૮ | આર્ટીસ્ટ કમ ફોટોગ્રાફર | ૧ |
| ૯ | કંપોઝીટર | ૨ |
| ૧૦ | બાઈન્ડર | ૧ |
| ૧૧ | ડીસ્ટ્રીબ્યુટર | ૧ |
| ૧૨ | મદદનીશ ખેતી ઈજનેર | ૨ |
| ૧૩ | સિવિલ ઓવરશીયર | ૨ |
| ૧૪ | મિકેનીક | ૧ |
| ૧૫ | ડ્રાફ્ટમેન | ૧ |
| ૧૬ | કોડીંગ આસિસ્ટન્ટ | ૩ |
| ૧૭ | સ્કુ.આસિસ્ટન્ટ | ૨ |
| ૧૮ | પંચ ઓપરેટર | ૨ |
| | **કુલ** | **૨૦૯** |
| **વર્ગ-૪** | | |
| ૧ | પટાવાળા, સ્વીપર, ચોકીદાર વિ. | ૪૨ |
| | **કુલ** | **૪૨** |

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરેલી અને ખાલી છે,

(૨) તે પૈકી સંવર્ગવાર ભરેલી અને ખાલી જગ્યાઓ નીચે મુજબ છે.

| અ.નં. | સંવર્ગનું નામ | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|
| **વર્ગ-૧** | | | |
| ૧ | ખેતી નિયામક | ૧ | ૦ |
| ૨ | અધિક ખેતી નિયામક | ૨ | ૦ |
| ૩ | સંયુક્ત ખેતી નિયામક | ૩ | ૦ |

| | | | |
|---|---|---|---|
| ૪ | સંયુક્ત ખેતી નિયામક (યાંત્રિક) | ૧ | ૦ |
| ૫ | વહીવટી અધિકારી | ૦ | ૧ |
| ૬ | નાયબ ખેતી નિયામક | ૧૬ | ૧ |
| ૭ | નાયબ ખેતી નિયામક (યાંત્રિક) | ૧ | ૦ |
| ૮ | સંયુક્ત નિયામક (હિસાબ) | ૦ | ૧ |
| | **કુલ** | **૨૪** | **૩** |
| **વર્ગ-૨** | | | |
| ૯ | મદદનીશ ખેતી નિયામક | ૩૩ | ૧ |
| ૧૦ | ખેતી અધિકારી | ૨૬ | ૨૮ |
| ૧૧ | તાલિમ અધિકારી (મહિલા) | ૦ | ૧ |
| ૧૨ | ખેતી ઈજનેર | ૦ | ૧ |
| ૧૩ | મદદનીશ વહીવટી અધિકારી | ૧ | ૦ |
| ૧૪ | હિસાબી અધિકારી | ૩ | ૦ |
| | **કુલ** | **૬૩** | **૩૧** |
| **વર્ગ-૩** | | | |
| ૧ | ખેતીવાડી નિરીક્ષક | ૧ | ૫ |
| ૨ | ખેતીવાડી મદદનીશ | ૨ | ૩ |
| ૩ | કચેરી અધિક્ષક | ૩ | ૮ |
| ૪ | હેડક્લાર્ક | ૩ | ૧૭ |
| ૫ | સિનિયર કલાર્ક | ૩૦ | ૨૨ |
| ૬ | જુ.કલાર્ક, જુ.ક.ટાઈપીસ્ટ, ટ્રેસર | ૧૪ | ૬૭ |
| ૭ | ડ્રાયવર | ૧૬ | ૦ |
| ૮ | આર્ટીસ્ટ કમ ફોટોગ્રાફર | ૦ | ૧ |
| ૯ | કંપોઝીટર | ૦ | ૨ |
| ૧૦ | બાઈન્ડર | ૦ | ૧ |
| ૧૧ | ડીસ્ટ્રીબ્યુટર | ૧ | ૦ |
| ૧૨ | મદદનીશ ખેતી ઈજનેર | ૧ | ૧ |
| ૧૩ | સિવિલ ઓવરશીયર | ૦ | ૨ |
| ૧૪ | મિકેનીક | ૦ | ૧ |
| ૧૫ | ડ્રાફ્ટમેન | ૦ | ૧ |
| ૧૬ | કોડીંગ આસિસ્ટન્ટ | ૦ | ૩ |
| ૧૭ | સ્કુ.આસિસ્ટન્ટ | ૦ | ૨ |
| ૧૮ | પંચ ઓપરેટર | ૦ | ૨ |
| | **કુલ** | **૭૧** | **૧૩૮** |
| **વર્ગ-૪** | | | |
| ૧ | પટાવાળા, સ્વીપર, ચોકીદાર વિ. | ૩૪ | ૮ |
| | **કુલ** | **૩૪** | **૮** |

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ફીક્સ પગાર/કરાર આધારિત/આઉટસોર્સીંગથી ભરાયેલ છે, અને

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર ફીક્સ પગાર/કરાર આધારિત/આઉટસોર્સીંગથી ભરાયેલ જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| **અ.નં.** | **સંવર્ગનું નામ** | **ફીક્સ પગાર** | **કરાર આધારિત** | **આઉટસોર્સીંગ** |
|---|---|---|---|---|
| **વર્ગ-૧** | | | | |
| ૧ | ખેતી નિયામક | ૦ | ૦ | ૦ |
| ૨ | અધિક ખેતી નિયામક | ૦ | ૦ | ૦ |
| ૩ | સંયુક્ત ખેતી નિયામક | ૦ | ૦ | ૦ |
| ૪ | સંયુક્ત ખેતી નિયામક (યાંત્રિક) | ૦ | ૦ | ૦ |
| ૫ | વહીવટી અધિકારી | ૦ | ૦ | ૦ |
| ૬ | નાયબ ખેતી નિયામક | ૦ | ૦ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | નાયબ ખેતી નિયામક (યાંત્રિક) | ૦ | ૦ | ૦ |
| ૮ | સંયુક્ત નિયામક (હિસાબ) | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૦** | **૦** | **૦** |
| **વર્ગ-૨** | | | | |
| ૯ | મદદનીશ ખેતી નિયામક | ૦ | ૦ | ૦ |
| ૧૦ | ખેતી અધિકારી | ૦ | ૦ | ૦ |
| ૧૧ | તાલિમ અધિકારી (મહિલા) | ૦ | ૦ | ૦ |
| ૧૨ | ખેતી ઈજનેર | ૦ | ૦ | ૦ |
| ૧૩ | મદદનીશ વહીવટી અધિકારી | ૦ | ૦ | ૦ |
| ૧૪ | હિસાબી અધિકારી | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૦** | **૦** | **૦** |
| **વર્ગ-૩** | | | | |
| ૧ | ખેતીવાડી નિરીક્ષક | ૦ | ૦ | ૦ |
| ૨ | ખેતીવાડી મદદનીશ | ૨ | ૦ | ૦ |
| ૩ | કચેરી અધિક્ષક | ૦ | ૦ | ૦ |
| ૪ | હેડક્લાર્ક | ૦૩ | ૦ | ૦ |
| ૫ | સિનિયર ક્લાર્ક | ૧૦ | ૦૪ | ૦ |
| ૬ | જુ.ક્લાર્ક, જુ.ક.ટાઈપીસ્ટ, ટ્રેસર | ૧૧ | ૦ | ૦ |
| ૭ | ડ્રાયવર | ૦ | ૦ | ૧૬ |
| ૮ | આર્ટીસ્ટ કમ ફોટોગ્રાફર | ૦ | ૦ | ૦ |
| ૯ | કંપોઝીટર | ૦ | ૦ | ૦ |
| ૧૦ | બાઈન્ડર | ૦ | ૦ | ૦ |
| ૧૧ | ડીસ્ટ્રીબ્યુટર | ૦ | ૦ | ૦ |
| ૧૨ | મદદનીશ ખેતી ઈજનેર | ૦ | ૦૧ | ૦ |
| ૧૩ | સિવિલ ઓવરશીયર | ૦ | ૦ | ૦ |
| ૧૪ | મિકેનીક | ૦ | ૦ | ૦ |
| ૧૫ | ડ્રાફ્ટમેન | ૦ | ૦ | ૦ |
| ૧૬ | કોડીંગ આસિસ્ટન્ટ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | સ્કુ.આસિસ્ટન્ટ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | પંચ ઓપરેટર | ૦ | ૦ | ૦ |
| | **કુલ** | **૨૬** | **૦૫** | **૧૬** |
| **વર્ગ-૪** | | | | |
| ૧ | પટાવાળા, સ્વીપર, ચોકીદાર વિ. | ૦ | ૦ | ૨૬ |
| | **કુલ** | **૦** | **૦** | **૨૬** |

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) જે જગ્યાઓનો સમાવેશ ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરમાં થાય છે તે જગ્યાઓ ભરતી કેલેન્ડર મુજબ અને તે સિવાયની જગ્યાઓ વહીવટી અનુકૂળતા મુજબ ભરવામાં આવશે.

**મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા**

૩૫૩૭૪ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા. ૧૯મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર વાજબી ભાવની કેટલી દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલી દુકાનોમાં ગેરરીતિ સામે આવી અને તેવા કેટલા દુકાનદારો સામે શું પગલાં ભરવામાં આવ્યા,

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

(૪) કેટલા પરવાના રદ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ૫૬૩ વાજબી ભાવની દુકાનો ઉપર અને મહીસાગર જિલ્લામાં ૮૪૭ વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા.

(૨) (૧) પંચમહાલ જિલ્લામાં ૪૯૩ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૪૯૨ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ.૭૩,૧૮૮/- નો જથ્થો રાજ્યસાત
- રૂ.૮,૧૯,૫૭૯/- પરવાના અનામત રાજ્યસાત
- રૂ.૨૫,૨૨,૬૪૨/- નો દંડ
- ૨૪ (ચોવીસ) પરવાના મોકૂફ
- ૧ (એક) પરવાના રદ
- ૩ (ત્રણ) કેસ સુનાવણી હેઠળ

(૨) મહીસાગર જિલ્લામાં ૧૯ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૧૮ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ.૭૦૦૦/- પરવાના અનામત રાજ્યસાત
- રૂ.૨૬,૮૩૩/- નો દંડ
- ૮ (આઠ) પરવાના મોકૂફ
- ૨ (બે) કેસ સુનાવણી હેઠળ

(૩) જિલ્લાવાર નીચે મુજબનો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો.

(૧) પંચમહાલઃ-

| અ.નં. | આવશ્યક ચીજવસ્તુ | જથ્થો કિ.ગ્રા./લી. |
|---|---|---|
| ૧ | ઘઉં | ૨૨૪૭ |
| ૨ | ચોખા | ૧૦૧.૫૦ |
| ૩ | ચણા | ૨૨૨ |
| ૪ | કેરોસીન | ૧૨૨૫ |

(૨) મહીસાગરઃ – શૂન્ય

(૪) (૧) પંચમહાલઃ – એક (૧)

(૨) મહીસાગરઃ – શૂન્ય

- - - - - - - - -

## ખેડા જિલ્લામાં મનરેગા યોજનામાં ભ્રષ્ટાચારની ફરિયાદો

૩૫૩૬૭ **શ્રી કાન્તિભાઈ પરમાર**(ઠાસરા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર મનરેગા યોજનામાં ભ્રષ્ટાચાર થયો હોવા અંગે કેટલી ફરિયાદો સરકારને મળી,

**જવાબ**

(૧)

| ખેડા જિલ્લામાં મનરેગા યોજનામાં ભ્રષ્ટાચાર થયો હોવા અંગે મળેલ ફરિયાદો | | |
|---|---|---|
| **ક્રમ** | **તાલુકો** | **ફરિયાદોની સંખ્યા** |
| ૧ | ગળતેશ્વર | ૩ |
| ૨ | કપડવંજ | ૩ |
| ૩ | કઠલાલ | ૩ |
| ૪ | ખેડા | ૩ |
| ૫ | મહુધા | ૩ |
| ૬ | માતર | ૪ |
| ૭ | મહેમદાબાદ | ૩ |
| ૮ | નડીયાદ | ૩ |

| | | |
|---|---|---|
| ૯ | ઠાસરા | ૩ |
| ૧૦ | વસો | ૪ |
| | **કુલ..** | **૩૨** |

(૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે ઉક્ત સ્થિતિએ શું કાર્યવાહી કરી, અને

(૩) તે અન્વયે જવાબદારો સામે શું કાર્યવાહી કરી ?

(૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે આ સાથે સામેલ **પત્રક-અ** ની વિગતે કાર્યવાહી કરી.

(૩) ઉક્ત મળેલ ફરિયાદોમાં તપાસની કાર્યવાહી પ્રક્રિયાતળે હોઇ, તપાસ પૂર્ણ થયેથી તપાસ અહેવાલના આધારે જવાબદારો સામે નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

( પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

**બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો અમલ**

૩૫૨૬૨ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો અમલ કરવામાં નથી આવ્યો તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના શાં કારણો છે, અને

(૩) ઉક્ત યોજનાનો ક્યાં સુધીમાં અમલ કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અભિલેખાગાર નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનું મંજૂર મહેકમ**

૩૫૨૮૨ **શ્રી ભરતજી ઠાકોર**(બેચરાજી) : **માનનીય રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તાબા હેઠળની અભિલેખાગાર નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરેલી અને ખાલી છે,

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ફીક્સ પગાર/કરાર આધારિત/આઉટસોર્સીંગથી ભરાયેલ છે, અને

(૪) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩) પત્રક-અ સામેલ છે.

(૪) વહીવટી પ્રક્રિયા મુજબ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

**પત્રક-અ**

| ક્રમ | સંવર્ગનું નામ | વર્ગ | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યાઓ પૈકી | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ફીક્સ પગારથી ભરાયેલ | કરાર આધારિત ભરાયેલ | આઉટસોર્સીંગથી ભરાયેલ |
| ૧ | નિયામક | ૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | અધિક્ષક | ૨ | ૦૪ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | કચેરી અધિક્ષક | ૩ | ૦૫ | ૦૨ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | આર્કાઇવ્ઝ આસિસ્ટન્ટ | ૩ | ૨૨ | ૦૯ | ૧૩ | ૦૦ | ૦૨ | ૦૦ |
| ૫ | સિનિયર કારકુન | ૩ | ૦૮ | ૦૧ | ૦૭ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬ | જુનીયર કારકુન | ૩ | ૨૬ | ૦૨ | ૨૪ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૭ | ગ્રંથપાલ | ૩ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |

| ક્રમ | સંવર્ગનું નામ | વર્ગ | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યાઓ પૈકી | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ફીક્સ પગારથી ભરાયેલ | કરાર આધારિત ભરાયેલ | આઉટસોર્સીંગથી ભરાયેલ |
| ૮ | ડ્રાઈવર | ૩ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૯ | બાઈન્ડર | ૩ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૦ | દફતરબંધ | ૪ | ૦૬ | ૦૪ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૧ | પટાવાળા | ૪ | ૩૦ | ૩૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૨૦ |
| ૧૨ | ચોકીદાર | ૪ | ૦૫ | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૨ |
| ૧૩ | સફાઇ કર્મચારી | ૪ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | **કુલઃ-** | | **૧૧૪** | **૫૮** | **૫૬** | **૦૦** | **૦૨** | **૨૨** |

- - - - - - - - -

**મહિસાગર જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૩૬૦૪૭ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં મહિસાગર જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે?

**જવાબ**

૨૮

- - - - - - - - -

**ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરનું મંજૂર મહેકમ**

૩૫૨૮૬ **શ્રી અશ્વિનભાઇ કોટવાલ**(ખેડબ્રહ્મા) : **માનનીય રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તાબા હેઠળની ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરેલી અને ખાલી છે,

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ફીક્સ પગાર/કરાર આધારિત/આઉટસોર્સીંગથી ભરાયેલ છે, અને

(૪) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩) પત્રક-અ સામેલ છે.

(૪) વહીવટી પ્રક્રિયા મુજબ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

**પત્રક-અ**

| ક્રમ | સંવર્ગનું નામ | વર્ગ | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યાઓ પૈકી | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ફીક્સ પગારથી ભરાયેલ | કરાર આધારિત ભરાયેલ | આઉટસોર્સીંગથી ભરાયેલ |
| ૧ | મહામાત્ર | ૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | હિસાબી અધિકારી | ૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | હિસાબનીશ | ૩ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | સિનીયર ક્લાર્ક | ૩ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | પટાવાળા | ૪ | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬ | ચોકીદાર | ૪ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | **કુલઃ-** | | **૦૮** | **૦૬** | **૦૨** | **૦૦** | **૦૦** | **૦૦** |

- - - - - - - - -

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કૃષિ રાહત પેકેજ**

૩૫૨૮૮ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર**(મોડાસા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ખરીફ-૨૦૨૦ ઓગસ્ટ માસમાં થયેલ ભારે વરસાદથી થયેલ પાક નુકસાન અન્વયે કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવેલ છે □□ અન્વયે ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન હોય તેવા ખાતેદાર ખેડૂતને પ્રતિ હેક્ટર રૂ. ૧૦,૦૦૦ની સહાય ચૂકવવાની જોગવાઇ કરવામાં આવેલી છે તે હકીકત સાચી છે, | (૧) હા,જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧-૨૦૨૧ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં અસરગ્રસ્ત ખાતેદાર ખેડૂતને રૂ. ૧૦,૦૦૦ને બદલે રૂ. ૬૮૦૦ ચૂકવવામાં આવ્યા છે તે હકીકતથી સરકાર વાકેફ છે, | (૨) અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાનો કૃષિ રાહત પેકેજમાં સમાવેશ થયેલ નથી. |
| (૩) જો હા, તો તેના શા કારણો છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત તફાવતની રકમ અસરગ્રસ્ત ખાતેદાર ખેડૂતને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**આણંદ અને વલસાડ જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો અમલ**

૩૫૩૫૬ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર**(બોરસદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ આણંદ અને વલસાડ જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો અમલ કરવામાં નથી આવ્યો તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના શાં કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત યોજનાનો ક્યાં સુધીમાં અમલ કરવામાં આવનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં રમતગમત ક્ષેત્રે ફાળવેલ રકમ**

૩૮૨૧૮ **ડો. અનિલભાઇ જોષીયારા**(ભિલોડા) : **માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં રમતગમત ક્ષેત્રે કેટલી રકમ ફાળવી, અને

**જવાબ**

(૧)

| **ક્રમ** | **જિલ્લો** | **વર્ષ** | **ફાળવેલ રકમ (રૂપિયા લાખમાં)** |
|---|---|---|---|
| ૧ | અરવલ્લી | તા.૦૧-૦૨-૨૦૧૯ થી તા.૩૧-૦૧-૨૦૨૦ | ૨૦૮.૩૩ |
| | | તા.૦૧-૦૨-૨૦૨૦ થી તા.૩૧-૦૧-૨૦૨૧ | ૨૦.૯૬ |
| ૨ | સાબરકાંઠા | તા.૦૧-૦૨-૨૦૧૯ થી તા.૩૧-૦૧-૨૦૨૦ | ૫૦૬.૭૫ |
| | | તા.૦૧-૦૨-૨૦૨૦ થી | ૬૮.૦૭ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલી રકમનો ખર્ચ કર્યો અને કેટલી રકમ વણવપરાયેલ રહી?

(૨)

| **ક્રમ** | **જિલ્લો** | **તાલુકો** | **કરેલ ખર્ચ (રૂપિયા લાખમાં)** | **વણવપરાયેલ રકમ (રૂપિયા લાખમાં)** |
|---|---|---|---|---|
| ૧ | અરવલ્લી | મોડાસા | ૨૦૬.૭૬ | ૧૭.૯૭ |
| | | માલપુર | ૧.૫૮ | ૦.૦૪ |
| | | મેઘરજ | ૦.૬૬ | ૦.૦૪ |
| | | ભિલોડા | ૦.૭૦ | ૦.૦૪ |
| | | ધનસુરા | ૦.૭૦ | ૦.૦૪ |

| | | | | |
|---|---|---|---|---|
| | | બાયડ | ૦.૭૨ | ૦.૦૪ |
| ૨ | સાબરકાંઠા | પોશીના | ૦.૩૬ | શૂન્ય |
| | | વિજયનગર | ૦.૫૦ | શૂન્ય |
| | | હિંમતનગર | ૫૧૨.૬૭ | ૭.૮૦ |
| | | વડાલી | ૦.૫૯ | શૂન્ય |
| | | ઇડર | ૪૯.૨૦ | શૂન્ય |
| | | તલોદ | ૨.૧૯ | શૂન્ય |
| | | ખેડબ્રહ્મા | ૦.૫૭ | શૂન્ય |
| | | પ્રાંતિજ | ૦.૯૪ | શૂન્ય |

- - - - - - - - -

**આણંદ જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય**

૩૬૦૩૦ **શ્રી ગોવિંદભાઇ પરમાર**(ઉમરેઠ) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા. ૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે?

**જવાબ**

૪૫

- - - - - - - - -

**પાટણ જિલ્લામાં કાંટાળા તારની વાડ બનાવવાની પડતર અરજીઓ**

૩૭૯૬૭ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ તાલુકાવાર કાંટાળા તારની વાડ બનાવવાની કેટલી અરજીઓ મંજૂર કરવાની પડતર છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબની અરજીઓ પડતર હતી. જેની આજની તારીખમાં પ્રાથમિક મંજૂરી આપી દીધેલ છે.

| તાલુકા | સંખ્યા |
|---|---|
| પાટણ | ૦૨ |
| રાધનપુર | ૨૦ |
| સિધ્ધપુર | ૦૧ |
| સમી | ૧૫ |
| સાંતલપુર | ૧૬ |
| હારીજ | ૦૨ |
| શંખેશ્વર | ૦૪ |
| સરસ્વતી | ૦૨ |

**પ્રશ્ન** (૨) ઉક્ત અરજીઓ પડતર રહેવાના શાં કારણો છે, અને

**જવાબ** (૨) અરજીઓ મેળવવાની શરૂઆત માટે પોર્ટલ તા.૩૦-૧૨-૨૦૨૦થી ખોલવામાં આવેલ હતું અને તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અરજીઓ મેળવવાની પ્રક્રિયા ચાલુ હતી.

**પ્રશ્ન** (૩) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે?

**જવાબ** (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં પ્રવાસનના વિકાસ માટેના કામો**

૩૬૧૨૫ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પ્રવાસનના વિકાસ માટે કયા કામો હાથ ધરવામાં આવ્યા છે,

**જવાબ**

(૧)

(૧) નડાબેટ સ્થિત નડેશ્વરી મંદિર, ટી-જંકશન અને ઝીરો પોઇન્ટ ખાતે વિવિધ પ્રવાસી સુવિધાની કામગીરી.

(૨) ઢીમા ખાતે ધરણીધર મંદિરના વિકાસનું કામ.

**પ્રશ્ન** (૨) આ સ્થળો ખાતે મુખ્યત્વે કયા પ્રકારની સુવિધાનો સમાવેશ થાય છે, અને

**જવાબ** (૨)

(૧) નડાબેટ સ્થિત નડેશ્વરી મંદિર ખાતે યાત્રિકો માટે વિસામો.

ટી જંકશન ખાતે દુકાનો, વિશાળ પાર્કીંગ, ઓડીટોરીયમ, અજય પ્રહરી સ્મારક, પરેડ ગ્રાઉન્ડ, એક્ઝીબિશન હોલ, સૈનિકોને રહેવા માટે સુવિધા સાથે બે માળનું બિલ્ડીંગ, ઇલેક્ટ્રીફિકેશન, સી.સી.ટી.વી કેમેરા, ટોઇલેટ બ્લોક, પીવાના પાણીની સુવિધા, સાઇનેજીસ, રીટેનીંગ વોલ, અરાઇવલ પ્લાઝા, ભવ્ય પ્રવેશ દ્વાર, સી.સી. રોડ વગેરે.

- ટી જંકશનથી ઝીરો પોઇન્ટ જવાના રસ્તાનું સ્ટ્રેન્થનીંગ કામ તેમજ રસ્તા ઉપર વોચ ટાવર.
- ઝીરો પોઇન્ટ ખાતે સેલ્ફી પોઇન્ટ, મેઇન ગેટ, પાર્કીંગ, ટોઇલેટ બ્લોક, ગઝેબો, પીવાના પાણીની સુવિધા, એમ્ફી થીએટર વગેરે.

(૨) ઢીમા ખાતેના ધરણીધર મંદિરના વિકાસ માટે સી.સી. રોડ તથા રિટેઇનિંગ વોલની કામગીરી.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્થળ વાઇઝ કેટલો ખર્ચ થવા પામેલ છે?

(૩)

(૧) નડાબેટ સ્થિત નડેશ્વરી મંદિર ખાતે યાત્રિકો માટે વિસામો, ટી જંકશન અને ઝીરો પોઇન્ટ ખાતે પ્રવાસી સુવિધા માટે રૂપિયા ૫૨૬૫.૪૫ લાખનો ખર્ચ થવા પામેલ છે.

(૨) ઢીમા ખાતે ધરણીધર મંદિરના વિકાસ માટે રૂપિયા ૮૦.૨૭ લાખનો ખર્ચ થવા પામેલ છે.

- - - - - - - - -

## છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા

૩૫૩૮૮ **શ્રી સુખરામભાઈ રાઠવા**(જેતપુર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર વાજબી ભાવની કેટલી દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલી દુકાનોમાં ગેરરીતિ સામે આવી અને તેવા કેટલા દુકાનદારો સામે શું પગલાં ભરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં ૧૪૨૯ વાજબી ભાવની દુકાનો ઉપર અને વડોદરા જિલ્લામાં ૧૦૮૦ વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨)

(૧) છોટાઉદેપુર જિલ્લામાં ૨૭૬ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૨૫૯ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૭૨,૧૫૮/- નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૪,૦૬,૭૨૬/- પરવાના અનામત રાજ્યસાત
- રૂ. ૪,૭૫,૬૪૨/- નો દંડ
- ૨૬ (છવ્વીસ) પરવાના મોકૂફ
- ૧૭ (સત્તર) કેસ સુનાવણી હેઠળ

(૨) વડોદરા જિલ્લામાં ૨૨૧ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૨૨૧ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૪,૯૪,૩૪૨/- નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૨,૭૫,૦૦૦/- પરવાના અનામત રાજ્યસાત
- રૂ.૧૧,૨૧,૫૧૧/- નો દંડ
- ૨૫ (પચ્ચીસ) પરવાના મોકૂફ
- ૬ (છ) પરવાના રદ

- ૧ (એક) કોર્ટ કેસ

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

(૩) જિલ્લાવાર નીચે મુજબનો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો

(૧) છોટાઉદેપુરઃ-

| અ.ન. | આવશ્યક ચીજવસ્તુ | જથ્થો કિ.ગ્રા./લી. |
|---|---|---|
| ૧ | ઘઉં | ૨૦૧૩ |
| ૨ | ચોખા | ૧૨૨૫ |
| ૩ | દાળ | ૫૯ |
| ૪ | ખાંડ | ૧૩૮ |
| ૫ | કેરોસીન | ૧૧ |
| ૬ | મીઠું | ૧૩૧ |
| ૭ | ખાદ્યતેલ | ૭૧ |

(૨) વડોદરાઃ-

| અ.ન. | આવશ્યક ચીજવસ્તુ | જથ્થો કિ.ગ્રા./લી. |
|---|---|---|
| ૧ | ઘઉં | ૪૯૭૩૪ |
| ૨ | ચોખા | ૨૬૩૯૨ |
| ૩ | દાળ | ૫૭૯૭ |
| ૪ | ખાંડ | ૭૨૪૨ |
| ૫ | કેરોસીન | ૪૦૭ |
| ૬ | મીઠું | ૧૦૪૦ |
| ૭ | ખાદ્યતેલ | ૩૬૩ |

(૪) કેટલા પરવાના રદ કરવામાં આવ્યા?

(૪)
(૧) છોટાઉદેપુરઃ-શૂન્ય (૨) વડોદરાઃ- ૬(છ)

---------

**વડોદરા અને વલસાડ જિલ્લામાં કૃષિ રાહત પેકેજ**

૩૫૩૯૧ **શ્રી જશપાલસિંહ પઢિયાર**(પાદરા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) ખરીફ-૨૦૨૦ ઓગસ્ટ માસમાં થયેલ ભારે વરસાદથી થયેલા પાક નુકસાન અન્વયે કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવેલ છે જે અન્વયે ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન હોય તેવા ખાતેદાર ખેડૂતને પ્રતિ હેક્ટર રૂ. ૧૦,૦૦૦ની સહાય ચૂકવવાની જોગવાઈ કરવામાં આવેલી છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ વડોદરા અને વલસાડ જિલ્લામાં અસરગ્રસ્ત ખાતેદાર ખેડૂતને રૂ.૧૦,૦૦૦ને બદલે રૂ.૬૮૦૦ ચૂકવવામાં આવ્યા છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ વડોદરા જિલ્લાના કરજણ અને શિનોર તાલુકાના કુલ ૨૦ ગામોમાં ૩૩% કે તેથી વધુ નુકસાન હોય તેવા ખાતેદાર ખેડૂતને SDRFની જોગવાઈ મુજબ પ્રતિ હેક્ટર રૂ.૬૮૦૦/- ની સહાય મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં ચૂકવવાની જોગવાઈ કરવામાં આવેલ છે તેમજ વલસાડ જિલ્લાનો કૃષિ રાહત પેકેજમાં સમાવેશ થયેલ નથી.

(૩) જો હા, તો તેના શા કારણો છે, અને

(૩) નર્મદા ડેમમાંથી છોડવામાં આવેલ પાણીથી કરજણ અને શીનોર તાલુકાઓના નર્મદા નદીના કિનારાના ગામોના ખેતરમાં પાણી ભરાવાથી ખેતી પાકને નુકસાન થયેલ છે તેથી માત્ર SDRF હેઠળ જ સહાય ચૂકવવામાં આવેલ છે.

(૪) ઉક્ત તફાવતની રકમ અસરગ્રસ્ત ખાતેદાર

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ખેડૂતને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે?

- - - - - - - - -

**જામનગર અને અમરેલી જિલ્લામાં વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા**

૩૫૩૨૬ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા**(કાલાવડ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જામનગર અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર વાજબી ભાવની કેટલી દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલી દુકાનોમાં ગેરરીતિ સામે આવી અને તેવા કેટલા દુકાનદારો સામે શું પગલાં ભરવામાં આવ્યા,

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જામનગર જિલ્લામાં ૪૭૫ વાજબી ભાવની દુકાનો ઉપર અને અમરેલી જિલ્લામાં ૫૪૩ વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨)

(૧) જામનગર જિલ્લામાં ૫૭ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૩૩ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૧,૧૬,૫૩૭/- નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૧૮,૧૦૮/- પરવાના અનામત રાજ્યસાત
- રૂ. ૧૧,૯૩૧/- નો દંડ
- ૧ (એક) પરવાના મોકૂફ
- ૨૪ (ચોવીસ) કેસ સુનાવણી હેઠળ

(૨) અમરેલી જિલ્લામાં ૩૮૬ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૭૬ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૫,૦૨,૬૦૯/- નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૨,૪૩,૫૦૦/- પરવાના અનામત રાજ્યસાત
- રૂ. ૮૭,૫૫,૧૪૫/- નો દંડ
- ૬ (છ) પરવાના મોકૂફ
- ૨૬ (છવીસ) પરવાના રદ
- ૧૧ (અગિયાર) કોર્ટ કેસ
- ૩૧૦ (ત્રણસો દસ) કેસ સુનાવણી હેઠળ

(૩) જિલ્લાવાર નીચે મુજબનો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો.

(૧) જામનગરઃ-

| અ.નં. | આવશ્યક ચીજવસ્તુ | જથ્થો કિ.ગ્રા./લી. |
|---|---|---|
| ૧ | ઘઉં | ૭૭૫૩ |
| ૨ | ચોખા | ૩૦૭૮ |
| ૩ | ખાંડ | ૭૮ |
| ૪ | કેરોસીન | ૧૯૮૫ |
| ૫ | મીઠું | ૬૬૯ |
| ૬ | ખાદ્યતેલ | ૨૫ |

(૨) અમરેલીઃ-

| અ.નં. | આવશ્યક ચીજવસ્તુ | જથ્થો કિ.ગ્રા./લી. |
|---|---|---|
| ૧ | ઘઉં | ૩૯૫૦૯ |
| ૨ | ચોખા | ૧૬૭૫૦ |
| ૩ | ખાંડ | ૩૩૦૦ |
| ૪ | કેરોસીન | ૮૪૧૩ |
| ૫ | મીઠું | ૩૦૩૨ |

| | | |
|---|---|---|
| ૬ | ખાદ્યતેલ | ૫૬ |
| ૭ | દાળ | ૧૨૦ |
| ૮ | બાજરો | ૧૬૫૦ |

(૪) કેટલા પરવાના રદ કરવામાં આવ્યા? (૪)
(૧) જામનગરઃ-શૂન્ય(૨) અમરેલીઃ- ૨૬(છવીસ)

- - - - - - - - -

**ગીર સોમનાથ જિલ્લામાં ૨૫% કેપીટલ ગોડાઉન સહાય હેઠળ ચૂકવેલ રકમ**

૩૬૨૨૭ **શ્રી રાઘવજીભાઈ પટેલ**(જામનગર ગ્રામ્ય) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં ૨૫% કેપીટલ ગોડાઉન સહાય હેઠળ કુલ કેટલા રૂપિયાની સહાય ચૂકવવામાં આવી, અને | (૧) રૂ. ૧૮,૪૨,૬૦૦/- |
| (૨)તેનાથી રાજ્યની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયો? | (૨) ૪૦૦૦ મે. ટન |

- - - - - - - - -

**ગ્રંથાલય નિયામકશ્રીની કચેરી ગાંધીનગરનું મંજૂર મહેકમ**

૩૫૨૬૦ **શ્રીમતી સંતોકબેન આરેઠીયા** (રાપર) : **માનનીય રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તાબા હેઠળની ગ્રંથાલય નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, | (૧), (૨) અને (૩) પત્રક-અ સામેલ છે. |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરેલી અને ખાલી છે, | |
| (૩) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ફીક્સ પગાર/કરાર આધારિત/આઉટસોર્સીંગથી ભરાયેલ છે, અને | |
| (૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) વહીવટી પ્રક્રિયા મુજબ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. |

**પત્રક-અ**

| ક્રમ | સંવર્ગનું નામ | વર્ગ | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલી જગ્યાઓ પૈકી | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ફિક્સ પગારથી ભરાયેલ | કરાર આધારિત ભરાયેલ | આઉટસોર્સીંગ થી ભરાયેલ |
| ૧ | નિયામક | ૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | મદદનીશ ગ્રંથાલય નિયામક | ૨ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | હિસાબી અધિકારી | ૨ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | જિલ્લા ગ્રંથપાલ | ૩ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | મદદનીશ ગ્રંથપાલ | ૩ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૬ | ગ્રંથાલય કારકૂન | ૩ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૭ | મુખ્ય કારકૂન | ૩ | ૦૩ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૮ | શ્રેયાંન કારકૂન | ૩ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૯ | કનિયાન કારકૂન | ૩ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૦ | ટાઈપીસ્ટ | ૩ | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ |
| ૧૧ | ડ્રાઈવર | ૩ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૨ | પટાવાળા | ૪ | ૦૪ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | **કુલ સરવાળો** | | **૨૯** | **૧૫** | **૧૪** | **૦૨** | **૦૦** | **૦૩** |

- - - - - - - - -

**નાગરિક પુરવઠા નિગમના ગોડાઉનમાં સીસીટીવી કેમેરા લગાવવા બાબત**

૩૫૩૦૯ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૨૨-૦૭-૨૦૧૯ના રોજ ગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૧૯૦૮૨ (અગ્રતા-૨૩૧)ના અનુસંધાને **માનનીય અન્ન અને નાગરીક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાગરિક પૂરવઠા નિગમના ૨૧૧ ગોડાઉનો રાજ્યમાં આવેલ છે તે ગોડાઉનોમાં સીસીટીવી કેમેરા લગાડવા સર્વેની કામગીરી આખરી તબક્કામાં હતી તે કામગીરી તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉક્ત કાર્યવાહી પૂર્ણ કરીને કેટલા ગોડાઉનોમાં સીસીટીવી કેમેરા લગાવવા કઈ એજન્સીને કેટલા સમયમાં કામ પૂર્ણ કરવાની શરતે કામગીરી સોંપવામાં આવી છે, અને

(૩) ઉક્ત સર્વેની કામગીરી અન્વયે કઈ એજન્સીને કેટલી રકમ ચૂકવવાની થઈ?

**જવાબ**

(૧) સર્વેની કામગીરી પૂર્ણ કરેલ છે.

(૨) કોઈ એજન્સીને કામગીરી સોંપાયેલ નથી.

(૩) ઉક્ત સર્વેની કામગીરી અન્વયે કોઈ પણ એજન્સીને કોઈ જ રકમ ચૂકવાઈ નથી.

---------

**આણંદ અને મહીસાગર જિલ્લામાં બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદિલી**

૩૫૩૬૩ **શ્રી નિરંજન પટેલ**(પેટલાદ) : **માનનીય અન્ન, નાગરિક પૂરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એકટ અંતર્ગત પુરવઠો મેળવતા કેટલા બીપીએલ કાર્ડ ધારકોના કાર્ડ એપીએલ કાર્ડમાં તબદિલ કરવામાં આવ્યા અને કેટલા કાર્ડ રદ્ધ કરવામાં આવ્યા?

**જવાબ**

તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એકટ અંતર્ગત પુરવઠો મેળવતા બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદીલ કરવા અંગેની તથા રદ કરવામાં આવેલ બીપીએલ કાર્ડની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | વર્ષ | બીપીએલ કાર્ડમાંથી એપીએલ કાર્ડમાં તબદીલ કરેલ રેશનકાર્ડની સંખ્યા | રદ કરવામાં આવેલ બીપીએલ રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|---|
| આણંદ | ૨૦૧૯ | ૨૦ | ૧૨૪ |
| | ૨૦૨૦ | ૧૭૦ | ૧૨૬ |
| | **કુલ** | **૧૯૦** | **૨૫૦** |
| મહીસાગર | ૨૦૧૯ | ૨ | ૧૨ |
| | ૨૦૨૦ | ૧૫૩ | ૧૪ |

---------

**ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા**

૩૫૩૪૨ **શ્રી વિમલભાઈ ચુડાસમા**(સોમનાથ) : **માનનીય અન્ન, નાગરિક પૂરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર વાજબી ભાવની કેટલી દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલી દુકાનોમાં ગેરરીતિ સામે આવી અને તેવા કેટલા દુકાનદારો સામે શું પગલાં ભરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં ૭૦૬ વાજબી ભાવની દુકાનો ઉપર અને જૂનાગઢ જિલ્લામાં ૪૦૮ વાજબી ભાવની કેટલી દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨)

(૧) ગીર સોમનાથ જિલ્લામાં ૫૭૮ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૫૭૨ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૬,૯૮,૧૫૮/- નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૪,૬૮,૯૦૦/- પરવાના અનામત રાજ્યસાત

- રૂ. ૬,૦૫,૬૯૯/- નો દંડ
- ૭ (સાત) પરવાના મોકૂફ
- ૨ (બે) પરવાના રદ
- ૪ (ચાર) કેસ નિર્ણય પર બાકી

(૨) જૂનાગઢ જિલ્લામાં ૩૯૬ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૩૯૪ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૩,૧૫,૫૮૪/- નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૨,૬૭,૯૦૦/- પરવાના અનામત રાજ્યસાત
- ૨ (બે) પરવાના મોકૂફ
- ૨ (બે) કેસ નિર્ણય પર બાકી

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

(૩) જિલ્લાવાર નીચે મુજબનો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો

(૧) ગીર સોમનાથઃ-

| અ.ન. | આવશ્યક ચીજવસ્તુ | જથ્થો કિ.ગ્રા./લી. |
|---|---|---|
| ૧ | ઘઉં | ૧૭૮૮૧ |
| ૨ | ચોખા | ૮૦૪૨ |
| ૩ | દાળ | ૪૧ |
| ૪ | ખાદ્યતેલ | ૧૩ |
| ૫ | ખાંડ | ૬૧૭ |
| ૬ | કેરોસીન | ૮૯૫ |
| ૭ | મીઠું | ૨૬૦ |

(૨) જુનાગઢઃ-

| અ.ન. | આવશ્યક ચીજવસ્તુ | જથ્થો કિ.ગ્રા./લી. |
|---|---|---|
| ૧ | ઘઉં | ૨૬૨૭૬ |
| ૨ | ચોખા | ૧૮૨૩૨ |
| ૩ | દાળ | ૨૨૪ |
| ૪ | ખાંડ | ૧૪૦૨ |
| ૫ | કેરોસીન | ૮૫૨ |
| ૬ | મીઠું | ૪૮૦ |
| ૭ | ચણા | ૧૨૯૮ |
| ૮ | ખાદ્યતેલ | ૧૮૧ |

(૪) કેટલા પરવાના રદ કરવામાં આવ્યા?

(૪)
(૧) ગીર સોમનાથઃ-૨ (બે) પરવાના રદ
(૨) જૂનાગઢઃ- ૦(શૂન્ય)

---------

**નર્મદા અને ભરૂચ જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો અમલ**

૩૫૩૯૫ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા**(નાંદોદ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો અમલ કરવામાં નથી આવ્યો તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના શાં કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત યોજનાનો ક્યાં સુધીમાં અમલ કરવામાં આવનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ફાલ્ગુન ૨૮, ૧૯૪૨ શાકે

અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાંથી આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં પસંદગી પામેલ ખેલાડીઓ**

૩૫૨૬૫ **શ્રી ગુલાબસિંહ રાજપૂત**(થરાદ) : **માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યના કેટલા ખેલાડીઓ કઈ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં પસંદગી પામેલ છે, | (૧) પત્રક-અ સામેલ છે. |
| (૨) તે અન્વયે કયા ખેલાડીએ કઈ રમતમાં કયા પ્રકારના મેડલ જીતેલ છે, અને | (૨) પત્રક-બ સામેલ છે. |
| (૩) ઉક્ત મેડલ જીતનાર કયા ખેલાડીને કેટલી પ્રોત્સાહક રકમ, ઈનામ આપવામાં આવ્યા? | (૩) પત્રક-ક સામેલ છે. |

( પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

- - - - - - - - -

**જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં કૃષિ રાહત પેકેજ**

૩૫૩૩૬ **શ્રી ભીખાભાઈ જોષી**(જૂનાગઢ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખરીફ-૨૦૨૦ ઓગસ્ટ માસમાં થયેલ ભારે વરસાદથી થયેલ પાક નુકશાન અન્વયે કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવેલ છે જે અન્વયે ૩૩ ટકા કે તેથી વધુ નુકશાન હોય તેવા ખાતેદાર ખેડૂતને પ્રતિ હેક્ટર રૂ.૧૦,૦૦૦ની સહાય ચૂકવવાની જોગવાઈ કરવામાં આવેલી છે તે હકીકત સાચી છે, | (૧) હા,જી. |
| (૨) જો હા, તો તા.૩૧/૦૧/૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં અસરગ્રસ્ત ખાતેદાર ખેડૂતને રૂ.૧૦,૦૦૦ને બદલે રૂ.૬૮૦૦ ચૂકવવામાં આવ્યા છે તે હકીકતથી સરકાર વાકેફ છે, | (૨) કૃષિ રાહત પેકેજ અંતર્ગત તા.૩૧/૧/૨૦૨૧ની સ્થિતિએ જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં મંજૂર થયેલ ચૂકવવાપાત્ર ખેડૂતોની અરજીઓને જોગવાઈ અનુસાર મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર રૂ.૧૦,૦૦૦/-ની સહાય મંજૂર કરેલ છે. જે પૈકી રૂ.૬૮૦૦/- પ્રતિ હેક્ટર SDRF બજેટ હેડ અને રૂ.૩૨૦૦/- પ્રતિ હેક્ટર રાજ્ય બજેટ હેડ એમ બે અલગ અલગ બજેટ હેડમાંથી ચૂકવવામાં આવી રહી છે. |
| (૩) જો હા, તો તેના શા કારણો છે, અને | (૩) ઉક્ત મંજૂર કરેલ રૂ.૧૦,૦૦૦/- પ્રતિ હેક્ટર સહાય પૈકી SDRF બજેટ હેડ હેઠળ રૂ.૬૮૦૦/- પ્રતિ હેક્ટર અને રાજ્ય બજેટ હેડ હેઠળ રૂ.૩૨૦૦/- પ્રતિ હેક્ટર મુજબ SDRF અને રાજ્ય બજેટ બન્ને સદરમાંથી અલગ-અલગ બિલ બનાવી સહાય ચૂકવવામાં આવે છે. ઉક્ત પ્રક્રિયા ઓનલાઈન હોઈ સહાયની રકમ લાભાર્થીના ખાતામાં અલગ-અલગ સમયે જમા થવાની શક્યતા રહેતી હોઈ તફાવત આવી શકે છે. |
| (૪) ઉક્ત તફાવતની રકમ અસરગ્રસ્ત ખાતેદાર ખેડૂતને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ? | (૪) શક્ય તેટલા વહેલા ચૂકવવામાં આવશે. |

**કેરોસીનના જથ્થાની કાળા બજારી**

૩૭૨૯૬ **શ્રી ઈમરાન ખેડાવાલા**(જમાલપુર-ખાડિયા) : **માનનીય અન્ન અને નાગરિક પૂરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં સસ્તા અનાજની દુકાનો માટેના કેરોસીન કાળા બજારમાં વેચાય છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલા દુકાનદારો કેરોસીન કાળા બજારમાં વેચતા પકડાયા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

તા. ૧૯મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીનું મંજૂર મહેકમ**

૩૫૩૦૦ **શ્રી લાખાભાઈ ભરવાડ**(વિરમગામ) : **માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તાબા હેઠળની સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે, (૨) તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરેલી અને ખાલી છે, | (૧) અને (૨) પત્રક-અ સામેલ છે. |
| (૩) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ફીક્સ પગાર/કરાર આધારિત/આઉટસોર્સીંગથી ભરાયેલ છે, અને | (૩) ભરાયેલ જગ્યાઓ કાયમી ધોરણે ભરાયેલ છે જે પૈકી કોઈ જગ્યા ફીક્સ પગાર/કરાર આધારીત/આઉટસોર્સીંગથી ભરાયેલ નથી. |
| (૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૪)વહીવટી પ્રક્રિયા મુજબ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. |

**પત્રક-અ**

| ક્રમ | સંવર્ગનું નામ | મંજૂર મહેકમ | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | રજિસ્ટ્રાર | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૨ | યુનિવર્સિટી ઈજનેર | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૩ | ડેપ્યુટી રજિસ્ટ્રાર | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૪ | ફાયનાન્સ ઓફિસર | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૫ | કંટ્રોલર ઓફ એક્ઝામીનર | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૬ | પ્લાનીગ એન્ડ ડેવલોપમેન્ટ ઓફિસર | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૭ | આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર કમ લીગલ ઓફિસર | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૮ | કેશિયર | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૯ | એસોસિયેટ પ્રોફેસર | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૦ | આસિસ્ટન્ટ પ્રોફેસર | ૦૬ | ૦૫ | ૦૧ |
| | **કુલ** | **૧૫** | **૧૦** | **૦૫** |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં પ્રવાસનના વિકાસ માટેના કામો**

૩૬૧૪૦ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પ્રવાસનના વિકાસ માટે કયા કામો હાથ ધરવામાં આવ્યા છે, | (૧)<br>(૧) નડાબેટ સ્થિત નડેશ્વરી મંદિર, ટી-જંકશન અને ઝીરો પોઈન્ટ ખાતે વિવિધ પ્રવાસી સુવિધાની કામગીરી.<br>(૨) ઢીમા ખાતે ધરણીધર મંદિરના વિકાસનું કામ. |
| (૨) આ સ્થળો ખાતે મુખ્યત્વે કયા પ્રકારની સુવિધાનો સમાવેશ થાય છે, અને | (૨)<br>(૧) નડાબેટ સ્થિત નડેશ્વરી મંદિર ખાતે યાત્રિકો માટે વિસામો.<br>ટી જંકશન ખાતે દુકાનો, વિશાળ પાર્કિંગ, ઓડીટોરીયમ, અજય પ્રહરી સ્મારક, પરેડ ગ્રાઉન્ડ, એક્ઝીબિશન હોલ, સૈનિકોને રહેવા માટે સુવિધા સાથે બે માળનું બિલ્ડીંગ, ઇલેક્ટ્રીફિકેશન, સી.સી.ટી.વી કેમેરા, ટોઈલેટ બ્લોક, પીવાના પાણીની સુવિધા, સાઈનેજીસ, રીટેનીંગ વોલ, અરાઈવલ પ્લાઝા, ભવ્ય પ્રવેશ દ્વાર, સી.સી. રોડ વગેરે.<br>- ટી જંકશન થી ઝીરો પોઈન્ટ જવાના રસ્તાનું સ્ટ્રેંન્થનીંગ કામ તેમજ રસ્તા ઉપર વોચ ટાવર.<br>- ઝીરો પોઈન્ટ ખાતે સેલ્ફી પોઈન્ટ, મેઈન ગેટ, |

પાર્કીંગ, ટોઇલેટ બ્લોક, ગઝેબો, પીવાના પાણીની સુવિધા, એમ્ફી થીએટર વગેરે.

(૨) ઢીમા ખાતેના ધરણીધર મંદિરના વિકાસ માટે સી.સી. રોડ તથા રિટેઇનિંગ વોલની કામગીરી.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્થળ વાઇઝ કેટલો ખર્ચ થવા પામેલ છે?

(૩)

(૧) નડાબેટ સ્થિત નડેશ્વરી મંદિર ખાતે યાત્રિકો માટે વિસામો, ટી જંકશન અને ઝીરો પોઇન્ટ ખાતે પ્રવાસી સુવિધા માટે રૂપિયા ૫૨૬૫.૪૫ લાખનો ખર્ચ થવા પામેલ છે.

(૨) ઢીમા ખાતે ધરણીધર મંદિરના વિકાસ માટે રૂપિયા ૮૦.૨૭ લાખનો ખર્ચ થવા પામેલ છે.

---------

## પાટણ અને મહેસાણા જિલ્લામાં કૃષિ રાહત પેકેજ

૩૫૨૮૦ **શ્રી ચંદનજી ઠાકોર**(સિધ્ધપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખરીફ-૨૦૨૦ ઓગસ્ટ માસમાં થયેલ ભારે વરસાદથી થયેલ પાક નુકશાન અન્વયે કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવેલ છે જે અન્વયે ૩૩ ટકા કે તેથી વધુ નુકશાન હોય તેવા ખાતેદાર ખેડૂતને પ્રતિ હેક્ટર રૂ.૧૦,૦૦૦ની સહાય ચૂકવવાની જોગવાઈ કરવામાં આવેલી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧/૦૧/૨૦૨૧ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં અસરગ્રસ્ત ખાતેદાર ખેડૂતને રૂ.૧૦,૦૦૦ને બદલે રૂ.૬૮૦૦ ચૂકવવામાં આવ્યા છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૩) જો હા, તો તેના શા કારણો છે, અને

(૪) ઉક્ત તફાવતની રકમ અસરગ્રસ્ત ખાતેદાર ખેડૂતને કયાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) હા,જી.

(૨) કૃષિ રાહત પેકેજ અંતર્ગત તા.૩૧/૧/૨૦૨૧ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં મંજૂર થયેલ ચૂકવવાપાત્ર ખેડૂતોની અરજીઓને જોગવાઈ અનુસાર મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર રૂ.૧૦,૦૦૦/-ની સહાય મંજૂર કરેલ છે. જે પૈકી રૂ.૬૮૦૦/- પ્રતિ હેક્ટર SDRF બજેટ હેડ અને રૂ.૩૨૦૦/- પ્રતિ હેક્ટર રાજ્ય બજેટ હેડ એમ બે અલગ અલગ બજેટ હેડમાંથી ચૂકવવામાં આવી રહી છે.

(૩) ઉક્ત મંજૂર કરેલ રૂ.૧૦,૦૦૦/- પ્રતિ હેક્ટર સહાય પૈકી SDRF બજેટ હેડ હેઠળ રૂ.૬૮૦૦/- પ્રતિ હેક્ટર અને રાજ્ય બજેટ હેડ હેઠળ રૂ.૩૨૦૦/- પ્રતિ હેક્ટર મુજબ SDRF અને રાજ્ય બજેટ બન્ને સદરમાંથી અલગ-અલગ બિલ બનાવી સહાય ચૂકવવામાં આવે છે. ઉક્ત પ્રક્રિયા ઓનલાઈન હોઈ સહાયની રકમ લાભાર્થીના ખાતામાં અલગ-અલગ સમયે જમા થવાની શક્યતા રહેતી હોઈ તફાવત આવી શકે છે.

(૪) શક્ય તેટલા વહેલા ચૂકવવામાં આવશે.

---------

## સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરનું મંજૂર મહેકમ

૩૫૨૭૪ **શ્રી શીવાભાઈ ભુરીયા**(દિયોદર) : **માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તાબા હેઠળની, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગરમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરેલી અને ખાલી છે,

(૩) ભરાયેલી જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી

**જવાબ**

(૧) અને (૨) પત્રક-અ સામેલ છે.

(૩) પત્રક-બ સામેલ છે.

જગ્યાઓ ફીક્સ પગાર/કરાર આધારિત/આઉટસોર્સીંગથી ભરાયેલ છે, અને

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) વહીવટી પ્રક્રિયા મુજબ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

**પત્રક-અ**

| ક્રમ | સંવર્ગનું નામ | મંજૂર મહેકમ | ભરેલી જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | ડાયરેક્ટર જનરલ | ૧ | ૦ | ૧ |
| ૨ | સચિવ | ૧ | ૧ | ૦ |
| ૩ | ખાસ ફરજ પરના અધિકારી | ૨ | ૧ | ૧ |
| ૪ | આસિસ્ટન્ટ ડાયરેક્ટર | ૧ | ૦ | ૧ |
| ૫ | મુખ્ય કોચ | ૫ | ૦ | ૫ |
| ૬ | હિસાબી અધિકારી | ૧ | ૦ | ૧ |
| ૭ | વહીવટી અધિકારી | ૧ | ૦ | ૧ |
| ૮ | કોચ/સિનિયર કોચ | ૫૧ | ૧૦ | ૪૧ |
| ૯ | ડિસ્ટ્રીક્ટ કોચ | ૨૦૦ | ૧૪૧ | ૫૯ |
| ૧૦ | પ્રોજેક્ટ અધિકારી | ૧ | ૦ | ૧ |
| ૧૧ | ગુજરાતી સ્ટેનોગ્રાફર (ગ્રેડ-૨) | ૧ | ૧ | ૦ |
| ૧૨ | હેડ ક્લાર્ક | ૩ | ૦ | ૩ |
| ૧૩ | સિનિયર ક્લાર્ક | ૯ | ૨ | ૭ |
| ૧૪ | ક્લાર્ક | ૪૯ | ૫ | ૪૪ |
| ૧૫ | ગ્રાઉન્ડ સુપરવાઈઝર | ૩ | ૦ | ૩ |
| ૧૬ | રેક્ટર | ૧ | ૧ | ૦ |
| ૧૭ | પટાવાળા | ૨૫ | ૨૫ | ૦ |
| ૧૮ | ચોકીદાર | ૧૩ | ૧૩ | ૦ |
| ૧૯ | ગ્રાઉન્ડમેન | ૨૬ | ૨૬ | ૦ |
| | **કુલ** | **૩૯૪** | **૨૨૬** | **૧૬૮** |

**પત્રક-બ**

| ક્રમ | સંવર્ગનું નામ | ફિક્સ પગારથી ભરાયેલ જગ્યા | કરાર આધારિત ભરાયેલ જગ્યા | આઉટસોર્સિંગથી ભરાયેલ જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | ખાસ ફરજ પરના અધિકારી | ૦ | ૧ | ૦ |
| ૨ | ડિસ્ટ્રીક્ટ કોચ | ૨૬ | ૦ | ૦ |
| ૩ | ક્લાર્ક | ૨ | ૦ | ૦ |
| ૪ | પટાવાળા | ૦ | ૦ | ૧૭ |
| ૫ | ચોકીદાર | ૦ | ૦ | ૧૦ |
| ૬ | ગ્રાઉન્ડમેન | ૦ | ૦ | ૧૬ |
| | **કુલ** | **૨૮** | **૧** | **૪૩** |

---------

**રાજકોટ જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજ યોજના માટે મળેલ અરજીઓ**

૩૬૨૧૫ **શ્રી અરવિંદ રૈયાણી**(રાજકોટ પૂર્વ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં શાકભાજી અને ફળ પાકોના સંગ્રહ માટે કોલ્ડ સ્ટૉરેજની યોજના માટે રાજ્ય સરકારને કેટલી અરજીઓ મળી,

(૧) કુલ મળેલ અરજીઓ-૦૭

(૨) તે પૈકી કેટલી અરજીઓમાં સહાય ચૂકવેલ છે, અને

(૨) કુલ સહાય ચૂકવેલ અરજીઓ-૦૫

| | |
|---|---|
| (૩) તેમાં કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) કુલ ચૂકવેલ સહાયની રકમ- રૂ.૭,૩૯,૨૨,૮૫૭/- |

---------

**અમરેલી જિલ્લામાં ૨૫% કેપીટલ ગોડાઉન સહાય હેઠળ ચૂકવેલ રકમ**

૩૬૨૩૭ **શ્રી જે.વી.કાકડિયા**(ધારી) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં ૨૫% કેપીટલ ગોડાઉન સહાય હેઠળ કુલ કેટલા રૂપિયાની સહાય ચૂકવવામાં આવી, અને | (૧) રૂ.૪૨,૭૪,૯૧૦/- |
| (૨) તેનાથી રાજ્યની સંગ્રહ ક્ષમતામાં કેટલો વધારો થયો ? | (૨) ૪૯૦૦ મે.ટન |

---------

**મહેસાણા અને પાટણ જિલ્લામાં સસ્તા અનાજને બારોબાર વહેંચી દેવાની ફરિયાદો**

૩૮૨૨૧ **શ્રી જીગ્નેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા અને પાટણ જિલ્લામાં વર્ષવાર સસ્તા અનાજની દુકાનદારો સામે અનાજને બારોબાર વેંચી દેવાની કેટલી ફરિયાદો મળી, | (૧)<br>(૧) મહેસાણાઃ-<br>વર્ષ-૨૦૧૯ - ૧૪ ફરિયાદો<br>વર્ષ-૨૦૨૦ - ૧૧ ફરિયાદો<br>**કુલ - ૨૫ ફરિયાદો**<br>(૨) પાટણઃ-<br>વર્ષ-૨૦૧૯ - ૦૪ ફરિયાદો<br>વર્ષ-૨૦૨૦ - ૦૧ ફરિયાદો<br>**કુલ - ૦૫ ફરિયાદો** |
| (૨) તે અન્વયે દુકાનદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) (૧) મહેસાણા જિલ્લામાં ૨૫ વાજબી ભાવની દુકાનોની તપાસણી કરી જણાયેલ ગેરરીતિ અન્વયે દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.<br>• રૂ. ૧૯,૩૨૬/- નો જથ્થો રાજ્યસાત<br>• રૂ. ૮૮,૦૦૦/- પરવાના અનામત રાજ્યસાત<br>• રૂ. ૨૦,૫૦,૫૭૬/- નો દંડ<br>• ૭ (સાત) પરવાના મોકૂફ<br>• ૨ (બે) પરવાના રદ<br>(૨) પાટણ જિલ્લામાં ૫ વાજબી ભાવની દુકાનોની તપાસણી કરી જણાયેલ ગેરરીતિ અન્વયે દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.<br>• રૂ. ૧૩,૦૦૦ /- પરવાના અનામત રાજ્યસાત<br>• રૂ. ૧૪,૬૩૪/- નો દંડ<br>• ૧ (એક) પરવાના મોકૂફ |
| (૩) તેનો અસરગ્રસ્ત લાભાર્થીઓને અનાજ પ્રાપ્ત થાય તેની શું વૈકલ્પિક વ્યવસ્થા કરીને કેટલું અનાજ પૂરું પાડવામાં આવ્યું? | (૩) અસરગ્રસ્ત લાભાર્થીઓને અનાજ પ્રાપ્ત થાય તે માટે મોકૂફ/રદ કરેલ દુકાનનો ચાર્જ અન્ય નજીકની દુકાનને આપી નીચે મુજબ અનાજ પૂરું પાડવામાં આવ્યું.<br>(૧) મહેસાણાઃ- ૧૭,૧૨,૮૮૨/- કિ.ગ્રા.<br>(૨) પાટણઃ- ૧,૪૮,૦૦૮/- કિ.ગ્રા. |

**રાજકોટ અને પોરબંદર જિલ્લામાં બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદિલી**

૩૫૩૨૩ **શ્રી લલીત વસોયા**(ધોરાજી) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા. ૧૯મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એક્ટ અંતર્ગત પુરવઠો મેળવતા કેટલા બીપીએલ કાર્ડ ધારકોના કાર્ડ એપીએલ કાર્ડમાં તબદિલ કરવામાં આવ્યા અને કેટલા કાર્ડ રદ કરવામાં આવ્યા ?

**જવાબ**

તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એક્ટ અંતર્ગત પુરવઠો મેળવતા બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદીલ કરવા અંગેની તથા રદ કરવામાં આવેલ બીપીએલ કાર્ડની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | વર્ષ | બીપીએલ કાર્ડમાંથી એપીએલ કાર્ડમાં તબદીલ કરેલ રેશનકાર્ડની સંખ્યા | રદ કરવામાં આવેલ બીપીએલ રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|---|
| રાજકોટ | ૨૦૧૯ | ૩૪ | ૮૮ |
| | ૨૦૨૦ | ૮૨૭ | ૨૧૪૭ |
| | **કુલ** | **૮૬૧** | **૨૨૩૫** |
| પોરબંદર | ૨૦૧૯ | ૧ | ૩૯ |
| | ૨૦૨૦ | ૧૯ | ૩૩ |

\- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લાની બજાર સમિતિને કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ**

૩૬૧૩૭ **શ્રી શશીકાન્ત પંડ્યા**(ડીસા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા □□ વર્ષમાં બનાસકાંઠા જિલ્લાની લાખણી બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨)ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે?

**જવાબ**

(૧) રૂ.૧૩૦.૫૫/- લાખ.

(૨) રૂ.૧૩૦.૫૫/- લાખ.

**ગાંધીનગર અને ડાંગ જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો અમલ**

૩૫૨૯૭ **શ્રી સુરેશકુમાર પટેલ**(માણસા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર અને ડાંગ જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો અમલ કરવામાં નથી આવ્યો તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના શાં કારણો છે, અને

(૩) ઉક્ત યોજનાનો ક્યાં સુધીમાં અમલ કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

\- - - - - - - - -

**પાટણ જિલ્લામાં નિવૃત્ત રમતવીરોને પેન્શન આપવાની યોજના**

૩૬૧૨૭ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા**(માંડવી) : **માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં નિવૃત્ત રમતવીરોને પેન્શન આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા નિવૃત્ત રમતવીરોને કેટલી રકમ આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં એકપણ નિવૃત્ત રમતવીરને પેન્શનની રકમ ચૂકવવામાં આવેલ નથી.

**તાપી અને સુરત જિલ્લામાં બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદિલી**

૩૫૪૦૫ **શ્રી સુનિલભાઇ ગામીત**(નિઝર) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને સુરત જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એક્ટ અંતર્ગત પુરવઠો મેળવતા કેટલા બીપીએલ કાર્ડ ધારકોના કાર્ડ એપીએલ કાર્ડમાં તબદીલ કરવામાં આવ્યા અને કેટલા કાર્ડ રદ્દ કરવામાં આવ્યા?

**જવાબ**

તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને સુરત જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એક્ટ અંતર્ગત પુરવઠો મેળવતા બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદીલ કરવા અંગેની તથા રદ કરવામાં આવેલ બીપીએલ કાર્ડની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | વર્ષ | બીપીએલ કાર્ડમાંથી એપીએલ કાર્ડમાં તબદીલ કરેલ રેશનકાર્ડની સંખ્યા | રદ કરવામાં આવેલ બીપીએલ રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|---|
| તાપી | ૨૦૧૯ | ૩ | ૩ |
| | ૨૦૨૦ | ૬૯ | ૩૪ |
| | **કુલ** | **૭૨** | **૩૭** |
| સુરત | ૨૦૧૯ | ૫૨ | ૩૨ |
| | ૨૦૨૦ | ૭૦૦ | ૫૭ |

---------

## પાટણ જિલ્લામાં નિવૃત્ત રમતવીરોને પેન્શન આપવાની યોજના

૩૬૧૫૨ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં નિવૃત્ત રમતવીરોને પેન્શન આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલા નિવૃત્ત રમતવીરોને કેટલી રકમ આપવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં એકપણ નિવૃત્ત રમતવીરને પેન્શનની રકમ ચૂકવવામાં આવેલ નથી.

---------

## ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં પ્રવાસન ધામોના વિકાસ પાછળ ખર્ચ

૩૫૨૯૪ **ડો. સી.જે. ચાવડા**(ગાંધીનગર ઉત્તર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને મહેસાણા જિલ્લાના કયા અને કેટલા પ્રવાસન ધામોના વિકાસ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર જિલ્લાના કોઈ પ્રવાસન ધામોના વિકાસ પાછળ કોઇ ખર્ચ કરવામાં આવેલ નથી.

મહેસાણા જિલ્લાના નીચે દર્શાવેલ પ્રવાસન ધામોના વિકાસ પાછળ વર્ષવાર નીચે મુજબનો ખર્ચ કરવામાં આવ્યોઃ

| ક્રમ | સ્થળનું નામ | કરેલ ખર્ચ (રૂ. લાખમાં ) | |
|---|---|---|---|
| | | ૦૧-૦૧-૨૦૧૯ થી ૩૧-૧૨-૨૦૧૯ | ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ |
| ૧ | વડનગર | ૧૬૩૯.૩૯ | ૧૧૪૧.૫૬ |
| ૨ | મોઢેરા | ૧૮૫.૮૮ | ૧૫૮.૨૮ |
| ૩ | ડેવલોપમેન્ટ ઓફ | ૨૮૯.૩૯ | ૩૨.૬૪ |

**પ્રશ્ન**

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર ખાનગી ટ્રસ્ટ/માલિક સંચાલિત કયા અને કેટલા ધાર્મિક સ્થળોના વિકાસ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર ખાનગી ટ્રસ્ટ/માલિક સંચાલિત ધાર્મિક સ્થળોના વિકાસ પાછળ નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યોઃ

| ક્રમ | સ્થળનું નામ | કરેલ ખર્ચ (રૂ. લાખમાં ) | |
|---|---|---|---|
| | | ૦૧-૦૧-૨૦૧૯ થી ૩૧-૧૨-૨૦૧૯ | ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ |

તા. ૧૯મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી ઉમિયા માતાજી મંદિર, ઊંઝા | ૪૩૭.૦૯ | ૩૧૦.૬૮ |
| ૨ | હરસિધ્ધ શકિત પીઠ, લાડોલ | ૩૫.૦૮ | ૩૯.૦૬ |

- - - - - - - - -

**વિંછીયા બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ મંજૂર રકમ**

૩૬૨૨૧ **શ્રી લાખાભાઇ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લાની વિંછીયા બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ. ૫૦.૦૦/- લાખ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે? | (૨) રૂ. ૫૦.૦૦/- લાખ |

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં સ્પોર્ટસ કોમ્પલેક્ષ**

૩૫૩૫૩ **શ્રી અંબરીષભાઇ ડેર** (રાજુલા) : **માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકામાં સ્પોર્ટસ કોમ્પલેક્ષ બાંધવા માટે જમીનો મેળવવા ક્યારે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકામાં સ્પોર્ટસ કોમ્પલેક્ષ બાંધવા માટે અનુકૂળ અને પર્યાપ્ત જમીન મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| (૨) તે અન્વયે કેટલી જમીન મેળવવામાં આવી, અને | (૨) ઉપરોક્ત વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્પોર્ટસ કોમ્પલેક્ષનું કામ ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**દાહોદ જિલ્લામાં રમતગમત સંકુલોના બાંધકામનો થયેલ ખર્ચ**

૩૬૦૬૩ **શ્રી અભેસિંહ તડવી**(સંખેડા) : **માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં રમતગમતના સંકુલ ક્યા-ક્યા સ્થળે આવેલ છે, | (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં દેવગઢબારિયા ખાતે રમતગમતનું સંકુલ આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રમતગમતના સંકુલમાં કઇ-કઇ રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને | (૨) દેવગઢબારિયા રમત સંકુલમાં સ્વીમીંગ, એથ્લેટીક્સ, આર્ચરી(તીરંદાજી), બાસ્કેટબોલ, વોલીબોલ, કબડ્ડી, ખો-ખો, હોકી તેમજ ઈન્ડોર હોલમાં જુડો, રેસલિંગ અને કુસ્તીની રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં રમત ગમત સંકુલોના બાંધકામ બાબતે કુલ કેટલો ખર્ચ થયેલ છે? | (૩) છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં રમત ગમત સંકુલોના બાંધકામ બાબતે કુલ રૂ. ૪૯૪.૯૦ લાખનો ખર્ચ થયેલ છે. |

- - - - - - - - -

**છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં પી.યુ.સી. સેન્ટર**

૩૫૩૮૯ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટા ઉદેપુર) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૦૧-૦૨-૨૦૨૧ની સ્થિતિએ છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં તાલુકાવાર પી.યુ.સી. સેન્ટરો કયા કયા સ્થળે આવેલા છે,

**જવાબ**

(૧)

| **વડોદરા જિલ્લો** | | **છોટા ઉદેપુર જિલ્લો** | |
|---|---|---|---|
| **તાલુકાનું નામ** | **પી.યુ.સી. સેન્ટરની સંખ્યા** | **તાલુકાનું નામ** | **પી.યુ.સી. સેન્ટરની સંખ્યા** |

| | | | |
|---|---|---|---|
| વડોદરા સીટી | ૮૩ | છોટા ઉદેપુર | ૦૮ |
| વડોદરા ગ્રામ્ય | ૦૯ | બોડેલી | ૦૨ |
| ડભોઈ | ૦૬ | નસવાડી | ૦૧ |
| ડેસર | ૦૨ | પાવી-જેતપુર | ૦૪ |
| કરજણ | ૦૮ | | |
| શિનોર | ૦૦ | | |
| પાદરા | ૦૬ | | |
| સાવલી | ૦૩ | | |
| વાઘોડીયા | ૦૧ | | |

(૨) પી.યુ.સી. માટે ફીના ધોરણો શાં છે અને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નિયત ફી કરતા વધુ ફી લેવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) પી.યુ.સી. માટે ફીના ધોરણો

| વાહનનો પ્રકાર | ફી (રૂપિયામાં) |
|---|---|
| દ્વિ ચક્રીય વાહનો | ૩૦ |
| થ્રી વ્હીલર (સી.એન.જી./એલ.પી.જી/પેટ્રોલ/ડીઝલ) | ૬૦ |
| હળવા મોટર વાહનો (સી.એન.જી./એલ.પી.જી/પેટ્રોલ | ૮૦ |
| હળવા મોટર વાહનો (ડીઝલ), મીડીયમ, હેવી મોટર વાહનો (ડીઝલ/સી.એન.જી.) | ૧૦૦ |

કોઇ ફરીયાદ મળેલ નથી.

(૩) ઉક્ત જિલ્લામાં વાહનોની સરખાણીમાં ઉક્ત સેન્ટરો પૂરતા પ્રમાણમાં છે કે કેમ?

(૩) હા, જી.

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં રમતમંડળોને આર્થિક સહાય આપવાની યોજના**

૩૬૨૩૧ **શ્રી બાબુભાઇ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં રમતગમત ક્ષેત્રે કામ કરતા રમત મંડળોને આર્થિક સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને

(૧) હા, જી

(૨) જો હા, તો તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કેટલા રમત મંડળોને કેટલી આર્થિક સહાય પૂરી પાડવામાં આવી?

(૨)

| | |
|---|---|
| તા. ૧-૨-૨૦૧૯ થી તા. ૩૧-૧-૨૦૨૦ | જૂનાગઢ જિલ્લાના કુલ ૦૬ (છ) રમત મંડળોને રૂ. ૧૨,૭૫૦/- (અંકે રૂપિયા બાર હજાર સાતસો પચાસ પુરા) આર્થિક સહાય પૂરી પાડવામાં આવેલ છે. |
| તા. ૧-૨-૨૦૨૦ થી તા. ૩૧-૧-૨૦૨૧ | જૂનાગઢ જિલ્લાના રમત મંડળો તરફથી દરખાસ્ત મળેલ ન હોઇ, આર્થિક સહાય પૂરી પાડવામાં આવેલ નથી. |

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં પુસ્તકાલયોમાં ગ્રંથપાલ અને કારકુનની ખાલી જગ્યાઓ**

૩૫૩૫૧ **શ્રી વિરજીભાઇ ઠુમ્મર** (લાઠી) : **માનનીય રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલા સરકારી પુસ્તકાલયો આવેલા છે,

(૧)

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | સરકારી પુસ્તકાલયોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમરેલી | અમરેલી | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| | | બાબરા | ૦૧ |
| | | સાવરકુંડલા | ૦૧ |
| | | બગસરા | ૦૦ |
| | | ધારી | ૦૦ |
| | | જાફરાબાદ | ૦૦ |
| | | ખાંભા | ૦૦ |
| | | વડીયા કુકાવાવ | ૦૦ |
| | | લીલીયા | ૦૦ |
| | | રાજુલા | ૦૦ |
| | | લાઠી | ૦૦ |

(૨) ઉક્ત પુસ્તકાલયોવાર ગ્રંથપાલ અને કારકુનની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) પત્રક-અ સામેલ છે.

(૩)ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩)વહીવટી પ્રક્રિયા મુજબ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

**પત્રક-અ**

| **ક્રમ** | **સરકારી પુસ્તકાલયનું નામ** | **જિલ્લા ગ્રંથપાલ** | | | **મદદનીશ ગ્રંથપાલ** | | | **ગ્રંથાલય કારકૂન** | | | **જુનિયર કારકૂન** | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **મંજૂર મહેકમ** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** | **મંજૂર મહેકમ** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** | **મંજૂર મહેકમ** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** | **મંજૂર મહેકમ** | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** |
| ૧ | સરકારી જિલ્લા પુસ્તકાલય અમરેલી | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૨ | સરકારી તાલુકા પુસ્તકાલય બાબરા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | સરકારી તાલુકા પુસ્તકાલય સાવરકુંડલા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | **કુલ** | **૦૧** | **૦૦** | **૦૧** | **૦૪** | **૦૦** | **૦૪** | **૦૧** | **૦૦** | **૦૧** | **૦૧** | **૦૧** | **૦૦** |

## મોરબી અને ભાવનગર જિલ્લામાં વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા

૩૫૩૨૧ **શ્રી લલીતભાઈ કગથરા**(ટંકારા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મોરબી અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર વાજબી ભાવની કેટલી દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલી દુકાનોમાં ગેરરીતિ સામે આવી અને તેવા કેટલા દુકાનદારો સામે શું પગલાં ભરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મોરબી જિલ્લામાં ૩૩૬ વાજબી ભાવની દુકાનો ઉપર અને ભાવનગર જિલ્લામાં ૧૦૭૮ વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨)

(૧) મોરબી જિલ્લામાં ૯ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૯ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.
- રૂ. ૮૦,૭૮૨/- નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૧૪,૫૦૦/- પરવાના અનામત રાજ્યસાત
- ૫ (પાંચ) પરવાના મોકૂફ

(૨) ભાવનગર જિલ્લામાં ૧૭૩ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૧૭૩ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.
- રૂ. ૩,૪૭,૭૫૦/- પરવાના અનામત રાજ્યસાત
- રૂ. ૫,૪૪,૬૮૩/- નો દંડ
- ૨૪ (ચોવીસ) પરવાના મોકૂફ
- ૪ (ચાર) પરવાના રદ

• ૨ (બે) કોર્ટ કેસ

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

(૩) જિલ્લાવાર નીચે મુજબનો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો

(૧) મોરબી

| અ.નં. | આવશ્યક ચીજવસ્તુ | જથ્થો કિ.ગ્રા./લી. |
|---|---|---|
| ૧ | ઘઉં | ૮૬૯૮ |
| ૨ | ચોખા | ૧૮૨૪ |
| ૩ | દાળ | ૩૩૪ |
| ૪ | ખાદ્યતેલ | ૩૧૬ (પાઉચ) |
| ૫ | ખાંડ | ૭૩૬ |
| ૬ | કેરોસીન | ૧૮૦ લી. |

(૨) ભાવનગરઃ- શૂન્ય

(૪) કેટલા પરવાના રદ કરવામાં આવ્યા?

(૪) (૧) મોરબીઃ-શૂન્ય(૨) ભાવનગરઃ- ૪(ચાર)

- - - - - - - - -

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદિલી**

૩૫૩૩૯ **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એક્ટ અંતર્ગત પુરવઠો મેળવતા કેટલા બીપીએલ કાર્ડ ધારકોના કાર્ડ એપીએલ કાર્ડમાં તબદીલ કરવામાં આવ્યા અને કેટલા કાર્ડ રદ્ધ કરવામાં આવ્યા?

**જવાબ**

તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એક્ટ અંતર્ગત પુરવઠો મેળવતા બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદીલ કરવા અંગેની તથા રદ કરવામાં આવેલ બીપીએલ કાર્ડની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | વર્ષ | બીપીએલ કાર્ડમાંથી એપીએલ કાર્ડમાં તબદીલ કરેલ રેશનકાર્ડની સંખ્યા | રદ કરવામાં આવેલ બીપીએલ રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|---|
| જૂનાગઢ | ૨૦૧૯ | ૨ | ૨૩ |
| | ૨૦૨૦ | ૫૪ | ૪૭ |
| | **કુલ** | **૫૬** | **૭૦** |
| ગીર સોમનાથ | ૨૦૧૯ | ૧૪ | ૭૭ |
| | ૨૦૨૦ | ૧૯૭ | ૧૨૧ |

- - - - - - - - -

**અમરેલી જિલ્લામાં કાંટાળા તારની વાડ બનાવવાની પડતર અરજીઓ**

૩૭૯૬૫ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ તાલુકાવાર કાંટાળા તારની વાડ બનાવવાની કેટલી અરજીઓ મંજૂર કરવાની પડતર છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ તાલુકાવાર નીચે મુજબની અરજીઓ પડતર હતી. જેની આજની તારીખમાં પ્રાથમિક મંજૂરી આપી દીધેલ છે.

| તાલુકા | સંખ્યા |
|---|---|
| ધારી | ૨૦ |
| બગસરા | ૦૫ |
| બાબરા | ૦૬ |
| લાઠી | ૦૩ |
| લીલીયા | ૦૧ |

(૨) ઉક્ત અરજીઓ પડતર રહેવાના શાં કારણો છે, અને

(૨) અરજીઓ મેળવવાની શરૂઆત માટે પોર્ટલ તા.૩૦-૧૨-૨૦૨૦ થી ખોલવામાં આવેલ હતું અને તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અરજીઓ મેળવવાની પ્રક્રિયા ચાલુ હતી.

(૩) ઉક્ત પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા સહાય મેળવવા અરજીઓ**

૩૭૯૬૨ **શ્રી મહેશકુમાર પટેલ**(પાલનપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવાની કેટલી અરજીઓ તાલુકાવાર સરકારને મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ વર્ષવાર, તાલુકાવાર મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી,

(૩) અરજીઓ નામંજૂર કરવાના શાં કારણો છે, અને

(૪) બાકીની અરજીઓ ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

(૨) પત્રક-૨ મુજબ.

(૩) અરજીઓ નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

- ઇફેક્ટીવ વેલિડ ડ્રાઇવીન્ગ લાયસન્સ ધરાવતા ન હોવાથી
- પોસ્ટ મોર્ટમ રીપોર્ટ / પોસ્ટ મોર્ટમ રીપોર્ટની અવેજીમાં રજૂ કરવાનું કલેક્ટરશ્રીનું પ્રમાણપત્ર રજૂ થયેલ ન હોવાથી.
- એફ.એસ.એલ. બાદનો ફાઇનલ પોસ્ટ મોર્ટમ રીપોર્ટ રજૂ થયેલ ન હોવાથી.
- ઇન્કવેસ્ટ પંચનામું/એફ.આઇ.આર./પોલિસ તપાસ રીપોર્ટ / સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટનો આખરી અહેવાલ રજૂ કરેલ ન હોવાથી
- મૃત્યુનું કારણ અકસ્માત ન હોવાથી.
- કાયમી અપંગતા ન હોવાથી.
- અરજી નિયત સમયમર્યાદા બાદ રજૂ થયેલ હોવાથી અને મૃતકના જન્મના પુરાવા રજૂ થયેલ ન હોવાથી.
- પેઢીનામુ / અરજદાર સીધીલીટીના વારસદાર હોવા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોવાથી.
- હક્ક પત્રક (નમૂના નં-૬) રજૂ કરેલ ન હોવાથી.

(૪) અરજદારશ્રીઓ દ્વારા વીમા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર તરફથી માંગવામાં આવેલ ખૂટતા સાધનીક કાગળોની યોગ્ય પૂર્તતા થયેથી વીમા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા સત્વરે મંજૂર કરવામાં આવશે.

**પત્રક-૧**

| **તાલુકાનું નામ** | **મળેલ અરજીઓની સંખ્યા** |
|---|---|
| કાંકરેજ | ૨૫ |
| વાવ | ૬ |
| પાલનપુર | ૯ |
| ભાભર | ૧૨ |
| થરાદ | ૧૯ |
| ધાનેરા | ૫ |
| દિયોદર | ૬ |
| ડીસા | ૬૧ |

| | |
|---|---|
| અમીરગઢ | ૩ |
| સુઇગામ | ૧૦ |
| દાંતીવાડા | ૧૭ |
| દાંતા | ૧૨ |
| વડગામ | ૮ |
| લાખણી | ૮ |

**પત્રક-૨**

| તાલુકાનું નામ | સને ૨૦૧૯ | | સને ૨૦૨૦ | |
|---|---|---|---|---|
| | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર |
| કાંકરેજ | ૧૫ | ૨ | ૨ | ૦ |
| વાવ | ૪ | ૧ | ૧ | ૦ |
| પાલનપુર | ૫ | ૧ | ૦ | ૦ |
| ભાભર | ૪ | ૧ | ૩ | ૦ |
| થરાદ | ૭ | ૦ | ૭ | ૦ |
| ધાનેરા | ૧ | ૧ | ૧ | ૦ |
| દિયોદર | ૪ | ૧ | ૦ | ૦ |
| ડીસા | ૨૨ | ૬ | ૧૪ | ૦ |
| અમીરગઢ | ૨ | ૦ | ૦ | ૦ |
| સુઇગામ | ૩ | ૧ | ૫ | ૦ |
| દાંતીવાડા | ૭ | ૧ | ૪ | ૧ |
| દાંતા | ૪ | ૧ | ૩ | ૦ |
| વડગામ | ૪ | ૦ | ૨ | ૦ |
| લાખણી | ૦ | ૧ | ૧ | ૦ |

---------

**સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા**

૩૫૩૧૫ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર વાજબી ભાવની કેટલી દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલી દુકાનોમાં ગેરરીતિ સામે આવી અને તેવા કેટલા દુકાનદારો સામે શું પગલાં ભરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૦૭૩ વાજબી ભાવની દુકાનો ઉપર અને બોટાદ જિલ્લામાં ૮૯૧ વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨)

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૫ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૨૫ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૮૩,૯૭૮/- નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૧૩,૫૦૦/- પરવાના અનામત રાજ્યસાત
- રૂ. ૩,૩૪,૪૩૦/- નો દંડ
- ૭ (સાત) પરવાના મોકૂફ
- ૫ (પાંચ) કેસ સુનાવણી હેઠળ

(૨) બોટાદ જિલ્લામાં ૩૦ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૩૦ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૩,૭૩,૦૬૪/- નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૩૭,૫૦૦/- પરવાના અનામત રાજ્યસાત

- ૩ (ત્રણ) પરવાના મોકૂફ
- ૧ પરવાનો રદ

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

(૩) જિલ્લાવાર નીચે મુજબનો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો
(૧) સુરેન્દ્રનગરઃ- શૂન્ય
(૨) બોટાદઃ-

| **અ.નં.** | **આવશ્યક ચીજવસ્તુ** | **જથ્થો કિ.ગ્રા./લી.** |
|---|---|---|
| ૧ | ઘઉં | ૧૪૬૬૪ |
| ૨ | ચોખા | ૪૩૦૩ |
| ૩ | દાળ | ૫૧ |
| ૪ | ખાંડ | ૭૭૬ |
| ૫ | કેરોસીન | ૧૫૫૪ |
| ૬ | મીઠું | ૧૦૯૦ |
| ૭ | ચણા | ૭૭૦ |

(૪) કેટલા પરવાના રદ કરવામાં આવ્યા?

(૪)
(૧) સુરેન્દ્રનગરઃ-શૂન્ય (૨) બોટાદઃ - ૧(એક)

- - - - - - - - -

**જૂનાગઢ જિલ્લામાં રમતમંડળોને આર્થિક સહાય આપવાની યોજના**

૩૬૨૩૪ **શ્રી દેવાભાઇ માલમ**(કેશોદ) : **માનનીય રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં રમતગમત ક્ષેત્રે કામ કરતા રમત મંડળોને આર્થિક સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કેટલા રમત મંડળોને કેટલી આર્થિક સહાય પૂરી પાડવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી

(૨)

| | |
|---|---|
| તા. ૧-૨-૨૦૧૯ થી તા. ૩૧-૧-૨૦૨૦ | જૂનાગઢ જિલ્લાના કુલ ૦૬ (છ) રમત મંડળોને રૂ. ૧૨,૭૫૦/- (અંકે રૂપિયા બાર હજાર સાતસો પચાસ પુરા) આર્થિક સહાય પૂરી પાડવામાં આવેલ છે. |
| તા. ૧-૨-૨૦૨૦ થી તા. ૩૧-૧-૨૦૨૧ | જૂનાગઢ જિલ્લાના રમત મંડળો તરફથી દરખાસ્ત મળેલ ન હોઇ, આર્થિક સહાય પૂરી પાડવામાં આવેલ નથી. |

- - - - - - - - -

**દાહોદ અને ડાંગ જિલ્લામાં વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા**

૩૫૩૮૦ **શ્રી વજેસિંગભાઇ પણદા** (દાહોદ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં દાહોદ અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર વાજબી ભાવની કેટલી દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલી દુકાનોમાં ગેરરીતિ સામે આવી અને તેવા કેટલા દુકાનદારો સામે શું પગલાં ભરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં દાહોદ જિલ્લામાં ૧૩૭૦ વાજબી ભાવની દુકાનો ઉપર અને ડાંગ જિલ્લામાં ૩૨૯ વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨)
(૧) દાહોદ જિલ્લામાં ૧૩૩૯ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૯૦૯ દુકાનદારો સામે નીચે મુજબ

પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૨૨,૨૫૬/- નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૮,૭૮,૫૦૦/- પરવાના અનામત રાજ્યસાત
- રૂ. ૩૨,૯૯,૫૬૨/- નો દંડ
- ૫૩ (ત્રેપન) પરવાના મોકૂફ
- ૭ (સાત) પરવાના રદ
- ૪૩૦ (ચારસો ત્રીસ) કેસ નિર્ણય પર બાકી

(૨) ડાંગ જિલ્લામાં ૩૭ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૧૦ દુકાનદારોને તાકીદ આપવામાં આવી અને ૨૭ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૩૬,૫૦૦/- પરવાના અનામત રાજ્યસાત
- રૂ. ૩,૭૨,૧૫૬/- નો દંડ
- ૬ (છ) પરવાના મોકૂફ
-

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

(૩) જિલ્લાવાર નીચે મુજબનો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો.

(૧) દાહોદઃ-

| **અ.નં.** | **આવશ્યક ચીજવસ્તુ** | **જથ્થો કિ.ગ્રા./લી.** |
|---|---|---|
| ૧ | ઘઉં | ૩૩ |
| ૨ | ચોખા | ૪૩ |
| ૩ | ખાંડ | ૨૩ |
| ૪ | ચણા | ૪૫૦ |

(૨) ડાંગઃ- શૂન્ય

(૪) કેટલા પરવાના રદ કરવામાં આવ્યા?

(૪) (૧) દાહોદઃ-૭ (સાત)
(૨) ડાંગઃ - શૂન્ય

- - - - - - - - -

**ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં કૃષિ રાહત પેકેજ**

૩૫૩૪૫ **શ્રી ભગાભાઇ બારડ**(તાલાલા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખરીફ-૨૦૨૦ ઓગસ્ટ માસમાં થયેલ ભારે વરસાદથી થયેલ પાક નુકસાન અન્વયે કૃષિ રાહત પેકજ જાહેર કરવામાં આવેલ છે જે અન્વયે ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન હોય તેવા ખાતેદાર ખેડૂતને પ્રતિ હેક્ટર રૂ. ૧૦,૦૦૦ની સહાય ચૂકવવાની જોગવાઇ કરવામાં આવેલી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૧-૨૦૨૧ની સ્થિતિએ ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં અસરગ્રસ્ત ખાતેદાર ખેડૂતને
રૂ. ૧૦,૦૦૦ને બદલે રૂ. ૬૮૦૦ ચૂકવવામાં આવ્યા છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૩) જો હા, તો તેના શા કારણો છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) કૃષિ રાહત પેકેજ અંતર્ગત તા.૩૧-૧-૨૦૨૧ની સ્થિતિએ ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં મંજૂર થયેલ ચૂકવવાપાત્ર ખેડૂતોની અરજીઓને જોગવાઇ અનુસાર મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર રૂ. ૧૦,૦૦૦/- ની સહાય મંજૂર કરેલ છે. જે પૈકી રૂ. ૬૮૦૦/- હેક્ટર SDRF બજેટ હેડ અને રૂ. ૩૨૦૦/- હેક્ટર રાજ્ય બજેટ હેડ એમ બે અલગ અલગ બજેટ હેડમાંથી ચૂકવવામાં આવી રહી છે.

(૩) ઉક્ત મંજૂર કરેલ રૂ. ૧૦,૦૦૦/- પ્રતિ હેક્ટર સહાય પૈકી SDRF બજેટ હેડ હેઠળ રૂ. ૬૮૦૦/- પ્રતિ

હેક્ટર અને રાજ્ય બજેટ હેડ હેઠળ રૂ.૩૨૦૦/- પ્રતિ હેક્ટર મુજબ SDRF અને રાજ્ય બજેટ બન્ને સદરમાંથી અલગ-અલગ બિલ બનાવી સહાય ચૂકવવામાં આવે છે. ઉક્ત પ્રક્રિયા ઓનલાઇન હોઇ સહાયની રકમ લાભાર્થીના ખાતામાં અલગ-અલગ સમયે જમા થવાની શક્યતા રહેતી હોઇ તફાવત આવી શકે છે.

(૪) ઉક્ત તફાવતની રકમ અસરગ્રસ્ત ખાતેદાર ખેડૂતને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે?

(૪) શક્ય તેટલા વહેલા ચૂકવવામાં આવશે.

- - - - - - - - -

**દેવભૂમિ દ્વારકા અને અમરેલી જિલ્લામાં બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદિલી**

૩૫૩૩૩ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દેવભૂમિ દ્વારકા અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એકટ અંતર્ગત પુરવઠો મેળવતા કેટલા બીપીએલ કાર્ડ ધારકોના કાર્ડ એપીએલ કાર્ડમાં તબદિલ કરવામાં આવ્યા અને કેટલા કાર્ડ રદ્દ કરવામાં આવ્યા ?

**જવાબ**

તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દેવભૂમિ દ્વારકા અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એકટ અંતર્ગત પુરવઠો મેળવતા બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદીલ કરવા અંગેની તથા રદ કરવામાં આવેલ બીપીએલ કાર્ડની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | વર્ષ | બીપીએલ કાર્ડમાંથી એપીએલ કાર્ડમાં તબદીલ કરેલ રેશનકાર્ડની સંખ્યા | રદ કરવામાં આવેલ બીપીએલ રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૨૦૧૯ | ૧૧ | ૫ |
| | ૨૦૨૦ | ૧૦૫ | ૨૬ |
| | **કુલ** | **૧૧૬** | **૩૧** |
| અમરેલી | ૨૦૧૯ | ૧૬૩ | ૭૭૫ |
| | ૨૦૨૦ | ૩૯૦ | ૩૮ |
| | **કુલ** | **૪૫૩** | **૮૧૩** |

- - - - - - - - -

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા**

૩૫૨૭૨ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર વાજબી ભાવની કેટલી દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલી દુકાનોમાં ગેરરીતિ સામે આવી અને તેવા કેટલા દુકાનદારો સામે શું પગલાં ભરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ૨૫૯૦ વાજબી ભાવની દુકાનો ઉપર અને કચ્છ જિલ્લામાં ૧૨૨૫ વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨)

(૧) બનાસકાંઠા જિલ્લામાં ૨૭૯ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૨૭૯ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૨૪,૭૩૮/- નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૩,૩૩,૦૦૦/- પરવાના અનામત રાજ્યસાત
- રૂ.૨૩,૨૪,૩૦૧/- નો દંડ
- ૫૧ (એકાવન) પરવાના મોકૂફ
- ૨ (બે) પરવાના રદ
- ૫૫ (પંચાવન) કેસ સુનાવણી હેઠળ

(૨) કચ્છ જિલ્લામાં ૯૫ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૯૪ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં

આવ્યા.

- રૂ. ૧૧,૬૨૩/- નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૧,૭૩,૭૫૦/- પરવાના અનામત રાજ્યસાત
- રૂ.૧,૩૯,૩૧૩/- નો દંડ
- ૧૫ (પંદર) પરવાના મોકૂફ
- ૧ પરવાનો રદ
- ૧ (એક) કેસ સુનાવણી હેઠળ

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

(૩)

- બનાસકાંઠાઃ- જિલ્લામાં નીચે મુજબનો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો

| અ.નં. | આવશ્યક ચીજવસ્તુ | જથ્થો કિ.ગ્રા./લી. |
|---|---|---|
| ૧ | ઘઉં | ૬૮૭ |
| ૨ | ચોખા | ૫૧૮ |
| ૩ | દાળ | ૧૪૨ |
| ૪ | ખાંડ | ૨૧૭ |
| ૫ | કેરોસીન | ૩૮૩ |
| ૬ | મીઠું | ૫૯ |

- કચ્છ જિલ્લામાં નીચે મુજબનો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો.

| અ.નં. | આવશ્યક ચીજવસ્તુ | જથ્થો કિ.ગ્રા./લી. |
|---|---|---|
| ૧ | ચોખા | ૩૦૦ |
| ૨ | ખાંડ | ૬૭.૨૫૦ |
| ૩ | કેરોસીન | ૪૪ |

(૪) કેટલા પરવાના રદ કરવામાં આવ્યા?

(૪) બનાસકાંઠા જિલ્લામાં ૨ (બે) દુકાનદારો તથા કચ્છ જિલ્લામાં ૧ (એક) દુકાનદારના પરવાના રદ્ કરવામાં આવ્યા.

- - - - - - - - -

## દાહોદ અને પંચમહાલ જિલ્લામાં બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદિલી

૩૫૩૮૩ **શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એક્ટ અંતર્ગત પુરવઠો મેળવતા કેટલા બીપીએલ કાર્ડ ધારકોના કાર્ડ એપીએલ કાર્ડમાં તબદિલ કરવામાં આવ્યા અને કેટલા કાર્ડ રદ્ધ કરવામાં આવ્યા ?

**જવાબ**

તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એક્ટ અંતર્ગત પુરવઠો મેળવતા બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદીલ કરવા અંગેની તથા રદ કરવામાં આવેલ બીપીએલ કાર્ડની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | વર્ષ | બીપીએલ કાર્ડમાંથી એપીએલ કાર્ડમાં તબદીલ કરેલ રેશનકાર્ડની સંખ્યા | રદ કરવામાં આવેલ બીપીએલ રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|---|
| દાહોદ | ૨૦૧૯ | ૪૨૭ | ૧૦૯ |
| | ૨૦૨૦ | ૬૯૪ | ૨૧ |
| | **કુલ** | **૧૧૨૧** | **૧૩૦** |
| પંચમહાલ | ૨૦૧૯ | ૯ | ૬૫ |
| | ૨૦૨૦ | ૨૮૧ | ૧૧૬ |
| | **કુલ** | **૨૯૦** | **૧૮૧** |

- - - - - - - - -

## ખેડા અને ડાંગ જિલ્લામાં બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદિલી

૩૫૩૬૮ **શ્રી કાંતિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ

**જવાબ**

તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એક્ટ

એકટ અંતર્ગત પુરવઠો મેળવતા કેટલા બીપીએલ કાર્ડ ધારકોના કાર્ડ એપીએલ કાર્ડમાં તબદિલ કરવામાં આવ્યા અને કેટલા કાર્ડ રદ્દ કરવામાં આવ્યા ?

અંતર્ગત પુરવઠો મેળવતા બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદીલ કરવા અંગેની તથા રદ કરવામાં આવેલ બીપીએલ કાર્ડની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | વર્ષ | બીપીએલ કાર્ડમાંથી એપીએલ કાર્ડમાં તબદીલ કરેલ રેશનકાર્ડની સંખ્યા | રદ કરવામાં આવેલ બીપીએલ રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|---|
| ખેડા | ૨૦૧૯ | ૦ | ૨૬ |
| | ૨૦૨૦ | ૧૧૦ | ૨૧૩ |
| | **કુલ** | **૧૧૦** | **૨૩૯** |
| ડાંગ | ૨૦૧૯ | ૦૨ | ૬૪ |
| | ૨૦૨૦ | ૧૧૦ | ૯૧ |
| | **કુલ** | **૧૧૨** | **૧૫૫** |

**ભાષા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનું મંજૂર મહેકમ**

૩૫૨૬૩ **ગેનીબેન ઠાકોર**(વાવ) : **માનનીય રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તાબા હેઠળની ભાષા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨)તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરેલી અને ખાલી છે,

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ફીક્સ પગાર/કરાર આધારિત/આઉટસોર્સીંગથી ભરાયેલ છે, અને

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩) પત્રક - અ સામેલ છે.

(૪) વહીવટી પ્રક્રિયા મુજબ ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

**પત્રક - અ**

| ક્રમ | સંવર્ગનું નામ | વર્ગ | મંજૂર થયેલ જગ્યા | ભરાયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | ભરાયેલ જગ્યાઓ પૈકી | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ફીક્સ પગારે ભરાયેલ | કરાર આધારિત ભરાયેલ | આઉટસોર્સીંગથી ભરાયેલ |
| ૧. | ભાષા નિયામક | ૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨. | નાયબ ભાષા નિયામક | ૧ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩. | રહસ્ય સચિવ | ૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૪. | પ્રકાશન અધિકારી | ૨ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫. | સંશોધન અધિકારી | ૨ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬. | સંપાદક | ૨ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૭. | અવેક્ષક | ૩ | ૦૫ | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૮. | ભાષાંતરકાર | ૩ | ૧૩ | ૦૭ | ૦૬ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૯. | અધિક્ષક | ૩ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૦. | હિસાબનીશ | ૩ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૧. | સિનિયર કારકુન | ૩ | ૦૯ | ૦૩ | ૦૬ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૨. | જુનિયર કારકુન | ૩ | ૧૨ | ૦૩ | ૦૯ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૧૩. | પટાવાળા | ૪ | ૦૬ | ૦૬ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | **કુલ..** | | **૫૬** | **૨૪** | **૩૨** | **૦૧** | **૦૧** | **૦૦** |

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા**

૩૫૨૮૯ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર**(મોડાસા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર વાજબી ભાવની કેટલી દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલી દુકાનોમાં ગેરરીતિ સામે આવી અને તેવા કેટલા દુકાનદારો સામે શું પગલાં ભરવામાં આવ્યા,

અરવલ્લી જિલ્લામાં ૭૧૧ વાજબી ભાવની દુકાનો ઉપર અને સાબરકાંઠા જિલ્લામાં ૭૪૬ વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨)

(૧) અરવલ્લી જિલ્લામાં ૩૮૧ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૨૨૮ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૫૪૪૯/- નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૧,૮૩,૭૫૦/- પરવાના અનામત રાજ્યસાત
- રૂ.૬,૮૭,૭૩૮/- નો દંડ
- ૦૪ (ચાર) પરવાના મોકૂફ
- ૧૫૩ (એકસો ત્રેપન) કેસ સુનાવણી હેઠળ

(૨) સાબરકાંઠા જિલ્લામાં ૧૧૯ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૧૧૨ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૧,૪૪,૪૮૪/- નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૧,૭૯,૭૫૦/- પરવાના અનામત રાજ્યસાત
- રૂ. ૨,૬૭,૬૫૮/- નો દંડ
- ૩૫ (પાંત્રીસ) પરવાના મોકૂફ
- ૭ (સાત) કેસ સુનાવણી હેઠળ

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

(૩) જિલ્લાવાર નીચે મુજબનો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો

(૧) અરવલ્લીઃ- શૂન્ય

(૨) સાબરકાંઠાઃ-

| **અ.નં.** | **આવશ્યક ચીજવસ્તુ** | **જથ્થો કિ.ગ્રા./લી.** |
|---|---|---|
| ૧ | ઘઉં | ૪૭૮૪ |
| ૨ | ચોખા | ૨૬૬૨ |
| ૩ | દાળ | ૧૨૧ |
| ૪ | ખાદ્યતેલ | ૨૮ (પાઉચ) |
| ૫ | ખાંડ | ૨૩૬ |
| ૬ | કેરોસીન | ૧૬ લી. |
| ૭ | મીઠું | ૮૮૩ |

(૪) કેટલા પરવાના રદ કરવામાં આવ્યા?

(૪) (૧) અરવલ્લીઃ- શૂન્ય (૨)સાબરકાંઠાઃ- શૂન્ય

- - - - - - - - -

## આણંદ અને ખેડા જિલ્લામાં વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા

૩૫૩૫૭ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર**(બોરસદ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને ખેડા જિલ્લામાં જિલ્લાવાર વાજબી ભાવની કેટલી દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલી દુકાનોમાં ગેરરીતિ સામે આવી અને તેવા કેટલા દુકાનદારો સામે શું પગલાં ભરવામાં

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં ૧૧૩૮ વાજબી ભાવની દુકાનો ઉપર અને ખેડા જિલ્લામાં ૧૫૦૮ વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨)

(૧) આણંદ જિલ્લામાં ૩૫૧ દુકાનોમાં ગેરરીતિ જોવા

આવ્યા,

મળી અને ૩૫૧ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૬૬,૮૧૬/ - નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૧,૯૬,૪૧૬/ - પરવાના અનામત રાજ્યસાત
- રૂ.૫૫,૯૯,૫૨૪/ - નો દંડ
- ૩૨ (બત્રીસ) પરવાના મોકૂફ
- ૧૭ (સત્તર) પરવાના રદ

(૨) ખેડા જિલ્લામાં ૨૩૩ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૨૩૨ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૪,૦૭,૮૩૮/ - નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૬,૯૫,૭૫૦/ - પરવાના અનામત રાજ્યસાત
- રૂ.૪,૬૨,૪૯૮/ - નો દંડ
- ૪ (ચાર) પરવાના મોકૂફ
- ૪ (ચાર) પરવાના રદ
- ૧ (એક) કેસ નિર્ણય પર બાકી

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

(૩) જિલ્લાવાર નીચે મુજબનો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો

(૧) આણંદઃ-

| **અ.નં.** | **આવશ્યક ચીજવસ્તુ** | **જથ્થો કિ.ગ્રા./લી.** |
|---|---|---|
| ૧ | ઘઉં | ૬૦૫૧ |
| ૨ | ચોખા | ૩૪૩૬ |
| ૩ | દાળ | ૫૨ |
| ૪ | ખાંડ | ૨૬૮ |
| ૫ | મીઠું | ૩૦૩ |
| ૬ | કેરોસીન | ૭૭૩ લી. |

(૨) ખેડાઃ-

| **અ.નં.** | **આવશ્યક ચીજવસ્તુ** | **જથ્થો કિ.ગ્રા./લી.** |
|---|---|---|
| ૧ | ઘઉં | ૪૨૮૪૧ |
| ૨ | ચોખા | ૨૦૪૦૮ |
| ૩ | દાળ | ૧૦૪૪ |
| ૪ | ખાદ્યતેલ | ૨૦૧ |
| ૫ | ખાંડ | ૩૦૪૩ |
| ૬ | કેરોસીન | ૩૩૧૨ લી. |
| ૭ | મીઠું | ૨૯૭૬ |

(૪) કેટલા પરવાના રદ કરવામાં આવ્યા?

(૪) (૧)આણંદઃ- ૧૭ (સત્તર)(૨)ખેડાઃ- ૪ (ચાર)

- - - - - - - - -

**પાટણ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા સહાય મેળવવા અરજીઓ**

૩૭૯૬૮ **શ્રી કીરીટકુમાર પટેલ**(પાટણ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવાની કેટલી અરજીઓ તાલુકાવાર સરકારને મળી,

(૧) પત્રક-૧ મુજબ.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ વર્ષવાર, તાલુકાવાર મંજૂર કરવામાં આવી અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી,

(૨) પત્રક-૨ મુજબ.

(૩) અરજીઓ નામંજૂર કરવાના શાં કારણો છે, અને

(૩) અરજીઓ નામંજૂર કરવાના કારણો નીચે મુજબ છે.

- મૃતક ઈફેક્ટીવ વેલીડ ડ્રાયવીન્ગ લાયસન્સ ધરાવતા ના હોવાથી.
- મૃત્યુનું કારણ અકસ્માત ન હોવાથી.
- કાયમી અપંગતાનું કારણ અકસ્માત ન હોવાથી.
- મૃતકની ઉંમર ૭૦ વર્ષ કરતાં વધુ હોવાથી.
- મૃતક ખાતેદાર ખેડૂતના પ્રથમ હયાત સંતાન ન હોવાથી.
- મૃતક નોંધાયેલ ખાતેદાર ખેડૂત/ખાતેદાર ખેડૂતના વારસદાર ન હોવાથી.

(૪) બાકીની અરજીઓ ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવનાર છે?

(૪) અરજદારશ્રીઓ દ્વારા વીમા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર તરફથી માંગવામાં આવેલ ખૂટતા સાધનીક કાગળોની યોગ્ય પૂર્તતા થયેથી વીમા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા સત્વરે મંજૂર કરવામાં આવશે.

**પત્રક-૧**

| તાલુકાનું નામ | અરજીઓની સંખ્યા |
|---|---|
| ચાણસ્મા | ૨૮ |
| પાટણ | ૨૯ |
| રાધનપુર | ૩૦ |
| શંખેશ્વર | ૧૧ |
| સમી | ૨૨ |
| સરસ્વતી | ૨૦ |
| સાંતલપુર | ૧૩ |
| સિધ્ધપુર | ૧૦ |
| હારીજ | ૨૭ |

**પત્રક-૨**

| તાલુકાનું નામ | મંજૂર અરજીઓની સંખ્યા | | નામંજૂર અરજીઓની સંખ્યા | |
|---|---|---|---|---|
| | સને ૨૦૧૯ | સને ૨૦૨૦ | સને ૨૦૧૯ | સને ૨૦૨૦ |
| ચાણસ્મા | ૦૯ | ૦૯ | ૦૪ | ૦૦ |
| પાટણ | ૧૩ | ૦૭ | ૦૧ | ૦૧ |
| રાધનપુર | ૧૨ | ૦૪ | ૦૪ | ૦૦ |
| શંખેશ્વર | ૦૬ | ૦૩ | ૦૧ | ૦૦ |
| સમી | ૧૧ | ૦૨ | ૦૧ | ૦૦ |
| સરસ્વતી | ૦૭ | ૦૪ | ૦૩ | ૦૦ |
| સાંતલપુર | ૦૭ | ૦૧ | ૦૧ | ૦૦ |
| સિધ્ધપુર | ૦૩ | ૦૩ | ૦૧ | ૦૦ |
| હારીજ | ૧૬ | ૦૪ | ૦૧ | ૦૦ |

**છોટા ઉદેપુર અને ડાંગ જિલ્લામાં કૃષિ રાહત પૅકેજ**

૩૫૩૮૯ **શ્રી સુખરામભાઈ રાઠવા**(જેતપુર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ખરીફ-૨૦૨૦ ઓગસ્ટ માસમાં થયેલ ભારે વરસાદથી થયેલ પાક નુકસાન અન્વયે કૃષિ રાહત પેકેજ

(૧) હા,જી.

જાહેર કરવામાં આવેલ છે  અન્વયે ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન હોય તેવા ખાતેદાર ખેડૂતને પ્રતિ હેક્ટર રૂ. ૧૦,૦૦૦ની સહાય ચૂકવવાની જોગવાઇ કરવામાં આવેલી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૧-૨૦૨૧ની સ્થિતિએ છોટા ઉદેપુર અને ડાંગ જિલ્લામાં અસરગ્રસ્ત ખાતેદાર ખેડૂતને રૂ.૧૦,૦૦૦ને બદલે રૂ.૬૮૦૦ ચૂકવવામાં આવ્યા છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) છોટા ઉદેપુર અને ડાંગ જિલ્લાનો કૃષિ રાહત પેકેજમાં સમાવેશ થયેલ નથી.

(૩) જો હા, તો તેના શા કારણો છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત તફાવતની રકમ અસરગ્રસ્ત ખાતેદાર ખેડૂતને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વડોદરા અને નર્મદા જિલ્લામાં બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદિલી**

૩૫૩૯૨ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એક્ટ અંતર્ગત પુરવઠો મેળવતા કેટલા બીપીએલ કાર્ડ ધારકોના કાર્ડ એપીએલ કાર્ડમાં તબદિલ કરવામાં આવ્યા અને કેટલા કાર્ડ રદ્દ કરવામાં આવ્યા ?

**જવાબ**

તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા અને નર્મદા જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એક્ટ અંતર્ગત પુરવઠો મેળવતા બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદીલ કરવા અંગેની તથા રદ કરવામાં આવેલ બીપીએલ કાર્ડની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | વર્ષ | બીપીએલ કાર્ડમાંથી એપીએલ કાર્ડમાં તબદીલ કરેલ રેશનકાર્ડની સંખ્યા | રદ કરવામાં આવેલ બીપીએલ રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|---|
| વડોદરા | ૨૦૧૯ | ૧૭૨ | ૧૧ |
| | ૨૦૨૦ | ૨૫૧ | ૩૧ |
| | **કુલ** | **૪૨૩** | **૪૨** |
| નર્મદા | ૨૦૧૯ | ૨ | ૬ |
| | ૨૦૨૦ | ૧૦૨ | ૧૬ |
| | **કુલ** | **૧૦૪** | **૨૨** |

---------

**જામનગર અને ભાવનગર જિલ્લામાં બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદિલી**

૩૫૩૨૭ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા**(કાલાવાડ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એક્ટ અંતર્ગત પુરવઠો મેળવતા કેટલા બીપીએલ કાર્ડ ધારકોના કાર્ડ એપીએલ કાર્ડમાં તબદીલ કરવામાં આવ્યા અને કેટલા કાર્ડ રદ્દ કરવામાં આવ્યા?

**જવાબ**

તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એક્ટ અંતર્ગત પુરવઠો મેળવતા બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદીલ કરવા અંગેની તથા રદ કરવામાં આવેલ બીપીએલ કાર્ડની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | વર્ષ | બીપીએલ કાર્ડમાંથી એપીએલ કાર્ડમાં તબદીલ કરેલ રેશનકાર્ડની સંખ્યા | રદ કરવામાં આવેલ બીપીએલ રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|---|
| જામનગર | ૨૦૧૯ | ૫૨ | ૧૪ |
| | ૨૦૨૦ | ૬૧ | ૧૭ |
| | **કુલ** | **૧૧૩** | **૩૧** |
| ભાવનગર | ૨૦૧૯ | ૭૩ | ૭૨ |
| | ૨૦૨૦ | ૫૬૧ | ૧૩૪ |

અતારાંકિત પ્રશ્નો

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદિલી**

૩૫૨૬૬ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એકટ અંતર્ગત પુરવઠો મેળવતા કેટલા બીપીએલ કાર્ડ ધારકોના કાર્ડ એપીએલ કાર્ડમાં તબદીલ કરવામાં આવ્યા અને કેટલા કાર્ડ રદ્ધ કરવામાં આવ્યા?

**જવાબ**

તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર એનએફએસએ એકટ અંતર્ગત પુરવઠો મેળવતા બીપીએલ કાર્ડધારકોને એપીએલ કાર્ડમાં તબદીલ કરવા અંગેની તથા રદ કરવામાં આવેલ બીપીએલ કાર્ડની વિગત નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | વર્ષ | બીપીએલ કાર્ડમાંથી એપીએલ કાર્ડમાં તબદીલ કરેલ રેશનકાર્ડની સંખ્યા | રદ કરવામાં આવેલ બીપીએલ રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|---|
| બનાસકાંઠા | ૨૦૧૯ | ૩૬ | ૫૦ |
| | ૨૦૨૦ | ૨૩૩ | ૫૫ |
| | **કુલ** | **૨૬૯** | **૧૦૫** |
| કચ્છ | ૨૦૧૯ | ૯૫ | ૮૭ |
| | ૨૦૨૦ | ૨૫૯ | ૬૩૧ |

**અમદાવાદ શહેર/જિલ્લામાં બીપીએલ કાર્ડધારકોને વસ્તુ વિતરણ**

૩૭૨૯૭ **શ્રી ઈમરાન ખેડાવાલા**(જમાલપુર-ખાડિયા) : **માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં બી.પી.એલ. કાર્ડધારકોને કઈ કઈ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત વસ્તુઓનું ક્યા ભાવે વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) અમદાવાદ શહેર/જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં-

- ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩'' હેઠળ અગ્રતા ધરાવતા કુટુંબોમાં સમાવિષ્ટ બી.પી.એલ. કાર્ડધારકોને ઘઉં, ચોખા અને કઠોળ (ચણા-ચણાદાળ)નું વિતરણ કરવામાં આવેલ છે.
- ''જાહેર વિતરણ વ્યવસ્થા'' હેઠળ તમામ બી.પી.એલ. કાર્ડધારકોને ખાંડ, આયોડાઈઝડ મીઠું, તેલનું વિતરણ કરવામાં આવેલ છે.
- કેરોસીનની પાત્રતા ધરાવતા બી.પી.એલ. (નોનગેસ કાર્ડ) કાર્ડધારકોને કેરોસીનનું વિતરણ કરવામાં આવેલ છે.
- કોરોના મહામારીના કારણે રાજ્ય સરકાર દ્વારા માહે એપ્રિલ-૨૦૨૦ થી જૂન-૨૦૨૦ દરમ્યાન તમામ બીપીએલ કાર્ડધારકોને ઘઉં, ચોખા, ખાંડ, મીઠું, ચણા/ચણાદાળનું વિતરણ કરવામાં આવેલ છે.
- ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' (PMGKAY) હેઠળ માહે એપ્રિલ-૨૦૨૦ થી નવેમ્બર-૨૦૨૦ દરમ્યાન તમામ બી.પી.એલ. કાર્ડધારકોને ઘઉં, ચોખા અને ચણાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) ખંડ-૧ માં જણાવેલ જુદી-જુદી યોજના દરમ્યાન નીચે મુજબના સમયગાળામાં વિતરણ કરાયેલ જણસીના ભાવ

| વિતરણનો સમયગાળો | જણસી | ભાવ પ્રતિ કિલો |
|---|---|---|
| ફેબ્રુઆરી-૨૦૧૯ થી | ઘઉં | રૂ.૨.૦૦ |

| | | |
|---|---|---|
| માર્ચ-૨૦૨૦ તથા જુલાઈ-૨૦૨૦ થી જાન્યુઆરી-૨૦૨૧ | ચોખા | રૂ.૩.૦૦ |
| | ચણાદાળ | રૂ.૪૨.૦૦ |
| | ખાંડ | રૂ.૨૨.૦૦ |
| | મીઠું | રૂ.૧.૦૦ |
| | કપાસીયા તેલ | રૂ.૫૦.૦૦ |
| | કેરોસીન | સ્થાનિક રીતે કલેક્ટરશ્રીએ નક્કી કરેલ રાહત દરે (જિલ્લા વાર ભાવનું પત્રક આ સાથે સામેલ છે.) |

- માહે એપ્રિલ-૨૦૨૦ થી જૂન-૨૦૨૦ દરમ્યાન ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩'' તથા જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ઘઉં, ચોખા, કઠોળ (ચણા/ચણાદાળ), ખાંડ, મીઠાનું વિનામૂલ્યે વિતરણ કરાયેલ હતું.
- ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' (PMGKAY) હેઠળ માહે એપ્રિલ-૨૦૨૦ થી નવેમ્બર-૨૦૨૦ દરમ્યાન ઘઉં, ચોખા અને ચણાનું વિનામૂલ્યે વિતરણ કરાયેલ હતું.

**પત્રક**

**તા.૩૧-૦૧-૨૦૨૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષના અમદાવાદ શહેર/જિલ્લામાં માસવાર કેરોસીનના ભાવ (રૂ.પ્રતિ લીટર)**

| અ.નં. | માસનું નામ | અમદાવાદ શહેર | | અમદાવાદ જિલ્લો | |
|---|---|---|---|---|---|
| | | લઘુત્તમ | મહત્તમ | લઘુત્તમ | મહત્તમ |
| ૧ | ફેબ્રુઆરી-૧૯ | ૩૦ | ૩૦.૩ | ૩૦ | ૩૦.૩ |
| ૨ | માર્ચ-૧૯ | ૩૦.૮ | ૩૧.૧ | ૩૦.૮૫ | ૩૧.૧૫ |
| ૩ | એપ્રિલ-૧૯ | ૩૧.૪ | ૩૧.૭ | ૩૧.૪ | ૩૧.૭ |
| ૪ | મે-૧૯ | ૩૧.૯ | ૩૨.૨ | ૩૧.૯ | ૩૨.૨ |
| ૫ | જૂન-૧૯ | ૩૨.૪ | ૩૨.૭ | ૩૨.૪૫ | ૩૨.૭ |
| ૬ | જુલાઈ-૧૯ | ૩૩ | ૩૩.૨ | ૩૨.૯૫ | ૩૩.૨૫ |
| ૭ | ઓગસ્ટ-૧૯ | ૩૩.૫ | ૩૩.૭ | ૩૩.૫ | ૩૩.૮ |
| ૮ | સપ્ટેમ્બર-૧૯ | ૩૪ | ૩૪.૩ | ૩૪ | ૩૪.૩ |
| ૯ | ઓક્ટોબર-૧૯ | ૩૪.૫ | ૩૪.૮ | ૩૪.૫૫ | ૩૪.૮ |
| ૧૦ | નવેમ્બર-૧૯ | ૩૫ | ૩૫.૩ | ૩૫.૦૫ | ૩૫.૩૫ |
| ૧૧ | ડિસેમ્બર-૧૯ | ૩૫.૬ | ૩૫.૮ | ૩૫.૬ | ૩૫.૯ |
| ૧૨ | જાન્યુઆરી-૨૦૨૦ | ૩૬.૧ | ૩૬.૩ | ૩૬.૧ | ૩૬.૪ |
| ૧૩ | ફેબ્રુઆરી- ૨૦૨૦ | ૩૬.૬ | ૩૬.૯ | ૩૬.૬૫ | ૩૬.૯૫ |
| ૧૪ | માર્ચ- ૨૦૨૦ | ૩૬.૬ | ૩૬.૬ | ૩૬.૬૫ | ૩૬.૭ |
| ૧૫ | એપ્રિલ- ૨૦૨૦ | ૨૬.૨ | ૨૬.૨ | ૨૬.૨૫ | ૨૬.૨૫ |
| ૧૬ | મે- ૨૦૨૦ | ૧૪.૫ | ૧૪.૫ | ૧૪.૫ | ૧૪.૫ |
| ૧૭ | જૂન-૨૦૨૦ | ૧૬ | ૧૬ | ૧૬ | ૧૬.૦૫ |
| ૧૮ | જુલાઈ-૨૦૨૦ | ૨૫.૨ | ૨૫.૨ | ૨૫.૨ | ૨૫.૨૫ |
| ૧૯ | ઓગસ્ટ- ૨૦૨૦ | ૨૭ | ૨૭ | ૨૭.૦૫ | ૨૭.૦૫ |
| ૨૦ | સપ્ટેમ્બર-૨૦૨૦ | ૨૬.૩ | ૨૬.૩ | ૨૬.૩૭ | ૨૬.૪ |
| ૨૧ | ઓક્ટોબર- ૨૦૨૦ | ૨૪.૧ | ૨૪.૧ | ૨૪.૧૭ | ૨૫.૨૬ |
| ૨૨ | નવેમ્બર- ૨૦૨૦ | ૨૫.૨ | ૨૫.૨ | ૨૫.૨૩ | ૨૫.૨૬ |
| ૨૩ | ડિસેમ્બર- ૨૦૨૦ | ૨૬.૭ | ૨૬.૭ | ૨૬.૭૮ | ૨૬.૮૧ |
| ૨૪ | જાન્યુઆરી-૨૦૨૧ | ૩૦.૬ | ૩૦.૬ | ૩૦.૬૫ | ૩૦.૬૭ |

## રાજકોટ અને પોરબંદર જિલ્લામાં વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા

૩૫૩૨૪ **શ્રી લલીત વસોયા** (ધોરાજી) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે | (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં |

વર્ષમાં રાજકોટ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર વાજબી ભાવની કેટલી દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

રાજકોટ જિલ્લામાં ૭૨૪ વાજબી ભાવની દુકાનો ઉપર અને પોરબંદર જિલ્લામાં ૪૭૨ વાજબી ભાવની દુકાનો ઉપર દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલી દુકાનોમાં ગેરરીતિ સામે આવી અને તેવા કેટલા દુકાનદારો સામે શું પગલાં ભરવામાં આવ્યા,

(૨)

(૧) રાજકોટ જિલ્લામાં ૧૭૬ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૬૬ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૩,૦૪,૩૭૦/- નો જથ્થો રાજ્યસાત
- રૂ. ૨,૬૮,૦૦૦/- પરવાના અનામત રાજ્યસાત
- રૂ. ૨૦,૦૦,૬૨૧/- નો દંડ
- ૨૭ (સત્યાવીસ) પરવાના મોકૂફ
- ૧૪ (ચૌદ) પરવાના રદ
- ૧૧૦ કેસ સુનાવણી હેઠળ

(૨) પોરબંદર જિલ્લામાં ૧૨૩ દુકાનોમાં ગેરરીતિ જોવા મળી અને ૧૨૩ દુકાનદારો સામે નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા.

- રૂ. ૨૭,૦૦૦ /- પરવાના અનામત રાજ્યસાત
- રૂ. ૪,૧૭,૩૫૨/- નો દંડ

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો, અને

(૩) જિલ્લાવાર નીચે મુજબનો પુરવઠો રાજ્યસાત કરવામાં આવ્યો

(૧) **રાજકોટ-**

| **અ.નં.** | **આવશ્યક ચીજવસ્તુ** | **જથ્થો કિ.ગ્રા./લી.** |
|---|---|---|
| ૧ | ઘઉં | ૪૩૪૬૫ |
| ૨ | ચોખા | ૧૭૫૨૫ |
| ૩ | દાળ | ૯૧૩ |
| ૪ | ખાંડ | ૩૦૧૦ |
| ૫ | કેરોસીન | ૧૫૬૯ |
| ૬ | મીઠું | ૯૨૩ |
| ૭ | ખાદ્યતેલ | ૧૮૦ |

(૨) **પોરબંદર-** શૂન્ય

(૪) કેટલા પરવાના રદ કરવામાં આવ્યા?

(૪) (૧) રાજકોટ- ૧૪ (૨) પોરબંદર - શૂન્ય

- - - - - - - - -

## ગુજરાત લલીત કલા અકાદમીનું મંજૂર મહેકમ

૩૫૨૯૮ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના તાબા હેઠળની ગુજરાત લલીત કલા અકાદમીનું સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨)તે પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરેલી અને ખાલી છે,

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ફીકસ પગાર/કરાર આધારિત/આઉટસોર્સીંગથી ભરાયેલ છે, અને

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) પત્રક-અ મુજબ.

(૪) વહીવટી અનુકૂળતા થયેથી.

તા. ૧૯મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**પત્રક-અ**

| ક્રમ | સંવર્ગનું નામ | વર્ગ | મંજૂર મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા | ભરાયેલ જગ્યાઓ પૈકી | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | ફીક્સ પગારથી ભરાયેલ | કરાર આધારીત ભરાયેલ | આઉટસોર્સીંગથી ભરાયેલ |
| ૧ | સચિવ | ૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | ઈન્ચાર્જ આર્ટ ગેલેરી | ૩ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | ગેલેરી આસિસ્ટન્ટ | ૩ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | સિનિયર કલાર્ક | ૩ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | જુનીયર કલાર્ક | ૩ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ |
| ૬ | પટાવાળા | ૪ | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૭ | ચોકીદાર | ૪ | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ |
| | **કુલ** | | **૧૨** | **૦૭** | **૦૫** | **૦૨** | **૦૦** | **૦૩** |

- - - - - - - - -

**કચ્છ જિલ્લાની બજાર સમિતિને કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ**

૩૬૧૨૮ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાની ભુજ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૧૨.૫૮/- લાખ. |
| (૨)ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી છે? | (૨) રૂ.૧૨.૫૮/- લાખ. |

**તાપી અને નવસારી જિલ્લામાં કૃષિ રાહત પેકેજ**

૩૫૪૦૬ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખરીફ-૨૦૨૦ ઓગસ્ટ માસમાં થયેલ ભારે વરસાદથી થયેલ પાક નુકસાન અન્વયે કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવેલ છે જે અન્વયે ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન હોય તેવા ખાતેદાર ખેડૂતને પ્રતિ હેકટર રૂ.૧૦,૦૦૦ ની સહાય ચૂકવવાની જોગવાઈ કરવામાં આવેલી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ તાપી અને નવસારી જિલ્લામાં અસરગ્રસ્ત ખાતેદાર ખેડૂતને રૂ.૧૦,૦૦૦ ને બદલે રૂ.૬૮૦૦ ચૂકવવામાં આવ્યા છે તે હકીકતથી સરકાર વાકેફ છે, | (૨) તાપી જિલ્લાનો કૃષિ રાહત પેકેજમાં સમાવેશ થયેલ નથી. જ્યારે કૃષિ રાહત પેકેજ અંતર્ગત તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ નવસારી જિલ્લામાં મંજૂર થયેલ ચૂકવવાપાત્ર ખેડૂતોની અરજીઓને જોગવાઈ અનુસાર મહત્તમ બે હેકટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર રૂ.૧૦,૦૦૦/- ની સહાય મંજૂર કરેલ છે અને તે મુજબ ચૂકવવામાં પણ આવેલ છે. જેથી રૂ.૧૦,૦૦૦ ને બદલે રૂ.૬૮૦૦ ચૂકવવામાં આવ્યા છે તે હકીકત સાચી નથી. |
| (૩) જો હા, તો તેના શા કારણો છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત તફાવતની રકમ અસરગ્રસ્ત ખાતેદાર ખેડૂતને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

**ગાંધીનગર અને સુરત જિલ્લામાં કૃષિ રાહત પેકેજ**

૩૫૨૯૫ **ડૉ. સી.જે.ચાવડા**(ગાંધીનગર ઉત્તર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખરીફ-૨૦૨૦ ઓગસ્ટ માસમાં થયેલ ભારે વરસાદથી થયેલ પાક નુકસાન અન્વયે કૃષિ રાહત પેકેજ જાહેર | (૧) હા, જી. |

કરવામાં આવેલ છે જે અન્વયે ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન હોય તેવા ખાતેદાર ખેડૂતને પ્રતિ હેક્ટર રૂ.૧૦,૦૦૦ ની સહાય ચૂકવવાની જોગવાઈ કરવામાં આવેલી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ ગાંધીનગર અને સુરત જિલ્લામાં અસરગ્રસ્ત ખાતેદાર ખેડૂતને રૂ.૧૦,૦૦૦ ને બદલે રૂ.૬૮૦૦ ચૂકવવામાં આવ્યા છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) ગાંધીનગર જિલ્લાનો કૃષિ રાહત પેકેજમાં સમાવેશ થયેલ નથી.

કૃષિ રાહત પેકેજ અંતર્ગત તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ સુરત જિલ્લામાં મંજૂર થયેલ ચૂકવવાપાત્ર ખેડૂતોની અરજીઓને જોગવાઈ અનુસાર મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં પ્રતિ હેક્ટર રૂ.૧૦,૦૦૦/- ની સહાય મંજૂર કરેલ છે જે પૈકી રૂ.૬૮૦૦ પ્રતિ હેક્ટર SDRF બજેટ હેડ અને રૂ.૩૨૦૦ પ્રતિ હેક્ટર રાજ્ય બજેટ હેડ એમ બે અલગ અલગ બજેટ હેડમાંથી ચૂકવવામાં આવી રહી છે.

(૩) જો હા, તો તેના શા કારણો છે, અને

(૩) ઉક્ત મંજૂર કરેલ રૂ.૧૦,૦૦૦/- પ્રતિ હેક્ટર સહાય પૈકી SDRF બજેટ હેડ રૂ.૬૮૦૦ પ્રતિ હેક્ટર અને રાજ્ય બજેટ હેડ હેઠળ રૂ.૩૨૦૦ પ્રતિ હેક્ટર મુજબ SDRF અને રાજ્ય બજેટ બંને સદરમાંથી અલગ-અલગ બિલ બનાવી સહાય ચૂકવવામાં આવે છે. ઉક્ત પ્રક્રિયા ઓનલાઈન હોઈ સહાયની રકમ લાભાર્થીના ખાતામાં અલગ-અલગ સમયે જમા થવાની શક્યતા રહેતી હોઈ તફાવત આવી શકે છે. જ્યારે ગાંધીનગર જિલ્લામાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ઉક્ત તફાવતની રકમ અસરગ્રસ્ત ખાતેદાર ખેડૂતને ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ?

(૪) સુરત જિલ્લામાં શક્ય તેટલા વહેલા ચૂકવવામાં આવશે. જ્યારે ગાંધીનગર જિલ્લામાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## અમરેલી જિલ્લામાં તૈયાર પાકને થયેલ નુકસાની પેટે વીમાની ચૂકવણી

૩૫૩૫૪ **શ્રી અંબરીષભાઇ ડેર**(રાજુલા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વર્ષ ૨૦૧૯માં તૈયાર પાકને થયેલ નુકસાની પેટે અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમની વીમાની રકમ જાહેર કરવામાં આવેલ,

(૧) વર્ષ ૨૦૧૯માં તૈયાર પાકને થયેલ નુકસાની પેટે અમરેલી જિલ્લામાં વીમા કંપની મુજબ ચૂકવવાપાત્ર દાવાની વિગત પત્રક-૧ મુજબ છે.

**પત્રક-૧**

| તાલુકાનું નામ | ખેડૂતોની સંખ્યા | દાવાની રકમ (રૂપિયામાં) |
|---|---|---|
| કુંકાવાવ વડિયા | ૧૩ | ૧,૬૮,૫૨૯ |
| ખાંભા | ૬૯૭ | ૨,૬૬,૭૨,૫૦૭ |
| જાફરાબાદ | ૭૨૧ | ૩,૦૪,૮૬,૧૫૩ |
| ધારી | ૧૨૬ | ૬૩,૧૦,૬૨૪ |
| બગસરા | ૪ | ૧,૦૭,૦૯૪ |
| બાબરા | ૨ | ૨૯,૫૦૦ |
| રાજુલા | ૧,૧૩૬ | ૩,૩૮,૮૫,૨૨૯ |
| સાવરકુંડલા | ૧૧૪ | ૧૧,૧૫,૫૪૯ |
| અમરેલી | ૦ | ૦ |
| લાઠી | ૦ | ૦ |
| લીલીયા | ૦ | ૦ |

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી વીમાની રકમ ચૂકવવામાં આવી,

(૨) શૂન્ય

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ ચૂકવવાની બાકી છે, તેના કારણો શાં છે, અને

(૩) વિગત પત્રક-૨ મુજબ છે. જે વહીવટી કારણોસર બાકી રહેલ છે.

**પત્રક-૨**

| તાલુકાનું નામ | ખેડૂતોની સંખ્યા | દાવાની રકમ (રૂપિયામાં) |
|---|---|---|
| કુંકાવાવ વડિયા | ૧૩ | ૧,૬૮,૫૨૯ |

| | | |
|---|---|---|
| ખાંભા | ૬૯૭ | ૨,૬૬,૭૨,૫૦૭ |
| જાફરાબાદ | ૭૨૧ | ૩,૦૪,૮૬,૧૫૩ |
| ધારી | ૧૨૬ | ૬૩,૧૦,૬૨૪ |
| બગસરા | ૪ | ૧,૦૭,૦૯૪ |
| બાબરા | ૨ | ૨૯,૫૦૦ |
| રાજુલા | ૧,૧૩૬ | ૩,૩૮,૮૫,૨૨૯ |
| સાવરકુંડલા | ૧૧૪ | ૧૧,૧૫,૫૪૯ |
| અમરેલી | ૦ | ૦ |
| લાઠી | ૦ | ૦ |
| લીલીયા | ૦ | ૦ |

(૪) ઉક્ત બાકી રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

(૪) ઉક્ત બાકી દાવાઓની રકમ વહીવટી કારણોનો ઉકેલ આવ્યેથી શક્ય તેટલા વહેલા ચૂકવવામાં આવશે.

- - - - - - - - -

**પોઈન્ટ ઓફ ઓર્ડર**

**સભાગૃહમાં મોબાઈલ વાપરવા અંગે**

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઊના) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગૃહની કાયમી પ્રણાલિકા રહી છે કે ગૃહમાં મોબાઈલ ફોનનો આપણે ઉપયોગ કરી શકતાં નથી. (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : એ આપની વાત સાચી છે પણ આપની જાણકારી માટે કહું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : મને વાત તો કરવા દો સાહેબ.

અધ્યક્ષશ્રી : અરે, પણ મારી વાત સાંભળી લેશો તો બધો જવાબ પણ આવી જશે. ક્લીયર થઈ જશે. તમે પણ વાપરી શકશો. એટલા માટે આ કોરોનાકાળમાં ઘણી બધી તકલીફો છે. દા.ત., તમારાથી અંદર લાવીને પાણી ન પીવાય. ઘણા લાવે છે અને પીવે છે. મને એનો એટલા માટે વાંધો નથી કે આ તકલીફના સમયમાં ઘણી બધી છૂટછાટ છે. એમાં આ મોબાઈલ પણ એક છૂટછાટ છે. સિવાય કે તમે મોટેથી વાતો કરતાં હોય, રિંગ વાગે અને સભાગૃહ ડિસ્ટર્બ ન થાય.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, અમને વાંધો નથી. ઓ.કે.

અધ્યક્ષશ્રી : થેન્ક યુ. ઘણું બધું એવું... (અંતરાય)

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડના અહેવાલો

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (રાજ્યકક્ષાના કૃષિ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડના સન ૨૦૧૮-૧૯ અને સન ૨૦૧૯-૨૦ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ સન ૨૦૧૮-૧૯ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ, સરકારની સમીક્ષા તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો અહેવાલ

**શ્રી વાસણભાઇ ગો. આહિર (રાજ્યકક્ષાના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૬-૧૭નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ, સરકારની સમીક્ષા તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો અહેવાલ

**શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા ( રાજ્યકક્ષાના કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

ફાલ્ગુન ૨૮, ૧૯૪૨ શાકે

અતારાંકિત પ્રશ્નો

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ, સરકારની સમીક્ષા તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડનો અહેવાલ

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારી સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો,ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડનો અહેવાલ

**શ્રી સૌરભ પટેલ ( ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનલરની ટિપ્પણ તેમજ સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અહેવાલો

**શ્રી વાસણભાઇ ગો. આહિર (રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના સન ૨૦૧૮-૧૯ અને સન ૨૦૧૯-૨૦ના વાર્ષિક અહેવાલો તેમજ સન ૨૦૧૮-૧૯ના વાર્ષિક અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલો તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો વાર્ષિક વહીવટી અહેવાલ

**શ્રી વાસણભાઇ ગો. આહિર ( રાજ્યકક્ષાના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો**

ગુજરાત રાજ્ય મહિલા આયોગનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક વહીવટી અહેવાલ

**શ્રીમતી વિભાવરી દવે ( રાજ્યકક્ષાના મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય મહિલા આયોગનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૧૮-૧૯નો અહેવાલ

**શ્રી રમણભાઇ ના. પાટકર ( રાજ્યકક્ષાના આદિજાતિ વિકાસ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીના અહેવાલ

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટીના સન ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ના વાર્ષિક હિસાબો તથા ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો વાર્ષિક હિસાબ અને તપાસણી અહેવાલ

**શ્રી સૌરભ પટેલ ( ઉદ્યોગ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક હિસાબ અને તપાસણી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબ, તપાસણી અહેવાલ તેમજ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)**

સામાન્ય વહીવટ વિભાગ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

**સામાન્ય વહીવટ વિભાગ**

**માગણી ક્રમાંક- ૩૦**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રી પરિષદ સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૫,૩૫,૮૬,૦૦૦ /-ની માગણી ક્રમાંક- ૩૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૩૦ રજૂ કરવામાં આવી.**

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરવામાં આવી.

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરવામાં આવી.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક- ૩૧**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું ચૂંટણી સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૫૧,૬૪,૧૦,૦૦૦ /-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૧,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૩૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૩૧ રજૂ કરવામાં આવી.**

શ્રી ભરતજી સો. ઠાકોર :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક- ૩૩**

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગ સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૨૪,૧૫,૨૭,૦૦૦ /-ની માગણી ક્રમાંક- ૩૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૩૩ રજૂ કરવામાં આવી.**

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૮ રજૂ કરવામાં આવી.**

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૯ રજૂ કરવામાં આવી.**

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.**

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનમભાઇ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.**

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૩ રજૂ કરવામાં આવી.**

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**માગણી નંબર-૬૬**

શ્રી નીતિનભાઇ ર. પટેલ :(નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રીશ્રી): હું સિંચાઇ અને ભૂમિ સંરક્ષણને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૧,૯૩,૬૮,૪૯,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૪૭,૩૭,૮૯,૯૬,૦૦૦ ની માગણી ક્રમાંક-૬૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૬૬ રજૂ કરવામાં આવી.**

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવી.**

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.**

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૭ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવી.**

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરવામાં આવી.**

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦ રજૂ કરવામાં આવી.**

શ્રી ઈન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ રજૂ કરવામાં આવી.**

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૩ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૪ રજૂ કરવામાં આવી.**

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૫ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તિભાઇ શા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૬ રજૂ કરવામાં આવી.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

**માગણી નંબર-૧૦૧**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (શહેરી વિકાસનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રી): માનનીય અધ્યક્ષશ્રી, શહેરી આવાસની સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૭,૪૩,૪૯,૦૬,૦૦૦ની માગણી ક્રમાંક-૧૦૧ રજૂ કરું છું.

તા. ૧૯મી માર્ચ ૨૦૨૧

માગણીઓ પર ચર્ચા અને મતદાન(ચોથો દિવસ)

**માગણી ક્રમાંક-૧૦૧ રજૂ કરવામાં આવી.**

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરવામાં આવી.**

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરવામાં આવી.**

શ્રી રઘુભાઇ મે. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૨ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૩ રજૂ કરવામાં આવી.**

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરું છું.

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ**

**માગણી નંબર-૧૦૨**

શ્રી નીતિનભાઇ ર. પટેલ (શહેરી વિકાસનો હવાલો ધરાવતા નાયબ મુખ્યમંત્રી): માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસની સેવાને લગતી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૯૬,૫૬,૩૨,૩૧,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂ.૬,૬૮,૯૧,૨૫,૦૦૦ની માગણી ક્રમાંક-૧૦૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૧૦૨ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરવામાં આવી.**

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૭ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૯ રજૂ કરવામાં આવી.**

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૨ રજૂ કરવામાં આવી.**

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૩ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૫ રજૂ કરવામાં આવી.**

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૬ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્તોની એકત્રિત યાદી**

| **અ.નં.** | **મુખ્ય સદર અને સંદર્ભ** | **કાપ દરખાસ્ત રૂ.** | **વિષય** | **પ્રભારી સભ્યશ્રી** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| | | | **સામાન્ય વહીવટ વિભાગ**<br>**માગણી નં. ૩૦** | |
| ૧ | ૨૦૧૩-મંત્રીપરિષદ<br>૧૦૧- મંત્રી....પગાર<br>૦૧- મંત્રી...સચિવો<br>રૂ. ૫,૩૫,૮૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૯, | ૧૦૦ | મંત્રી પરિષદ દ્વારા વિકાસના કામો માટે થયેલ જાહેરાતોનું અમલીકરણ સમય મર્યાદામાં પૂર્ણ થાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કાંતિભાઇ સોઢાપરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| | પાનાનં. ૨૦ | | | |
| ૨ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામીણ જનતા સહિતની આમજનતાને સ્પર્શતા પાયાના પ્રશ્નોને પ્રથમ પસંદગી આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| ૩ | _ _ " _ _ | ૧૦૦ | મંત્રી પરિષદ દ્વારા વારંવાર નિયમો અને કરેલી જાહેરાતોમાં ફેરફાર થાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| ૪ | _ _ " _ _ | ૧૦૦ | કેન્દ્ર સરકાર સમક્ષ રાજ્યના પડતર પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવા જરૂરી સંકલન ઉભું કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિરજીભાઇ ઠુમ્મર |
| ૫ | _ _ " _ _ | ૧૦૦ | મંત્રી પરિષદ દ્વારા પ્રજાના ગંભીર પ્રશ્નોનો તાત્કાલિક નિકાલ થાય તે માટે જરૂરી પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ચંદનજી ઠાકોર |
| ૬ | _ _ " _ _ | ૧૦૦ | મંત્રી પરિષદમાં ધારાસભ્યોએ કરેલ રજૂઆતોનો વિભાગ દ્વારા સમયસર અમલ કરાવવા સંદર્ભે કરેલ કાર્યવાહીનું મોનીટરીંગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભગાભાઈ બારડ |
| | | **માગણી નં. ૩૧** | | |
| *૭ | ૨૦૧૫-ચૂંટણી<br>૧૦૧- ચૂંટણી પંચ<br>રૂ. ૧૧,૧૦,૬૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પાના નં. ૨૪ | ૧૦૦ | ચૂંટણીની સમગ્ર પ્રક્રિયા દરમિયાન થયેલ ફરિયાદોનો ચૂંટણીના પરિણામો બાદ સત્વરે ઉકેલ લાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| ૮ | _ _ " _ _ | ૧૦૦ | ચૂંટણી વખતે ફરજ બજાવતા કર્મચારીઓને ફરજના સ્થળે પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં તેમજ મળવાપાત્ર ભથ્થા સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભરતજી ઠાકોર |
| ૯ | ૨૦૧૫-ચૂંટણી<br>૧૦૧- ચૂંટણી પંચ<br>રૂ. ૧૧,૧૦,૬૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પાના નં. ૨૪ | ૧૦૦ | મતદારો મતદાર યાદીમાં નવા નામ નોંધાવે કે નામ-સરનામામાં ફેરફાર કરાવે તેવી સઘળી કાર્યવાહીની તેઓને સત્વરે જાણ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૧૦ | _ _ " _ _ | ૧૦૦ | ચૂંટણી સમયે જે તે વિસ્તારના મતદારોને તેઓના રહેણાકથી નજીકના બૂથો પર મતદાનની વ્યવસ્થા થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૧૧ | _ _ " _ _ | ૧૦૦ | આમજનતાની સરખામણીએ ચૂંટણીઓના ઉમેદવારો દ્વારા ખરીદાતી વિવિધ ચીજવસ્તુઓના ભાવ બજાર કિંમત કરતા ખૂબ જ ઓછા રખાય છે તેનો સર્વે કરી વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઈ પણદા |
| ૧૨ | _ _ " _ _ | ૧૦૦ | ચૂંટણી દરમિયાન મંડપો-ટેબલો વગેરે જેવી સુવિધાઓ પુરી પાડતા કોન્ટ્રાકટરોને સમયસર બિલોની ચૂકવણી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગભાઈ કાલરીયા |
| ૧૩ | _ _ " _ _ | ૧૦૦ | ચૂંટણી પંચના નિવૃત્ત અધિકારીઓને પુન:નિમણૂક આપવાને બદલેભરતીની વિવિધ પ્રક્રિયા દ્વારા નિયમિત નિમણૂકો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| ૧૪ | ૨૦૧૫- ચૂંટણી<br>૧૦૨- ચૂંટણી અધિકારીઓ<br>રૂ. ૬૬,૨૯,૯૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પાના નં. ૨૫ | ૧૦૦ | ચૂંટણી પંચ દ્વારા અપાયેલ ચૂંટણી સ્લીપો ચૂંટણી અધિકારીઓ દ્વારા માન્ય ન રાખવા અંગે થયેલ ફરિયાદો સંદર્ભે યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી બાબુભાઈ વાજા |

| | | | | |
|---|---|---|---|---|
| **માગણી નં. ૩૩** | | | | |
| *૧૫ | ૨૦૧૪-ન્યાયતંત્રનોવહીવટ<br>૧૧૬- રાજ્ય....ટ્રિબ્યુનલ<br>૩૨,૦૫,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પાનાનં. ૨૨ | ૧૦૦ | રાજ્ય વહીવટી ટ્રીબ્યુનલમાં કેસોનો સત્વરે નિકાલ કરાવી ટ્રીબ્યુનલના વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભીખાભાઈ જોષી |
| ૧૬ | ૨૦૫૨-સચિવાલય..સેવાઓ<br>૦૯૦- સચિવાલય<br>રૂ. ૭૪,૭૩,૩૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૯<br>પાના નં. ૩૬ થી ૩૮ | ૧૦૦ | સરકારી અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા દર વર્ષે તેઓની સંપત્તિની માહિતી જાહેર કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કનુભાઇ બારૈયા |
| *૧૭ | __"__ | ૧૦૦ | બેનામી મિલકતો ધરાવતા અધિકારીઓ પકડાયા બાદ તેઓ સામે શિક્ષાત્મક પગલા લેવામાં થતો વિલંબ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત |
| ૧૮ | __"__ | ૧૦૦ | અતિ પછાત તાલુકાઓને દર વર્ષે કરોડો રૂપિયાની ગ્રાંટ ફળવાતી હોવાં છતા પછાતપણુ દૂર કરવામાં અને તે અંગે શ્વેતપત્ર બહાર પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેશકુમાર ગોહિલ |
| ૧૯ | __"__ | ૧૦૦ | સરકારી ભરતીઓમાં થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુખરામભાઈ રાઠવા |
| ૨૦ | __"__ | ૧૦૦ | ગેરરીતિ આચરનાર ઉચ્ચ અધિકારીઓ સામે એ.સી.બી. દ્વારા તપાસ હાથ ધરવાની મંજૂરી આપવા તથા આ તપાસ માટે અડચણરૂપ જવાબદાર અધિકારીઓ સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઈ વંશ |
| ૨૧ | __"__ | ૧૦૦ | વિભાગ દ્વારા બહાર પડાતા પરિપત્રોનો અન્ય વિભાગો કડકપણે અમલ કરે તેવી કાર્યવાહી કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી સુનિલભાઈ ગામીત |
| ૨૨ | __"__ | ૧૦૦ | સેન્ટ્રલ રજીસ્ટ્રી મારફતે ટપાલો મોકલવાનો પરિપત્ર હોવા છતા મંત્રીશ્રીઓના કાર્યાલય તેમજ વિભાગો દ્વારા વિરોધપક્ષના નેતાને પોસ્ટ દ્વારા ટપાલો મોકલાય છે તે નિવારવા તેમજ તે માટે જવાબદારો સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનમભાઈ પરમાર |
| ૨૩ | __"__ | ૧૦૦ | જે તે જિલ્લાના સરકારી કાર્યક્રમોમાં વિપક્ષના ધારાસભ્યોશ્રીઓને આમંત્રણ અપાતા નથી તે માટે જવાબદાર જિલ્લા અધિકારીઓ સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અંબરીષભાઈ ડેર |
| **નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**<br>**માગણી નં. ૬૬** | | | | |
| ૨૪ | ૨૭૦૧- મધ્યમ સિંચાઈ<br>૮૦- સામાન્ય<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૮૪,૩૪,૫૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮(ભાગ- ૧)<br>પાનાનં. ૬૬ થી ૭૭ | ૧૦૦ | સિંચાઈની સુવિધા વિહોણા વિસ્તારોને સિંચાઈની સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શીવાભાઈ ભુરીયા |
| ૨૫ | __"__ | ૧૦૦ | કેનાલ અને નહેરોની મરામત કામગીરી સમયસર ન થતાં પાણીનો વ્યાપક બગાડ થતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઋત્વિકભાઈ મકવાણા |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬ | _ _ " _ _ | ૧૦૦ | સૌરાષ્ટ્રમાં સિંચાઈની સુવિધાઓમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઈ મુસડીયા |
| ૨૭ | _ _ " _ _ | ૧૦૦ | સિંચાઈ યોજનાના નકશાના અંદાજો સમયસર તૈયાર ન થતા વિલંબમાં પડેલ કામોના ખર્ચાઓ વધી જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| ૨૮ | ૨૭૦૨- નાની સિંચાઈ<br>૮૦- સામાન્ય<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૭૧,૩૮,૦૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮(ભાગ- ૧)<br>પાના નં. ૯૧ થી ૯૫ | ૧૦૦ | અધિકારીઓની બેદરકારી અને અયોગ્ય વહીવટના કારણે લાંબા સમયથી તૈયાર કેનાલોમાં પાણી છોડવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. અનિલ જોષિયારા |
| ૨૯ | _ _ " _ _ | ૧૦૦ | કેનાલોની નિયમિત ચકાસણીનાં અભાવે વારંવાર તૂટતી કેનાલોથી પાણીનો બગાડ થાય છે અને ખેડૂતોના ઉભા પાકને નુકસાન થાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીકીરીટકુમાર પટેલ |
| ૩૦ | ૨૭૦૨- નાની સિંચાઈ<br>૮૦- સામાન્ય<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૭૧,૩૮,૦૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮(ભાગ- ૧)<br>પાના નં. ૯૧ થી ૯૫ | ૧૦૦ | જળસંચય યોજના અંતર્ગત કરોડો રૂપિયા ફાળવવા છતાં પાણીનો સંગ્રહ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૩૧ | _ _ " _ _ | ૧૦૦ | સિંચાઈ માટે કેનાલોમાં સમયસર પાણી છોડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર |
| ૩૨ | _ _ " _ _ | ૧૦૦ | નળકાંઠા વિસ્તારોમાં લાંબા સમયથી તૈયાર થયેલ માઈનોર કેનાલોમાં સિંચાઈ માટે પાણી આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાખાભાઈ ભરવાડ |
| ૩૩ | ૨૭૧૧-પૂર...નિકાલ<br>૦૧-પૂર નિયંત્રણ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૪૯,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮(ભાગ-૧)<br>પાના નં. ૧૦૨ | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારોમાં ભારે વરસાદ અને પૂરના કારણે લાંબા સમય સુધી ભરાઈ રહેતા પાણીનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ |
| ૩૪ | _ _ " _ _ | ૧૦૦ | ભારે વરસાદના કારણે ડેમોમાંથી અચાનક પાણી છોડાતાં કાંઠાના અનેક વિસ્તારો ડૂબી ન જાય અને ભારે નુકસાન ન થાય તે માટે આગોતરું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા (શ્રી પ્રેમસિંહભાઈ વસાવા) |
| ૩૫ | _ _ " _ _ | ૧૦૦ | પૂર નિયંત્રણની કામગીરી સમયસર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |
| ૩૬ | _ _ " _ _ | ૧૦૦ | પૂરના પાણીથી નુકસાન થયું હોય તેવા ગામોની યાદીઓ તૈયાર કરી સમયસર સહાય ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તિભાઈ પરમાર |
| | | **શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**<br>**માગણી નં. ૧૦૧** | | |
| ૩૭ | ૨૨૧૬- આવાસન<br>૦૨- શહેરી ગૃહ નિર્માણ<br>૧૦૩- ગૃહ નિર્માણ....<br>સહાય<br>રૂ. ૨૩,૭૭,૨૮,૦૦૦ | ૧૦૦ | ગૃહ નિર્માણ બોર્ડની મોટાભાગની ઉચ્ચ ખાલી જગ્યાઓ ચાર્જમાં ચાલતી હોવાથી વહીવટી કામગીરી ઉપર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હિંમતસિંહ પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં.૨૬<br>પાના નં. ૧૮ અને ૧૯ | | | |
| *૩૮ | _ _ " _ _ | ૧૦૦ | ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા વાર્ષિક નવા આવાસોના બાંધકામની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| *૩૯ | ૨૨૧૬-આવાસન<br>૮૦- સામાન્ય<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૩૪૫,૭૮,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પાનાનં. ૨૯ અને ૩૦ | ૧૦૦ | ગુજરાત હાઉસીંગ બોર્ડની નબળી કામગીરીને કારણે નવા આવાસોનું બાંધકામ સમયસર પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાળાભાઈ ડાભી |
| ૪૦ | _ _ " _ _ | ૧૦૦ | હાઉસીંગ બોર્ડની પાણીની જર્જરિત જૂની ટાંકીઓને નવી બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનલાલ વાળા |
| ૪૧ | _ _ " _ _ | ૧૦૦ | ગુજરાત હાઉસીંગ બોર્ડની ખુલ્લી જગ્યાઓમાં અસામાજિક તત્વોએ ઉભા કરેલ ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઈ ચૌધરી |
| ૪૨ | ૨૨૧૬-આવાસન<br>૮૦- સામાન્ય<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૩૪૫,૭૮,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પાનાનં. ૨૯ અને ૩૦ | ૧૦૦ | ગુણવત્તાની ચકાસણી વિના બાંધવામાં આવેલ ગરીબોના આવાસોને થોડાજ સમયમાં જર્જરિત થતાં અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રઘુભાઈ દેસાઈ |
| ૪૩ | _ _ " _ _ | ૧૦૦ | ગરીબો માટે બાંધવામાં આવેલ આવાસોમાં જરૂરી પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| | | **માગણી નં.૧૦૨** | | |
| ૪૪ | ૨૨૧૫- પાણી...સ્વચ્છતા<br>૦૨- ગટર...સ્વચ્છતા<br>૧૦૫- સફાઈ સેવા<br>રૂ. ૭૦,૫૯,૪૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬<br>પાના ન. ૧૬ | ૧૦૦ | મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન હેઠળ શહેરી વિસ્તારોની સરખામણીમાં ગ્રામ્ય વિસ્તારોમાં સહાય ઓછી અપાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીત વસોયા |
| ૪૫ | _ _ " _ _ | ૧૦૦ | સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ કામદારોના આરોગ્યને સીધું નુકસાન થતું અટકાવવા માટે હાથના મોજા આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઈ ખરાડી |
| ૪૬ | ૨૨૧૭- શહેરી વિકાસ<br>૦૩- નાના....વિકાસ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂ.૧,૨૮,૧૪,૨૮,૦૦૦<br>અં.પ્ર. નં. ૨૬<br>પાના નં. ૩૩ થી ૩૮ | ૧૦૦ | આગના બનાવ વખતે જે-તે ગામોમાં ફાયર સ્ટેશન / ફાયર ફાઈટર સંબંધિત સુવિધાઓના અભાવે સમયસર આગ ઉપર કાબુ મેળવાતો નથી અને નુકશાની વધે છે તે નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પુનાભાઈ ગામીત |
| ૪૭ | _ _ " _ _ | ૧૦૦ | ટી.પી. સ્કીમ મંજૂર થયા બાદ ટી.પી.ના નિયમ અનુસાર આપવામાં આવતી સુવિધાઓની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી (ડો. સી. જે. ચાવડા) |
| *૪૮ | _ _ " _ _ | ૧૦૦ | ફાયર ડિવિઝનમાં ઓપરેશનલ ફોર્સ ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિક્રમભાઈ માડમ |
| ૪૯ | ૨૨૧૭- શહેરી વિકાસ<br>૦૩- નાના....વિકાસ<br>૧૯૦- જાહેર....સહાય | ૧૦૦ | મેટ્રો રેલ પ્રોજેક્ટ હેઠળ થતા કામોના કારણે વારંવાર તુટી જતાં અને સાંકડા થઈ જતા રસ્તાઓને કારણે આમ જનતાને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની | શ્રી ઈમરાન ખેડાવાલા |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ. ૬૫,૫૨,૦૦,૦૦૦<br>અં.પ્ર. નં. ૨૬<br>પાના નં. ૩૯ થી ૪૧ | | નિષ્ફળતા. | |
| *૫૦ | ૨૨૧૭- શહેરી વિકાસ<br>૦૩- નાના... વિકાસ<br>૧૯૧-મહાનગરપાલિકાને સહાય<br>રૂ. ૩૧,૬૨,૦૦,૦૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬<br>પાના નં. ૪૨ થી ૪૫ | ૧૦૦ | મહાનગરપાલિકાઓને વિકાસના કામો માટે અપાતી સહાયની રકમમાં થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઈ પટેલ |
| *૫૧ | _ _ " _ _ | ૧૦૦ | અમદાવાદના શાહપુર-દરીયાપુર-કાલુપુર-સાબરમતી વિસ્તારોમાં પુરતા પ્રેસરથી પાણી આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીગ્યાસુદ્દીન શેખ |
| ૫૨ | _ _ " _ _ | ૧૦૦ | પીવાના પાણી માટે અપાતી સહાયનો ઉપયોગ અન્ય કામોમાં થતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ |
| ૫૩ | ૨૨૧૭- શહેરીવિકાસ<br>૦૩- નાના...વિકાસ<br>૧૯૨-<br>નગરપાલિકાઓ....સહાય<br>રૂ. ૨૧,૬૭,૭૪,૪૭,૦૦૦<br>અં.પ્ર.નં.૨૬<br>પાનાનં.૪૬ થી ૫૧ | ૧૦૦ | ઓકટ્રોય નાબુદી બાદ નગરપાલિકાઓને દર વર્ષે અપાતી રકમમાં સમયાંતરે વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સંજયભાઈ સોલંકી |
| *૫૪ | ૨૨૧૭- શહેરી વિકાસ<br>૮૦- સામાન્ય<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧- કમિશ્નર... તંત્ર<br>રૂ. ૩,૮૯,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૬<br>પાના નં. ૫૪ અને ૫૫ | ૧૦૦ | નગરપાલિકા-મહાનગરપાલિકા દ્વારા થતા કામો દબાણવશ થઈને કરાતા હોવાની ફરિયાદો સામે યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીતભાઈ કગથરા |
| ૫૫ | _ _ " _ _ | ૧૦૦ | જે-તે નગરપાલિકા અને મહાનગરપાલિકાઓમાં સમાવિષ્ટ ગામોને સમયસર પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા |
| ૫૬ | _ _ " _ _ | ૧૦૦ | નગરપાલિકા અને મહાનગરપાલિકાઓમાંગામોનો સમાવેશ કરતી વખતે સ્થાનિક પ્રજાજનોના અભિપ્રાયો લઈ, થતાં આંદોલનો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નથાભાઈ પટેલ |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

**અધ્યક્ષશ્રીઃ** હવે રજૂ થયેલ માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

ડો. સી. જે. ચાવડા(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, જે વિભાગોની આજે માગણીઓ રજૂ થઇ છે તેમાં..

(આ તબક્કે સભ્યશ્રી જીગ્નેશભાઇ મેવાણીએ પોતાની જગ્યા પર ઉભા થઇને રજૂઆત કરતાં)

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી પ્રદિપસિંહ ગઇકાલનો જવાબ આપતા નથી...

અધ્યક્ષશ્રી : પ્લીઝ, શ્રી જીગ્નેશભાઇ.. શું કહો છો?

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : જવાબ કેમ નથી આપતા?

અધ્યક્ષશ્રી : અરે, આ વાત ન હોય. તમે દર વખતે ઉભા થાવ એ બરાબર નથી અને અત્યારે તમે સભાગૃહના કામકાજને અવરોધો છો. આપે હવે બહાર જવું જોઇએ.

(આ તબક્કે સભ્યશ્રી જીગ્નેશભાઇ મેવાણીએ પોતાની જગ્યા ઉપર ઉભા થઇને બેનર બતાવીને સતત રજૂઆત કરતાં)

અધ્યક્ષશ્રી : અત્યારે એ વિષય નથી. તમે મારી પરવાનગી વગર ઉભા થયા છો. આપે આવી રીતે ઉભા ન થવાય. આપ ગૃહની ગરિમાને સમજો. આપ માનનીય ધારાસભ્ય છો. આપ સમજુ છો એવું માનું છું. અહીં સભાગૃહનો સમય બગડે છે.

(સતત અંતરાય) આપને ફરી વિનંતી કરું છું કે આપ સ્વેચ્છાએ બહાર જતા રહો. બહાર જઇને કહો.(સતત અંતરાય) બહાર જઇને કહો. સાર્જન્ટ..(સતત અંતરાય)

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : * (xxx)

અધ્યક્ષશ્રી : આ તમારા શબ્દો કાઢી નાખવામાં આવે છે અને તમને ઠપકો આપવામાં આવે છે કે વારંવાર કહ્યાં છતાં તમે બોલી રહ્યા છો. તમને ઠપકો આપવામાં આવે છે. તમે સભાગૃહ માથે લો છો. આ યોગ્ય નથી. તમને આજના દિવસ માટે ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવે છે. સાર્જન્ટ, લઇ જાવ એમને બહાર. (સતત અંતરાય) તમે આ સભાગૃહને શું સમજો છો? મગજનું કંઇ ઠેકાણું છે કે નહીં? એમને બહાર લઇ જાવ. આવી રીતે વર્તાવ? તમારું આ વર્તન બિલકુલ સારું નથી.

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : સરકાર જવાબ આપે.

અધ્યક્ષશ્રી : એમને બહાર લઇ જાવ.(સતત અંતરાય)

શ્રી જીગ્નેશકુમાર ન. મેવાણી : *(xxx) સરકાર જવાબ આપે. (સતત અંતરાય)

(આ તબક્કે સભ્યશ્રી જીગ્નેશભાઇ મેવાણીને સાર્જન્ટ દ્વારા સભાગૃહની બહાર લઇ જવામાં આવ્યા.)

અધ્યક્ષશ્રી : આજના આખા દિવસ માટે તેમને સસ્પેન્ડ કર્યા છે. એટલે ફરી પ્રવેશ ન કરે તેનું ધ્યાન રાખજો. પ્લીઝ.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અલગ અલગ વિભાગોની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેમાં સામાન્ય વહીવટ વિભાગ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગને જી.એ.ડી. તરીકે આખા ગુજરાતની પ્રજા ઓળખે છે. આ વિભાગ એ સચિવાલયનું, પ્રજા તંત્રનું, લોકશાહીનું હૃદય છે. આ હૃદય સતત ધબકતું રહે અને તંદુરસ્ત ધબકતું રહે એ જોવાની જવાબદારી સરકારની અને આપના બધાની છે. આ હૃદયને ધબકતું રાખવા માટે જેટલી જગ્યાઓ મંજૂર થઇ હોય એની રેગ્યુલર ભરતી થવી જોઇએ. આજે ચીફ સેક્રેટરીથી માંડીને ક્લાર્ક સુધીની અને સચિવાલયમાં એડિશનલ ચીફ સેક્રેટરીથી માંડીને ડી.વાય.એસ.ઓ. સુધીની કેટલી બધી જગ્યાઓ ખાલી છે. સૂરજ તળે જ અંધારું એ ન ચાલી શકે, કારણ કે સચિવાલયથી જ આખા રાજ્યનો વહીવટ થતો હોય છે. આજે એક તારાંકિત પ્રશ્નમાં સરકારે જવાબ આપ્યો હતો કે ૨૫ ટકા જેટલી આઇ.એ.એસ.ની જગ્યાઓ ખાલી છે. જોઇન્ટ સેક્રેટરીની જગ્યા ખાલી, ડેપ્યુટી સેક્રેટરીની જગ્યા ખાલી, ઉપસચિવની જગ્યા ખાલી, સેકશન અધિકારીની જગ્યા ખાલી, ડી.વાય.એસ.ઓ.ની જગ્યા ખાલી, આમ ૨૫ થી ૩૦ ટકા જગ્યાઓ ખાલી હોવાને કારણે અને સરકાર નિયમ મુજબ સમય અનુકૂળ એની જે ભરતી થવાની હોય એ ભરતીનું શિડ્યુઅલ નહીં કરવાને કારણે આ પરિસ્થિતિ ઉભી થઇ છે. પછી પરિસ્થિતિ એવી થાય કે સરકાર સમયસર ભરતી ન કરે, સમયસર પ્રમોશન ના આપે, સમયસર પગલા ના લે એના કારણે એકસ્ટેન્શન, નિવૃત્ત થતા અધિકારીને એકસ્ટેન્શન આપવાની પરિસ્થિતિ ઉભી થાય છે. રાજયના ચીફ સેક્રેટરીને પણ એકસ્ટેન્શન આપવું પડે, રાજયના જોઇન્ટ સેક્રેટરીને એકસ્ટેન્શન આપવું પડે, ખાતાના વડાઓને એકસ્ટેન્શન આપવું પડે, આવો કેવો તમારો વહીવટ કે તમે સમયસર જે જગ્યા માટે વર્ષો સુધી બીજા અધિકારીઓએ લાઇનમાં સેવા બજાવી હોય એ સેવા બજાવનાર અધિકારીઓ રાહ જોઇને બેઠા હોય, એમણે ખાતાના વડા તરીકેનો ચાર્જ સંભાળવા માટે ઇંતજાર કર્યો હોય, કામગીરી કરી હોય એમને એમને એમ નિવૃત્ત થવું પડે અને નિવૃત્ત થયેલા અધિકારીઓને વારંવાર પ્રમોશન આપવામાં આવે છે આ વહીવટ કહેવાય નહીં એ તરફ આપનું ધ્યાન દોરું છું. હું તો એમ કહું છું કે આવા અધિકારીઓનું તમે શોષણ કરી રહ્યા છો. ગુજરાત રાજયના કર્મચારીઓ અને અધિકારીઓની નિવૃત્તિ વય ૫૮ વર્ષ છે અને આઇ.એ.એસ., આઇ.પી.એસ.ની નિવૃત્તિ વય ૬૦ વર્ષ છે. આજે એક અધિકારી ૭૯ વર્ષ, ૮૦ વર્ષની ઉંમરે સેવા બજાવી રહ્યા છે પણ હું તો એમ કહું છું કે શોષણ કરી રહ્યા છે. એક અધિકારી ૭૦ વર્ષની ઉંમરે, એક ૬૬ વર્ષની ઉંમરે અને એ પણ બંધારણીય જગ્યાઓ હોય જયાં તમે વખતો વખત પ્રમોશન આપીને અથવા સારા અધિકારીઓને તમે નિમણૂક આપી શકો એવી જગ્યાઓ ઉપર ૬૫થી ૮૦ વર્ષ સુધીના અધિકારીઓ ફરજ બજાવી રહ્યા છે, કારણ શું બતાવો છો કે આવા અનુકૂળ અધિકારીઓ મળતા નથી એનો અર્થ ૮૦ વર્ષ એટલે ૬૦થી ૨૦ વર્ષ, તમે ૨૫ વર્ષથી શાસન કરો છો તો તમને કોઇ સારા અધિકારીઓ મળતા જ નથી? તમારા રાજયમાં કોઇ સારા અધિકારીઓ વધ્યા જ નથી. આનો સીધો સાદો અર્થ એ થાય એટલે બંધારણીય જગ્યાઓ ઉપર જયાં અધિકારીઓને હક્ક મળવો જોઇએ એમના હક્ક ડૂબાડીને તમે એકસ્ટેન્શન આપો છો એ વ્યાજબી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આના કારણે પરિસ્થિતિ એ ઉભી થઇ કે માનનીય મંત્રીશ્રી જયારે જવાબ આપવા ઉભા થાય ત્યારે એમ કહે છે કે અમે લાખો કર્મચારીઓ-અધિકારીઓની ભરતી કરી છે, પરંતુ ૨૫ વર્ષના શાસનમાં કેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે? (અંતરાય) માનનીય મંત્રીશ્રી અત્યારે હસે છે પણ એ પરિસ્થિતિનું નિર્માણ થયું છે કે વર્ષ ૧૯૯૬-૯૭માં જયારે કોંગ્રેસના ટેકાવાળી માનનીય શંકરસિંહ વાઘેલાની સરકાર ગઇ ત્યારે આ રાજયમાં ૫ લાખ અને ૫૧ હજાર કર્મચારીઓ ફરજ બજાવતા હતા. માનનીય અધ્યક્ષશ્રી, આ બહુ ગંભીર બાબત છે. સરકારની, આપની જે બુક બહાર પડે છે એમાં સરકારી ચોપડે નોંધાયેલ ચીફ સેક્રેટરીથી માંડીને ક્લાર્ક તલાટી સુધીથી વર્ગ-૪ સુધીની જે ભરતીઓ થતી હતી એમાં ૫ લાખ અને ૫૧ હજાર કર્મચારીઓ હતા. દર વર્ષે શિક્ષક પણ નિવૃત્ત થાય, આઇ.પી.એસ. પણ નિવૃત્ત થાય, આઇ.એ.એસ. પણ નિવૃત્ત થાય,

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બધા નિવૃત્ત થાય પણ નિવૃત્તિની સંખ્યા હોય એના કરતા તમે સહેજ વધારે ભરતી કરી હોય તો આ સંખ્યામાં વધારો થાય પણ આજે ૨૫ વર્ષના શાસન પછી પણ ૫ લાખ અને ૫૧ હજાર કર્મચારીઓને બદલે આજે ૪ લાખ અને ૯૧હજાર કર્મચારીઓ ફરજ બજાવે છે. સંખ્યા ઘટી છે. હવે પ્રશ્ન બીજો થાય, કારણ કે આ તો એમ કહેવાના કે તમે જે ૫ લાખ અને ૫૧ હજાર કર્મચારીઓથી કામ કરતા હતા એ અમે ૪ લાખ અને ૯૧ હજાર કર્મચારીઓથી કામ કરીએ છીએ. અમે સુશાસન ચલાવીએ છીએ એવી વાતો કરવાના પણ એવું નથી, પાછલા બારણે એક બીજો ધંધો ચાલુ કર્યો છે, આઉટસોર્સીંગનો, અને એટલા માટે આઉટસોર્સીંગનો કર્યો છે, તમે રેગ્યુલર ભરતી કરી હોય, તમે રેગ્યુલર ડિપાર્ટમેન્ટલ કમિટીઓ બોલાવી હોય એક ચીફ સેક્રેટરી છે તો ચીફ સેક્રેટરીએ દર ત્રણ મહિને જદા જુદા ખાતાના વડાઓ નક્કી કરવા માટે સિનિયર વર્ગ-૧ના અધિકારીઓની પોસ્ટીંગ નક્કી કરવા માટે ડી.પી.સી. બોલાવવી પડે. આ ડી.પી.સી. ક્યારે બોલાવી? પોતે નિવૃત્ત થવાની અણી ઉપર હોય, એને કોઇ મૂડ ન હોય, વહીવટમાં ભલે એક્સટેન્શન આપે એટલે કોઇ ડી.પી.સી. થાય નહીં. ખાતાના વડાની જગ્યાએ જવાવાળા રાહ જોતા હોય અને એ પછી નિવૃત્ત થઇ જાય. એમને એક્સટેન્શન આપવું પડે. ખાલી નિભાવવા થતું હોય એટલું કામ સરકાર કરે છે. આપણે સાચા અર્થમાં વહીવટ ચલાવતા નથી એટલે મેં કહ્યું એમ ૪ લાખ ૫૧ હજાર થયા છે, ઘટ્યા છે. નિવૃત્ત શિક્ષકની જગ્યાએ ભરતી થતી નથી, નિવૃત્ત તલાટીની જગ્યાએ ભરતી થતી નથી એટલે એમને એવું કરવું પડ્યું કે કામ ચલાવવું છે, પ્રજાના પ્રશ્નો વધ્યા છે, વસતિ ડબલ થઇ છે, કર્મચારીઓ વધારી શક્યા નથી, ભરતી કરી શક્યા નથી. ગૌણ સેવા પસંદગી મંડળે ભરતી લિસ્ટ બહાર પાડ્યું છે એની નિમણૂક આપી શક્યા નથી. એના કારણે અણઘડ, કેઓસ થયું અને એને ટાળવા માટે જેમ પડશે એવા દેવાશે એવી નીતિના કારણે આઉટ સોર્સ ચાલુ કર્યું અને એનાથી ભરતી કરી. જ્યાં જુઓ ત્યાં આઉટ સોર્સ. હવે તો મંત્રી પણ આઉટ સોર્સથી ભરવા માંડ્યા. એમના પક્ષમાંથી નથી ભરતા, અહીંથી લઇ જાય અને અહીંથી ભરે. સરવાળે એવું થયું કે દરેક ખાતામાં ખાતાનું સંચાલન કરનાર અધિકારી, તજજ્ઞો પ્રમોટેડ હોવા જોઇએ, ડાયરેક્ટ સિલેકશન હોવા જોઇએ એના બદલે નિવૃત્ત અધિકારીઓની આખી ફોજ ઉભી થઇ. એગ્રીકલ્ચર ખાતું હોય તો નિવૃત્ત, બીજા કોઇ વિભાગ હોય તો નિવૃત્ત, જી.એ.ડી.માં નિવૃત્ત થયેલા, મુખ્યમંત્રીશ્રીના સલાહકાર બધા નિવૃત્ત, મંત્રીશ્રીને ત્યાં કામ કરતાં નિવૃત્ત અને અમારા વિરોધ પક્ષના નેતાને ત્યાં બંધારણે નક્કી કરેલી જગ્યા નાયબ સચિવ કક્ષાના અંગત સચિવ તરીકેની એમણે માગણી કરી છે ત્યારે કહે છે કે તમે નિવૃત્ત અધિકારી શા માટે માગો છો? તમે કોઇ સારા અધિકારી માગો. ૮-૧૦ મહિનાથી પોસ્ટીંગ આપતા નથી. તમારું આખું મુખ્યમંત્રીનું કાર્યાલય નિવૃત્તોથી ભરાયું છે અને અમારા વિપક્ષના નેતાને તમે અંગત સચિવ આપી શકતા નથી. કેમ કે અંગત સચિવ એમણે પસંદ કર્યા છે એટલા માટે નથી આપતા. આવી ગેરરીતિ, ગેરવહીવટને સામાન્ય વહીવટ નહીં પણ ગેરવહીવટ ગણાય. મારે આ વાત આપના માધ્યમ દ્વારા એમના સુધી પહોંચાડવી છે. રિમોટ કન્ટ્રોલથી વહીવટ ચાલતો હોય એવું લાગે છે. સારી સારી વાતો કરે એના માટે રિમોટ કન્ટ્રોલથી વહીવટ ચાલતો હોય એમ લાગે છે. દોરી સંચાર ક્યાંક બીજેથી થતો હોય એવું લાગે છે. રાજ્ય સરકાર પોતાની રીતે નિર્ણય કરતી હોય એવું લાગતું નથી. વર્ગ-૪ની ભરતી બંધ કરી દીધી. ડ્રાઇવર, પટાવાળા એ વર્ગ-૪માં આવે. આવા નાના કર્મચારીઓ ગરીબ અને મધ્યમવર્ગમાંથી આવતા ઓછું ભણેલા લોકો પોતાની રોજીરોટી માટે, એનો નિર્વાહ થાય એ માટે આવતા હોય છે. આ સરકાર જ્યારથી બેઠી ત્યારથી છેલ્લા ૨૦ વર્ષથી આ ભરતી બંધ છે. વર્ગ-૪ની ભરતી થતી નથી. એના કારણે શિડ્યુલ કાસ્ટ, શિડ્યુલ ટ્રાઇબ અને ઓ.બી.સી.ના ગરીબ અને મધ્યમવર્ગના લોકો એમના દીકરા-દીકરી ભણીને તૈયાર થાય તો એમને નોકરી મળતી નથી. એ નોકરી મળે એવી હું વિનંતી કરું છું. ફીક્સ પગાર બાબતે સુપ્રીમ કોર્ટ સુધી લડવાનું પણ હાઇકોર્ટનું માનવાનું નહીં. અત્યારે બાબત લિટિગેશનમાં છે એટલે વિશેષ વાત કરતો નથી પણ એમના પણ પ્રશ્નો જ્યારથી બેઠા છે ત્યારથી ઉભા છે અને જશે ત્યારે પતશે એવું લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ ધ્યાન દોરવું છે કે સરકારી નોકરીમાં આઉટ સોર્સથી આવે કે રેગ્યુલર આવે એ નોકરીમાં આવ્યા પછી કોઇ પક્ષના કાર્યકર્તા રહેતા નથી. મારી રજૂઆત કરવા છતાં અત્યારે હાલ ભારતીય જનતા પાર્ટીના એક પ્રવક્તા છે, મને નામ આપવામાં વાંધો નથી. શ્રધ્ધાબેન રાજપૂત એમને ૬૦ હજાર રૂપિયાની નોકરી આઉટ સોર્સથી આપવામાં આવી છે. ઘણા સમયથી, છેલ્લા ૧૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટીના પ્રવક્તા તરીકે કામ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કમિશનરે એનું ધ્યાન દોરતા કહ્યું કે તમે રાજીનામું મૂકો. મને આવું કહેશો તો ઉલટાનું તમારે બદલાઇ જવું પડશે. આવો સામાન્ય વહીવટ કેવી રીતે ચલાવી લેવાય? આ એક દાખલો નામજોગ આપું છું. આવા અનેક દાખલાઓ છે. એવી કઇ તમારી મજબુરી છે કે તમને કોઇ અધિકારી, કર્મચારી મળતા જ નથી અને આરોગ્ય વિભાગમાં ફરજ બજાવે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એક જ વાત એમ.એલ.એ., એમ.પી. પુરતી વાત કરવી છે. એમ.એલ.એ.ના મંત્રી પરિષદની પણ આજે માગણીઓ છે. એમ.એલ.એ. કોઇ પણ પ્રશ્ન પૂછે, કાગળ લખે એટલે બહુ સારી રીતે જવાબ આવી જાય છે કે તમારો પત્ર મળ્યો છે અને આ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીને મોકલ્યો છે. સાહેબ, મેં ઓછામાં ઓછા ૮૦૦ કાગળ લખ્યાં છે. આ ૮૦૦-૮૦૦ કાગળના માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને માનનીય નીતિનભાઇ પટેલના કાર્યાલયમાંથી જવાબ મળ્યાં છે કે અધિક મુખ્ય સચિવશ્રીને મોકલ્યા છે. પછી શું? મહિના પછી અધિક મુખ્ય સચિવશ્રી જવાબ આપે છે કે, તમારો પત્ર મેં વિભાગના વડાને મોકલ્યો છે અથવા સબંધિત વિભાગના સચિવશ્રીને મોકલ્યો છે

પછી શું? પછી સચિવશ્રી એમ કહે કે તમારો પત્ર મેં કલેક્ટર કે ડી.ડી.ઓ., ડી.એસ.પી.ને કે સબંધિત વડાને મોકલ્યો છે. પછી શું? પછી કાંઇ નહીં. આ ત્રણ વર્ષ પૂરા થયા. એટલે મંત્રી પરિષદની જ્યારે આ માગણી લઇને આવ્યા છે ત્યારે ધારાસભ્યોશ્રીઓના પત્રોના ખાલી જવાબ નહીં (અંતરાય) પણ પરફેક્ટ જવાબ આપવા જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય રાકેશભાઇ.

શ્રી રાકેશભાઇ જ. શાહ(એલીસબ્રિજ) : માનનીય અધ્યક્ષ મહોદય,

અધ્યક્ષશ્રી : ડો. ચાવડાજી, હું રોશરી સ્કુલમાં ભણુંને તો ચોથા-પાંચમાં ધોરણમાં વાર્તા કહેવા માટે મને ટીચર પસંદ કરે. કેમ કે, હું વાર્તાઓની ચોપડીઓ ખૂબ વાચું. પણ નાનો બાળક હું એટલે મને વાર્તા કહેતા સારી રીતે આવડે ''પછી છે નેએ'',''પછી છેનેએ'' એવું દર વખતે બોલું. તમારું નામ ''પછી શું'' કોઇ નામ પાડી ના દે. પછી શું? (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : દિશાએ દશા બગાડી છે. (અંતરાય)

શ્રી રાકેશભાઇ જ. શાહ : મારે દિશા દશામાં નથી જવું. શહેરી વિકાસ ઉપર જ વાતચીત કરવી છે. દિશા તો આપણે સૌએ જોઇ લીધી છે. શ્રી પરેશભાઇ, પણ માનનીય શહેરી વિકાસ મંત્રી જે માગણી ક્રમાંક ૧૦૨ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારો સૂર પુરાવું છું અને મારી વાતચીત કરું છું.

માનનીય અધ્યક્ષ મહોદય, આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાત એક એવું વિકસિત રાજ્ય અને સ્વાભાવિક રીતે જ્યારે રાજ્યનો વિકાસ થતો હોય છે ત્યારે એના શહેરો વિકસતા વસ્તી વધતી જતી હોય છે અને ગુજરાતમાં લગભગ ૪૫ ટકાની આસપાસ એ વસ્તી શહેર તરફ પ્રયાણ કરી રહી છે. એના પણ કારણો છે કે આજુબાજુમાં ઉદ્યોગો, રોજગારી, સમૃદ્ધિ, શાંતિ, સલામતી કેલાય વર્ષોથી ગુજરાતે જોઇ છે. એટલે વસ્તી શહેર તરફ વધી ગઇ છે. શહેરોમાં વસ્તી વધતા શહેરીકરણ સાથે કયાંક નાની આનુષાંગિક સમસ્યાઓ પણ થતી હોય છે. આજે હું ગુજરાતના શહેરોની વાત કરી રહ્યો છું અને જે સુવિધાઓ મળી રહી છે એનું વિસ્તૃતીકરણ અને એનું અમલીકરણ થઇ શકે તે માટે માનનીય મંત્રીશ્રી આ માગણીઓ લઇને આવ્યા છે. હું વિભાગની બે-ચાર મોટી યોજનાઓ પર વાતચીત કરીશ. આપણે સૌ જાણીએ છીએ કે વર્ષ૨૦૦૯થી સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ. શહેરોનો વિકાસ કેવી રીતે થવો જોઇએ? એ લગભગ છેલ્લા ૧૨-૧૩ વર્ષથી ગુજરાતે જોયું છે અને એમાં શહેરી વિકાસ યોજનાઓને ફાળવેલું બજેટ, એમાં થયેલા અમલીકરણના પરિણામો આપણને સ્પષ્ટ દેખાય છે કે ગુજરાતના મોટાભાગના શહેરો આજે એવા વિકસિત શહેર થઇ ગયા છે કે જે વિકસિત દેશોની સરખામણીમાં ઊભા રહ્યાં છે અને એમાં તબક્કાવાઇઝ ગ્રાન્ટ પણ ફાળવવી પડે છે. માત્ર કહેવાનું નથી પણ પ્રથમ તબક્કામાં રૂપિયા ૭૦૦૦ કરોડ જેવી માતબર રકમ ફાળવી હતી. તે પછી બીજા તબક્કામાં રૂપિયા ૧૫૦૦૦ કરોડ વર્ષ ૨૦૧૨થી ૨૦૧૭ની વાત કરું છું. કુલ રૂપિયા ૨૨,૦૦૦ કરોડની એમાં જોગવાઇ થઇ હતી અને વર્ષ ૨૦૨૦-૨૧માં છેલ્લે રૂપિયા ૪,૫૪૪ કરોડની પણ જોગવાઇ શહેરી વિકાસ વિભાગમાં થઇ છે. આ જોગવાઇઓના આધાર ઉપર શહેરોમાં જે કામગીરી થઇ રહી છે એમાં ભૌતિક માળખાકીય સુવિધાઓ હોય છે એ શહેરીજનોને મળી શકે. સુવિધાઓની અંતર્ગત મુખ્ય વસ્તુ આપણે જાણીએ છીએ કે, શહેર હોય એટલે રસ્તા હોય, રસ્તો આવે એટલે આનુષંગિક ટ્રાફિક સર્કલ આવે છે. પાણી પુરવઠાનો અગત્યનો વિભાગ છે કે જે ૨૪ કલાક પાણી આપી શકે એ પરિસ્થિતિમાં ગુજરાતના મહાનગરો ઘણી જગ્યાએ પહોંચી ગયા છે. પાણી સાથે આનુસાંગિક ભૂગર્ભ ગટરની વ્યવસ્થા પણ છે. એ જ રીતે જયારે વરસાદ આવે ત્યારે વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વોટરની યોજના બની છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે સરકાર જળસંચયના પણ કામો કરી રહી છે એના માટેની જે વ્યવસ્થા કરી છે, મહાનગરોમાં ખૂબ તળાવો છે એ તળાવોના બ્યુટીફીકેશનથી આપણે જોઇ શકીએ છીએ કે અમદાવાદ શહેરમાં કાંકરીયાથી શ્રેષ્ઠ એનું બીજું ઉત્તમ ઉદાહરણ ના હોઇ શકે. એ તળાવના બ્યુટીફીકેશનના કામો શહેરી વિકાસ વિભાગ અને એની યોજનાઓ દ્વારા થઇ રહ્યા છે. સ્લમ વિસ્તારમાં પાયાની સુવિધા, નાના સ્લમ વિસ્તારો ઝૂંપડપટ્ટી જેને કહીએ એ વિસ્તારમાં આજે બદલાવ થઇ ગયો છે. શહેરની ઓળખ બદલાઇ ગઇ છે. ઝૂંપડપટ્ટી મુકત એટલે કે સેવા વસ્તી મુકત શહેરો આજે આપણે જોઇ રહ્યા છીએ. સામાજિક વનીકરણ પણ આજે વર્તમાન સમયની માંગ છે ત્યાં સામાજિક વનીકરણ પણ થઇ રહ્યું છે અને જરૂર પૂરતું જયાં અગ્નિશમનના ઉપકરણો હોય, ફાયર બ્રિગેડ સ્ટેશન હોય એ વસ્તીના આધાર ઉપર જરૂરિયાત પ્રમાણે એની સુવિધા પણ જરૂર કરે છે. મેં આંતરમાળખાકીયની વાત કરી, હવે સામાજિક આંતરમાળખાકીયની પણ વાત કરું છું. સામાજિક આંતરમાળખાકીય વ્યવસ્થામાં સુવિધા શાળાઓના મકાન, પ્રાથમિક શિક્ષણ, જે પાયાનું શિક્ષણ છે અને જે મહાનગરોમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હોય છે. હવે જે રીતે સ્માર્ટ સ્કૂલો બની રહી છે, સ્માર્ટ ઓરડા બની રહ્યા છે અને મને કહેતા આનંદ થાય છે હું જે મહાનગરમાંથી આવું છું ગત વર્ષમાં એવું થયું હતું કે ભૂતકાળનો ડ્રોપ આઉટ રેશિયો ખબર હતી, વર્તમાન સમયમાં આજે એવી પરિસ્થિતિ આવી છે કે પહેલી વખત છેલ્લા ૨-૩ વર્ષથી મહાનગરોની સરકારી નગર પ્રાથમિક સમિતિ ખાનગી સ્કૂલોમાંથી છોકરાઓ ત્યાં આગળ આવે છે અને મોટી સંખ્યામાં એ આપણી સ્કૂલોમાં શિક્ષણ લેતા થઇ ગયા છે. સાથેસાથે અર્બન હેલ્થ સેન્ટર પણ કોરોના જેવી મહામારીમાં પણ આપણે જોઇ શકયા કે આ મહાનગરોમાં અર્બન હેલ્થ સેન્ટરોએ જે વ્યવસ્થા પૂરી પાડી છે એનાથી શહેરીજનોને પણ સારી સુવિધા મળી છે. હોસ્પિટલ, આંગણવાડી છે, નંદઘર બનાવ્યા છે. જયાં જરૂરી છે ત્યાં લાઇબ્રેરી પણ બનાવીએ છીએ. એ સિનિયર સિટીઝન, એ સામાન્ય પરિવારમાંથી દીકરા દીકરી આવતા હોય છે, શિક્ષણની ભૂખ હોય છે. વર્તમાન ૨૧ મી સદી જ્ઞાનવિજ્ઞાનની સદી છે. ઘણા લોકો નાના મકાનમાં રહે છે ત્યારે લગભગ હું મહાનગરમાંથી

આવું છું તો વોર્ડ કક્ષાએ એવી એક લાઇબ્રેરી પણ બની ગઇ છે કે જયાં દીકરા-દીકરીઓ અભ્યાસ, વાંચન કરી શકે છે. સુવિધાઓ સહિતનું સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, હું આજે પણ કહી શકું છું કે જે રીતે મહાનગરોમાં સુવિધાઓમાં રમતગમતવીરોને, ખેલેંગે ગુજરાતને જોઇ રહ્યા છીએ. એ રીતના કામગીરી થઇ રહી છે અને મને કહેતા આનંદ થાય છે કે આજે સાબરમતી રિવર ફ્રન્ટ ઉપર એક મોટું અદ્યતન સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ પણ બની રહ્યું છે. ટૂંક સમયમાં એ પ્રજાને હસ્તક થવાનું છે. મહાનગરની સાથેસાથે સોલીડ વેસ્ટની પણ સમસ્યા થતી હોય છે અને લીકવીડ વેસ્ટ પણ હોય છે એના નિકાલની પણ યોગ્ય વ્યવસ્થા આ શહેરમાં થતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, વેન્ડર માર્કેટ, નાનામાં નાનો માણસ ગામમાં રોજીરોટી કમાતો હોય તો વ્યવસ્થાપન કરીને વેન્ડરનું એક માર્કેટ કરે છે. લોકો ત્યાં જઇને ખરીદી કરી શકે છે. હોકર ઝોન પણ એમાં જ આવી જાય છે. જે રીતે શહેરીકરણની વાત કરી અત્યારે વર્તમાન સમયમાં આપણે સૌ જાણીએ છીએ કે જે રીતે વસ્તી અને વાહનો વધી રહ્યા છે. બે જ મોટી સમસ્યા શહેરોમાં થઇ રહી છે એને આનુષંગિક ટ્રાફિકની પણ સમસ્યા થાય છે અને પરિવહનની પણ સમસ્યા થાય છે. અર્બન મોબીલીટી પણ શહેરી બસ સેવા એ ટ્રાફિક વ્યવસ્થા હોય, એ રેલવે માટેના ઓવરબ્રિજ હોય, અંડરબ્રિજ હોય, રોડ પહોળા કરવા, ટી.પી.નો અમલ કરવાનો હોય, જરૂર હોય ત્યાં ફલાઇઓવર, અન્ડરબ્રિજ કરતા હોઇએ છીએ. હું શહેરોની વાત કરું ત્યારે સામાન્ય રીતે શહેર પોતાની ઓળખ કરતું હોય છે. હું અમદાવાદ જેવા મહાનગરમાંથી આવું છું ત્યારે આપણે સૌ જાણીએ છીએ કે વિશ્વનું સૌ પ્રથમ હેરિટેજ સિટી પણ એ થઇ ગયું છે. એના કારણે પ્રવાસન, વિકસિત શહેર ખૂબ મોટી લોકોની સંખ્યામાં અવરજવર, એના માટેના પ્રદર્શન હોલ બનાવ્યા છે. આગામી દિવસોમાં એક વોટરબોડીના લેન્ડસ્કેપીંગના જે ભૂતકાળમાં વિદેશોમાં જોયા હતા એ પ્રકારના ગાર્ડન અને લેન્ડસ્કેપીંગના કામો આપણે મહાનગરોમાં જોઇ રહ્યા છીએ. રિવર ફ્રન્ટ એનું ઉત્તમ ઉદાહરણ છે. નોલેજ સેન્ટરો પણ બનાવ્યા છે. લોકો માટે ઉપયોગી યોગા કેન્દ્રો પણ બની રહ્યા છે. લગભગ દરેક વોર્ડમાં સ્વિમિંગ પૂલ છે. હું પણ કોર્પોરેશનના સ્વિમિંગ પૂલમાંથી જ સ્વિમિંગ શીખ્યો છું. જે રીતે ગઇકાલે વાત થઇ હતી, બે દિવસ પહેલા વાત થઇ હતી બોટોનિકલ ગાર્ડન અને બાલવાટિકા પણ આ મહાનગરમાં આપણે સૌ જોઇ શકીએ છીએ. વિશેષ ટ્રાફિકવાળા વિષય ઉપર હું ધ્યાન એટલા માટે દોરું છું કે ઇન્ટીગ્રેટેડ ટ્રાફિક સિસ્ટમ, કારણ કે આ મહાનગરમાં હવે જે રીતે વસ્તી વધી રહી છે મને કહેતા આનંદ થાય છે કે અમદાવાદ શહેરમાં સાબરમતી વિસ્તારમાં આપણે જોઇ શકીએ છીએ કે જયાં બી.આર.ટી.એસ. આવે છે ત્યાં મેટ્રો કનેકટ થાય છે. આગામી દિવસોમાં બુલેટ ટ્રેન આવવાની છે. સેમી હાઇસ્પીડ રાજકોટ-અમદાવાદની રેલવે પણ ત્યાં આવવાની છે. એ.એમ.ટી.એસ. છે અને સાદી રેલ્વે થવાની છે. એક ટ્રાન્સપોર્ટનું ઇન્ટીગ્રેટેડ હબ અમદાવાદમાં ઊભું થઇ રહ્યું છે ત્યારે મને કહેતા આનંદ થાય છે કે એ હબ એમાં થવાનું છે કે તમે ધારો તો તમે સવારે ૬ વાગ્યે રાજકોટથી બેસો અને ૧ કલાકમાં અમદાવાદ આવો. ત્યાંથી ૭ વાગ્યે બેસો અને મુંબઇ ૧૧ વાગ્યે પહોંચો. ૧૨ થી ૫ કામ પતાવી ૬ વાગ્યે નીકળો. ૧૦ વાગ્યે અમદાવાદ આવીને રાત્રે ૧૧ વાગ્યે પાછા રાજકોટ પહોંચી શકો. એવી અર્બન મોબિલિટીની વ્યવસ્થા આ શહેરમાં આ રાજ્ય સરકાર કરી રહી છે. આજે અમદાવાદ શહેરમાંથી આવું છું. મેટ્રોનો આખો ફેઝ જોયો છે. મેટ્રો લીંક જોઇ રહ્યા છીએ. મેટ્રોનો એક ફેઝ ચાલુ પણ થઇ ગયો છે. લગભગ એનું ૭૦ થી ૭૫ ટકા કામ પૂર્ણ પણ થયું છે. માનનીય વડાપ્રધાનશ્રીના વરદહસ્તે વસ્ત્રાલથી એપેરલ પાર્ક રેલ્વેનું ઉદ્દ્ઘાટન પણ થયું હતું. સ્ટેશનોની સંખ્યા પણ થોડા દિવસ પહેલા વધી ગઇ છે. આ એ જ રેલ્વે છે આગળ એના ફેઝમાં કામ કરતી કરતી અન્ડર ગ્રાઉન્ડ ભૂગર્ભ કોરીડોર પણ એમણે બનાવી દીધો છે. આ મહાનગરમાં અને ગુજરાતનું પહેલું રાજ્ય એવું છે કે કે જ્યાં અન્ડરગ્રાઉન્ડ એટલે કે ભૂગર્ભ કોરીડોર પણ બની ગયો છે. એ કામ આગળ વધતા વધતા એ નદી પર બ્રિજ બની રહ્યો છે. એના સેકન્ડ ફેઝનું કામ પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે. ટૂંક સમયમાં આપણે અહીયા ગાંધીનગરમાં પણ અવર-જવર રોજ કરતા હોઇએ છીએ. તપોવન સર્કલ પાસે પણ મેટ્રો ફેઝ-૨ નું કામ ચાલુ થઇ ગયું છે. એ કામ ગાંધીનગરથી ગિફ્ટ સિટી સુધી મેટ્રો રેલનું કામ આગામી દિવસોમાં આનો લાભ લઇ શકવાના છીએ. મેટ્રો સેકન્ડ ફેઝની લગભગ ૨૮.૨૬ કિ.મી.ની લંબાઇ છે. જે રીતે પરિવહન સેવામાં લોકોને લાભ મળી રહ્યા છે. આગામી દિવસોમાં શહેરની જનતાને એનો ફાયદો રહેશે. ગુજરાતના શહેરોએ તેની આગવી ઓળખ ઊભી કરી છે. અમદાવાદનું હેરિટેઝ સિટી તો બન્યું છે. પ્રવાસન સ્થળો સાથે ટ્રાફિકથી માંડી ઘણી બધી નાની મોટી સમસ્યાઓમાંથી ધીમે ધીમે બહાર નીકળી રહ્યા છીએ. હું શહેરી વિકાસના એક આયામ ઉપર પણ ચર્ચા કરવા માગું છું. (સમય સૂચક ઘંટડી ) પતી ગયું કે ટાઇમ છે? આભાર..

અધ્યક્ષશ્રી : આપનું વ્યકતવ્ય પૂરું થાય છે. માનનીય પુંજાભાઇ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઊના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે માગણીઓ લઇને અહીંયા આવ્ય છે. એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

સામાન્ય વહીવટ વિભાગ, શહેરી વિકાસ વિભાગ, નર્મદા અને જળસંપત્તિ અને પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ઉપર ડો.સી.જે. ચાવડા સાહેબે જે વાતનો ઉલ્લેખ અહીયા કર્યો છે, તેનું પુનરાવર્તન નહિ કરું. સામાન્ય વહીવટ વિભાગ એ રાજ્ય સરકારનું હૃદય છે અને હૃદય બરાબર જો ચાલે તો માણસ પણ વ્યવસ્થિત રીતે ચાલે, પણ જો હૃદય બરાબર ન ચાલે તો માણસે ઘણી બધી મુશ્કેલીનો સામનો કરવો પડે છે. રાજ્ય સરકારનો સામાન્ય વહીવટ વિભાગ જે રીતે ચાલવો જોઇએ એ પ્રકારે ચાલતો નથી. અને તેના કારણે રાજ્ય સરકારના વહીવટી માળખાની અંદર ઘણી બધી તકલીફ અને મુશ્કેલીઓ

અનુભવાય છે. હું એ વાત કરવા જઇ રહ્યો છું. તા.૧-૮-૨૦૧૮નો એલ.આર.ડી.નો જે ઠરાવ કર્યો. આ ઠરાવના કારણે જે પ્રકારની પરિસ્થિતિ ઊભી થઇ. રાજ્યના પર ટકા ઓ.બી.સી. ની વસતિ અને કાયદેસર રીતે જે માણસ જે વિદ્યાર્થી ભાઇ બહેનને પોતાની હોંશિયારી, ક્ષમતા મેરિટ આધારિત આવવા માટેનો અધિકાર હોવા છતાં સામાન્ય વહીવટ વિભાગનો પરિપત્ર કરીને જે અનામત ૨૭ ટકા છે એ મુજબ જ લાભ મળે. મેરિટ આધારિત આવતો હોય તો લાભ ન મળે. એ પ્રકારે ઠરાવમાં જોગવાઇ કરીને જે પરિસ્થિતિ પેદા કરી અને બક્ષીપંચનો વિદ્યાર્થી ભાઇ બહેનને સહન કરવાનું આવ્યું. એ શબ્દોમાં વર્ણન થઇ શકે તેમ નથી અને ત્યારે  હાઇકોર્ટમાં જવું પડ્યું. હાઇકોર્ટમાં ગયા પછી હાઇકોર્ટનો ચુકાદો આવ્યો અને એ ચુકાદાના કારણે સામાન્ય વહીવટ વિભાગે એ પરિપત્ર રદ કરવાની ફરજ પડી, ત્યારે આ બક્ષીપંચના ભાઇ બહેનને ન્યાય મળ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, ત્યાર પછી રાજ્ય સરકારના અન્ય વિભાગોમાં જે કોઇ ભરતી થાય તે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ મારફતે થતી હોય છે. જી.પી.એસ.સી. મારફત કલાસ-૧ અને કલાસ-૨ની ભરતી થતી હોય છે. તે તમામ ભરતીઓની અંદર અનામતની જે જોગવાઇઓ છે તે જોગવાઇઓ મુજબ તેનો હક્ક અને અધિકાર ઉમેદવારને મળવો જોઇએ તે હક્ક અને અધિકારથી વંચિત રાખવામાં આવે છે અને તાજેતરનો જી.પી.એસ.સી.નો દાખલો આપીશ જે પી.એસ.આઇ.ની ભરતી થાય છે તેની અંદર બિનહથિયારધારી પી.એસ.આઇ.ની ૩૦૦ પોસ્ટ છે તે ૩૦૦ પોસ્ટમાંથી અનુસૂચિત જાતિની-૧૩ છે, અનુસૂચિત જાતિ મહિલાઓની-૦૭ સીટ છે,  ઓ.બી.સી.ની-૧૧ સીટ છે અને ઓ.બી.સી. મહિલાઓ માટે-૦૫ સીટ ઓછી ફાળવવામાં આવી છે. એટલે એલ.આર.ડી.ની અંદર હાઇકોર્ટે અને સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યા પછી પણ ગુજરાત જી.પી.એસ.સી. બોર્ડ બક્ષીપંચના વિદ્યાર્થી ભાઇ-બહેનોનો પોતાનો જે હક્ક અને અધિકાર છે તેનાથી વંચિત રાખવા માટે કાયદા અને નિયમો તથા હાઇકોર્ટપ, સુપ્રીમ કોર્ટની સૂચનાઓનું પાલન જી.પી.એસ.સી. કરતી નથી. એટલે રાજ્ય સરકારને હું ગંભીરતાપૂર્વક કહેવા માગું છું અને  માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. કે, જે કંઇ ભરતીઓ થાય તે ભરતીઓ યોગ્ય રીતે અને નિયમ પ્રમાણે ઓ.બી.સી.ના હક્ક અને અધિકાર છે તે પ્રમાણે જી.પી.એસ.સી. ભરતી કરે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા પ્રોટોકૉલની વાત આવી. ધારાસભ્યોનો અધિકાર છે. રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના પરિપત્રો છે અને તે પરિપત્ર મુજબ જે કંઇ સરકારી કાર્યક્રમો હોય અને ગયા વખતે શ્રી વિરજીભાઇ ઠુમ્મરે આ વિધાનસભામાં રજૂઆત કરી હતી. મેં પણ રજૂઆત કરી હતી. સરકારનો પરિપત્ર છે. ધારાસભ્યોનો પ્રોટોકૉલ જાળવવાનો ન હોય તો સામાન્ય વહીવટ વિભાગ અને રાજ્ય સરકારને આ પરિપત્ર રદ કરવાનો અને નિયમો બદલવાનો અધિકાર છે. તે રદ કરી નાખે. રદ ન કરવાનો હોય તથા ચાલુ રાખવાનો હોય તો ધારાસભ્યોનું માન, સ્વમાન પરિપત્ર મુજબ જળવાય તેવી રાજ્ય સરકારને વિનંતી કરું છું. વિપક્ષના ધારાસભ્યો તો રજૂઆત કરે, અમને *(ન્યાય ન મળતો હોય) ત્યાં રજૂઆત કરીએ પણ શાસકપક્ષના ધારાસભ્યો પણ રજૂઆત કરે, શાસકપક્ષના મિનિસ્ટરોને રજૂઆત કરવાની ફરજ પડે. શ્રી વિરજીભાઇ ઠુમ્મરનો પ્રશ્ન હતો તેની અંદર શ્રી કુંવરજીભાઇ બાવળીયાએ રજૂઆત કરી છે કે, પ્રોટોકૉલ જળવાતો નથી. શ્રી વિરજીભાઇ ઠુમ્મર, ધારાસભ્યશ્રી વિનોદભાઇ મોરડીયા, ધારાસભ્યશ્રી જશુભાઇ પટેલ અને મેં લેખિતમાં રજૂઆત કરી છે. લેખિતમાં રજૂઆત કર્યા પછી પણ રાજ્ય સરકારે ધારાસભ્યોનો પ્રોટોકૉલ જાળવવાનો ન હોય અને એક બાજુ માનનીય નાણામંત્રી એમ કહે છે કે, તમે અમારી પાસે આવો, તમે અમને રજૂઆત કરો, તમે અમને લેખિત પત્રોથી રજૂઆત કરો અમે તમારું જે કંઇ જાળવવાનું હશે તેમાં તપાસ કરીને કાયદેસરનાં પગલાં લઇશું. આ બધી સારી સારી વાતો અહીં ગૃહની અંદર કરવામાં આવે છે, પણ બહાર ધારાસભ્યોનું માન, સ્વમાન અને રાજ્ય સરકારનો પ્રોટોકૉલ હોય છતાં ધારાસભ્યોનું અવમાન થતું હોય આ પ્રકારની પરિસ્થિતિ ઉભી થઇ છે.

અધ્યક્ષશ્રી : ધારાસભ્યોનું માન જળવાવું જ જોઇએ તે મારું પણ મંતવ્ય છે અને હું સરકારને તે બાબતમાં ઘટતું કરવા માટે કહીશ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, બહુ દુઃખ સાથે દાખલો આપું કે, જૂનાગઢની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી એક કાર્યક્રમનું ખાતમૂર્હુત કરવા આવે છે. ત્યાં કોંગ્રેસના ધારાસભ્ય ભીખાભાઇનું નામ લખે છે. ઓ કે, તમે પ્રોટોકોલ જાળવ્યો. તે જ મુખ્યમંત્રી ઊના આવે છે અને સરકારી કાર્યક્રમમાં કાર્ડમાં મારું નામ નહીં લખવાનું એ તો અમારું અપમાન સમાન ગણાય. હું બહુ સ્પષ્ટ માગણી કરું છું, અમારો પ્રોટોકોલ જાળવવાનો ન હોય તો સામાન્ય વહીવટ વિભાગનો પરિપત્ર રદ કરો અમને વાંધો નથી. અમને ન બોલાવો તો પણ અમને વાંધો નથી. જો આ પરિપત્ર છે તો તેનું ચુસ્તપણે પાલન કરવું જોઇએ. સરકારી ક્રાર્યક્રમમાં અમારો અધિકાર છે અને અમે જનપ્રતિનિધિ છીએ. શા માટે અમને ના બોલાવે? તેમાં નિયમ છે કે અગાઉથી મંજૂરી લેવાની. વિભાગ મંજૂરી લે અને અમને વિભાગ જે જવાબો આપે છે તે પણ દુઃખદાયક છે. અમને  જવાબ આપે છે કે, આ કાર્યક્રમ તો સ્થાનિક કક્ષાએ છે. સાહેબ, રાજય કક્ષાએ થાય છે, સી.એમ.ઓ.માંથી સૂચના આપવામાં આવે છે. હું કોઇ ટીકા ટિપ્પણમાં પડવા માગતો નથી પણ જે વાસ્તવિકતા છે તેનો સરકારે સ્વીકાર કરીને તે પ્રકારે સરકારે અમલીકરણ કરવું જોઇએ.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દોમાં અહેવાલમાં ફેરફાર કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આઉટ સોર્સિંગની વાત કરવામાં આવી છે. આઉટ સોર્સિંગની અંદર રાજય સરકારના સચિવાલયમાં તમામ બ્લોક છે તેમાં આઇ.એ.એસ. અધિકારીઓ, મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓના ડ્રાઇવરો અને લીફ્ટમેન, સાહેબ એક દાખલો આપું તો માર્ગ અને મકાન વિભાગ ડ્રાઇવરોને આઉટ સોર્સિંગની અંદર લઘુત્તમ વેતનધારા પ્રમાણે ૩૯૯ રૂપિયા ચૂકવે છે. રાજય સરકારના અન્ય વિભાગો આઉટ સોર્સિંગની અંદર આ પ્રકારે ચૂકવતા નથી. હું એક રાજદીપ એજન્સી છે તેની વાત કરું તો તેમાં ૩૦ પટાવાળા ફરજ બજાવે છે. એ ૩૦ પટાવાળાને ૫૮૫૦નું માસિક ચૂકવણું થાય છે અને બીજી બાજું માર્ગ અને મકાન વિભાગ પટાવાળાને દૈનિક વેતન ૩૯૯ રૂપિયા આપે છે. સાહેબ, ૧૨૦૦૦ રૂપિયા આપવાના બદલે ૫૫૦૦ રૂપિયા વચ્ચેથી એજન્સી ખાય જાય અને આ લોકોનું શોષણ કરે આનાથી બીજા રેકર્ડ ઉપર પુરાવા શું હોઇ શકે? રાજય સરકારના તમામ વિભાગોનું પણ સંકલન નહીં? એક વિભાગ અન્ય રકમ ચૂકવે અને બીજો વિભાગ એનાથી ઓછા ચૂકવે, ત્રીજો વિભાગ એનાથી વધારે ચૂકવે એનો અર્થ એવો થાય કે રાજય સરકારમાં અનુકૂળતા મુજબ જે વિભાગને જે અનુકૂળ પડે એ પ્રકારે વ્યવસ્થા તંત્ર ગોઠવાય છે અને આર્થિક રીતે શોષણ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિભાગને લાગેવળગે છે ત્યાં સુધી કોમર્શીયલ બાંધકામો જે થાય છે એમાં કાયદેસર રીતે જે જગ્યાનું પાર્કીંગ મૂકવું જોઇએ એ પાર્કીંગ ન મૂકવાના કારણે શહેરી વિસ્તારમાં ખૂબ જ મુશ્કેલી અનુભવાય છે ત્યારે શહેરી વિકાસ વિભાગ ગંભીરતાપૂર્વક જ્યાં પણ કોમર્શીયલ બાંધકામો થાય છે ત્યાં પાર્કીંગની જગ્યા મૂકવામાં આવે છે કે નહીં એની તકેદારી રાખે અને તંત્ર તટસ્થ અને કાર્યદક્ષ અને પ્રમાણિક નહીં થાય તો સ્થિતિ બગડશે. ગેરશિસ્ત, સંવેદનશીલતાનો વધતો જતો અભાવ, સ્વકેન્દ્રી અને હિંસક વિચારશરણીમાં વિશ્વાસ અને વ્યાપક બેરોજગારીના કારણે આપણે સૂકા ઘાસની ગંજી ઉપર બેઠાં છીએ ત્યારે કોઇ પણ નાનો તણખો દાવાનળનું નીમિત બની શકે છે. નાગરિક તરીકે આપણે રાષ્ટ્રધર્મ બજાવવામાં સમર્પણ અને નિષ્ઠા નહીં કેળવી શકીએ તો ભવિષ્ય આપણને માફ નહીં કરે. "અસ્તુ"

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૩.૪૨ વાગ્યે સ્ટાર્ટ થયું હતું એટલે અત્યારે..(અંતરાય)

અધ્યક્ષશ્રી : નહીં, ૧૩.૪૧ એ થયું હતું.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, ના, ૧૩.૪૨ વાગ્યે થયું હતું મેં નોંધ્યું છે એટલે કહું છું.

અધ્યક્ષશ્રી : અત્યારે કેટલા થયા?

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ :માનનીય અધ્યક્ષશ્રી, અમને ૧૨ મિનિટ આપો, ૫૪ મિનિટ એટલે ૧૨ મિનિટ થાય.

અધ્યક્ષશ્રી : નહીં, ૧૦ મિનિટ છે. મારે શા માટે કોઇની મિનિટ ઓછી કરવાની? એક જ મિનિટ, આવી ચર્ચા એટલા માટે યોગ્ય નથી, આવું હોય તો મને મારી ચેમ્બરમાં આવીને કહેવું જોઇએ. પણ વાસ્તવમાં પેલો જે સમય કપાયો આગળ ડો.સી.જે. ચાવડાના સમયમાં એમને ૧૨ મિનિટ થઇ, એમને પણ ઓછી થઇ એ જે ઘટના બની અને જે ત્રણ ચાર મિનિટ ગઇ એ પ્રમાણે ઓછું થયું. માનનીય જેઠાભાઇ ભરવાડ, હવે દાખલા તરીકે આમાં જે સમય ગયો ૧.૫૧ એ શરુ કરવાનું હતું એ અત્યારે ૫૩ થશે.

શ્રી જેઠાભાઇ ઘે. આહિર (શહેરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એ માગણીઓમાં હું મારું સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પંચમહાલ જિલ્લામાં પાનમ જળાશયમાં ૩૬૪૬૫ હેક્ટરમાં સિંચાઇનો લાભ આપવામાં આવે છે અને એની સંગ્રહની ક્ષમતા ૫.૭૮ ઘનમીટર છે, પંચમહાલ જિલ્લામાં આવેલ મોરવાહડફ સિંચાઇ યોજનામાં ૫૨૩૮ હેક્ટરને સિંચાઇનો લાભ આપવામાં આવે છે અને એની સંગ્રહની ક્ષમતા ૨૨.૦૮ ઘનમીટરની છે, પંચમહાલ જિલ્લામાં આવેલ કડાણા સિંચાઇ યોજનામાં ૬૧૯૧ હેક્ટરને સિંચાઇનો લાભ આપવમાં આવે છે અને એની સંગ્રહ ક્ષમતા ૪૨.૪૪ ઘનમીટર છે, પંચમહાલ જિલ્લામાં આવેલ પાનમ હાઇલેવલ સિંચાઇ યોજનામાં ૧૮૦૦૦ એકર વિસ્તારને સિંચાઇનો લાભ આપવામાં આવે છે અને આ યોજના માટે પાનમ જળાશયમાં ૧૧૫ ઘનમીટર પાણી અનામત રાખવામાં આવેલ છે. પંચમહાલ જિલ્લાના મારા મત વિસ્તાર શહેરા તાલુકાના ૩૫ ગામોના ૬૧ તળાવો, ગોધરા તાલુકાના ૪૨ ગામોના ૫૩ તળાવો, કાલોલ તાલુકાના ૬ ગામોના ૧૧ તળાવો અને ઘોઘંબા તાલુકાના ૨ ગામોના ૩ તળાવો એમ મળી કુલ ૮૫ ગામોના ૧૨૮ તળાવોને પાણીથી ભરવા માટે ૩૧૫ કરોડ રૂપિયા માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ ફાળવ્યા છે. પંચમહાલ જિલ્લા માટે આટલી માતબર રકમ જે ફાળવી છે એ બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. હમણાં જ ટૂંક સમય પહેલાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ બાબતે ખાતમુહૂર્ત કર્યું અને એના વર્ક ઓર્ડર પણ આપવામાં આવેલા છે. પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ૨૧ ગામોના ૧૯ તળાવો, ગોધરા તાલુકાના ૧૬ ગામોના ૨૫ તળાવો તેમજ મહિસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના ૬ ગામોના ૮ તળાવો મળી કુલ ૪૩ તળાવો એમ મળી કુલ ૬૨ તળાવો ભરવાના કામની ૧૩૮ કરોડ રૂપિયાની યોજનાનું માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ એના ખાતમુહૂર્ત કરેલ છે. આ ત્રણ પેકેજ કરવાના થાય છે તે પૈકી બે પેકેજના વર્ક ઓર્ડર પણ આપવામાં આવેલ છે તેમજ એક પેકેજ મંજૂરી અર્થે સરકારશ્રીમાં સાદર કરવામાં આવેલ છે.

પાનમ હાઇલેવલ કેનાલના જમણા કાંઠાના મુખ્ય નહેરની વન એલ, ટુ એલ શાખાની રૂપિયા ૩.૨૨ કરોડની કામગીરી ચાલુ છે. પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના રૂપિયા ૩.૮૬ કરોડના ખર્ચે થનાર ન્યુ ધામણું ચેક ડેમથી ૫૦ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ થશે. મોરવાહ તાલુકાના રૂપિયા ૩.૩૩ કરોડના ખર્ચે થનાર ચેકડેમથી ૮૧૦ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ

થાય તેમ છે. ગોધરા તાલુકામાં ૩૧૫ કરોડના ખર્ચે તૈયાર થનાર રતનપુર, રેલીયા, ખજૂરી અને સાપા ચેકડેમથી ૫૪૦ હેકટર વિસ્તારને લાભ થશે. આમ રૂપિયા ૧૦ કરોડના ખર્ચે તૈયાર થનાર ૫ ચેકડેમથી ૧૪૦૦ હેકટર જમીનને સિંચાઇનો લાભ મળનાર છે. મહિસાગર અને પંચમહાલ જિલ્લાના ૨૩ ગામોના ૪૧ તળાવો પાણીથી ભરવાની ૧૩૪ કરોડ રૂપિયાની યોજના તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. આ યોજનાથી ૩૦૨૦ હેકટર વિસ્તારની સિંચાઇનો લાભ થાય તેમ છે. આદિવાસી વિસ્તારને પણ ફાયદો થશે. આદિવાસી વિસ્તારના પાણીના પ્રશ્નોના કારણે સ્થળાંતર થતું અટકશે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વર્ષ ૨૦૧૬માં ઉદ્‌ઘોષણા કરેલ કડાણા જળાશય આધારિત દાહોદ, મહિસાગર જિલ્લાના ટ્રાયબલ વિસ્તારના ૭ તાલુકા, ૧૨૪ જેટલા ગામો, ૧૪૦ કિલોમીટર લંબાઇની ઉદવહન યોજના નાંખી સિંચાઇનો લાભ આપવા ઉદવહન યોજના સરકારશ્રી તરફથી રૂપિયા ૧૦૦૦ કરોડના ખર્ચની મંજૂર કરવામાં આવી છે. તદુપરાંત આ યોજનાથી ૧૧૮ ગામો અને શહેરોને પીવાનું પાણી પૂરું પાડવામાં આવશે તથા મધ્યમ સિંચાઇ યોજના જેવી કે પાટાડુંગરી, માછરનાળા, ઉમરિયા, વાલકેશ્વર, એંગલવાડા જળાશય આ થકી પાણી ભરવાનું કામગીરી પૂર્ણ થયેલ છે અને હાલમાં કમિશર્નીંગ હેઠળ છે. આ કામગીરીથી ૨૪૭૭૫ હેકટર જમીનને સિંચાઇનો લાભ મળતો થઇ ગયો છે. આ યોજનાના ખાતમુહૂર્ત સમયે માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા તેનું વિસ્તૃતીકરણ કરી બાકી રહેલા તાલુકા જેવા કે સંજેલી, સિંગવાડ, દેવગઢ બારિયા, ધાનપુર, લીમખેડા તાલુકાના વિસ્તારના અંદાજિત ૭૨ ગામોને સિંચાઇનો લાભ આપવા માટે રૂપિયા ૨૨૬ કરોડની મંજૂરી આપવામાં આવેલ છે. વધારાના ૪૫૦૦૦ હેકટર જમીનને આ યોજનાથી લાભ થનાર છે. આ યોજના પ્રગતિમાં છે. ડિસેમ્બર, ૨૦૨૨ સુધીમાં પૂર્ણ થનાર છે. કડાણા જળાશય હાઇલેવલ કેનાલ ઉપર આવેલા શિયાલ ખાતેના પંપીંગ સ્ટેશન નંબર-૨ થી ઉદ્વહન યોજના બનાવી શામળા તળાવ પાસે નવીન પંપીંગ સ્ટેશન મારફતે કડાણા, સંતરામપુર, લુણાવાડા તાલુકાના ૨૪ તળાવો ભરવા રૂપિયા ૫૩ કરોડના ખર્ચની યોજના સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલી છે. આ યોજનામાં ૨૭૨૦ હેકટર જમીનને લાભ મળનાર છે. આ યોજનાની કામગીરી હાલ પ્રગતિમાં છે. સપ્ટેમ્બર, ૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. સુજલામ્-સુફલામ્ કેનાલ આધારિત પાદરડી ગામ નજીક ઉદવહન યોજના બનાવી ખાનપુર તાલુકાના ૨૪ તળાવો ભરવા આ યોજના રૂપિયા ૫૧ કરોડના ખર્ચે થનાર છે અને સરકારશ્રી દ્વારા એનું ટેન્ડર મંજૂર કરવામાં આવેલ છે. આ યોજનાથી ૧૮૫૦ હેકટર વિસ્તારને લાભ મળનાર છે. આ યોજનાનું કામ પ્રગતિમાં છે. એપ્રિલ, ૨૦૨૧ સુધીમાં પૂર્ણ થનાર છે. પંચમહાલ જિલ્લાના વડાઆયમ તળાવમાંથી સંતરામપુર મહિસાગર જિલ્લાના મોલકા અને બાબરી તળાવો ભરવા માટે આ યોજનામાં રૂપિયા ૧૮ કરોડના ખર્ચનું ટેન્ડર સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ છે. આ યોજનાથી ૪૭૦૦ એકર જમીનને લાભ મળનાર છે. આ યોજના પ્રગતિમાં છે જે સપ્ટેમ્બર, ૨૦૨૧માં પૂર્ણ થશે. પાનમ હાઇલેવલ કેનાલ ઉપર જુદા જુદા પંપીંગ સ્ટેશન મૂકી ઉદ્વહન સિંચાઇ યોજના રૂપિયા ૧૩૧ કરોડના ખર્ચે બનાવવામાં આવનાર છે. માનનીય મુખ્યમંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું અને તેમને નાણામંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શ્રી નથાભાઇ હે. પટેલ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૨૧-૨૨ના અનુદાનની માગણી નંબર-૬૬ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લાના પશ્ચિમના જે તાલુકા છે ત્યારે નર્મદાનું અને સુજલામ્ સુફલામનું પાણી મળે છે પરંતુ બનાસકાંઠાની ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે તેના પૂર્વનો જે ભાગ છે તેમા પાલનપુર, વડગામ, ધાનેરા, દાંતીવાડા, ડિસાનો અને થરાદનો અમારો અડધા ઉપરાંતનો ભાગ છે આ એકદમ વેરાન બની ગયો છે અને એ વેરાન બનવાના કારણે તળિયામાં પાણી રહ્યાં નથી. તળિયાના જે કંઇ પાણી છે તે હજારથી પંદરસો ફૂટ ઉંડા ગયા છે. બે-ત્રણ વખત બોર બનાવવામાં આવે તો નસીબમાં લખ્યું હોય તો પાણી મળે તો ભલે બાકી ખેડૂત પોતે બરબાદ થઇ રહ્યો છે. આવા સંજોગોમાં આ વિસ્તાર માટે સરકારશ્રીને મારી વિનંતી છે કે, આ વિસ્તારને પાણી આપવા માટે કંઇક વિચારવાનો સમય પાકી ગયો છે અને અત્યારે મારા વિસ્તારમાં એવા પણ ગામડાં છે કે પોતે સ્વયં રીતે ઢોરોને પાણી પાવા માટે પોતાની જાતે ટેન્કરો લઇને પણ પાણી પાય છે આવા ગામોની યાદી જોઇતી હશે તો હું આજની તારીખમાં આપીશ. જયારે આવી પરિસ્થિતિ નિર્માણ થયેલી હોય ત્યારે જયારે દિયોદર તાલુકામાં માનનીય મુખ્યમંત્રીશ્રી પોતે જયારે ડેરીના પ્લાન્ટ નંબર-૨નું ઉદ્‌ઘાટન કરવા માટે દિયોદરમાં આવ્યા તે વખતે પણ ત્યાંની લગભગ ૨ લાખની વસતિ વચ્ચે ડેરીના ચેરમેનશ્રી અને બનાસકાંઠા જિલ્લાના સૌ આગેવાનોએ પક્ષાપક્ષીથી દૂર રહીને વિનંતી કરવામાં આવી હતી કે મુખ્યમંત્રીસાહેબ આ વિસ્તારને પાણી આપવા માટેનો સમય પાકી ગયો છે. તમે જેમ કાઠિયાવાડને નંદનવન કર્યું એવી રીતે આ વિસ્તારને બનાસકાંઠાનો ભાગ રહી ગયો છે તેને કેવી રીતે મદદરૂપ થવું તે માટેની વિચારણા કરવા માટે બધાએ ભેગાં થઇને અહીંયા રજૂઆત કરેલી હતી પણ આજદિન સુધી કંઇ પરિણામ જેવુ દેખાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી મારી દ્રષ્ટિએ પૂર્વ તરફના ભાગમાં કોંગ્રેસના શાસન વખતે સાબરકાંઠા જિલ્લામાં થયેલી ધરોઇ અને મુકતેશ્વર ડેમ મારફત આ વિસ્તારની સિંચાઇ માટેની જુદી ફાઇલ ચાલતી હતી તે ફરીથી ઉભી કરવામાં આવે અને તેને જોવામાં આવે કે કઇ જગ્યાએથી આ વિસ્તારને પાણી મળી શકે તેમ છે જો એવી વિચારણા કરવામાં આવે તો એ પાણી મળી શકે એવો મને વિશ્વાસ છે તો સરકારશ્રીને મારી વિનંતી છે કે, આ વિસ્તારને પાણી આપવા માટે ધ્યાન આપે અને પૂરી મદદ થાય તેવુ કરવા માટેના પ્રયત્ન કરે. બે વર્ષ અગાઉ જયારે પાણી માટેનું આંદોલન થયું તે વખતે બજેટમાં ૫

કરોડ રૂપિયાની સરવે કરવા માટેની જોગવાઇ કરવામાં આવી હતી. આ રૂપિયા ૨ કરોડ, ૫ કરોડની જોગવાઇ બજેટમાં બે વર્ષ આવી પણ તે પછી જોગવાઇનું શું થયું, શું ના થયું તે કંઇ અમે જાણતાં નથી અને અમને કોઇ પ્રત્યુત્તર પણ મળતો નથી. મારી સરકારશ્રીને વિનંતી છે કે, આ અંગે બનાસકાંઠા અને આ વિસ્તાર માટે શું થઇ શકે તેમ છે અને કેટલી પ્રગતિ થઇ તે વાત ધ્યાન ઉપર લાવવા વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સીપુ ડેમમાંથી બનાસકાંઠા જિલ્લાના નર્મદામાંથી પાણી મળી શકે તેમ છે અને બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકામાં સીપુ અને દાંતીવાડા-૨ ડેમ આવેલા છે. એ સીપુ અને દાંતીવાડાનું બધુ પાણી જે છે તે પાણી પાટણ જિલ્લામાં જાય છે ત્યાં સુજલામ્ સુફલામની પણ નહેર આવેલી છે, નર્મદાનું પાણી પણ જાય છે પણ આ વિસ્તારમાં જ્યાં બે ડેમ બનેલાં છે તે વિસ્તારને છાંટો પણ પાણી મળતું નથી તો ઓછાં ખર્ચે આ પાણીનું જો ડાયવર્ઝન કરવામાં આવે અને આ પાણીને નદીમાં નાખીને ધાનેરાને આપવામાં આવે તો મારી દ્રષ્ટિએ આ પાણીથી ઓછા ખર્ચમાં સરકારને મદદરૂપ થઇ શકે તેમ છે. બીજી મારી વિનંતી એ છે કે, દાંતીવાડા તાલુકાની ભૌગોલિક પરિસ્થિતિ એ ખડકાળ અને ડુંગરાળ છે. તેની અંદર ચારથી પાંચ ડેમો બની શકે તેમ છે તો ચાર-પાંચ ચેક ડેમો બનાવવામાં આવે તો ઓછાં ખર્ચમાં પાણી સંગ્રહી શકાય અને એ પાણી સંગ્રહીને એ ચેક ડેમોનું પાણી ત્રણથી ચાર વર્ષ સુધી ટકી શકે તો પશુપાલન ઉપર આધારિત આ તાલુકો અને જિલ્લો છે તો એ જિલ્લાને મદદરૂપ થઇ શકાય તો સરકારશ્રીને મારી વિનંતી છે કે તેના માટે ધ્યાન આપી અને કંઇક વિચારણા કરે. બનાસકાંઠા જિલ્લાની અંદરથી ત્રણ નર્મદા આધારિત પાઇપો નાંખવામાં આવી છે. તેમાંથી વર્ષ ૨૦૧૪માં એક પાઇપ લાઇન નાખીને દાંતીવાડા ડેમમાં પાણી નાંખવામાં આવ્યુ હતું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ તે વખતે ઉદ્‌ઘાટન પણ કર્યું. ઉદ્‌ઘાટન કર્યા પછી તે પાણી નાંખ્યુ તે નાંખ્યું તેના પછી ફરીથી બીજી વખત ચોમાસામાં પ્રયત્ન કર્યો. ચોમાસામાં પાણીનો પ્રયત્ન કરતા એ પાણી નાંખ્યુ તે અડધો કલાકમાં જ જે કંઇ ઓટલો હતો પાણીનો તેમાં પાણી પડયું અને તે ઓટલો તૂટી ગયો તેના પછી અમે કયાંય પાણી જોયું નથી. બીજી લાઇન ગઇકાલે આપણે બજેટ જોગવાઇ કરી હતી કે સીપુ ડેમ માટે પણ થરાદ તાલુકામાંથી પાઇપ નાંખવામાં આવવાની હતી. ગયા વર્ષે ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી હતી. આ વર્ષે રૂપિયા ૨૨૬ કરોડની જોગવાઇ કરી હતી. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે આ પાઇપલાઇનથી ૬,૦૦૦ એકર જમીનને લાભ થશે. મારે સાહેબને વિનંતી કરવી છે કે પાણીની જે ફરિયાદ છે એ ધાનેરા, દાંતીવાડા, પાલનપુર અને વડગામની જ છે. તો એ તાલુકાઓને પાણી મળે છે કે કેમ? એમાંથી પાણીનો છાંટો પણ મળતો નથી. તળાવ પણ ભરાતા નથી અને પાણી પણ મળતું નથી. તો આ યોજનાથી જે વિસ્તારને પાણીની ખાસ જરૂર છે એ વિસ્તારને મદદરૂપ થવા માટે હવે સમય પાક્યો છે. આ બજેટમાં પણ કોઈ જોગવાઇ કરવામાં આવી નથી. તો ભવિષ્યના બજેટમાં જોગવાઇ કરી આ જિલ્લાના સરહદી વિસ્તારને મદદરૂપ થવા માટે વિનંતી છે.

અધ્યક્ષશ્રી : મારે સભાગૃહના તમામ માનનીય ધારાસભ્યશ્રીઓને માહિતી આપવી હતી કે મારા જોવામાં આવ્યું છે કે વક્તવ્ય પૂરું થયા પછી ધારાસભ્યશ્રી તરત જ બહાર નીકળી જાય છે. નિયમ એવો છે કે આપણા જે માનનીય ધારાસભ્યશ્રી વક્તવ્ય કરે, પછી ઓછામાં ઓછી ૧૦-૧૫ મિનિટ બેસે. જેથી આ પક્ષ કે સામા પક્ષમાંથી કોઇને જવાબ આપવો હોય તો સભ્યશ્રી હાજર હોય તો એના સંદર્ભમાં જવાબ આપતા હોય એટલા માટે સામાન્ય રીતે રોકાતા હોય છે. માનનીય જેઠાભાઇ બહાર ગયા ત્યારે જ મને થયું કે કહું પણ તરત કહીએ તો માનનીય ધારાસભ્યોનું દિલ દુ:ખે અને જો એવું થાય તો એ મને દુ:ખે. આપની બધાની જાણકારી માટે કહું છું. માનનીય ભૂપેન્દ્રભાઇ, આપનો સમય કપાશે નહિ. ચિંતા ના કરશો.

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ(ઘાટલોડિયા) : માનનીય અધ્યક્ષશ્રી, વિકાસ શબ્દ રાજકારણ માટે નવો શબ્દ હશે પરંતુ ભારતીય જનતા પાર્ટીએ આ શબ્દથી ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ તરફ લઇ જઇ અને કાયાપલટ કરી બતાવી છે. નાનામાં નાના માણસને તથા છેવાડાના માણસને ધ્યાનમાં રાખીને ભારતીય જનતા પાર્ટીની સરકારે રાજ્યનો સર્વાંગી વિકાસ કર્યો છે. આપણે સૌ જાણીએ છીએ કે પહેલાં રાજકારણ જ્ઞાતિ અને ધર્મ આધારિત હતું. જ્યારથી ભારતીય જનતા પાર્ટ મેદાનમાં આવી અને સવિશેષ માનનીય નરેન્દ્રભાઇ આવ્યા પછી વિકાસની રાજનીતિ ચાલુ થઇ છે. આ વિકાસની રાજનીતિથી લોકોને ખૂબ લાભ ભારતીય જનતા પાર્ટીને દ્વારા થયો છે. જે લોકો વચ્ચે હશે એ ટકશે. જે લોકો માટે કામ કરશે એ ટકશે. જે લોકોની મુશ્કેલીમાં કામ કરશે એ ટકશે. જે લોકોની સુખાકારી માટે કામ કરશે એ ટકશે. જે કોરોનામાં લોકો વચ્ચે રહી લોકોની સેવા કરશે એ ટકશે. જે લોકોના સર્વાંગી વિકાસ માટે કામ કરશે એ ટકશે. ભારતીય જનતા પાર્ટના દરેક નેતા અને કાર્યકર્તા હરહંમેશ પ્રજાની વચ્ચે રહી અને કામ કરવા ટેવાયેલા છે. આ ગુજરાત રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી આદરણીય વિજયભાઇ રૂપાણી સાહેબ તેમજ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલની આગેવાની હેઠળ અમારી આ સરકારે અનેક ક્ષેત્રોમાં વિકાસની હરણફાળ ભરી છે. જેવી કે કૃષિ અને ખેડૂત કલ્યાણ ક્ષેત્રે વિકાસ, પશુપાલન ક્ષેત્રે વિકાસ, સહકાર ક્ષેત્રે વિકાસ, જળસંપત્તિ ક્ષેત્રે વિકાસ, આદિજાતિ ક્ષેત્રે વિકાસ, શિક્ષણ ક્ષેત્રે વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ ક્ષેત્રે વિકાસ, મહિલા અને બાળ કલ્યાણ ક્ષેત્રે વિકાસ આવા અનેક ક્ષેત્રના વિકાસના મૂળમાં પોતાનું આવાસ હોવું ખૂબ જરૂરી છે. દિવસભરની મહેનત કરી સાંજે દરેક વ્યક્તિ પોતાના ઘરે જવા ઇચ્છતો હોય છ. ઘરે જાય ત્યારે એને આરામ મળે, શાંતિ મળે અને સુરક્ષા મળે માટે જ કહેવાય છે કે, ‘ઘરતીનો છેડો ઘર.’ ઘરતીનો છેડો ઘર એ ઉક્તિ ત્યારે જ સાચી ઠરે જ્યારે વ્યક્તિ પાસે પોતાનું ઘર હોય અને એ પાછું સલામત હોય, એ ઘરની ભીંતોના પોપળા ઊખડી ગયેલા ન હોય, ઘરની છત પડુ પડું થતી ન હોય, એ ઘર મોકળાશવાળું હોવું જોઇએ એ ગુજરાત રાજ્યની સંવેદનશીલ સરકારનું સ્પષ્ટપણે માનવું છે. આવાસ થકી વિશ્વાસ. દરેક વ્યક્તિને પોતાના ઘરનું

સ્વપ્ન હોય છે. એક એવું રહેઠાણ કે જ્યાંથી તેને કોઈ ખસ ન કહી શકે. ગુજરાત રાજ્યની અમારી ભારતીય જનતા પક્ષની સરકારે લોકોની લાગણી સમજી જુદી જુદી અનેક આવાસ યોજનાઓ અમલમાં મૂકી છે. સરકાર દ્વારા પ્રધાનમંત્રી ગૃહ યોજના, મુખ્યમંત્રી આવાસ યોજના, શ્રમ રીડેવલપમેન્ટ યોજના, એફોર્ડેબલ હાઉસિંગ ઈન પાર્ટનરશીપ યોજના, ક્રેડિટ લિંક સબસિડી યોજના, રીડેવલપમેન્ટ પોલિસી, બી.એલ.સી. યોજના. આ આવાસોમાં કુદરતી લાઈટ, પાણી, ગેસની લાઈન, ગાર્ડન, સોલર રૂફટોપનું પણ ધ્યાન રાખવામાં આવે છે. હું વર્ષ ૨૦૨૦-૨૧ની હાઉસિંગ સિદ્ધિઓ કહું તો વર્ષ ૨૦૨૧માં પ્રધાનમંત્રી શહેરી આવાસ યોજના અંતર્ગત એફોર્ડેબલ હાઉસિંગ ઈન પાર્ટનરશીપ ઘટક હેઠળ કુલ ૫,૯૩૯ આવાસો, લાભાર્થીઓની આગેવાની હેઠળ વ્યક્તિગત ઘરના બાંધકામ ઘટક હેઠળ ૨૬,૩૭૪ આવાસો, શ્રમ રીડેવલપમેન્ટ ઘટક હેઠળ ૭૪૦ આવાસો મંજૂર કરવામાં આવેલા છે. તદ્ઉપરાંત ક્રેડિટ લિંક સબસિડી યોજના હેઠળ ૫૩૨૮૧ લાભાર્થીઓને હોમ લોન પર વ્યાજ સહાય મળી રહી છે. આમ, યોજના અંતર્ગત કુલ ૮૬,૩૩૪ લાભાર્થીઓને આવરી લેવામાં આવ્યા. ક્રેડિટ લિંક સબસિડી યોજના હેઠળ અત્યાર સુધીમાં અંદાજે ૨ લાખ ૮૦ હજારથી વધુ લાભાર્થીઓને વ્યાજ સહાયના લાભો આપવામાં ગુજરાત રાજ્યએ દેશમાં અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે હું એટલું કહીશ કે હું વિશ્વના અન્ય દેશોના શહેરોની સાથે આપણા ગુજરાત રાજ્યની શહેરની સરખામણી કરવા ઈચ્છતો નથી. કારણ કે ભારતીય જનતા પક્ષની સરકાર દ્વારા જે જનહિતના કાર્ય થયેલાં છે તેને જોતાં એમ લાગે છે કે, આપણે સર્વોત્તમ બની રહ્યા છીએ. જો બીજા સાથે સરખામણી કરીશું તો આપણો વિકાસ મર્યાદિત થઈ જશે. આપણે અમાપ, અમર્યાદ અને નિરંતર વિકાસ કરવો છે એટલે જ આપણે ઉત્તમમાંથી સર્વોત્તમ થઈશું. આપણા ગુજરાત રાજ્યમાં વસવાટ કરતાં પ્રત્યેક વયજૂથના, પ્રત્યેક સમાજ, ગામ, નગર કે મહાનગરમાં વસતાં વ્યક્તિ આજે ખૂબ જ ખુશહાલ છે. કારણ કે હવે તેમનું જીવન ખુશહાલીથી મહેકી રહ્યું છે. ખુશહાલીની આ મહેક હજુ વધુ પ્રબળ બનશે. પ્રગતિની રાહ હજુ વધુ મજબૂત બનશે. સૌનો સાથ મળી રહ્યો છે કારણ કે સૌનો વિકાસ થઈ રહ્યો છે. આથી જ સૌનો વિશ્વાસ પણ સંપાદન કરી રહ્યા છીએ. આ જ રીતે ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકાર પૂરા ખંતથી નિરંતર અને સર્વોત્તમ વિકાસ કરતી રહેશે તેવો મને દ્રઢ વિશ્વાસ છે. આભાર.

અધ્યક્ષશ્રી : આપનું વક્તવ્ય પૂરું થાય છે. માનનીય દંડકશ્રી અને આ બાજુથી માનનીય પરેશભાઈ એક-બે મિનિટનો ઘણીવાર ફરક પડે છે. જો બંનેની સંમતિ હોય તો આ સત્તા મને આપવામાં આવે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ચર્ચાઓમાં અમારી કાયમી વિનંતી છે અને ગૃહની પરંપરા પણ હોય છે. જે સમય ફાળવ્યો હોય અને એ દરમિયાન બીજા મુદ્દાઓને લઈને ૫-૧૫ મિનિટ કે અરધો કલાક કોઈ ચર્ચા થઈ હોય તો એટલું ગૃહ લંબાવીએ છીએ. આપણું ગૃહ પૂરું થવાનો સમય હોય ત્યારે બંને બાજુની સંમતિથી આપણે ગૃહનો સમય વધારતા આવ્યા છીએ. જેનાથી તંદુરસ્ત ચર્ચા થાય.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : લંબાવવાની વાત નથી, પણ જે મિનિટ બચી હોય એ બીજાને આપે ફાળવી આપવાની વાત (વચ્ચેથી અટકાવતાં) છે.

અધ્યક્ષશ્રી : નહિ. એ વાત નથી. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : અમે સાહેબ આ બાબતમાં કાયમી સંમત છીએ. હું વિનંતી કરું છું ને માનનીય દંડકશ્રીને પણ જેટલો વધારાનો સમય અમારા શ્રી નીતિનકાકા આ ૧૫ દિવસમાં માનનીય સિનિયર મંત્રી દરરોજ લઈ જાય છે. એ લે એટલો સમય એ વધારી દે તો બીજા બધા સભ્યોની ખુલ્લી ચર્ચા થાય.

અધ્યક્ષશ્રી : માનનીય રઘુભાઇ, ૧૬ નંબર, માઇક ચાલુ કરો, માઇક ચાલુ કરો.

શ્રી રઘુભાઇ મે. દેસાઇ: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ ઉપર જે માંગણીઓ લઇને આવ્યા છે, એના ઉપર હું મારા વિચારો રજૂ કરુ છું.

ગુજરાત રાજયમાં નર્મદા મૈયાના આશીર્વાદ ઉતર્યા છે ત્યારે અમારા જે છેવાડાના વિસ્તાર રાધનપુર, સાંતલપુર અને સમીની સિંચાઇની જે પરિસ્થિતિ છે એની હું વાત કરવા માગું છું. અમારા ત્યાં બોરીંગથી સિંચાઇ થઇ શકે તેમ નથી, એનું કારણ કે તળમાં ખારુ પાણી છે ત્યારે સરકારશ્રીને અધ્યક્ષશ્રી આપના દ્વારા હું વિનંતી કરૂ છું કે, સિંચાઇ માટે મેઇન કેનાલ, બ્રાન્ચ કેનાલ અને સબ કેનાલ દ્વારા ઢાળિયાથી પાણી પહોંચે ત્યારે સિંચાઇનું કામ પૂરું થતું હોય છે. યુ.જી.સી.ની પાઇપ લાઇન સુજલામ સુફલામ યોજનાથી જે પાઇપ લાઇનો નાખવામાં આવી, જે વિસ્તાર કમાન્ડ વિસ્તાર બહાર હતો ત્યાં તળાવો અને નાના ડેમો ભરવા માટે જે લાઇનો નાખવામાં આવી, તેમાં કનેકશનો ન મળવાના કારણે આ વિસ્તારમાં એ પાઇપ લાઇનો જમીનની અંદર કાટ ખાઇ રહી છે. ત્યારે હું સરકારશ્રીને વિનંતી કરુ છુ કે, રાધનપુર, સાંતલપુર અને સમીમાં જે પાઇપલાઇન નાખવામાં આવી છે, તેની સાઇઝોમાં પણ ઘણી બધી ગડબડ દેખાય છે. બ્રાન્ચ કેનાલોમાંથી સબ કેનાલ, માઇનર કેનાલો બનાવવામાં આવી, તે અભ્યાસ કર્યા વગર અને આગળ કેટલી જમીનને હેકટરોમાં પાણી પહોંચાડવાનું છે, તેનો અભ્યાસ ન થવાના કારણે વારંવાર પાણી છોડવાથી આ કેનાલો તૂટી જાય છે. એમાં કોન્ટ્રાકટર, અધિકારીઓ અને સરકારની *(xxx) ચોખ્ખી દેખાય છે, જેના લીધે આ કેનાલોની કેપીસિટી પ્રમાણે એની કવોલિટી પણ સચવાઇ નથી, જેના લીધે આ વિસ્તારમાં

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

કેનાલો વારંવાર તૂટી રહી છે. રાધનપુર, સાંતલપુર અને સમી વિસ્તારમાં બે નદીઓ બનાસ અને સરસ્વતી અમારા વિસ્તારમાંથી મૃતપ્રાય છે. જો એમાં ડેમમાંથી પાણી છોડવામાં આવે અને એ નદીઓમાં પણ જો ડેમ બાંધી અને સજીવન કરવામાં આવે તો, અમારા વિસ્તારના ઘણા બધા ગામડાંઓમાં પાણી પહોંચી શકે તેમ છે. રાધનપુર, સાંતલપુર, સમી નર્મદા કેનાલના કમાન્ડ વિસ્તાર બહારમાં રાધનપુરના ૭ ગામ, સાંતલપુરના ૧૨ ગામ અને સમી તાલુકાના ૧૩ ગામ આ કમાન્ડ વિસ્તાર બહાર છે. તો સરકારશ્રીને વિનંતી કરું છું કે, અમારા વિસ્તારના નાના મોટા ૧૦૩ તળાવ ભરવામાં આવે અને નાના જે ૩૪ એક ડેમો છે, એ ભરવામાં આવે તો સિંચાઈનું પાણી આપણે ખેડૂતોને પહોંચાડી શકીએ. ગઈ તાલુકા, જિલ્લાની ચૂંટણીમાં પણ અમારા વિસ્તારના બે ત્રણ ગામો જેમ મસાલી એ બધા ગામોએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો. ખૂબ અધિકારીઓના અમારા મનાવવાથી એ લોકોએ ચૂંટણીમાં મતદાન કર્યું છે. ત્યારે સરકારને અમારી આ વાત વારંવાર કહેવા માગીએ છીએ કે, જયાં સુધી પૂરેપૂરી વ્યવસ્થાઓ ન જળવાય, ગામડાઓ સુધી, ખેડૂતો સુધી, ખેતરો સુધી પાણી ન પહોંચે ત્યાં સુધી આ સિંચાઇના પાણીની વાત પૂરી થતી નથી. સરકારે આ બાબતમાં પોતાનું બજેટ વધારવું જોઇએ અને જયાં જરૂર હોય ત્યાં પાઇપ લાઇનો નાખવી જોઇએ. ભૂમિ સંરક્ષણની વાત કરીએ, સરકારશ્રીએ હજારો એકર જમીનો ઉદ્યોગપતિઓને ગૌચરની અને સરકારી આપી છે. તો સંરક્ષણની બાબતમાં કઇ રીતે વાત કરી શકીએ? જે રીતે સરકાર અત્યારે બાગાયત ખેતી માટે પણ કરોડો રૂપિયાની જમીનો અને કરોડો હેકટર જમીન કોન્ટ્રાકટ ઉપર ૩૦ વર્ષે જયારે ભાડે આપવા જઇ રહી છે, તો જમીનો બચશે નહી, તેનું સંરક્ષણ કઇ રીતે થશે? જે વિસ્તારમાં અમારી નદીઓમાં પાણી આવતા ખૂબ જ તકલીફોના કારણે ધોવાણ થાય છે ત્યાં સંરક્ષણ દીવાલો પણ બનાવવી જોઇએ. હું મારી વાત પૂરી કરતા પહેલા મારી પોતાની એક કવિતાની બે પંકિતઓ કહેવા માગું છું.

**પણ તણખલા માટે મુંગા પશુઓ પણ મરણ પામે છે, આખલાઓ બધું ચરી જાય છે, આડંબરે આભ આભ્યું છે. ભૂખ્યા માનવોના ભસ્મ થઇ રહ્યા છે, દિલ્હીના દરવાજે ડર દેખાય છે, ગાંધીનગરમાં ગરવી દેખાય છે. આડંબરે આભ આભ્યું છે. લોકશાહી સરેઆમ લૂંટાય છે, જગતનો તાત ભિખારી થતો જાય છે, આડંબરે આભ આભ્યું છે.**

માનનીય અધ્યક્ષશ્રી, મારી માંગણીઓને ઘ્યાનમાં લેવામાં આવે એ જ વિનંતી.

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષ મહોદય, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની યોજનાઓ ઉપર હું મારા વિચારો સભાગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું.

સદર બજેટમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માટે ૧૩૪૯૩ કરોડ રૂપિયા જેવી માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે. આપશ્રીના માઘ્યમથી ગૃહને એ જણાવવા માગું છું કે દેશના માનવંતા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં વાયબ્રન્ટ સમિટની શરૂઆત કરી ત્યારબાદ તેઓશ્રીએ જાહેર કર્યું હતું કે ગુજરાતના મહાનગરો અને નગરપાલિકાઓના ક્ષેત્રમાંના વિસ્તારો વેપાર વાણિજયની પ્રવૃત્તિના કેન્દ્ર સમાન બની રહે અને મહાનગરો વિશ્વ કક્ષાનું સ્ટેટસ પામે તે રીતના મારી સરકારના પ્રયત્નો રહેશે. હાલના આપણા સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબના હસ્તક રહેલા શહેરી વિકાસ મંત્રાલય દ્વારા સુંદર કામગીરી થઇ રહેલ છે. શહેરી વિકાસની અગત્યતા સમજીને પ્રત્યેક નાણાકીય વર્ષે શહેરી વિકાસ માટે વ્યાપક નાણાકીય જોગવાઇઓ કરવામાં આવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય દેશના સૌથી વધુ શહેરીકરણ થઇ રહેલા રાજયોમાં મોખરાનું સ્થાન ધરાવે છે. ગુજરાતની આઠ મહાનગરપાલિકાઓ અને ૧ લાખથી વધુ વસતિ ધરાવતી ૨૩ નગરપાલિકાઓ માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રૂપિયા ૪૫૬૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.આ ઉપરાંત નવા ૫૫ હજાર આવાસો માટે રૂપિયા ૯૦૦ કરોડ, સ્માર્ટ સિટી માટે રૂપિયા ૭૦૦ કરોડ, પાણી પુરવઠા માટે રૂપિયા ૬૫૦ કરોડ, મેટ્રો રેલવે માટે રૂપિયા ૫૬૮ કરોડ, સ્વચ્છ ભારત મિશન માટે રૂપિયા ૨૦૦ કરોડ, અંત્યોદય યોજના માટે રૂપિયા ૧૫૦ કરોડ, મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના હેઠળ રૂપિયા ૮૦ કરોડ, નગરપાલિકાના ભૂગર્ભ ગટર યોજના માટે રૂપિયા ૫૦ કરોડ, પ્રધાનમંત્રી આવાસ યોજના તથા મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત ૪,૨૨,૨૫૭ આવાસોનું કામ પૂર્ણ થયેલ છે. હું એ જણાવવા માગું છું કે અમૃત યોજનામાં રૂપિયા ૫૩૮૪ કરોડની રકમના ૪૬૧ કામો હાથ ધરવામાં આવ્યા છે. પીવાનું પાણી પુરવઠાના પૂરતા જથ્થામાં મળી રહે એ માટે ૧૭૪૭ કરોડ રૂપિયાની રકમના ૧૩૫ કામો હાથ ધરવામાં આવ્યા છે. ગંદા પાણીના નિકાલ માટે અને શુદ્ધિકરણ માટે ગટર વ્યવસ્થા માટે રૂપિયા ૩૧૨૧ કરોડની રકમના ૧૦૭ કામો હાથ ધરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા વડોદરાની વાત કરું તો અમે પાંચેય ધારાસભ્યો સાથે મળીને વડોદરાને સુંદર બનાવવા તરફ બેસ્ટ સિટી બનાવવા માટે મહેનત કરી રહ્યા છીએ જેમાં આપનો પણ સમાવેશ થાય છે. વડોદરામાં સો તળાવો આવેલા છે આ સો એ સો તળાવો એને ઉંડા કરવા એનું બ્યુટિફિકેશન કરીને એનું જળસંચયનું પ્રમાણ વધારવું એટલે કે સ્ટોરેજ ક્ષમતા વધારવી અને વનીકરણ અને વૃક્ષારોપાણના કામો હાથ ધરવા જેથી ગ્રીન વડોદરાનું બિરુદ મળવા તરફ જઇ રહ્યા છીએ. પર્કોલીંગ વેલ પણ બનાવીએ છીએ જેથી રસ્તા ઉપર પાણી ભરાય રહેતા નથી અને પાણીને અમે તળાવમાં વાળીએ છીએ. એટલે પાણી ભરાવાનો પ્રશ્ન હવે શહેરમાં રહેશે નહિ તે રીતના અમારા પ્રયત્નો છે. શહેરની તમામ સોસાયટીઓમાં ૮૦:૨૦ યોજના હેઠળ સરકારની ૮૦:૨૦ યોજના હેઠળ આર.સી.સી. ના રોડ બનાવી દેવામાં આવ્યા છે. ગરીબ વસતિમાં પણ રોડ રસ્તા બનાવવામાં આવ્યા છે અને એના કારણે સ્વચ્છતાનું પ્રમાણ સારી રીતે જળવાય છે. સ્માર્ટ સિટી મિશન અંતર્ગત આશરે રૂપિયા ૧૬ હજાર કરોડથી વધારે રકમના કામોને આવરી લેવામાં આવેલ છે. એમાં મુખ્યત્વે ઈન્ટર મોડેલ ટ્રાન્સપોર્ટ હબ,

ઇન્ટીગ્રેટેડ ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ સિસ્ટમ, કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, નાગરિક સુવિધાનું સરળ સંચાલન સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમ, ૨૪ બાય સાત એટલે ૨૪ કલાક માટે પાણી પુરવઠાની વ્યવસ્થા. વરસાદી પાણીના રીચાર્જીંગનું આયોજન, સ્માર્ટ પાર્કીંગ તથા ટ્રાફિક મોનિટરીંગનું આયોજન, નાગરિકો માટે ફરિયાદ નિવારણ વ્યવસ્થા, સિટી સ્કવેર બાંધકામ અને બગીચાઓનું પુનરોત્થાન, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટની આધુનિક પદ્ધતિ, પાણીના સ્ત્રોતોના રીચાર્જનું આયોજન.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી રઘુભાઇ દેસાઇએ તેમના વક્તવ્યમાં *(xxx) શબ્દ વાપર્યો છે. એ અસંસદીય હોવાથી દૂર કરવો જોઇએ.

અધ્યક્ષશ્રી : જોઇ લઇશું.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ વિભાગ વિશે મારી વાત રજૂ કરવા માગું છું. ૯૦-સોમનાથ વિધાનસભામાં વેરાવળ શહેર આવેલું છે. મારા વતન ચોરવાડ શહેરમાં જે અન્ડરગ્રાઉન્ડ ગટરો બનાવેલી છે. ગટરો બનાવેલી છે પણ તે અધૂરી છે. તે ગટરોમાં પંપીંગ હાઉસ નાખવામાં આવ્યા છે પણ તેના નિકાલ માટે જે મશીનરી ફીટ કરવાની આવે છે તે સક્શન મશીન વેરાવળ શહેર અને ચોરવાડ શહેરમાં ફીટ કરવામાં આવ્યા નથી. સક્શન મશીન એટલે જે પાણી શુદ્ધ કરી નાખે અને વેસ્ટ અલગ કાઢે. જો તે મશીન નાખવામાં આવે તો એ સમસ્યા દૂર થઇ શકે છે. આ ન નાખવાના કારણે ગટરો ઉભરાય છે અને રોગચાળો શહેરમાં ફેલાય છે. મારી નમ્ર વિનંતી છે કે તાત્કાલિક ધોરણે સક્શન મશીન ત્યાં ફીટ કરવામાં આવે. મારી ૯૦-સોમનાથ વિધાનસભામાં વેરાવળ શહેરમાં એક મુખ્ય સમસ્યા છે. ૮૦ ફૂટ રોડ ઉપર રેલવે ફાટક આવેલું છે ત્યાં ઓવરબ્રિજ બનાવવા માટે માનનીય નાણામંત્રી નીતિનભાઇએ ગયા બજેટમાં લીધેલું તે આજ દિન સુધી બનેલ નથી. આ ૮૦ ફૂટ રોડ પર આવેલ રેલવે ફાટક એક-એક કલાકે બંધ થાય છે તે મુખ્ય રસ્તો છે અને હજારો લોકો તેનો ઉપયોગ કરે છે. લોકોને આ મોટી સમસ્યા છે. તે વેરાવળના હૃદય સમાન વિસ્તાર છે. મારી નમ્ર વિનંતી છે કે અહીં તાત્કાલિક ધોરણે ઓવરબ્રિજ બનાવે અને વેરાવળ શહેરના લોકોની સમસ્યા દૂર કરે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક વાત કરવા માગું છું કે મારું વતન ચોરવાડ જે જૂનાગઢ જિલ્લામાં આવેલ છે અને તેનો તાલુકો માળિયા-હાટીના છે. તેમાં અક માત્ર ચોરવાડ શહેર છે, ત્યાં નગરપાલિકા આવેલ છે. મને ખુશી છે કે સોમનાથના ધારાસભ્ય તરીકે અને કોરપોરેટર તરીકે હું ચોરવાડમાં સેવા કરું છું. મારા ધર્મપત્ની નગરપાલિકાના પ્રમુખ તરીકે સેવા આપે છે. માળિયા તાલુકો છે ત્યાંથી ચોરવાડ શહેર ૧૫ કિલોમીટર દૂર આવેલું છે. ચોરવાડ શહેરની વસતિ ૫૦થી ૫૫ હજાર છે. આજુબાજુમાં ૨૫થી ૩૦ ગામ આવેલા છે. આજે માળિયા તાલુકામાં લોકોને ૧૫ કિલોમીટર દૂર જવું પડે. ત્યાંના લોકો ખેતી અને મજૂરી સાથે સૌથી વધુ સંકળાયેલા છે. તેને મામલતદાર કચેરીનું કામ હોય કે અન્ય કચેરીઓનું કામ હોય તો પૂરો દિવસ બગાડીને ત્યાં તેમને જવું પડે છે, તો મારી ખાસ નમ્ર વિનંતી છે કે ચોરવાડ શહેરને તાલુકો આપવામાં આવે, કારણ કે તાલુકો આપવામાં આવે તો આ મોટી સમસ્યા દૂર થઇ જાય. માળિયા તાલુકામાં અંદાજે ૬૮ ગામ છે. તેમાં ૩૫ ગામ તો ચોરવાડની નજીક અને ૫૫ હજારની મોટામાં મોટી વસતિ ધરાવતું ચોરવાડ શહેર છે. તો તેને અલગ તાલુકો આપવામાં આવે. મેં અનેકવાર રજૂઆત કરેલી છે. એ તાત્કાલિક ધોરણે કરવામાં આવે. જો તાલુકો આપવામાં આવે તો નગરપાલિકાના કોરપોરેટર તરીકે મારી વિનંતી છે અને હું જવાબદારી લઉં છું કે નગરપાલિકાની વધારાની બિલ્ડીંગ જે સંસ્થાઓ આવેલી છે. મામલતદાર ઓફિસ કે અન્ય કચેરીઓ આવે તેને નગરપાલિકાની કચેરીઓ પણ આપવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી ૯૦-સોમનાથ વિધાનસભાના ગીર સોમનાથની મુખ્ય સિવિલ હોસ્પિટલ આવેલી છે એ વેરાવળ શહેરમાં આવેલ છે. ત્યાં સુપ્રિટેન્ડન્ટની જગ્યા ખાલી છે. તે ચાર્જમાં છે. એમ.બી.બી.એસ. ડોક્ટરની જગ્યા ખાલી છે. બે-ત્રણ વર્ષથી લેબોરેટરી બનેલી છે પણ હજી સુધી શરૂ કરવામાં આવી નથી. એક્સ-રે મશીન છે પણ ત્યાં વોર્ડબોયની જગ્યા ખાલી છે. આવી અન્ય સમસ્યાઓ છે કે જે સિવિલ હોસ્પિટલમાં સ્પેશ્યાલિસ્ટ ડોક્ટરોની જગ્યા પણ ખાલી છે. ત્યાંના કોન્ટ્રાક્ટર ડી.જી. નાકરાણી અને એમ.જી. સોલંકી એ બન્ને કોન્ટ્રાક્ટરો છે, તે લોકોને નોકરી આપતા નથી પણ ઓન પેપર ખોટા નામ લખી અને સરકારમાં રજૂઆત કરે છે અને તેમનો પગાર લે છે. તો તેમના ઉપર કાર્યવાહી કરવા માટે મારી નમ્ર વિનંતી છે. મારા વતન ચોરવાડમાં હોલીડે કેમ્પ આવેલું છે. તે વાત કરતા પહેલાં હું એ પણ કહેવા માગું છું કે આપના ભાજપના ધારાસભ્યશ્રી હિતુભાઇ કનોડિયાએ તેમની પહેલી ફિલ્મની શરૂઆત ચોરવાડ ગામેથી કરી હતી.

અધ્યક્ષશ્રી : વિમલભાઇ, આપનું વક્તવ્ય પૂરું થાય છે. વિરામનો સમય થયો છે.

**(વિરામ બપોરના ૨-૩૦થી ૩-૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી માગણી નંબર-૬૬ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. સિંચાઇ વિભાગ એ ગુજરાત માટે, ખેડૂતો માટે ખૂબ જ અગત્યનો વિભાગ છે અને સિંચાઇની સુવિધા મળે તો જ ખેડૂત એની ખેતી કરી શકે છે. મારે કહેવું જોઇએ કે એક સમયે આપણું ગુજરાત રાજય એ પાણીની અછત ધરાવતા રાજય તરીકે ઓળખાતું હતું. આપણી સરકારના જળસંશાધન માટેના છેલ્લા ૨૫ વર્ષના પ્રયત્નોને

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

કારણે આપણું કામ વોટર મેનેજમેંટ માટેનું રોલ મોડેલ બન્યું છે. હું આનંદ સાથે સન્માનનીય ગૃહના ઘ્યાને મૂકવા માગું છું કે નીતિ આયોગ દ્વારા ગુજરાતને કોમ્પોઝીટ વોટર મેનેજમેંટ ઇન્ડેકસમાં છેલ્લા ત્રણ વર્ષથી સતત પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. મારા વિઘાનસભાના મત વિસ્તારની વાત કરું ત્યારે મારા સંખેડા મત વિસ્તારમાં છોટાઉદેપુરના બોડેલી તાલુકામાં હેરણ નદી આવેલી છે અને હેરણ આડબંધ ઉપર યોજનાની નહેરો કાચી હતી, અત્યારે પણ કાચી જ છે અને વારંવાર સરકારમાં રજૂઆત કરી એટલે લગભગ ૨૦ કિલોમિટર માટે રૂપિયા ૧૪૪૮ લાખના ટેન્ડરો બહાર પાડવામાં આવ્યા છે. કાચી કેનાલ હોવાને કારણે પાણી લીકેજ બહુ થતું હતું અને પાણીનો બગાડ પણ થાય છે પણ પાકી નહેર બનવાથી લગભગ મારા ૮થી ૧૦ ગામોને સિંચાઇનો સારો લાભ મળશે. મારા વિસ્તારમાં જેતપુર પાસે રાજવસાણા ડેમ આવેલ છે એ ડેમ પૂરાઇ ગયો છે અને એ ડેમને માટે ગયા વખતે પણ મેં રજૂઆત કરી હતી કે નસવાડી, જેતપુર અને રાજવાસણા ડેમમાંથી હેરણમાં પાણી આવતું હતું એ ડેમ આજે પૂરેપૂરો ભરાઇ ગયો છે અને અંગ્રેજોના વખતમાં એ ડેમ બનેલો હતો. એ ડેમ અત્યારે થોડોક જર્જરિત થઇ ગયો છે એને જો રીપેર કરવામાં આવે અને એના દરવાજા મૂકવામાં આવે તો મારો નસવાડી વિસ્તાર અને જેતપુર વિસ્તારમાં પાણી ભરાય અને એના રીચાર્જ થકી બોરોમાં પાણી આવે એટલે આ વચ્ચેનો જે વિસ્તાર બાકી રહી જાય છે તો રાજવાસણા ડેમને રીપેર કરવામાં આવે એવી મારી માગણી છે. કરજણ જમણા કાંઠા વિસ્તારની વ્યવસ્થા જાળવવા માટે રૂપિયા ૪૮૬ લાખના ખર્ચે કેનાલોનું કામ હાલ પ્રગતિમાં છે અને છેવાડાના વિસ્તાર સુધી સિંચાઇનું પાણી પણ પહોંચાડી શકાશે. કરજણના જમણા કાંઠામાં નર્મદા જિલ્લામાં ધાનપુર ડીસ્ટ્રીબ્યુટરી, ગોરા ડીસ્ટ્રીબ્યુટરી, પોઇચા ડીસ્ટ્રીબ્યુટરી નહેરોના નવીનીકરણ અને સુધારણાની કામગીરી માટે પણ રૂપિયા ૩,૩૪૬ લાખના ટેન્ડર થઇ ગયા છે જેના કામો ટૂંક સમયમાં થવાના છે. આ સરકાર જે વિષય ધારે છે, જે સરકારના ઘ્યાને આવે છે, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નીતિનભાઇ પટેલ સાહેબને પણ મારે અભિનંદન આપવા પડે, મારા વિસ્તારમાં પણ સારું એવું કામ કરી આપ્યું છે. નર્મદાની જે કેનાલ છે જેનાથી ૧૪૦ ગામોને પાણી અપાતું હતું એમાં એક સાયફન બંધ થઇ જવાને કારણે પાણી નહોતું મળતું, માનનીય નીતિનભાઇ સાહેબને મેં વિનંતી કરી હતી જેના કારણે આજે મારા વિસ્તારના લગભગ ૧૪૦ ગામોને નર્મદાની સિંચાઇનો પણ લાભ મળે છે. મારે બીજું એ ઘ્યાન પર મૂકવું છે કે સાવલી તાલુકામાં જુમકાબ ગામે અને વીટોડ ગામે પણ રૂપિયા ૨૪૨ લાખના ખર્ચે ચેકડેમો બનાવવામાં આવ્યા છે અને આ ચેકડેમો થવાથી સાવલી તાલુકાના જુમકાબ ગામની ૧૫૦ હેકટર જમીનને આનો લાભ મળવાનો છે. વડોદરા જિલ્લાના દેસર તાલુકાના વક્તાપુર ગામે કાકડિયા, કડિયાના મુવાડા પાસે રૂપિયા ૧૮૩ લાખના ખર્ચે ચેકડેમ બનાવવાના ટેન્ડરો મંજૂર થયા છે અને આ ચેકડેમ મંજૂર થવાથી દેસર તાલુકાની આજુબાજુની ૧૫૦ હેકટર જમીનને આનો લાભ મળવાનો છે. મારી લાગણી છે કે મારા નસવાડી તાલુકાના ઘનિયા અમરિયા ગામના તળાવમાંથી જે પાણી લેવાય છે એ કેનાલ તૂટી ગઇ છે. ગયા વર્ષે પણ મેં આ રજૂઆત કરી હતી પણ આજ સુધી એને ઘ્યાનમાં લેવામાં આવી નથી. આ કેનાલ રિપેર થાય. સાઇફનો તૂટી ગયા છે. ગેટ તૂટી ગયા છે તો એને ઘ્યાને લેવામાં આવે એવી માગણી છે. મારી બીજી લાગણી છે કે સંખેડા અને બોડેલી તાલુકામાં ઓરસંગ નદીમાં રેતી ખનન થવાના કારણે પાણીના સ્તર નીચા થઇ ગયા છે. એના માટે ચેકડેમ મંજૂર કરવા માટે સંખેડા અને ....

અઘ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી ચંદનજી ત. ઠાકોર(સિદ્ધપુર) : માનનીય અઘ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી માગણી નં. ૬૬ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અઘ્યક્ષશ્રી, હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે સિદ્ધપુરમાં માધુપાવડી ખાતે સરસ્વતિ નદી ઉપર એક મોટો ચેકડેમ બનાવેલ. નર્મદાના પાણી અને ધરોઇનું પાણી આ નદીમાં નાખીને તેને ભરવામાં આવેલ. સાધુ સંતોની ઉપસ્થિતિમાં વધામણા પણ કરવામાં આવેલા. મોટી જાહેરસભા પણ કરવામાં આવેલી. ત્યાં નર્મદા અને ધરોઇનું પાણી નાંખવામાં આવેલું. પરંતુ ત્યાર પછી આજ દિવસ સુધી સરસ્વતી નદીમાં પાણી નાખવામાં આવ્યું નથી. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે જો સરસ્વતિ નદીમાં પાણી નાખવામાં આવે તો ઉત્તર ગુજરાતના ખેડૂતો માટે જીવાદોરી બની રહે અને ખેડૂતો માટે તળ ઉંચા આવે. જળસંચય યોજના માટે ૨૨૬ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. રાજયમાં ચેકડેમો, તળાવો ઉંડા બનાવવા જેવી સારી સ્કીમો છે અને એને આવકારીએ છીએ. મારા મત વિસ્તારમાં સરસ્વતી તાલુકાના ગામોનો સમાવેશ થાય છે. સિદ્ધપુર તાલુકાના ૩૦ જેટલા કાકોશી ગામો આવેલા છે. આ ગામોને દાંતીવાડા કે ધરોઇના પાણીનો કોઇ લાભ મળતો નથી. તેના કારણે ટ્યૂબવેલના પિયત ઘણા ઉંડા ગયા છે. ૫૦૦થી ૧૨૦૦ ફૂટથી પાણી ખેંચવું પડે છે. ૭૫થી ૧૦૦ હોર્સ પાવરની મોટરનો ઉપયોગ કરવો પડે છે. જો જળસંચયના તળાવો ઉંડા કરવામાં આવે અને મુક્તેશ્વર ડેમ સુધીની બન્ને બાજુની પાઇપ લાઇન ૭ કિલોમિટર ગામના તળાવમાં નાખવાની ૨ કિલોમિટર વધારાની મંજૂરી આપી છે એમાં જો ૭ કિલોમિટર કરવામાં આવે તો આજુબાજુના સિદ્ધપુર વિધાનસભાના ગામડાઓને પૂરતો ન્યાય મળે. સિદ્ધપુર તાલુકાના કાકોશી વિસ્તાર ગામોને દાંતીવાડા જળાશય યોજના સાથે જોડાયેલ છે. કાકોશી વિસ્તારનો મુખ્ય વ્યવસાય કૃષિ અને પશુપાલન છે. નર્મદા યોજના આધારિત સુજલામ સુફલામ યોજનાની પાઇપ-લાઇનથી નર્મદાનું પાણી દાંતીવાડા જળાશયમાં નાખવામાં આવે છે. દાંતીવાડા જળાશયની યોજના કમાન્ડ વિસ્તાર વધારી સિદ્ધપુર તાલુકાના આજુબાજુના જે કાકોશીના ૩૦ ગામો છે એને આ યોજનાનું પાણી આપવામાં આવે તો એમને સિંચાઇનો લાભ મળે એવી મારી વિનંતી છે.

બનાસકાંઠાના વડગામ તાલુકાના ઉમરેચા ખાતે એક ચેકડેમ બનાવેલ છે. સરસ્વતિ નદી ઉપર કોંગ્રેસની સરકારે એક મોટો ચેકડેમ બનાવેલ હતો. આ મોટો ચેકડેમ હોવાથી પાણી ભરવું જરૂરી છે. નર્મદા યોજના આધારિત સુજલામ સુફલામ યોજનાનું ખોરસંગ, માધપુર, ડીંડોલ, મુક્તેશ્વર પાઇપ લાઇન મુકતેશ્વર ડેમમાં પાણી ભરવા આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને માગણી કરું છું. ઉમરેચા ડેમમાં પાણી ભરાતાં નજીકના ખેડૂતો લિફ્ટ ઈરિગેશનથી પાણીનો વપરાશ ખેતરની સિંચાઇ માટે કરી શકે એમ છે. ઉમરેચા ચેકડેમમાં પાણી ભરાવાથી આજુબાજુના વિસ્તારમાં પાણીના તળ ઉંચા આવશે અને ખેડૂતોને પૂરતો લાભ મળી શકશે. એથી ઉમરેઠિયા ચેકડેમમાં સુજલામ સુફલામની પાઇપ લાઇન દ્વારા, ડીડોરા પાઇપ લાઇન દ્વારા જો આ પાણી નાખવામાં આવે તો ચોક્કસપણે ત્યાંના ખેડૂતોને આજુબાજુમાં કોઇ નેહરની કોઇ સુવિધા નથી તો આનાથી પણ સિંચાઇમાં મોટો લાભ થાય એવો છે. પાટણ જિલ્લાના સિદ્ધપૂરમાં પસાર થતી સરસ્વતી નદી, સિદ્ધપૂરથી પાટણ સુધી તેના પટમાં મોટા પ્રમાણમાં પથરાયેલી છે. આ નદીમાં છેક સિદ્ધપૂરથી માંડીને પાટણના બૅરેક સુધી ગાંડા બાવળોનું સામ્રાજ્ય ફેલાયેલું છે. જો આ બાવળોનું કટિંગ કરવામાં આવે તો ચોમાસામાં જે પાણીનું વહેણ આવે છે તેનાથી ચોક્કસપણે ઉત્તર ગુજરાતના નદી કાઠાંના કિનારાના જે ગામડાઓ છે એમાં પાણી આવે તેનાથી જો સંગ્રહ થાય તેના કારણે પણ જો ઝાડ કાપી નાખવામાં આવતા રસ્તો ક્લિઅર થતા પાણી પણ વહે અને એ પાણીથી કિનારાના બંને બાજુએ મોટા પ્રમાણમાં ખેતરોમાં ધોવાણ થાય છે તો ખેતરોનું ધોવાણ અટકાવવા માટે ગાંડા બાવળ દૂર કરવા માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીને આપના દ્વારા વિનંતી કરું છું. સરસ્વતી નદી ઉપર બૅરેક ઘણાં વર્ષો પહેલા બનાવવામાં આવેલ. (સમય સૂચક ઘંટડી )

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય ગોવિંદભાઇ પટેલ. (અંતરાય) મારી પાસે એકેય મિનિટ નથી અને કોઇ સંમત થતું નથી એટલે મને માફ કરજો. સરકારને લખીને આપી દેજો.

શ્રી ગોવિંદભાઇ પટેલ(રાજકોટ-દક્ષિણ) : માનનીય મુખ્યમંત્રીશ્રીના સામાન્ય વહીવટ વિભાગ માગણી નંબર ૩૦, ૩૧ અને ૩૩ અંગેના મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કહેવાય સામાન્ય વહીવટ વિભાગ પણ આ સામાન્ય વહીવટ વિભાગ તમામ પ્રકારની જવાબદારીથી ભરપૂર હોય છે. કોઇ પણ અછત, દુષ્કાળ, વાવાઝોડું, અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, સુનામી હોય કે કોરોનાનો મહાકાળ હોય. આ સમયે આ તંત્રને સતત જાગૃત રાખીને એ દોડતું તંત્ર સામાન્ય વહીવટ વિભાગ છે. મેં જોયું છે કે આ કોરોનાના કપરા કાળની અંદર તંત્રએ જે કામગીરી કરી, ઓચિંતાનું લોકડાઉન આવ્યું અને લોકડાઉનની અંદર ગુજરાતના હજારો લોકો કોઇ ધંધાર્થે ગયા હતા, કોઇ ફરવા કે પ્રવાસ ગયા હતા એ લોકો એ જગ્યાએ ફસાઇ ગયા હતા એવા લોકોને ફરીથી વતનમાં પહોંચાડવાનું કામ એ અતિ કપરું કામ હતું. કારણ કે વાહન વ્યવહાર બંધ હતો. વિમાનો, ટ્રેઇનો અને બસો બંધ હતી એ સમયે આ સામાન્ય વહીવટ વિભાગે જે તે તંત્રનો સંપર્ક કરીને લોકોને વતનમાં પહોંચાડવાનું જબજસ્ત કપરું કાર્ય હતું એ પૂર્ણ કરવામાં પણ આ તંત્રનો મહત્ત્વનો હિસ્સો રહ્યો છે. ગયા વખતે ગયા માર્ચની અંદર જે કોરોનાના કારણે વિધાનસભા પણ મોકુફ રહી અને એ સમયે એવી જાહેરાત કરવામાં આવી કે આ કપરા સમયને પહોંચીવળવા માટે ધારાસભ્યશ્રીઓનો ૩૦ ટકા પગાર કાપી લેવામાં આવશે અને સરકારમાં જમા કરવામાં આવશે. એ કપરા કાળમાં ધારાસભ્યશ્રીઓએ સહયોગ આપીને એમાં સાથે ઊભા રહ્યાં.

માનનીય અધ્યક્ષશ્રી, એક ગુજરાતી તરીકે ગુજરાતીનું ખમીર, ખુમારી અને એનું પાણી કંઇક જુદું છે. એક કવિએ કહ્યું છે કે - ''જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત'' અને એના કારણે આ ગુજરાતીની ઓળખ અલગથી ઓળખાય, ગુજરાતીનો ડેટાબેઇઝ અલગથી થાય તેના માટે વહીવટી તંત્રએ વર્ષ ૧૯૯૮માં અલગથી પ્રભાગ બનાવ્યો છે એના કારણે અલગથી ડેટા બને છે અને જ્યાં જ્યાં ગુજરાતનો ખમીરવંતો માણસ આખા દેશના કોઇપણ રાજ્યની અંદર વસતો હોય, પરદેશની અંદર કામ કરતો હોય અને પરદેશમાં વસતો હોય તો એના માટે એન.આર.આઇ. નીચે ૨૨૫/-રૂપિયા નોંધણી ચાર્જ લઇને નોંધણી પણ થાય છે. એ પાંચ ડોલર મોકલે તો એનું અલગથી કાર્ડ પણ આપવામાં આવે છે અને આ કાર્ડ લઇને કોઇપણ વિભાગમાં જાય તો એને પ્રાયોરિટીથી કામ કરવા માટે વહીવટી તંત્રને પણ જવાબદારી સોંપવામાં આવી છે. જે પ્રકારે કોરોનાના કાળની અંદર જે લોકો ઊભા રહ્યાં અને કપરા સંજોગોમાં કામગીરી કરી અને એ જ રીતે બિન નિવાસી ગુજરાતીઓ જ્યાં જે જે પ્રાંતની અંદર વસે છે અને એ પ્રાંતની અંદર આપણે જોઇએ છીએ કે કોઇપણ દેશના કોઇપણ મોટા શહેરની અંદર જઇ તો એ શહેરમાં ગુજરાતી સમાજની અલગ ઓળખ હોય છે. મદ્રાસ જાવ, જયપુર જાવ, ઉદેપુરમાં જાવ તો ત્યાં ગુજરાતી સમાજ છે. આ ગુજરાતીની ઓળખ એ ગુજરાતના જયાં લોકો વસે છે એના દ્વારા સમાજનું નિર્માણ કરવામાં આવે છે અને એની અંદર રાજય સરકાર પણ પોતાનો હિસ્સો આપે છે. ૪૦ ટકા અથવા રૂપિયા ૪૦ લાખ બેમાંથી જે ઓછું હોય એ હિસ્સો રાજયની તિજોરીમાંથી રાજય સરકાર આપે છે. આ પ્રકારના સમાજો દેશભરની અંદર અસ્તિત્વમાં આવેલા છે. ગુજરાતી કાર્ડ, પરદેશમાં નોકરીવાંચ્છુકો, ભૂતકાળની અંદર આપણે જોયું છે કે અનેક એજન્સીઓ એવી કુટી નીકળી હતી કે દુબઇ જવું હોય, કુવૈત જવું હોય તો અમે તમને આટલો પગાર અપાવીશું. તમને લાવીશું, લઇ જઇશું અને ૫-૫, ૧૦-૧૦ લાખ રૂપિયા એ કુટુંબો પાસેથી પડાવી લેવામાં આવતા હતા. એના માટે પણ કેન્દ્ર સરકારે સ્પેશિયલ એજન્સી નીમીને સ્પેશિયલ પ્રભાગ બનાવીને આ લોકો લુંટાય નહીં, પૈસા ખર્ચે તો એને ત્યાં નોકરી પણ મળી જાય એ સિકયોરીટી સાથેની વ્યવસ્થા પણ સરકારે, આ વિભાગે કરી. ગુજરાત દર્શન, ગુજરાતની અંદર જે જે જોવાલાયક સ્થળો છે એ ૬૦થી ૭૦ વર્ષની ઉંમરના દેશભરના કોઇપણ વ્યક્તિ

ગુજરાતમાં આવે અને એને દર્શન કરવું હોય, ગુજરાતની સંસ્કૃતિ જોવી હોય, એ સંસ્કૃતિ ભુલાય નહીં એ ઈતિહાસ બતાવવા માટે પણ પ્રયાસ કર્યો છે, વ્યવસ્થા કરી છે. એન.આર.જી. અને એન.આર.આઇ.ના જીવનમાં અનેક પ્રશ્નો ઉપસ્થિત થતા હોય છે. એ પ્રશ્નના ઉકેલ માટે પણ અલગથી વ્યવસ્થા કરવામાં આવી છે. એને અલગથી સાંભળવામાં આવે છે અને એના પ્રશ્નના નિકાલની અલગથી વ્યવસ્થા કરવામાં આવે છે. જે રીતે લોકો ફસાયેલા હતા મને બરાબર યાદ છે કે ચિત્રકૂટની અંદર અમારા રાજકોટના...

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર-પાવી): માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના મંત્રી સામાન્ય વહીવટ વિભાગ, નર્મદા જળસંપત્તિ વિભાગ અને શહેરી વિકાસ વિભાગની માગણી લઇને આવ્યા છે. સરકાર જો માગણી લઇને આવતી હોય તો અમારા આદિવાસી વિસ્તારની માગણીઓ પણ અમારે આ ગૃહ સમક્ષ રજૂ કરવાની રહેતી હોય છે. ગાંધીનગરમાં આપણું સચિવાલય છે. એ સચિવાલયમાં જે કર્મચારી વયનિવૃત્ત થાય એ જગ્યાઓ ભરવાની હોય એ ભરાતી નથી. રાજયના વહીવટ માટે અગાઉ સિનિયર, એનાથી અધિક સિનિયર, એનાથી ઉપલી કક્ષાના કર્મચારી જેમ જેમ નિવૃત્ત થતો જાય તેમ નીચલા કર્મચારીને તાલીમ આપીને તૈયાર કરવામાં આવતો હોય છે. અહીંયા એવું થતું નથી એવું દેખાઇ રહ્યું છે અને ખાસ કરીને આ રાજયના સચિવાલયમાં વર્ગ-૧, વર્ગ-૨ આ બે પ્રકારની જગ્યાઓમાં એસ.ટી., એસ.સી.ને પ્રમોશન આપવાની ફાઇલો વર્ષ ૨૦૧૯થી પડતર છે. મારી સામે દેખો છો ખરા પણ મંગાવીને જરા જોવડાવી લેજો એટલા માટે મારા ધ્યાનમાં છે. રીયલી વાત કરું છું ખોટી વાત નથી કરતો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જોઉં તો પણ વાંધો અને ન જોઉં તો પણ વાંધો. હું ગંભીરતાથી તમને સાંભળું છું. સાહેબ, એમની સામે જોઉં નહીં?

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : યસ, યસ. ઓ.કે. અમારી લાગણી છે. ગુજરાતના આદિવાસી સમાજની લાગણી છે, એસ.સી. સમાજની લાગણી છે, બક્ષી સમાજની લાગણી છે કે અમારી ગૌણ સેવા પસંદગી મારફતે જે ભરતીઓ થવી જોઇએ એ ઝડપથી થાય એ થતી નથી. ગુજરાતમાં મેં અગાઉ કીધું તેમ દરેક વિભાગમાં રોસ્ટર પોઇન્ટ રજિસ્ટર નિભાવવાનું થતું હોય છે. રોસ્ટર રજિસ્ટર નહીં નિભાવવાને કારણે આ સમાજના માણસોને નુકસાન થઇ રહ્યું છે અને એ સરકાર પોતે સમજે, વિચારે અને જાણે. મને ચોક્કસ ખ્યાલ છે કે તા. ૧-૪-૨૦૧૦થી વર્ગ-૪ની ભરતી કરવાનું આપણે બંધ કર્યું અને ભરવાનું બંધ કર્યા પછી આ બધી જગ્યાઓ આપણે આઉટ સોર્સથી ભરીએ છીએ. આઉટસોર્સથી જગ્યાઓ ભરતા હોઇએ ત્યારે અમારી સૌની લાગણી છે કે આઉટ સોર્સથી જે ભરતી થાય છે એમાં એસ.સી., એસ.ટી. બક્ષીનું સાત ટકા, ચૌદ ટકા અને ૨૭ ટકા લેખે ચોક્કસ ધોરણ જળવાવું જોઇએ. અમે જે દેખીએ છીએ. અમારા વિસ્તારમાં બહારથી લોકો આવે છે. અમારા આદિવાસી એસ.સી., એસ.ટી. કોઇનું ધોરણ જળવાતું નથી. એમાં વ્હાલા-દવલાની નીતિ અપનાવવામાં આવતી હોય તેવું દેખાઇ રહ્યું છે. એલ.આર.ડી. નો પ્રશ્ન બાબતે ગઇ વખતે આપ મધ્યસ્થી હતા. ગૃહમંત્રી પણ મધ્યસ્થી હતા. ભરતી થઇ અને છોકરા ઉપવાસ ઉપર બેઠા હતા. એમને કહેવામાં આવ્યું કે નવી જગ્યાઓ ઊભી કરીને સમાવેશ કરીશું. સરકારે નવી જગ્યા ઊભી કરી નથી અને ઊભી કરી હોય તો પાસ થયેલ છોકરાઓ અને ખાસ કરીને અમારા શ્રી ગણપતભાઇ સાહેબની જે વિશ્લેષણ સમિતિ છે, એ વિશ્લેષણ સમિતિએ પાસ કર્યા છે, એવા ઉમેદવારો રાહ જોઇને બેઠા છે, એની નિમણૂકના હુકમ હજુ થયા નથી. આદિવાસી વિસ્તારમાં લોકો પૂછે છે કે ગાંધીનગર જાવ છો તો શું કરો છો? તમને વિનંતી છે કે જે પરીક્ષા પાસ કરીને બેઠા છે, તેવા છોકરાઓને વહેલી તકે નોકરી આપો.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇ ખાતા હસ્તક જળ સંશોધન અને મોજણી વિભાગ હોય છે. એમાં રાજયના કયા કયા વિસ્તારમાં પાણીના સ્ત્રાવો છે. જેમાં ડેમો થઇ શકે, તળાવો થઇ શકે, એની માહિતી ભેગી કરવામાં આવતી હોય છે. મારી માગણી છે કે આદિવાસી વિસ્તારમાં સાબરકાંઠાથી માંડીને ડાંગ સુધીના ભાગમાં જ્યાં પાણીનો સોર્સ હોય ત્યાં તળાવો બનાવો, ડેમ બનાવો અને એનો યુનિટ કોસ્ટ વધારે થતો હોય તો પણ આદિવાસી વિસ્તારને એક્સ-ગ્રેશિયા તરીકે વધારે ભાવ ચુકવીને પણ ડેમ બનાવીને પાણીની સગવડ આપવા માટે વિનંતી કરું છું. નર્મદા અને મુખ્ય નહેરના ભાગમાંથી નસવાડી, બોડેલી, સંખેડા તાલુકાના ગામોમાં ઉપરવાસમાં ૫ કિ.મી., ૭ કિ.મી., ૮ કિ.મી. સુધીનો ભાગ છે એમાં પીવાનું પાણી આપવાની વાત થઇ હતી. સિંચાઇનું પાણી લિફ્ટ ઈરીગેશન કરીને આપવાની વાત થઇ હતી. એનો કોઇ જગ્યાએ સરવે થયો કે નહિ મને ખબર નથી.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી વિવેક ન. પટેલ(ઉધના): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ સન ૨૦૨૧-૨૨ના વર્ષના અનુદાન માટેની માગણીઓ લઇને આવ્યા છે, એનું સમર્થન કરું છું. શહેરી આવાસન માટેની માગણી ક્રમાંક ૧૦૧ ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘર એટલે શું? ઘર એટલે હાંશ, ઘર એટલે નિરાંત, ઘર એટલે મારા સપનાનું ઘર. આપણે કહીએ છીએ કે ધરતીનો છેડો એટલે ઘર. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે મુખ્યમંત્રી ગૃહ યોજનાની શરૂઆત કરી અને વર્ષ ૨૦૧૫ની વાત કરું તો વર્ષ ૨૦૧૪માં પ્રધાનમંત્રી તરીકે પ્રથમ ટર્મ

તરીકે ચૂંટાયા અને વરણી થઇ ત્યારે તેમણે વર્ષ ૨૦૧૫માં પ્રધાનમંત્રી આવાસ યોજનાનો શુભારંભ કરાવ્યો. હાઉસિંગ ફોર ઓલ વર્ષ ૨૦૨૨ના મિશનને સાકાર કરવા માટે અમારી સરકાર પ્રતિબદ્ધ છે અને કટિબદ્ધ છે. વર્ષ ૨૦૨૧-૨૨માં શહેરી આવાસનો માટે રૂપિયા ૯૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે, જે પૈકી પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી માટે રૂપિયા ૭૦૦ કરોડની માતબર જોગવાઇ કરવામાં આવી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરમાં ૪ ઘટકો છેઃ પહેલું ઘટક ઝૂંપડપટ્ટી પુનઃવસન ઘટક. બીજું, ક્રેડિટ લીંક સબસિડી સ્કીમ સી.એલ.એસ.એસ. સ્કીમ. અને ત્રીજું ઘટક એફોર્ડેબલ હાઉસિંગ ઇન પાર્ટનરશીપ એટલે એ.એચ.પી. ઘટક. ચોથું ઘટક લાભાર્થીની આગેવાનીમાં વ્યક્તિગત ઘર માટે સબસિડી એટલે કે બી.એલ.સી. ઘટક. ઝૂંપડપટ્ટી પુનઃવસન ઘટકમાં શહેરી વિસ્તારમાં ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને ૩૦ ચોરસ મીટર સુધીનું પાકું મકાન એ સ્થળ ઉપર આપવામાં આવે છે. સી.એલ.એસ. ઘટકમાં શહેરી વિસ્તારમાં વસવાટ કરતા કુટુંબો સરળતાથી આવાસ લઇ શકે તે માટે પ્રથમ આવાસ માટે લીધેલી લોન ઉપરના વ્યાજમાં મહત્તમ ૬.૫ ટકા સુધીના દરે રૂપિયા ૨ લાખ ૬૭ હજાર સુધીની વ્યાજ સહાય આપવામાં આવે છે. પરંતુ આની અંદર ૨૦૦ ચો.મી. સુધીનું આવાસ હોવું જોઇએ અને સાથે સાથે લાભાર્થીની વાર્ષિક આવક રૂપિયા ૧૮ લાખ સુધીની હોવી જોઇએ. એ.એચ.પી. કેટેગરીની અંદર ઇ.ડબલ્યુ.એસ-૧ કેટેગરીની અંદર ૩૦ ચો.મી. અને ઇ.ડબલ્યુ.એસ-૨ કેટેગરીની અંદર ૩૧થી ૪૦ ચો.મી.ના આવાસો બનાવવામાં આવે છે. પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) અંતર્ગત કુલ ૭ લાખ ૧૪ હજાર આવાસો મંજૂર કરવામાં આવ્યા છે. જે પૈકી ૪ લાખ ૬ હજાર આવાસોની કામગીરી પૂર્ણ કરેલ છે અને બાકીના આવાસો વિવિધ તબક્કે પ્રગતિ હેઠળ છે. વર્ષ ૨૦૨૧-૨૨માં એ.એચ.પી. ઘટક હેઠળ ૧૫ હજાર આવાસોનું આવાસોનું આયોજન કરેલ છે. બી.એલ.સી. ઘટક હેઠળ ૨૦ હજાર આવાસોનું આયોજન કરેલ છે અને સી.એલ.એચ ઘટક હેઠળ ૨૦ હજાર આવાસોનું આયોજન કરેલ છે. અમારી સરકાર પરવડે તેવા વ્યાજબી કિંમતના આવાસો તો આપી રહી છે, ખૂબ સરસ આવાસો બનાવી રહી છે, અડીખમ આવાસો પણ બનાવી રહી છે. બહુમાળી આવાસની અંદર ભૂકંપ પ્રતિરોધક આવાસો પણ બનાવવામાં આવે છે. પરંતુ જો થોડીક ટેકનિકલ વાત કરું તો બહુમાળી આવાસોની અંદર અમે ફલેટ સ્લેબ, ગ્રેવીટી કોલમ અને સાથે સાથે સીયરવોલ ટેકનોલોજીથી બહુમાળી આવાસો બનાવીએ છીએ. ભૂતકાળમાં ગોતા ખાતે અમદાવાદની અમારી ગુજરાત હાઉસિંગ બોર્ડની સ્કીમ છે તેમાં બનાવવામાં આવ્યા છે. જહાંગીરવાડ સુરતની અંદર પણ આ પ્રકારનું આયોજન કરેલ છે. સાથે સાથે સાણંદમાં પણ આ પ્રકારની ટેકનોલોજીનો ઉપયોગ કરેલો છે. એક મહત્ત્વની વસ્તુ આપના માધ્યમથી ધ્યાન પર મૂકવા માગું છું કે, ગુજરાતની અંદર પ્રથમવાર સરદાર હાઇટસ વલસાડની અંદર જે આવાસો બનાવ્યા તેની અંદર માઇવાન ટેકનોલોજીથી એટલે કે એલ્યુમિનિયમનું માઇવાન ફોર્મવર્ક હોય અને તેની સાથે સાથે આર.સી.સી.વોલ તથા સ્લેબનું કન્સ્ટ્રક્શન એકી સાથે થતું હોય છે. આ સાઇટ જોવા માટે દક્ષિણ ગુજરાતની અંદરથી લગભગ ૭૫થી વધારે બિલ્ડર્સ એસોસિએશન હોય, ક્રેડાઇ હોય તેના મિત્રો તેની મુલાકાતે આવ્યા હતા. ગુજરાત હાઉસિંગ બોર્ડની અમદાવાદ ખાતે શાસ્ત્રીનગરની જે સાઇટ છે તેને સરદારનગર આવાસ નામ આપેલ છે તેને પણ જે પ્રકારની ટેકનોલોજી છે, તેનું જે પ્રકારનું કામ હતું તેના ડીટેઇલિંગમાં જતો નથી પણ તેની મુલાકાતે ૧૦૦થી વધારે એન્જિનિયરો આવેલા હતા. બી.એલ.સી. ઘટકની અંદર બહુ ડીટેઇલમાં વાત કરતો નથી. મને જણાવતાં ખૂબ આનંદ થાય છે કે, પ્રધાનમંત્રી આવાસ યોજનાની અમલવારીની અંદર ગુજરાત નંબર-૧ છે અને ગુજરાત અગ્રસ્થાને છે. કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને ખૂબ એવોર્ડ મળ્યા છે. તે એવોર્ડની ડીટેઇલમાં ચર્ચા નથી કરતો. પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી આવાસ ૨૦૧૯ અંતર્ગત પોલિસી ઇનિસિએટીવ આ જે બધી પોલિસી છે અને આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી પ્રથમ વખત પ્રધાનમંત્રી બન્યા ત્યારે વર્ષ ૨૦૧૫માં પ્રધાનમંત્રી આવાસ યોજનાનો ઐતિહાસિક નિર્ણય કર્યો હતો.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય અમરીષભાઇ ડેર.

શ્રી અમરીષભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના મુખ્યમંત્રીશ્રી હસ્તકનો વિભાગ એટલે કે, શહેરી વિકાસ વિભાગના બજેટની માગણીઓ ઉપરની ચર્ચામાં ભાગ લેવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસની જ્યારે વાત આવે ત્યારે હું એવું માનું છું કે, મને અને તમને સૌથી પહેલો વિચાર એ આવે કે ગામની અંદર સફાઇ કેવી છે? એટલે સ્પષ્ટપણે મારું અને તમારું ધ્યાન સફાઇ કામદારોની વાત ઉપર જાય, સફાઇ કામદારોની માગણીઓ ઉપર અને સફાઇ કામદારોની બાબતો ઉપર જાય. આ રાજ્યની અંદર અને આ દેશની અંદર વંચિતો માટેની વાત થાય છે, પીડિતો માટેની વાત થાય છે, શોષિતો માટેની વાત થાય છે પણ મહદ્અંશે ઉપેક્ષિતો બાબતની વાત ઓછી રીતે થઇ રહી છે. ત્યારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માટે ઉભો થયો છું. સ્વચ્છતા ત્યાં પ્રભુતા, જે જગ્યાએ સ્વચ્છતા હશે અને જે જગ્યાએ ચોખ્ખાઇ હશે તે જગ્યાએ માણસ અથવા તો પશુપક્ષી સૌથી વધુ રહેવાનું પસંદ કરશે અથવા તો વિચારશે. એટલા માટે કે, જો માણસ સ્વચ્છ વિસ્તારમાં રહેશે તો તેને સ્વચ્છ વિચારો આવશે અને સ્વચ્છ વિચારો આવશે તો તેનું ઇમ્પ્લીમેન્ટેશન થશે અને હું એવું માનું છું કે, ખરેખર પ્રગતિ થશે. આપના માધ્યમથી માનનીય મંત્રશ્રીનું ધ્યાન દોરવા ઇચ્છું છું કે, બ-વર્ગની નગરપાલિકા હોય, ક-વર્ગની નગરપાલિકા હોય કે ડ-વર્ગની નગરપાલિકા હોય ત્યાંના સફાઇ કામદારોની આજે શું સ્થિતિ છે? પચાસ-પચાસ વર્ષોથી તેને જે કવાર્ટરો ફાળવવામાં આવ્યા હતા આજે તેની તે જ સ્થિતિમાં મોટાભાગની નગરપાલિકાઓમાં આ વાલ્મિકી સમાજના લોકો એટલે કે સફાઇ કામદારો રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સફાઇની વાત આવે ત્યારે આપણે સ્વચ્છ શહેરની વાત કરીએ પણ એ સ્વચ્છતા રાખનાર જે સમાજ છે, જે પાયાના લોકો છે એમને પણ ઉપેક્ષિત ન થવું પડે એની વિનંતી માટે હું ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, હું વિનંતી કરી રહ્યો છું આપને કે એની રહેવાની વ્યવસ્થા શું છે એ આપણે જોઇએ, એની નોકરીની વ્યવસ્થા શું છે એ આપણે જોઇએ, એના પરિવારનું ગુજરાન ચલાવવાની સ્થિતિ શું છે એ પણ હું અને તમે જોઇએ તો બહુ દુઃખ સાથે કહેવું પડે છે કે, આ કોન્ટ્રાક્ટ સિસ્ટમની જે વાત છે એના હિસાબે ૭૦ ટકા પગાર પણ એને મળતો નથી. મને એક વાત યાદ આવે છે, હમણાં સોશિયલ મિડિયામાં હું એક વિડિયો જોતો હતો એમાં જોયું તો સવારે પોતાની સાત વર્ષની દીકરીને સ્કૂલે મૂકવા જવા માટે એક માં એમના ઘરમાંથી બહાર નીકળે છે ત્યારે એક આઠ વર્ષનો બાળક એની વીસ વરસની કે પચ્ચીસ વરસની માતા સાથે કચરો વિણવાનું કામ કરે છે એ એના ઘરે કચરો લેવા આવે છે ત્યારે પેલી નાની બાળાએ એની માતાને પૂછ્યું કે મમ્મી આ કોણ છે? તો એની માતા કહે છે કે, કચરાવાળા છે. તો દીકરીએ જવાબ આપ્યો કે એ તો કચરા લેવાવાળા છે પણ કચરો તો હું અને તમે આપીએ છીએ તો કચરાવાળા હું અને તમે નથી? એટલે વિનંતી કરું છું કે, આ લોકો અત્યારે ઉપેક્ષિત જીવન જીવી રહ્યા હોય એવું મારું માનવું છે એટલે આગામી સમયમાં એને યોગ્ય પગાર મળે, કોન્ટ્રાક્ટ સિસ્ટમ નાબૂદ થાય અને વર્ષોથી એની પેઢીઓથી જે નોકરી કરી રહ્યા છે એની સ્થિતિ સુધરે એ જરૂરી છે. પણ જો સ્થિતિ ન સુધારી શકીએ અને એની પાસે રોજગારીનું કોઇ સાધન ન હોય, એની પાસે કોઇ રોજગારીની તક ન હોય તો હું એમ માનું છું કે એને પણ ન્યાય આપવા માટે યોગ્ય પગલાં ભરવા પડશે. માનનીય અધ્યક્ષશ્રી, એક આંકડો મારી પાસે ચોકવનારો છે, આજના સમયમાં સૌથી વધુ જે આત્મહત્યાઓ થાય છે, જે સમાજના લોકો આત્મહત્યા કરે છે એ મારા હિસાબે આવા વિસ્તારમાંથી આવતા અથવા તો આવા સમાજમાંથી આવતા લોકો કરે છે અને એટલા માટે કરે છે કે એનું માઇન્ડ હજુ સુધી ડેવલપ થયું નથી જેટલું ગર્ભ-શ્રીમંત લોકોનું થયું છે તો મારી અને તમારી જવાબદારી છે કે, એ લોકોનું માઇન્ડ ડેવલપ થાય અને એ લોકો પણ સુખી રીતે પોતાનું જીવન જીવી શકે અને અન્ય સમાજોની સાથે કદમ મિલાવીને ચાલી શકે તો હું સ્પષ્ટપણે એમ માનું છું કે, બધા જ લોકોનું ભલું થશે.

માનનીય અધ્યક્ષશ્રી, એ લોકોની માગણીઓ પણ જો આપણી પાસે આવે તો હું એવું માનું છું કે એટલી જ આવતી હોય છે કે અમારા ઘર-પરિવારનું ગુજરાન સારી રીતે ચાલે એટલા માટે તમે અમને મદદ કરો. વિકાસની વાત તો દૂર છે, ભણવાની વાત તો દૂર છે, પ્રગતિ કરવાની વાત તો દૂર છે પણ આજે પણ એની માગણી કદાચ આપણી પાસે આવે તો એટલી જ માગણીઓ હોય છે અમારા પરિવારનું ગુજરાન સારી રીતે ચાલી શકે એવી વ્યવસ્થા તમે અમને કરી આપો. હું એવું માનું છું કે, આવનારા સમયમાં સામાજિક અસમાનતાઓ તો કદાચ ધીમેધીમે પૂરી થઇ છે પણ આર્થિક અસમાનતા ખૂબ મોટું વિકરાળ રૂપ ધારણ કરી રહી છે ત્યારે સામાજિક અસમાનતાઓ પણ ઘટે, આર્થિક અસમાનતાઓ ઘટે અને એ મારાને તમારા સાથે ચાલી શકે તો જ મેં અને તમે એના માટે કાંઇક સારું કર્યું અથવા તો એના હિત માટે કંઇક કર્યું છે એવું કહી શકાય. વધુ વાત નહીં કરતા "ચલો જલાયે દીપ વહા જહા આજ ભી અંધેરા હૈ" આ સૂત્ર સાથે મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, ધન્યવાદ. માનનીય મહેશભાઇ વસાવા.

શ્રી મહેશભાઇ છો. વસાવા(દેડીયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આપના મારફત સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ અંગેની માગણી ક્રમાંક-૬૬ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને મારા મત-વિસ્તાર અને નર્મદા જિલ્લામાં નર્મદા ડેમ અને ઉકાઇ ડેમ આવેલા છે છતાં પણ આઝાદીના ૭૦ વરસ પછી પણ દેડિયાપાડા તાલુકો હોય, સાગબારા તાલુકો હોય, ઉચ્છલ-નિઝર હોય, નેત્રંગ-ઝગડિયા-વાલ્યા હોય એ બધા જ તાલુકાના વિસ્તારમાં સિંચાઇનું એક ટીપું પાણી પણ ત્યાં મળતું નથી. મારા આદિવાસી સમાજના લોકો ત્યાં જે ડેમો બન્યા છે એમાં વિસ્થાપિત થયા છે એમના પુનર્વસન માટે, એમના બાળકોના શિક્ષણ માટે કે એમને રોજગારી મળે એ માટે આજ સુધીમાં કોઇ વ્યવસ્થા કરવામાં આવી નથી. ખાસ કરીને મારે સરકારનું ધ્યાન દોરવું છે કે, ૭૦ વર્ષમાં ઘણી સરકારો બદલાઇ ગઇ પણ છતાં ત્યાંના લોકોની આજે એટલી મજબૂરી છે કે, એમના પોતાના કુટુંબના બે ટંકના રોટલા માટે આજે પણ માથા પર પોટલા અને બગલમાં છોકરાઓને લઇને રોજગારી માટે શહેરો તરફ જવું પડે છે અને ત્યાં પણ એમને રહેવાની કોઇ વ્યવસ્થા નથી, રોજગારીની વ્યવસ્થા નથી. ત્યાં આગળ ફૂટપાથ ઉપર અને તંબુઓમાં તડકા, વધુ પડતી ઠંડી હોય ત્યારે પણ રહે છે અને તેને કારણે ઘણી વખત એ લોકો મોતને પણ ભેટે છે. એમના પર અત્યાચાર થાય છે. સિંચાઇનું પાણી નથી એને લગતો આ પ્રશ્ન છે એટલા માટે હું કહું છું કે ત્યાં આગળ સિંચાઇનું પાણી મળવું જોઇએ અને આઝાદી પછી પણ આજે ત્યાં પીવાનું પાણી નથી. અત્યારે થોડી થોડી સ્કીમો આવે છે પીવાના પાણી માટેની, પણ હજી એ યોજનાઓનો અમલ થયો નથી અને જે યોજનાઓ થઇ છે એ યોજનાઓ સફળ થશે કે નહિ એની પણ અમને ચિંતા છે. તો ખાસ કરીને અમારો જે આદિવાસી વિસ્તાર છે, ઉમરગામથી અંબાજી સુધીનો આ વિસ્તાર છે ત્યાં સિંચાઇની કોઇ વ્યવસ્થા નથી. નર્મદાથી સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી પાણી લઇ જવામાં આવે છે અમે પણ માનવતાના આધારે કહીએ છીએ કે અમારા સમાજના લોકોની જમીનો જાય છે. ભૂમિ સંરક્ષણની વાત કરું તો ઇકો સેન્સીટીવ ઝોનના નામે અમારે ત્યાંના ૧૨૧ ગામડાઓની જમીનો ખાલી કરાવ્યા છે. એમના પણ જરૂરી વ્યવસ્થા કરવામાં આવે તે માટેની આપ સાહેબને હું વિનંતી કરું છું.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસ માટેની જે માગણી નંબર-૧૦૨ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં હું મારું સમર્થન આપીને મારા વિચારો રજૂ કરું છું.

તા. ૧૯મી માર્ચ ૨૦૨૧

માગણીઓ પર ચર્ચા અને મતદાન(ચોથો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં વધતો વિકાસ એ ઝડપી શહેરીકરણની પ્રક્રિયા અંતર્ગત છે. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના દ્વારા ગુજરાતના શહેરોમાં ઉભી કરવામાં આવેલ અદ્યતન માળખાગત સુવિધાઓની નોંધ રાષ્ટ્રીય કક્ષામાં લેવામાં આવેલ છે. એટલે આજે સ્વચ્છ સર્વેક્ષણ બાબતમાં સમગ્ર દેશમાં મેગાસીટીમાં અમદાવાદ પ્રથમ નંબરે આવેલ છે અન્ય શહેરોમાં સુરત બીજા ક્રમે અને રાજકોટ ચોથા ક્રમે આવેલ છે. એ રીતે રાજ્યનું ગૌરવ વધાર્યું છે ત્યારે ગાંધીનગર શહેરને પણ બેસ્ટ સીટી ઇનોવેશનલનો પુરસ્કાર મળેલ છે આજે અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ગાંધીનગર મહાનગરપાલિકાઓ તથા દાહોદ નગરપાલિકા માટે પણ સ્માર્ટ સીટી હેઠળ રૂપિયા ૭૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. દાહોદ જેવા આદિવાસી વિસ્તારનો પણ સ્માર્ટ સીટીમાં સમાવેશ કરવામાં આવેલ છે. આ એક ખૂબ ગૌરવપૂર્ણ અને આનંદ આવે એવી વાત છે. કારણકે આપણે જોઇએ છીએ કે દાહોદ જેવા આદિવાસી વિસ્તારને જો આ સ્માર્ટ સીટીમાં લેવામાં આવે તો ત્યાં અનેક પ્રકારના ડેવલપમેન્ટ - વિકાસ થશે અને આ દાહોદ શહેરનો પણ ખૂબ વિકાસ થશે. આપણા સુરત, રાજકોટ જેવો આ વિસ્તાર બને એના માટે એનો સમાવેશ આ સ્માર્ટ સીટીમાં કરવામાં આવ્યો છે. અમૃત યોજના અંતર્ગત ૮ મહાનગરપાલિકા અને ૨૩ નગરપાલિકાઓમાં પાણી પુરવઠા, ગટર, વરસાદી પાણીનો નિકાલ અને પરિવહન જેવી સુવિધાઓ માટે રૂપિયા ૬૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે અને અમદાવાદ, ગાંધીનગર તથા સુરત શહેરોમાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન જી.એમ.આર.સી. લિમિટેડ હેઠળ રૂપિયા ૫૬૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છ ભારત મિશન અર્બન તથા નિર્મળ ગુજરાત હેઠળ રૂપિયા ૨૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. દિનદયાળ અંત્યોદય યોજના નેશનલ અર્બન લાઇવલીહુડ મિશન માટે રૂપિયા ૧૫૦ કરોડની જોગવાઇ આ અંદાજપત્રમાં કરવામાં આવી છે ત્યારે મને આનંદ છે કે, મહિલાઓ માટે પણ આ જે આત્મનિર્ભર પેકેજ આવ્યું હતું તેમાંથી પણ મહિલાઓ બાકાત ન રહી જાય તેના માટે મહિલાઓની ચિંતા આ અમારી સરકારે કરી છે. એટલા માટે મહિલા ઉત્કર્ષ યોજના બનાવી હતી અને જેમાં મહિલા ઉત્કર્ષ જૂથ બનાવી રૂપિયા એક લાખ સુધીની સંપૂર્ણ વ્યાજરહિત ધિરાણ આપવા માટેની યોજના માટે રૂપિયા ૨૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર યોજનાઓના સંચાલન અને નિભાવણી માટે રૂપિયા ૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. શહેરી વિકાસ માટેની જ્યારે હું વાત કરતી હોય ત્યારે અમદાવાદ શહેરમાં તો મેટ્રો ટ્રેન ચાલુ થઇ ગઇ છે અને મેટ્રો ટ્રેનનું વિસ્તરણ પણ થઇ રહ્યું છે ત્યારે સુરત શહેરમાં પણ મેટ્રો ટ્રેનનું હવે કામ શરૂ થઇ ગયું છે ત્યારે સુરત શહેરમાં મેટ્રો ટ્રેન આવવાથી ઘણોબધો લાભ મળશે ઘણો બધો વિકાસ થશે અને ઘણા લોકોને રોજગારી મળશે એટલા માટે આ સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. સાથે સાથે ગાંધીનગર માટે પણ મેટ્રો ટ્રેનનું આયોજન કરવામાં આવ્યું છે. મને જણાવતા આનંદ થાય છે કે, વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગરમાં પણ મેટ્રોલાઇટ મેટ્રો નીઓ જેવી નવી ટેકનોલોજીવાળી મેટ્રો સેવા પૂરી પાડવાનું આયોજન રાજ્ય સરકારે હાથ ધર્યું છે. આપણને એવું લાગે છે કે, અમદાવાદ અને સુરત આ બન્ને શહેરોમાં મેટ્રો ટ્રેન આવશે પણ આ સિવાયના જે બીજા મોટા શહેરો છે. જામનગર અને ભાવનગર જેવા શહેરોનો વિકાસ થવો પણ ખૂબ જરૂરી છે એટલા માટે મેટ્રો ટ્રેન ત્યાં આવશે તો ઘણા બધા લોકોને રોજગારી પણ મળશે અને તે શહેરોમાં પણ વિકાસ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રસિદ્ધ શકિતપીઠ અંબાજીના સર્વગ્રાહી વિકાસ માટે પણ આ અંદાજપત્રમાં એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટી દ્વારા અંબાજી દેવસ્થાન વિસ્તારના વિકાસ નકશાઓ બનાવી આયોજનબદ્ધ રીતે અને અનેકવિધ કામો હાથ ધરવામાં આવનાર છે ત્યારે એ કામ માટે પણ રૂપિયા ૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ ગુજરાતનો વિકાસ કૂદકે અને ભૂસકે વધી રહ્યો છે હમણાં કહેતા હતા કે સફાઇ કામદાર હોય તેનુ માન-સન્માન જળવાતું નથી પણ અમને આનંદ છે અમારા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે પણ જે સફાઇ કામદાર હતા તેમના પગ ધોયા હતા એટલુ સન્માન વડાપ્રધાનશ્રીએ તેમને આપ્યું હતું. મને એવુ લાગે છે કે દલિત હોય કે સફાઇ કામદાર હોય કે ચોથા વર્ગના કર્મચારી હોય તેનુ માન સન્માન અમારી ભાજપની સરકાર જાળવે જ છે અને જાળવતા જ રહેશે અને સાથે સાથે એમને જયારે ભરતીમાં ઘણો બધો લાભ આપવામાં આવે છે. અમારી સરકાર ચોથા વર્ગના કર્મચારીઓ હોય કે દલિત હોય કે પછી સફાઇ કામદાર હોય તે બધા લોકોનો તેમાં સમાવેશ કરે છે, તેમને પ્રાધાન્ય આપે છે આ અમારી સરકારની એક વિશિષ્ટતા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા આનંદ થાય છે કે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત મહાનગરપાલિકા અને નગરપાલિકામાં કુલ ૫ લાખ ૬૦ હજાર અને ૪૫ શૌચાલયો બનાવવામાં આવ્યા છે જેના માટે લાભાર્થીઓને કુલ રૂપિયા ૬૭૨ કરોડની સહાય આપવામાં આવી હતી ત્યારે હું આ માગણીને સમર્થન આપું છું.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગની ૩૩ નંબરની જે માગણી છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીની વિવિધ યોજનાઓનો લાભ સામાન્ય માણસ અને છેવાડાના લોકો સુધી પહોંચે તે માટે ગ્રામ્ય કક્ષાએ તલાટીથી લઇને ચીફ સેક્રેટરી અને બંધારણીય પ્રમાણે ગ્રામ પંચાયતના સભ્યથી લઇને મેમ્બર ઓફ પાર્લામેન્ટ સુધી લોકોની સેવા કરવા માટેની યોજનાઓના લાભ માટે એક આ વહીવટી સિસ્ટમ જયારે અમલમાં છે ત્યારે

સરકારની વિવિધ યોજનાઓનું જે કંઇ અમલીકરણ કરવામાં આવે તે યોજના ગ્રામ્ય કક્ષાએ લોકો સુધી એનો પૂરોપૂરો લાભ મળે તે માટે થઇને રેગ્યુલર કર્મચારીઓની ભરતી કરવામાં આવે તે ખૂબ જરૂરી છે.

**( સભાપતિશ્રી દુષ્યંતભાઇ પટેલ અધ્યક્ષસ્થાને )**

માનનીય અધ્યક્ષશ્રી, ૧૧ મહિનાના કોન્ટ્રાક્ટ બેઇઝ ઉપર જે કાંઇ અધિકારીઓની ભરતી કરવામાં આવે અને એ પણ જે તાલુકામાં નોકરી કરી હોય, તે તાલુકામાંથી નિવૃત્તિ લીધી હોય અને ત્યાં અને ત્યાં તેને હંગામી નોકરીમાં લેવામાં આવે ત્યારે તે નિર્ભય રીતે ભ્રષ્ટાચાર કરતા હોય છે અને રેગ્યુલર કર્મચારીઓને જે પ્રમોશન મળવું જોઇએ તે પ્રમોશન પણ મળતું નથી તો તાલુકામાં તાલુકા વિકાસ અધિકારીનું જે પોસ્ટીંગ છે તે તમામના અમલીકરણ માટેની મુખ્ય પોસ્ટો હોવાથી કમસે કમ રેગ્યુલર તાલુકા વિકાસ અધિકારીની દરેક તાલુકામાં ભરતી થાય તે અત્યારના સમયની માગ છે.

માનનીય અધ્યક્ષશ્રી, તાલુકામાં એટીવીટીની ગ્રાન્ટ હોય, અતિ પછાત તાલુકા હોય, વિવેકાધિન હોય કે અન્ય જે કંઇ ગ્રાન્ટો હોય તેની ફાળવણી કરવામાં આવે. આ ગ્રાન્ટોની અંદર દરેકની કમિટી ખૂબ જરૂરી છે જે ગ્રાન્ટોની અંદર કમિટી નથી અને માત્ર એક વ્યકિત નિર્ણય લેતી હોય છે ત્યારે તે વ્યકિત એવો નિર્ણય લેતી હોય છે કોન્ટ્રાકટરો અને પોતે *(xxx) આ ગ્રાન્ટોની ફાળવણી કરી અને ભ્રષ્ટાચાર કરવામાં આવતો હોય છે. વન વિભાગમાં કર્મચારીઓને ચોથા પગાર પંચનો લાભ આપવા માટે વર્ષ ૧૯૮૮માં ઠરાવ કરવામાં આવ્યો. એ ચોથા વર્ગના કર્મચારીઓને લાભ આપવામાં આવતો નથી. તેમને રોજમદાર તરીકે ગણવામાં આવે તે જ પ્રમાણે જ ગણવામાં આવે છે તો આવા કર્મચારીઓને વર્ષ ૧૯૮૮નો ઠરાવ અને ચોથા વર્ગના કર્મચારી તરીકે ગણવામાં આવે તે પણ મારી વિનંતી છે. અહીંયા વહીવટી વિભાગ મારફત મતદારોને સ્માર્ટકાર્ડ આપવા માટે રૂપિયા૧૧ કરોડની જોગવાઇ કરેલી છે. આ રૂપિયા ૧૧ કરોડની જોગવાઇ સામે એ પૈકીના કોઇ કામ થતાં નથી. ખાસ કરીને આરોગ્ય વિભાગમાં જે ૧૧ મહિનાના કોન્ટ્રાક્ટ બેઇઝ પર બનાસકાંઠામાં કોઇ રાજદીપ એજન્સી મારફત એમની નિમણૂક કરવામાં આવે છે અને એ કર્મચારીઓનું શોષણ કરે છે એવી રજૂઆત અમારી પાસે વારંવાર આવે છે. જે રીતે કોઇ પણ નોકરિયાતને બે - પાંચ વર્ષ સુધી એક જગ્યાએ ન રાખી શકાય એમ એજન્સીઓને પણ ફરતુ કામ આપવામાં આવે તો ભ્રષ્ટાચાર ન થાય. વહીવટી બાબતમાં આ સુધારો થવો ખૂબ જરૂરી છે. પંચાયતના એક સભ્યથી લઇને પંચાયતના પાર્લામેન્ટ મેમ્બર સુધી વહીવટી રીતે પદાધિકારીઓના માન સન્માન સચવાતા નથી. એ માન-સન્માન સચવાય એવા પરિપત્રો હોય છે પણ એ પરિપત્રોનું અમલીકરણ થતું નથી. આ પરિપત્રોનું અમલીકરણ થાય એ પણ જરૂરી છે. હું એક જ મિનિટમાં મારી વાત પૂરી કરું છું. કોઇ પણ યોજનામાં એક લાખ રૂપિયાની ગ્રાન્ટ સામે ૪૦,૦૦૦ રૂપિયાનો ભ્રષ્ટાચાર થાય છે અને એની પાછળ કોઇ વહીવટી પગલાં લેવામાં આવતા નથી. જે વ્યક્તિગત યોજનાનો લાભ આપે છે એમાં ગ્રામ્ય કક્ષાએ વિજીલન્સ કમિટીની રચના કરવી જોઇએ અને એ વિજીલન્સ કમિટી એ તાલુકામાં વર્ષમાં એક વખતે એક ગામની મુલાકાત લઇ અને આ વિવિધ યોજનાનું એનાલિસીસ કરી સ્થળ ઉપર કામ થાય છે કે નથી થતા એનો અભ્યાસ કરવો ખૂબ જરૂરી છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, દેશના જે પાણીની અછતવાળા રાજ્ય છે એમાંનું ગુજરાત એ વરસાદી પાણીની અછતવાળું રાજ્ય છે. ગુજરાતમાં સૌથી વધુ વરસાદ દક્ષિણ ગુજરાતમાં થાય છે. ત્યારબાદ મધ્ય ગુજરાતમાં અને ત્યારબાદ સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં એનું પ્રમાણ ઓછું છે. જ્યાં ઓછો વરસાદ થાય છે અને એક વર્ષ સારું થાય તો બે વર્ષ નબળાં થાય. એના લીધે સિંચાઇમાં જે તકલીફ પડે છે એનું નિવારણ કરવા માટે ૧૯૯૫માં જ્યારે અમારી સરકાર આવી ત્યારે માનનીય મુખ્યમંત્રી તરીકે આદરણીય શ્રી કેશુભાઇ અને એના પછી માનનીય મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઇ હતા ત્યારે એક ઝુંબેશના રૂપમાં પહેલાં ૬૦-૪૦ની જળસંચય યોજના અને પછી ૮૦-૨૦ની યોજના બનાવવામાં આવી. જેનું લીડિંગ આપણા આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇએ લીધું હતું. ત્યારે પુષ્કળ કામો પણ થયાં હતા. ત્યારે જે કામો થયા એના લીધે જે જળસંચય થયો એ પર્યાપ્ત ન હતો. એના સોલ્યુશન તરીકે દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતમાં જ્યાં આંતર-રાજ્ય નદીઓ છે કે જેના બેઝીનમાં વધારે પાણી છે એ પાણીને અછતવાળા વિસ્તારમાં લઇ જવાનું આયોજન આદરણીય નરેન્દ્રભાઇએ કર્યું. એ આયોજન અંતર્ગત દક્ષિણ ગુજરાતમાં સુજલામ - સુફલામ યોજના અને તળાવો ભરવાની જે યોજના કરી એના લીધે ત્યાં આજે ખેતી સમૃદ્ધ બની છે. એ જ રીતે નર્મદા મૈયાના ૧ મિલિયન એકર ફીટ એટલે કે ૪૩૦૦૦ મિલિયન ઘન ફૂટ પાણી જેની સૌરાષ્ટ્ર વિસ્તાર માટે ફાળવણી કરવામાં આવી હતી એ પાણીને સૌરાષ્ટ્રમાં લઇ જવા માટે અને એનાથી સૌરાષ્ટ્રના ૧૧૫ હયાત જળાશયો ભરીને સિંચાઇ વ્યવસ્થા સુદ્રઢ કરવી અને ૯૭૦ કરતાં વધુ ગામોને ૮,૨૫,૦૦૦ એકર જેટલા વિસ્તારને પિયત અને પીવાના પાણીનો લાભ આપવા માટેનું આયોજન વર્ષ ૨૦૧૨માં શ્રી નરેન્દ્રભાઇ જ્યારે મુખ્યમંત્રી હતા અને સિંચાઇ મંત્રી તરીકે શ્રી નીતિનભાઇ હતા ત્યારે કરવામાં આવ્યું અને એ આયોજન અંતર્ગત સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોને આવરી લેતી ચાર લિંક પાઇપલાઇન નાંખવાની વ્યવસ્થા કરી હતી. એના લીધે લિંક-૧ મચ્છુ - ૨ બંધથી સાની બંધ સુધી ૨૦૮ કિ.મી., લિંક-૨ લીંમડી ભોગાવો - ૨ બંધથી રાયડી બંધ એટલે ૨૯૯ કિ.મી. લિંક-૩ ધોરીધજા બંધથી વેણુ-૧ બંધ સુધી ૨૯૯ કિ.મી. અને લિંક - ૪ લીમડી ભોગાવો - ૨ બંધથી હિરણ-૨ બંધ સુધી

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

૫૬૫ કિ.મી એ રીતે ૧૩૭૧ કિ.મી.ની લંબાઇની છ ફૂટથી ૧૦ ફૂટ વ્યાસની એમ.એસ. પાઇપ દ્વારા આ લિંક કરવાનું આયોજન કર્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને અમારો સૌરાષ્ટ્રનો જે દરિયા કાંઠાનો વિસ્તાર છે એટલે કે ભાવનગરથી લઇને કચ્છ સુધીનો જે વિસ્તાર છે એમાં અમારા પોરબંદરની વાત કરું તો મિયાણીથી માધવપુર સુધીનો ૧૦૦ કિ.મી.નો વિસ્તાર છે એમાં ધીમે-ધીમે ખારા પાણી આગળ વધતા હતા. ત્યાં સ્પ્રેડિંગ કેનાલ કરવામાં ન આવી હોત તો હું માનું છું કે આજે ઉપલેટા, ધોરાજી કે જેતપુર સુધી ખારું પાણી પહોંચી ગયું હોત. સૌરાષ્ટ્રમાંથી બધા લોકોને હિજરત કરવી પડી હોત. આ પાઇપ લાઇન ૨૦ ફૂટ પહોળી, અમૂક જગ્યાએ તો ૩૦-૩૫ ફૂટ પહોળી કે જેને તમે હાલતો ચાલતો કુવો કહી શકો એવી પાઇપ લાઇનના લીધે ઉપરવાસમાં વરસાદ થાય ત્યારે સમુદ્રમાં વહી જતું હતું પાણી સ્પ્રેડિંગ કેનાલમાં અટકાણું અને પછી ત્યાં મીઠું પાણી બન્યું છે. આ વર્ષે વરસાદ સારો છે. અમારા ખેડૂતોએ બે પાક લઈ લીધા છે અને ત્રીજા પાકમાં પણ ૬૦ ટકા કરતાં પણ વધારે પિયત મળવાના લીધે ત્યાંના ખેડૂતો ખૂબ જ સમૃધ્ધ બન્યા છે. મારે આજે આ બધા ધારાસભ્યોને ખાસ આમાંત્રણ આપવું છે કે એક વખત તમે પોરબંદર વિસ્તારમાં આવો અને જુઓ કે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી પછી જે કામ થયું છે એના લીધે આજે ખેડૂતો વાડી વિસ્તારમાં પણ શહેરી વિસ્તાર જેવા બંગલામાં રહે છે અને એના લીધે સમૃધ્ધિ આવી છે. જે આ ચાર લિંક છે એને ત્રણ તબક્કામાં અમલીકરણ કરવાનો નિર્ણય કર્યો. પ્રથમ તબક્કાનું કામ વર્ષ ૨૦૧૪માં શરૂ થયું. એમાં ૧૨ પેકેજની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. એમાંથી ૧૬ જળાશયો દ્વારા ૧ લાખ ૬૬ હજાર એકરમાં સિંચાઈની સુવિધા, ચાર શહેરી વિસ્તાર અને ૪૯૦ ગામોને પીવાના પાણીની સુવિધા, આ તબક્કામાં ૨૩૧ કિ.મી. લંબાવી ટ્વિન પાઇપ લાઇન નાંખવામાં આવી છે. બીજા તબક્કામાં રૂપિયા ૬૪૭૩ કરોડના ૧૨ પેકેજની કામગીરી પૂર્ણતાને આરે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી સિંચાઈ અને ભૂમિ સંરક્ષણ માટેના જે પ્રોવિઝન્સ અને જે બજેટકીય ફાળવણી લઈને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું. પ્રકૃતિના આશિર્વાદ દરેક જગ્યાએ એકસરખા હોતા નથી. પ્રકૃતિના નિયમ મુજબ દરેક જગ્યાએ એકસરખો વરસાદ થતો નથી. એક વ્યક્તિ, સરકાર, આગેવાન અને એક દીર્ઘદ્રષ્ટા લીડર તરીકે જ્યાં પાણી વધારે પડ્યું હોય તે પાણીને વરસાદ ન પડ્યો હોય એવા વિસ્તારોમાં લાવવાનું કામ જો કોઈએ કર્યું હોય તો આદરણીય નરેન્દ્રભાઈએ કર્યું છે. મારે સુજલામ સુફલામ વિશે કેટલીક વાત કરવી છે. વર્ષ ૧૯૭૭માં શ્રી બાબુભાઈ જશભાઈની સરકાર હતી. આદરણીય કેશુભાઈ સિંચાઈ મંત્રી હતાં. એ વખતે કડાણા હાઈલેવલ રીચાર્જ પ્રોજેક્ટની વિચારણા થઈ હતી. કમનસીબે વર્ષ ૧૯૮૦થી ૧૯૯૫ સુધી લગભગ બધી જ સરકારો કોંગ્રેસની રહી. એમણે આ પ્રોજેક્ટ માળિયે ચડાવ્યો. તેથી કોઈ પ્રગતિ ન થઈ પરંતુ વર્ષ ૨૦૦૧માં પહેલી વખત ઉત્તર ગુજરાતની જમીન, ખેડૂતોની મુશ્કેલી અને સતત ઊંડા જતાં પાણીને કારણે આદરણીય નરેન્દ્રભાઈએ સુજલામ સુફલામની યોજનાને અમલમાં મૂકવાનું સ્વપ્ન સેવ્યું. એ વખતે આદરણીય અટલજીની સરકાર હતી એટલે એમણે નાણાં ફાળવવાનું અને આંતર રાજ્ય નદી હોવાને કારણે એને મંજૂરી આપવાનું વચન આપ્યું હતું. વર્ષ ૨૦૦૪માં સરકાર બદલાઈ. મંજૂરી તો ઠીક નાણાં આપવાનું પણ એમણે ટાળ્યું. પરિણામે સમગ્ર જવાબદારી ગુજરાત સરકારે લીધી. આદરણીય નરેન્દ્રભાઈએ ટોટલ બજેટ ગુજરાતની તિજોરીમાંથી વાપરીને સુજલામ સુફલામ પૂરી કરી. મને કહેતાં ગર્વ થાય છે કે, સુજલામ સુફલામને કારણે લગભગ ઓવર એક્સપ્લોઈટેડ અને સિંચાઈથી વંચિત વિસ્તારોને નવપલ્લિવત કરવાનું કામ જો કોઈએ કર્યું હોય તો સુજલામ સુફલામ દ્વારા થયું છે. કડાણા જળાશયથી રાહગામ સુધી ૩૩૨ કિ.મી. સુજલામ સુફલામ કેનાલ મહીસાગર, અરવલ્લી, ખેડા, ગાંધીનગર, સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા સહીતના આઠ જિલ્લાની ૨૧ નદીઓને ક્રોસ કરી અને સુજલામ સુફલામની જે આ સ્પ્રેડિંગ કેનાલ છે, એ પસાર થાય છે. એના કારણે એ ૨૧ નદીઓ ક્રોસ કરવાની થાય અને ૬૦૦ જેટલા સ્ટ્રકચર બનાવવામાં આવ્યા છે.

સભાપતિશ્રી : ડોકટર સાહેબ, ડોકટર સાહેબ,

શ્રી ઋષિકેશ ગ. પટેલ : જયાંથી પણ કેનાલ પસાર થાય છે, આ પરિસ્થિતિ તો પહેલા પણ હતી. ભૂતકાળમાં પણ હતી. પરંતુ હવે પછી નર્મદાનું પાણી સૌની યોજના દ્વારા કાઠિયાવાડમાં પહોંચાડવાનું ૧૪ ઉદ્ભહન પાઇપ લાઇનો નર્મદાની, એની સાથે આને જોડવાનું, નદીઓમાં પાણી છોડવાનું, ચેકડેમ ભરવાનું, તળાવો ભરવાનું જો કોઇ કામ થયું હોય તો, આ સરકારમાં થયું છે. કયાંક બાકી પણ રહી ગયું હોય. પરંતુ દરેક જગ્યાએ પાણીના વિસ્તાર પ્રમાણે અને પાણીની આવક પ્રમાણે પહોંચાડવું શકય હોતું નથી. પરંતુ મને કહેતા આનંદ થાય છે કે, લગભગ આખા ગુજરાતની અંદર નર્મદા તો એમને પૂરી ના થવા દીધી, કેનાલો પણ પૂરી ન થઇ અને પરિણામે આજે કેનાલો પૂરી થઇ છે, નર્મદા બંધ પૂર્ણ કેપીસિટીએ ભરાવાનું ચાલુ થયું છે. જે કુલ ગુજરાતની જેટલી જમીન છે, એમાંથી આશરે ૫૫થી ૬૦ ટકા ઈરીગેટેડ થતી થઇ ગઇ છે અને બાકીની જયાં આગળ શકયતાઓ છે, જયાં આગળ પાણી પહોંચાડી શકાય છે, સરકાર સતત કામ કરતી રહી છે, કયાંય એમાં કોઇ જગ્યાએથી બૂમ આવે, કોગ્રેંસી મિત્રો બૂમ પાડે, અમે ભારતીય જનતા પાર્ટીના કયાંક કહીએ, મને કહેતા એ પણ ગૌરવ થાય છે કે, મારા ત્યાં બે ઉદ્ભહન પાઇપ લાઇનો ખેરવા વિસનગર અને ધાધુ વેડ લક્ષ્મીપુરાથી ૩૨ જેટલા તળાવો ભરવાનું અને આ પાઇપ લાઇનથી એ રસ્તામાં પડતી નદીઓમાં પાણી છોડવાનું, પડતાં ચેકડેમોમાં પાણી છોડવાનું, આ સરકારે કર્યું છે. આ વખતે તો પાછું, જે આખી પાઇપ લાઇનની આજુબાજુ બે કિ.મી. ડાયામાં પાણી ભરવાનું હતું, ૩ કિ.મી. સુધી ભરવાનું સરકારે નકકી કર્યું છે. મારા

વિસ્તારની અંદર વધારાના બીજા ૧૭ તળાવ ભરી શકાય એવી પરિસ્થિતિ પેદા થઇ છે. મારો કહેવાનો વિષય એટલો જ છે કે, આના કારણે નહેર અને ઉદવહન પાઇપલાઇન દ્વારા લગભગ ૧૧૧૧ તળાવો, ડેમો અને ચેકડેમો ભરવામાં આવ્યા છે અને ૩,૬૮,૦૦૦ એકર જમીનને પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે આ સિંચાઇનો લાભ આપવામાં આપણે સફળ થયા છીએ ત્યારે માનનીય મંત્રીશ્રી જે માંગણીઓ લઇને આવ્યા છે, તેમાં હું મારુ સમર્થન કરું છું.

સભાપતિશ્રી : માનનીય કીરીટભાઇ પટેલ.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના નાયબ મુખ્યમંત્રી, સામાન્ય વહીવટ વિભાગ, પાણી પુરવઠા અને શહેરી વિકાસ માટેની જે માંગણીઓ લઇને આવ્યા છે, એ માટે મારા વિચારો રજૂ કરૂ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ હું જે છેલ્લા ૩ વર્ષથી આ વિધાનસભામાં સાંભળી રહ્યો છું, શ્રી નરેન્દ્રભાઇ, શ્રી નરેન્દ્રભાઇ, શ્રી નરેન્દ્રભાઇ, મને લાગતું નથી કે, શ્રી નરેન્દ્રભાઇ કદાચ ના હોત તો, આ ગુજરાતનું શું થયું હોત? તમે ભાજપની વાત કરો, માત્ર અને માત્ર શ્રી નરેન્દ્રભાઇએ જ કર્યું? ભાજપના પણ સી.એમ. હતા, માનનીય આનંદીબેન હતા, માનનીય કેશુભાઇ હતા, શ્રી સુરેશભાઇ હતા. શું તમને આ બધાના નામ લેતા ડર લાગે છે? મને સમજાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જે આ શહેરી વિકાસની વાત લઇને આવ્યા છે, એ જે રીતે શહેરોનો વિકાસ થાય એ રીતે એના વિસ્તારની અંદર પણ વધારો થતો હોય છે. શહેરી વિસ્તારની વાત થઇ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની અંદર બોપલ અને ઘૂમાનો સમાવેશ કરવામાં આવ્યો. મારા પાટણની વાત કરું, પાટણના આજુબાજુના જે હાંસાપુર ગામ હતું, માતેવાડી, રામનગર આ બધા વિસ્તારનો પાટણ નગરપાલિકાની અંદર સમાવેશ કરવામાં આવ્યો. પરંતુ અત્યાર સુધીમાં એવું બન્યું છે કે, જે મહાનગરપાલિકાની અંદર નગરપાલિકાનો સમાવેશ કરવામાં આવ્યો હોય અથવા નગરપાલિકાની અંદર ગામડાઓનો સમાવેશ કરવામાં આવ્યો હોય, એમાં જે રેકર્ડ હોય છે મહેસૂલના, એ રેકર્ડ લાંબા સમય સુધી નગરપાલિકા અથવા મ્યુનિસિપલ કોર્પોરેશનને આપવામાં આવતા નથી. અને એના લીધે ગેરકાયદેસર બાંધકામો થતાં હોય છે એ અટકતા નથી તથા વિકાસના કામો થતા નથી એટલે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે તમે ગામડાંને નગરપાલિકાની અંદર સમાવો કે નગરપાલિકાને મહાનગરપાલિકાની અંદર સમાવો તો એના જે રેવન્યુ રેકર્ડ તાત્કાલિક મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા નગરપાલિકાને મળે તો આ કામો ઝડપથી બનશે. પાટણની વાત કરું તો અમારે ત્યાં રામનગર, માતરવાડી વિસ્તારને પાટણ નગરપાલિકામાં સમાવવામાં આવ્યા એના મહેસૂલી રેકર્ડ છે એ આજની તારીખ સુધી મળ્યા નથી એટલે એમને સનદો મળી નથી એટલે ગામડાંના ગરીબ લોકો હતા એમને હજુ પણ પોતાના માલિકીના મકાનના દસ્તાવેજો મળવા જોઇએ એ મળતા નથી એના લીધે એમને કોઇ જગ્યાએ લોન લેવી હોય, કોઇ જગ્યાએ એમને આર્થિક જરૂરિયાત હોય અથવા તો મકાન જોઇતું હોય તો એ મળી શકતું નથી. એટલે આ ઝડપથી કરવામાં આવે એવી મારી વિનંતી છે.

સામાન્ય વહીવટ વિભાગના પરિપત્રની વાત થઇ. બહુ દુઃખ સાથે કહેવું પડે કે આ ગૃહની અંદર માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે અત્યાર સુધી આઠ ધારાસભ્યો અને એક મંત્રીએ સામાન્ય વહીવટ વિભાગના પરિપત્રનું પાલન થતું નથી એના માટેની ફરિયાદો કરેલી છે. આપણી સંસદીય પ્રણાલિકાની બુક છે એના ભાગ-રની અંદર પ્રકરણ-ર૭ની અંદર પાના ૭૭૪ નંબર ઉપર છે એમાં લખેલ છે કે ધારાસભ્ય અથવા સંસદસભ્યના જે અધિકારો છે પ્રિવિલેજ છે એનું પાલન થવું જોઇએ અને જો એનું પાલન ન થાય અને ધારાસભ્ય અને સંસદસભ્યના અધિકારો હોય એનો ભંગ થાય તો એની સામે સજાકીય જોગવાઇ ફોજદારી કાર્યવાહી પણ થઇ શકે છે. એટલે વારંવાર જુદા જુદા વિભાગો દ્વારા જી.એ.ડી.ના પરિપત્રનું પાલન ન થતું હોય તો એ પરિપત્રનું પાલન કરવા માટે અથવા એનો કોઇ દુરુપયોગ કરે અથવા ઈરાદાપૂર્વક ધારાસભ્ય અથવા સંસદસભ્યના પ્રોટોકોલ ન સચવાય તો એના વિરુદ્ધ કડક સજા થાય એ માટેની કાર્યવાહી કરવામાં આવે એ માટેનો પરિપત્ર કરવામાં આવે એ પણ જરૂરી છે અને એ અંગે મારી વિનંતી છે.

પાણી પુરવઠાની વાત થઇ. વર્ષ ૨૦૦૫ની અંદર અમારી દાંતીવાડાથી કસરા એને સૈદ્ધાંતિક મંજૂરી રૂપિયા ૧૧૦ કરોડની મળી ગઇ હતી હજી સુધી એ કામ થયું નથી. જો એ કામ થાય તો અમારા પાટણ અને સરસ્વતીના ઘણા બધા ગામડાં છે એને પાણીનો લાભ મળી શકે તેમ છે તો તાત્કાલિક આ કામ પૂરું કરવામાં આવે તેવી મારી વિનંતી છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસની અનુદાન માટેની માગણીઓ લઇને આવ્યા છે તેને હું અનુમોદન આપીને મારા મંતવ્યો રજૂ કરું છું.

પહેલા તો હમણાં અમારા શ્રી કીરીટભાઇએ કહ્યું કે શ્રી નરેન્દ્રભાઇ, શ્રી નરેન્દ્રભાઇ કરો છો તો નામ તો અમે લઇએ છીએ, નામ તમે લો છો પણ જે આખી દુનિયામાં ગૌરવ અપાવે છે એવા આપણા પૂર્વ ધારાસભ્યનું નામ લેવું એ ગૌરવ છે માટે અમે લઇએ છીએ.

માનનીય પ્રધાનમંત્રીશ્રીએ રપમી જૂન, ૨૦૧૫ના રોજ રાષ્ટ્રીય ફ્લેગશીપ યોજના સ્માર્ટ સિટીની શરૂઆત કરી. શહેરો આર્થિક વિકાસનું એન્જિન બને, શહેરીજનોનું જીવન ધોરણ ઉંચું આવે તેવા ઉદ્દેશથી આ શરું કરવામાં આવેલ છે. આપણે જાણીએ છીએ કે ૫૦ ટકા જેટલી વસતિ શહેરોમાં થઇ ગઇ છે એટલે એ ઉદ્દેશથી દૂરદર્શી આપણા વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇએ આની શરૂઆત કરી. આ સ્માર્ટ સિટી એનો જે ધ્યેય છે એ શહેરીજનોને પાયાની સુવિધાઓ મળે તેમજ ગુણવત્તાયુકત જીવન પ્રદાન કરવાનો છે. બીજું, સ્માર્ટ સોલ્યુશન આપવાનો તેમજ સ્વચ્છ અને ટકાઉ પર્યાવરણ પ્રાપ્ત કરવાનો

છે. સ્માર્ટ સિટી મિશનના કામો માટે વિસ્તાર આધારિત વિકાસ તથા સમગ્ર શહેરમાં પ્લાન સિટી અભિગમ સૂચવવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિસ્તાર આધારિત ડેવલપમેન્ટ ત્રણ પ્રકારે થાય છે. એક તો ૦.૨ ચોરસ કિલોમીટર નગર પુનઃવિકાસ. ૦.૨ ચોરસ કિલોમીટરથી વધુ વિસ્તારની હાલની માળખાકીય સુવિધામાં સુધારો કરવાનો થાય. બીજું છે હરીત ક્ષેત્ર. તેમાં એક ચોરસ કિલોમીટરથી વધુ નવા વિસ્તારના વિકાસના કામોનો સમાવેશ કરાય છે અને ત્રીજું, નગરસુધાર. તેમાં બે ચોરસ કિલોમીટર કરતા વધારે વર્તમાન બિલ્ટઅપ વિસ્તારના વિકાસનો સમાવેશ કરાય છે. આ સ્માર્ટ સિટી અંતર્ગત આ યોજનાનું અમલીકરણ કરવાના માપદંડ અનુસાર, હું માપદંડ એટલા માટે કહું છું કે પહેલાં આપણે જોયું, હું ભૂતકાળ શબ્દ નહીં વાપરું, નહીં તો પાછું ભૂત આવીને ઉભું રહેશે. માનનીય મંત્રીશ્રીને જવાબ નહીં આપવા દે આ ભૂતની વાત કરું તો, પણ ભૂતકાળની વાત નહીં કરતા ગુજરાત ઉપર અથવા ભારતીય જનતા પાર્ટી શાસિત રાજ્યો ઉપર ગમે તેટલા અન્યાય કરવા છતાં શ્રી નરેન્દ્રભાઇએ ચોક્કસ માપદંડ નક્કી કર્યા અને માપદંડના આધારે કોઇ પણ પાર્ટી નહીં, આ માપદંડના આધારે આ સ્માર્ટ સિટી નક્કી કર્યા. આપણું ગૌરવ છે કે આપણાં રાજ્યના જ શહેરોનો આમાં સમાવેશ થયો છે. અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ગાંધીનગર અને દાહોદ. આ યોજનાના તમામ શહેરો, આપણાં માટે એક મોટો લાભ છે કે તેનો જે નિશ્ચિત પિરિઅડ હોય ત્યાં સુધી દર વર્ષે ૧૦૦ કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર આપે છે. એ આપણા માટે ગૌરવની વાત છે. સ્માર્ટ સિટી એટલે તેમાં મુખ્યત્વે ઇન્ટર મોડેલ ટ્રાન્સપોર્ટ હબ, બી.આર.ટી.એસ. ઇન્ટીગ્રેટેડ ટ્રાન્સપોર્ટ મેનેજમેન્ટ સિસ્ટમ, નાગરિક સુવિધાનું સરળ સંચાલન, સી.સી.ટી.વી. સર્વેલન્સ સિસ્ટમ, ૨૪x૭ એટલે ૨૪ કલાક માટે પાણી પુરવઠાની વ્યવસ્થા, વરસાદી પાણીનું રીચાર્જીંગ, સ્માર્ટ પાર્કીંગ, બગીચાઓનું પુનરોત્થાન, સોલિડ વેસ્ટ મેનેજમેન્ટની આધુનિક પદ્ધતિ, વોટર રીસાઇકલીંગ, સ્લમ રીડેવલપમેન્ટ.

માનનીય અધ્યક્ષશ્રી, હું છેલ્લે એક વાત કરીશ. ગત વર્ષે કેન્દ્ર સરકાર દ્વારા યોજવામાં આવેલ સ્માર્ટ સિટી એવોર્ડ પ્રતિયોગિતા અંતર્ગત રાજ્યની સ્માર્ટ સિટીને વિવિધ શ્રેણીઓના ૧૩ એવોર્ડ મળેલા છે. આપણું ગૌરવ છે. તેમાં સુરતને બેસ્ટ સિટીનો એવોર્ડ મળ્યો છે. એ આપણાં ગુજરાત માટે ગૌરવ છે. વડોદરા શહેરના ઇન્ટીગ્રેટેડ કમાન્ડ કંટ્રોલ સેન્ટરના પ્રોજેક્ટને પ્રોજેક્ટ એવોર્ડ ફોર ગવર્નન્સ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આમ, સ્માર્ટ સિટી અંતર્ગત લોકોનું જીવનધોરણ ઉંચું આવે, ગામડાંમાંથી લોકો શહેરમાં આવે છે એમની જિંદગી બદલાય અને સ્માર્ટ થાય તેના માટે આ કરેલું છે. આભાર.

શ્રી હર્ષ ર. સંઘવી(મજૂરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉપ-મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જી.એ.ડી.ની માગણી ક્રમાંક-૩૦, ૩૧ અને ૩૩ લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહમાં મારા સાથી ધારાસભ્યે એક વાત કહી કે '' ચલો જલાયેં દીપ વહાં, જહાં અભી ભી અંધેરા હૈ'' મેં એક કહેવત સાંભળેલી કે આપણે ગમે ત્યાં જતા રહીએ પણ આપણા વિચારો બદલાતા નથી. મને આજે ખુશીની લાગણી થઇ. મારા જૂના સાથી, ભલે આજે પાટલી બદલાઇ હોય પરંતુ વિચાર તો દેશ માટે આજે પણ એમના એના એ જ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારની સરકારી નોકરીની અનેક વાતો થઇ. સરકારી ભૂલોની વાતો થઇ. એ તમામ લોકોને હું ભૂતકાળની વાત નહોતી કરવા માગતો પણ આજે એટલા માટે કરવી પડે એમ છે. કારણ કે ઘણા વર્ષો પહેલા આ રાજયમાં એક મુખ્યમંત્રી એવા આવેલા કે જેમણે કરકસરના નામથી સરકારી નોકરીઓની ભરતી બંધ કરેલી. જેના કારણો વર્ષો સુધી રાજય સરકારમાં સરકારી નોકરીઓમાં ખૂબ મોટા પાયે જગ્યાઓ ખાલી રહી હતી. ટીકા કરવી બહુ સહેલી છે પણ સાચી હકીકતો હોય એ સ્વીકારવી જોઇએ. જી.એ.ડી.ની જયારે વાત થાય છે તો આ વર્ષે જયારે મુખ્યમંત્રીશ્રીના આવાસ પર સી.એમ. ડેસબોર્ડની મુલાકાત કરવાનો અવસર પ્રાપ્ત થયો. એ સી.એમ. ડેશ બોર્ડ પર જયારે વિવિધ પ્રકારની સુવિધાઓ અમે લોકો જોવા ગયા કે કયા પ્રકારે મુખ્યમંત્રીશ્રીના આવાસથી આખા રાજયની વિવિધ વ્યવસ્થાઓ ઉપર નજર રખાય છે. ટોટલ ૪૫૦૦થી વધારે ઇન્ડીકેશન્સથી આ ડેશબોર્ડ ઉપરથી નજર નાખવામાં આવે છે. ઇન્ડીકેશન્સ કઇ રીતે ગણવામાં આવે છે? તો દા.ત. એક બસ સુરતથી નીકળે છે, ભરૂચ કેટલી મિનિટમાં પહોંચે છે, જો એ ઓવરસ્પીડ થાય તો સીધો જી.એસ.આર.ટી.સી.ની અંદર એ મેસેજ જાય છે, આ પ્રકારના ૪૫૦૦થી વધારે નાના મોટા વિષયોમાં આ ડેશબોર્ડ ઉપરથી ધ્યાન રાખવામાં આવે છે. બધી જ સરકાર સારું કામ કરવા માગતી હોય છે પછી એ કોઇની પણ સરકાર હોય પરંતુ જયારે સિસ્ટમ્સ નીચે સુધી જતા જતા કોલેપ્સ થતી હોય છે તો મુખ્યમંત્રી ડેશબોર્ડ ઉપરથી કઇ રીતે આ સિસ્ટમ્સ કોલેપ્સ ન જાય એનું ધ્યાન રાખવામાં આવે છે એની હું વાત આપના સમક્ષ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું સુરતનો એક કિસ્સો આપના સમક્ષ મૂકવા માગું છું. એક કંટ્રોલની દુકાન ઉપર એક ગ્રાહક જે એની પૂરી વસ્તુ લેવા માટે હકદાર છે એને પૂરી સામગ્રી મળતી નથી અને જયારે મુખ્યમંત્રી ડેશબોર્ડ ઉપરથી એ વ્યકિતને ફોન કરવામાં આવે છે, એ વ્યકિતને જે કંઇ વસ્તુ મળી નથી એની ડીટેઇલ જયારે એને મળે છે અને એની કંટ્રોલની દુકાન ઉપર તાત્કાલિક નોટિસ આપવામાં આવે છે અને એ વ્યકિતનો સંપૂર્ણ સામાન એના ઘર સુધી પહોંચાડવા માટે એને મજબૂર કરે છે. આવી હજારો અલગ અલગ વ્યવસ્થા સરકારે કરેલી છે. પછી એ મા અમૃતમ યોજના હોય, કે બીજી બધી સહાયતા હોય એ સહાયતામાં લોકોને કયા પ્રકારે સહાય મળે છે તેનું સંપૂર્ણ નિરીક્ષણ આ ડેશબોર્ડના માધ્યમથી થઇ રહ્યું છે. અનેક એવા રાજય છે કે એ રાજયોમાંથી આ ડેશબોર્ડ ઉપર વિઝિટ થઇ અને વિઝિટ પછી બીજા રાજયોમાં પણ આ પ્રકારના ડેશબોર્ડનું નિર્માણ

થઇ રહ્યું છે એ ગુજરાત માટે ખૂબ સારી વાત છે. માનનીય નીતિનભાઇએ ધારાસભ્યોની ગ્રાંટ એ રૂપિયા એક કરોડથી વધારી દોઢ કરોડની ગ્રાંટ કરી આપી એ શેના માટે? ગુજરાતની જનતા માટે આ ગ્રાંટનો ખરો ઉપયોગ થાય અને એના ઉપયોગથી કોઇના જીવનમાં સુખાકારી આવે, કોઇકના માટે ઉપયોગી થઇ શકીએ એ હેતુથી કરી છે. આ વખતે ઘણો બધો જી.એ.ડી. દ્વારા એની અંદર બદલાવ લાવેલા છે. મધ્યાહન ભોજન યોજના હેઠળ સ્ટોરરૂમ તથા રસોડાના બાંધકામ માટે મહત્તમ મર્યાદા પહેલા ૨૫ હજાર રૂપિયા હતી તે ૫૦હજાર રૂપિયા કરવામાં આવી. એક ગામની અંદર એક નાના તાલુકાની અંદર, નગરમાં એક લાયબ્રેરી બનતી હોય એમાં પહેલા માત્ર તમે ૫૦હજાર રૂપિયા લાઇબ્રેરીની બુક માટે ખર્ચ કરી શકતા હતા એ હવે લાખ રૂપિયા ખર્ચ કરી શકીએ છીએ. જે સરકારી હોસ્પિટલ હોય કે કોઇપણ સંસ્થાની હોસ્પિટલ હોય એમાં પહેલા ૫ લાખ રૂપિયા આપણે આપી શકતા હતા એ હવે વધારેને ૧૦ લાખ રૂપિયા કરવામાં આવ્યા. પહેલા માત્ર તમે એક જ વખત આપી શકતા હતા એ પણ નિયમ કાઢી નાખવામાં આવ્યો છે જેનાથી આવનારા દિવસોની અંદર ધારાસભ્યોની જે ગ્રાન્ટ છે એનો સદઉપયોગ સારી રીતે થઇ શકશે. અમે સૌ મહાનગરોમાંથી આવીએ છીએ. મહાનગરોમાં જે પ્રકારે વસ્તીઓ વધી રહી છે, જે પ્રકારે લોકો રોજગારી મેળવવા માટે દેશમાંથી, દુનિયામાંથી ગુજરાતમાં આવી રહ્યા છે ત્યારે ગુનાઓ રોકવા માટે સી.સી.ટી.વી. જે પ્રાયવેટ સોસાયટીઓ છે એ સોસાયટીમાં ધારસભ્યોની ગ્રાંટનો ઉપયોગ કરવા માટે જે મંજૂરી આપી છે તે બદલ હું રાજય સરકારનો આભાર માનું છું.

શ્રી શૈલેષ મ. પરમાર**(**દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માગણી નં. ૧૦૧ અને ૧૦૨ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરી વિકાસની અંદર હું અમદાવાદ શહેરના ધારાસભ્ય તરીકે અમદાવાદ શહેરના કેટલાક મુદ્દા માનનીય મંત્રીશ્રી સમક્ષ મૂકવા માગું છું. અમદાવાદ શહેર ૩ વિભાગમાં વહેંચાયેલ છે, પૂર્વ, પશ્ચિમ અને મધ્ય. પૂર્વ વિભાગમાં સોસાયટીઓનો મોટાભાગનો ભાગ આવે, પશ્ચિમ વિસ્તારમાં બંગલા અને ફ્લેટનો ભાગ આવે અને મધ્ય વિભાગમાં ચાલીઓ અને પોળોનો ભાગ આવે છે. કેન્દ્ર સરકાર દ્વારા, રાજ્ય સરકાર દ્વારા અને એ.એમ.સી.દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ આ વિસ્તારોની અંદર પાયાની સુવિધાઓ માટે આપવામાં આવે છે. પાયાની સુવિધાઓમાં પીવાનું પાણી, ગટર લાઇન, સ્ટ્રોમ, રોડ, રસ્તાની વાત હોય એમ અનેકનો આમાં સમાવેશ કરવામાં આવેલ છે. અમદાવાદ શહેરને મેટ્રો સિટી તરીકે ઓળખવામાં આવે છે, સ્માર્ટ સિટી તરીકે ઓળખવામાં આવે છે અને અત્યારે હેરિટેજ સિટીનો દરજ્જો પણ આપવામાં આવેલ છે. મેટ્રો સિટી એટલે શું? સ્માર્ટ સિટી એટલે શું? આજે પણ હું એ વિસ્તારના ધારાસભ્ય તરીકે મારે આઠ વર્ષ થઇ ગયા, આ વિસ્તારમાં આજે શ્રી નીતિનભાઇ, બહેરામપુરા વોર્ડના ૪૦ ટકા લોકોને આપણે નલ સે જલની વાતો કરીએ છીએ પણ મારે ત્યાં નલ છે પણ જલ નથી. આજે પણ મારા વિસ્તારના ૪૦ ટકા લોકો પીવાના પાણીથી વંચિત છે. આને તમે મેટ્રો સિટી કહો, સ્માર્ટ સિટી કહો, હેરિટેજ સિટી કહો પણ આજે પણ અમદાવાદના મારી વિધાનસભા વિસ્તારમાં અને વટવામાં, વેજલપુર, અમરાઇવાડીમાં પણ દરેક જગ્યાએ ટેન્કરોથી પાણી આપવામાં આવે છે. તો એને મિની ટેન્કર સિટી તરીકે ઓળખાવવામાં પણ વાંધો નથી. અમદાવાદ શહેરના વિકાસ માટે ટી.પી. સ્કીમ બહાર પાડવામાં આવે છે એ ટી.પી. સ્કીમ પશ્ચિમ વિસ્તારમાં જ કેમ બહાર પાડવામાં આવે છે. ભૂતકાળમાં અમદાવાદ શહેરની અંદર મારી વિધાનસભામાં આવેલી ૩૬, ૩૭,૩૮,૩૯ નંબરની ટી.પી. છે પણ વર્ષોથી એ ટી.પી.ને ખુલ્લી કેમ મૂકવામાં આવતી નથી? ટીપી. ન હોવાના કારણે એ વિસ્તારનો સર્વાંગી વિકાસ થઇ શકતો નથી. એના કારણોસર એ વિસ્તારમાં બાગ-બગીચા નથી, રોડ-રસ્તા નથી. ઘણી બધી સુવિધાઓ જે હોવી જોઇએ એ નથી, બેન્ક પણ નથી. આવી અનેક સમસ્યાઓ ટી.પી. ન હોવાના કારણે ઉત્પન્ન થયેલી છે. અમદાવાદ શહેરમાં તમામ તળાવોને રિડેવલપ કરીને વિકાસ કરવાની વાત છે. વર્ષોથી આ વિધાનસભા ગૃહમાં કહું છું કે અમદાવાદ શહેરમાં સૌથી મોટામાં મોટું ચંડોળા તળાવ છે. મેં નાયબ મુખ્યમંત્રીશ્રી જ્યારે શહેરી વિકાસ વિભાગ સંભાળતા હતા ત્યારે વાત કરી હતી. ચંડોળા તળાવના બે ભાગ છે. નાનું તળાવ અને મોટું તળાવ. મોટા તળાવને ડેવલપ કરશો અને ચંડોળા તળાવની પાસે જે લોકો રહે છે એનો સરવે કરાવીને ઓફિશિયલ જેની પાસે પુરાવાઓ હોય, એવા લોકોને નાના તળાવ બાજુ શિફ્ટ કરશો તો, ખાલી મારી વિધાનસભા છે એટલે નહીં, અમુક વર્ગના લોકો રહે છે એટલે નહીં પણ બાજુમાં ઇસનપુર છે, મણીનગર છે એ બધા વિસ્તારના લોકોને આની સુવિધા મળી રહેશે. હમણાં ૧૨મી તારીખે માનનીય વડાપ્રધાનશ્રી ગાંધી આશ્રમની મુલાકાતે આવ્યા હતા. દાંડીયાત્રાના ભાગ સ્વરૂપે ગાંધી આશ્રમની આજુબાજુનો વિસ્તાર ડેવલપ કરવાની વાત છે. ગાંધીજી આશ્રમમાં રહેવા આવ્યા ત્યારે એ વિસ્તારમાં જે લોકો દાંડીયાત્રા સાથે સંકળાયેલા હતા. દાંડીની યાત્રા જે લોકોએ ગાંધીજી સાથે કરી હતી એવા ૭૮ પરિવારો છે એ ૧૦ ઓરડી અને ૭ ઓરડી તરીકે એ પરિવારોને ગાંધી આશ્રમના એ વિસ્તારમાં જમીન આપીને કાચા મકાનો બનાવીને રહેવા માટે આપેલા છે. મારી સરકારને વિનંતી છે કે તમે રૂપિયા ૧૨૦૦ કરોડના ખર્ચે ગાંધી આશ્રમને ડેવલપ કરો છો પણ ગાંધીજીએ જે લોકોને વસાવ્યા છે, જે લોકોને રિયલમાં વસાવ્યા છે એ ૧૦ ઓરડી અને ૭ ઓરડીના લોકો છે જે દાંડીયાત્રા સાથે સંકળાયેલા છે. આજે પણ એ લોકો જીન્સનું પેન્ટ કે ટી-શર્ટ પહેરતા નથી. આજે પણ ખાદીના જ કપડાં એ લોકો પહેરે છે એવા પરિવારોને આજે જ્યારે હેરીટેઝ બનાવવા જઇ રહ્યાં છો ત્યારે આપ એમનો સમાવેશ કરજો. માનનીય અધ્યક્ષશ્રી, મારે એક છેલ્લી વાત કરવી હતી કે અમદાવાદ શહેરની અંદર ઓન લાઇન ઉદ્દ્ઘાટનો થયા પછી, મારા વિધાનસભા વિસ્તારમાં વીર ભગતસિંહ હોલનું ઉદ્દ્ઘાટન માનનીય મુખ્યમંત્રી સાહેબ દ્વારા થયા પછી એને પ્રજા માટે ખુલ્લો મૂકવામાં આવતો નથી. મારી

વિધાનસભાનો વિસ્તાર ગોમતીપૂર એ ચાલીવાળો વિસ્તાર છે એમાં અંડર ગ્રાઉન્ડ મેટ્રોનું કામ ચાલતું હોવાના કારણે એ વિસ્તારના મકાનો ખૂબજ જર્જરિત હાલતમાં થઇ ગયેલા છે તો સરકાર એના પર પણ થોડું ધ્યાન આપે એવી આજના તબક્કે હું વિનંતી કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સિંચાઇ વિભાગ, શહેરી વિકાસ વિભાગ, નર્મદા અને કલ્પસર વિભાગ અને સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ સરકાર તરફથી લઇને આવ્યાં છીએ એના ઉપર ૨૫ જેટલા માનનીય સભ્યશ્રીઓએ એમના વિચારો, સુચનો કે ફરિયાદો રજૂ કરી છે એની અમે નોંધ લીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખતે સાંભળેલું, જોયેલું, કોઇકે કીધેલું આપણે પકડી લઇએ છીએ. ખરાઇ કરવાની પદ્ધતિ કેટલાક લોકોના સ્વભાવમાં હોતી નથી. કોઇકે કીધું એટલે આગળ ચલાવવાનું, એ આગળ ચલાવવાની વાત બધી જગ્યાએ નથી ચાલતી. ક્યાંક તો પછી સાચું આવીને સત્ય દેખાતું હોય છે. કોંગ્રેસના સભ્ય અહીંયા ઉપસ્થિત નથી જે પોતે પણ સરકારમાં અધિકારી રહી ચૂક્યાં છે. એક મુખ્યમંત્રીશ્રીના પર્સનલ સ્ટાફમાં પણ રહી ચૂકયા છે. સરકારનો વહીવટ કઇ રીતે અને કઇ પદ્ધતિથી થાય છે એનાથી પૂરેપૂરા જાણકાર છે પણ બોલવા ખાતર બોલવું પડે, વિરોધ પક્ષમાં છીએ એટલે ટીકા કરવી પડે એમ સમજીને ઓપનિંગ પ્રવચન કરીને ગૃહમાંથી નીકળી ગયા છે. આમ, તો માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયોમાં કીધેલું જ છે કે જેમણે કોઇએ કોઇ મુદ્દા પર પ્રવચન કર્યું હોય એનો ગૃહમાં જવાબ સાંભળવા હાજર રહેવું જોઇએ પણ એ હાજર રહ્યા નથી એ એમની પદ્ધતિ છે. ઘણા કામમાં સંકળાયેલા છે એટલે કદાચ હાજર નહી રહ્યાં હોય પણ સરકારી કર્મચારીઓની ભરતી, સરકારમાં કર્મચારીઓની ઘટ, સરકારી કર્મચારીઓને અપાતા એકસટેન્શન એના વિષે એમણે બધી વાત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે હું સન્માનનીય સભાગૃહના બધા જ સભ્યશ્રીઓના ધ્યાન પર મૂકવા માગું છું કે કાયમ બે-પાંચ પ્રશ્નો તો હું વર્ષોથી આ વિધાનસભામાં સાંભળતો આવ્યો છું એ પૈકીનો આ પ્રશ્ન એટલે કે નવી ભરતી થતી નથી. કર્મચારીઓની ઘટ છે, કર્મચારીઓને સમયસર પ્રમોશન અપાતા નથી, એસ.સી., એસ.ટી.ના બેકલોગનું રજિસ્ટર નિભાવાતું નથી આવું બધું કહેવાનું લોકો કહેતા જ હોય છે અને આ કહેવાનો એક ભાગ છે. આજે હું સન્માનનીય ગૃહને હકીકતોથી, આંકડાથી, સરકારી વિગતોથી કહેવા માગું છું કે કઇ સરકાર વખતે ક્યારે ભરતી પર કાપ મૂકવામાં આવ્યો. અહીંયા અમારા સભ્યશ્રીએ કહ્યું કે ક્યારથી શરૂ કરેલું? હું એમાં પણ નહીં જવું. મારે તો સાહેબ સમય સાથે આ વાત ધ્યાન પર મૂકવી છે. વર્ષ ૧૯૭૫થી ૧૯૯૫ જેમાં મોટાભાગોનો સમય એ કોંગ્રેસ સરકારનો શાસનનો સમય હતો. એ સરકારના સમયમાં વર્ષ ૧૯૭૫થી ૧૯૯૫માં ગુજરાત સરકારના જે આપણા જુદાજુદા ભરતી બોર્ડો છે એના દ્વારા કુલ ભરતી જે કરવામાં આવી, હું કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આંકડો લખી લો એટલે ભવિષ્યમાં પછી કોઇવાર બોલો નહીં. લખી લો ડો. જોષિયારા સાહેબ, અને રેકોર્ડીંગ પણ મળશે. વર્ષ ૧૯૭૫થી ૧૯૯૫ દરમિયાન ૮૦૧૯૩ કર્મચારીઓની ૨૦ વર્ષમાં કોંગ્રેસના સૂર્યોદયનો સમય હતો એવા સમયમાં આ ભરતીઓ કરવામાં આવેલી. તમારા વખતમાં જ એક મુખ્યમંત્રી દ્વારા ભરતી ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. સમય, સંજોગ જે હોય એની સામે અમે વિવાદ કરવા માગતા નથી. એ પછી અમારી સરકાર આવી અને વર્ષ ૧૯૭૫થી ૧૯૯૫ સામે વર્ષ ૨૦૦૧થી ૨૦૨૦ એટલે તમારા ૨૦ વર્ષ અને અમારા ૨૦ વર્ષનો સમયગાળો એની જે અમે સરકાર દ્વારા ભરતી કરી ૨,૬૩,૫૯૧ કર્મચારીઓની ૨૦ વર્ષમાં અમારી પ્યોર કમળના નિશાનવાળી શુદ્ધ ભા.જ.પા.ની સરકાર દ્વારા આ ભરતી કરવામાં આવી અને કોંગ્રેસના પંજાના નિશાનવાળી સરકાર દ્વારા ૮૦૧૯૩ કર્મચારીઓની ભરતી કરવામાં આવેલી. એટલે જેને ગણિત આવડતું હોય એ બાદબાકી કરી લો કે અમારા કરતા તમે ૨૦ વર્ષમાં કેટલા ઓછા ભર્યા? એટલે અમારે તમને કોઇ ખુલાસો કરવાની જરૂર નથી. તમારે જયારે સમય મળે ત્યારે તમે ખુલાસો કરજો કે અમે કેમ આટલી બધી ઓછી ભરતી કરી એટલે ભરતી નહીં કરવાના પાયામાં જે જવાબદાર છે એ કોંગ્રેસનો ૨૦ વર્ષનો શાસનગાળો છે. કર્મચારીઓનો આંકડો પણ આપવામાં આવે છે. એકઝેટ આંકડો કોઇની પાસે નથી. કોઇ પાંચ લાખ કહે, કોઇ સાડા પાંચ લાખ કહે. આપણે ત્યાં તો બોલવામાં આંકડામાં તો કોઇને આપવા લેવાનું નથી, મનમાં આવે એમ બધા બોલતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, પણ મારે કહેવું છે કે જે પ્રમાણે વ્યવસ્થા વધી, સાધનો વધ્યા, ટેકનોલોજી વધી, જ્ઞાન, વિજ્ઞાન, અનુભવ વધ્યો. પહેલાના જમાનામાં કદાચ તમે ભૂલથી આડેધડ ભૂતકાળમાં ભરતી કરી હોય. એક ઘંટડી સાહેબ મારે અને ત્રણ પટાવાળા આવીને ઉભા રહે પછી સાહેબ કહે શું કરવું? ત્રણ જણા આવી ગયા તો એકને કહે ચા લઇ આવ, એકને કહે સોડા લઇ આવ, એકને કહે બહાર ઉભો રહે કોઇને આવવા દેતો નહીં. આ બે હું પી લઉં ત્યાં સુધી કોઇ આવે નહીં એ જોજે. અમે આ વ્યય ઘટાડયો. જયાં કર્મચારીની ખરેખર જેટલી જરૂર છે, કર્મચારીઓની કાર્યદક્ષતાથી ૮ કલાકની નોકરી હોય તો પૂરેપૂરો સમય એનો ઉપયોગ થાય એ માટેનું આખું વ્યવસ્થાતંત્ર બનાવ્યું, કર્મચારીઓની પૂરેપૂરી કાર્યદક્ષતાનો ઉપયોગ કરવાનું અમે શરૂ કર્યું આપણે બધા જાણીએ છીએ અત્યારે છેલ્લા દશેક વર્ષથી તો ટેકનોલોજી ખૂબ વધી ગઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે બધું જ વિડીયો કોન્ફરન્સથી, બધું ઇમેલથી, વોટ્સએપથી જયારે બધું થતું હોય અને સરકારે કરકસરના ભાગરૂપે આજે નહીં જયારથી આ બધી વ્યવસ્થા થઇ ત્યારથી માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી હતા ત્યારથી કલેકટરોને અમે સૂચના આપી છે, લેખિત સૂચના છે કે નાની નાની વાતમાં તમારે મોટર લઇ અને ગાંધીનગર નહીં આવવાનું, તમારે જરૂર હોય તો તમે વિડીયો કોન્ફરન્સથી તમારા સબંધિત અધિકારીઓ સાથે, સચિવો સાથે મિટિંગ કરીને પૂછી લેવાનું અમારા સચિવોને પણ અમે સૂચના આપી છે કે વારેઘડીએ જિલ્લાઓમાંથી અધિકારીઓને બોલાવવાના નહીં, જરૂર પડે તો

વિડીયો કોન્ફરન્સ કરી બધાને એક સાથે સૂચના આપવાની. પેટ્રોલ, ડિઝલ, સમય, શક્તિ કર્મચારીનો, અધિકારીનો બચે અને બધું પ્રજાના હિતમાં વપરાય, ખોટા ભાડા ભથ્થાં આવવા જવાના અધિકારીઓને આપવા ન પડે. આ બધું કરવા માટે અમે જે કર્યું. શક્ય છે કે તમે જે ૫૦૦ લોકો કે જેની જરૂર નહોતી એની ભરતી કરી હોય. હવે અમને લાગતું હોય કે ૩૦૦ માણસોથી કામ પતે એમ છે તો અમે ૫૦૦ નહિ ભરીએ. પ્રજાના પૈસામાંથી આ પગાર ચૂકવાય છે. આ શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇના ખિસ્સામાંથી આ પગાર ચૂકવાતો નથી. ગુજરાતની જનતાના કરવેરાના પૈસામાંથી આ પગાર ચૂકવાય છે અને આ પગાર ચૂકવાય એ વ્યાજબી ચૂકવાય અને સરકારની આવક છે એ પ્રજાના હિતમાં, વિકાસ કામો માટે, ખેડૂતો માટે, ગરીબો માટે, આદિવાસીઓ માટે, વિદ્યાર્થીઓ માટે, ગામડાં માટે બધા માટે વપરાય અને ગુજરાતનો એકેએક પૈસો પ્રજાલક્ષી કામ માટે વપરાય. તમારી જેમ તગારે, પગારે અને નગારે એ જવાનું કામ અમે બંધ કરી દીધું છે. એકે એક પૈસો પ્રજા માટે વપરાય એ માટે જે પણ જરૂરિયાત છે એ પ્રમાણે જ આ બધું કરીએ જ છીએ. એટલે કર્મચારીઓની ભરતી એ બાબતની વાત હવે મહેરબાની કરીને ભવિષ્યમાં ન કરતા. જેમ જરૂર પડે તેમ ભરતી કરીએ છીએ. અત્યારે પણ અમે આંકડા આપ્યા, એ સિવાય આ વર્ષના બજેટમાં મુખ્યમંત્રીશ્રીએ જે જાહેરાત શ્રી વિજયભાઇએ કરી છે કે સરકાર ૫ વર્ષની અંદર ૨ લાખ નવા કર્મચારીઓની ભરતી કરવાની છે. અમે કરીશું. માનનીય ગૃહમંત્રીશ્રી પ્રદીપસિંહ હોય, અમારા બીજા મંત્રી હોય જેમણે જેમણે એમના વિભાગમાં જે કર્મચારીઓ, અધિકારીઓની જરૂરિયાત છે. ફીલ્ડમાં જરૂરિયાત છે, ખરેખર જરૂરિયાત છે એની ભરતી કરવાની બધી મંજૂરી અમારા નાણાં વિભાગે મહેકમ મંજૂર કરીને એનું કેલેન્ડર બનાવીને બધાને મંજૂરી આપી દીધી છે. અત્યારે પણ જી.પી.એસ.સી. હોય, ગૌણ સેવા પસંદગી મંડળ હોય, પંચાયત સેવા પસંદગી હોય એના દ્વારા ધમધોકાર ઇન્ટર્વ્યુ ચાલે છે. કોરોના વખતમાં કબૂલ કરું છું કે બધી ઓફિસો બંધ હતી, કર્મચારીઓને ઘરે રાખતા હતા. કર્મચારીઓને કન્ટેન્ટમેન્ટ ઝોનમાં રાખતા હતા. તો પછી એમને લાવીને ખાલી બેસાડી રાખી પગાર ચુકવવો ન જોઇએ, એટલે ટેમ્પરરી એ ભરતી થઇ ચૂકેલ હતી. એના ઉપર પ્રતિબંધ રાખ્યો હતો. હવે આ બધું પ્રકરણ પૂર્ણ થવા ઉપર છે. મેં અગાઉ બજેટમાં પ્રવચનમાં કહ્યું હતું કે કરકસરના પગલાં અમે પૂર્ણ કરી દીધાં છે. નવા કર્મચારીઓ જેમની ભરતી થઇ ચૂકી છે. સિલેક્શન થઇ ચૂક્યું છે. જી.પી.એસ.સી.એ પ્રમોશન આપવાનું કે ભરતી કરવાની મંજૂરી આપી છે. આ બધાની દરેક વિભાગ દ્વારા તબક્કવાર મંજૂરી પછી એ કોઇપણ વિભાગ હોય એને મંજૂરી આપવાની શરૂઆત કરી દીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એલ.આર.ડી.નો દાખલો કોઇએ આપ્યો. એલ.આર.ડી.માં તો અમારી ભાજપની સરકાર, પ્રજાલક્ષી સરકાર બહેનોની કાળજી રાખવા માટે, જે દીકરીઓ રહી જતી હતી એને મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને ગૃહમંત્રીશ્રી પ્રદીપસિંહજીએ અને અમે બધાએ કોર ગ્રૂપમાં મુખ્ય સચિવ, ડીજીપી, સામાન્ય વહીવટ વિભાગના વડા, નાણાં વિભાગ, અમે નિર્ણય કર્યો. કદાચ ગુજરાતના ઇતિહાસમાં હું વર્ષ ૧૯૯૦ પહેલાનો પાકો જાણકાર નથી, પણ કદાચ બનાવ ન બન્યો હોય એ રીતે અમે સુપર ન્યુમેરી ભરતીની જાહેરાત આપી હતી, એના કરતા પણ વધુ દીકરીઓને પસંદ કરી નોકરી આપી દીધી. એ છોકરીઓ કોરોના વખતમાં ટ્રેનિંગ લેતી થઇ ગઇ. એ છોકરીઓ પોલીસ બની કામગીરીમાં જોડાઇ ગઇ. કેટલાક લોકો જે ઉશ્કેરણી કરી રહ્યા છે. કોની ઉશ્કેરણી કરી રહ્યા છે? જે દોડવામાં પાસ થયા ન હોય, જે ફિઝિકલ ટેસ્ટમાં નપાસ થયા, આટલી મિનિટમાં, આટલી સેકન્ડમાં મીટર દોડવું પડે તો ના દોડી શક્યા, છાતી ફુલાવવાની હોય એટલી ન ફુલાવી શક્યા, જે ઊંચાઇ હોવી જોઇએ તે ઊંચાઇ ન કરી શક્યા, એ છોકરાઓએ એવી માગણી કરી કે આ છોકરીઓને લીધી છે. છોકરીઓ ક્વોલિફાઇડ હતી. પરીક્ષામાં પાસ થઇ હતી, ફિટનેસમાં પાસ થઇ હતી, પણ એમની જગ્યાઓ નહોતી ભરાતી. ભરાઇ ગયેલી, પણ રહી ગઇ હતી. એને સુપર ન્યુમેરી જગ્યા કરી અમે વધારે ભરતી કરી. પણ જે નાપાસ થયેલ છોકરાઓ, જે ફિટનેસમાં ફેઇલ થયેલા એ લોકો આંદોલન કરે અને આ લોકો ત્યાં જઇ સમજ્યા કર્યા વગર કોઇ નીટની પરીક્ષા પાસ જ ન થયા હોય. સાહેબ, કોઇ નીટની પરીક્ષામાં પાસ જ ન થયો હોય, મારો ગમે તેટલો નજીકનો સંબંધી હોય, હું રાજ્યનો આરોગ્યમંત્રી હોઉં અને મારી પાસે અનેક મેડિકલ કૉલેજોની ૫૫(પંચાવન) સીટો હોય પણ મારો ગમે તેટલો નજીકનો સંબંધી કે ગમે તેવો ઓળખીતો હોય તે નીટમાં મેરિટમાં ન આવતો હોય તો આરોગ્યમંત્રી તરીકે હું તેને એડમિશન ન આપી શકું. તેમ આ તમે જે લોકોની ભલામણ કરો છો તે લોકો ફિટનેશમાં સિલેક્ટ થયેલા નથી. હવે નવી એલ.આર.ડી.ની અમે મંજૂરી આપી દીધી છે. શ્રી પ્રદિપસિંહે ગઇકાલે ગૃહ વિભાગની ચર્ચામાં કહ્યું તે પ્રમાણે તેમાં ફરીથી તે લોકો પોતાને સક્ષમ પુરવાર કરશે તો તે ભરતી માટે લાયક ઠરશે. એટલે તેમની ભરતી થવાની છે પણ ખોટા લોકોનું ઉપરાણું લેવું, ખોટી રીતે ગાંધીનગરમાં સમજ્યા વગર, ઉશ્કેરણી કરવી અને મને યાદ નથી કે કોઇ વિપક્ષના ધારાસભ્ય અમારી પાસે આવ્યા હોય અને એમ કહ્યું હોય કે, આ લોકોનો શું પ્રશ્ન છે, તમે એમને કેમ સાંભળતા નથી, તમે એમની કેમ ભરતી કરતા નથી? સાંભળવાનું નહીં સાહેબ. સાચો પક્ષ નહીં જોવાનો, એકતરફી સાંભળવાનું અને પછી વાતો કરવાની. તે રીતે કોઇ વાતો કોઇએ કરવી જોઇએ નહીં તેવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સુખરામભાઇએ રોસ્ટરનો અમલ કરવામાં આવતો નથી તેવી વાત કરી. તેની મારી પાસે પૂરેપૂરી માહિતી છે. અમારી ભારતીય જનતા પક્ષની સરકાર રોસ્ટરનો અમલ કરવા માટે પ્રતિબદ્ધ છે. આ અંગેની બધી જ વ્યવસ્થાઓ કરેલી છે. એસ.ટી.નું જે રોસ્ટર હોય તેના કરતાં વધુ પ્રમોશન અપાયા છે. એક એસ.સી.નું પ્રમોશન બાકી છે. તેના કારણે તે વ્યવસ્થામાં તે નથી થયું. એટલે આ મારો અનુભવ છે અને હું કોઇના ઉપર આક્ષેપ કરતો નથી. મારી પાસે પણ આવે છે. જે કર્મચારીને પ્રમોશન ન મળ્યું હોય, જે કર્મચારી વિરુદ્ધ ઇન્કવાયરી ચાલતી હોય અને તે ડી.પી.સી.માં ન આવ્યા હોય તે

આપણને સાચું ન કહે. મારી પાસે ઘણા લોકો આવે છે અને તમારી પાસે પણ આવે. જેણે ભૂલ કરી હોય તે આપણી પાસે આવીને તેની ભૂલ આપણને ન કહે, પણ આપણને એકતરફી વાત કરે કે, મારું પ્રમોશન આવતું નથી, મને આગળ નથી લઇ જતા. તે સાચી વાત કરતા નથી. ખરેખર એસ.ટી., એસ.સી.માં જે રોસ્ટરની પ્રથા છે તેનું કડકાઇથી પાલન અમારી ભારતીય જનતા પક્ષની સરકાર દ્વારા નિયમો પ્રમાણે કરવામાં આવે છે. એટલે તમારે કોઇપણ કર્મચારી કે અધિકારી પછી તે ગમે તે જ્ઞાતિ કે જાતિનો હોય અને હું તો બધા જ સભ્યોને કહું છું કે, એકતરફી સાંભળી કોઇના માટે ભલામણ પણ ન કરવી. તેની સામા પગલે ચકાસણી કરવી કે ભાઇ તને કેમ પ્રમોશન નથી મળ્યું? પાંચ લાખ કર્મચારીઓ હોય તેમાં સચિવ કે મુખ્ય ઇજનેર કોઇને ઓળખતા ન હોય. કોઇ કર્મચારીને અન્યાય કરવાનું કોઇ કારણ ન હોય. તે આપણને સાચી વાત ન કરે તેના કારણે આપણે દોરવાઇ જતા હોઇએ છીએ અને આપણે તેમના માટે રજૂઆત કરી દેતા હોઇએ છીએ. એટલે આવું ન કરવું જોઇએ. ભરતી અમે કર્યે જઇએ છીએ. તમારા વીસ વર્ષ કરતાં અમે વધારે ભરતી કરી છે. આ વર્ષે પણ નવી બે લાખની ભરતી અમે કરવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જે સિનિયર અધિકારી હોય, અનુભવી અધિકારી હોય, સરકારને ઉપયોગી કે જરૂરી હોય તેની સેવાનો લાભ લેવો તે સરકારનો અધિકાર છે. કોઇપણ કાયદા અન્વયે તેને રોકી શકાતું નથી. મારે કોની સલાહ લેવી, મારે કોનું માર્ગદર્શન લેવું તે મારો અધિકાર છે. તેમાં કોઇને કોઇ ટીકા ટિપ્પણી કરવાનો કોઇ પ્રશ્ન રહેતો નથી. એટલે સામાન્ય વહીવટ વિભાગનો વિષય અહીં પૂરો થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમરીષભાઇ અહીં બેઠા છે તેમને શહેરી વિકાસ વિભાગની વાત કરી. મેં સાહેબ આજે થોડી પદ્ધતિ બદલી છે. જે પ્રશ્નો આવ્યા છે તેનો સંતોષ બધાને આપી દઉં તો બધાની આ ફરિયાદો બંધ થઇ જાય. માહિતીના અભાવે જ બધી વધારે ફરિયાદો ચાલતી હોય છે. વેરાવળની એમણે વાત કરી. એલ.સી.નં.૧૩૦ તેનો આર.ઓ.બી. શ્રી અમરિષભાઇ મંજૂર... સોરી સોરી શ્રી વિમલભાઇ, તે મંજૂર થઇ ગયો છે. તમે વેરાવળના ધારાસભ્ય છો પણ ચોરવાડની બહુ ચિંતા કરો છો તે હું જોઇ રહ્યો છું. કંઇ વાંધો નહીં તમારા ધર્મપત્ની પ્રમુખ છે. એટલે તેમને મદદ કરવી તે આપણી જવાબદારી છે. એટલે વેરાવળની ખબર પણ રાખતા રહેજો. માનનીય વિમલભાઇ, એલ.સી.નં.૧૩૦ એનું ૨૮.૫૦ કરોડ રૂપિયાનું ટેન્ડર બહાર પડી ચૂક્યું છે અને એની પ્રક્રીયા આગળ ચાલી રહી છે. બીજું, એલ.સી.નં.૧ એ પણ રૂપિયા ૨૨.૯૦ કરોડનું ટેન્ડર બહાર પડી ચૂક્યું છે. મારી ધારાસભ્યશ્રીઓને વિનંતી છે કે, કાર્યપાલક ઇજનેર, નાયબ કાર્યપાલક ઇજનેર અને આપણી સંકલનની મિટિંગ મળે છે એમાં જો આ બધી વિગત તમે મેળવતા રહેતા હોય તો આ પવિત્ર વિધાનસભા ગૃહમાં જ્યાં એક એક મિનિટની કિંમત છે, આપણે બોલવા માગતા હોઇએ અને સ્પીકર સાહેબ ઘંટડી વગાડે અને આપણે બેસી જવું પડે છે તો એવા મુદ્દા લાવવા જોઇએ કે જેની માહિતી નીચેથી મળતી ન હોય. આ ટેન્ડર થઇ ચૂક્યા છે એની માહિતી નીચેથી પણ આપશ્રીને મળી શકી હોત. માનનીય વિમલભાઇ, તમારા બંને ટેન્ડર બહાર પડી ચૂક્યા છે. ફાટક વિહોણું ગુજરાત બનાવવું મુખ્યમંત્રીશ્રીનો, શહેરી વિકાસ વિભાગનો અને અમારા માર્ગ અને મકાન વિભાગનો, ગુજરાત સરકારનો નિર્ણય છે કે ગુજરાત જે કરે એ રાજયમાં બધું પહેલા નંબરનું જ કરીએ છીએ, અમને પાછળનું કશું પસંદ જ નથી એટલે પણ અમે કરવાના જ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેશભાઇ વસાવા અહીંયા અત્યારે હાજર નથી. એમણે આદિવાસી વિસ્તારના પ્રશ્નોની રજૂઆત કરી, આદિવાસી વિસ્તાર માટે નાણામંત્રી તરીકે હું રેકર્ડ ઉપર કહેવા માગું છું કે, અમારી આ સરકારે છેલ્લા પાંચ વર્ષથી આદિવાસી વિસ્તારની પીવાના પાણીની સિંચાઇ યોજનાઓ હોય કે ખેતી માટેની સિંચાઇ યોજનાઓ હોય અમે જે રકમ, જે કામ, પાઇપ લાઇનો, કેનાલો, ચેકડેમો, ડેમો અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે પૂર્વ પટ્ટીના આદિવાસીઓ માટે મંજૂર કર્યા છે એટલા ભૂતકાળમાં કોઇ સરકારે કર્યા નથી. આ મારી તમારી ગેરંટી છે જેને બજેટ જેટલા વર્ષનું ચકાસવું હોય એ ચકાસી લો. માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસીઓ મુખ્યમંત્રીઓ બની ચૂક્યા, અહીંયા કહેવાતું હતું કે અમે આદિવાસીને મુખ્યમંત્રી બનાવ્યા. મને માન છે, ગૌરવ છે અને આદિવાસીનો પણ હક છે. જેનામાં ગુણવત્તા હોય, આવડત હોય એ કોઇ પણ વ્યક્તિ લોકશાહીમાં કોઇ પણ હોદ્દો પ્રાપ્ત કરી શકે છે અને એટલા જ માટે ગુજરાતની જ નહીં દેશની જનતાએ એક ચાની કિટલીવાળાને વડાપ્રધાન બનાવવાનું કામ કર્યું છે. તમારા અર્થશાસ્ત્રી જતા રહ્યા, તમારા ખાનદાની પરિવારમાંથી આવનારા ક્યાંય ખોવાઇ ગયા અને ચાની લારીવાળાને ગુજરાતની અને દેશની જનતાએ વડાપ્રધાન બનાવ્યા આ હક છે, આ આવડત છે, આ અનુભવ છે અને લોકશાહીમાં દરેકને અધિકાર છે. (અંતરાય) કોઇને બોલવાની જરૂર જ નથી, કંઇ છે નહીં, અમે આદિવાસીઓ માટે જે યોજનાઓ બનાવી છે એની કોઇ કલ્પના ભૂતકાળમાં તમે કરી શક્યા ન હતા અને હું અત્યારે નહીં કહું પણ ઘણી બધી ચર્ચાઓ થઇ ચૂકી છે અને અમારા માનનીય સભ્યશ્રીઓ અને ખાસ કરીને માનનીય નરેશભાઇએ ખૂબ વિગતવાર વાત કરી હતી અને માનનીય જેઠાભાઇએ પણ વાત કરી છે ત્યારે કહેવા માગું છું કે, દાહોદ જિલ્લો હોય, પંચમહાલ જિલ્લો હોય, સુરત જિલ્લો હોય, નર્મદા જિલ્લો હોય, તાપી જિલ્લો હોય કે અમારો મહિસાગર જિલ્લો હોય કે અરવલ્લી જિલ્લો હોય એ બધા જ જિલ્લામાં આદિવાસીઓને જે ભૂતકાળમાં તમે બધાએ લે લે કર્યું છે આપવાનું કામ નથી કર્યું. એક સાઇડ જ ખાતુ ચાલતું હતું અમે એ ખાતુ હવે સરભર કરીને આપવાનું કામ ચાલુ કરી દીધું છે અને મને આનંદ છે કે, આ નિર્દોષ અને ભોળાભલા ભગવાનના અવતાર કહેવાય એવા આદિવાસીઓ અમારી પ્રમાણિકતા અને અમારો પ્રેમ જોઇને આ વખતે એવા છલકાય ગયા અને શું થયું એ તમને બધાને ખબર છે એટલે મારે એમાં કોઇને કાંઇ કહેવાનું રહેતું નથી.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન(ચોથો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આ વનબંધુ કલ્યાણ યોજના જે લાવ્યા છીએ એની તો કોઇ કલ્પના જ ન કરો, હજુ તો આ જે થશે એ જોવા જેવું થશે. હજુ તો ટીસ્યુ કલ્ચર ઉગાડીએ છીએ. આ ટીસ્યુ કલ્ચર ઝાડ થશે એમાં તમે બધા ક્યાંય ઢંકાઇ જવાના છો એ સમજી લેજો અને એમાં જે ફળ આવશે એ કમલમ જેવા ફળ આવશે, એમાંથી કમલમ નીકળશે એટલે હવે બધું પૂરું થવાનું છે એવું વાવેતર માનનીય પરેશભાઇ, અમે કરીએ છીએ એટલે એમાં કોઇ પ્રશ્ન નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બનાસકાંઠા જિલ્લાની વાત કરવી છે, હું ઉત્તર ગુજરાતનો છું એટલે મારે એમને જવાબ આપવો પડે. માનનીય ગેનીબેન હોય, માનનીય અમારા નથાભાઇ હોય, બીજા સભ્યો હોય એમણે માગણી કરી જ છે, તો સુજલામ્-સુફલામ્ સ્પ્રેડીન્ગ કેનાલથી થરાદ તાલુકાને પણ લાભ આપીએ છીએ. કસરા-દાંતીવાડા પાઇપલાઇન એમાં સરવે, ઇન્વેસ્ટીગેશન ચાલુ છે એનો રિપોર્ટ આવ્યે બજેટ ફાળવીશું. નવા ચેકડેમ બનાવવાનું કામ ચાલી રહ્યું છે. વર્ષ ૨૦૨૧-૨૨માં થરાદ-સિપુ પાઇપ લાઇન માટે રૂપિયા ૨૨૬ કરોડની જોગવાઇ કરી છે અને ડીંડોલ-મુકતેશ્વર પાઇપલાઇન માટે પણ રૂપિયા ૧૦ કરોડની જોગવાઇ કરી છે. ચાંદા- દાંતીવાડા પાઇપ લાઇન જેની માગણી કરી છે. દાંતીવાડા ડેમમાં પાણી ભરવા માટે.. અમે જે પાણી ભર્યું છે. (અંતરાય) દાંતીવાડામાં પાણી આવે જ છે કોણ કહે છે કે નથી આવતું? હું વીડીયો બતાવું, શું વાત કરો છો તમે, દર વરસે આપીએ છીએ. મારા વખતથી આપીએ છીએ. મેં જ પાઇપ લાઇન નંખાવી હતી, તમારી વાત ખોટી છે. એટલે અત્યારે હું સમય નહિ બગાડું, તમે મને રૂબરૂ મળજો. સિપુ ડેમમાં પાણીની આવક ઓછી છે. સિપુ પહેલેથી જ ઓછો ભરાય છે. મુક્તેશ્વર પણ ઓછો ભરાય છે. શ્રી નથાભાઇ, વેલ નદીમાં અત્યારે પાણી નાંખી શકાય એવી સ્થિતિ નથી. શ્રી મફતલાલ પુરોહિત હતા, પછી શ્રી હરજીવનભાઇ હતા એ બધાયે આ માગણી કરતા હતા પણ જે ટેકનીકલી શક્ય ના હોય, પાણીનો સોર્સ ન હોય તો પછી અમારી મર્યાદા હોય. પણ ભવિષ્યમાં કંઇક થઇ શકતું હશે તો ચોક્કસ એની વિચારણા કરીશું.

શ્રી અભેસિંહભાઇએ પણ થોડીક રજૂઆતો કરી છે. એમનું તો ઘણું ખરું કરીએ જ છીએ અને એ તો કાયમ અમારી પાસે આવતા જતા રહેતા હોય છે. એટલે ઘણું કામ કરીએ છીએ. શ્રી ચંદનસિંહભાઇએ સિદ્ધપુરની રજૂઆત કરી છે. સિદ્ધપુરની સરસ્વતી નદીમાં પાણી છોડવાનું વરસોથી ચાલુ જ છે. એ પણ લાભ આપીએ છીએ. એટલે આ બધું જ સાહેબ અમે જ્યારે સિંચાઇ વિભાગ દ્વારા કરી રહ્યા છીએ. સિંચાઇ વિસ્તાર પણ અમે વધાર્યો છે. અમારા ધારાસભ્યશ્રીઓએ કહ્યું કે ભૂતકાળમાં જે ગુજરાતની સ્થિતિ હતી, આ સૌરાષ્ટ્રવાળા બધા અમરેલીવાળા, ભાવનગરવાળા શા માટે સુરત ગયા? પીવાનું પાણી નહોતું. ખેતીના પાણીની તો વાત ક્યાં છે? આજે આભાર માનો માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનો કે સૌની યોજના સુજલામ્-સુફલામ્ યોજના મોદી સાહેબે મંજૂર કરી, ઉત્તર ગુજરાત જે પાણીના ટીંપેટીંપા માટે વલખતું હતું, સૌરાષ્ટ્રમાં પીવાનું પાણી નહોતું મળતું, દસ દસ દિવસે દસ મિનિટ નગરપાલિકામાંથી પીવાનું પાણી મળતું હતું એ સૌરાષ્ટ્રમાં સૌની યોજનાની અમારા માનનીય વડાપ્રધાનશ્રીએ મુખ્યમંત્રી તરીકે જે મંજૂરી આપી એની વિગતો આપણે બધા જાણીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ આખું ખાલી થઇ ગયેલું. કચ્છમાં નર્મદા અને બીજી સિંચાઇ યોજનાઓનું પાણી અમે આપી રહ્યા છીએ. આદિવાસી વિસ્તાર હોય, મધ્ય ગુજરાત હોય, કડાણા ડેમ હોય, પાનમ વિસ્તાર હોય ત્યાં પણ બધી જ રીતે અમે પાણી આપીએ છીએ. મોરબીની આજુબાજુ, સુરેન્દ્રનગરની આજુબાજુ મચ્છુ ડેમ, ધોળીધજા ડેમ, બીજા ડેમો, જામનગર જિલ્લાના અમારા ફળદુ સાહેબ, અમારા શ્રી હકુભા એ બધાની જે રજૂઆત, કાર્યકરોની રજૂઆત, મોટા પ્રમાણમાં જામનગર સુધી પાણી અમારી સરકાર આજે પહોંચાડી રહી છે.

આ બોટાદ વિસ્તાર જ્યાં પણ પાણીની તકલીફ હતી. શ્રી સૌરભભાઇ હોય કે બીજાની માગણી હોય ત્યાં પણ બોટાદ સુધી અમે પાણી પહોંચાડ્યું છે. પીવાનું પાણી હોય કે સિંચાઇનું હોય તમારા વખતમાં હતું એનાથી ૫૦૦ ગણું વધુ પાણી અમે પહોંચાડી રહ્યા છીએ. માનનીય બાબુભાઇએ જે વાત કરી એ ખૂબ અગત્યની વાત છે. સ્પ્રેડીંગ કેનાલ, મીઠું પાણી વરસાદનું આવે એ દરિયામાં જતું રહેતું હતું, દરિયાનું ખારું પાણી મીઠા પાણીને ખારું કરે. શ્રી બાબુભાઇ એ વખતે મારા સાથી મંત્રી હતા, અમે નિર્ણય કર્યો કે આનો ઉપાય શું તો અમે ત્યાં આગળ મોટી કેનાલો ઉંડી ખોદી ૩૦-૩૦, ૪૦-૪૦ ફૂટ ઉંડી, ૪૦-૫૦ ફૂટ પહોળી એમાંથી પથ્થર નીકળ્યો એ પથ્થર અમે સિમેન્ટ ફેક્ટરીઓને વેચાણ આપ્યો એના અમે પૈસા ઉપજાવ્યા અને એ સ્પ્રેડીંગ કેનાલ બની જેટલું ઘેડ વિસ્તારમાં, પોરબંદરમાં વરસાદ પડે. વરસાદ પડે એ મીઠું પાણી એ કિલોમીટરો સુધી લાંબી એ સ્પ્રિડીંગ કેનાલમાં ભરાય તે પોચી પથ્થરવાળી કેનાલ છે. પાણી જમીનમાં ઉતરે, હજારો કૂવા એ સાજા થયા, મીઠું પાણી આવતું થયું. દરિયાનું ખારું પાણી ત્યાં આવતું બંધ થઇ ગયું અને આજે ફળદ્રુપ જે નાઘેર કહેવાતો હતો તે વિસ્તાર પેરીસ કહેવાતો હતો, મહુવાનો વિસ્તાર મને યાદ છે પૂ.મોરારીબાપુની ઉપસ્થિતિમાં મહુવામાં મારા દ્વારા જે એક ડેમ મંજૂર કરવામાં આવેલો અને જે મીઠાં પાણીનું સરોવર મંજૂર કર્યું આજે ત્યાં મીઠાં પાણીના સરોવરોથી છલકાતો મહુવા વિસ્તાર થઇ ગયો. આ બધું અમે કરીએ છીએ તમને ખોદવાની કોઇએ ના નહોતી પાડી પણ ના કર્યું, આ હોવું જોઇએ. બીજું, હું વધારે કંઇ નહીં કહું એ ભગવાને અમને આપ્યું છે. સાહેબ, હું વધારે સમય નહીં લઉં શહેરી વિકાસ વિભાગ તેની વિશેષતાઓ તો આપણે બધા (અંતરાય) શું ? કઇ જમીન ? તમને બધું આવું જ સૂઝે છે. સાહેબ, હું કહું છું કે પાણીમાંથી પોરા કાઢવા હોય તો કોંગ્રેસને રાખો અને પાણીનો સદ્ઉપયોગ કરવો હોય તો ભાજપને લાવો. પોરા એટલે મચ્છર ખબર છેને ? પાણીમાં મચ્છર એટલે કોંગ્રેસ અને પાણીનું શુદ્ધિકરણ એટલે ભાજપ.

માનનીય અધ્યક્ષશ્રી, અમે શહેરી વિકાસમાં જે ક્રાંતિ કરી છે મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના તે પણ મોદી સાહેબે શરૂ કરી. અત્યાર સુધી જે રકમ અમે ફાળવી છે આ વર્ષે રૂપિયા ૪૫૪૨ કરોડ, પહેલાં તબક્કામાં રૂપિયા ૭ હજાર કરોડ, બીજા તબક્કામાં રૂપિયા ૧૫ હજાર કરોડ, વર્ષ ૨૦૧૭-૧૮માં રૂપિયા ૩૫૦૦ કરોડ, વર્ષ ૨૦૧૮-૧૯માં રૂપિયા ૪૦૦૦ કરોડ, વર્ષ ૨૦૧૯-૨૦માં રૂપિયા ૪૧૦૦ કરોડ, વર્ષ ૨૦૨૦-૨૧માં રૂપિયા ૪૫૦૦ કરોડ અને આ વખતે રૂપિયા ૪૫૦૦ કરોડ.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરોની કાયાપલટ ભૂગર્ભ ગટર, પાણીની વ્યવસ્થાઓ, સી.સી.રસ્તા, સોસાયટીઓમાં રસ્તા, બ્લોક, બાગ-બગીચા, આંગણવાડી, પ્રાથમિક શાળા, પીએચસી તમને યાદ આવે એ બધુ એ કર્યું હોય તો અમારી ભારતીય જનતા પક્ષની સરકારે

કર્યું. નવી પેઢીને તો ખબર પણ નથી પહેલાં ઓકટ્રોય ઉઘરાવાતી હતી. આ ઓકટ્રોય નાબૂદી પર અમારી ભાજપની સરકારે કરી. ફાયર ફાયટરો આપ્યા, પાણીની ટેન્કરો આપી, સબ-સ્ટેશન આપ્યા, ટાઉનહોલ આપ્યા, ઓડિટોરીયમ આપ્યા, કોમ્યુનિટી હોલ આપ્યા બધુ જ કર્યું છે. અત્યારે રૂપિયા ૫૭૮૫ કરોડના ખર્ચે ભૂગર્ભ ગટર યોજનાના કામ ચાલુ છે. કોંગ્રેસના એક ધારાસભ્ય શ્રી કીરીટભાઇ જતા રહ્યા. આમ તો તેઓ પ્રોફેસર છે એટલે પિરીયડ લેતાં પણ નથી અને અહીં પિરીયડ ભરતાં પણ નથી. પ્રોફેસરને પિરીયડ લેવો પડે કાં ભરવો પડે. તેઓ જતા રહ્યા. સાહેબ, એ કહી ગયા કે મોદી સાહેબનું શું કામ નામ લો છો ? હું શ્રી કીરીટભાઇને પૂછવા માગતો હતો કે તમે તો હમણાં ધારાસભ્ય બન્યાં એ તો આંદોલન થયું એટલે બન્યાં નહીંતર ન બનત. હવે ગયું, પાટણ નગરપાલિકા ભાજપની બની ગઇ, જિલ્લા તાલુકા પંચાયત બની ગઇ એમનું ગયું પણ મારે એમને કહેવું હતું. તેમના પહેલાં પાટણમાં અમારા પૂર્વ મુખ્યમંત્રી અમે નામ એટલા માટે નથી આપતા. કેમ કે અત્યારે દેશના સૌથી મોટાં રાજય ઉત્તર પ્રદેશના ગવર્નર છે એવા માનનીય, સન્માનનીય આનંદીબહેન પટેલ પાટણના ધારાસભ્ય હતા. પાટણની જે કાયાપલટ થઇ પીવાનું પાણી, સુજલામ્ સુફલામનું પાણી પછી શહેરી વિકાસ વિભાગની યોજનાઓ, રસ્તાઓના કામ શ્રીમતી આનંદીબહેને મુખ્યમંત્રી તરીકે પાટણને જે લાભ આપ્યો છે તે ઇતિહાસ જેમ સિદ્ધરાજ જયસિંહજીને યાદ કરે છે એમ શ્રીમતી આનંદીબહેનને, એમ મોદી સાહેબને યાદ કરશે એટલા માટે અમે યાદ કરીએ છીએ. અમે કામ કરનારને યાદ કરીએ છીએ જયારે તમે કેવા લોકોને યાદ કરો છો ? મારે નથી કહેવું નહીંતર પાછા ઉભા થઇ જશો, મારે તમને ઉભા નથી કરવા. તમે એવા રીજેક્ટેડ લોકોના નામ યાદ કરો છો કે જે હવે ભૂંસાઇ ગયા છે, ભૂંસાઇ જવાની તૈયારીમાં છે અને આ છેલ્લી પેઢી અહીંયા સાહેબ ગઇકાલે વીર સાવરકરજીની વાત આવી. વીર સાવરકર જેવા મહાન સ્વાતંત્ર્ય સેનાનીનું અપમાન કોણ કરી શકે એ આપણે જાણીએ છીએ. એક જ પરિવારનો વંશવેલો પહેલાં દાદા પછી દાદી પછી પપ્પા પછી મમ્મી પછી ભાઇ પછી બહેન અને હવે છેલ્લે ભાણિયો આવવાની તૈયારીમાં છે. (અંતરાય) હું કોઇનું નામ નથી બોલ્યો સાહેબ. તમારે જેના ભાણિયાને રમાડવો હોય એને રમાડો. (અંતરાય) હું કોઇનું નામ નથી બોલ્યો. (શ્રી પરેશ ધાનાણી ઊભાં થતાં)

સભાપતિશ્રી : શ્રી પરેશભાઇ, શ્રી પરેશભાઇ. પૂરું કરી લેવા દો. તૈયારીમાં જ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હજુ એ પ્રશ્ન ચર્ચામાં છે. બેસી જાવ. કાલે સાહેબે તપાસ આપી છે. તમારા ભાઇએ પુરાવા લાવવાના છે. આ કોંગ્રેસને એક પરિવાર સિવાય કશું દેખાતું નથી. અમારા મોદી સાહેબે આ દાંડી યાત્રા ચાલુ કરી. આ સરદાર વલ્લભભાઇને અમે યાદ કર્યા. તમે તો સરદાર વલ્લભભાઇને ભૂંસી નાંખવા માગતા હતા. શ્રી સુભાષચંદ્ર બોઝને ભૂંસી નાંખવા માગતા હતા. (અંતરાય) આપ બેસી જાવ.

સભાપતિશ્રી : સાહેબ, સમય પૂરો થયો છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અમરેલીમાં તમારું પૂરું થયું. (અંતરાય) આ ત્રણેય બજેટ પ્રજાલક્ષી છે, વિકાસલક્ષી છે. પીવાનું પાણી, ખેડૂતો માટે સિંચાઇનું પાણી અને રાજ્યની ૪૩ ટકા જનતા જે શહેરોમાં રહે છે. જે શહેરોએ, જે ગામડાંઓએ, જે ખેડૂતોએ ગુજરાતને ગૌરવ અને સમૃદ્ધિ અપાવી છે. આપણને બધાને અનેકગણી રીતે ગૌરવાન્વિત કરી રહ્યા છે એવા વર્ગ માટેનું આ બજેટ સર્વાનુમતે મંજૂર કરવા હું સૌને વિનંતી કરું છું. (અંતરાય) (ડો.અનિલ જોષિયારા ઊભાં થતાં)

સભાપતિશ્રી : ડો.સાહેબ, બધા જવાબ આવી ગયા છે. બધા જવાબ આવી ગયા છે. (અંતરાય) બધાના ગણી-ગણીને જવાબ આપ્યા છે. હવે સમય પણ થઇ ગયો છે. (અંતરાય) ડો.સાહેબ, તમે એમને મળીને પૂછી લેજો. પ્લીઝ. (અંતરાય) શ્રી શૈલેષભાઇ, પ્લીઝ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યોનો પ્રશ્ન પૂછવાનો અધિકાર છે. (અંતરાય)

સભાપતિશ્રી : રાઇટ ટુ ક્વેશ્ચનનો પ્રશ્ન મને ખબર છે. હું જાણું છું પણ માનનીય મંત્રીશ્રીએ એક-એક સભ્યોના નામ લઇને જવાબ આપ્યા છે. તમે જુઓ. એક-એક પ્રશ્ન લખ્યા છે અને એના જવાબ આપ્યા છે. પ્લીઝ.

**કાપ દરખાસ્ત ક્રમાંક - ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૨, ૫૩, ૫૫ અને ૫૬ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક- ૩૦, ૩૧, ૩૩, ૬૬, ૧૦૧ અને ૧૦૨ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫:૦૦ વાગ્યે પૂરું થતાં સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર શનિવાર, તા.૨૦મી માર્ચ, ૨૦૨૧ના રોજ સવારના ૧૦:૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શનિવાર, તા. ૨૦મી માર્ચ, ૨૦૨૧**
**ફાલ્ગુન ૨૯, ૧૯૪૨ શાકે**
**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### ગોધરા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ

*૩૬૫૮૦ **શ્રી જિજ્ઞેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૭૨૯ |
| ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ) | ૨૭૪ |

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૩૭૮.૬૬ |
| ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ) | ૧૩૯.૨૭ |

શ્રી જીગ્નેશકુમાર અં. સેવક : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પંચમહાલ જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ તાલુકાવાર રોપા વાવેતરની કામગીરી પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં પંચમહાલ જિલ્લાના છ તાલુકા છે. તેમાં ગોધરામાં વર્ષ ૨૦૧૯-૨૦માં ૩,૭૮,૬૬,૦૦૦ રૂપિયાનો ખર્ચ થયો છે અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૧,૩૯,૨૭,૦૦૦ રૂપિયાનો ખર્ચ થયો છે. કુલ ખર્ચ ૫,૧૭,૯૩,૦૦૦ રૂપિયાનો થયો છે. શહેરામાં વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૦૮.૮૭ લાખ રૂપિયા અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૬૭.૭૯ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. કુલ ખર્ચ ૧,૭૬,૬૬,૦૦૦ રૂપિયા થયો છે. મોરવા હડફમાં વર્ષ ૨૦૧૯-૨૦માં ૭૭.૭૮ લાખ રૂપિયા અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૩૩.૩૯ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. કુલ મળીને ૧,૧૦,૯૭,૦૦૦ રૂપિયાનો ખર્ચ થયો છે. કાલોલમાં વર્ષ ૨૦૧૯-૨૦ના વર્ષમાં ૫૮.૯૭ લાખ રૂપિયા અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૮૦.૧૪ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. બન્ને મળીને ૧,૩૯,૧૧,૦૦૦ રૂપિયાનો ખર્ચ થયો છે. હાલોલમાં વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૧૫.૨૦ લાખ રૂપિયાનો અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૬૩.૬૩ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. કુલ મળીને ૧,૭૮,૮૩,૦૦૦ રૂપિયાનો ખર્ચ થયો છે. ઘોઘંબામાં વર્ષ ૨૦૧૯-૨૦માં ૧૧૫.૦૧ લાખ રૂપિયા અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૭૭.૪૬ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. કુલ ખર્ચ ૧,૯૨,૪૭,૦૦૦ રૂપિયાનો થયો છે. આ રીતે બન્ને વર્ષમાં ૧૩,૧૫,૯૭,૦૦૦ રૂપિયાનો ખર્ચ થયો છે.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧માં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ થયેલ વાવેતરમાં ઉત્પન્ન થયેલ માનવદિનની તાલુકાવાર અને ગામની સંખ્યા સાથેની વિગતો શું છે?

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૯-૨૦માં પંચમહાલ જિલ્લાના ૬ તાલુકા છે. તેમાં ગોધરા, શહેરા, મોરવા હડફ, કાલોલ, હાલોલ, ઘોઘંબાના કુલ ૯૦ ગામોની અંદર આ કામગીરી કરવામાં આવી છે. ગોધરાના ૨૦ ગામોમાં ૭૩,૦૦૦ માનવદિન ઉત્પન્ન થયેલ છે. શહેરામાં ૧૫ ગામોમાં ૨૧,૦૦૦ માનવદિન, મોરવા હડફમાં ૧૪ ગામમાં ૧૫,૦૦૦ માનવદિન, કાલોલમાં ૬ ગામોમાં ૧૨,૦૦૦ માનવદિન, હાલોલમાં ૧૭ ગામોમાં ૨૩,૦૦૦ માનવદિન ઉત્પન્ન થયેલ છે. ઘોઘંબામાં ૧૮,૦૧૮ ગામોમાં ૨૩,૦૦૦ માનવદિન ઉત્પન્ન થયેલ છે. આમ, કુલ ૧,૬૭,૦૦૦ માનવદિન વર્ષ ૨૦૧૯-

૨૦માં ઉત્પન્ન થયેલ છે અને ૯૦ ગામની અંદર આ કામગીરી થયેલી છે. એ જ રીતે વર્ષ ૧૯૨૦-૨૧માં છ એ છ તાલુકાની અંદર આ કામગીરી થયેલી છે અને કુલ ૪૮ ગામોની અંદર આ કામગીરી થયેલ છે. ગોધરામાં ૧૬ ગામોની અંદર ૨૬ હજાર માનવદિન ઉત્પન્ન થયેલ છે. શહેરાની અંદર છ ગામોમાં ૧૩હજાર ઉત્પન્ન થયેલ માનવદિન છે. મોરવા હડફની અંદર છ ગામોની અંદર છ હજાર માનવદિન ઉત્પન્ન થયેલ છે. કાલોલમાં ૩ ગામોની અંદર ૧૫હજાર ઉત્પન્ન થયેલ માનવદિન છે. હાલોલમાં છ ગામોની અંદર ૧૨ હજાર ઉત્પન્ન થયેલ માનવદિન છે. ઘોઘંબામાં ૧૧ ગામોની અંદર ૧૪ હજાર ઉત્પન્ન થયેલ માનવદિન છે. આમ, કુલ ૪૮ ગામોની ૮૬ હજાર માનવદિન ઉત્પન્ન થયેલ છે. આ બન્ને મળીને ૨ લાખ ૫૩હજાર માનવદિન ઉત્પન્ન થયેલ છે.

**પાટણ અને મહેસાણા જિલ્લાની શાળાઓમાં રમત-ગમતના મેદાનો**

*૩૫૪૩૧ **શ્રી ચંદનજી ઠાકોર**(સિધ્ધપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કેટલી સરકારી અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રમત-ગમતના મેદાન નથી,

(૧)

| જિલ્લો | પ્રાથમિક | | માધ્યમિક | | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સળંગ એકમ | | ઉચ્ચતર માધ્યમિક | |
|---|---|---|---|---|---|---|---|---|
| | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી |
| પાટણ | ૧૧૦ | ૩૭ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| મહેસાણા | ૮૮ | ૪૨ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર કેટલી સરકારી અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રમત-ગમતના મેદાનો બનાવવામાં આવ્યા, અને

(૨)

| જિલ્લો | વર્ષ | પ્રાથમિક | | માધ્યમિક | | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સળંગ એકમ | | ઉચ્ચતર માધ્યમિક | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી |
| પાટણ | ૨૦૧૯ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | ૨૦૨૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| મહેસાણા | ૨૦૧૯ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | ૨૦૨૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાકી રહેતી શાળાઓમાં રમત-ગમતના મેદાનો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

(૩) જમીન ઉપલબ્ધ થયેથી.

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, નોન ગ્રાન્ટેડ શાળાઓ જે શોપિંગ સેન્ટરોમાં ચાલી રહી છે ત્યાં રમતગમતનું મેદાન તથા ભૌતિક સુવિધાઓ પૂરતી છે? જો નથી તો તેના માટે સરકારે શું પગલાં લીધાં? મારો બીજો સવાલ કે આર.ટી.આઇ. એક્ટ મુજબ વ્યાયામ શિક્ષકોની ભરતીની જોગવાઇઓ નથી એવું સરકાર કહે છે તો દસ વર્ષમાં તેના માટે શું ભરતી સુધારણાના પગલાં લીધાં? સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓ માટે શું પગલાં લીધાં?

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એનો પહેલો પ્રશ્ન એ સંલગ્ન પ્રશ્ન છે એટલે તેનો જવાબ હું આપું છું. એમણે જે વાત કરી છે કે રમતગમતના મેદાન નથી એના માટે શું પગલાં લીધાં તો અત્યારે જે શાળાઓમાં રમતગમતના મેદાનો નથી એ વર્ષ ૧૯૫૫થી શરૂ કરી વર્ષ ૨૦૧૭ દરમિયાન આ શાળાઓને મંજૂરી આપવામાં આવી છે અને મંજૂરી સમયે હું કોઇ ટીકા-ટિપ્પણમાં પડવા નથી માગતી કે વર્ષ ૧૯૫૫ પહેલા અને પછી કેટલા, એમાં હું પડવા માગતી નથી. પરંતુ દરેકે દરેક સરકારે શિક્ષણના વ્યાપ વધારવા માટે થઇને આ નિર્ણય લીધો હોય એવું મારું માનવું છે અને માનનીય વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં ચાલતી આ સરકારે રમતગમતના મેદાન માટે ઝીરો ટોલરન્સથી કામગીરી શરૂ કરી છે અને છેલ્લા બે વર્ષની અંદર એક પણ શાળાને રમતગમતના મેદાન વગર મંજૂરી આપવામાં આવેલ નથી. અગાઉ જે મંજૂરી આપી છે એમાં વૈકલ્પિક શું પગલાં લેવાં માગો છો તો બે જાતનાં પગલાં લઇ શકાય, એક તો એ શાળાની આપણે માન્યતા રદ કરી શકીએ પણ માન્યતા રદ કરીએ એ શિક્ષણના હિતમાં નથી. બાળકોને શિક્ષણ છોડવું પડે, એ શિક્ષણથી વંચિત થાય, એનો

ડ્રોપ આઉટ રેશિયો વધે, આ બધાને કારણે શાળાની માન્યતા રદ કરવી એ વિકલ્પ નથી, પરંતુ બીજો વિકલ્પ જે છે કે શાળાને રમતગમતનું મેદાન ઉપલબ્ધ કરાવવું, તો સરકારી શાળાની જો વાત કરીએ તો નજીકનો કોઇપણ ખરાબો હોય, ગૌચરની જગ્યા હોય, કોઇ સરકારની જગ્યા હોય એની અંદર અમે રમતગમતના મેદાનની સુવિધા આપીએ છીએ અને ખાનગી શાળાના જે સંચાલકો છે એમને એવી જાણ પણ કરવામાં આવી છે કે તમે તમારી રીતે શાળાનું રમતગમતનું મેદાન ઉપલબ્ધ કરાવો, એના માટે થઇને એ લોકો ખુલ્લા પ્લોટ, સોસાયટીના કોમન પ્લોટ, નજીકમાં આવેલ માલિકીના પ્લોટને ભાડે રાખીને પણ આ શાળાને રમતગમતની સેવાઓ ઉપલબ્ધ કરાવી શકે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા અને પાટણ જિલ્લામાં કેટલી માધ્યમિક શાળાઓમાં રમતગમતના મેદાનો આવેલા છે?

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શ્રષિકેશભાઇએ પોઝિટિવલી એવું પૂછ્યું છે કે કેટલી શાળામાં રમતગમતના મેદાન આવેલ છે તો પાટણની અંદર કુલ ૫૩ સરકારી શાળા છે એ ૫૩-૫૩માં રમતગમતના મેદાન છે. મેદાન વગરની શાળા ઝીરો છે જ્યારે ખાનગીમાં ૨૦૭ કુલ શાળા છે એમાંથી ૨૦૫ મેદાનવાળી છે અને ૨ શાળા મેદાન વગરની છે. જો ટકાવારીમાં વાત કરું તો ૯૯ ટકા ખાનગી શાળા છે જ્યાં મેદાન છે. માત્ર ૧ ટકા શાળા મેદાન વગરની છે. ખાનગી શાળાની વાત કરું તો મહેસાણામાં ૩૬૩ ખાનગી શાળાઓ છે એમાં ૩૬૨ શાળાઓમાં મેદાન છે. ૯૯.૭૨ ટકામાં મેદાનો છે અને મેદાન વગરની એક શાળા છે. અડધા ટકાથી ઓછા એટલે કે ૦.૨૮ ટકામાં મેદાન નથી. મહેસાણા જિલ્લામાં બે સરકારી માધ્યમિક શાળામાં મેદાન નથી ત્યાં પ્રાથમિક શાળામાં બેસાડવામાં આવે છે તેના મેદાનનો ઉપયોગ કરવામાં આવે છે. ૩ ખાનગી માધ્યમિક શાળામાં રમત-ગમતના મેદાન નથી ત્યાં નજીકના કોમન પ્લોટનો ઉપયોગ થઇ રહ્યો છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જે મહેસાણા અને પાટણ જિલ્લાનો જવાબ આપ્યો છે એમાં ૨૮૨ શાળામાં મેદાનની વ્યવસ્થા નથી. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે છેલ્લા બે વર્ષમાં કેટલી શાળાઓમાં મેદાન ઉપલબ્ધ કરાવવામાં આવ્યા? તો એમાં પણ ૨૮૨ બાકી હતી એમાંથી ફક્ત ૩ શાળાને મેદાન ઉપલબ્ધ થયા. આપણે ખેલશે ગુજરાત અને રમશે ગુજરાતની જાહેરાતો કરીએ અને હું માનું છું કે એમાં જેટલું મોટું બજેટ જાહેરાતો પાછળ કરીએ છીએ એ પૈસા આમાં પ્રાયોરિટીમાં આપીએ અને જે જગ્યાએ જમીનની ઉપલબ્ધતા ન હોય ત્યાં ખાનગી જમીન સંપાદન કરીને કે બજાર ભાવે ખરીદીને મેદાન બનાવવા માગો છો કે કેમ? બીજું કે, ખાનગી શાળાની સંખ્યા આપી એમાં લગભગ ૮૦ જેટલી ખાનગી શાળામાં મેદાનો નથી તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે છેલ્લાં ૨૫ વર્ષમાં આપણા દ્વારા આ પૈકીની કેટલી શાળાઓને મંજૂરી આપવામાં આવી છે અને મંજૂરી આપતી વખતે મેદાનની ઉપલબ્ધતા બાબતની કોઇ શરત રાખવામાં આવી છે કે કેમ?

શ્રીમતી વિભાવરીબેન બેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ કહ્યું છે એનો મેં અગાઉ જવાબ આપી દીધો છે. અમારી બધી શાળાઓ વર્ષ ૧૯૫૫થી શરૂ કરીને અત્યાર સુધીમાં મંજૂરી આપવામાં આવી છે, એમાં અગાઉના સમયમાં કોઇ ધારા-ધોરણ ન હતા. પરંતુ અમે અમારા શાસનમાં આ માટેના ધારા-ધોરણો નક્કી કરવાનું નક્કી કર્યું છે. વર્ષ ૨૦૧૧માં અમે આ શાળાઓને રમત-ગમતના મેદાન ઉપલબ્ધ થાય એના માટેની વ્યવસ્થા કરવાનું વિચાર્યું છે અને નિયમ પણ બનાવ્યો છે. વર્ષ ૨૦૧૧થી શરૂ કરીને આ શાળાઓમાં રમત-ગમતના મેદાન હોવા જોઇએ એવો નિયમ બનાવ્યો છે. વર્ષ ૨૦૧૮માં નિયમમાં ફેરફાર કર્યો અને વર્ષ ૨૦૧૯માં પણ લોકભાગ્ય બનાવવા માટે અમે ફેરફાર કર્યો. અત્યારે છેલ્લાં બે વર્ષમાં એક પણ શાળા એવી નથી કે જ્યાં શાળાનું મેદાન ન હોય. અગાઉ જ્યાં મેદાનો નથી એમાં મેં કહ્યું એમ સરકારી શાળામાં નજીકમાં સરકારી પ્લોટ, સરકારના જાહેર હિતના પ્લોટનો ઉપયોગ કરવામાં આવે છે અને ખાનગી શાળાઓને એવું કહેવામાં આવ્યું છે કે તમે તમારી રીતે નજીકના વાજબી અંતરે વ્યવસ્થા ઉભી કરો અને બાળકોને રમત-ગમતના મેદાન આપો. સોસાયટીના કોમન પ્લોટ, ખુલ્લા પ્લોટ કે માલિકીના પ્લોટ હોય એ ભાડા પટ્ટે લઇને વ્યવસ્થા કરો. એ પ્રમાણેની સૂચના આપ્યા પછી એ કામગીરી અત્યારે ખાનગી શાળામાં ચાલે છે અને સરકારી શાળામાં મેદાન માટે સરકારી જગ્યાનો ઉપયોગ કરવામાં આવે છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મેં એટલું જ પૂછ્યું છે કે આ ખાનગી શાળાઓને મંજૂરી આપી છે એમાં છેલ્લા ૨૨ વર્ષમાં કેટલી મંજૂરી આપવામાં આવી છે?

શ્રીમતી વિભાવરીબેન બેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, ૨૫ વર્ષના ડેટા ન હોઇ શકે. વર્ષ ૧૯૯૫થી ૨૦૧૭ દરમિયાન અપાઇ છે. ૨-૩ વર્ષના આપી શકું.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે વર્ષ ૨૦૧૧ પછી જે સ્કૂલોમાં મેદાન ન હોય એને મંજૂરી આપવામાં આવતી નથી. એ વાત સાચી છે. કારણ કે હું માધ્યમિક શિક્ષણ બોર્ડમાં હતો. વર્ષ ૨૦૧૧ પછી ઘણી એવી સ્કૂલો છે કે જેને બોર્ડ દ્વારા મેદાન નથી છતાં પણ મંજૂરી આપવામાં આવી છે. આવી ખોટી અને ગેરકાયદેસર મંજૂરી આપી છે એ જવાબદારો સામે તમે કાર્યવાહી કરવા માગો છો કે નહીં? બીજું, કે તમે મોટાભાગની સ્કૂલોમાં સ્પોર્ટસ ટિચર નથી તો રમત-ગમતના શિક્ષકની ભરતી કરવા માગો છો કે કેમ?

શ્રીમતી વિભાવરીબેન બેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, બીજા પ્રશ્નના જવાબમાં આગળ પ્રશ્ન પૂછાયો ત્યારે કહેલું કે શિક્ષકોનો પ્રશ્ન નથી એટલે આમાં આવતું નથી. એમણે વાત કરી કે વર્ષ ૨૦૧૧માં નીતિ બનાવી. નીતિમાં નક્કી કર્યું હતું કે વાજબી અંતરે કોઇપણ રમત-ગમતનું મેદાન હોવું જોઇશે. અમારા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબે કડક નિર્ણય કર્યો કે

વાજબી અંતરે નહીં પણ સંલગ્ન હોવું જોઇએ.  આથી વર્ષ ૨૦૧૭થી આપણે કોઇપણ શાળાને એ રીતે મંજૂરી આપતા નથી. વર્ષ ૨૦૧૧નો જે નિયમ છે એમાં કહ્યું કે વાજબી અંતરે રમત-ગમતનું મેદાન હોવું જોઇશે. કડક પગલાં લેવાં એટલે કે શાળાને નામંજૂર કરવી કે માન્યતા રદ કરવી એ શિક્ષણના હિતમાં નથી અને આપણે બધા જ સભ્યો એવું સમજીએ છીએ કે બાળકોને શિક્ષણથી વંચિત ના રાખવા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનો જવાબ આવી ગયો. માનનીય ભગાભાઇ.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને મારે પૂછવું છે કે જે શાળાઓમાં રમત ગમતના મેદાન ના હોય અને જે શાળાઓની નજીકની અંદર રમત ગમતના મેદાન તરીકે સરકારે એ જમીનો નીમ કરી દીધી હોય તો એવી જમીનોને રમત ગમતનું મેદાન કરવા માગીએ છીએ કે કેમ? જેથી બાજુમાં આવેલી શાળાના બાળકોને એનો પૂરેપૂરો લાભ મળી શકે. કારણ કે, આ વાત એટલા માટે કરું છું કે મારા વિસ્તારના સૂત્રાપાડા તાલુકાનું લાઠી ગામ છે, ત્યાં ૨૨ હેક્ટર જમીન ઘણાં વર્ષ પહેલાં રમત ગમતના મેદાન માટે નીમ થયેલી છે તો એની અંદર શિક્ષણ વિભાગ કે સરકારશ્રી કાંઇ કરવા માગે છે કે કેમ?

શ્રીમતી વિભાવરીબેન બેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન સારું છે.

**આદિવાસી સમાજ માટે વનવાસી કે વનબંધુ શબ્દનો ઉપયોગ**

*૩૫૫૫૯ **શ્રી અનંતકુમાર પટેલ**(વાંસદા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ આદિવાસી સમાજ માટે વનવાસી કે વનબંધુ શબ્દનો ઉપયોગ નહીં કરવા અંગે આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા કોઈ ઠરાવ કે પરિપત્ર બહાર પાડવામાં આવેલ છે કે કેમ, અને | (૧) ના. |
| (૨) જો હા, તો તેનો અમલ ક્યારથી કરવામાં આવેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી સમાજ આદિવાસીનું નામકરણ  ઐતિહાસિક છે. એમના સમાજના લક્ષણો ઉત્પત્તિ પૃષ્ઠ ભૂમિના આધારે (અંતરાય) આઝાદી અને ભારતના સંવિધાનના આધારે (અંતરાય) ...

અધ્યક્ષશ્રી : સીધો પ્રશ્ન પૂછો.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન છે કે વનવાસી, વનબંધુ શબ્દનો ઉપયોગ બજેટ અને આયોજનમાં ક્યારથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે? અને એની શરૂઆત ક્યારથી થઇ? પ્રશ્ન-૨, આદિવાસી સમાજે આ શબ્દનો ઉપયોગ કરવાની ક્યારેય રજૂઆત કરી નથી તો આ સરકારે આ શબ્દનો ઉપયોગ કરવાનું કેમ ચાલુ રાખ્યું? પ્રશ્ન-૩, આ શબ્દ માટે આદિવાસી સમાજે પ્રતિબંધ મૂકવાની માગણી કરેલ છે કે કેમ? અને 'હા' હોય તો એ કયા કયા સંગઠનોએ માગણી કરી છે?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા તો હું શ્રી આનંદભાઇનો આભાર માનીશ કે આ પ્રશ્ન તેમણે વિધાનસભામાં પૂછ્યો, જેથી ગૃહના માધ્યમથી સમગ્ર ગુજરાતના આદિવાસી સમાજને સાચી વાતનો ખ્યાલ આવશે. અત્યારે જે વનવાસી અને વનબંધુ શબ્દ સામે વાંધો કેમ? કારણ કે આ કોઇ આદિવાસી સમાજ માટે વનવાસી અને વનબંધુ શબ્દ વાપરવાનો ઠરાવ નથી. ભારત સરકાર અને ગુજરાત સરકાર અનેક યોજનાઓ આદિવાસી સમાજ માટે બનાવતી હોય છે. જેવી કે- આદિવાસી વિદ્યાર્થીઓને દૂધ આપવા માટે દૂધ સંજીવની યોજના, દીકરીઓના લગ્ન માટે કુંવરબાઇનું મામેરું યોજના, વિધવા બહેનોને સહાય માટે ગંગા સ્વરૂપા યોજના, દીકરીઓ માટે વ્હાલી દીકરી યોજના, વીમા માટે અટલ પેન્શન વીમા યોજના, આવાસ માટે ઇન્દિરા આવાસ યોજના અને કિસાનો માટે સૂર્યોદય કિસાન યોજના અને આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે એક લાખ કરોડ રૂપિયાની વનબંધુ કલ્યાણ યોજના. આ વનવાસી અને વનબંધુ શબ્દ કોઇ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી વપરાય છે એવું નથી. આખો ઇતિહાસ મારી પાસે છે પણ હું માત્ર કોંગ્રેસ સરકારનો દાખલો આપું તો કોંગ્રેસની સરકારમાં વર્ષ ૧૯૭૬માં વન વિકાસ નિગમ બનાવવામાં આવ્યું. એમાં પણ કોંગ્રેસની સરકારે વનવાસીઓનો ઉત્કર્ષ એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એ જ પ્રકારે શ્રી આનંદભાઇને કહેવા માગું છું કે વર્ષ ૨૦૦૬માં જ્યારે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે વન અધિનિયમ વર્ષ ૨૦૦૬ બન્યો. એમાં અગ્રેજીમાં લખવામાં આવેલ છે કે Forest dwelling schedule tribe એનું ગુજરાતી એ થાય છે કે વનવાસી અનુસૂચિત આદિજાતિ એટલે આ કોંગ્રેસની સરકારોમાં પણ વપરાયો છે. માત્ર યોજનાઓ માટે વપરાયો છે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે વનવાસી અને વનબંધુ શબ્દ વાપરવાની કેમ જરૂર પડી? આ શબ્દોને કારણે અમારા સમાજની લાગણી દુભાઇ છે માટે મારે જાણવું છે.

ફાલ્ગુન ૨૯, ૧૯૪૨ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કોઇ સમાજની લાગણી દુભાઇ નથી. માત્ર કોંગ્રેસની લાગણી એટલા માટે દુભાઇ છે કે વનબંધુ કલ્યાણ યોજના-૧માં અમે ૯૭,૦૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા. જેમાં આદિવાસી વિસ્તારમાં અમે ૨૪ કલાક વીજળી આપી, આદિવાસી વિસ્તારમાં અમે સિંચાઇ આપી, આદિવાસી વિસ્તારમાં અમે પીવાનું પાણી આપ્યું, આદિવાસી વિસ્તારમાં ૩૫૦ કરોડ રૂપિયાની યોજના વનબંધુ કલ્યાણ યોજનામાંથી ટ્રાયબલ યુનિવર્સિટી બની રહી છે. રૂપિયા ૧૦૦ કરોડના ખર્ચે ટ્રાયબલ મ્યુઝિયમ બની રહ્યું છે અને એનું પરિણામ એ આવ્યું અત્યારે વર્ષ ૨૦૧૯માં લોકસભાની પણ ચૂંટણીઓ ગઇ, હાલમાં તાલુકા પંચાયત, જિલ્લા પંચાયતની પણ ચૂંટણી ગઇ. એમાં સમગ્ર આદિવાસી વિસ્તારમાં કોંગ્રેસના સૂંપડા સાફ થઇ ગયા અને હવે વનબંધુ કલ્યાણ યોજના ફેઝ-૨ એક લાખ કરોડ રૂપિયાની યોજના જાહેર કરી છે. વર્ષ ૨૦૨૨માં જે વિધાનસભાની ચૂંટણી આવે છે એનો ડર એમને સતાવી રહ્યો હોય એવું લાગે છે.

અધ્યક્ષશ્રી : માનનીય નરેશભાઇ.

શ્રી અનંતકુમાર હ. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, મારા બે પ્રશ્નોના જવાબ બાકી રહી ગયા.

અધ્યક્ષશ્રી : બેસો પછી.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર ઉમરગામથી અંબાજી સુધીનો અમારો આદિવાસી પટ્ટો એ અમારી સરકાર હોય કે ભૂતકાળની સરકાર આપણું ગુજરાત શાંતિપ્રિય ગુજરાત છે. કોઇ જ્ઞાતિવાદમાં માનતું નથી. હંમેશા અમારી સરકારે પણ આદિવાસીઓની પડખે રહીને આદિવાસીઓનો વિકાસ કર્યો છે. પરંતુ અમને દુઃખ થાય છે કે આદિવાસીને ક્યારેય ભા.જ.પા.એ અન્યાય નથી કર્યો એટલે અત્યારે કેમ આદિવાસીઓ માટે અનેક શબ્દોનો પ્રયોગ થાય છે? માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના તરફથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે.

અધ્યક્ષશ્રી : મારા તરફથી નહીં.

શ્રી નરેશભાઇ મ. પટેલ : આપના માધ્યમથી સાહેબ અમારા આદિવાસી સમુદાય માટે આઝાદી પહેલા કયા શબ્દનો પ્રયોગ થતો હતો, ઉપયોગ થતો હતો?

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આજે શ્રી અનંતભાઇએ બહુ સારો વિષય ઉભો કર્યો છે વિધાનસભામાં એટલે આદિવાસી સમાજનો ઇતિહાસ આ ગૃહના માધ્યમથી આદિવાસી સમાજ સુધી પહોંચશે. આઝાદી પહેલા પણ ૪૫૦ વર્ષ પહેલાં એટલે તુલસીકૃતશ્રી રામચરિતમાનસમાં પણ ૩૭ મા ખંડમાં વનવાસી શબ્દનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. એક પ્રકારે વાલ્મિકીકૃત રામાયણના બાલકાંડમાં પણ વનવાસી શબ્દનો ઉપયોગ કરવામાં આવેલ છે. આ તો આપણા બધાનાં જન્મ પહેલાં, એટલે ૮૪ લાખ યોનિમાં આપણે ક્યારે ક્યાં હોઇશું? ૪૫૦ વર્ષ પહેલાં એ શબ્દનો ઉપયોગ થયો છે. અંગ્રેજો વખતમાં પણ વર્ષ ૧૮૯૧માં વસ્તી ગણતરી થઇ ત્યારે સર બેન્સ નામના અંગ્રેજ અમલદારે ફોરેસ્ટ ટ્રાઇબ એટલે જંગલની જનજાતિ નામનો શબ્દ વાપર્યો. વર્ષ ૧૯૦૧ અને વર્ષ ૧૯૧૧માં અંગ્રેજ અધિકાર સર હાર્બેલ્ટ રીઝલીએ આદિવાસીઓ માટે એમિનિસ્ટ શબ્દ વાપર્યો એટલે જમીન, જંગલ, પ્રાણી, વૃક્ષ જેવા કુદરતી પદાર્થોમાં માનવાવાળો આ સમાજ અને એનાથી આગળ પણ વર્ષ ૧૯૩૧માં ડોકટર હર્ડન પણ વસ્તી ગણતરી કરતા અંગ્રેજ સરકારમાં એમણે પણ પ્રિમિટીવ ટ્રાઇબ્સ શબ્દનો ઉપયોગ કર્યો અને વન અધિકાર વર્ષ ૨૦૦૬માં પણ કોંગ્રેસની સરકારે આ શબ્દનો ઉપયોગ કર્યો. એ જ પ્રકારે રાષ્ટ્રપતિ સાહેબને જે બંધારણની સત્તા મળી એમાં પછાત વર્ગના જે અધ્યક્ષ બનાવ્યા કાકાસાહેબ કાલેલકરને એમણે પણ આદિવાસી સમાજને આરણ્યક કહ્યા છે. રાનીપરજ કહ્યા છે. એ જ પ્રકારે ગાંધીવાદી કે જેમણે આદિવાસી સમાજને ભણાવવા માટે સૌથી વધારે કામ કર્યું એવા જુગતરામ દવેએ પણ  વનરાજ, કાળીપરજ, રાની પરજ એવા માનજનક શબ્દો વાપર્યા છે. પહેલા વહેલા ભારત સરકારમાં લક્ષ્મીકાંત શ્રીકાંત શેઠ ટ્રાયબલ શિડ્યૂલના કમિશનર બન્યા, એમણે રાનીપરજનો શબ્દ વાપર્યો છે. મહાત્મા ગાંધીજીના અંગત સચિવ મહાદેવ દેસાઇએ કાળીપરજનો શબ્દ વાપર્યો છે. આ શબ્દ આદિવાસી સમાજના અપમાન માટે નથી. માનજનક શબ્દ છે. આપણે યોજના બનાવીએ છીએ. કોઇ સમાજ માટે પરિપત્ર કરતા નથી. ખાલી યોજનાઓનાં નામ છે. આદિવાસી સમાજ ભારતીય જનતા પાર્ટી સરકારમાં સોળે કળાએ વિકાસ કરી રહ્યો છે. અમે કરતા રહેવાના છીએ. આ શબ્દોની મારામારીમાં સદસ્યશ્રીઓ ના પડે, એવી આપ સાહેબના માધ્યમથી નમ્ર વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આટલું બધું બોલ્યા, તો એવું કહેવું હતું what is their in name. માનનીય અનંતભાઇ તમારો એક પ્રશ્ન બાકી રહી ગયો છે. એમાંથી એક પ્રશ્ન એકદમ ટૂંકો પૂછો. એક તો લાંબા લાંબા પ્રશ્ન પૂછીએ છીએ અને પછી ખબર નથી પડતી કે એ રહી જાય છે કે નથી રહી જતા?

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દ માટે આદિવાસી સમાજે પ્રતિબંધ મૂકવાની માગણી કરી છે? હા કે ના? મેં ટૂંકમાં પૂછ્યું તો શ્રી કુબેરભાઇ એમ કહે કે કયા સમાજે? સમજવું જોઇએ ને? સમાજ કે મંડળે ગુજરાતમાં માગણી કરી છે? હા કે ના? અને હા તો કયા સમાજે માગણી કરી છે? આટલી જ વાત છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા :  માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે મારી પાસે આવી કોઇ માહિતી ઉપલબ્ધ નથી.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ વનવાસી શબ્દનો ઉપયોગ બંધારણમાં કોઇ જગ્યાએ નથી. રાજ્ય સરકારે કોઇ પરિપત્ર, ઠરાવ કરીને આ શબ્દનો ઉપયોગ કરવો એવું ક્યારેય કર્યું નથી. આ વનવાસી એટલે વનમાં રહેતા,

જંગલમાં રહેતા જંગલી. અમારો વાંધો ત્યાં છે. જંગલમાં રહેતા જંગલી શબ્દો આવે છે, એટલા માટે અમે કહીએ છીએ કે અમે જંગલી નથી. અમે આદિવાસી છીએ.

અધ્યક્ષશ્રી : આ શબ્દ તમે પોતે વાપરો છો.

ડો. અનિલ જોષિયારા : આ લોકો કહે છે.

અધ્યક્ષશ્રી : આવું કોઇ કહેતું નથી.

ડો. અનિલ જોષિયારા : સાહેબ, પહેલા મારી વાત સાંભળો.

અધ્યક્ષશ્રી : સીધો પ્રશ્ન પૂછો.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ આદિવાસી એટલે આદિ અનાદિ કાળથી રહેતા આ દેશના મૂળ માલિક છે. એટલા માટે અમે વિનંતી વિનંતી કરીએ છીએ કે આ શબ્દ નહિ વાપરો. આ વનવાસી નહિ વાપરો. અમને આદિવાસી કહો અમને કોઇ વાંધો નથી. જુદા જુદા શબ્દોથી બંધારણમાં જોગવાઇ ન હોવા છતાં નવાજવામાં આવે છે. મારે મંત્રીશ્રીને વિનંતી છે આ ગૃહમાં આ બાબતે અગાઉ ચર્ચા થઇ હતી. તત્કાલીન મુખ્યમંત્રીએ કહ્યું હતું કે હવેથી આ શબ્દ નહિ વાપરવાનો. ફરી પાછો ચાલુ થઇ ગયો છે. મંત્રીશ્રીને, મુખ્યમંત્રીશ્રીને વિનંતી છે કે આ શબ્દ ન વપરાય એના માટે ઠરાવ કરો તેવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આ સૂચનનો વિચાર કરજો. માનનીય કોટવાલજી. આમાં પ્રશ્ન આવતો જ નથી. આપનું સૂચન બહુ સારું હશે. મને ખબર નથી. આપ પ્રશ્ન પૂછતા નથી. બેસી જાઓ.

ડો. અનિલ જોષિયારા : મેં કહ્યું ઠરાવ કરીને ક્યારે કરવા માગો છો? એવું કહ્યું છે.

અધ્યક્ષશ્રી : અત્યારે ઠરાવની વાત જ કયાં છે? પ્લીઝ. આપની રજૂઆત આવી ગઇ.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વનવાસી અને વનબંધુ શબ્દ વિષે માનનીય મંત્રીશ્રીએ આખો ઇતિહાસ વાંચવો પડ્યો.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન જ એવો હતો. તમે ટીકા કરો છો? માનનીય નરેશભાઇનો પ્રશ્ન હતો.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : એટલા માટે કહું છું કે કોઇ કહે છે કે વનવાસી આવ્યો. કોઇ કહે છે કે વનબંધુ આવ્યો. કોઇ કહે છે કે મૂળ નિવાસી આવ્યો. કોઇ કહે છે કે જય આદિવાસી. કોઇ જય જુવાળ કહે છે. એના કરતા એવા વિચાર આવે છે કે આદિવાસીનાં નામો સાથે આટલો ફેરફાર આટલાં નામોથી કેમ બોલાવવામાં આવે છે? પહેલા ભારતીય જનતા પાર્ટી સત્તા ઉપર આવી, ત્યારે શ્રી કેશુબાપા હતા. ત્યારે એમણે વનવાસી શબ્દ વાપર્યો. એના પછી બીજા મુખ્યમંત્રીશ્રી આવ્યા. વનબંધુ શબ્દ વાપર્યો. સીધો પ્રશ્ન છે કે તાલુકાની અંદર આદિવાસીના દાખલા આપવામાં આવે છે, ત્યારે આદિવાસી શબ્દ પણ લખવામાં આવતો નથી. એટલે ઘણી વખત એનાથી એના ભાગલા પડે છે. એટલે પ્રશ્ન ઉપસ્થિત થયો છે. માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આદિવાસીઓના નામે આદિજાતિ વિભાગ ચાલે છે. એના પછી ડીસેગ નામની સંસ્થા ચાલે છે. એના પછી આદિવાસીનાં નામનું નિગમ ચાલે છે. જુદા જુદા વિભાગો માટે ડીસેગ છે. એ વનબંધુ નામે યોજના જાહેર કરે છે. આદિવાસી નિગમ એ આદિવાસીઓના નામે યોજના જાહેર કરે છે. તો મારો સીધો સાદો શબ્દ છે.

અધ્યક્ષશ્રી : યોજનાનું નામ છે કે આદિવાસીને તમે નામ આપો છો? યોજનાનું નામ છે. આ જવાબ પહેલાં આવી ગયો છે. આ પ્રશ્નનો જવાબ આવી ગયો છે.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, રૂપિયા ૧ લાખ કરોડની યોજના સરકારે વનબંધુના નામે જાહેર કરી છે.

અધ્યક્ષશ્રી : તે યોજનાનું નામ આપ્યું છે.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપ મારી વાત તો સાંભળો. વનબંધુ કલ્યાણ યોજનાના નામને બદલે આદિવાસી કલ્યાણ યોજનાના નામે ૧ લાખ કરોડ રૂપિયા તમે વાપરશો તો વાંધો નથી. તો તે નામ કરવા માગો છો કે કેમ?

શ્રી ગણપતસિંહ વે. વસાવા: માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં જ વિપક્ષના સદસ્યશ્રીઓને કહ્યું કે, ભારતીય જનતા પાર્ટી જે વિવિધ યોજનાઓનાં કામ કરી રહી છે તેમાં અનેક યોજનાઓનાં મેં નામ લીધાં છે. આદિવાસી સમાજ માટે આ શબ્દ વાપરવો કે આ શબ્દ વાપરવો તેવો કોઇપણ ઠરાવ અમે કર્યો નથી અને ઠરાવ કરવાના પણ નથી. સાહેબ, આ માત્ર યોજનાઓનાં નામ છે.

અધ્યક્ષશ્રી : આપ કામની વાત કરો છો, તે નામની વાત કરે છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : હા, સાહેબ અમે કામની વાત કરીએ છીએ, કામની વાત કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : કંઇ વાંધો નહીં ચાલો. જવાબ આવી ગયો.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, પોલિટિકલી એટલે જ કહું છું કે, આ જ કોંગ્રેસની સરકારમાં જયારે વનવાસી નામકરણ થયું....

અધ્યક્ષશ્રી : તુલસીકૃત રામાયણમાં વપરાયું છે તેમ આપે કહ્યું.

## તારાંકિત પ્રશ્નો

શ્રી ગણપતસિંહ વે. વસાવા : હા, સાહેબ આ શબ્દ વપરાયો છે અને તે ડો. જોષિયારાજી મિનિસ્ટર હતા, શા માટે દૂર ના કર્યો?

અધ્યક્ષશ્રી : એમની સામે ઠરાવ કરવો પડે એવી વાત છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, શા માટે દૂર ના કર્યો? કેન્દ્રમાં તેમની સરકાર હતી તો શા માટે દૂર ના કર્યું અને અમારી ભાજપની સરકાર આદિવાસીઓના વિકાસના જે કામ કરે છે તેની સામે વાંધો છે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, બેસી જાઓ. કેમ ઉભા થઇ ગયા?

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, જળ, જંગલ અને જમીન ઉપર...

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એક મિનિટ, એક મનિટ. કોણ છેલ્લે બોલતું હતું કે..?, પોતાની જાતે ઉભા થઇ જાય. (આ તબક્કે સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા ઉભા થયા) હવે ન બોલશો, પ્લીઝ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૧૪.૭૫ ટકા જેટલા આદિવાસી ભાઇઓ વસે છે. ઉમરગામથી અંબાજી સુધીનો આખો પટ્ટો કે જયાં આદિકાળથી જળ, જંગલ અને જમીન ઉપર જેનું માલિકીપણું છે તેવો બહોળો વર્ગ વસે છે અને એટલા માટે આ ચિંતાનો વિષય છે. આદિવાસી એટલે આદિકાળથી આ જળ, જંગલ અને જમીનનો ઉપભોગ કરનારો વર્ગ અને વનવાસી એટલે વનમાં વસનારા. એટલે બહારથી કોઇ વનમાં વસવા જાય તો તેને પણ વનવાસી ગણવામાં આવે છે. આ દેશના સંવિધાનમાં વનવાસી શબ્દને.....

અધ્યક્ષશ્રી : તેને ટ્રાયબલનું સર્ટિફિકેટ મળે? ડો.જોષીયારાજી, કોઇ રહેવા જાય એટલે તેને ટ્રાયબલનું સર્ટિફિકેટ મળે? આમાં તો જેટલો ઇતિહાસ કહેવો હશે તે કહી શકાશે. તે કયાં ઇન્કાર કરે છે કે, આદિવાસી નથી. આ કંઇ બેસતું નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આનાથી સમાજમાં શું ચિંતા છે કે, વર્ષો જતાં આદિવાસીઓને મળનારા અધિકારો તે વનવાસીઓને મળતા થઇ જશે. સંવિધાનથી આદિવાસીઓને આરક્ષણ મળ્યું છે તે આદિવાસીઓનું આરક્ષણ ઝૂંટવી અને વનવાસીઓ...

અધ્યક્ષશ્રી : પ્લીઝ, તેમની રજૂઆત તો સાંભળીએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસીઓના અધિકાર ઉપર અતિક્રમણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે ત્યારે મારી આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આ દેશના સંવિધાનમાં આદિવાસી માટે જે શબ્દો...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યનો સીધો પ્રશ્ન છે કે, તમે અતિક્રમણ કરી રહ્યા છો, કરી રહ્યા છો? હા કે ના કહો. ઉભા થઇને કહો.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પરેશભાઇ આદિવાસી સમાજના ઇતિહાસ વિશે કેટલું જાણે છે તેનો મને ખ્યાલ નથી. કોઇ જંગલમાં રહેવા જાય એટલે આદિવાસી બની જતા નથી. તેનું પ્રમાણપત્ર લેતાં લેતાં તેના નાકે દમ આવી જાય છે. અમે વર્ષ ૨૦૧૭માં કાયદો બનાવ્યો છે. એટલે શ્રી પરેશભાઇ કોંગ્રેસની સરકારોમાં આદિવાસી સમાજની જે ચિંતા થવી જોઇએ તે ચિંતાઓ થઇ નથી. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં મેં પહેલાં જ કહ્યું કે, આદિવાસી વિસ્તાર સોળેકળાએ આજે વિકાસ કરી રહ્યો છે ત્યારે આ સરકારને કામ કરવા દો. બાકી તેમણે જે કંઇ કહ્યું તે તેમનું સૂચન છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંકઃ૪

ડો. અનિલ જોષિયારા :માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દ દૂર કરવા માટે આ પરિપત્ર કે ઠરાવ કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી :આપ પહેલાં બોલી ગયા છો.

ડો. અનિલ જોષિયારા :માનનીય અધ્યક્ષશ્રી, વિનંતી આટલી છે કે ઠરાવ કરવા માગે છે કે કેમ? સરકાર ઠરાવ કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી :આપે આ વાત કહી છે.

ડો. અનિલ જોષિયારા :માનનીય અધ્યક્ષશ્રી, નહીં સાહેબ તેમણે કહ્યું નથી. હા કે ના જવાબ તો આપે.

અધ્યક્ષશ્રી : એવું ના હોય કે હા કે ના જવાબ આપે.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ તો આપે. અમને ખરાબ રીતે નવાજવામાં આવે છે, એટલા માટે અમારી વિનંતી છે. અમે તમને વિનંતી કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : ચાલીસ વર્ષ અદાલતમાં હું ગયો અને અનેકવાર પૂછ્યું કે હા કે ના માં જવાબ આપો. કોર્ટ પણ હા કે ના ના જવાબને સ્વીકારતી નથી.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એમને છે કે, તેઓ મંત્રીશ્રી હતા ત્યારે કેમ આ વનવાસી શબ્દ માનનીય જોષિયારાજીએ દૂર ન કર્યો એનો જવાબ આપે.

અધ્યક્ષશ્રી : આ વિષય ઘણો ચર્ચાઇ ગયો છે, હવે પૂરું કરીએ. પ્રશ્ન ક્રમાંક-૪, માનનીય ભરતજી ઠાકોર.

તા. ૨૦મી માર્ચ ૨૦૨૧

તારાંકિત પ્રશ્નો

**મહેસાણા જિલ્લામાં આંગણવાડીના મકાનો**

*૩૫૪૩૪ **શ્રી ભરતજી ઠાકોર**(બેચરાજી) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર આંગણવાડીના મકાનો જર્જરિત હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, | (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાના કડી તાલુકાના આંગણવાડીના મકાનો જર્જરિત હોવાની એક ફરિયાદ સરકારને મળી. |
| (૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે ક્યારે શી કાર્યવાહી કરી, અને | (૨) કાર્યવાહી ચાલુ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ આંગણવાડીના જર્જરિત મકાનો ક્યાં સુધીમાં નવા બનાવવામાં આવશે? | (૩) સત્વરે. |

શ્રી ભરતજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં આંગણવાડીના મકાનો છે એમાં જર્જરિત મકાનો થયા છે એવી કેટલી અરજીઓ મળી, કેટલી ફરિયાદ મળી? અને જો જર્જરિત મકાનોની ફરિયાદો મળી હોય (અંતરાય)...

અધ્યક્ષશ્રી : આપે જે પૂછ્યું એનો જવાબ તો આવી ગયો છે. હવે પ્રશ્ન છે?

શ્રી ભરતજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હા, મારો પ્રશ્ન એ છે કે, મહેસાણા જિલ્લામાં નવી આંગણવાડી બનાવવાની કેટલી અરજીઓ મળી અને કેટલા સમયમાં નવી આંગણવાડી બનાવવામાં આવશે?

શ્રીમતી વિભાવરીબેન બેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, જર્જરિત આંગણવાડીનો પ્રશ્ન છે એમાં એક ફરિયાદ મળી છે એ ફરિયાદના અનુસંધાને અને સામાન્ય રીતે અમારા વિભાગ દ્વારા એક સરવે થતો હોય છે અને એ સરવે દરમ્યાન આખા જિલ્લામાં ૬૬ આંગણવાડીઓ જર્જરિત જણાય. કુલ ૧૯૨૦ આંગણવાડીમાંથી ૬૬ આંગણવાડીઓ મહેસાણા જિલ્લામાં જર્જરિત જણાય એટલે સાડા ત્રણ ટકા જેટલી. માનનીય અધ્યક્ષશ્રી, તાલાકાવાર જો વાત કરું તો કડીમાં ૫૦.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમણે એવું પૂછ્યું જ નથી. માનનીય સંગીતાબેન.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આંગણવાડીમાં નાનું મોટું રિપેરિંગ કરવાની જરૂર હોય તો તેના માટે કોઇ અલગ જોગવાઇ છે? જો હા, તો મહેસાણા જિલ્લામાં બે વર્ષની બજેટ જોગવાઇ અને ખર્ચની વિગત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રીમતી વિભાવરીબેન બેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, નાનું મોટું રિપેરિંગ એ બાબતે સરકારશ્રી દ્વારા પ્રતિ આંગણવાડી દીઠ ૩,૦૦૦ રૂપિયાની આંગણવાડીના રિપેરિંગ માટેની જોગવાઇ કરવામાં આવેલી છે, જેની અંદર બારી-બારણાનું રિપેરિંગ હોય, હેન્ડલ હોય, સ્ટોપર હોય કે બીજું નાનું મોટું રિપેરિંગ માટે આ ખર્ચ કરવામાં આવતો હોય છે. માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે કે, મહેસાણા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૮-૧૯માં આંગણવાડી રિપેરિંગ માટે ૧૭૯૬ આંગણવાડીના રિપેરિંગ માટે રૂપિયા ૫૩.૮૮ લાખની જોગવાઇ કરવામાં આવેલી અને સંપૂર્ણ ખર્ચ એટલે કે રૂપિયા ૫૩.૮૮ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે, એવી જ રીતે વર્ષ ૨૦૧૯-૨૦ના વર્ષ માટે ૧૭૮૯ આંગાણવાડીના મકાનો માટે રૂપિયા ૫૩.૬૭ લાખની જોગવાઇ કરવામાં આવેલી અને સંપૂર્ણ ખર્ચ એટલે કે રૂપિયા ૫૩.૬૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧માં કોરોનાની મહામારીને કારણે ગ્રાન્ટની ફાળવણી થયેલ નથી અને ખર્ચ પણ થયેલ નથી.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, આંગણવાડીના મકાનોની અત્યારે જે હયાત ડિઝાઇન છે એમાં આપ કોઇ ફેરફાર કરવા માગો છો કે કેમ? એટલા માટે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું કે, અત્યારે જે ડિઝાઇન છે એમાં ૩૦-૩૫ બાળકો જે રૂમમાં બેસતા હોય એ રૂમની અંદર સામે જ એ બાળકો માટેની રસોઇ બનતી હોય છે અને એ રસોઇની બાજુમાં બાળકોના ટોયલેટ બ્લોક હોય છે, એટલે કે બિલકુલ બાજુમાં હોય છે એટલે ગંદકી પણ થાય છે અને એ જગ્યા બાળકો માટે બરાબર અનુકૂળ રહેતી નથી તો એ આંગણવાડીની હયાત ડિઝાઇન છે એ ડિઝાઇનમાં કોઇ ફેરફાર કરવા માગો છો કે કેમ?

શ્રીમતી વિભાવરીબેન બેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, જર્જરિત આંગણવાડીનો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : પણ એમનું સૂચન ધ્યાનમાં લેવા જેવું છે.

શ્રીમતી વિભાવરીબેન બેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન ધ્યાનમાં લઇશું.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, અમે પોતે ત્યાં આંગણવાડીમાં જઇએ છીએ, એની હાલત જોઇ છે એટલે કહું છું કે, એ ડિઝાઇનમાં ખરેખર ફેરફાર કરવાની જરૂર છે. એટલે આપને વિનંતી કરું છું કે આપ જે હયાત ડિઝાઇન છે એમાં ફેરફાર કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય ભગાભાઇ, આપની વાત વિચારવા જેવી છે એવું સરકાર કહે છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આભાર.

## તારાંકિત પ્રશ્નો

ડો. આશાબેન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જર્જરિત આંગણવાડીની વ્યાખ્યા શું છે? તથા આંગણવાડીનું મકાન જર્જરિત છે એ કેવી રીતે નક્કી કરવામાં આવે છે? એ આપશ્રી જણાવશો.

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવવાનું કે, જે આંગણવાડી બેસવાલાયક ન હોય એવી આંગણવાડીઓને જર્જરિત ગણવામાં આવે છે, પરંતુ માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા આ અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવે છે અને એના આધારે આંગણવાડી કેન્દ્ર જર્જરિત હોવાનું નક્કી કરવામાં આવે છે. આ આંગણવાડી કેન્દ્રનું મકાન જર્જરિત હોવાનું નક્કી થયા બાદ આંગણવાડી કેન્દ્ર પર અન્ય વૈકલ્પિક વ્યવસ્થામાં બાળકોને બેસાડીને અને આ આંગણવાડીના મકાનને રિપેરિંગ કરવામાં આવે છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે મંત્રીશ્રીને પુછવા માગું છું કે, કેમકે શિક્ષણનો મુદ્દો છે એટલા માટે પુછું છે કે કચ્છની જે ભૂકંપ આવ્યો ત્યારે મારા બનાસકાંઠાની અંદર પ્રાથમિક શાળા જે જર્જરિત થઇ હતી એ જ પ્રમાણે આંગણવાડીઓ પણ જર્જરિત થઇ હતી તો પ્રાથમિક શાળાઓ તો રિપેરિંગ કરવામાં આવી હતી પણ જે આંગણવાડીઓ જે એને રિપેરિંગ કરવામાં નથી આવી તો એ રિપેરિંગ કરવા માગો છો કે કેમ?

શ્રીમતી વિભાવરીબેન દવે : જે પ્રમાણેની જર્જરિત આંગણવાડીઓની ડિમાન્ડ આવતી જાય છે સરવે કર્યા પછી જે આંગણવાડીઓ જર્જરિત છે એને નવા મકાનો બનાવવાની કાર્યવાહી તબક્કાવાર ચાલુ છે. વધારાની ધ્યાન પર આવશે તો એ પણ અમે કરીશું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી ધ્યાન દોરજો એમ કહે છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, ભૂકંપ વખતે પ્રાથમિક શાળાઓ જર્જરિત થઇ હતી એ રિપેર કરી દીધી છે પરંતુ આંગણવાડીઓ રિપેર નથી કરી એ પણ જર્જરિત થઇ છે તો એ કરવા માગો છો કે કેમ એટલું જ મારે જાણવું છે.

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન જે છે એ જે તે જિલ્લા માટેનો છે, કચ્છ જિલ્લાનો પ્રશ્ન આવશે એટલે જવાબ આપીશું.

અધ્યક્ષશ્રી : પણ બીજી જગ્યાએ આવું હશે તો શું કરશો?

શ્રીમતી વિભાવરીબેન દવે : મેં અગાઉ કહ્યું તેમ ધ્યાન પર ચોકક્સ લઇશું.

અધ્યક્ષશ્રી : ધ્યાનમાં લેશે એવું કહ્યુંને. (અંતરાય) શ્રી કાંતિભાઇ, વાંધો નહિ, પણ એમણે હા પાડીને. ધ્યાનમાં લેશે.

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મંત્રીશ્રીને પૂછવા માગું છું કે,

અધ્યક્ષશ્રી : બધાને આંગણવાડીમાં મોકલવા જેવા છે.

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગામમાંથી જે પરા વિસ્તાર જુદો પડ્યો છે, ગામમાંથી જે પરા અલગ પડેલા છે તે પરામાં ૨૦, ૨૫, ૫૦ કે ૧૦૦ ઘર બનેલા છે તેઓના માટે નવી આંગણવાડી બનાવવા માગો છો કે કેમ?

શ્રીમતી વિભાવરીબેન દવે :આ જર્જરિત આંગણવાડીનો પ્રશ્ન છે જુદી નોટિસ આપશે તો એનો જવાબ આપીશું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે, મહેસાણા જિલ્લામાં ૬૬ જેટલી આંગણવાડીઓ જર્જરિત છે અને એમણે એની પ્રોસીજર પણ જણાવી કે પી.ડબલ્યુ. ડી. ડિપાર્ટમેન્ટ એને જાહેર કરે છે મારે આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ ૬૬ પૈકી કેટલી આંગણવાડીઓની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે અને કેટલી જર્જરિત આંગણવાડીઓનો અત્યારે બાળકો માટે ઉપયોગ કરવામાં આવે છે?

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, જે જર્જરિત આંગણવાડીઓ છે એ બધાની જ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે કોઇ બાળકને જર્જરિત આંગણવાડીમાં બેસાડવામાં આવતા નથી.

અધ્યક્ષશ્રી : સંખ્યા જાણવી છે? (અંતરાય) આવી ગયો જવાબ, માનનીય સભ્યશ્રીને સંતોષ છે.

### સુરત અને તાપી જિલ્લામાં કંપાઉન્ડર અને જુનિયર ફાર્માસીસ્ટની મંજૂર જગ્યા

*૩૬૬૩૭ **શ્રીમતી ઝંખના પટેલ**(ચોર્યાસી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં કંપાઉન્ડર (એલોપેથી) અને જુનિયર ફાર્માસીસ્ટની કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૧)

| જિલ્લાનું નામ | મંજૂર જગ્યા |
|---|---|
| સુરત | ૫૮ |
| તાપી | ૪૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યા ભરાયેલ છે, અને

(૨)

| જિલ્લાનું નામ | ભરાયેલ જગ્યા |
|---|---|

| | |
|---|---|
| સુરત | ૪૮ |
| તાપી | ૨૯ |

(૩) કેટલી જગ્યા ખાલી છે? (૩)

| જિલ્લાનું નામ | ખાલી જગ્યા |
|---|---|
| સુરત | ૧૦ |
| તાપી | ૧૧ |

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો મને મારો જવાબ મળી ગયો છે, પણ હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, જુનિયર ફાર્માસિસ્ટ અને કમ્પાઉન્ડરની મુખ્ય ફરજ શું શું છે અને મારે એ જાણવું છે કે નવી ભરતી કરવા માગો છો કે નહિ? કેમ કે મારા મત વિસ્તારમાં આવેલું મોણી ગામ તેમાં આજુબાજુના ૧૭ જેટલા ગામો બીજા લાભો લે છે તો ત્યાં સ્ટાફની થોડી ક કમી હોવાથી નવી ભરતી કરવા માગો છો કે નહિ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા જવાબમાં બતાવ્યું છે કે, કેટલી જગ્યા ખાલી છે એમાં સુરતમાં ૧૦ અને તાપીમાં ૧૧. જે એમણે ફરજોની વાત કરી એમાં જુનિયર ફાર્માસિસ્ટ અને કમ્પાઉન્ડરની ફરજોમાં દર્દીઓને દવાઓની જરૂરી સમજણ આપી દવાઓ આપવી, દવાઓ અને વેક્સીનના સ્ટોકની જાળવણી તેમજ તેના સ્ટૉરેજ કન્ડીશનનું સતત મોનીટરિંગ કરવું અને ડોકટરની ગેરહાજરીમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે ઇમરજન્સી પરિસ્થિતિમાં દર્દીને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવી, દવાઓ, વેકિસન વિગેરેના વપરાશ તેમજ જો તે ખરાબ થયેલ હોય તો તેના નિકાલ વિગેરે સંબંધી તમામ રેકર્ડ તથા રજિસ્ટરને અદ્યતન રાખવું, જિલ્લા કક્ષાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સાધનસામગ્રી, દવાનું આયોજન કરવું અને સરકારશ્રીમાં માગણી કરવી, દવા, વેક્સિનને લગતા તમામ રિપોર્ટસ્ બનાવી રાજ્ય કક્ષાએ તથા જિલ્લા કક્ષાએ મોકલી આપવા અને કલેકટરશ્રીના ફંડમાંથી આવતી દવા, સાધન સામગ્રીને લગત ગ્રાન્ટનું આયોજન કરવું અને ખરીદી કરીને આપવા અંગેની તમામ વહીવટી કામગીરી કરવી.

અધ્યક્ષશ્રી : તેમના વિસ્તારનું પૂછ્યું તે કહી દો.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તેની સાથે એ પણ કહું તેમના વિસ્તારમાં તેમણે કહ્યું કે ત્યાં આગળ જે ઘટ છે તો એ અત્યારે આરોગ્ય વિભાગના કર્મચારી મારફત તેની કામગીરી લેવામાં આવે છે અને જરૂરિયાત પ્રમાણે જે ભરતી કરવાની હોય તે દસ વર્ષના ભરતી કેલેન્ડર પ્રમાણે સરકાર તેની કાર્યવાહી પણ તબક્કાવાર કરતી હોય છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારે એમ પૂછવું છે કે, તાપી જિલ્લાની ૧૧ જે જગ્યાઓ છે તે સત્વરે ભરવા માગો છો કે કેમ ? અને તે ભરવામાં કેટલો સમય લાગશે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં તેમને કહ્યું કે તાપી જિલ્લાની જે ૧૧ જગ્યાઓ ખાલી છે પણ તેની કામગીરી જે છે તે આરોગ્ય વિભાગના કર્મચારીઓને ત્યાં મૂકી અને તેની કામગીરી અત્યારે લેવામાં આવે છે કામગીરી ઉપર કોઇ અસર થયેલ નથી અને ભરતી દસ વર્ષના ભરતી કેલેન્ડર પ્રમાણે સરકાર તેની કાર્યવાહી તબક્કાવાર કરે છે.

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ફાર્માસિસ્ટનું કામ પીએચસી સેન્ટર અને સિવિલ તેમજ કૉટેજ હોસ્પિટલમાં અગત્યનું હોય તો ખાલી જગ્યા રાખવાના કારણો શું છે ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર કોઇ જગ્યા ખાલી રાખતી નથી એ જે જગ્યાઓ છે કોઇ વખત સ્વૈચ્છિક નિવૃત્તિથી ખાલી પડતી હોય છે, કોઇ વખત આંતર જિલ્લા બદલીથી જગ્યા ખાલી પડતી હોય છે, કોઇ વખત રાજીનામાથી થતી હોય, કોઇ વખત તાલુકા ફેરબદલીથી થાય, રીસફલિંગથી થાય, કોઇ વખત સ્વર્ગવાસ થાય તો પણ ખાલી પડે અને નવું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર થતું હોય છે. અમારી સરકાર જ્યાં જરૂરિયાત પડે ત્યાં નવું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પણ મંજૂર કરતી હોય છે, તો એમાં જે મહેકમ મંજૂર થયું હોય ત્યાર પછી જે ભરતી થાય ત્યારે જ તે ભરાય. એટલે આવા કિસ્સામાં જગ્યા ખાલી પડતી હોય છે અને મેં કહ્યું તેમ સુરત અને તાપીમાં જે જગ્યાઓ ખાલી છે તે અત્યારે વ્યવસ્થાથી આરોગ્ય વિભાગના કર્મચારીઓ મારફતે ભરી અને તેની કામગીરીને કોઇ અસર થતી નથી.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, સીધી ભરતીથી નિમણૂક પામતાં કમ્પાઉન્ડર, જુનિયર ફાર્માસિસ્ટના સંવર્ગનું પગાર ધોરણ શું છે ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કમ્પાઉન્ડર અને જુનિયર ફાર્માસિસ્ટની જે નિમણૂક છે તેમાં ફિક્સ પગાર રૂપિયા ૩૧,૩૪૦ પ્રતિ માસ પાંચ વર્ષ માટે આપવામાં આવે છે. ત્યારબાદ સાતમા પગાર પંચ મુજબ ગ્રેડ પે રૂપિયા ૨૮૦૦, પગાર ધોરણ રૂપિયા ૨૯,૨૦૦થી રૂપિયા ૯૨,૩૦૦ લેવલ સુધીનો પગાર ચૂકવવામાં આવે છે.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સુરત તથા તાપી જિલ્લામાં જુનિયર ફાર્માસિસ્ટ દ્વારા કોરોના મહામારી દરમિયાન કઇ કઇ ફરજો બજાવવામાં આવી હતી?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે જુનિયર ફાર્માસીસ્ટોએ સુરત અને તાપીમાં ફરજો બજાવી. તેમાં કોરોના મહામારીને નિયંત્રણમાં લાવવા માટે ભારત સરકાર અને ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ તરફથી વખતો વખત

આવેલ ગાઇડ લાઇન, પરિપત્ર મુજબ તેમજ અધિકારીશ્રીઓની સૂચના મુજબ તેમની કામગીરીમાં તમામ રિપોર્ટીંગ, દવા વિતરણ, માસ્ક વિતરણ, સેનેટરાઇઝનું વિતરણ તથા પ્રજામાં જાગૃતિ આવે તે માટે પ્રચાર પ્રસારની કામગીરી કરેલ છે. કોરોના વાઇરસની વેક્સિન આવતા જિલ્લાકક્ષાએથી વેક્સિન મેળવી પીએચસી કક્ષાએ જમા લઇ જરૂરિયાત મુજબ વિતરણ કરી તેનો હિસાબ નિભાવવો તથા તેના રિપોર્ટીંગની તમામ કામગીરી કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉપરાંત કોરોનાની રસી લેવા બાબતે જન જાગૃતિ પણ લાવવી. કોરોના મહામારી દરમિયાન જુનિયર ફાર્માસિસ્ટ તથા ઉપરોકત ઉમદા કામગીરી બજાવ્યા બદલ તેઓને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સન્માનપત્ર પણ આપવામાં આવેલ છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, જુનિયર ફાર્માસિસ્ટ અને કમ્પાઉન્ડર... (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : મારા મારફત પૂછો. કારણ કે તમે સીધું પૂછો છો, એટલે જ ઝઘડા ઊભા થાય છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, ઝઘડો કરવો પડે તો કરવો પડે. આદિવાસી વિસ્તારમાં જે દવાખાનાં આવેલાં છે. (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : આની વાત નથી. (અંતરાય) એ તો ક્યારેય ઝઘડતા નથી.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અમારો તાપી આદિવાસી વિસ્તાર છે. દવાખાનામાં કમ્પાઉન્ડરની જે ખાલી જગ્યાઓ છે, ત્યાં ડોક્ટર જે દવાઓ લખી આપે છે તે દવા કોના થકી વિતરણ કરવામાં આવે છે? જો બિનઅનુભવી માણસને ત્યાં દવા આપવા માટે બેસાડ્યો હોય અને બીજી કોઈક દવા આપી દેવામાં આવે તો કોઈકની તબિયત પણ બગડે. આથી આ ફાર્માસિસ્ટની જગ્યા ભરવા માગો છો કે કેમ? અને હાલ ખાલી જગ્યાઓ છે તેમાં કોના મારફત દવા વિતરણ કરવામાં આવે છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં વાત કરી કે જે જગ્યાઓ ખાલી છે એ આરોગ્ય વિભાગના જ ફાર્માસિસ્ટ અને કમ્પાઉન્ડરની સમકક્ષ જગ્યાના કર્મચારીઓ મારફત આરોગ્ય વિભાગ દ્વારા આ જગ્યાઓની કામગીરી લેવામાં આવે છે. અત્યારે જે કામગીરી છે એ આરોગ્ય વિભાગના કર્મચારી થકી લેવામાં આવે છે એટલે એમાં બીજો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાની શાળાઓમાં રમત-ગમતના મેદાનો**

*૩૫૪૪૯ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં જિલ્લાવાર કેટલી સરકારી અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રમત-ગમતના મેદાન નથી, | (૧) |

| જિલ્લો | પ્રાથમિક | | માધ્યમિક | | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સળંગ એકમ | | ઉચ્ચતર માધ્યમિક | |
|---|---|---|---|---|---|---|---|---|
| | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી |
| ગાંધીનગર | ૧૨૨ | ૧૩ | ૦૦ | ૧૫ | ૦૦ | ૧૦ | ૦૦ | ૦૪ |
| અમદાવાદ | ૫૧ | ૦૪ | ૦૨ | ૧૨૪ | ૦૦ | ૨૧૭ | ૦૦ | ૩૧ |

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર કેટલી સરકારી અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં રમત-ગમતના મેદાનો બનાવવામાં આવ્યા, અને | (૨) |

| જિલ્લો | વર્ષ | પ્રાથમિક | | માધ્યમિક | | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સળંગ એકમ | | ઉચ્ચતર માધ્યમિક | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી |
| ગાંધીનગર | ૨૦૧૯ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | ૨૦૨૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| અમદાવાદ | ૨૦૧૯ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| | ૨૦૨૦ | ૦૦ | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

| | |
|---|---|
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાકી રહેતી શાળાઓમાં રમત-ગમતના મેદાનો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે? | (૩) જમીન ઉપલબ્ધ થયેથી. |

## તા. ૨૦મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી સુરેશકુમાર ચ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં જમીન ઉપલબ્ધ થવાની બાકી રહેતી શાળાઓમાં રમતગમતના મેદાન બનાવવામાં આવશે તેવો જવાબ આપ્યો છે. આ રમતગમતના મેદાન વગર ગાંધીનગર જિલ્લાની ૧૨૨ સરકારી પ્રાથમિક શાળાઓ માટે જમીન ઉપલબ્ધ થાય તે માટે સરકારે શું પગલાં લીધાં?

શ્રીમતી વિભાવરીબેન બેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે છતાં આપના મારફતે સભ્યશ્રીને જણાવવા માગું છું કે, સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ છે એના માટે સરકાર દ્વારા નજીકના કોઈ પણ જાહેર હિતની જગ્યાઓ હોય, સરકારી ખરાબો હોય અથવા કોઈ પણ સરકાર હસ્તકની જગ્યા હોય એનો ઉપયોગ કરવામાં આવે છે. એ પ્રમાણે સૂચના આપવામાં આવે છે અને કામગીરી કરવામાં આવે છે.

શ્રી પ્રદિપભાઇ ખ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રમતગમત દરમિયાન વિદ્યાર્થીઓને ઈજા થાય તો પ્રાથમિક સારવાર માટે કઈ કઈ સુવિધાઓ હોય છે?

શ્રીમતી વિભાવરીબેન બેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, રમતગમત દરમિયાન બાળકોને જો કોઈ નાની મોટી ઈજા થાય તો એના માટે સરકાર દ્વારા શાળાઓને ફર્સ્ટ એઈડ બોક્સ સંપૂર્ણ સ્ટેટ બર્ડનથી આપવામાં આવે છે. સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા કમ્પોઝિટ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. કોઈ બાળકને કદાચ આવું થાય તો ૧૦૮ બોલાવીને સારવાર આપવામાં આવે છે અને નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તરફ લઈ જવામાં આવે છે અને નાનામાં નાની ઈજા હોય તો પણ પૂરતી અને સારામાં સારી સારવાર કરવામાં આવે છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, મારો પ્રશ્ન ક્રમાંકઃ ૩૩ બનાસકાંઠા જિલ્લામાં રમતગમતના મેદાન માટે ૫૪૨ પ્રાથમિક શાળાઓ તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં એક પણ રમતગમતનું મેદાન ફાળવેલું નથી. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મારે મંત્રીશ્રીને એટલી જ વિનંતી કરવાની છે કે, તાલુકા કક્ષાએ સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ લગભગ ૩૦-૪૦ વર્ષ પહેલાં ત્યાં ચાલુ કરવામાં આવી હોય એ વખતની ભૌગોલિક પરિસ્થિતિ અલગ હોય, જગ્યા ખુલ્લી હોય એટલે વિદ્યાર્થીઓ મેદાન તરીકે તેનો ઉપયોગ કરતાં હોય પણ અત્યારે પરિસ્થિતિ બદલાઈ છે ત્યાં બાંધકામ થઈ ગયેલું છે તો આપણી સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને જમીન વેચાતી લઈને પણ સરકાર રમતગમતના મેદાનની વ્યવસ્થા તાલુકા કક્ષાએ કરવા માગે છે કે કેમ?

શ્રીમતી વિભાવરીબેન બેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, એમના પ્રશ્નનો ક્રમાંકઃ ૩૩ આવશે ત્યારે હું ચોક્કસ આ બાબતનો જવાબ આપીશ. આ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાનો પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : નીતિ વિષયક પ્રશ્ન ગણો.

શ્રીમતી વિભાવરીબેન બેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી જણાવું છું કે સરકારી શાળાઓમાં અમે વ્યવસ્થા કરીએ છીએ. (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : એ પ્રશ્નનો જવાબ નથી. નીતિ વિષયક...

શ્રીમતી વિભાવરીબેન બેન દવે : કોઈ પણ જાહેર હિતની જગ્યા હોય, કોમન ખુલ્લા પ્લોટમાં રમતગમતના મેદાનની વ્યવસ્થા કરવા ખાનગી શાળાઓને પણ અમે સૂચનાઓ આપેલી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બહેન, અત્યારે એ પાછલા પ્રશ્નને ન લેવાય.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગાંધીનગર જિલ્લામાં કુલ ૧૬૪ શાળાઓમાં મેદાન નથી. એ પૈકીની ૪૨ ખાનગી શાળાઓ ક્યાં ચાલે છે? અને આ ખાનગી શાળાઓમાં મેદાનની શરતે પરમિશન આપવામાં આવી છે? અને આજ દિન સુધી મેદાનની વ્યવસ્થા ન થઈ હોય એવી શાળાઓની પરમિશન રદ કરવા માગો છો કે કેમ?

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, જે ગાંધીનગરની ૪૨ શાળાઓની એમણે વાત કરી, તો મે કીધું એમ, આ બધી શાળાઓ, બેને હમણાં જ વાત કરી કે ૪૦ વર્ષ પહેલા શાળાઓ મંજૂર કરી છે એટલે હમણાં જ મંજૂર કરેલી છે એવું નથી. અગાઉ પણ મંજૂર કરેલી શાળાઓ છે અને પછી પણ મંજૂર કરેલી છે. હું કોઇ રાજકીય ટીકા-ટિપ્પણીમાં પડવા માંગતી નથી, હું એ જણાવું છું કે, અત્યારે એમણે જે શાળાઓ જણાવી છે એ શાળાની અંદર સ્વીટ કેર અડાલજ એની અંદર વર્ષ ૧૯૯૬-૯૭ની અંદર, એ પહેલાની પણ વી.જે. દવે પ્રાઇમરી દહેગામની અંદર વર્ષ ૧૯૫૯માં મંજૂરી આપવામાં આવી છે, કે. જે. શાળા પ્રાઇમરી સ્કૂલ વર્ષ ૧૯૯૫માં...

અધ્યક્ષશ્રી : પ્લીઝ, પ્લીઝ, શ્રીમતી ગેનીબેન, પ્લીઝ.

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારી જે શાળાઓ છે મે અગાઉ કીધું, ખાનગી શાળાઓ માટે, હા, હું જવાબ આપું સભ્યશ્રી, ખાનગી શાળાઓ માટે પણ બે વિકલ્પ છે કાં એની માન્યતા રદ કરવી પડે અને કાં એને વૈકલ્પિક વ્યવસ્થા માટે સૂચના આપવી પડે.

અધ્યક્ષશ્રી : શિક્ષણના ભોગે તમે આગળ જવાબ આપ્યો છે, મને લાગે છે.

ફાલ્ગુન ૨૯, ૧૯૪૨ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રીમતી વિભાવરીબેન  દવે : રમતગમતના મેદાનના અભાવે બાળકો શિક્ષણથી વંચિત ન રહેવા જોઇએ અને એટલા માટે માન્યતા રદ કરવી એ યોગ્ય નથી.

અધ્યક્ષશ્રી : એમણે આગળ એ કીધું, મંત્રીશ્રીએ આગળ એ કીધું.

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ અંધકારમય બની જાય અને વૈકલ્પિક વ્યવસ્થા માટે દરેકે દરેક સંસ્થાઓને સૂચના આપી દેવામાં આવી છે અને એ પ્રમાણેની વ્યવસ્થા ઉભી કરી રહ્યા છીએ.

અધ્યક્ષશ્રી : શ્રી ઋત્વિક મકવાણા.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અમદવાદ અને ગાંધીનગર જેવા મહાનગરોમાં રમતગમતના મેદાનોની જગ્યાઓ મળવી મુશ્કેલી હોય છે ત્યારે ખાનગી શાળાઓ જે છે, એમાં ખાસ કરીને ઇન્ટરનેશનલ સી.બી.એસ.સી. હેઠળ નોંધાયેલી સ્કૂલો પણ પહેલા મંજૂરી માગે ત્યારે એની અંદર રમતગમત અને પાર્કીંગ બધી જ વ્યવસ્થા બતાવે છે, પરંતુ મંજૂરી મળી ગયા પછી જે રમતગમતનું મેદાન કે પાર્કીંગ હોય એના પર પણ બાંધકામ કરી લે છે અને હાલની સ્થિતિએ...

અધ્યક્ષશ્રી : પ્રશ્ન, પ્રશ્ન પૂછો ને, નથી પૂછતા.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, દરેક જગ્યાએ કાગળ ઉપર મંજૂરી હોય છે, પણ વાસ્તવિક રીતે રમતગમતના મેદાન હોતા નથી. સેમ્પલ તરીકે ગાંધીનગરની અંદર જ કુડાસણની અંદર પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલ છે, આવી રીતે જે લોકોએ મંજૂરી માટે રમતગમતનું મેદાન અને પાર્કીંગ દર્શાવ્યું હોય, પરંતુ અત્યારે સ્થળ ઉપર ન હોય તો આવી શાળાઓની તપાસ કરવા માંગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : તપાસ કરવા માંગો છો કે કેમ?

શ્રીમતી વિભાવરીબેન  દવે : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે, એમને જે નામ આપ્યું છે, એની તપાસ કરીશું અને યોગ્ય કાર્યવાહી કરીશું.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મારી વિરમગામ વિધાનસભાના ત્રણ તાલુકા વિરમગામ, માંડલ અને દેત્રોજમાં સરકારી અને ખાનગી કઇ કઇ શાળામાં રમતગમતના મેદાનો નથી? અને જો નથી તો કયાં સુધી સરકાર રમતગમતના મેદાન ઉપલબ્ધ કરાવવા માંગે છે?

શ્રીમતી વિભાવરીબેન દવે : માનનીય અધ્યક્ષશ્રી, વિરમગામની માહિતી મારી પાસે અત્યારે છે નહી. સભ્યશ્રીને હું વિરમગામની એ જે બાકી છે એની હું પહોંચાડી દઇશ. પરંતુ મારે અત્યારે કહેવું એ છે કે, અમારી સરકારમાં જે અત્યારે જિલ્લાની વાત કરીને, ગાંધીનગર અને અમદાવાદ. જો હું સર્વગ્રાહી વાત કરું તો પ્રાથમિક શાળા સરકારીમાં જયાં મેદાન છે, એવી શાળાની ખાનગી શાળાઓ જે છે એની અંદર ગાંધીનગરની અંદર અને જે પણ અરજીઓ આવે છે એને અમે મંજૂર કરતા પહેલા શાળાની અંદર મેદાન છે કે નહી? એ અમે તપાસ કરીએ છીએ અને એ તપાસ કર્યા પછી વર્ષ ૨૦૧૭ પછી એકપણ શાળા એવી નથી કે જેની અંદર અમે મેદાન ન હોય અને મંજૂરી ન આપી હોય.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, રમશે ગુજરાત, જીતશે ગુજરાત, આજે પ્રશ્નોત્તરીમાં ૪૨૬૧ સરકારી શાળાઓમાં રમતના મેદાન નથી. તો ઉદ્યોગપતિઓને ઉદ્યોગો માટે જમીન આપતા હોઇએ, તો બાળકો માટે મેદાન માટે સરકાર કેમ પડતર જગ્યા આપતી નથી? એ માનનીય મંત્રીશ્રી જવાબ આપે.

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, એમણે રાજકીય ઉલ્લેખ કર્યો છે એટલે ઉભો થયો છું. શાળાઓ માટે, ઉદ્યોગપતિઓને તો આપણે બજાર ભાવે પૂરા પૈસા લઇને આપીએ છીએ. શાળા માટે ૫૦ ટકાના ભાવથી આ સરકાર જગ્યા આપે છે, એટલે અમે લોકો જગ્યા આપીએ છીએ. સવાલ, સાહેબ શિક્ષણ માટે એટલી બધી યુનિવર્સિટી, કોલેજો, શાળાઓ આ છેલ્લા ભારતીય જનતા પાર્ટીના શાસનમાં સરકારની નીતિરીતિને કારણે આનો વ્યાપ વધ્યો છે. ગુજરાત એક શૈક્ષણિક હબ ઊભું થયું છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

તા. ૨૦મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**બારડોલી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર**

૩૬૬૩૧ **શ્રી હર્ષ સંઘવી** (મજૂરા) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **રોપા (સંખ્યામાં)** |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૨૮,૪૦૦ |
| ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ) | ૨૯,૨૦૦ |

(૨)

| **વર્ષ** | **ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૨૯.૯૫ |
| ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ) | ૨૧.૫૨ |

---------

**રાજકોટ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને વીજ કનેક્શન**

૩૬૫૬૪ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને વીજ કનેક્શન આપવામાં આવ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ વીજ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૩) ઉક્ત બાકી રહેતા આંગણવાડી કેન્દ્રોમાં કયાં સુધીમાં વીજ કનેક્શન આપવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો વીજ કનેક્શન ધરાવતા હતા. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વડોદરા જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટરની સુવિધા**

૩૬૬૧૫ **શ્રી દુષ્યંતભાઈ પટેલ**(ભરૂચ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે,

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત બાકી રહેલ ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવવા સરકારનું શું આયોજન છે?

**જવાબ**

(૧), (૨) અને (૩) ઈ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અંતર્ગત વડોદરા જિલ્લાના તમામ તાલુકાઓની તમામ ૫૩૬ ગ્રામ પંચાયતોમાં અગાઉના વર્ષોમાં કોમ્પ્યુટર ઉપલબ્ધ કરાવેલ હોઈ તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઈ ગ્રામ પંચાયતને કોમ્પ્યુટરની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પાદરા તાલુકામાં ઔદ્યોગિક એકમો દ્વારા પ્રદૂષિત પાણી કેનાલ / નદીમાં નાખવા બાબત**

૩૫૫૪૨ **શ્રી જશપાલસિંહ પઢિયાર**(પાદરા) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ઔદ્યોગિક એકમો દ્વારા ટ્રીટમેન્ટ વગર પ્રદૂષિત પાણી

**જવાબ**

(૧)

| **વર્ષ** | **મળેલ ફરિયાદ** |
|---|---|
| ૨૦૧૯ | ૦૩ |

| ૨૦૨૦ | ૦૮ |
|---|---|

કેનાલ/નદીમાં છોડાતું કે જમીનમાં ઉતારાતું હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

(૨) નિયમાનુસારની કાર્યવાહી સારુ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને મોકલી આપેલ છે.

- - - - - - - - -

**ગૌ-સેવા અને ગૌચર વિકાસ બોર્ડની યોજનાઓની સમીક્ષા માટેની સમિતિ**

૩૫૪૯૯ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય ગૌ-સંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ગૌ-સેવા અને ગૌચર વિકાસ બોર્ડ હસ્તકની યોજનાઓની સમીક્ષા કરી ભલામણ કરવા પશુપાલન નિયામકની અધ્યક્ષપણા હેઠળ રચાયેલ કમિટિની ભલામણો/અહેવાલ સરકારને ક્યારે મળેલ છે, | (૧) તા.૦૨-૦૭-૨૦૧૯ના રોજ |
| (૨) ઉક્ત ભલામણોમાં મુખ્યત્વે કઇ ભલામણોનો સમાવેશ થાય છે, | (૨) પત્રક-અ મુજબ |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત ભલામણોના આધારે સરકારે કઇ યોજનાઓ બંધ કરવા અંગે ઠરાવ પ્રસિધ્ધ કર્યો, અને | (૩) પત્રક-બ મુજબ |
| (૪) ઉક્ત યોજનાઓ બંધ કરવાના શાં કારણો છે? | (૪) પત્રક-ક મુજબ |

**પત્રક-અ**

**ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની યોજનાઓની સમીક્ષા સંદર્ભે પશુપાલન ખાતાના અધિકારીશ્રીઓની નિયત થયેલ કમિટીએ સૂચવેલ ભલામણ**

- ❖ બોર્ડની વિવિધ યોજનાઓમાં યોજના વાઇઝ અલગ-અલગ વહીવટી ખર્ચ તરીકે જોગવાઇ કરવાને બદલે દર વર્ષે વહીવટી ખર્ચ જેવાં કે આઉટસોર્સ કર્મચારીના વેતન, કન્ટીજન્સી ખર્ચ- સ્ટેશનરી, લાઇટબીલ, ટેલીફોન, વાહન, સરભરા, હાર્ડવેર, સોફ્ટવેર, મીટીંગ-બેઠક, સફાઇ તથા આવશ્યક એવી અન્ય ચીજવસ્તુની ખરીદી માટે એક કોમ્પોનન્ટ તરીકે સરકારશ્રીમાં દરખાસ્ત રજૂ કરી નાણાંકીય જોગવાઈ કરાવવી જોઇએ.
- ❖ બોર્ડની યોજનાઓ પૈકી જે યોજનાઓમાં સંસ્થાઓને નાણાંકીય સહાય ચૂકવવાની થતી હોય તેવી તમામ યોજનાઓમાં અરજી કરવાથી માંડી સહાયનું ચૂકવણું થવા સુધીની તમામ પ્રક્રિયા ઓનલાઈન કરવી જોઇએ.
- ❖ બોર્ડની નીચે જણાવ્યા મુજબની યોજનાઓમાં અગાઉના વર્ષમાં થયેલ કામગીરી તથા યોજનાની જરૂરિયાત તથા યોજનાની ફલશ્રુતિને ધ્યાને લઈ વર્ષ ૨૦૧૯-૨૦ થી અમલમાં ન મૂકવા ભલામણ છે.
    - ૧. આર.એફ.આઈ.ડી. : પશુ ઓળખ પધ્ધતિ
    - ૨. ઉત્તમ આનુવંશીક ગુણવત્તા (ઈલાઈટ) વાછરડીનું ધણ પેદા કરવાની યોજના
    - ૩. પશુઓના છાણમાંથી સેન્દ્રિય જૈવિક ખાતર ઉત્પાદન કરવાની યોજના
    - ૪. વાછરડાં/બળદ પરિવહન ખર્ચ સહાયની યોજના
    - ૫. ગૌવંશના બાંગરા સાંઢ ખસીકરણની યોજના
    - ૬. પશુપાલકો, ખેડૂતોને ગોપાલન, ગૌસંવર્ધન, પંચગવ્ય અને ગૌચર વિકાસની તાલીમ આપવાની યોજના
    - ૭. ગાયોના આર્થિક ઉત્પાદન વધારવા સંશોધન માટે પ્રચાર પ્રસાર માટે સહાયની યોજના
- ❖ ધર્મજના આદર્શ ગૌચર નિદર્શનની યોજના અંતર્ગત સદર યોજનામાં અગાઉ નિદર્શનથી મળેલ પ્રેરણાથી કેટલા ગૌચરનું નિર્માણ થયું તેની વિગતો બોર્ડ પાસેથી મેળવ્યા બાદ સદર યોજના ચાલુ વર્ષે અમલમાં રાખવા અંગે નિર્ણય કરવો જોઇએ.
- ❖ ગૌશાળા/પાંજરાપોળને અદ્યતન બનાવવાની યોજના માટે નિયત થયેલ સાધનો પૈકી જે સાધનનું સરકારશ્રી દ્વારા એમ્પેનેલમેન્ટ ન થતું હોય તેવા સાધનોની યુનિટ કોસ્ટ બોર્ડ દ્વારા નિયત કરવી જોઇએ.
(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨)

| ક્રમ | જિલ્લા/તાલુકા પંચાયતનું નામ | મલ્ટીપર્પઝ હેલ્થ સુપરવાઈઝરની જગ્યાઓની વિગત | | |
|---|---|---|---|---|
| | | **ભરાયેલ જગ્યા** | **ખાલી જગ્યા** | **૧ વર્ષથી નીચે** |
| ૧ | જિ. પંચાયત દાહોદ | ૦ | ૦ | ૦ |
| ૨ | દાહોદ | ૪ | ૫ | ૫ |
| ૩ | ગરબાડા | ૪ | ૨ | ૨ |
| ૪ | ધાનપુર | ૨ | ૩ | ૩ |
| ૫ | દેવગઢબારીયા | ૫ | ૩ | ૩ |
| ૬ | લીમખેડા | ૫ | ૪ | ૪ |
| ૭ | ફતેપુરા | ૪ | ૨ | ૨ |
| ૮ | ઝાલોદ | ૬ | ૪ | ૪ |
| ૯ | સંજેલી | ૨ | ૧ | ૧ |
| | **કુલ** | **૩૨** | **૨૪** | **૨૪** |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ક્યા સુધીમાં ભરવાનું આયોજન છે?

(૩) ફિડર કેડરમાં જગા ઉપલબ્ધ થયે વહીવટી અનુકૂળતા મુજબ.

---------

તા. ૨૦મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં કાર્યરત ગૌશાળાઓ**

૩૫૯૫૦ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય ગૌ-સંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલી ગૌશાળાઓ કાર્યરત છે,

(૧)

| જિલ્લો | કાર્યરત ગૌશાળાઓની સંખ્યા |
|---|---|
| જૂનાગઢ | ૨૭૧ |
| ભાવનગર | ૫૪ |

(૨) ઉક્ત ગૌશાળાઓને સરકાર દ્વારા કોઇ સહાય પુરી પાડવામાં આવે છે કે કેમ, અને

(૨) સરકારશ્રી દ્વારા વિવિધ સહાયકારી યોજનાઓના ઠરાવો થયેથી અને નાણાકીય વર્ષમાં આઇ-ખેડૂત પોર્ટલ પર નિયત નમૂનામાં ઓનલાઇન અરજી કરેલ હોય તેવી ગૌશાળાઓ પૈકી સરકારશ્રીના ઠરાવોની શરતો-બોલીઓ મુજબ પાત્રતા ધરાવતી ગૌશાળાઓને સહાય આપવામાં આવે છે.

(૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર કેટલી ગૌશાળાઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

(૩)

| વર્ષ | જિલ્લો | ગૌશાળાની સંખ્યા | સહાયની રકમ રૂ. |
|---|---|---|---|
| તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | જૂનાગઢ | ૨૦ | ૫૯,૦૯,૬૪૬ |
| | ભાવનગર | ૭ | ૨૯,૯૦,૮૬૬ |
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી | જૂનાગઢ | ૧૦ | ૯,૮૬,૬૦૦ |
| | ભાવનગર | ૨ | ૭,૪૦,૦૮૦ |

**સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં કાર્યરત ગૌશાળાઓ**

૩૫૯૨૯ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય ગૌ-સંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર કેટલી ગૌશાળાઓ કાર્યરત છે,

(૧)

| જિલ્લો | કાર્યરત ગૌશાળાઓની સંખ્યા |
|---|---|
| સુરેન્દ્રનગર | ૩૪ |
| મોરબી | ૯૧ |

(૨) ઉક્ત ગૌશાળાઓને સરકાર દ્વારા કોઇ સહાય પુરી પાડવામાં આવે છે કે કેમ, અને

(૨) સરકારશ્રી દ્વારા વિવિધ સહાયકારી યોજનાઓના ઠરાવો થયેથી અને નાણાકીય વર્ષમાં આઇ-ખેડૂત પોર્ટલ પર નિયત નમૂનામાં ઓનલાઇન અરજી કરેલ હોય તેવી ગૌશાળાઓ પૈકી સરકારશ્રીના ઠરાવોની શરતો-બોલીઓ મુજબ પાત્રતા ધરાવતી ગૌશાળાઓને સહાય આપવામાં આવે છે.

(૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર કેટલી ગૌશાળાઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

(૩)

| વર્ષ | જિલ્લો | ગૌશાળાની સંખ્યા | સહાયની રકમ રૂ. |
|---|---|---|---|
| તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | સુરેન્દ્રનગર | ૧૩ | ૭૪,૦૪,૨૧૨ |
| | મોરબી | ૧૨ | ૫૭,૫૪,૦૩૪ |
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | સુરેન્દ્રનગર | ૫ | ૯,૦૭,૪૮૯ |
| | મોરબી | ૪ | ૧૪,૦૮,૫૨૦ |

- - - - - - - - -

**સાબરમતી યુનિવર્સિટી દ્વારા એમ.ફીલ, પી.એચ.ડી. ની ડીગ્રીમાં ગેરરીતિઓ**

૩૭૩૦૩ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર ખાડિયા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

(૧) હા, જી.

સાબરમતી યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા એમ.ફીલ, પી.એચ.ડી.ની ડીગ્રી આપવામાં થયેલી ગેરરીતિઓની તપાસ માટે કોઈ તપાસ સમિતિ નીમી છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત તપાસ સમિતિનો અહેવાલ ક્યારે મળ્યો,

(૨) તા.૧૯-૦૬-૨૦૨૦ના રોજ મળેલ છે.

(૩) ઉક્ત તપાસ અહેવાલમાં કઈ ગેરરીતિઓ ઉક્ત યુનિવર્સિટી દ્વારા આચરાઈ હોવાનું જાણવા મળ્યું, અને

(૩) ગેરકાયદેસર રીતે ડીગ્રીઓ આપવા તથા છેતરપીંડી કરવા અંગે.

(૪) ઉક્ત સ્થિતિએ ગેરરીતિઓ બદલ સરકારે શી કાર્યવાહી કરી છે ?

(૪) સાબરમતી યુનિવર્સિટીના કામકાજ/વહીવટ પર સુપરવીઝન રાખવા માટે શ્રી એમ.નાગરાજન, I.A.S. નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણની Administrator તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

- - - - - - - - -

## પ્રાંતિજ ખાતે ન્યાયિક અધિકારીઓના રહેણાકના મકાનો

૩૭૧૫૧ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં પ્રાંતિજ ખાતે ન્યાયિક અધિકારીઓના રહેણાકના મકાનોના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત પેટે કેટલી રકમની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ. ૧૫૭.૦૦ લાખની તા. ૦૮-૧૧-૨૦૧૯ના રોજ ૦૨ યુનિટની ઠરાવ ક્રમાંકઃ સીઆરક્યુ/૧૦૨૦૧૯/ ૩૭૩/ગ-૧ થી વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) હાલમાં સદર કામે પાર્કિંગ તેમજ પ્રથમ માળના સ્લેબની કામગીરી પૂર્ણ થયેલ છે, કામ પ્રગતિમાં છે. |

## બનાસકાંઠા જિલ્લામાં વન અધિકાર હેઠળ મકાન બનાવવા જમીન

૩૫૪૨૩ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ અન્વયે મકાન બનાવવા માટે જમીન મેળવેલ કેટલા વ્યકિતઓને સનદો આપવામાં આવી, | (૧) છેલ્લા બે વર્ષમાં મકાન બનાવવા માટે કોઈને સનદ આપવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સનદની સાથે નકશા આપવામાં આવતા નથી તેવી ફરિયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો આવી સનદો નકશા સાથે આપવા ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

- - - - - - - - -

## સુરેન્દ્રનગર જિલ્લાની શાળાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓનું પેન્શન

૩૫૪૭૧ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા કાયમી તેમજ સ્વૈચ્છિક નિવૃત્ત કર્મચારીઓનું પેન્શન તેમજ ઉચ્ચતર પગારધોરણ મંજૂર કરવામાં વિલંબ થયો હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, અને | (૧) - પેન્શનની ૦૨ (બે) ફરિયાદ મળેલ છે.<br>- ઉચ્ચતર પગાર ધોરણની એક ફરિયાદ મળેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી છે ? | (૨) - પેન્શનની ૦૨ (બે) ફરિયાદ પૈકી એક પેન્શન કેસમાં કોર્ટમેટર હોઈ પેન્ડીંગ છે અને એક પેન્શન કેસ મંજૂર થયેલ છે.<br>- ઉચ્ચતર પગાર ધોરણ બાબતે નિયમાનુસાર ચકાસણી કરી દરખાસ્ત રજૂ કરવામાં આવે છે. |

- - - - - - - - -

તા. ૨૦મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**આર્ટીકલ ૨૭૫/૧ અને સ્પેશીયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ અંતર્ગત કેન્દ્ર સરકાર સમક્ષ રકમની માંગણી**

૩૮૨૩૬ ડો. અનિલ જોષિયારા (ભિલોડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ આર્ટીકલ ૨૭૫ (૧) અને સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની માંગણી કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત પૈકી વર્ષવાર આદિજાતિ વિકાસ વિભાગને ક્યા હેતુ માટે કેટલી રકમ ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ આર્ટીકલ ૨૭૫ (૧) અને સ્પેશિયલ સેન્ટ્રલ આસિસ્ટન્ટ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબની માંગણી કરવામાં આવી.

| **વર્ષ** | **બંધારણની કલમ ૨૭૫(૧) હેઠળ માંગણીની રકમ (રૂ.લાખમાં)** | **ખાસ કેન્દ્રીય સહાય યોજના હેઠળ માંગણીની રકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | રૂ.૧૭૯૪૪.૫૫ | રૂ.૧૮૬૪૬.૭૩ |
| ૨૦૨૦-૨૧ (તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ) | રૂ. ૧૭૮૨૬.૪૬ | રૂ.૭૨૭૩.૭૫ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત પૈકી વર્ષવાર આદિજાતિ વિકાસ વિભાગને નીચેના હેતુ માટે નીચે મુજબની રકમ ફાળવવામાં આવી.

બંધારણની કલમ ૨૭૫(૧) હેઠળ ફાળવેલ રકમ (રૂ.લાખમાં)

| **ક્રમ** | **હેતુ** | **વર્ષ ૨૦૧૯-૨૦૨૦માં ફાળવેલ રકમ (રૂ.લાખમાં)** | **વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં ફાળવેલ રકમ (રૂ.લાખમાં)** |
|---|---|---|---|
| ૧ | **શિક્ષણ**<br>૧. એકલવ્ય મોડેલ રેસીડેન્શીયલ શાળાના વિદ્યાર્થીઓનો નિભાવ ખર્ચ અને નવી શાળાઓના બાંધકામ માટે (૧૪ જિલ્લા<br>૨. બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીના બાંધકામ રાજપીપળા ખાતે | ૧૩૯૭૦.૦૪ | ૨૬૧૧.૮૭ |
| ૨ | મલ્ટીપરપઝ કોમ્યુનીટી હોલનું બાંધકામ (તા.કવાંટ, જી.છોટાઉદેપુર અને તા.ધરમપુર, જી.વલસાડ) | ૯૩.૮૪ | ૪૧૪.૮૭ |
| ૩ | પાયાની સુવિધા (રોડ-રસ્તા) તા.ઉમરપાડા, જી.સુરત | ૯૦૦.૦૦ | -- |
| ૪ | ચેકડેમ, ઉદ્વવહન સિંચાઈનું બાંધકામ જી.દાહોદ અને જી.નર્મદા | -- | ૯૪૦.૦૦ |
| ૫ | સામુદાયિક કુવાનું નિર્માણ જી.દાહોદ અને જી.નર્મદા | -- | ૭૦૫.૦૦ |
| ૬ | ચીલીંગ સેન્ટરની સુવિધા (Unit-2) લીમખેડા અને ફતેપુરા, જી.દાહોદ | -- | ૧૧૫૯.૭૦ |
| ૭ | આરોગ્ય સુવિધા જનરલ સિવિલ હોસ્પિટલ, જી.નર્મદા | -- | ૧૦૮.૬૦ |
| | **કુલ રકમ** | **રૂ.૧૪૯૬૩.૮૮** | **રૂ.૫૯૪૦.૦૪** |

**ખાસ કેન્દ્રીય સહાય યોજના હેઠળ ફાળવેલ રકમ (રૂ.લાખમાં)**

| ક્રમ | હેતુ | વર્ષ ૨૦૧૯-૨૦૨૦માં ફાળવેલ રકમ (રૂ.લાખમાં) | વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં ફાળવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | **શિક્ષણ (GSTES)** કન્યા સાક્ષરતા નિવાસી શાળાની વિદ્યાર્થીનીઓનો નિભાવ ખર્ચ અને નવી શાળાઓના બાંધકામ માટે (૧૪ જિલ્લા) | ૩૪૯૧.૮૪ | ૩૦૧૩.૩૭ |
| ૨ | કૃષિ વૈવિધ્યકરણ યોજના | ૧૨૬૧.૦૦ | ૧૭૯૫.૦૦ |
| ૩ | ટીસ્યુ કલ્ચર શેરડી (Sugar Cane) | ૨૦૦.૦૦ | ૧૩૬.૦૫ |
| ૪ | ટીસ્યુ કલ્ચર કેળા (Banana) | ૨૦૦.૦૦ | ૬૩.૮૦ |
| ૫ | ટીસ્યુ કલ્ચર દાડમ (Pomegranate) | ૫૦.૦૦ | - - |
| ૬ | સંકલિત ડેરી વિકાસ યોજના | ૪૦૦.૦૦ | ૬૨૦.૦૫ |
| ૭ | વલસાડ, ડાંગ અને સાબરકાંઠા ખાતે વેટરનરી સર્વિસ | ૬૬.૦૦ | - - |
| ૮ | સંકલિત પશુધન વિકાસ યોજના | ૨૦૪.૦૦ | - - |
| ૯ | વ્યવસાયિક તાલીમ કેન્દ્ર | ૧૪૯૩.૫૫ | ૮૪૨.૫૫ |
| ૧૦ | વન અધિકાર અધિનિયમનું અમલીકરણ | ૨૦૦.૦૦ | ૧૦૦.૦૦ |
| ૧૧ | વન અધિકાર અધિનિયમના લાભાર્થીઓનું સશક્તિકરણ | ૫૦૦.૦૦ | ૫૦૦.૦૦ |
| ૧૨ | સિંચાઈ ઉદ્વહન | ૨૦૦.૦૦ | - - |
| ૧૩ | દાહોદ ખાતે સિંચાઈ ઉદ્વહન | ૨૧૯.૧૬ | - - |
| ૧૪ | દાહોદ ખાતે ચેકડેમ અને વોટર ટેંકનું બાંધકામ | ૪૦.૦૦ | - - |
| ૧૫ | દાહોદ ખાતે રસ્તાનું બાંધકામ | ૪૦૦.૦૦ | ૧૪૫.૪૮ |
| ૧૬ | મંડપ (વર્ટીકલ ક્રોપીંગ) | ૫૦.૦૦ | - - |
| | **કુલ રકમ** | **રૂ.૮૯૭૫.૫૫** | **રૂ.૭૨૧૬.૩૦** |

- - - - - - - - -

**બનાસકાંઠા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેકશન**

૩૬૫૦૬ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગેસ કનેકશન આપવામાં આવ્યા ન હોય તેવા આંગણવાડી કેન્દ્રો કેટલા છે, અને

(૩) ઉક્ત બાકી રહેતા આંગણવાડી કેન્દ્રોમાં ક્યાં સુધીમાં ગેસ કનેકશન આપવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રો ગેસ કનેકશન ધરાવતા હતા. આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) એક પણ નહીં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**રાજકોટ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગને વહીવટી મંજૂરી**

૩૭૧૫૩ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

**જવાબ**

(૧) હા, જી

રાજકોટ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત પેટે કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) રૂ.૧૧૮૦૦.૦૦ લાખની તા.૨૮-૧૧-૨૦૧૯ના રોજ ઠરાવ ક્રમાંકઃ સીસીબી/૧૦૨૦૧૯/૩૨૭/ગ-૧ થી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

(૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે?

(૩) ઉક્ત બાંધકામ તા.૨૧-૦૧-૨૦૨૦ના રોજ શરૂ કરવામાં આવેલ છે. હાલ આ કામમાં ચોથા માળમાં સ્લેબની કામગીરી પ્રગતિમાં છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં માધ્યમિક શાળામાં શિક્ષકોની ઘટ**

૩૫૪૨૧ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર આવેલી સરકારી માધ્યમિક શાળાઓમાં વિષયવાર કેટલા શિક્ષકોની ઘટ છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર આવેલી સરકારી માધ્યમિક શાળાઓમાં વિષયવાર કુલ ૨૧૫ શિક્ષકોની ઘટ છે, જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | વિષય | | | | |
|---|---|---|---|---|---|---|
| | | અંગ્રેજી | ગણિત/ વિજ્ઞાન | સામાજિક વિજ્ઞાન | ગુજરાતી | સંસ્કૃત |
| ૧ | પાલનપુર | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ |
| ૨ | ડીસા | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૩ | ૦૦ |
| ૩ | થરાદ | ૨૦ | ૧૯ | ૧૮ | ૦૦ | ૦૦ |
| ૪ | લાખણી | ૦૪ | ૦૩ | ૦૫ | ૦૧ | ૦૦ |
| ૫ | દાંતા | ૦૧ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ |
| ૬ | અમીરગઢ | ૦૨ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ |
| ૭ | ધાનેરા | ૧૬ | ૧૪ | ૧૧ | ૦૪ | ૦૦ |
| ૮ | દાંતીવાડા | ૦૧ | ૦૦ | ૦૩ | ૦૦ | ૦૦ |
| ૯ | ભાભર | ૦૭ | ૦૬ | ૦૮ | ૦૦ | ૦૧ |
| ૧૦ | વાવ | ૧૧ | ૧૨ | ૦૮ | ૦૧ | ૦૦ |
| ૧૧ | સુઈગામ | ૦૩ | ૦૪ | ૦૩ | ૦૦ | ૦૦ |
| ૧૨ | વડગામ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૧૩ | દિયોદર | ૦૩ | ૦૫ | ૦૩ | ૦૦ | ૦૦ |
| ૧૪ | કાંકરેજ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ |

(૨) ઉક્ત ઘટ કયાં સુધીમાં પૂરી કરવામાં આવશે ?

(૨) સરકારી માધ્યમિક શાળાઓમાં જાહેરાત ક્રમાંકઃ ૧૯/૨૦૧૯-૨૦ થી ૨૫/૨૦૧૯-૨૦ થી શિક્ષણ સહાયકોની કરવામાં આવેલ ભરતીમાં બનાસકાંઠા જિલ્લામાં તા.૦૮-૦૧-૨૦૨૧ના રોજ ૧૭૬ શિક્ષણ સહાયકની ભરતી કરવામાં આવેલ છે. હાલની સ્થિતિએ (તા.૨૮-૦૨-૨૦૨૧ ની સ્થિતિએ) ખાલી રહેલ ૩૯ જગ્યાઓ જેમ બને તેમ જલદીથી ભરવામાં આવશે.

---------

**રાજકોટ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગને વહીવટી મંજૂરી**

૩૭૧૫૪ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) હા, જી

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત પેટે કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને

(૨) રૂ.૧૧૮૦૦.૦૦ લાખની તા.૨૮-૧૧-૨૦૧૯ના રોજ ઠરાવ ક્રમાંકઃ સીસીબી/૧૦૨૦૧૯/૩૨૭/ગ-૧ થી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

(૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે?

(૩) ઉક્ત બાંધકામ તા.૨૧-૦૧-૨૦૨૦ના રોજ શરૂ

કરવામાં આવેલ છે. હાલ આ કામમાં ચોથા માળમાં સ્લેબની કામગીરી પ્રગતિમાં છે.

- - - - - - - - -

**પ્રાંતિજ ખાતે ન્યાયિક અધિકારીઓના રહેણાકના મકાનો**

૩૭૧૫૦ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧)તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં પ્રાંતિજ ખાતે ન્યાયિક અધિકારીઓના રહેણાકના મકાનોના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત પેટે કેટલી રકમની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ.૧૫૭.૦૦ લાખની તા. ૦૮-૧૧-૨૦૧૯ના રોજ ૦૨ યુનિટની ઠરાવ ક્રમાંકઃ સીઆરક્યુ/૧૦૨૦૧૯/ ૩૭૩/ગ-૧ થી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) હાલમાં સદર કામે પાર્કીંગ તેમજ પ્રથમ માળના સ્લેબની કામગીરી પૂર્ણ થયેલ છે, કામ પ્રગતિમાં છે. |

- - - - - - - - -

**બોરસદ તાલુકામાં તલાટી કમ મંત્રીની ખાલી જગ્યા**

૩૫૫૦૯ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં તલાટી કમ મંત્રી (પંચાયત)ની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાનો સમયગાળો | | | |
|---|---|---|---|---|---|---|
| | | | ૦ થી ૧ વર્ષ | ૧ થી ૩ વર્ષ | ૩ થી ૫ વર્ષ | ૫ વર્ષથી વધુ સમયની |
| ૧ | બોરસદ | ૨૨ | ૧૬ | ૫ | ૧ | ૦ |
| | **કુલ** | **૨૨** | **૧૬** | **૫** | **૧** | **૦** |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૨) દસ વર્ષીય ભરતી કેલેન્ડર અંતર્ગત તબક્કાવાર સીધી ભરતીથી સ્ટાફ ઉપલબ્ધ થયેથી જગ્યાઓ ભરવામાં આવશે.

- - - - - - - - -

**લાઠી ખાતે નવી કોર્ટ બિલ્ડીંગને વહીવટી મંજૂરી**

૩૭૧૬૯ **શ્રી આર.સી.મકવાણા** (મહુવા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં લાઠી ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત પેટે કેટલી રકમની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ.૪૧૭.૪૦ લાખની તા.૧૭-૦૯-૨૦૧૯ના રોજ ઠરાવ ક્રમાંકઃ સીસીબી/૧૦૨૦૧૯/૫૧૩/ગ-૧ થી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે? | (૩) તાંત્રિક મંજૂરી મળ્યા બાદ બાકીની વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી. |

- - - - - - - - -

**ડિસા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર**

૩૬૫૦૩ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના ડિસા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| વર્ષ | રોપા (સંખ્યામાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૩૨,૪૦૦ |
| ૨૦૨૦-૨૧ | ૨૬,૪૦૦ |

| | |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ) | |

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૯-૨૦ | ૨૭.૨૮ |
| ૨૦૨૦-૨૧<br>તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ) | ૧૧.૨૪ |

---------

**અમદાવાદ અને બોટાદ જિલ્લામાં કાર્યરત ગૌશાળાઓ**

૩૫૯૨૬ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય ગૌ-સંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર કેટલી ગૌશાળાઓ કાર્યરત છે,

(૨) ઉક્ત ગૌશાળાઓને સરકાર દ્વારા કોઇ સહાય પૂરી પાડવામાં આવે છે કે કેમ, અને

(૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર કેટલી ગૌશાળાઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧)

| જિલ્લો | કાર્યરત ગૌશાળાઓની સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૩૪ |
| બોટાદ | ૨૬ |

(૨) સરકારશ્રી દ્વારા વિવિધ સહાયકારી યોજનાઓના ઠરાવો થયેથી અને નાણાકીય વર્ષમાં આઇ-ખેડૂત પોર્ટલ પર નિયત નમૂનામાં ઓનલાઇન અરજી કરેલ હોય તેવી ગૌશાળાઓ પૈકી સરકારશ્રીના ઠરાવોની શરતો-બોલીઓ મુજબ પાત્રતા ધરાવતી ગૌશાળાઓને સહાય આપવામાં આવે છે.

(૩)

| વર્ષ | જિલ્લો | ગૌશાળાની સંખ્યા | સહાયની રકમ રૂ. |
|---|---|---|---|
| તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | અમદાવાદ | ૧૬ | ૯૬,૫૪,૪૦૯ |
| | બોટાદ | ૯ | ૯૧,૦૪,૨૫૦ |
| તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ | અમદાવાદ | ૯ | ૨૦,૬૨,૮૭૦ |
| | બોટાદ | ૫ | ૨૦,૯૯,૩૬૧ |

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફાળવેલ જંગલની જમીન**

૩૫૫૦૪ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર**(લાઠી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એનારકોન ઈન્ડિયા લી.ને ૧૨૦.૭૨.૯૩ હે. જંગલની જમીન ફાળવવામાં આવેલ તેની અવેજીમાં ભાવનગર જિલ્લામાં કેટલી જમીન કયા સ્થળે લેવામાં આવેલ છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ એનારકોન ઈન્ડિયા લી.ને જે ૧૨૦.૭૪.૯૬ હે. જંગલની જમીન ફાળવવામાં આવેલ, તેની અવેજીમાં ભાવનગર જિલ્લામાં લેવામાં આવેલ ૧૨૧.૪૭૭૩ હે. જમીનની વિગત નીચે મુજબ છે.

| તાલુકો | ગામ | સ.નં. | વિસ્તાર (હેક.) |
|---|---|---|---|
| મહુવા | વાવડી | ૫૫ પૈકી / ૩,૪<br>૫૬ પૈકી ૨,૪ | ૨૬.૪૨૬૨ |
| મહુવા | કોટીયા | ૧૧, ૧૧ પૈકી / ૨ | ૧૪.૧૧૩૫ |
| પાલીતાણા | ભંડારીયા | ૨૨૮ / ૪૪, | ૮૦.૯૩૭૬ |

| | | | |
|---|---|---|---|
| | | ૨૨૮/૪૪/૧, ૨૨૮/૪૪/૨, ૨૨૮/૪૪/૩, ૨૨૮/૪૪/૪, | |
| **એકંદરે કુલ** | | | ૧૨૧.૪૭૭૩ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જમીનમાં વનીકરણ કરવાની કામગીરી કયા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જમીનમાં વનીકરણ કરવાની કામગીરી સને ૨૦૧૩-૧૪માં પૂર્ણ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ વનીકરણ માટે ઉક્ત કંપની પાસેથી કેટલી રકમ વસૂલવામાં આવેલ, અને

(૩) ઉક્ત સ્થિતિએ વનીકરણ માટે ઉક્ત કંપની પાસેથી રૂ.૧,૭૬,૩૨,૨૩૫/- (અંકે રૂપિયા એક કરોડ છોતેર લાખ બત્રીસ હજાર બસો પાંત્રીસ પુરા)ની રકમ વસૂલવામાં આવેલ છે.

(૪) ઉક્ત સ્થિતિએ અવેજીની જમીનમાં કયા પ્રકારના રોપાનું કેટલું વનીકરણ કરવામાં આવેલ છે?

(૪) ઉક્ત સ્થિતિએ ૧૨૧.૪૭૭૩ હેક. વિસ્તારમાં કરમદા, ખાટી આંબલી, વાંસ, લીમડા, વડ, પીપર, ઉમરો, સાદડ, ગમરૂ, મહુડો અને ચરલ વગેરેના કુલ ૪૮૫૯૭ રોપાનું વનીકરણ કરવામાં આવેલ છે.

---------

પોઇન્ટ ઓફ ઓર્ડર

પ્રશ્ન ક્રમાંક-૧૦૧ના જવાબમાં ફેરફાર હોવા બાબત

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, આજની પ્રશ્નોત્તરીમાં પ્રશ્ન ક્રમાંક-૧૦૧માં મહીસાગર જિલ્લામાં કેટલી ગૌશાળાઓ કાર્યરત છે એનો જવાબ આપવામાં આવ્યો છે એક. જયારે મહીસાગર જિલ્લામાં કેટલી ગૌશાળાઓને સહાય ચૂકવવામાં આવી એનો જવાબ આપ્યો છે જ. કાર્યરત એક છે જયારે સહાય છ ને ચૂકવવામાં આવી છે ત્યારે હું જાણવા માગું છું કે એક ગૌશાળા કાર્યરત છે અને સહાય છ ને ચૂકવવામાં આવી છે તો જવાબમાં કંઇ ફેરફાર છે કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ મને વિગતવાર લેખિતમાં આપશો એટલે હું ખુલાસો પૂછીશ પછી આપને જવાબ પહોંચાડીશ. આપે જે વિસંગતતા તરફ ધ્યાન દોર્યું છે એનો નિર્ણય હું પછી આપીશ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, આપને અને મને એની ખબર પડશે પણ આ ગૃહને કેવી રીતે ખબર પડશે? એને પણ જાણવાનો અધિકાર છે.

અધ્યક્ષશ્રી : ખુલાસો યોગ્ય નહિ હોય તો એના ઉપર કેવી રીતે કાર્યવાહી કરવી એ નિયમમાં લખેલ જ છે. એટલે આપને જવાબ મળી જશે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

### ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
### ઉદ્યોગ અને ખાણ વિભાગ
### માગણી નંબર-૪૯

શ્રી સૌરભ પટેલ ( ઉદ્યોગ અને ખાણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગની સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૪૭,૯૪,૫૯,૫૦,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૫,૦૨,૩૮,૫૦,૦૦૦ની માગણી ક્રમાંક-૪૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૪૯ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.**

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.**

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.**

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.**

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.**

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.**

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.**

**ખાણ અને ખનીજ વિભાગ**

**માગણી ક્રમાંક-૫૦**

શ્રી સૌરભ પટેલ (ખાણ અને ખનીજ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ખાણ અને ખનીજની સેવાને લગતી ખાણ અને ખનીજ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૮૬,૯૧,૨૮,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૨૦,૦૦,૦૦૦ની માગણી ક્રમાંક-૫૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૫૦ રજૂ કરવામાં આવી.**

શ્રી જશુભાઇ શી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરવામાં આવી.**

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૧ રજૂ કરવામાં આવી.**

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.**

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ રજૂ કરવામાં આવી.**

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૨૯ રજૂ કરવામાં આવી.**

**બંદરો અને વાહનવ્યવહાર વિભાગ**

**માગણી ક્રમાંક-૭૫**

શ્રી સૌરભ પટેલ :(બંદરો અને વાહનવ્યવહાર વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્યખર્ચ લગતી સેવા અંગેની બંદરો અને વાહનવ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૬૬,૯૩,૯૨,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨૩,૦૧,૦૨,૦૦૦ની માગણી ક્રમાંક-૭૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૭૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ રજૂ કરવામાં આવી.**

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૩ રજૂ કરવામાં આવી.**

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૭ રજૂ કરવામાં આવી.**

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

**માગણી ક્રમાંક-૧૨**

શ્રી સૌરભ પટેલ :(ઊર્જા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૪,૩૩,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૧૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.**

શ્રી ભરતજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૩૯ રજૂ કરવામાં આવી.**

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૦ રજૂ કરવામાં આવી.**

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૧ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૩ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૪ રજૂ કરવામાં આવી.**

શ્રી જશપાલસિંહ મ. પઢિયાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ રજૂ કરવામાં આવી.**

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૪૬ રજૂ કરવામાં આવી.**

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

**માગણી ક્રમાંક-૧૩**

શ્રી સૌરભ પટેલ :(ઊર્જા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શક્તિ પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૯૧,૬૨,૨૧,૫૭,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૩૨,૬૬,૦૧,૦૧,૦૦૦ની માગણી ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૮ રજૂ કરવામાં આવી.**

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૦ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૧ રજૂ કરવામાં આવી.**

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૫૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૨ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૩ રજૂ કરવામાં આવી.**

તા. ૨૦મી માર્ચ ૨૦૨૧

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

શ્રી ઈન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૪ રજૂ કરવામાં આવી.**

શ્રી સુખરામભાઈ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૬ રજૂ કરવામાં આવી.**

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૭ રજૂ કરવામાં આવી.**

શ્રી સુનિલભાઈ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક-૫૯ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્તોની એકત્રિત**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>**માગણીનં. ૪૯** | | |
| ૧ | ૨૮૫૧- ગ્રામ...ઉદ્યોગો<br>૧૦૨- લઘુઉદ્યોગો<br>૦૩- (IND-10)<br>જિલ્લા..કેન્દ્રો<br>રૂ. ૨૭,૪૬,૨૪,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩,<br>પાનાનં. ૩૧ | ૧૦૦ | ગ્રામોદ્યોગને પૂરતા પ્રમાણમાં નાણાકીય સહાયો આપવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. અનિલ જોષિયારા |
| ૨ | — — " — — | ૧૦૦ | ઈન્ડેક્સ-બી દ્વારા વેબસાઈટ અપડેટ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત |
| ૩ | — — " — — | ૧૦૦ | ગ્રામોદ્યોગના વેચાણને પ્રોત્સાહન આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| *૪ | — — " — — | ૧૦૦ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોની નબળી કામગીરી અને સબસિડીની રકમો ફાળવવામાં થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| ૫ | ૨૮૫૧- ગ્રામ....ઉદ્યોગો<br>૧૦૨- લઘુઉદ્યોગો<br>૧૫- IND-7<br>મીઠા...વિકાસ<br>રૂ. ૧૬,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પાનાનં. ૩૧થી૩૩ | ૧૦૦ | અગરિયાઓના કલ્યાણ માટે ફાળવાયેલ નાણામાંથી સમયસર ખર્ચ કરવામાં આવતો નથી તેની તપાસ કરી જવાબદારો સામે પગલા ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીત વસોયા |
| ૬ | — — " — — | ૧૦૦ | અગરિયાઓને રહેઠાણ સુવિધાઓ પૂરી પાડવા અંતર્ગત ફાળવેલ આવાસોની વિગતો રજૂ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ |
| ૭ | — — " — — | ૧૦૦ | અગરિયાઓના વિકાસ માટે બજેટમાં મંજૂર થયેલ રકમનો લાભ આપવામાં થતી ગેરરીતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |
| ૮ | — — " — — | ૧૦૦ | ભારે વરસાદ-પૂર તેમજ લોકડાઉનથી થયેલ નુકસાન સામે અગરિયાઓને આર્થિક પેકેજ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાળાભાઈ ડાભી |
| *૯ | ૨૮૫૨- ઉદ્યોગો<br>૮૦- સામાન્ય<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧- IND-2<br>ઉદ્યોગ...શાખા<br>રૂ. ૧૨,૨૭,૮૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૩<br>પાનાનં. ૪૮અને ૪૯ | ૧૦૦ | ઉદ્યોગ કમિશનરની વેબસાઈટ અદ્યતન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઈ ચૌધરી |

| | | | | |
|---|---|---|---|---|
| *૧૦ | — — " — — | ૧૦૦ | કોવિડ-૧૯ મહામારી વખતે ઉદ્યોગોને થયેલ નુકસાન અન્વયે ઉદ્યોગોને રાહત પેકેજના લાભો સત્વરે પૂરા પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| *૧૧ | — — " — — | ૧૦૦ | રાજ્યમાં નવા સ્થપાતા ઉદ્યોગોમાં સ્થાનિક યુવાનોની ૮૫ ટકા ભરતી કરવાની જોગવાઈનો અમલ ન કરતા જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રઘુભાઈ દેસાઈ |
| *૧૨ | — — " — — | ૧૦૦ | રાજ્યમાં છેલ્લા દસ વર્ષમાં સ્થપાયેલ ઉદ્યોગોને આપેલ રાહત અને આવા ઉદ્યોગોમાં સ્થાનિકોને આપેલ રોજગારીની માહિતી પ્રસિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહમદ જાવીદ પીરઝાદા |
| ૧૩ | — — " — — | ૧૦૦ | રાજ્યના તમામ તાલુકાઓમાં નવી જી.આઈ.ડી.સી.ઓ સ્થાપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઈ ગામીત |
| ૧૪ | — — " — — | ૧૦૦ | જી.આઈ.ડી.સી.માં ઉદ્યોગ સાહસિક મહીલાઓ માટે ફાળવેલ પ્લોટમાંથી શરૂ કરવામાં આવેલ ઉદ્યોગોની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નથાભાઈ પટેલ |
| | | માંગણીનં. ૫૦ | | |
| ૧૫ | ૨૮૫૩- બિનલોહ...ઉદ્યોગ ૦૨- ખાણોનું...વિકાસ ૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૭૯,૨૫,૨૭,૦૦૦ અં.પ્ર.નં. ૧૩ પાનાનં. ૫૮ અને ૫૯ | ૧૦૦ | ખનિજ ચોરી કરતા તત્વો દ્વારા ખાણ ખનિજ વિભાગના અધિકારીઓ ઉપર થતા હુમલા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઈ પટેલ |
| *૧૬ | — — " — — | ૧૦૦ | ખનિજ ચોરી કરતાં તત્વો સામે વર્ષોથી બાકી રહેલ દંડની રકમ વસૂલવામાં તેમજ ફોજદારી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. સી. જે. ચાવડા |
| ૧૭ | — — " — — | ૧૦૦ | ખનિજ ચેકિંગમાં નીકળતી વિભાગની ટીમોની માહિતી સોશિયલ મિડિયામાં અપલોડ કરતા ખનિજ માફીયાઓ સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા |
| ૧૮ | — — " — — | ૧૦૦ | ખનિજ ચોરીમાં પકડાયેલા વાહનો કાયમી ધોરણે સરકાર હસ્તક લઈ ખાલસા કરવાની કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી |
| *૧૯ | — — " — — | ૧૦૦ | નર્મદા નદીના પટ પરની રેતીની ચોરી અંગે ધારાસભ્યો-સંસદસભ્યો અને આમજનતાએ કરેલ રજૂઆતો છતાં તે અંગે યોગ્ય કાર્યવાહી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હિંમતસિંહ પટેલ |
| ૨૦ | — — " — — | ૧૦૦ | સાબરમતી નદીમાં બેફામપણે થતી રેતીની ચોરીઓ સામે અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૨૧ | — — " — — | ૧૦૦ | રાજ્યમાં ખનિજ ખોદકામ કામગીરીની નિયમિત માપણીઓ કરાવી તેમાં થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઈમરાન ખેડાવાલા |
| *૨૨ | ૨૮૫૩- બિનલોહ...ઉદ્યોગ ૦૨- ખાણોનું...વિકાસ ૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૭૯,૨૫,૨૭,૦૦૦ અં.પ્ર.નં. ૧૩ પાનાનં. ૫૮ અને ૫૯ | ૧૦૦ | જિલ્લા-તાલુકાઓમાં થતી રેતી ખનિજની ચોરીઓ સામે નિષ્કાળજી દાખવનાર જવાબદાર કર્મચારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સંજયભાઈ સોલંકી |
| ૨૩ | — — " — — | ૧૦૦ | સરકારી કચેરીઓમાં રજાના દિવસોએ જ બેફામ ખનિજ ચોરીઓ કરતા ખાણ માફીયાઓ સામે સખ્તાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ |
| ૨૪ | — — " — — | ૧૦૦ | ખાણ-ખનિજની ચોરીઓમાં વિભાગના જ અધિકારી/કર્મચારીઓ સંડોવાયેલા હોય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાખાભાઈ ભરવાડ |
| *૨૫ | — — " — — | ૧૦૦ | ગેરકાયદેસર ખાણ કામ હેરફેર તથા સંગ્રહ નિવારણ નિયમો અંતર્ગત ઠોસ કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૨૬ | — — " — — | ૧૦૦ | તમામ જિલ્લાઓમાં ડ્રોન દ્વારા ખનિજ ચોરી પકડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| *૨૭ | " — — " — — | ૧૦૦ | ગીર ઈકો ઝોનમાં થતી વ્યાપક ખનિજ ચોરીઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીતભાઈ કગથરા |
| ૨૮ | " — — " — — | ૧૦૦ | રોયલ્ટી પાસનો વ્યાપક દુરૂપયોગ થતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કીરીટકુમાર પટેલ |
| ૨૯ | " — — " — — | ૧૦૦ | માઈનીંગ અધિકારીઓ દ્વારા થતી ગેરરીતિઓ તેમજ સગાવાદના આધારે લીઝો પર અપાતી ખાણો સામે સખ્તાઈથી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઈ ખરાડી |
| *૩૦ | " — — " — — | ૧૦૦ | જે લીઝો ઉપરથી ચોરીઓ પકડાય તે લીઝો ઈસમો પાસેથી લઈ અન્યને ફાળવી આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહમદજાવીદ પીરઝાદા |
| **બંદરો અને વાહનવ્યવહાર વિભાગ**<br>**માગણીનં. ૭૫** | | | | |
| *૩૧ | ૩૪૫૧- સચિવાલય...સેવાઓ ૦૯૦- સચિવાલય ૦૧- બંદરો...વિભાગ<br>રૂ. ૨,૬૪,૮૮,૦૦૦ અં.પ્ર.નં. ૨૦, પાનાનં. ૨૦ | ૧૦૦ | નૉમ્સ પ્રમાણે ગુજરાતના બંદરોનો વિકાસ થતો ન હોવાથી ફિશની વેલ્યુ જોઈએ તેવી મળતી નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિક્રમભાઈ માડમ |
| ૩૨ | — — " — — | ૧૦૦ | બંદરો ઉપર બોટોની સંખ્યાના પ્રમાણમાં પાર્કિંગની વ્યવસ્થામાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભગાભાઈ બારડ |
| ૩૩ | — — " — — | ૧૦૦ | બંદરોમાં ભરાયેલ કાંપના કારણે વહાણોના આવવા જવામાં પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| *૩૪ | — — " — — | ૧૦૦ | ઓખા જેવા નાના બંદરોનો યોગ્ય વિકાસ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઈ મુસડિયા |
| ૩૫ | — — " — — | ૧૦૦ | મેરી ટાઈમ બોર્ડની નિષ્ફળતાના કારણે રો રો ફેરી સર્વિસ વારંવાર બંધ કરવી પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઈ વંશ |
| *૩૬ | ૩૪૫૧- સચિવાલય...સેવાઓ ૦૯૦- સચિવાલય ૦૧- બંદરો...વિભાગ<br>રૂ. ૨,૬૪,૮૮,૦૦૦ અં.પ્ર.નં. ૨૦, પાનાનં. ૨૦ | ૧૦૦ | મેરી ટાઈમ બોર્ડમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ અંતર્ગત જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કનુભાઈ બારૈયા |
| ૩૭ | — — " — — | ૧૦૦ | ઘોઘા રો રો ફેરી સર્વિસ બંધ થવાના કારણોની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનલાલ વાળા |
| *૩૮ | — — " — — | ૧૦૦ | બંદરો ઉપર વાહનવ્યવહાર સરળતાથી થઈ શકે તે માટે સારી સુવિધાઓ પુરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભીખાભાઈ જોષી |
| **ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**<br>**માગણીનં. ૧૨** | | | | |
| ૩૯ | ૨૦૪૫- ચીજવસ્તુઓ...શુલ્ક ૧૦૩- વસુલાત...શુલ્ક ૦૧- વીજળી.....નિરીક્ષક<br>રૂ. ૨૪,૩૩,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૫, પાનાનં. ૬ | ૧૦૦ | ઉદ્યોગોને વીજશુલ્ક માફી આપવા અંતર્ગત આમજનતાના વીજ બિલો ઉપર આવતો આર્થિક બોજ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભરતજી ઠાકોર |
| ૪૦ | — — " — — | ૧૦૦ | લાંબા સમય સુધી વિદ્યુત શુલ્ક ન ચુકવનારા સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઈ વાજા |
| ૪૧ | — — " — — | ૧૦૦ | ઘરવપરાશના વીજ ગ્રાહકોને વિદ્યુત શુલ્કના દરમાં ઘટાડો કરી રાહતો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદનજી ઠાકોર |
| *૪૨ | — — " — — | ૧૦૦ | નવા ઉદ્યોગોને વીજ શુલ્કમાં રાહત અપાયા બાદ બિનઉત્પાદીત રહેલા એકમોની ચકાસણી કરી વીજ શુલ્ક વસૂલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઈ પણદા |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૩ | _ _ " _ _ | ૧૦૦ | ફ્યુઅલ એન્ડ પાવર પરચેજ પ્રાઇઝ એડજસ્ટમેન્ટના નામે વીજ ગ્રાહકો સાથે થતી લૂંટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૪૪ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં વીજળી એકમોને ચૂકવેલ અબજો રૂપિયાની ફિક્સ કોસ્ટનો બોજો વીજ ગ્રાહકો ઉપર પડતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૪૫ | _ _ " _ _ | ૧૦૦ | વીજ કંપનીઓ સ્થાનિક સ્વરાજની સંસ્થાના વીજ બીલોના બાકી લેણાની રકમ ટી. એન્ડ ટી. લોસ સામે બતાવી વીજ ગ્રાહકો ઉપર નંખાતો બોજો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| ૪૬ | _ _ " _ _ | ૧૦૦ | ધુવારણના ત્રણ અને ઉતરાણના ચાર બંધ પ્લાન્ટોના કર્મચારીઓના પગાર અને પ્લાન્ટ જાળવણીનો ખર્ચ વીજ વપરાશકારો ઉપર નંખાતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગભાઈ કાલરીયા |
| **માગણીનં. ૧૩** | | | | |
| *૪૭ | ૨૮૦૧- વીજળી શક્તિ<br>૮૦- સામાન્ય<br>૧૦૧- વિદ્યુત...સહાય<br>રૂ.<br>૧૮,૩૫,૫૩,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૫<br>પાના નં. ૮ થી ૧૦ | ૧૦૦ | ૩૮૪૦ મેગાવોટના૧૪ પાવર પ્લાન્ટની બિનકાર્યક્ષમતાના કારણે વીજ મથકો પર પડતી પ્રતિકુળ અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તિભાઈ પરમાર |
| ૪૮ | ૨૮૦૧- વીજળી શક્તિ<br>૮૦- સામાન્ય<br>૧૦૧- વિદ્યુત...સહાય<br>રૂ.<br>૧૮,૩૫,૫૩,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૫<br>પાના નં. ૮ થી ૧૦ | ૧૦૦ | ઓવરહેડ વીજ વાયરોને કારણે વારંવાર વીજ ફોલ્ટ થતા લાંબા સમય સુધી વીજ પુરવઠો ખોરવાતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનમભાઈ પરમાર |
| *૪૯ | _ _ " _ _ | | વીજ મથકોને અદ્યતન કરી તેની કાર્યક્ષમતા વધારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શીવાભાઈ ભુરીયા |
| ૫૦ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યમાં વીજ ઉત્પાદન વધ્યુ હોવાના સરકારી દાવાઓ છતાં ખાનગી વીજ કંપનીઓ પાસેથી વધુ ભાવે વીજળી ખરીદાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિરજીભાઈ ઠુમ્મર |
| ૫૧ | _ _ " _ _ | ૧૦૦ | વીજળીના વધારાના પુરવઠાના કારણેવણવપરાયેલ ઉત્પાદન ખર્ચનો બોજ વીજગ્રાહકો ઉપર પડતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેશકુમાર ગોહિલ |
| ૫૨ | _ _ " _ _ | ૧૦૦ | ઉદ્યોગો-હોસ્પિટલો-દવાખાનાઓમાં વારંવાર શોર્ટ સર્કિટથી આગ લાગવાના બનાવો બને છે ત્યારે વીજ કંપનીઓ દ્વારા વધુ વીજ લોડ વાપરતા સાધનોની નિયમિત ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઋત્વિકભાઈ મકવાણા |
| ૫૩ | _ _ " _ _ | ૧૦૦ | વાયર સેફ્ટી અંતર્ગત ઈલેક્ટ્રીક ઈન્સ્પેકશન દરમ્યાન વેરીફીકેશનના ખોટા પ્રમાણપત્રો આપતા જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| ૫૪ | _ _ " _ _ | ૧૦૦ | નિયમિત રીતે વીજ કનેકશનના મુખ્ય કેબલોની ચકાસણી કરવામાં અને ખરાબ કેબલોને બદલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર |
| *૫૫ | _ _ " _ _ | ૧૦૦ | વીજળીની ગુણવત્તા સુધારતા સાધનોની ઉણપ દૂર કરવા સબસ્ટેશનોની સંખ્યામાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અંબરીષભાઈ ડેર |
| ૫૬ | _ _ " _ _ | ૧૦૦ | છોટા ઉદેપૂર જિલ્લામાં કૃષિ વીજ ગ્રાહકોને વીજ કનેકશનો આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુખરામભાઈ રાઠવા |
| ૫૭ | _ _ " _ _ | ૧૦૦ | લાંબા સમય સુધી વીજ પાવર કટના કિસ્સામાં વીજ કંપનીઓ ગ્રાહકોને દંડ ચૂકવવા બંધાયેલ હોવા છતા તેનો અમલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| *૫૮ | _ _ " _ _ | ૧૦૦ | વીજ પુરવઠાની સમસ્યાની અસરોનો ભોગ બનેલા વીજ ગ્રાહકોને ચૂકવવાની થતી પેનલ્ટી વીજબિલમાં સરભરકરી આપવાના નિયમનો અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાંતિભાઈ સોઢાપરમાર |
| ૫૯ | _ _ " _ _ | ૧૦૦ | વીજ કંપનીઓ દ્વારા રજૂ કરાતા ટી.એન્ડ.ટી. લોસના આંકડાઓની તપાસ ન થતા તેને કારણે ગ્રાહકોના વીજ બીલમાં | શ્રી સુનિલભાઈ ગામીત |

| | | | | |
|---|---|---|---|---|
| | | | થતો વધારો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલ કાપદરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી લલીત વસોયા(ધોરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. જો આ રાજયનો વહીવટ યોગ્ય અને સારી રીતે થતો હોત તો આ પૂરક માગણીઓ માનનીય મંત્રીશ્રીએ લઇને આવવાની જરૂર પડી ન હોત. ભારતમાતાને પરમ વૈભવના શીખરે લઇ જવાની વાત કરનારા લોકો ''મેં ચોકીદાર હું'', પણ ચોકીદાર જયારે ચોરી કરતો હોય ત્યારે કયાંક ફરિયાદ થઇ શકે, પણ ચોર જ ચોકીદાર હોય તો ફરિયાદ કરવા કયાં જવી? આ સ્થિતિ આખાએ ગુજરાતમાં ખાણ ખનીજ વિભાગની છે. હું આ ગૃહમાં આવ્યો એને ત્રણ વર્ષ પૂરાં થવાં આવ્યાં. આ ત્રીજી બજેટ બેઠક છે અને જયારે જયારે મને આ વિભાગ ઉપર બોલવાની તક મળી છે ત્યારે મેં પુરાવાઓ સાથે આ ગૃહની અંદર વાતો કરી છે અને પુરાવાઓ પણ રજૂ કર્યા છે. એ પુરાવાઓ ઓડિયો કે વિડિયોના સ્વરૂપે નહીં, કહેતો હતો, કહેતી હતીના સ્વરૂપે નહીં, પરંતુ સરકારી તંત્રના, સરકારના જવાબદાર અધિકારીઓ, નાયબ કાર્યપાલક ઇજનરે, કાર્યપાલક ઇજનેરે રેકર્ડ ઉપર જે વાતો કરી છે એના પુરાવાઓ સાથે મેં માનનીય મુખ્યમંત્રીશ્રીને, માનનીય નાયબ નાયબ મુખ્યમંત્રીશ્રીને અનેક વખત રજૂઆતો કરી છે, પરંતુ તંત્ર દ્વારા પગલાં એટલાં માટે નથી લેવામાં આવતાં કે આ ખનીજ ચોરો કયાંકને કયાંક ચોકીદારો છે. મેં આ ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રીને તા.૧૫-૧૦-૨૦૧૯ની અંદર બધા લેખિત પુરાવાઓ સાથે એક પત્ર લખ્યો હતો એમાં અધિકારીશ્રીના પત્રનો ઉલ્લેખ કરી પત્રની કોપી પુરાવા તરીકે આપી હતી અને એ અધિકારીઓએ બહુ સ્પષ્ટ રીતે એના રિપોર્ટની અંદર અને એ ૧ રિપોર્ટ નહીં, ૮૦ રિપોર્ટની અંદર અત્યારે હું રિપોર્ટો સાથે લઇને આવ્યો છું અને જો માનનીય મંત્રીશ્રી કહેશે તો એના પુરાવાઓ આપવાની મારી તૈયારી છે. એ રિપોર્ટની અંદર એવું લખવામાં આવ્યું હતું કે, ભાદર-૨ ડેમ અને ભાદર-૨ ડેમ નીચે આવેલા ૧૨ ચેકડેમોના પાયામાંથી રેતી ચોરી કરવામાં આવે છે, આ રેતી ચોરી અટકાવવામાં નહીં આવે તો ભવિષ્યમાં આ ચેકડેમો તૂટી જશે. ત્યારે જો આ વાતને માની અને યોગ્ય ફરિયાદ કરવામાં આવી હોત, મારી પાસે એક પત્ર છે. કાર્યપાલક ઇજનેર પોલીસ અધિકારીને પત્ર લખે છે કે ડેમના પાયામાંથી જે રેતી ચોરી થાય છે એને જો અટકાવવામાં નહીં આવે તો આ ચેકડેમ તૂટશે અને હું જાણજોગ ફરિયાદ આપને કરું છું. આજની તારીખની અંદર એ ફરિયાદ નોંધવામાં આવી નથી. મારા વિસ્તારમાં ૨૨ કરોડ રૂપિયાના ખર્ચે બનેલા ૪ ચેકડેમ જે સરકાર, સામાજિક સંસ્થાઓ અને ખેડૂતોએ પરિશ્રમ કરીને બનાવેલા ૨૨ કરોડ રૂપિયાના ૪ ચેકડેમો આના કારણે તૂટયા. સરકારી અધિકારીએ પોલીસને ફરિયાદ કરી, જિલ્લા કલેકટરશ્રીને ફરિયાદ કરી પણ આજની તારીખમાં કોઇ પોલિસ ફરિયાદ નોંધવામાં નથી આવી. માનનીય અધ્યક્ષશ્રી, હું પુરાવા સાથે કહું છું, દર વખતે બોલવા ઉભો થઉં ત્યારે પોઇન્ટ ઓફ કલેરિફિકેશનના નામે ખોટી માહિતીઓ આપી બોલતા અટકાવવા માટેનો પ્રયત્ન કરવામાં આવે છે.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આજની માગણીઓ ઉપર બોલે એવી વિનંતી.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, ખાણ ખનીજની માગણી છે એના ઉપર જ બોલું છું.(અંતરાય)

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : ચેકડેમની વાત કરે છે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ.. પ્લીઝ..એમને જે વિચાર આવ્યો એ મૂકયો. આપ કન્ટીન્યુ કરો.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, આટલેથી વાત અટકતી નથી. જે ડેમ બનાવ્યો છે એ ડેમનું વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦માં ગેરી દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું. એ ગેરીનો વર્ષ ૨૦૨૦નો રિપોર્ટ છે એ હું લઇને આવ્યો છું. એ રિપોર્ટમાં સ્પષ્ટપણે લખવામાં આવ્યું છે કે રેતી ચોરીના કારણે કરોડો રૂપિયાના ખર્ચે બનેલા ભાદર-૨ ડેમને નુકસાન થઇ રહ્યું છે. આ ઉપરાંત તા. ૨૭-૯-૨૦૧૯ના રોજ ડેમ સેફ્ટી એન્ડ રિવ્યુ પેનલે ડેમના સ્થળ ઉપર મુલાકાત લીધી અને મુલાકાતનો રિપોર્ટ રાજય સરકારને આપ્યો છે. રાજ્ય સરકારને જે રિપોર્ટ આપ્યો છે, એમાં લખ્યું છે કે અમારી હાજરીમાં ડેમની બાજુમાં આવેલા કોઝ-વે ઉપર જે.સી.બી. દ્વારા ખનીજની ચોરી કરવામાં આવી રહી છે. છતાં પણ સરકાર દ્વારા પગલાં લેવામાં ન આવે એ દુઃખની વાત છે. કરોડો રૂપિયાની ખનીજ ચોરી રોજ થાય છે. દુઃખ સાથે કહેવું પડે કે રોજના *(xxx)

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( રાજ્ય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. જે પ્રમાણે માનનીય ધારાસભ્યશ્રીએ *(xxx) એમ કરીને ગર્ભિત આક્ષેપો કર્યા છે, જો એમની પાસે પુરાવા હોય તો એ આક્ષેપોના સંદર્ભમાં એમણે રજૂ કરવા જોઇએ. નહીં તો ગૃહના રેકર્ડમાં આ પ્રમાણેના આક્ષેપો કોઇપણ રીતે ચલાવી ન શકાય.

શ્રી શૈલેષ મ. પરમાર : ગાંધીનગર એટલે કોઇ વ્યક્તિગત આક્ષેપ નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : સ્પષ્ટ રીતે કહે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : હું પોઇન્ટ ઓફ ઓર્ડર નક્કી કરીશ. પ્રવચન ચાલુ રાખો.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, કદાચ અહીં ભાગીદાર હોય એના સુધી પહોંચતા હોય. તમારા ઉપર આક્ષેપ નથી કરતો. ખનીજ ચોરી અટકાવવા માટેની મારી રજૂઆત નથી. પણ જે રાષ્ટ્રીય (આંતરિક) નામ તો તમને પણ ખબર છે. તમને ખબર છે ક્યાં સુધી પહોંચે છે. ખનીજ ચોરી અટકાવવા બાબતની વાત નથી. મારી વાત એટલી જ છે કે ૪ ચેકડેમો તૂટી ગયા અને ૮ ડેમેજ થયા છે. આ રાષ્ટ્રીય સંપત્તિ છે અને આ ચેકડેમો તૂટવાથી સિંચાઇ મંત્રીશ્રી હાજર નથી. ચેકડેમો કરોડો રૂપિયાના ખર્ચે બન્યા છે અને આ ચેકડેમો મારફતે મારા ધોરાજી અને ઉપલેટા વિસ્તારના ૬ હજારથી વધારે હેકટર જમીનને સિંચાઇ માટેનું પાણી લિફ્ટ કરીને લોકો ઉપયોગ કરે છે. *(xxx) પરંતુ ચેકડેમ, જે મોટા ડેમો આવેલા છે એ ડેમોના પાયામાંથી રેતી ચોરી કરવામાં આવે એ શરમજનક છે.

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે. આપણે એવું ન કહેવાય કે *(xxx)

શ્રી લલીત વસોયા : રજૂઆત કરવા છતાં પણ થાય છે એટલે દુઃખ સાથે કહેવું પડે છે. જે લોકો રેતી ચોરી કરે છે, આ ગૃહમંત્રી સુધી પણ વાત આવી હશે. હમણાં મારા ઉપલેટા તાલુકાના ઇસરા ગામમાં નદીનો કાંઠો તોડીને ખનીજ ચોરી માટેના વાહનો જતા હતા. અને ખનીજ ચોરી માટેના વાહનો જતા હતા. ઇસરા ગામની અંદર ભારતીય જનતા પાર્ટીના એક આગેવાનના બે પગ ભાંગી નાખવામાં આવ્યા. આ વાતને ૨૦ દિવસ થયા છે. ક્યાંકને ક્યાંક આ ખનીજ ચોરો બેફામ એટલા માટે બન્યાં છે કે સરકારની નીતિ આ લોકોને છાવરવાની છે. સરકારી તંત્ર પોલીસ ફરિયાદ માટે લખે, નાયબ કાર્યપાલક ઇજનેર, કાર્યપાલક ઇજનેર પત્ર લખે અને છતાંય રાષ્ટ્રીય સંપત્તિને નુકસાન કરનારા લોકોની સામે ફરિયાદ નોંધવામાં ના આવે આ દુ:ખદ વાત છે અને હું જવાબદાર જે કંઇ મિનિસ્ટરો છે એની પાસે અપેક્ષા એટલી રાખું છું કે કમસેકમ આ રાટ્રીય સંપત્તિને બચાવવા માટે તમે કાંઇક તો પગલા લો. આખાય ગુજરાતની અંદર અનેક એવા મુદ્દાઓ છે કે ખાણ ખનીજ તંત્ર, ખાણ ખનીજ વિભાગ ઉપર શંકાની નજરે લોકો અને ચૂંટાયેલા લોકો જોવે છે. આ ગંભીર બાબત એટલા માટે છે કે *(xxx) પોરબંદરનો દાખલો છે. ઇ-ઓકશનથી આ બ્લોક આપવાની વાત અવારનવાર મંત્રીશ્રી ગૃહની અંદર કરી રહ્યા છે. હું મંત્રીશ્રી પાસેથી અપેક્ષા પણ રાખું છું કે ભાદર, વેણવો અને મોજ જેને લીઝ આપવામાં આવી છે એ સિવાયની જે જગ્યાઓ વધી છે એમાં તાત્કાલિક ધોરણે ઇ-ઓકશન કરીને લીઝો પણ આપી દેવામાં આવે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાતની અંદર ૩૦૦થી વધારે ગ્રેનાઇટની લીઝો જાહેર હરાજીથી ફાળવવામાં આવી છે. આ બાબત ૪ વર્ષ પહેલાની છે. ઇ-ઓકશનની અંદર જે લોકોનો નંબર આવ્યો, એણે એના પહેલા હપ્તાના પૈસા પણ ભરી દીધા છે. આ લીઝ ધારકોને ECનું પ્રમાણપત્ર ૩૦૦માંથી ૨૦ને ECનું પ્રમાણપત્ર મળ્યું છે. બાકીના લીઝ ધારકોને તંત્રની બેદરકારીના કારણે આ ECનું પ્રમાણપત્ર મળ્યું નથી.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. માનનીય લલીતભાઇ, આપે જે શબ્દ વાપર્યા કે *(xxx) એનો અર્થ એવો થાય કે બહાર મેસેજ એવો જશે કે શ્રી રાજેન્દ્ર ત્રિવેદી ઉપર પણ થયેલો હોઇ શકે. એટલે આ આખું વાક્ય કાઢી નાખવામાં આવે છે અને મારા પ્રેસના મિત્રોને વિનંતી કરું છું કે આવો શબ્દ આપ લેશો નહીં તો કૃપા થયેલી ગણાશે. નહીં તો સમાજમાં એક ખોટો મેસેજ જશે. ધન્યવાદ. માનનીય દુષ્યંતભાઇ પટેલ.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : Respected Sir, I would like to share my views in English today. Hon'ble Minister has brought the demand motion for industries in which I want to share my views.

Firstly I want to take this opportunity to congratulate Hon'ble Chief Minister Shri Vijaybhai Rupani and Deputy Chief Minister Shri Nitinbhai Patel for considering second adjoining plot for small and medium industries integrating the goal of generating more employment. Last year in the budget session, in the demand motion, I requested Hon'ble Minister for the second adjoining plot and it has been truly approved. So I would like to thank Hon'ble Chief Minister and Deputy Chief Minister for the same.

Mr. Speaker: I am sorry to stop you for a minute. માનનીય લલીતભાઇ, સ્પીચ આપીને તરત નીકળીને જતા રહ્યા. આવું ન હોવું જોઇએ. એમને સૂચના આપવામાં આવે કે ઓછામાં ઓછી ૧૫ મિનિટ ગૃહમાં હાજર રહે, જેથી કોઇને એમની વાતનો જવાબ આપવો હોય તો આપી શકે. પ્લીઝ, ગો અહેડ.

Shri Dushyantbhai: Gujarat is one of the best States in India in terms of cost of living, in terms of quality living, in terms of infrastructure, in terms of human resources, in terms of pro-active policy and in terms of doing business. Government of Gujarat is very agile as a government as any other State in India, and that is why we are the best governed State in India. Our Hon'ble Chie Minister Shri Vijaybhai Rupani and Deputy Chief Minister Shri Nitinbhai Patel embed the best practice across India and across the globe and study the best policy and see to it that the best policies have been embedded in our policy too. As a government we believe in transparency and accountability. The government has fulfilled all the promises given to the people. Our commitment to industries is, look at us, treat us as your

partner as we want to grow together and that is the reason why we have been so successful. There are lot of synergy to explore, lot of possibilities to be tapped. Gujarat has created a technology platform from which Indian youth or Gujarat youth can double innovation, can cherish innovation and can come out with new ideas and this is what Hon'ble Prime Minister of India Shri Narendra Modi is looking forward to. Make in India, Start-up India, Stand-up India are the platforms from which any youth of our country can stand up and make his career. Government of Gujarat believes that the next way of growth is innovation. I am proud to say that Gujarat and Gujarati is a passion for innovation. Gujarat is one of the most progressive States, always differentiated itself with innovative policies, with modern infrastructure and above all the entrepreneur spirit of the people of Gujarat for inclusive and sustainable development, converting any challenge into opportunity for development and growth is the spirit of the people of Gujarat and that is the result we are leading from the front. Vibrant Gujarat, Global summit is a continuous effort in the direction of development, sharing of knowledge, technology, experience, skills, values and this summit is an effort where people of India and the world meet for enriching relationship for better tomorrow,. It reminds me the quote of Hon'ble Prime Minister Shri Narendra Modi when he was here in the Vibrant Gujarat - If you have patience for good living - Gujarat is for you, if you wish development and growth - Gujarat is for you, if you aim *Vasudhaiv kutumbakam* - Gujarat is for you. Gujarat is a natural and obvious State for development of industries. Gujarat is well known for its' industrial entrepreneurship. Some of the largest companies are run by Gujarati, are owned by Gujaratis. Gujarat has an investor friendly atmosphere, robust infrastructure, natural resources, skilled manpower and many more. When entrepreneurship is the nature of Gujarat, Gujarat has become the global investment destination today. Government of Gujarat has announced new industrial policy 2020 this year also. Gujarat remains committed to realise Hon'ble Prime Minister Shri Narendra Modiji's dream of Atmanirbhar Bharat. Gujarat contributes more than 23% of the total export of the country. Gujarat contributes significantly to the GDP of the country. Gujarat ranks first in the Export Competitiveness Index 2020 announced by Niti Ayog. Gujarat ranks first in Start-up and logistics. Gujarat is one of the top States in India for Start-up, first in ease of doing business. I am proud to say that last year we got the report that 53% of Foreign Direct Investment is being invested in Gujarat that is a very proud moment for us. Government of Gujarat believes in democracy, demography and demand. Business friendly, new industrial policy is going to fulfil the Atmanirbhar Bharat. This policy is result oriented. This new industrial policy has attracted many businesses from the world. I would like to highlight few points. Investment and interest subsidy to MSME is being given, special package for research and development investors, reallocation incentive to the company coming from outside India, long term lease of land to the industries and mega online permission and central inspection agencies has been announced.

Separate Commissionerate for MSME has been made. "First Production, then permission" - this has benefited Small and Medium industries. For first 3 years there is no permission and no NOC for MSME owners and this policy has benefited to the huge employment. Sir, in the year 2002, it reminds me that, when Hon'ble Prime Minister Shri Narendra Modiji took over charge as Chief Minister of Gujarat, the history starts from why Gujarat to only Gujarat. It is just because of meritorious hard work by Hon'ble Prime Minister Shri Narendra Modiji has resulted Gujarat into Number One. Turning adversity into opportunity - again I am repeating the words - Turning adversity into Opportunity. આફતને અવસરમાં ફેરવી નાંખું. is the ability of Shri Narendrabhai Modi ji and that is why the Mantra is intend to Idea to innovation, innovation to the formation of new India. This has just happened because of good governance of the BJP Government, new policy implementations, single window clearance, suitable atmosphere, surplus power, no strike, no Unions, no Gundagardi, law and order in the State, peace and safety.

Day before yesterday my friends from opposition were shouting on law and order. I take this opportunity to congratulate Hon'ble Chief Minister and Shri Pradipsinh Jadeja for the steps they have taken. Infrastructure of roads, rails, ports, gas, airport, transport and above all, - there is political stability. Even I take this opportunity to thank people of Gujarat. I would like to share 2 or 3 suggestions when Hon'ble Minister is here. Corporation Social Responsibility - all the companies are not utilising funds where they are owning companies. Mainly their Head Offices are in Bombay so they are utilising their Corporate Social Responsibility elsewhere. Corporate Social Responsibility fund should be utilized in the area where they are owning companies. Secondly, PCPIR - we have one PCPIR in Dahej. But, a permanent technical committee should be formed in the local interest. Officers come and go, they get transferred; they hardly understand issues of local problems. Therefore, my request is that there should be one permanent technical committee in which Member of Parliament, Member of Legislative Assembly and President of District Panchayat should be included, sir.

Gujarat is a policy driven State. Many policies rather than new industrial policies announced, Solar Policy, Garment and Apparel Policy, Wind Energy Policy, New Port Policy, Manufacturing Policy, Start-up Policy, Electronic policy, bio-technology policy, IT Policy, Tourism Policy...

Lastly, I quote - vision of the Government of Gujarat mission is Gujarat is doing possible which is impossible. I would like to share one quote - 'Desire changes nothing, decision changes something, determination changes everything.' My Government has been determined to do the best for Gujarat.

અધ્યક્ષશ્રી : Hon'ble Dushyantbhai, one day wish you to be in Parliament as a Member.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઊના) : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના મંત્રીશ્રીઓ પોતાના વિભાગની માગણીઓ લઇને આવ્યા છે, તેમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

સરકાર બજેટ રજૂ કરે. બજેટ રજૂ કર્યા પછી વિભાગવાર માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવે છે. વિધાનસભા માગણીઓ મંજૂર કરે છે. માગણીઓ મંજૂર થયા પછી ખર્ચ મંજૂર થાય છે અને ખર્ચ કરવાનો થાય એ અંતે રાજ્યના ૬.૫ કરોડની જનતાને એનો લાભ મળે. સરકારના ધારા ધોરણો, નીતિ નિયમો અને બંધારણની જોગવાઇ છે તે મુજબ જ કામગીરી થાય. સરકારની યોજનાઓનો પૂરેપૂરો લાભ ગામડાના છેવાડાના માણસ સુધી પહોંચે એ જોવાની જવાબદારી સરકારની હોય છે, ત્યારે વાહન વ્યવહાર વિભાગ જે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વાહન વ્યવહાર નિગમ તે ૬.૫ કરોડની જનતાને મુસાફરીની સગવડતા પૂરી પાડવા માટે કામગીરી કરે છે. સત્તાપક્ષ વારંવાર ભૂતકાળને વાગોળીને અમારી કોંગ્રેસની સરકારોને અને અમારા ભૂતકાળને યાદ કરે છે. ભૂતકાળમાં આ નિગમ દ્વારા રાજ્યની અંદર ગ્રામ્ય કક્ષાએ મોટાભાગના ગામડાંઓમાં એસ.ટી. બસની સગવડ પૂરી પાડવામાં આવતી હતી. ત્યારે રોડ ન હતા, નાના રોડ હતા, રોડ પહોળા ન હતા, ધૂળની ડમરીઓ ઉડતી હતી. કાચા રસ્તા હતા ત્યારે ગ્રામ્ય કક્ષાએ એસ.ટી.ની બસો જતી હતી. તમારા ૨૫ વર્ષના શાસનમાં તમે વિકાસ કર્યો, રોડને પહોળા કર્યા, ડામર કર્યો....

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ એક મિનિટ. પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

**પોઇન્ટ ઓફ ઓર્ડર**

**માગણીમાં ન હોય તેવા વિભાગ વિશે ચર્ચા કરવા અંગે.**

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ પોર્ટસ વિષે છે ટ્રાન્સપોર્ટ વિષે નથી.

અધ્યક્ષશ્રી : અહીં બંદરો અને વાહન વ્યવહાર લખેલું છે. આજે વાહન વ્યવહાર છે, પ્લીઝ.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહારનો વિભાગ જુદો છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, સૉરી, સૉરી. મારી ભૂલ થઇ છે. રાજ્ય સરકારે બંદર નીતિ અગાઉ નક્કી કરેલી હતી. સરકારે બંદર નીતિની અંદર પી.પી.પી.ના ધોરણે ખાનગી બંદરો વિકસાવવા માટે નીતિ નક્કી કરેલી. ખાનગી બંદરોને વિકસાવવા માટે શ્રી કેશુભાઇ મુખ્યમંત્રી હતા ત્યારે બંદર નીતિ નક્કી કરવામાં આવી હતી. તે બંદર નીતિ નક્કી કર્યા પછી ખાનગી ધોરણે આજે રાજ્યની અંદર કેટલા બંદરોને વિકસાવ્યા છે?

અધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ, વાહન વ્યવહાર આજે છે. તમે બોલી શકશો. આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર થાય છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મને પણ ખ્યાલ ન હતો અને માનનીય મંત્રીશ્રીને પણ ખ્યાલ ન હતો.

## તા. ૨૦મી માર્ચ ૨૦૨૧

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

અધ્યક્ષશ્રી : થાય એવું. એવું થાય.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, બંનેની વાત છે. હું એસ.ટી.ની વાત કરતો હતો. છેલ્લા પચ્ચીસ વર્ષમાં તમે વિકાસ કર્યો, રોડ પહોળા કર્યા, ડામર કર્યો, પેવર કર્યો પણ ગામના ઝાંપે બસ આવતી હતી તે બંધ થઇ ગઇ. વચ્ચે સૂત્ર આપ્યું હતું કે, હાથ ઉંચો કરો અને બસમાં બેસો, પણ ગામના ઝાંપે બસ આવે તો બેસે ને?

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહાર ઉપર કોઇ માગણી છે નહીં. એટલે...

અધ્યક્ષશ્રી : માગણીના સંદર્ભમાં જે ઇસ્યુ થયેલ છે...

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, ના, ના આમ જ હેડ આવે છે. વાહન વ્યવહાર વિભાગની આજે કોઇ ચર્ચા નથી.

અધ્યક્ષશ્રી : વિભાગ તરીકે, ઓ કે. તે સમજૂતી છે. સમજૂતી છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી બંદરો વિકસાવવાની વાત છે તેમાં મારા વિસ્તારના સીમર બંદરને શ્રી કેશુભાઇ જયારે મુખ્યમંત્રી હતા ત્યારે આ બંદરને વિકસાવવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું હતું. શ્રી કેશુભાઇ વર્ષ ૧૯૯૫માં હતા અને આજે વર્ષ ૨૦૨૧ થયું છે, એટલે ૨૫ વર્ષ જેટલો સમય થયો હોવા છતાં રાજ્ય સરકારે નક્કી કરેલા ધોરણો મુજબ આજે મારા વિસ્તારના સીમર બંદરને વિકસાવવા માટે કોઇ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી હોય તેવું આજ સુધી મને દેખાયું નથી. આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ સીમર બંદરને ખાનગી ધોરણે વિકસાવવાની તમે જે વાત કરી હતી તે કયાં પહોંચી છે અને તેમાં કોઇ કાર્યવાહી ન થઇ હોય તો તેમાં આવનારા દિવસોમાં કાર્યવાહી કરવા માટે વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા વિભાગને જયાં સુધી લાગે વળગે છે ત્યાં સુધી માનનીય મંત્રીશ્રીને બજેટની ચર્ચા વખતે ઘણીબધી વિગતો મૂકી છે. સવાલ નાની નાની વહીવટી બાબતોનો છે. વહીવટી બાબતોને લાગે વળગે છે ત્યાં સુધી કામગીરી કરવાની, ખેડૂતોના વીજ કનેકશનો મંજૂર થાય અને ક્વોટેશન ભર્યા પછી સમય મર્યાદામાં કામગીરી થાય અને વીજ પાવર મળે. અત્યારે વાડીએ વાડીએ આપણે ટ્રાન્સફર્મર (ટી.સી) આપવાની જે વ્યવસ્થા ઉભી કરી છે તે ટી.સી.ના કારણે સમયસર જે કામગીરી થવી જોઇએ તે થતી નથી. સમયસર મેન્ટેનન્સ ન થાય તેના કારણે ટી.સી. બળી ગયા પછી લાંબા સમય સુધી એટલે કે ત્રણ-ત્રણ, ચાર-ચાર દિવસ સુધી ટી.સી. ન મળે. કિસાન સૂર્યોદય યોજનાની જે જાહેરાત કરી છે તેનું માનનીય મુખ્યમંત્રીશ્રી ઊના આવી તેનું લોકાર્પણ કરી ગયા છે. ત્યારબાદ માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી બીજીવાર ગામડાંમાં આવીને લોકાર્પણ કરી ગયા છે. મારે સ્પષ્ટ કહેવું જોઇએ અને મેં અગાઉ પણ કહ્યું હતું કે, આ યોજનાની જાહેરાત કર્યા પછી અને આજે પણ કહું છું કે, સળંગ આઠ કલાક ખેડૂતોને વીજ પુરવઠો મળતો નથી તે વાસ્તવિકતા છે, હકીકત છે. તેમાં કયાં ખામી છે, કયાં તકલીફ છે, શું મુશ્કેલીઓ છે તેની ચકાસણી કરાવી વિભાગ કક્ષાએ દિવસે આઠ કલાક વીજળી મળે તેવી માનનીય મંત્રીશ્રીને આપના મારફત વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાણ ખનીજની માગણીઓ લઇને પણ માનનીય મંત્રીશ્રી આવ્યા છે. મારા સાથી સભ્ય ભાઇશ્રી લલીતભાઇએ પણ ચિંતા વ્યક્ત કરી, રાષ્ટ્રીય સંપત્તિને ભરપાઇ ન થઇ શકે એ પ્રકારનું નુકસાન થાય છે. ધારાસભ્યો તરફથી અવાર-નવાર ગ્રામ પંચાયતના સરપંચ હોય, તાલુકા પંચાયતનો સભ્ય હોય, જિલ્લા પંચાયતનો સભ્ય હોય, ધારાસભ્ય હોય, મેમ્બર ઓફ પાર્લામેન્ટ હોય કે અન્ય પદાધિકારીઓ હોય એ સરકારશ્રીમાં રજૂઆત કરે, અહિંયા અમે કોઇ વિગત મૂકીએ તો સરકાર તરફથી એમ કહેવામાં આવે છે આક્ષેપો કરે છે. અમારે શું કરવું જોઇએ એ હું સરકારને પૂછવા માગું છું? એક ધારાસભ્ય રજૂઆત કરે, લેખિતમાં રજૂઆત કરે, એ પુરાવા આપે અને પુરાવા આપ્યા પછી વહીવટી તંત્ર દ્વારા તપાસ થાય, ગેરકાયદેસર પ્રવૃત્તિ બંધ થાય અને બંધ થયા પછી બીજે જ દિવસે પાછી ચાલુ થઇ જાય! જિલ્લા ફરિયાદ સમિતિમાં ધારાસભ્યો દ્વારા અવાર-નવાર રજૂઆતો થાય, માનનીય અધ્યક્ષશ્રી, હું રાજય સરકારને કહેવા માગું છું, હું બીજા વિસ્તાર કે બીજા જિલ્લાની વાત નથી કરતો હું મારા જિલ્લાની વાત કરવા માગું છું કે, મારા જિલ્લાની અંદર છેલ્લા ત્રણ વર્ષમાં ધારાસભ્યો દ્વારા જિલ્લા ફરિયાદ સમિતિમાં રજૂ થયેલા પ્રશ્નોની વિગતો મગાવો અને એ મગાવ્યા પછી એકની એક જગ્યાએ ધારાસભ્યોએ કેટલી વખત રજૂઆતો કરી છે? અને છતાં પગલાં ન લેવાય? વાસ્તવિક સ્થિતિ શું છે જુઓ, રાજયમાં ખનીજ ચોરી અન્વયે કરવામાં આવેલ દંડ રૂપિયા ૧૯૪૬.૫૮ કરોડ જેટલી માતબર રકમ વસૂલવાની બાકી છે. તે પૈકી બે વર્ષની વસૂલવાની બાકી રકમ હોય તો રૂપિયા ૯૦૭.૭૦ કરોડ અને બે વર્ષ કરતા વધુ સમયની રકમ રૂપિયા ૧૦૩૮.૮૭ કરોડ જેટલી વસૂલવાની બાકી છે. આટલો દંડ થાય એનો અર્થ એ થાય કે ખાણ ખનીજ તંત્ર બેફામ ચાલે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીને ૮ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ પત્ર લખ્યો કે ઇકો સેન્સેટીવ ઝોન અમારા ગીર વિસ્તારમાં આવે છે, ત્યાર પછી પગલાં લેવા માટે સી.એમ.ઓ. કાર્યાલયમાંથી કાગળો લખાય છે, પગલાં લેવાય, રાત્રે બંધ થાય, અમારા જૂનાગઢના ઇન્ચાર્જ એસ.પી. રાત્રે ૧૧.૦૦ વાગ્યે કોડિનાર તાલુકાના ઘાંટવડ ગામે રેડ પાડે છે અને ૧૧-૧૧ લીઝો પકડે છે અને સાહેબ, બીજે જ દિવસે આ એસ.પી. પાસેથી ચાર્જ લઇ લેવામાં આવે છે. એનો અર્થ એવો થયો કે આ અધિકારીએ જે સારું કામ કર્યું એની પાસેથી ચાર્જ લઇને નવાજવામાં આવ્યા? એનો અર્થ એ થાય કે, જે અધિકારીઓ સારું કામ કરે છે, કાયદેસર પગલાં લે છે, નિયમસર કાર્યવાહી કરે છે એ લોકોને તરત જ બદલાવીને સાઇડ ઓવર કરવામાં આવે છે

અને સરકારને અનુકૂળ પડે એવા અધિકારી/કર્મચારીની નિમણૂક કરી દેવામાં આવે છે અને આ પ્રકારનું બેફામ તંત્ર ચલાવવામાં આવે છે. આજે પણ અમારા ગીર સોમનાથ જિલ્લાની અંદર અંબુજા હોય, જી.એચ.સી.એલ. હોય, રાજુલા અલ્ટ્રાટેક હોય કે પછી ઊના હોય કે બીજા બધા વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ખનીજ ચોરી ચાલે છે. માનનીય જવાહરભાઇ ચાવડા અહીંયા હતા ત્યારે એમણે એક વખત પ્રવચન કરેલું કે, નદીઓની અંદરથી રેતી ચોરી થાય છે. માનનીય જવાહરભાઇએ એ વખતે કહ્યું હતું કે નદી આપણી માં છે. આ માં ના કપડાં ઉતારી લેવામાં આવે છે, ત્યારે રાજય સરકારને આજે કહેવા માગું છું કે, આખા રાજયમાં જ્યાં જ્યાં નદીઓ છે ત્યાં નદીઓએ જે કપડાં પહેરેલાં છે એ કપડાં ઉતારવાનું કામ, ધોળે દિવસે માં ને નગ્ન હાલતમાં કરવાનું કામ આ સરકારમાં બેઠેલાં લોકો અને ખાણ માફિયાઓ કરી રહ્યાં છે. આ પરિસ્થિતિ છે ત્યારે એનાથી આગળ વધીને કહેવા માગું છું, માનનીય કિરીટસિંહભાઇ અત્યારે અહીં નથી, હમણાં જતા રહ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, ૫૭ કરોડ રૂપિયાનો દંડ, બે વર્ષ સુધી ધારાસભ્ય તરીકે રજૂઆત કરતો આવ્યો છું, વહીવટી તંત્રને ફરિયાદ કરી કે તમે તપાસ કરો અને તપાસ કર્યા પછી ગીર સોમનાથ જિલ્લામાં એક ગોવિંદપુરા કામદાર જંગલ સહકારી મંડળી અને એ મંડળી પણ ગેરકાયદેસર છે એ મંડળીને ૫૭ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે, આજની તારીખે શોધો કોણ છે આટલી મોટી ચોરી કરનાર? અને આટલી મોટી ચોરી કર્યા પછી એમાં અપીલ કરવાની જોગવાઇ ૯૦ દિવસની છે, ૯૦ દિવસમાં અપીલ કરતા નથી અને વરસ દિવસ પછી અપીલ દાખલ કરે છે અને એ અપીલ દાખલ થાય છે અને દાખલ થયા પછી વરસો સુધી એને ચલાવવામાં આવતી નથી. આ જ પ્રકારે સરકાર જો વહીવટ ચલાવશે તો રાષ્ટ્રીય સંપત્તિને આપણે કઇ રીતે સાચવી શકીશું અને આટલા બધા રેકર્ડ ઉપરના લેખિત અને મૌખિક પુરાવા હોવા છતાં શા માટે તમે પગલાં લેતા નથી? તમે ટીમ બનાવો, જિલ્લા કક્ષાએ એસ.પી. હોય કે કલેકટર હોય, શા માટે એમની જવાબદારી નિભાવતા નથી. કોણ લોકો છે, કોણ આ લોકોની સાથે સાંઠગાંઠ ધરાવે છે? મોબાઇલનો ઉપયોગ કરે છે તો મોબાઇલમાંથી ચકાસણી કરાવો, આજે તો અમારી પરિસ્થિતિ એવી છે કે, અમે અહીંયા ગૃહમાં કોઇપણ રજૂઆત કરીએ, અરધો કલાકમાં એસ.પી., કલેક્ટર કે વહીવટીતંત્રને ફોન કરીએ તો એક કલાકની અંદર સામેથી જે લોકો આ ગેરકાયદેસર પ્રવૃત્તિ કરે એના ફોન આવે અમને કે તમારે અમારી સાથે શું વાંધો છે ?. આ પ્રકારની સ્થિતિ છે ત્યારે એક વાત કરીને મારી વાત પૂરી કરું છું કે તમે આને ગંભીરતાથી લો. ધારાસભ્યશ્રીઓ દ્વારા થયેલી રજૂઆતને ગંભીરતાથી લઇને વહીવટી તંત્ર કામ કરે અને વહીવટીતંત્રમાં કામ કરનારા લોકો..

અધ્યક્ષશ્રી : લેવી જ જોઇએ, કોઇપણ સરકારે લેવી જ જોઇએ. આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : જે સાંઠગાંઠ ધરાવતા હોય એવા સાંઠગાંઠ ધરાવનાર અધિકારી-કર્મચારીની સામે તપાસ કરાવીને પગલાં લો એવી મારી માગણી છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સૌરભભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કરેલો એની ચકાસણી કરતા વિભાગનું આખું નામ છે એ બંદરો અને વાહન વ્યવહાર એમ લખવામાં આવે છે, એટલે આ ગોટાળો થયો છે, પરંતુ ૭૪ નંબરની જે માગણી છે એ આજે નથી. એટલે વાહન વ્યવહાર સંબંધમાં આ એક ક્લેરીટી કરવામાં આવે છે. જેથી આપણા બધાના ધ્યાનમાં રહે અને વાહન વ્યવહારની માગણી ૨૩મી તારીખે છે. માનનીય સભ્યશ્રી આર.સી. મકવાણાજી.

શ્રી આર.સી. મકવાણા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, બંદરો અને વાહન વ્યવહાર માટેની માગણી નંબર-૭૫ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એને હું મારું સમર્થન કરું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું. દેશના નવ એવા રાજ્યો છે કે જ્યાં બંદરોના માધ્યમથી દરિયાઇ માર્ગે ખૂબ મોટા પ્રમાણમાં માલની હેરાફેરી કરવા માટે દેશ સક્ષમ છે એમાં ગુજરાત રાજ્ય એ પણ ખૂબ આગવું સ્થાન ધરાવે છે. હમણાં માનનીય પુંજાભાઇ કહેતા હતા કે કેશુભાઇ વખતે જે બધા બંદરો છે એને વિકસાવવા માટે ખાનગી મૂડીરોકાણ કરી અને કંપનીઓને કહેવામાં આવ્યું હતું, પણ અત્યાર સુધી થયું નથી પણ માનનીય પુંજાભાઇને મારે કહેવાનું છે કે, નવલખી બંદર એ એક નામ માત્રનું બંદર હતું આજે ત્યાં મલ્ટીપરપઝ ખાનગી જેટી વિકસાવવાની મંજૂરી મળી ગઇ છે. ડી.એમ.સી.સી. ટર્મિનલ લિમિટેડને ૪૫૦ મીટર લંબાઇની આ જેટી બનાવવાની મંજૂરી આપી દીધી છે. મારા ભાવનગર જિલ્લાની બાજુમાં અમરેલી જિલ્લો લાગુ પડે છે ત્યાં વિક્ટર બંદર પણ માત્ર નામનું બંદર હતું એ બંદરને હયાત જે બિનકાર્યરત બંદર છે એને ડેવલપ કરવા ખાનગી મૂડી રોકાણકારોને, કંપનીઓને આગળ લાવીને મજબૂત કરવાની પરવાનગી પણ આપી દેવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મહુવા તાલુકાની વાત કરું તો, મહુવા બંદરના નામે મહુવા ઓળખાય છે, ત્યારે ત્યાં દરિયા કિનારો ખૂબ ઉંડાઇવાળો છે, ધંધા રોજગારની ખૂબ મોટી તકો બંદરનો વિકાસ થાય એ પ્રકારની ઉંડાઇ ધરાવતો દરિયો છે અને આ દરિયાની અંદર ઘણીબધી કંપનીઓ દ્વારા ચકાસણી કરીને વર્ષ ૦૦૮માં એક એપકોન્સ નામની કંપની દ્વારા સરકાર સાથે એમ.ઓ.યુ. કર્યા પણ કમનસીબે સામેના મિત્રોના વિઘ્નના કારણે, એ વારંવાર *(xxx) જેવું છે એ પ્રમાણે એની નીતિ રહી છે ત્યારે એમાં ખૂબ વિલંબ થયો છે. પરંતુ મને કહેતા આનંદ થાય છે કે, એમાં લગભગ એન્વાયર્મેન્ટના કામની મંજૂરી ત્યાંથી મળી ગઇ છે.

અધ્યક્ષશ્રી :* (xxx) શબ્દો કાઢી નાંખવામાં આવે છે કારણ કે *(xxx) કહોને એટલે સામેવાળાને તમે રાક્ષસ કહ્યા કહેવાય.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી આર.સી. મકવાણા : અને હવે મંજૂરી મળવાની પૂર્ણતાના આરે છે ત્યારે એવા તો ઘણાં બધા બંદરો છે બેડી બંદરના રોઝી પીકચર સ્થળે ૩૦૦ મીટર લંબાઇના નવા ખાનગી જેટી વિકસાવવા માટે એ એન્વાર્યમેન્ટની કામગીરીના સ્ટેજ ઉપર છે અને સુરતના મગદલ્લા ખાતે માતા સીતાદેવી ઇન્ફ્રાસ્ટ્રકચર એન્ડ રીસર્ચ પ્રાઇવેટ લિમિટેડને ખાનગી જેટી વિકસાવવા અને બાંધકામની પરમિશન પણ આપી દેવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે ઘણી બધી જેટીઓ તેને વિકસાવવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે ત્યારે આ ૧૬૦૦ કિલોમીટરના દરિયા કિનારાની અંદર એવી અનેક શકયતાઓ રહેલી છે કે જેને કારણે મને કહેતા આનંદ થાય છે કે, મારા ભાવનગર જિલ્લામાં જે અલંગ શીપ રીસાયક્લીંગ યાર્ડ આવેલું છે તે એશિયાનું સૌથી મોટું શીપ રીસાયક્લીંગ યાર્ડ છે. દેશ-વિદેશમાંથી જહાંજો ભાંગવા માટે આ યાર્ડની અંદર આવે છે ત્યારે દેશના અનેક રાજયોમાંથી અલગ અલગ ભાષા બોલતાં મજૂરો, કારીગરો, કર્મચારીઓ અહીંયા વસવાટ કરે છે અને કાયમી ધંધો રોજગાર કરે છે. વર્ષ ૨૦૧૯-૨૦માં અલંગ શીપ રીસાયક્લીંગ યાર્ડ ખાતે ૧૬ લાખ ૨૨ હજાર ૮૦૦ મે.ટન બહારના ૨૦૨ જહાજો તે ભાંગવામાં આવ્યા હતા અને છેલ્લે ગયા વર્ષે કોરોનાની મહામારીમાં પણ વર્ષ ૨૦૨૦-૨૧ના સમયગાળા દરમિયાન ૧૬ લાખ ૨૨ હજાર ૬૦૯ મે.ટનના ૧૬૫ જહાંજો ભાંગવામાં આવ્યા છે. આ યાર્ડની અંદર કામ કરતા કામદારોની સલામતી અને પર્યાવરણની જાળવણી સારી રીતે રહે તે માટે તાલીમાર્થીઓને તાલીમ આપવા માટે તાલીમ સહ કલ્યાણ સંકુલની પણ સ્થાપના કરવામાં આવી છે અને તેના માટે રૂપિયા ૪૦૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ તાલીમ સહ કલ્યાણ સંકુલ મારફતે વર્ષ ૨૦૦૩-૦૪થી આજ સુધી વર્ષ ૨૦૨૧-૨૨ સુધીમાં અલગ અલગ કેડરના ૧ લાખ ૫૦ હજાર ૨૨૨ જેટલા કામદારોને સલામતી અને પર્યાવરણને લગતી તાલીમ આપવામાં આવી છે. આગળના દિવસોમાં ગુજરાત મેરી ટાઇમ બોર્ડ દ્વારા ડીજીએફએએસએલઆઇ સાથે કામદારોને અદ્યતન તાલીમ આપવા માટેના કરાર કરવામાં આવ્યા છે જેનાથી કામદારોને વધુ સારી તાલીમ મળી રહેવાની છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા ગીર-સોમનાથ જિલ્લાનું વેરાવળ છે તે મુખ્ય મથક છે. તેમની અંદર અમારૂં જે વેરાવળનું બંદર હતું તે બારમાસી બંદર કહેવાતું. વર્ષ ૧૯૯૮ સુધી તે બંદરની અંદર શીપો આવતી હતી અને તેની અંદર માલ લોડ થતો અને ત્યાંથી વિદેશની અંદર માલ પણ જતો હતો. વર્ષ ૧૯૯૮ પછી આ બંદર કોઇ કારણોસર બંધ થઇ ગયુ છે ત્યાં શીપો આવતી પણ બંધ થઇ ગઇ છે. જયારે આ બંદર ઉપર શીપનો કાર્ગો ચાલુ હતો અને બંદરની અંદર કામકાજ ચાલુ હતું ત્યારે અમારા વેરાવળની અંદર મુખ્યત્વે જે રોજગારીનો મુદ્દો હતો તેની અંદર કમસે કમ ૧૫થી ૨૦ હજાર માણસો આ સીધી કે આડકતરી રીતે તેને રોજગારી મળતી હતી. મારે સરકારશ્રી અને માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે, વર્ષ ૧૯૯૮ પછી આ બંદર કયા કારણસર બંધ થઈ ગયું છે? ત્યાં શીપ આવતી ક્યા કારણસર બંધ થઈ છે? આ બંદરને કારણે અમારા વેરાવળને આર્થિક રીતે આજની તારીખે નુકસાન ભોગવવું પડે છે. બારમાસી બંદર કહેવાતં હતું અને ત્યાંથી ૮૦થી ૧૦૦ શીપ વેરાવળ બંદર ઉપર આવતી હતી અને ત્યાંથી માલ લોડ થતો હતો. આજે ત્યાં વર્ષ ૧૯૯૮ પછી એક પણ શીપ આવી નથી. હું આપના મારફતે માનની મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, તેના કારણો તપાસે અને ફરીથી અમારું વેરાવળ બંદર બારમાસી બંદર તરીકે ઓળખાતું હતું ત્યાં કાર્ગો અને શીપ આવે, વેરાવળની પ્રજાને ફરીથી રોજગારી મળતી થાય એના માટે હું મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉદ્યોગ અને ખાણ વિભાગની માગણી લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરુ છું. અમારા વિસ્તારમાં બહુ મોટા ઉદ્યોગો આવેલા છે. કેમિકલ ફેક્ટરી અને સિમેન્ટ ઈન્ડસ્ટ્રીઝ પણ આવેલી છે. મોટાભાગે ગ્રામ્ય વિસ્તારમાં ખાણો આવેલી હોવાના કારણે ત્યાંથી રોજનું હજારો ટન મટિરિયલ આ ઉદ્યોગો માટે આવતું હોય છે. ગ્રામ્ય વિસ્તારમાંથી જે ખનીજ લઈ જતા હોય તેમના માટે સરકારે દ્વારા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે મિનરલ ફાઉન્ડેશન નામના એક ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવેલી છે. મારે આ વાતમાં સરકારશ્રી અને માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે, જે ગામોમાંથી ખનીજ સંપતિ જતી હોય, જે ગામોમાં ઉદ્યોગોને જમીનો આપી હોય, માઈનિંગની પરમિશન આપી હોય તેવા ગામોની ખાણમાંથી નીકળતાં રૉ-મટીરિયલ પર રોયલ્ટીની જે આવક થતી હોય તેની અમૂક ટકા રકમ મિનરલ ફાઉન્ડેશનમાં આપવાની હોય છે. આ ફાઉન્ડેશનમાં જમા થતી રકમ કલેક્ટરશ્રીના હસ્તક હોય છે. આ ૧૦૦ ટકા રકમનો પૂરેપૂરો લાભ જે ગામમાં ખાણ આવેલી હોય છે એ ગામને આપવો જોઈએ. ગામમાં શાળા, આરોગ્ય, ખાણ તરફ જતાં વાડી વિસ્તારના રસ્તાઓ પાકા બનાવવા વગેરે પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી જોઈએ. એનો અધિકાર છે કે જે ગ્રામ પંચાયત/ગ્રામ સભાના ઠરાવમાં જે કામો લઈ અને મિનરલ ફાઉન્ડેશનની જે ટ્રસ્ટ છે એમને કલેક્ટરશ્રીને મોકલે, એને પ્રાયોરિટી આપવી જોઈએ અને એના પછી એમાં જો કોઈ રકમનો વધારો રહેતો હોય તો પાંચ કિ.મી. ત્રિજયામાં આવતાં ગામ માટે આ રકમ વાપરવી જોઈએ એવી મારી વિનંતી છે. અમારે ત્યાં ખાણોમાંથી ૩૦-૩૫ ફૂટની ઊંડાઈ સુધી મટીરિયલ કાઢી લીધા પછી નિયમોને અનુરૂપ કંપનીઓએ ફરતી બાઉન્ડ્રી બનાવવાની હોય છે, ફેન્સિંગ લગાવવાની હોય છે, ખાણમાં કોઈ અકસ્માત ન થાય એના માટે વ્યવસ્થા કરવાની હોય છે પરંતુ ઘણી જગ્યાએ કંપનીઓ દ્વારા વયવસ્થા કરવામાં આવે છે અને ઘણી જગ્યાએ કંપનીઓ વ્યવસ્થા કરતી નથી. એના કારણે આજુબાજુના ગામના પશુધનો, બાળકો પાણીમાં જતાં હોય અને અકસ્માત થતાં તેનું મૃત્યુ થાય છે. કંપનીઓ દ્વારા

ખાણમાંથી મટિરિયલ કાઢી લીધા પછી પાકી દિવાલો કરવામાં આવે તો અકસ્માતો પણ ઘટે. આવાં અકસ્માતો કંપનીની બેદકારીને અને ભૂલના કારણે થાય છે.

અધ્યક્ષશ્રીઃ શ્રી ભગાભાઇ, આપનું પ્રવચન ચાલુ રહેશે. વિરામનો સમય થયો છે. વિરામ બાદ બપોરના ૧૨.૩૦ વાગ્યે મળશે.

**(વિરામ બપોરના ૧૨.૦૦થી ૧૨.૩૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

અધ્યક્ષશ્રી : માનનીય ભગાભાઇ,

શ્રી ભગાભાઇ ધા. બારડ : (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરી રહ્યો હતો એમાં કે જે ખાણની અંદર જે કંપનીની બેદરકારીના કારણે કોઇ બાળક અથવા તો કોઇ પશુ એની અંદર પડે અને એનું મૃત્યુ થાય તો આવા કુટુંબ કે પરિવાર હોય એમને કંપની તરફથી યોગ્ય વળતર આપવામાં આવવું જોઇએ, કારણ કે એમની બેદરકારીના કારણે થતું હોય છે ત્યારે, જે આ ખાણોમાંથી પથ્થર નીકળી ગયા પછી ગામતળની નજીકની જે ખાણો હોય અને જે ગામની અંદર ગામતળનો પ્રશ્ન હોય તો, એ માઇનીંગમાંથી જો પથ્થર નીકળી ગયા પછી એ ખાણ સરન્ડર થઇ ગયા પછી એની અંદરથી ગામતળ માટે પણ જગ્યા આપવી જોઇએ, એવી માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે ખાણોમાંથી પથ્થર નીકળી જાય અને ખાણ જે ઉંડી ઉતારવામાં આવી હોય એની અંદર જો આજુબાજુમાંથી નાના વાંકડાઓ હોય પછી વાડી વિસ્તારથી જે વરસાદી પાણી ભરાતા હોય, ગામમાં જે વરસાદી પાણી ભરાતું હોય તો એવા જે વહેણો હોય એ વહેણોને એ ખાણોની અંદર જો ડાયવર્ટ કરવામાં આવે તો પણ અમારા દરિયાકાંઠામાં જે પથ્થર નીકળી ગયા પછી જે ખારા પાણીનો વ્યાપ આગળ વધતો હોય તો એ ખારા પાણીનો વ્યાપ પણ અટકે અને મીઠા પાણીનો એમાં સંગ્રહ થવાના કારણે આજુબાજુ વિસ્તારના ખેડૂતો હોય તે એની અંદરથી પંપ દ્વારા પાણી લઇને પણ એ પોતાનું પિયત કરી શકે, એટલા માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આવું પણ કંઇક વિચારે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં તલાલા તાલુકાનું જેપુર ગામ છે એ જેપુર ગામની અંદર ૬૬ કે.વી. સબ સ્ટેશન ઘણા સમયથી તૈયાર થઇ ગયું છે પણ જંગલખાતાના અને જે પી.એફ. આવતું હોય એની એન.ઓ.સી.ના વાંકે ઘણા સમયથી ઇલેવનોની લાઇનો ત્યાં ઉભી થઇ શકતી નથી. થોડા સમય પહેલા જ જંગલ વિભાગ તરફથી એમનું એન.ઓ.સી. પણ આવી ગયું છે અને સરકારશ્રીને જી.ઇ.બી.ને કંઇક રકમ પણ ભરવાની છે એની દરખાસ્ત પણ તૈયાર થઇ ગઇ છે. તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, વહેલી તકે એના પૈસા ભરાય અને એના આજબાજુના વિસ્તારના ગામડાંઓને એનો વહેલી તકે લાભ મળે એ માટે પણ વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં મોટાભાગે હું વારે વારે વાતો કરું છું કે, મારે કોસ્ટલ બેલ્ટ અને ગીર ફોરેસ્ટ વિસ્તારમાં મોટાપાયે આંબા અને નાળીયેરીના બગીચાઓ હોય છે. એ આંબા અને નાળીયેરીના બગીચાઓના કારણે ઘણી વખતે લાઇન છે ફોલ્ટીંગ વધારે થતી હોય છે, ટ્રિપીંગ વધારે આવતા હોય છે. વારે વારે એના વાયરો તૂટતા હોય છે ત્યારે માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, કોઇ સ્પેશિયલ પેકેજ ડીકલેર કરીને ગીર વિસ્તારના જે બગીચાઓ ધરાવનારા જે વિસ્તારો હોય અને કોસ્ટલ બેલ્ટની અંદર જે નાળીયેરીના બગીચાઓ ધરાવનાર હોય એ વિસ્તારમાં જો કેબલનું કામ, સારી કવોલિટીના જો કેબલ નાખવામાં આવે તો એનાથી ઘણો બધો ખેડૂતોને અને વિસ્તારને પણ ફાયદો થાય તો આવી એક માનનીય મંત્રીશ્રીને પણ વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા ગામની બાજુમાં જ એટલે વેરાવળ તાલુકાના એક નાવોદરા ગામ છે ત્યાં ૬૬ કે.વી. છેલ્લા બે વર્ષથી તૈયાર થઇ ગયું છે પણ એ ૬૬ કે.વી. ની જે મેઇન લાઇન આવતી હોય છે એ લાઇનમાં કયાંક કોઇ ખેડૂતોએ વાંધો લીધો હોય કોઇ જગ્યાએ કોઇએ એને રૂકાવટ કરી હોય એના કારણે ઘણા સમયથી લાઇન ઉભી થઇ શકતી નથી અને એના કારણે સબ સ્ટેશન કાર્યરત થઇ શકતું નથી. તો એની અંદર પોલીસનું પણ પ્રોટેકશન માંગેલું છે તો એ વહેલી તકે... (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, બિલકુલ સમય પૂરો થઇ ગયો, માનનીય જગદીશભાઇ પટેલ.

શ્રી જગદીશ ઇ. પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૧-૨૨ના વર્ષમાં અનુદાનો માટેની માગણી નંબર-૫૦ને સમર્થન આપવા તથા મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

ખાણ ખનીજની લીઝ અને રોયલ્ટી દ્વારા મળતી આવકનો સુચારુ ઉપયોગ કેવી રીતે થાય તે બાબતે હું ગૃહનું ધ્યાન દોરવા આપના માધ્યમથી ઉભો થયો છું. રેતી, કંકર અને ગ્રેવલની પરમિટ કવોરી લીઝની રોયલ્ટી અને ડેડ એન્ડની આવકમાં જિલ્લા પંચાયતોને ફાળવામાં આવતી ગ્રાન્ટ ઇન એઇડ બાબતે ગુજરાત ગૌણ ખનીજ નિયમો વર્ષ ૧૯૬૬થી તમામ જોગવાઇઓના અમલ તેમજ એકજ અધિકારી પાસે રહે તે હેતુથી અન્ય ગૌણ ખનીજોની જેમ રેતી, કંકર અને ગ્રેવલ માટે પટ્ટા તથા પરમિટ આપવાની સત્તા અને રોયલ્ટી ધરાવવાની જવાબદારી તા.૧-૧૧-૧૯૮૩થી પંચાયત અધિકારીઓને બદલે જિલ્લા કલેકટરશ્રીઓને સોંપવામાં આવી છે. ઉદ્યોગ અને ખાણ વિભાગ પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના વિવિધ ઠરાવોથી થયેલી જોગવાઇઓને આધિન કાર્યવાહી કરવામાં આવે છે. આ ગ્રાન્ટોની ફાળવણી જેમ કે રેતી, કંકર અને

ગ્રેવલની પરમિટ કવોરી લીઝ આપવાના પરિણામે રોયલ્ટી ડેટ એન્ડની આવકની સામે ગ્રાન્ટ ફાળવવા માટે ગત વર્ષની આવકની ગણતરીના આધારે તે પછીના વર્ષે ગ્રાન્ટ ફાળવવાની રહે છે. રેતી, કંકર અને ગ્રેવલની પરમિટ કવોરી લીઝ આપવાના પરિણામે જે તે પંચાયતોના વિસ્તારોમાંથી થતી રોયલ્ટી તથા ડેટ એન્ડની જે આવક સરકારશ્રીને થશે તેમાંથી પાંચ ટકા વહીવટી ખર્ચ તરીકે કાપી લઇ અને બાકીની ૯૫ ટકા રકમ ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશનરની કચેરી દ્વારા અનુદાનના રૂપમાં જિલ્લા પંચાયતોને ફાળવવામાં આવે છે. સંબંધિત જિલ્લા પંચાયતોને ૫૦ ટકા પૂર નિયંત્રક ભંડોળમાં જમા લેવાની રહે છે અને બાકીની ૫૦ ટકા રકમ જિલ્લા પંચાયત દ્વારા જે ગ્રામ પંચાયતોના વિસ્તારમાં રેતી, કંકર અને ખનીજની રોયલ્ટીની આવક થઇ હોય તે સંબંધિત ગ્રામ પંચાયતને ફાળવવાની રહે છે. જે ગામમાંથી આ રોયલ્ટી મળી હોય એ ગામના રસ્તા તેમજ નદીના કિનારે ટ્રક, લારી વગેરે અવરજવરથી થયેલ અને નદીના કિનારા પાસેથી રેતી કાઢવાથી પૂર પ્રસંગે પાણીનું વહેણ બદલવાના પ્રસંગને ધ્યાનમાં લેતા ગામના રક્ષણ માટે તેમજ રસ્તા માટે પૂરી નિયંત્રક ભંડોળમાંથી નાણાં ફાળવવાની પ્રથમ અગ્રતા આપવાની રહે છે.

ભંડોળથી ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના જે કામો કરવાના હોય છે એ આ પ્રકારના હોય છે. જેમ કે ગ્રામ પંચાયતોને કરવાના થતા કામો. વરસાદી પાણીના સંગ્રહ માટેના કામો જેવા કે શાળા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ગ્રામ પંચાયત હસ્તકની જાહેર જગ્યાઓ. ભૂગર્ભ પાણી ઉતારવાની યોજના તથા મોટા ટાંકા બનાવીને ભૂગર્ભ જળ સંચયની યોજનાઓ, પીવાના પાણીની વ્યવસ્થા કરવી. ગ્રામ પંચાયત વિસ્તારના ગ્રામ હાટ બનાવવા. ઘન કચરા માટે કમ્પોઝીટ સાઇટ બનાવવી તથા ઘનકચરાના નિકાલની વ્યવસ્થા. ગ્રામ પંચાયત વિસ્તારમાં વીજળીકરણની સુવિધા કરવી. એલ.ઇ.ડી. લાઇટને અગ્રતા આપવી. પક્ષીઓ માટે ચબુતરા બનાવવા.

તાલુકા પંચાયતે કરવાના થતા કામો. બે ગામોને જોડતા રસ્તાઓ, પુલોને અગ્રતાક્રમ આપવાનો રહે છે. મોટા રસ્તાઓને મળતા નાના ગ્રામ રસ્તાઓના બાંધકામ તથા સંભાળ માટેના કામો.

જિલ્લા પંચાયત દ્વારા થતા કામો જેવા કે બે કરતાં વધુ ગામોને જૂથ પાણી પુરવઠાનો પ્રબંધ કરવા તથા જાળવણી કરવા. પંચાયત વિસ્તારમાં આરોગ્યની દ્રષ્ટિએ લોકોની સુખાકારી માટે દવાખાના સ્થાપવા અને નિભાવવા. ખેતીવાડી વિકાસ, પશુ સંવર્ધન, પશુ ચિકિત્સાલયો સ્થાપવા અને નિભાવવા. તળાવો અને બંધારા નહેર દ્વારા સિંચાઇના કરવાના થતા કામો, વીજળીને લગતી બિન પરંપરાગત ઊર્જાના સાધનો અને સૂર્ય શકિતથી સામૂહિક રીતે ફાયદો થઇ શકે તેવા કામો લઇ શકાય.

ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના નીચે મુજબના કામો હાથ ધરી શકાશે નહિ. જેવા કે બાકડાઓ મૂકવાના રહેશે નહિ. અસ્થાય પ્રકારના મરામતના કામો કરી શકાશે નહિ. આ ગ્રાન્ટ પંચાયતના સભ્યોના નામે વ્યકિતગત રીતે ફાળવી શકાતી નથી.આ ગ્રાન્ટમાંથી વ્યકિતગત સહાય તરીકે લાભાર્થીઓને ચૂકવી શકાતી નથી. આ ગ્રાન્ટમાંથી કરવામાં આવેલા વિકાસના કામોની તકતી ઉપર કોઇ વ્યકિતગત નામ જોડવાનું રહેતું નથી. આ ગ્રાન્ટમાંથી સોલાર લાઇટના કામો કરી શકાશે નહિ. જે વિકાસના કામો લેન્ડ ડિપાર્ટમેન્ટ તરફથી આયોજન થતું હોય તેવા કામો કરી શકાય નહિ. જેમ કે કામો બેવડાય નહિ તેની તકેદારી રાખવાની રહેશે. આ ગ્રાન્ટ પંચાયતોના સભ્યોને ફાળવી શકાશે નહિ તથા સ્વતંત્ર રીતે પોતાના મત વિસ્તારમાં વાપરવા અંગેની કોઇ અગ્રતા રહેતી નથી. આ ગ્રાન્ટમાંથી પગાર, કન્ટિજન્સી ખર્ચ કરી શકાતો નથી.

સરકારશ્રીએ છેલ્લા પાંચ વર્ષમાં ફાળવેલ રકમ આ પ્રમાણે છે. નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં ૧૭૮૯૯.૯૯ લાખ રૂપિયા તથા સન ૨૦૧૬-૧૭માં ૮૪૮૯.૪૩ લાખ, વર્ષ ૨૦૧૭-૧૮માં રૂપિયા ૮,૪૬૮. ૩૭ લાખ. વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૪૦૦૭.૮૨ લાખ રૂપિયા, વર્ષ ૨૦૧૯-૨૦માં ૨૩૧૨૯.૩૭ લાખ રૂપિયા. આમ, કુલ ટોટલ ૭૧૯૯૫.૨૮ લાખ રૂપિયા આ જે રેવન્યુ ઉભી થાય છે એમાંથી વાપરવામાં આવ્યા છે. મારું એક સૂચન છે કે ખાસ કરીને સિટી વિસ્તારમાં આ જે રેતી કોંક્રીટ લઇને જતા હોય છે ત્યારે ખૂબ મોટા લોડરો હોય છે તેના ડ્રાઇવરના સંદર્ભમાં કેટલાક માપદંડો કરવાની જરૂર છે. કારણ કે ખૂબ મોટા પ્રમાણમાં અકસ્માત થતાં હોય છે. એટલે આ ડ્રાઇવરો માટે અલગ પ્રકારના માપદંડ હોવા જરૂરી છે. આ ચોરીને અટકાવવા માટે હાઇટેક સિસ્ટમનો ઉપયોગ કરીને જે તે વિસ્તારના એન્ડ યુઝર્સ અથવા તો તેને હોમ ડિપાર્ટમેન્ટ સાથે પણ સાંકળી શકાય. સી.સી.ટી.વી કેમેરા લગાવેલા હોય અને પોલીસ મિત્રો જ્યારે ઉભા હોય ત્યારે આવી ગાડીઓ જ્યારે પસાર થતી હોય છે ત્યારે તેનું મોનીટરીંગ થઇ શકે. એટલે આ પ્રકારના મારા સૂચનો છે અને આ માગણીઓને હું સમર્થન આપું છું.

શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલને રૂબરૂ મળેલ અને મારા વિસ્તારમાં ચોરવાડ, આરેણા અને ચોટીલીવિડી ત્રણ ૬૬ કે.વી. સબસ્ટેશન મંજૂર કરેલા. તેમાંથી ચોટીલીવિડી અત્યારે ચાલુ છે. ચોરવાડ છે એ બે વર્ષથી તૈયાર થઇ ગયેલ છે પણ હજી સુધી વાયરીંગ પહોંચેલું નથી. તેને લાઇન આપવા માટે જે રજૂઆતો કરેલી એ લાઇન સબસ્ટેશન બાંધવા માટે અમારે ગડુમેઘડ નદી છે અને જે વિસ્તારમાં આ દોઢ સબસ્ટેશન બનાવ્યું એ બદલ આભાર. દોઢ બનાવી દે તો વધારે આભાર. જે દરિયા કિનારે બંધ બાંધેલો છે તેના હિસાબે એ વિસ્તાર છે તેમાં કાયમ પાણી ભરાયેલું રહે છે. બે મહિના પૂરતું પાણી બંધ રહે તો એ અરસામાં જો આ પાણીનો નિકાલ થઇ ગયો હોય અને જો તાત્કાલિક તેમાં લાઇન નાંખવામાં આવે તો અમારું ચોરવાડનું સબસ્ટેશન ચાલુ થઇ જાય તેમ છે. તો તેના માટે આ વર્ષે તાત્કાલિક ધોરણે સરવે કરાવીને એ લાઇન મંજૂર કરાવી દે તો અમારું જે સબસ્ટેશન તૈયાર છે એ ચાલુ થઇ જાય. આ ડેમમાં માત્ર બે મહિના જ પાણી રહે તો એમાં ઉભા થઇ જાય તો સબસ્ટેશન

ચાલુ થઇ જાય તેમ છે. આરેણા છે તેમાં જમીન ઉપલબ્ધ નહોતી. સાહેબે તે વખતે કહેલું કે બીજે જગ્યા મેળવો અને બીજે જગ્યા મળી જાય તો એ બાંધકામ થઇ શકે. એ જગ્યા શારદાગ્રામ શિક્ષણ સંકુલ છે તેની પાસે ઘણી જગ્યા છે અને પડતર જેવી છે. જો એ જગ્યા આપવામાં આવે તો ત્યાં પણ આ સબસ્ટેશન બને એમ છે. મારા મત વિસ્તારમાં લાડુડી ખોરાસા તેમાં બાંધકામ પૂર્ણ થઇ ગયેલ છે. તે પૈકી લાડુડીમાં વીજળી લાઇન પહોંચી ગઇ છે અને ખોરાસામાં ખેડૂતો વિરુદ્ધમાં ગયા હતા તેમાં પણ ચુકાદો આપણા તરફ આવેલ છે. તો આ પણ ખેડૂતોના ખેતરોમાંથી અત્યારે ઊનાળાની સિઝન છે અને એ હિસાબે તાત્કાલિક જો લાઇન નાખી દેવામાં આવે તો એ પણ તૈયાર છે અને ચાલુ થઇ જાય તેમ છે. મારા માળીયા અને માંગરોળ વિસ્તારમાં જેમ ભગાભાઇએ વાત કરી એમ નાળિયેરીના બગીચા છે તે હિસાબે તેમાં કવર્ડ કન્ડક્ટર વાયર નાખવામાં આવે તો અમારી આ સમસ્યા છે એ કાયમી ધોરણે હલ થઇ જાય. તો સૌથી પહેલાં જે માગણી કરી તેમાં કવર્ડ કન્ડક્ટર વાયર સુખપુર વિસ્તારમાં નાખેલ છે અને એ સક્સેસ થયેલ છે. તો આમાં પણ વિચારીને એ વિસ્તારમાં પણ કવર્ડ કન્ડક્ટર વાયર નાખવામાં આવે તો ખેડૂતોને ઘણી રાહત થાય અને અવાર-નવાર વીજળી ખેડૂતોને મળતી નથી અને બંધ કરવી પડે તો કાયમી ધોરણે આનું નિરાકરણ આવી જાય તેમ છે. તો આ માટે પણ વિચારવું જોઇએ. મારો વિસ્તાર દરિયાકનારાનો વિસ્તાર છે. એમાં ત્રણ જે જેટી છે એક શીલ, શેરીયાદ અને ચોરવાડ, એમાં ચોરવાડ માટે રૂપિયા પાંચેક કરોડ મંજૂર કરેલા છે. આ શેરીયાદની જે જેટી છે એના માટે માનનીય બાબુભાઇ હતા ત્યારે મેં પણ પ્રયત્નો કરેલ, શ્રી બાબુભાઇએ પણ પ્રયત્નો કરેલા, રૂપિયા એક કરોડ મંજૂર થઇ ગયેલા પણ સરકારે એના નિયમ પ્રમાણે રૂપિયા પાંચ કરોડ કર્યા, રૂપિયા પાંચ કરોડ કર્યા પછી એ કામ ખોરંભે પડેલું છે તો આ કામ પણ થવું જોઇએ એવી મારી માગણી છે. અમારો વિસ્તાર એ પછાત, ગરીબ વિસ્તાર છે તો આ ત્રણે ત્રણ જેટીઓ ચાલુ કરવામાં આવે તો માછીમારી ઉદ્યોગમાં આ લોકોને ખૂબ ફાયદો થાય એમ છે. અસ્તુ જયહિંદ, જય ભારત.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઊર્જા વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૧થી નવી સદીના પ્રારંભમાં ખેડૂત, સામાન્ય નાગરિક, ઉદ્યોગો અને નાના મોટા કારીગર વર્ગ માટે એક નવો સૂરજ ઉગ્યો હોય એવું આ વિદ્યુત વિભાગ દ્વારા આપણને ફીલ થતું હોય એવી લાગણીનો જન્મ થાય છે. આ જે મહત્વના કામો થયા એના માટે મારે આદરણીય સૌરભભાઇને અભિનંદન આપવા છે કે એમના સમયમાં ગુણવત્તાયુકત વીજળી ૨૪ કલાક વીજળી, ખેતીવાડી માટેના વીજળીના કનેકશન, સ્કાય યોજના અને દિવસે વીજળી આટલા કામોમાં જે ૨૪ કલાક વીજળી આપણને આપવામાં આવી અને જે કવોલીટીયુકત વીજળી આપણને આપવામાં આવી એના પરિણામે ગામડાઓ ધબકતા થયા. બાળકોને ભણવા માટે વીજળી હોય, નાના મોટા કારીગર વર્ગને ગામડામાં કામ કરવાનો વિષય હોય, ખેડૂતને સમીસાંજે અને વહેલી સવારે કયાંક પશુપાલનનો વ્યવસાય કરતા હોય તો એમાં પણ એમને ખૂબજ લાભ થાય અને ૨૪ કલાક ગુજરાત ઝળહળતું થયું હોય એવું આખા દેશની અંદર આપણું પ્રથમ રાજય બન્યું. કૃષિ વિભાગમાં જે અંદાજપત્ર રજૂ કરવામાં આવે છે એમાં જે રકમની ફાળવણી કરવામાં આવે છે, મને કહેતા ગૌરવ થાય છે. ૮૫૦૦ કરોડ રૂપિયા ખેડૂતો માટેની વીજ સબસિડી આ વિભાગમાંથી આપવામાં આવે છે, એટલું જ નહીં પરંતુ સન ૨૦૧૯-૨૦માં ૧,૨૫,૮૮૩ કનેકશન અને રકમ ૧૯૪૬ કરોડ રૂપિયાનો ખર્ચો કેવળ વીજળી કનેકશન માટે આપણે કર્યો છે. સને ૨૦૨૦-૨૧માં ડિસેમ્બર અંતિત ૭૨,૨૦૧ કનેકશન અપાઇ ગયા છે અને ૧૧૪૧ કરોડ રૂપિયાનો ખર્ચો કર્યો છે. આમ, આ તમામે તમામ રકમ એ ખેડૂતો માટે વપરાતી હતી. અંદાજપત્રમાં આપણે જોઇએ તો કૃષિ વિભાગની માગણીઓ હોય, કૃષિ વિભાગમાં જે રકમની ફાળવણી થઇ હોય એના સિવાય પણ બીજા વિભાગો દ્વારા ખેડૂતોની ચિંતા આ સરકાર કરી રહી છે. ૪૨ વર્ષમાં ૭ લાખ અને ૩૩ હજાર કનેકશન અપાયા. ૧૮ વર્ષથી અંદર, સન ૨૦૦૨થી સન ૨૦૨૦ સુધીમાં ૧૨,૬૯,૭૩૨ કનેકશનો આપણને આપવામાં આવ્યા. એવરેજ કનેકશન કોસ્ટ દોઢ લાખ રૂપિયા સરકાર ભોગવે છે. પહેલાં આવું કયારેય બન્યું નથી. પહેલાં પાણી આપ્યું, પાણીના જે તળ ઉંડા જતા હતા એ તળ ઉંડા જતાં અટકાવ્યા અને પછી એમની માગણી જયાં આગળ ડાર્કઝોન હતો, ઓવર એકસપ્લોઇટેડ વિસ્તાર હતો ત્યાં આગળ કનેકશન આપવાની શરૂઆત કરી. અત્યારે ખેડૂતો ખુશહાલ છે. દરેક ઘરની અંદર ટુ-વ્હીલર, ફોર વ્હીલર, જે સામાન્ય સુખ સગવડો જે શ્રીમંતના ઘરમાં હોય, મધ્યમ વર્ગના ઘરમાં હોય એ હવે ખેડૂતોના ઘરમાં આવતી થઇ. આ વખતે તો ખૂબજ ક્રાંતિકારી યોજના કરી- દિવસે વીજળી. ખેડૂતોની કયારની માગણી હતી, ઉદ્યોગપતિ માટે આપણે દિવસે વીજળી આપીએ, ઘરવપરાશ માટે દિવસે વીજળી આપીએ, બધી જગ્યાએ આપણે દિવસે વીજળી આપીએ પણ ખેડૂતોને રાત્રે કામ કરવા જવું પડે, કડકડતી ઠંડીની અંદર, જાનવરોની ચિંતા, ઝેરી જીવજંતુઓની ચિંતા આ બધી જ ચિંતાઓની વચ્ચે ખેડૂતોની ચિંતા દૂર કરવાનું જો કોઇએ કામ કર્યું હોય તો માનનીય વિજયભાઇ રૂપાણીની સરકાર, માનનીય નીતિનભાઇ પટેલની સરકાર અને આદરણીય સૌરભભાઇને મારે અભિનંદન આપવા પડે. કે વીજળીની બાબતમાં સમગ્ર ભારતમાં જે સુધારાવાદી ઇનિશિએટીવ લીધા છે એના પરિણામે આખા ગુજરાતમાં ઝળહળતું કહેવાય, વીજળીના દરેક વિભાગની અંદર જે પ્રકારનું આખું વાતાવરણ ઉભું થયું, કોઇ બૂમ નહીં, કોઇ ફરિયાદ નહીં અને દિવસે વીજળી આપવાના કારણે ખેડૂતો દિવસે કામ કરે અને રાત્રે આરામ કરી શકે એ પ્રકારની વ્યવસ્થામાં જો કોઇએ કામ કર્યું હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. એટલું જ નહીં પરંતુ જ્યારે દિવસે વીજળી આપવાની આવે ત્યારે ઘણા બધા ઇનિશિએટીવ લેવા પડે. વીજળી સ્ટોર થતી નથી, જેવી પેદા થાય એટલે તરત જ વાપરી નાખવી પડે. એના માટે સબ સ્ટેશનોની ક્ષમતામાં સુધારા કરવા, વાયરોની કેપેસિટીમાં

સુધારો કરીને સમગ્ર બાબત સાથે નેટવર્કિંગ કરવા માટે કુલ રૂપિયા ૩૫૦૦ કરોડ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર વાપરવાની હોય ત્યારે આ વખતે પણ લગભગ રૂપિયા ૧ હજાર કરોડનો આ બજેટમાં સમાવેશ કર્યો છે. મને કહેતા આનંદ થાય છે કે આ બધા કામો તબક્કાવાર ચાલુ થયાં છે. મારા વિસનગર, જ્યાંથી હું ચૂંટાઇને આવું છું ત્યાં આગળ પણ લગભગ ૧૨ ગામોનો પહેલા તબક્કામાં સમાવેશ કરી દીધો છે અને બીજા અનેક જિલ્લાઓમાં ૩૫૦૦ કે ૪૦૦૦ જેટલા ગામો અત્યારે સંપૂર્ણપણે આનો લાભ લેતા થયા છે અને આવતા સમયમાં આખું ગુજરાત લાભ લે, આખા ગુજરાતના ખેડૂતો લાભ લે એના માટે સરકાર કટિબદ્ધ છે ત્યારે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને મારું સમર્થન કરું છું અને એમને અભિનંદન પણ આપું છું.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે વર્લ્ડ હેપ્પીનેસ ડે છે અને વિશ્વ ચકલી દિવસ પણ છે એની શુભેચ્છા પાઠવું છું અને આપણા ઊર્જાવાન ઊર્જામંત્રીશ્રી સૌરભભાઇ જે માગણી નં. ૧૨ અને ૧૩ લઇને આવ્યા છે એના સમર્થનમાં હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા હોય, ઉદ્યોગ હોય, પેટ્રોકેમિકલ્સ હોય કે પોર્ટ હોય એ આપણા રાજ્યના વિકાસમાં જે જી.ડી.પી. છે એમાં મુખ્ય વિભાગો છે એમ કહું તો ખોટું નથી. આજે દરેક ક્ષેત્રમાં આપણે જોવા જઇએ તો ગુજરાત ઊર્જામાં પણ દેશભરમાં નંબર વન છે. ઉદ્યોગમાં પણ દેશની અંદર ગુજરાત નંબર વન છે અને પેટ્રોકેમિકલ્સમાં આપણે નંબર વન છીએ. આદરણીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને ઊર્જા મંત્રીશ્રી જ્યારે વીજળીની વાત કરે છે ત્યારે એક વાત હંમેશા કહેતા આવ્યા છે અને ત્રણ વસ્તુ ઉપર એ આગળ વધી રહ્યા છે. પૂરતી વીજળી મળે, ગુણવત્તાવાળી વીજળી મળે અને યોગ્ય ભાવે વીજળી મળે. ગુણવત્તાવાળી વીજળીની વાત કરું તો પહેલા શું હતું અને અત્યારે શું છે અને કાલે શું થવાનું છે એની સરખામણી તો કરવી જ પડે. ભૂતકાળ પછી વર્તમાન કાળ અને પછી ભવિષ્યકાળ હોય છે. મારે સરખામણી એટલા માટે કરવી પડે કે લોડ શેડિંગ આજે આપણે ભૂલી ગયા છીએ. એક જમાનો હતો કે લોડ શેડિંગની રોજ વાતો થતી. ગામડામાં ૮થી માંડીને ૧૨ કલાક અને એનાથી વધારે લોડ શેડિંગ હોય એવી પરિસ્થિતિ હતી. આજે જોવા જઇએ તો લોડ શેડિંગનો મિનિંગ શું છે એની કોઇને ખબર નથી. જનરેશન કેપેસિટી જોવા જઇએ તો વર્ષ ૧૯૯૫માં ૬૭૭૬ મેગાવોટ હતી એ આજે મને કહેતા આનંદ થાય છે કે ૧૯,૩૫૨ મેગાવોટની કેપેસિટી છે. અને ૪૭૫ ટકાનો વધારો આપણે કરી શક્યા છીએ. ગુજરાત આજે સરપ્લસ સ્ટેટ છે. ગુણવત્તાવાળી વીજળી પહોંચાડવાની હોય ત્યારે સબ-સ્ટેશનોની વાત આવે જ. પહેલા ૨૫ કિલોમિટર લાંબી લાઇન, ૪૦ કિલોમિટર લાંબી લાઇન, હું તો એમ કહું છું કે ૫૫ કિલોમિટર સુધી લાંબી લાઇનો અને ફીડર ખાલી એક. એ ફીડરની અંદર એક નાનો ફોલ્ટ આવે તો આજુબાજુના ૨૫ ગામો ૩-૪ દિવસ સુધી અંધકારમય પરિસ્થિતિમાં રહેતા હતા એનો પણ નજીકનો સાક્ષી રહ્યો છું. તે વખતે ફોલ્ટ શોધવામાં પણ ઘણો સમય લાગતો હતો અને આજે મને કહેતા આનંદ થાય છે કે ગુજરાત રાજ્યની સ્થાપના વખતે ફક્ત ૪૨ સબ-સ્ટેશનો હતા. વર્ષ ૧૯૬૦થી ૨૦૦૨ સુધી એટલે કે ૪૨ વર્ષના ગાળામાં નવા સબ-સ્ટેશનો ફક્ત ૭૦૨ એટલે વાર્ષિક સરેરાશ જો ગણવામાં આવે તો ફક્ત ૧૬ હતા. આજે મને કહેતા આનંદ થાય છે કે વર્ષ ૨૦૦૨થી ૨૦૨૦ સુધીના ૧૮ વર્ષની અંદર નવા સબ-સ્ટેશનો ૧૩૧૯ થયા છે. વાર્ષિક સરેરાશ ૭૩ સબ-સ્ટેશનો થયા છે. એટલે કે ૪૨ વર્ષની વાર્ષિક સરેરાશ કરતા ૧૮ વર્ષની વાર્ષિક સરેરાશ ૪ ગણી છે. અગાઉની સરકારની અંદર એક વર્ષમાં ૧૫થી ૨૦ સબ-સ્ટેશનો હતા. આજે છેલ્લા ૧૦ વર્ષથી રાજ્યમાં દર વર્ષે ૧૦૦ નવા સબ-સ્ટેશનો બનતાં રહ્યાં છે આ ખૂબ મોટી સિદ્ધી છે. મારા નવસારી જિલ્લાની વાત કરું તો તાલુકાવાર બનાવવામાં આવેલ નવા સબ-સ્ટેશનોની વર્ષ ૧૯૬૦થી ૨૦૦૨ સુધીના ૪૨ વર્ષમાં ફક્ત ૧૦ સબ-સ્ટેશનો હતા. આજે વર્ષ ૨૦૦૨થી ૨૦૨૦ સુધીના ૧૮ વર્ષમાં ૨૦ સબ-સ્ટેશનો થયા છે. એટલે ૪૨ વર્ષમાં જેટલા સબ-સ્ટેશનો બન્યાં નથી એનાથી બમણા સબ-સ્ટેશનો એ ૧૮ વર્ષમાં બન્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, નવા વીજ જોડાણોની શ્રી ઋષિકેશભાઇએ બહુ સારસ વાત કરી. મારે એટલા માટે છેલ્લી વાત કરવી છે કે આપણે નવા વીજ જોડાણોની અંદર છેલ્લા ૮ વર્ષમાં સરેરાશની કલ્પના પણ નહીં કરી શકાય. એક લાખથી પણ વધુ વીજ જોડાણો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ૮ વર્ષની અંદર આપ્યા છે. ૪૨ વર્ષમાં એ ૧૮ વર્ષની સરેરાશ કરતા ૪ ગણા વીજ કનેકશનો આપણે આપ્યા છે. મારા નવસારી જિલ્લાની વાત કરું તો વર્ષ ૧૯૬૦ થી ૨૦૦૨ સુધી ૪૨ વર્ષમાં ફક્ત ૧૪,૧૪૫ વીજ કનેકશનો હતા. ૨૦૦૨ થી ૨૦૨૦ સુધીના ૧૮ વર્ષમાં ૨૫,૭૨૨ વીજ કનેકશનો આપ્યા છે અને લગભગ ૪૨ વર્ષમાં જેટલા કૃષિ વિષયક વીજ જોડાણો અપાયા છે એનાથી બમણા વીજ જોડાણો એ ૧૮ વર્ષમાં અપાયા છે. આજે એનર્જી ઓફ ફ્યુચરની ગુજરાત પહેલ કરી રહ્યું છે. મારે છેલ્લી વાત રીન્યુઅલ એનર્જીની એટલા માટે કરવી છે કે આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ આખી દુનિયાની અંદર આ રિન્યુએબલ એનર્જીમાં લીડ લીધી છે. છેલ્લે એક શાયરીથી મારી વાત પરીપૂર્ણ કરું છું. આદરણીય પ્રધાનમંત્રીશ્રી પણ લોકસભામાં આ લીઝ ઓફ હાર્ડલીની શાયરી હંમેશા કહેતા રહે છે.

सफर में धूप तो होगी, चल सको तो चलो,
सभी है भीड़ में, तुम भी निकल सको तो चलो,
यहाँ  किसी को कोई रास्ता नहीं देगा,
मुझे गिराकर अगर सम्हल सको तो चलो,

माननीय अध्यक्षश्री, किसी के वास्ते,
राहें कहाॅ बदलती हैं, तुम अपने रास्ते को
बदल सको तो चलो ।।

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઉદ્યોગ, બંદરો અને ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગની જે માગણી લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. અહીંયા વીજળીની ખૂબ વાત થઇ. ખેડૂતોને ખૂબ કનેકશનો આપ્યા એવી વાત થઇ પણ ગૃહને મારે જણાવવું છે કે ગુજરાત રાજયની વીજળીની સ્થાપિત ક્ષમતા છે, સરકારી જે કોર્પોરેશનો છે એની સ્થાપિત ક્ષમતા ૬૬૭૭ મેગાવોટ છે. સ્થાપિત ક્ષમતા વધારે હોવાછતાં વીજળીનું પ્રોડકશન ૨૦૫૪૫ મિલિયન યુનિટ છે અને એની સામે જે પ્રાઇવેટ કંપનીઓ છે એ પ્રાઇવેટ કંપનીઓની સ્થાપિત ક્ષમતા ૫૭૫૨ મેગાવોટ છે અને એની સામે જે વીજળીનું પ્રોડકશન છે એ ૨૯૭૧૯ મેગાવોટ છે. સવાલ એ થાય છે કે આપણી પાસે સ્થાપિત ક્ષમતા વધારે હોવાછતાં આપણે પ્રોડકશન નથી કરી શકતા અને એનું કારણ ઘણી વખત માનનીય મંત્રીશ્રી કહે છે કે કોલસો મોંઘો પડે છે, ત્યાંથી લાવવો મોંઘો પડે છે. પૂર્વ દેશમાં છે હવે આપણે પશ્ચિમ દેશમાં લાવ્યા છીએ. તો પછી શાના માટે આપણે આ પ્રોડકશન વધારી શકતા નથી? આપણે શું કરીએ છીએ? પછી આપણે વીજળી ખરીદવી પડે છે અને ખરીદીએ છીએ કોના પાસેથી? અદાણી, એસ્સાર, ટાટા પાસેથી અને મોંઘી વીજળી ખરીદવી પડે છે. આ કંપનીઓ પાસે તમે કરાર કરેલા છે અને કરારનું ઉલ્લંઘન શા માટે કરવું પડે છે? એક વખત તમે એનો યુનિટનો ભાવ નકકી કર્યો છે અને ભાવ નકકી કર્યા પછી પણ કંપની જયારે રજૂઆત કરે પછી તમે એનો ભાવ વધારી આપો અને લગભગ ૧૪૦૦ કરોડ રૂપિયા જેવા આ સરકારમાંથી આપવા પડયા. સાહેબ, આ પરિસ્થિતિ ગુજરાતની છે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આપણી પાસે બીજા ઘણા યુનિટ છે. પ્રાઇવેટ કંપની તો વીજળી પેદા કરે છે પણ આપણે પણ એ સુધારી શકીએ. આપણે કેમ સુધારી ન શકીએ? અને આપણી પાસે એવી વીજળી પ્રોડકશનની સંસ્થાઓ છે. નર્મદામાં રિવર બેડ અને કેનાલ હેડમાંથી જે વીજળી પેદા થાય છે. ઉકાઇમાં પણ પેદા થાય છે. ૧૪૦૦ મેગાવોટ ઉકાઇમાં પેદા થાય છે. એ યુનિટો કેમ પૂરી ક્ષમતાથી આપણે ચાલુ કરતા નથી? મેં ત્યાં સ્થળ ઉપર તપાસ કરેલી છે. પૂરી ક્ષમતાથી ત્યાં વીજળી પેદા કરવામાં આવતી નથી કારણકે જરૂરિયાત નથી એમ કહે છે એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આટલી બધી આપણે બહારથી વીજળી કરોડો રૂપિયાની ખરીદીએ છીએ ત્યારે આપણી પાસે હયાત ક્ષમતા છે એમાંથી વીજળી પેદા કરાવડાવો એવી મારી વિનંતી છે. હમણાં બહુ સારી ચર્ચા થઇ. અમે સબસ્ટેશનો બહુ બનાવ્યા, અમે ટ્રાન્સફોર્મરો લગાવ્યા. અમે ટ્રાન્સમિશન લાઇનો કરી, ડિસ્ટ્રીબ્યુશન લાઇનો કરી. એચ.ટી. અને એલ.ટી. લાઇનો કરી. વાત સાચી, બહુ સરસ કર્યું એમાં ના નથી પણ એનાથી ખેડૂતોને જે ફાયદો થવો જોઇએ એ કેટલો થયો? ખેડૂતોને કેટલા યુનિટ વીજળી વધારે મળી? હું ગૃહને જણાવવા માગું છું કે જે ઉદ્યોગોને વર્ષ ૨૦૦૧માં વીજળી મળતી હતી એ ૯૮૧૭ મિલિયન યુનિટ મળતી હતી અને અત્યારે જે વીજળી મળે છે એ ૫૩૦૮૧ મિલિયન યુનિટ મળે છે. જયારે ખેડૂતોને બિચારાને જે વર્ષ ૨૦૦૧માં વીજળી મળતી હતી ૧૬૬૯૫ મિલિયન યુનિટ એ આજે વધીને ફકત ૧૮૮૪૧ મિલિયન યુનિટ મળે છે. આનાથી વિશેષ વધારો નથી થયો. આટલું બધું કરવા છતાં આપણે ખેડૂતોને વધારે વીજળી આપી શકયા નથી. આપણે સોલાર રૂફ ટોપની યોજના કરી. બહુ સારી યોજના, સૂર્યના કિરણોથી લાઇટ મળી જાય પણ શરૂઆતમાં તમે જે કહ્યું હતું કે ગાંધીનગરમાં પણ બધા જ ઘરો સોલાર રૂફ ટોપવાળા થઇ જશે. ગામડાંમાં પણ સોલાર રૂફ ટોપ, ખૂબ બધાને આનંદ પણ હતો પણ હવે તમે શું કામ આમાં ચેઇન્જ કર્યો? જે નેટ મીટરની પ્રથા હતી, યુનિટનો જે ભાવ હતો સાત રૂપિયા પચાસ પૈસા. આજે કેમ તમે બદલી નાખો છો? આજે કેમ ત્રણ રૂપિયા કરી નાખો છો? આનાથી તમારો જે સાડા ત્રણસો મેગાવોટનો ટાર્ગેટ છે એ પૂરો થશે નહીં અને આપણે જે પ્રોગ્રામ કરવા જઇ રહ્યા છીએ એ નહીં થાય એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે જે હયાત વ્યવસ્થા છે એ ચાલુ રાખો એવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયોતિગ્રામ યોજનાની વાત થઇ. બહુ સરસ, ગામડાંઓને ૨૪ કલાક લાઇટ મળે પણ તમારા નિયમો છે કે ૧૦થી ૧૫ ઘરનો સમૂહ હોય તો જ આ લાઇટ આપવી. અમારા આદિવાસી ગામોની હાલત તમે જોઇ છે? ત્યાં છુટાછવાયા ઘરો છે ત્યાં સમૂહમાં નથી રહેતા અને આનો લાભ નથી આપી શકતા. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે ખરેખર લાભ આપવા માંગતા હોય તો દરેકને લાઇટ ૨૪ કલાક આપો. આજે પરિસ્થિતિ એ છે કે લાઇટ ન હોવાને કારણે ત્યાંના બાળકો ભણી શકતા નથી. અને સીંગલ ફેઇઝ લાઇટ આપવાની વાત આપે ગૃહમાં કરી હતી. પણ એ લો પાવર આવે છે અને વિદ્યાર્થીઓ વાંચી શકતા નથી. આ હાલત છે. પાવર વ્યવસ્થિત કરવામાં આવે તેવી વિનંતી છે. શ્રી દુષ્યંતભાઇ વાત કરતા હતા. તેમણે બહુ સારી વાત કરી. વાય ગુજરાત ટુ ઓન્લી ગુજરાત. બહુ સરસ એમણે વાક્ય કહ્યું. મેં આખું સાંભળ્યું. પરિસ્થિત એ છે કે આપણે વાઇબ્રન્ટ ગુજરાત લગભગ વર્ષ ૨૦૦૩થી ચાલુ કર્યું છે. તો આમાં દર બે વર્ષ ઘણા બધા પ્રોગ્રામો કરીએ છીએ. એની પાછળ કરોડો રૂપિયાનો ખર્ચો કરીએ છીએ. ઉદ્યોગો આવશે, ઉદ્યોગો આવશે. પરિસ્થિતિ એ થઇ કે જે ૧૬૮૧૦ જેટલા તમારા એમ.ઓ.યુ. થયા એમાંથી ફક્ત ૮,૨૨૭ એકમો સ્થાપી શકાયા અને ૨૮૩૦ પ્રોજેક્ટો હજુ કયા તબક્કે છે, તેનો ખ્યાલ નથી. તેમાંથી અમુક એવા છે કે એમ.ઓ.યુ. કર્યા પછી છોડીને જતા રહ્યા છે, તેવા ૫૭૫૩ પ્રોજેકટો છે જે અહીયા આવ્યા અને એમ.ઓ.યુ. કર્યા અને છોડીને જતા રહ્યા છે, જે દુઃખદ બાબત છે. આપણે કોઇ ઉદ્યોગો આવે તે સારી બાબત છે. જેનાથી

રોજગારી મળે એ વાત સારી. આ ઉદ્યોગો ચાલુ જ ન થઇ શકે, એના માટે કંઇક કરવું જોઇએ. આજે આપણું ગુજરાત ઉદ્યોગમાં પહેલા, બીજા, ત્રીજા નંબરે રહેતું હતું. આજે કયા નંબરે છે? આજે ૭મા, ૮મા નંબર ઉપર છે. અમે ગૃહમાં વાત કરતા હતા. એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગો ઉપર ધ્યાન કેન્દ્રિત કરો. તે વખતે એ લોકો પેલા વાઇબ્રન્ટ ગુજરાતમાં પડ્યા હતા, ત્યારે કહ્યું હતું કે એમ.એસ.એમ.ઇ. માં ધ્યાન આપો. નહિ આપ્યું અને એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગો પડી ભાંગ્યા. હવે ખ્યાલ આવ્યો કે અર્થતંત્રમાં સૌથી મોટો ૩૯ ટકાનો ફાળો આ એમ.એસ.એમ.ઇ. ઉદ્યોગોનો છે. જેમાંથી રોજગારી મળે છે. આવા સમયમાં તેને પ્રોત્સાહિત કરવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે હમણાં અમને પેકેજ પણ આપ્યું જે સારી વાત છે. જે અમારા વિસ્તાર છે ત્યાં દરેક તાલુકા મથકે એક જી.આઇ.ડી.સી. ખોલવાનું એ થઇ શક્યું નથી. શામળાજી વિસ્તાર છે. હાઇવે ઉપર આવેલ છે. પાણીની સુવિધા છે. મેશ્વો ડેમ છે. આવા સંજોગોમાં આવા વિસ્તારમાં જી.આઇ.ડી.સી. ખોલવામાં આવે. ખાણ ખનીજ ઉપર એક મિનિટ વાત કરું. અત્યારે ચોરીના કેસો ખૂબ વધી ગયા છે. સરકાર આ ખનીજ ચોરી ઇ-ઓક્શન કર્યું એ સારી વાત છે, પણ ઓક્શન થયેલા અનેક જૂના પ્રોજેક્ટો મંજૂર થયેલ છે. એ પ્રોજેકટોને કયાંક ને કયાંક પાસ ન મળવાના કારણે પડી રહ્યા છે. તેમાંથી ખાણ ખનીજની ચોરી થાય છે. મત્રીશ્રીને વિનંતી છે કે આવા કેસ પડેલા છે. તેની સ્ટડી કરો. સ્ટડી કરીને જે નિર્ણય કરવા પડે તેમ હોય તે કરો, રી-ઓક્શન કરવું પડે તો કરો. તો સરકારને ખૂબ મોટી આવક થશે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી ધનજીભાઇ પટેલ.

શ્રી ધનજીભાઇ પટેલ(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ઉદ્યોગની માગણી લઇને આવ્યા છે. તેને હું મારું સમર્થન આપું છું અને તેના માટે હું ઉપસ્થિત થયો છું.

સુક્ષ્મ ઉદ્યોગ, લઘુ ઉદ્યોગ, અને મધ્યમ એકમો એમ.એસ.એમ.ઇ. ગુજરાતની આર્થિક વિકાસની કરોડરજ્જુ સમાન છે. સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો રાજ્યની રોજગારી માટે મોટો સ્ત્રોત છે. અને ઓછા મૂડીરોકાણમાં વધુ રોજગારી પૂરી પાડે છે. એમ.એસ.એમ.ઇ. એકમો ઇન્ડસ્ટ્રિયલ ઇકો સિસ્ટમનો એક મહત્વનો હિસ્સો છે. મોટી ઇન્ડસ્ટ્રિઝને નાની ઇન્ડસ્ટ્રિઝ સપોર્ટ કરે છે. અને તેને સ્પેરપાર્ટસ સપ્લાય કરે છે,એટલા માટે કરોડરજ્જુ સમાન છે. ગુજરાતનો વિકાસ ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તે માટે સરકારશ્રીએ એમ.એસ.એમ.ઇ. એકમોની સ્થાપનાને વધુ પારદર્શી બનાવવા માટેના ઉદ્દેશથી એમ.એસ.એમ.ઇ. એકમોને સરકારશ્રીએ કાયદા દ્વારા વિવિધ મંજૂરીઓ મેળવવામાં તબક્કાવાર ૩ વર્ષ સુધીની મુક્તિ આપીને ક્રાંતિકારી નિર્ણય લીધો છે અને આ માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ, અને ઉદ્યોગ મંત્રીશ્રીને હું અભિનંદન આપું છું. આ કાયદા હેઠળ નવા સ્થાપેલા એકમોને ગુજરાત સરકારના કાયદાઓ હેઠળ લેવાની થતી મંજૂરીઓ, પરવાનગીઓ, એન.ઓ.સી.માંથી મુક્તિ મળે છે અને આવી મંજૂરીઓ ઉત્પાદન આવ્યા બાદ ત્રણ વર્ષ પછી છ માસના ગાળામાં મેળવવાની હોય છે. ઉદ્યોગ નીતિ ૨૦૧૫ અંતર્ગત એમ.એસ.એમ.ઇ. એકમોને આપવામાં આવેલી સહાયને કારણે આવા એકમો વધુ સદ્ધર બન્યા છે. તેની ફલશ્રુતિરૂપે ગુજરાત મૉડલને વધુ વેગવંતુ બનાવવાના પ્રયત્નરૂપે રાજ્યના સર્વાંગી અને સંતુલિત વિકાસ માટે સરકારશ્રી દ્વારા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને વધુ મજબૂત બનાવવા ઔદ્યોગિક નીતિ ૨૦૨૦ની જાહેરાત કરવામાં આવી છે. નવી ઔદ્યોગિક નીતિ ૨૦૨૦ દ્વારા વૈશ્વિક વ્યાપાર સ્થળ તરીકે ગુજરાતની કલ્પના કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમ.એસ.એમ.ઇ.ના વિકાસ માટે સપોર્ટ તથા વૈશ્વિક ક્ષેત્રે એક્ષપોર્ટ સ્પર્ધાત્મકતામાં વધારો કરવા માટે ઉત્પાદનના ક્ષેત્રમાં ઇન્ટિગ્રેટેડ વેલ્યુ ચેઇનને મજબૂત બનાવવાનો ગુજરાત સરકારનો આશય છે. તાજેતરમાં ભારત સરકાર દ્વારા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોની વ્યાખ્યામાં ફેરફાર કરવામાં આવેલ છે. તે મુજબ તા.૦૧/૦૭/૨૦૨૦થી રૂપિયા ૫૦ કરોડ સુધીના મૂડી રોકાણ તેમજ રૂપિયા ૨૫૦ કરોડ સુધીના ટર્નઓવર ધરાવતા તમામ ઉદ્યોગોને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોની વ્યાખ્યામાં આવરી લીધેલ છે. તે બદલ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અભિનંદનને પાત્ર છે. જેના કારણે રાજ્યના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને સહાયનો વ્યાપ વધશે અને જેથી વધુ ઉદ્યોગો લાભ મેળવતા થશે. જેથી મોટી સંખ્યામાં ઔદ્યોગિક એકમોને એમ.એસ.એમ.ઇ. પોલિસી હેઠળ કરવામાં આવેલ જોગવાઇઓના લાભ મળી શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, ઔદ્યોગિક નીતિ ૨૦૨૦ અંતર્ગત એમ.એસ.એમ.ઇ. એકમોને વ્યાજ સહાય, કેપીટલ સહાય, રેન્ટ સહાય, પાવર કનેકશન મેળવવા માટે સહાય, કવોલિટી સર્ટિફિકેશન મેળવવા માટે સહાય, ટેકનોલોજી એક્વિઝેશન માટે સહાય, એમ.એસ.એમ.ઇ. એક્ષચેંજ મારફત ભંડોળ ઉભું કરવા માટે સહાય, ઇનોવેટર કે સંશોધનકર્તા દ્વારા પેટન્ટ મેળવવા માટે સહાય, માર્કેટ ડેવલપમેન્ટ માટે સહાય જેવી અનેક સહાય આપવામાં આવેલ છે જે અભિનંદનને પાત્ર છે. કેપીટલ સહાયની વાત કરીએ તો તે અંતર્ગત એમ.એસ.એમ.ઇ. એકમોના મૂડી રોકાણના સ્થળના હિસાબે તાલુકાવાઇઝ ત્રણ કેટેગરીમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે. આ કેટેગરી પ્રમાણે એમ.એસ.એમ.ઇ. એકમોને કેપીટલ સહાય કેટેગરી-૧ના તાલુકાઓમાં ટર્મ લોનના ૨૫ ટકા લેખે વધુમાં વધુ રૂપિયા ૪૫ લાખની સહાય, કેટેગરી-૨ના તાલુકાઓમાં ટર્મ લોનના ૨૦ ટકા લેખે વધુમાં વધુ રૂપિયા ૩૭.૫ લાખ સહાય, કેટેગરી-૩ના તાલુકાઓમાં ટર્મ લોનના ૧૦ ટકા લેખે વધુમાં વધુ રૂપિયા ૧૫ લાખની સહાય મળવાપાત્ર થાય છે. કેપીટલ સહાય યોજના અંતર્ગત સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને ધિરાણની રકમના ૨૫ ટકા સુધીની અને મહત્તમ રૂપિયા ૪૫ લાખની મૂડી રોકાણ સહાય મળવાપાત્ર થશે.

માનનીય અધ્યક્ષશ્રી, વ્યાજ સહાય યોજનામાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ હેઠળ વ્યાજ સહાય યોજનામાં મ્યુનિસિપલ કોર્પોરેશનની અંદર અને કોર્પોરેશનની બહાર અનુક્રમે ૫ ટકા અને ૭ ટકા વ્યાજ સહાયની જોગવાઇ હતી. પરંતુ નવી ઔદ્યોગિક નીતિ -૨૦૨૦ હેઠળ વ્યાજ સહાય યોજનામાં તાલુકાઓની ત્રણ કેટેગરી પાડી કેટેગરીવાઇઝ ટકાવારીનું ધોરણ નક્કી કરવામાં આવેલ છે. જેથી કરી અલ્પવિકસિત વિસ્તારમાં વધુ મૂડી રોકાણ આવશે અને રોજગારીની તકો ઉપલબ્ધ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, વ્યાજ સહાય યોજના અંતર્ગત એમ.એસ.એમ.ઇ. એકમોના મૂડી રોકાણના સ્થળના હિસાબે ત્રણ કેટેગરીમાં વર્ગીકૃત કરવામાં આવેલ છે. જેમાં કેટેગરી-૧ના તાલુકાઓમાં ૭ ટકા લેખે વધુમાં વધુ રૂપિયા ૩૫ લાખ પ્રતિ વર્ષ ૭ વર્ષ માટે, કેટેગરી-૨ના તાલુકાઓમાં ૬ ટકા લેખે વધુમાં વધુ રૂપિયા ૩૦ લાખ પ્રતિવર્ષ ૬ વર્ષ માટે અને કેટેગરી-૩ના તાલુકાઓમાં ૫ ટકા લેખે વધુમાં વધુ રૂપિયા ૨૫ લાખ પ્રતિવર્ષ ૫(પાંચ) વર્ષ માટે આપવામાં આવે છે. મેન્યુફેક્ચરીંગ સેક્ટરમાં દિવ્યાંગ ઉદ્યોગ સાહસિકો, મહિલા ઉદ્યોગ સાહસિકો, સ્ટાર્ટઅપ અને ૩૫ વર્ષથી નાના યુવા ઉદ્યોગ સાહસિકોને વધારાની ૧ ટકા વ્યાજ સહાય આપવાની જોગવાઇ કરવામાં આવી છે. રાષ્ટ્રીય જી.ડી.પી.માં સેવા ક્ષેત્રનો ફાળો ખૂબ મોટો છે. નવી ઔદ્યોગિક નીતિ ૨૦૨૦માં રાજ્ય સ્થિત સેવા ક્ષેત્રના એમ.એસ.એમ.ઇ. એકમોને તાલુકાની કેટેગરી પ્રમાણે વ્યાજ સહાય આપવાની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં નાણાકીય સેવાઓ, આરોગ્યલક્ષી સેવાઓ, દ્રશ્ય શ્રાવ્ય સેવાઓ, બાંધકામ સંબંધિત એન્જિનિયરીંગ સેવાઓ, પર્યાવરણીય સેવાઓને આવરી લઇ તેનો વ્યાપ વધારવામાં આવેલ છે.

આમ, એમ.એસ.એમ.ઇ. ક્ષેત્રને વ્યાપક અને સદ્ધર બનાવવા નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે બજેટમાં રૂપિયા ૧૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય જે.વી.કાકડીયા.

શ્રી જે. વી. કાકડિયા(ધારી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ જે બજેટ લઇને આવ્યા છે એમાં બંદરો અને વાહન વ્યવહારને લગતી બાબતો અંગે મારી લાગણી વ્યક્ત કરું છું અને બજેટ રજૂ થયું છે એને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૧૬૦૦ કિલોમીટર જેટલો લાંબો દરિયા કિનારો આવેલો છે, ભારતીય જનતા પક્ષની કેન્દ્ર અને રાજયની સરકારે બંદરોના વિકાસ માટે હરણફાળ ભરી પ્રગતિ કરેલ છે એમાં અમારું પીપાવાવ બંદર પણ ખૂબ વિકસિત થયું છે. બંદરનો વિકાસ કરવાથી એની આસપાસના વિસ્તારમાં ભારે મોટી રોજગારીનું સર્જન કરવામાં સરકાર સફળ રહી છે. બંદરોથી થતી નિકાસ ભાજપ સરકારને હુંડિયામણ કમાવી આપે છે. આજે બંદરો અને વાહન વ્યવહાર માટે કુલ રૂપિયા ૧૪૭૮ કરોડની બજેટમાં જોગવાઇ કરેલ છે તે બદલ માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. વાહન વ્યવહાર વિભાગની વાત કરું તો આર.ટી.ઓ.ની તમામ ચેકપોસ્ટની નાબૂદી એક પારદર્શક વહીવટની પારાશીશી સમાન છે. કોરોનાની મહામારી વચ્ચે પણ જનજીવન ધબકતું રાખવા એસ.ટી. બસ સેવા ચાલુ રાખીને લોકોને ઉપયોગી થવાનું શ્રેય એસ.ટી. તંત્રના ફાળે જાય છે. કન્યાઓને મફત મુસાફરી એ પણ ભાજપની સરકારનું કન્યા કેળવણીનો વ્યાપ વધારવાનો આવકારદાયક પ્રયાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જાહેર જનતાને જરૂરી સુવિધા ઝડપી અને પારદર્શક રીતે મળતી રહે એ માટે અમારી સરકાર હંમેશા કાર્યરત રહી છે. મોટર વ્હિકલ કાયદાની અનેકવિધ સુવિધાઓ નાગરિકોને ઓનલાઇન ઉપલબ્ધ કરી આપવામાં આવી છે જેમાં આર.ટી.ઓ. કચેરીની મુલાકાત લીધા સિવાય વાહનોની નોંધણી, એન.ઓ.સી., પસંદગીના નંબર, સ્પેશિયલ પરમિટ, રીન્યુઅલ ડ્રાઇવિંગ લાયસન્સ, ડુપ્લીકેટ લાયસન્સ અને લાયસન્સ સંબંધિત માહિતીઓ, ડ્રાઇવિંગ લાયસન્સનું રીપ્લેસમેન્ટ, વાહનનું બોજામુક્ત પ્રમાણપત્ર, ડુપ્લીકેટ આર.સી. બુક વગેરે સેવાઓ ઓનલાઇન આપવામાં આવે છે અને લોકો એનો મોટા પ્રમાણમાં લાભ લઇ રહ્યા છે. જાહેર જનતાની સેવા માટે ૮૦૦ ડિલક્ષ બસ અને ૨૦૦ સ્લીપર કોચ મળી કુલ ૧૦૦૦ નવી બસો કાર્યરત કરવામાં આવશે. લાંબા અંતરની મુસાફરી માટે આરામદાયક ૫૦૦ વોલ્વો બસ પી.પી.સી. ધોરણે શરુ કરવાનું આયોજન કરીને બજેટમાં રૂપિયા ૨૭૦ કરોડની જોગવાઇ કરેલ છે તે બદલ માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું અને માનનીય નીતિનભાઇ પટેલ સાહેબ જે બજેટ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી(દાંતા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૪૯, ૫૦ લઇને આવ્યા છે ત્યારે મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ ઉપર ખાણ ખનીજની ચર્ચાઓ થતી હોય ત્યારે મારા વિસ્તારની અને અંબાજીની આજુબાજુના વિસ્તારની હું ચર્ચાઓ કરતો હોઉં ત્યારે આ ખાણ ખનીજની વાત કરું તો અમારા અંબાજીની નજીકમાં બે કિલોમીટરમાં ખનીજની ખાણો આવેલી હોય ત્યારે સૌથી પહેલા છેલ્લા ૨૨ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર બેઠી છે ત્યારે હું કહેવા માગું છું કે, ખાણ ખનીજની હદ બાઉન્ડ્રી નક્કી કરવામાં આવે ત્યારે એ વિસ્તારમાં જે લીઝ નક્કી થાય ત્યારે ત્યાં તાર ફેન્સિંગ કરવામાં આવે. આજુ બાજુના વિસ્તારમાંથી જે મજૂરો કાયમી કામે આવતા હોય, સૌથી પહેલાં તો દુઃખદ બાબત એ છે કે એ મજૂરો માટે આ ૨૨ વરસથી જે ખાણ ખનીજની અંદર મજૂરો કામ કરતા હોય પણ આજ તારીખ સુધી એમની રોજગારી માટે એક પણ ફાઇલ નિભાવવામાં નથી આવી. દુઃખદ બાબત એ પણ છે કે આ લેબરો દસ વરસ સુધી એ ખાણ ખનીજની અંદર જે કામ કરશે એના પછી એ લેબરો માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે? એમને જે રોજીંદી રોજી મળે છે એમાંથી કોઇ કપાત કરવામાં આવે છે કે નહિ. જિલ્લા સંકલનની અંદર જ્યારે અમે ચર્ચાઓ કરતા હોય, પ્રશ્ન પુછતા હોઇએ ત્યારે આપણું વહીવટીતંત્ર

એમ કહેતું હોય છે કે આ લેબરો માટે ફાઇલો અહીંયા નભતી નથી. તો દસ વરસ પછી આના માટે જવાબદાર કોણ ? એ વિસ્તારમાં જે ગરીબ માણસો, મજૂરો કામ કરે છે એ લોકો માં અંબાજીના ટ્રસ્ટમાં જે ભોજનાલય ચાલે છે તેમાં બપોરના સમયે જમવા જતા હોય છે આ સરકારે ટોકન રકમ જે ૧૩ રૂપિયા નક્કી કરી હતી એ ટોકન રકમ વધારીને ચાળીસ થી પચાસ રૂપિયા કરવામાં આવી છે એ કદાચ આ સરકારને વધારવાની જરૂર પડી હશે પણ આ ત્યાંના ગરીબ મજૂરોને ના પોષાઇ શકે પણ એટલું જરૂર હું કહી શકું કે પ્રજાસત્તાકના દિવસની પાલનપુરમાં જે ઉજવણી કરવામાં આવી હતી. એમાં દાંતા તાલુકાના જે ખાણ, ખનીજનું હોય કે દેવસ્થાનની બાબત હોય એમાં *(xxx) એ તાલુકાનો ખર્ચો પાલનપુર તાલુકામાં પાડવામાં આવ્યો માનનીય મુખ્યમંત્રીશ્રી પ્રજાસત્તાકના દિવસની ઉજવણી કરવા આવ્યા હતા એ દિવસે માતાના ટ્રસ્ટમાંથી ૪૨ લાખ રૂપિયાનો મંડપનો ખર્ચ કરવામાં આવ્યો એ એમને પોષાયું અને ગરીબ મજૂરો જે ત્યાં ભોજનાલયમાં જમવા જાય છે તે પોષાતું નથી.

અધ્યક્ષશ્રી : *(xxx) એ જે કહ્યું એ શબ્દો કાઢી નાંખવામાં આવે છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : એ જ રીતે બીજી વાત કહું તો ચર્ચાઓ બહુ થાય છે, આ સત્ર જ્યારથી બેઠું ત્યારથી વારંવાર સાંભળવામાં આવે છે કે દરેક બાબતની અંદર સાચું કરવા, ખોટું કરવા બધી જ રીતે કામ કરવા સરકાર અડીખમ છે ત્યારે મને એક વાત કહેવાનું મન થાય છે કે, વિકાસશીલ ગુજરાતની અંદર અડીખમ મારું ગુજરાત અડીખમ, ભ્રષ્ટાચાર કરવામાં પણ અડીખમ, કોરોના મહામારીમાં ગરીબ લોકો અને મજૂરો પાસે માસ્કના નામે પૈસા ઉઘરાવવામાં પણ અડીખમ, ગુજરાતની અંદર બેરોજગારી વધારવામાં પણ આ સરકાર અડીખમ છે, સરકારી ખર્ચે *(xxx) કરવામાં પણ અડીખમ છે.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ કાઢી નાંખવામાં આવે છે. આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી કનુભાઇ ક. પટેલ(સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અનુદાનો માટેની માગણીઓ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપી અને મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો મારા વિસ્તારની અંદર ઘણાં સમયથી મારું એક ચરલ ગામ છે તે ગામનો ખૂબ જટિલ પ્રશ્ન હતો અને માનનીય સૌરભભાઇ તે પ્રશ્નનું નિરાકરણ લાવ્યા તે બદલ આખા ગામ વતી અને મારા વિસ્તાર વતી હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું, આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એ ગામનો પ્રશ્ન સોલ થઇ ગયો છે અને ટૂંક સમયમાં તેમને વીજ જોડાણ પણ મળી જશે તેના માટે પણ હું વિનંતી કરું છું. મારા બીજા બે-ત્રણ સૂચનો છે કે વીજ જોડાણો જયારે આપણે ગામતળની વાત કરીએ તો ગામતળ પહેલેથી જ નક્કી થયેલું છે અને તે વસતિ વધારો થવાના કારણથી ઘણા બધા લોકો ગામતળથી બહાર પોતાના ખેતર હોય ત્યાં આગળ રહેવા જતાં હોય છે તો આપણો જે ૫૦૦ મીટરનો કાયદો છે તેનાથી થોડોક વધારીને તેને જો વીજ કનેકશન આપવામાં આવે તો તેના માટે મારું એક સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે પહેલાંની વીજળીની વ્યવસ્થાની વાત કરીએ તો મને બાળપણની વાત યાદ આવે છે. પહેલાં આપણાં કુટુંબની અંદર કોઇ ઘરડો વ્યકિત હોય અને તે બિમાર થયા હોય અને ત્યારે આપણે નાની મોટી દવાની બોટલ લાવ્યા હોય ત્યારે એ બોટલ ખાલી થાય આ હું વ્યવસ્થાની વાત કરું છું તે બોટલને આપણે ગરમ પાણીની ધોઇ અને જે ઢાંકણું હોય તેની ઉપર કાણું પાડીને આપણી માતા-બહેનની જૂની સાડી હોય તે સાડીને તેની અંદર પરોવી અને તેની અંદર ઘાસતેલ પૂરી અને વીજળી જેવી વ્યવસ્થા તે વખતે જૂના જમાનામાં હતી ત્યારે આપણે અત્યારે ઘરમાં તો વીજળી મળે છે પણ ખેડૂતોને પણ પૂરતી વીજળી પૂરી પાડવાનું કામ કર્યું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વ્યવસ્થાની વાત કરીએ તો ખેડૂતોની જયારે ખેતી વીજ જોડાણની વાત કરીએ તો તેની અંદર અમુક અમુક જે બે નાના નાના સૂચન છે કે જે ટ્રીપિંગ અને સીંગલ ફેઇઝ લાઇટો જે છે ખેડૂત જયારે પાણી વાળતો હોય છે ત્યારે તે પાણી તેના ખેતર સુધી પહોંચે અને કયાંક અમુક વખત એવુ ટ્રીપિંગ થઇ જાય અને અડધો કલાક પછી લાઇટ આવે તો ફરીથી તેણે અડધો કલાક સુધી પાણી પહોંચતા વાર થાય તો આ ટ્રીપિંગ અને સીંગલ ફેઇઝની લાઇટ છે તેમા પણ થોડોક ટેકનિકલી સુધારો કરવામાં આવે તે માટે પણ મારું સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, જયારે ઉદ્યોગોની વાત કરવામાં આવે તો આ સરકારની અંદર આપણે કોરોનાના કાળની અંદર જોયું કે માત્ર રોટલી આપવા માટે નહીં પણ રોટલી કમાતા પણ શીખવાડતી આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. એ રોટલી તો આપે છે તેમ છતાં નાના મોટા જે એમએસએમઇ ઉદ્યોગો હોય તેના માટે સરસ મજાની યોજનાઓ લાવે છે અને તે પોતે આત્મનિર્ભર બને તેના માટેની યોજના છે અને રોટલી કમાતા પણ શીખવાડે છે તે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. બીજું, હમણાં શ્રી દુષ્યંતભાઇએ પણ વાત કરી કે સીએસઆરનું જે ફંડ છે તે સિવિલ સોશિયલ રીસ્પોન્સીબીલીટી તે આ ઉદ્યોગો જે સીએસઆરનું ફંડ છે તે જયારે તેમની બધી બ્રાન્ચો મુંબઇમાં હોય, દિલ્હીમાં હોય ત્યાં અલગ અલગ જગ્યાએ વપરાતું હોય છે તો એમણે પણ સૂચન કર્યું છે અને મારો પણ તેમા ટેકો છે કે સીએસઆર ફંડ જો સ્થાનિક વિસ્તારને વિકસાવવામાં આવે તો તેના માટેનું મારું એક સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, મારા વિસ્તારની અંદર ઘણી બધી ઔદ્યોગિક કંપનીઓ આવેલી છે અને આ કોરોના કાળ દરમિયાન પણ ઘણી બધી કંપનીઓ શિફટ થઇને ભારતની અંદર આવે છે અને ભારતની અંદર ગુજરાતની અંદર મારા

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વિસ્તારની અંદર ઘણી બધી કંપનીઓ આવી છે અને હજુ પણ ઘણી બધી કંપનીઓ આવી રહી છે અને તેનાથી ઘણો બધો રોજગાર પણ ઉભો થવાનો છે તો આ સ્થાનિક રોજગારી છે તેના માટે પણ એક સૂચન છે કે સ્થાનિક રોજગારી આપણે ૮૫ ટકા સુધીની આપે છે અને જયારે આપણે જમીન સંપાદન કરતા હોઇએ છીએ ત્યારે સ્થાનિક લોકોએ આ સંપાદનમાં તેમની જમીનો આપી હોય છે તો સ્થાનિક તાલુકો અને જિલ્લાની અંદર જો કંઇક વ્યવસ્થા કે પર્સન્ટેજવાઇઝ નક્કી કરવામાં આવે કે સ્થાનિક તાલુકા અને જિલ્લાને આટલી રોજગારી આપવામાં આવે એવુ મારું સૂચન છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને મારું સમર્થન છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇની રાહબરી હેઠળ માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ ઉદ્યોગ અને ખાણ ખનીજની માગણી નંબર-૪૯,૫૦ લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તત્કાલિન મુખ્યમંત્રી અને આપણા દેશના લોકલાડિલા વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઇ એ ગુજરાતની ઔદ્યોગિક ક્રાંતિના જનક છે એમ ચોક્કસ કહી શકાય. તત્કાલિન મુખ્યમંત્રીશ્રી મોદી સાહેબે વર્ષ ૨૦૦૩માં ગ્લોબલ ઇન્વેસ્ટમેન્ટ સમિટના માધ્યમથી ગુજરાતને ભારતના જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના ઔદ્યોગિક તખ્તા ઉપર મૂકયુ હતું. મહારાષ્ટ્રથી અલગ થયા પછી ગુજરાત મોટાભાગે કાપડ અને ખેતી ઉદ્યોગ પર આધારિત હતું. ઉદ્યોગોના વિકાસ માટે જીઆઇડીસીની રચના કરવામાં આવી પરંતુ ઉદ્યોગોના વિકાસ માટે જરૂરી એવી વીજળી, પાણી, સ્કીલ મેઇન પાવર, રોડ, બંદરો, ગેસ, પર્યાવરણની સુવિધા અને ખાસ કરીને કાયદો અને વ્યવસ્થાની સુવિધા પાંગળી હતી. ઠેર ઠેર ઔદ્યોગિક અશાંતિ હતી. આના લીધે ભારતીય જનતા પાર્ટીની સરકારે તત્કાલિન માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈની આગેવાની હેઠળ ઔદ્યોગિક વિકાસ માટેના વીજળી, પાણી અને ઔદ્યોગિક સ્કિલ મેનપાવર માટેના પગલા લીધા અને ગુજરાત આત્મનિર્ભર બન્યું. ઉદ્યોગો અને મૂડી રોકાણ માટે ગુજરાત Best destination for investment બન્યું. ગુજરાત વિદેશી રોકાણકારો માટે પણ એક Best destination બન્યું છે એનો જ્વલંત પુરાવો કોરોનાકાળ દરમિયાન ગુજરાતમાં આવેલા મૂડી રોકાણો દ્વારા જોઈ શકાય છે. એપ્રિલ-૨૦૨૦થી સપ્ટેમ્બર-૨૦૨૦ દરમિયાન ગુજરાતમાં રૂપિયા ૧ લાખ ૧૯ હજાર કરોડનું નોંધપાત્ર વિદેશી રોકાણ થયું છે. આ સમગ્ર દેશમાં થયેલા વિદેશી રોકાણના ૫૩ ટકા જેટલું છે એટલે કે સમગ્ર ભારતમાં સૌથી વધુ રોકાણ ગુજરાતમાં થયું છે. આ માટે માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ અને માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ, માનનીય સૌરભભાઈ અને ખાસ કરીને માનનીય પ્રદીપસિંહજીને પણ અભિનંદન આપવા ઘટે. જે કાંઇ પણ રોકાણ આવે છે એમાં આપણી સરકારની નીતિ, રોડ, રસ્તા, બંદર, ઊર્જા, ગેસ તેમજ કાયદો અને વ્યવસ્થાની નીતિ ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. ગુજરાત ઔદ્યોગિક વિકાસમાં કેમ આગવું સ્થાન ધરાવે છે એ માટે હું થોડી હકીકતો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત દેશના GDPમાં ૮ ટકાનો હિસ્સો આપે છે. દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાતનો હિસ્સો ૧૮ ટકા છે. દેશની કુલ નિકાસમાં ગુજરાતનો ફાળો ૨૩ ટકા છે. જે દેશમાં સૌથી વધુ છે અને નિકાસ દેશને કિંમતી હુંડિયામણ કમાઈ આપે છે. સમગ્ર વિશ્વમાં ફાર્મા ઉદ્યોગના ઉત્પાદનમાં ભારત ત્રીજા નંબરનું સ્થાન ધરાવે છે. ગુજરાત ફાર્મા ક્ષેત્રે સૌથી વધુ ઉત્પાદન કરે છે અને દેશના ઉત્પાદનમાં ૩૩ ટકાનો ફાળો આપે છે એ આપણી ગુજરાત સરકારની ઔદ્યોગિક નીતિને આભારી છે. ગુજરાતની માથાદીઠ આવક દેશની માથાદીઠ આવક કરતાં ૫૪.૮ ટકા જેટલી વધારે છે. સમગ્ર દેશમાં જે આયાત નિકાસ થાય છે એમાં સૌથી મોટો હિસ્સો ગુજરાતના બંદરોનો છે. એટલે આ સરકારને ગુજરાતના દરિયા કિનારાનો મહત્તમ લાભ લેવા માટે પણ અભિનંદન આપું છું. આપણે સૌ જાણીએ છીએ કે કોરોનાકાળ દરમિયાન ગુજરાતે એક વિશિષ્ટ કામગીરી કરી. ૧૨ લાખ જેટલા ઉદ્યોગના શ્રમિકોને પોતાના વતન પહોંચાડ્યાં. આ શ્રમિકો ફરીથી ઉદ્યોગમાં આવી ગયા છે અને જોડાઈ પણ ગયા છે. ગુજરાતના લોકોની લાગણી, નિષ્ઠા, રાષ્ટ્રીય ભાઇચારો અને વિકાસ માટેની ધગશને લીધે પરપ્રાંતીયોએ ગુજરાતને પોતાનું વતન માન્યું છે. ગુજરાતને પોતાનું ઘર માની રોજીરોટી માટે આવે છે અને પોતાના વતનમાં જઇને ગુજરાત મોડેલની ચર્ચા કરે છે. અમારા માનનીય પ્રદેશ અધ્યક્ષ સાહેબે શ્રમિકો માટે ટ્રેનની ઘણી વિશિષ્ટ વ્યવસ્થા કરી તેમને પણ અભિનંદન આપું છું. મારા વિપક્ષના મિત્રોએ વારંવાર પ્રશ્નોતરી દરમિયાન GIDC આપવાની વાત કરી પણ આજે ઉદ્યોગ વિભાગની માંગણી અને ઉદ્યોગોના વિકાસ માટેની વાતમાં કોઇએ પણ GIDC ની વાત કરી નહિ. હું ખાસ કરીને શ્રી નીતિનભાઈને અભિનંદન આપીશ કે આપણા આ બજેટમાં રાજ્યના જુદા જુદા વિસ્તારના ઔદ્યોગિકીકરણને પ્રોત્સાહન આપી સ્થાનિક રોજગારી વધે તે માટે બનાસકાંઠા, જામનગર, ગાંધીનગર, અમરેલી, રાજકોટ, પાટણ, આણંદ, મહિસાગર અને મોરબી જિલ્લામાં GIDC દ્વારા નવી ઔદ્યોગિક વસાહત સ્થાપવાનું આયોજન કરેલ છે. દહેજ, સાયકા, અંકલેશ્વર, હાલોલ, સાણંદ, વાપી અને લોધિકા એ ઓલરેડી ઔદ્યોગિક વસાહતો છે પરંતુ એને વધુ સુવિધા સાથે મોડેલ એસ્ટેટ તરીકે વિકસાવવામાં આવશે એ માટે પણ સરકારને અભિનંદન આપું છું. ખાસ કરીને સરીગામ, વાપી, સચિન, અંકલેશ્વર, પાનોલી, ઝઘડિયા અને સાવલી ખાતે MSME યુનિટ માટે વિકસિત ઔદ્યોગિક વસાહત અને ત્યાં જમીન ઓછી હોવાથી મલ્ટીલેવલ શેડનું આયોજન કરેલ છે એના લીધે નાના ઉદ્યોગોને ફાયદો થશે. MSME એ વિકાસ અને રોજગારી માટેનું ઉત્તમ ક્ષેત્ર બન્યું છે. રાજ્યમાં ૧૦૦ જેટલાં MSME કલસ્ટર છે. રાજ્યમાં MSME નું યોગદાન નોંધપાત્ર છે અને આ વર્ષની એક મહત્ત્વની બાબત એ કહી શકાય કે MSME સીધું ઉત્પાદન પ્રક્રિયામાં જઈ શકે છે. સીધું ઉત્પાદન પ્રક્રિયામાં જઇ શકે છે. કોઇપણ જાતની પરવાનગી કે લાયસન્સ વગર

ઉત્પાદન શરૂ કરી શકે છે અને ઉત્પાદન કર્યાના ત્રણ વર્ષની અંદર કાયદાકીય પરવાનગી કે લાયસન્સ લઇ શકે છે. આ અભૂતપૂર્વ નિર્ણય ઉદ્યોગોને વેગ આપવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇએ લીધો છે, જેને હું અભિનંદન આપું છું. ગુજરાત કેમ સૌ પ્રથમ સ્થાને છે, એના માટે આપણી સરકારે વિકસાવેલી વિવિધ ઇન્ફ્રાસ્ટ્રકચર છે. ખાસ કરીને, ગેસની જે પાઇપ લાઇન છે એ ૪૬૧૬ કિ.મી. લાંબી ગેસ પાઇપલાઇન છે. ગુજરાતની ઇન્સ્ટોલ પાવર કેપિસિટી ૩૪૫૪૪ મેગાવોટથી વધુ છે. જળસંચય અભિયાન અને નર્મદાના લીધે ગુજરાતમાં પૂરતા પ્રમાણમાં પાણી છે. ગુજરાતના મહાનગરો, બંદરો, ઔદ્યોગિક વિસ્તારને નેશનલ હાઇવે સાથે જોડીને અભૂતપૂર્વ વિસ્તાર અને પહોળા રસ્તાનું નેટવર્ક તૈયાર છે, જેના લીધે ઉત્પાદન માટેના કાચામાલ અને ઉત્પાદિત માલની ઝડપથી હેરફેર થઇ શકે છે. ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણ રીતે કાર્યરત છે. હું માંગણીને સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરુ થાય છે. આભાર. માનનીય વિમલભાઇ ચુડાસમા.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા (સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદર અને ઊર્જા વિશે મારી વાત રજૂ કરવા માંગુ છું ત્યારે મારી ૯૦ સોમનાથ વિધાનસભામાં વેરાવળ શહેર આવેલું, તે ગુજરાતનું મોટામાં મોટુ બંદર છે અને એ બંદર કોંગ્રેસની સરકાર વખતે બનેલું. ખાસ કરીને, તેમાં ૫૦૦૦થી વધારે માછીમારોની બોટો છે અને પૂરા ભારતનું એકસપર્ટનું સૌથી મોટું હબ છે. ત્યારે એ જેટીને કયારેય રીપેર કરવામાં આવી નથી કે એની ક્ષમતા વધારવામાં આવી નથી. ત્યારે આપના માધ્યમથી મંત્રીશ્રીને કહેવા માગું છું કે, એ જેટીની ક્ષમતા વધારવામાં આવે, એનાથી માછીમારો ભાઇઓ વધારે બોટો રાખી શકશે અને વેરાવળ તાલુકો અને વેરાવળ શહેરના હજારો લોકોને ત્યાં રોજગારી મળે છે અને ક્ષમતા વધારવાથી વધારે રોજગારી મળી શકશે. ખાસ કરીને, ૧૨ તારીખના રોજ ત્યાં જેટીના કિનારે ત્રણ બોટ ફસાયેલી. એનું કારણ આજ દિન સુધી ત્યાં તેનું ડ્રેઝીંગ કરવામાં ન આવ્યું અને કાંપ કાઢવામાં ન આવ્યો. જો કાંપ કાઢવામાં આવેલ હોત તો આ બોટો ફસાત નહી અને એ બોટોના માલિકોને લાખો રૂપિયાનું નુકસાન ગયું છે. એટલે મારી આપના માધ્યમથી મંત્રીશ્રીને નમ્ર વિનંતી છે કે, ત્યાં ડ્રેઝીંગ કરવામાં આવે, તેનાથી માછીમારોને નુકસાન ન થાય. જયારે મારા વતન ચોરવાડમાં જેટી મંજૂર કરવામાં આવી છે, આ બજેટમાં લેવામાં આવી છે ત્યારે આપના માધ્યમથી મંત્રીશ્રીને અભિનંદન આપું છું પણ ત્રણ વર્ષના સમયગાળામાં કે બજેટ સમયમાં જેટલી જેટીઓ મંજૂર કરવામાં આવી છે, એ જેટીના ખાતમુહૂર્ત થયા છે પણ એકપણ જેટીનું કામ ચાલુ કરવામાં આવ્યું નથી. એટલે અમારા ચોરવાડની ૫૦થી ૬૦ ટકા જેટી તો બનેલી છે, એ કોંગ્રેસની સરકાર વખતની બનેલી હતી અને બાકીની જેટી આપના માધ્યમથી મંત્રીશ્રીને કહેવા માગું છું કે, પાછું બજેટ આવે એની પહેલા બની જાય તો આપનો ખૂબ ખૂબ આભાર માનીશ. કારણ કે ચોરવાડ અને આજુબાજુના ગામડાંના લોકોને એક મોટી રોજીરોટી મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, મારું સોમનાથ વિધાનસભામાં વેરાવળ તાલુકામાં નાવદરા ગામ આવેલું, જે નાવદરા ગામમાં ૬૬ કે.વી. અને મારા વતન ચોરવાડમાં ૬૬ કે.વી. અંદાજિત બેથી ત્રણ વર્ષથી બંધ હાલતમાં છે અને જો એ તાત્કાલિક ધોરણે ચાલુ કરવામાં નહી આવે તો એની ખંડેર જેવી પરિસ્થિતિ થઇ જશે. કારણ કે ખાસ કરીને સરકાર કરોડો રૂપિયા ખર્ચો કરે છે તો તાત્કાલિક ધોરણે આ બંને ૬૬ કે.વી. ચાલુ કરવામાં આવે, જેથી ખેડૂતોને અને લોકોને તેની સુવિધા મળી શકે. મારા વેરાવળ તાલુકામાં જયારે સરકારે વાત કરેલી કે, ગીર સોમનાથમાં તમામ ખેડૂત ભાઇઓને દિવસે વીજળી આપવામાં આવશે ત્યારે વેરાવળ તાલુકામાં એક જ ફીડરમાં દિવસમાં વીજળી આપવામાં આવે છે અને બાકીના ફીડરોમાં દિવસમાં વીજળી આપવામાં આવતી નથી. વેરાવળ તાલુકો ગીરમાં આવેલો છે ત્યાં દીપડાનો મોટો ત્રાસ છે, તેનાથી ઘણું બધું ખેડૂતોને નુકસાન થાય છે એટલે આપના માધ્યમથી મંત્રીશ્રીને કહેવા માગું છું કે, મારા વેરાવળ તાલુકામાં દિવસના વીજળી આપવામાં આવે તેનાથી ખેડૂતો શાંતિથી પોતાની ખેતી કરી શકે. આ સાથે મારી વાત પૂરી કરું છું. આભાર.

શ્રી સૌરભ પટેલ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણીઓ લઇને આવ્યો છું, એમાં ૧૬ જેટલા માનનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો છે તેઓએ એમના વિચારો રજૂ કર્યા છે એ બદલ એ સૌનો હું આભાર વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા વિભાગની પહેલા વાત કરું છું. છેલ્લા બે દાયકામાં ઘણો બધો બદલાવ આ વિભાગમાં આવ્યો છે.શરૂઆતમાં આપણે વાત કરતાં હતા વીજળી પૂરી પાડવાની, ૨૪ કલાક વીજળી આપવાની, ખેડૂતોને કનેકશન આપવાની, ગુણવત્તાવાળી વીજળી આપવાની આ બધા જ વિષયોમાં મેં આજે જોયું કે એની કોઇ ખાસ ચર્ચા થઇ નથી. કારણ કે છેલ્લા બે દાયકાની અંદર જે કંઇ માગણીઓ લોકોની હતી એ સંતોષકારક રીતે પૂરી કરવામાં આવી છે. આજે દુનિયાની અંદર વાતો થાય છે એ રીન્યુએબલ એનર્જીની થાય છે. એટલે મારે મારી શરૂઆત રીન્યુએબલ એનર્જી વિશે કરવી છે.

મને યાદ છે એ વખતે વર્ષ ૨૦૦૨માં આદરણીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રીશ્રી હતા અને ઊર્જા વિભાગની જવાબદારી હતી ત્યારે અમે દેશમાં કોલ માઇન્સ માટે ફરતા હતા. કારણ કે પીટહેડ ઉપર કોલસો લાવીએ અને પીટહેડ ઉપર પ્લાન્ટ નાંખીએ તો વીજળી સસ્તી પડતી હતી. કારણ કે વર્ષ ૧૯૬૦ પછી ગાંધીનગરની અંદર વીજ મથક નાંખવામાં આવ્યું, વણાકબોરીમાં નાંખવામાં આવ્યું, સિક્કામાં નાંખવામાં આવ્યું અને કોલસો આવે કયાંથી? તો એ ખૂબ દૂરથી આવે એટલે કોલસાનું ભાડું કોલસાના ભાવ કરતાં વધારે થતું હતું. એટલે આ બંધ કરાવવા માટે પીટહેડ કોલની વાત કરી. એ દિવસો અને આજના દિવસો જોઇએ. આજે કોઇ કોલસાથી વીજળી પેદા કરવાની વાત કરતું નથી. આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ નિર્ણય

લીધો છે કે ગુજરાતમાં જે કોઇ વીજ ઉત્પાદન થશે એ હવે માત્રને માત્ર રીન્યુએબલ એનર્જીનું થશે, સોલરનું થશે અને વિન્ડનું થશે. આપણા માટે આનંદની વાત છે કે આપણા દેશના નેતૃત્વ આદરણીય નરેન્દ્રભાઇ મોદીજીએ સોલર એનર્જી અને રીન્યુએબલમાં આખા દુનિયાનું નેતૃત્વ લીધું છે એટલે આપણી જવાબદારી વધે છે. ભવિષ્યની પેઢી માટેની આપણી જવાબદારી વધે છે. પેરીસમાં ૧૯૦ જેટલા દેશો ભેગા થયા હતા અને એ ૧૯૦ દેશોએ કરાર કર્યો કે આપણે રીન્યુએબલ એનર્જી પર ધ્યાન આપવું પડશે. નહિતર કલાઇમેટ ચેઇન્જના ખૂબ મોટા ઇસ્યુ બનશે. પછી આદરણીય નરેન્દ્રભાઇ દિલ્હીની અંદર સોલર એલાયન્સ ફોર્મ કર્યું  ઇન્ટરનેશનલ સોલર એલાયન્સ, ફ્રેન્ચ પ્રેસિડેન્સ આવ્યા અને દુનિયાના ૧૨૦ જેટલા નેતાઓ આવ્યા અને બધાએ કમિટમેન્ટ કર્યું, એગ્રીમેન્ટો કરે છે કે આવતા દિવસોમાં આપણે આપણે ત્યાં રીન્યુએબલ એનર્જી માટે પ્રોત્સાહન આપવાનું અને કોલસા આધારિત વીજળી વપરાશ ધીમે ધીમે ઓછો કરવાનો. એ ધ્યાનમાં રાખીને ગુજરાતે સોલર પોલિસી બહાર પાડી અને આજની તારીખમાં ૩૧-૧૨-૨૦૨૦ કન્વેશનલ ૧૯૩૧૫ મેગાવોટ છે, રીન્યુએબલ ૧૨૨૬૭ મેગાવોટ છે અને આ રીન્યુઅલનો આવતા બે વર્ષની અંદર ૨૦૨૨માં આપણો ટાર્ગેટ બાર હજાર મેગાવોટથી વધીને  વીસ હજારે પહોંચાડવાનો છે. સન ૨૦૨૫ સુધીમાં ૪૦૮૫૬ પહોંચવાનો ટાર્ગેટ છે અને ૨૦૩૦ સુધીમાં ૬૭,૩૫૬ મેગાવોટે પહોંચવાનો ટાર્ગેટ છે અને એમાંથી ૨૦ હજાર મેગાવોટ ગુજરાતની બહાર જશે. એટલે ૬૭ હજાર મેગાવોટમાંથી ૨૦ હજાર મેગાવોટ ગુજરાતની બહાર જશે અને એ પ્રમાણેનું  આયોજન વર્ષ ૨૦૩૦ સુધીનું કરીને બેઠા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કેવી રીતે કરવા માગીએ છીએ એની પણ થોડીક જાણકારી આપવા માગું છું.  એક છે ગુજરાત સોલર પોલિસી, ગુજરાત વિન્ડપાર્ક પોલિસી, ગુજરાત વેસ્ટ એનર્જી પોલિસી, આખું પોલિસી આધારિત આપણે આગળ વધવા જઇ રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, રેસિડેન્શિયલ માટે રૂફટોપ પોલિસી કાઢી, વિગતવાર ડિટેઇલ આપીશ. ઇન્ડસ્ટ્રીયલ અને કોમર્શીયલ માટે કેપ્ટીવ યુઝની પોલિસી કાઢી. એની વિગત આપું. ઇન્ડસ્ટ્રીયલ અને કોમર્શીયલ માટે થર્ડ પાર્ટી સેલની પોલિસી કાઢી. તેની પણ વિગત આપું અને આપણે જે ખરીદીએ છીએ તેના માટે પણ જુદી પોલિસી કરી. તેની પણ વિગત આપું. ટૂંકમાં જે પોલિસી કરી છે, ગુજરાતમાં કોઇ પણ વ્યક્તિ ખેડૂતો હોય કે મોટો ઉદ્યોગકાર હોય. પોતાના ઘરના રૂફટોપ પર હોય કે પોતાની જમીન ઉપર હોય. ગમે ત્યાં ગમે તે કેપેસિટીની વીજળીનું ઉત્પાદન કરી શકે છે. તેને કોઇ જગ્યાએ ક્યાંય રોકવામાં આવશે નહીં. જે વીજળી પોતે વાપરવી હોય તે વાપરી શકે છે અને વધારાની વીજળી જે જુદા જુદા ભાવો અમે પોલિસીમાં નક્કી કર્યા છે એ પ્રમાણે વીજળી ખરીદીશું. આખા દેશમાં ગુજરાત એક માત્ર રાજ્ય છે કે જેણે સોલરની અંદર સંપૂર્ણપણે ફ્રી માર્કેટ કરીને બધાને જેટલું નાખવું હોય એટલી છૂટ આપી દીધી છે. એટલે આ ૬૭,૦૦૦ના ટાર્ગેટની વાત કરીએ છીએ એ અમને સંપૂર્ણપણે વિશ્વાસ છે કે પૂર્ણ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, રેસિડેન્શિયલ રૂફટોપની વાત કરું, હમણાં સભ્યશ્રી અનિલ જોષીયારાજીએ થોડી વાત કરી. ગુજરાતની અંદર આજની તારીખમાં ૯૪૩ મેગાવોટ એટલે દેશનું ૨૨ ટકા શેર સાથે સોલર રૂફટોપમાં ગુજરાત પહેલા નંબર ઉપર છે. ૪૦ ટકા સબસિડી ૩ કિલોવોટ સુધી આપીએ છીએ. ૨૦ ટકા સબસિડી ૩ કિલોવોટથી ૧૦ કિલોવોટ સુધી આપીએ છીએ. મને કહેતા આનંદ થાય છે કે આદરણીય નરેન્દ્રભાઇ મોદીજીએ જે કેન્દ્રની નીતિ છે તેની અંદર આ સાલમાં રૂપિયા ૭૦૦ કરોડ અને આવતી સાલમાં રૂપિયા ૮૦૦ કરોડ, ૧૫૦૦ કરોડ રૂપિયા ગુજરાતને મોકલાવ્યા છે. રૂફટોપની અંદર આખા દેશમાં સૌથી વધારે રૂપિયા કેન્દ્ર સરકારે મોકલ્યા હોય તો એ ગુજરાતને ૧૫૦૦ કરોડ રૂપિયા મોકલ્યા છે. મને કહેતા આનંદ થાય છે કે આપણો જે લક્ષ્યાંક છે એ સંપૂર્ણપણે પૂરો કરવા જઇ રહ્યા છીએ. વાપર્યા પછી વધે એ અમે ૨ રૂપિયા અને ૨૫ પૈસે યુનિટના ભાવે ખરીદીએ છીએ. આજની તારીખમાં અમે જેટલી એપ્લીકેશન રિસીવ કરી છે તેની અંદર ગઇ સાલ ૧,૧૬,૦૦૦ ઘરોની અંદર ઓલરેડી રૂફટોપ થઇ ગયા છે અને ૭૯,૦૦૦ આ વર્ષે ઓલરેડી કામ ચાલુ છે અને એપ્લીકેશન રિસીવ થઇ ગઇ છે. અમારો ૩ લાખનો ટાર્ગેટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જોષીયારાજી, આપે જે વાત કરી કે ૭ રૂપિયા અને ૩૫ પૈસે યુનિટ આપો. આપવાની અમારી કોઇ ઇચ્છા નથી. અમને જ્યારે ૨ રૂપિયા અને ૨૫ પૈસા મળતા હોય તો ભાજપની સરકાર ૭ રૂપિયા ૩૫ પૈસા આપવા ઇચ્છતું જ નથી. આપે જે ગ્રોસ મીટરિંગ અને નેટ મીટરિંગની વાત કરી. મારે આપને એટલું જ કહેવું છે કે આ ગ્રોસ મીટરિંગના રુલ્સ છે એ રાઇટ ટુ કન્ઝ્યુમર રુલ્સ-૨૦૨૦માં હમણા કેન્દ્ર સરકારે બદલ્યા છે. કેન્દ્ર સરકારે હમણા જ હાઉસની અંદર જવાબ પણ આપ્યો છે. શ્રી સુશીલકુમાર મોદીજીએ સવાલ પૂછ્યો હતો અને એનો હાઉસની અંદર ૧૬-૩એ જવાબ આપ્યો છે. "Representations have been received from various stake holders under MSME sector for carrying out amendments and provisions related to roof top solar system. These representations have been examined and it has been decided to carry out amendments in the rules. The amendments have been made in the Electricity Rules 2020 under the laid procedure." એટલે મારે આપને કહેવું છે કે નેટ મીટરિંગની પ્રથા અને ગ્રોસ મીટરિંગની પ્રથાના જે નિયમો બદલ્યા છે એ કેન્દ્ર સરકારે બદલ્યા છે અને કેન્દ્ર સરકાર આની અંદર વિચારે છે અને સંપૂર્ણપણે ગ્રાહકને ફાયદો થશે. ૧૦ કિલોવોટ એટલે કોણ? માત્રને માત્ર મોટા માણસો. મને કહેતા આનંદ થાય છે કે ગુજરાતમાં ૨૪ ટકા હિસ્સો ૨ કિલોવોટથી ૩ કિલોવોટનો છે. ૪૬ ટકા હિસ્સો ૩થી ૪ કિલોવોટનો છે અને ૧૨ ટકા હિસ્સો ૪ કિલોવોટથી ૫ કિલોવોટનો છે. ૧૦ ટકા હિસ્સો ૫ કિલોવોટથી

૬ કિલોવોટનો છે. આપે જે ૧૦ કિલોવોટથી ઉપરની વાત કરી એ ૦.૩૯ ટકા છે. અમારે ૦.૩૯ ટકા માટે નિયમો બનાવવાના નથી. અમારે ગરીબ માણસો, સાધારણ ઘરના લોકો માટે બનાવવાના છે. અમને ખોટા પૈસા લેવામાં કોઇ રસ નથી એટલે મહેરબાની કરીને આવા લોકોના પક્ષ ખેંચવાના બંધ કરો.

માનનીય અધ્યક્ષશ્રી, આ આપણા વિચારો છે, આ આપણું વિઝન છે, આ આપણું સપનું છે. પહેલા કોઇએ વિચાર ન કર્યો એ ગુજરાતે વિચાર્યું, આદરણીય નરેન્દ્રભાઇ, આદરણીય વિજયભાઇ, આદરણીય નીતિનભાઇ, રેવન્યુ વિભાગ બધાએ ભેગા થઇને નક્કી કર્યું કે આપણી ગુજરાતની જે પડતર જગ્યા છે એ પડતર જગ્યામાં દુનિયાનો સૌથી મોટો રીન્યુએબલ પાર્ક બનાવીએ અને ૭૨ હજાર હેકટરમાં હાઇબ્રીડ પાર્ક બનાવ્યો છે. એમાં બોર્ડરથી ૬ કિલોમિટર છોડી માત્ર એક્સક્લુઝીવ વીન્ડ પાર્ક બનાવ્યો છે અને એ વીન્ડ પાર્કની અંદર ૩ હજાર મેગાવોટ સેકીને આપ્યું છે જે કેન્દ્ર સરકારની કંપની છે, તમે આની અંદર બીડ કરો અને વીન્ડના પ્લાન્ટ નાંખી તમારે એને જયાં લઇ જવું હોય ત્યાં લઇ જાવ. હાઇબ્રીડ પાર્ક, વીન્ડ અને સોલર એના ૪૯૬૦૦ હેકટર રાખ્યા છે, ૧૦ હાઇબ્રીડ એટલે શું? તો ત્યાં સોલર પણ આવે અને વીન્ડ પણ આવે એટલે વીન્ડનો એક પંખો આવે, એની આજુબાજુ જગ્યા હોય એની અંદર સોલર આવે, જે ટ્રાન્સમીશન નેટવર્ક વીન્ડ માટે કરી હોય એજ ડબલ કામમાં આવે એટલે આપણો ખર્ચો બચે. આખી દુનિયાનો સૌથી મોટો હાઇબ્રીડ પાર્ક ગુજરાતમાં બનશે. અમે ટાર્ગેટ આપ્યો છે કે દસ વર્ષની અદર સંપૂર્ણ આ પાર્ક પૂર્ણ થવું જોઇએ. આનું જે ટ્રાન્સમીશન નેટવર્ક છે એ પાવરગ્રીડ બનાવે છે. મારે આજે આદરણીય નરેન્દ્રભાઇ, આદરણીય અમિતભાઇ અને આદરણીય રાજનાથસિંહજીને ખૂબ ખૂબ અભિનંદન આપવા છે. અનેક અનેક બેઠકો દિલ્હીમાં કર્યા પછી ડિફેન્સની મંજૂરી મળી અને આ ડિફેન્સની મંજૂરીને કારણે આપણા પ્રધાનમંત્રીશ્રીએ આ પાર્કનું ખાતમુહૂર્ત કર્યું. આવા સપના લઇને અમે આવ્યા છીએ, આવા વિચારો લઇને અમે આવ્યા છીએ અને આ વિચારો અને આ સપના એ અમે આવતા દિવસોમાં પૂરા કરીશું. મારે એક વાત કહેવી છે કે આપણે ખાલી ગુજરાતનું જ હિત નથી જોતા, આપણે આખા દેશનું હિત જોઇએ છીએ. લોકો કહે છે કે અમારે ગુજરાતમાં જ મૂડીરોકાણ કરવું છે. કેન્દ્ર સરકારની એક કંપની છે સેકી જે રેગ્યુલર બીડસ કરે છે અને બીડ કર્યા પછી જુદા રાજયો એની પાસેથી બીડ ખરીદે છે. એની જોડે પી.પી.એ. કરે છે એટલે જુદા પી.પી.એ. ન કરવા પડે. સેકીએ ૮ બીડ કર્યા, ૧૧,૪૦૦ મેગાવોટના બીડ કર્યા, એમાંથી ૯,૩૬૯ બીડ એમણે આપ્યા. કુલ ૯,૩૬૯ મૂડી રોકાણ કરનારાઓમાંથી ૬,૭૮૬એ ગુજરાતની પસંદગી કરી છે અને એ બધું કચ્છ વગેરે વિસ્તારમાં આવવાનું છે. આ ૬,૭૮૬ મેગાવોટનું તો હું મારા ગણિતમાં ગણતો નથી. આવતા બાર મહિનામાં આ ૬,૭૮૬ મેગાવોટનું ઉત્પાદન શરૂ થઇ જવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલી વીજળી અમે કેવી રીતે ખરીદીએ છીએ એની પણ હું વાત કરું. અમને કહેતા દુઃખ થાય છે કે વીજળી ગુજરાત સરકાર જ ઉત્પાદન કરે? બીજા કોઇએ ઉત્પાદન કરવાનું નહીં? દરેક વિભાગ કેવી રીતે લોકોને લાભ થાય એની ચિંતા કરે છે. દા.ત. એ.એમ.ટી.એસ. હોય તો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન શું બધી બધો ખરીદે છે? એ જરૂર પડે તો ભાડે રાખે, એને તો પેસેન્જર લઇ જવાથી મતલબ છે. ગુજરાતની અંદર વર્ષે ૩ હજાર મેગાવોટ થતું હોય તો ૧૨ હજાર કરોડ રૂપિયાનું મૂડીરોકાણ લાવે કોણ? શું આપણા બજેટમાંથી આદરણીય નીતિનભાઇ ૧૨ હજાર કરોડ રૂપિયા આપે? જયારે મારું ટોટલ બજેટ રૂપિયા ૧૩ હજાર કરોડ હોય, એટલે કેન્દ્ર સરકાર વર્ષ ૨૦૧૩માં ઇલેક્ટ્રિસિટી એકટ લાવ્યા. યુ.પી.એ. સરકારમાં મનમોહનસિંહ લાવ્યા. ડો. મનમોહનસિંહે કીધું કે આપણે ઇલેક્ટ્રિસિટી એકટમાં છૂટું કરો અને ઇલેક્ટ્રિસિટી ખાનગી કંપની પાસેથી ખરીદવાનું નક્કી કરો. સન ૨૦૦૬-૦૭માં એના ગાઇડલાઇન રૂલ્સ બન્યા. એમણે આખી ટેન્ડર પ્રોસેસ નક્કી કરી. આ બધા રાજયોને કીધું કે આ ટેન્ડર પ્રોસેસ દ્વારા જ તમારે આ બીડ કાઢવાનું, અમે એ ટેન્ડર પ્રોસેસની બીડિંગ ફોર્મ્યુલા મુજબ બીડ કાઢીએ અને સૌથી સસ્તી વીજળીનું બીડ મળતું હોય એને પસંદ કરીએ છીએ. આમાં ક્યાં ખોટું થયું? ખાનગી કંપની, ખાનગી કંપની કરો છો તો તમે ખાનગી રીક્ષામાં કેમ બેસો છો? પોતાની રીક્ષા લઇ લેવી જોઇએ. ખાનગી ટેક્સીમાં શા માટે બેસો છો? લાવો પોતાની ગાડી. ત્યારે ખાનગી યાદ નથી આવતું? રેસ્ટોરન્ટમાં ખાવા જાઓ છો ત્યારે ખાનગી ખાવાનું યાદ નથી આવતું? ઘેર બેસીને પત્નીનું બનાવેલું ખાવાનું ખાઓ. વિચારધારા તો જુઓ, મને દુઃખ એ વાતનું થાય છે કે વાત કરે છે માત્ર ૪ લોકોની. મારે હાઉસની અંદર કહેવું છે કે ગુજરાત સરકાર ૫૯૬ લોકો પાસેથી વીજળી ખરીદે છે, ૪ વ્યક્તિઓ પાસેથી નહીં. ૫૯૬ પી.પી.એ. કર્યા છે, એની અંદર ૩૨,૯૮૦ મિલિયન યુનિટ ખરીદે છે. આજે ખાનગી વીજળી માટે એ લોકોને બ્લેમ નથી કરતો. અહીંથી શું કહેવામાં આવે છે? મોંઘી ખાનગી વીજળી ખરીદો છો? મારે સ્પષ્ટપણે કહેવું છે કે જેટલા પ્રાઇવેટ યુનિટો છે એ યુનિટો પાસેથી જે વીજળી ખરીદવામાં આવે છે એ રૂપિયા ૩.૦૮ પૈસે એવરેજ વીજળી ખરીદવામાં આવે છે અને જે આપણે બનાવીએ છીએ એમાં કોલસો દૂરથી આવે છે, પ્લાન્ટો જૂના છે, ટ્રાન્સપોર્ટેશન કોસ્ટ વધારે છે એટલે આપણને રૂપિયા ૫.૪૩ પૈસે પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વાર આપણા પ્લાન્ટ કેમ નથી ચલાવતા એવું પૂછવામાં આવે છે એનો મારે જવાબ આપવો છે. મારી જરૂરિયાત પૂરી થતી હોય અને ૩.૦૮ પૈસે વીજળી મળતી હોય તો ૫.૪૩ પૈસાવાળો પ્લાન્ટ ચલાવીને પ્રજા પર ભારણ નાંખવાની જરૂરિયાત શું છે? એવું અમને આવડતું નથી. અમને ગૌરવ થાય છે કે અમે જેટલા બીડ કરીએ છીએ, આખા દેશમાં સૌથી સસ્તી વીજળીનું છેલ્લું બીડ જે નીકળ્યું હોય તો એ ૧.૯૯ પૈસાનું ગુજરાતનું નીકળ્યું છે. કેન્દ્ર સરકારની સેકી કંપનીનું બીડ નથી નીકળ્યું જે ગુજરાત સરકારનું નીકળ્યું છે. આદરણીય નરેન્દ્રભાઇ હતા, વર્ષ ૨૦૦૮-૦૯ની અંદર દેશની

પહેલી પહેલ કરી, ત્યારે ૧૫ રૂપિયે યુનિટ વીજળી ખરીદી હતી. આજે એના પૈસા ભરીએ છીએ. મને યાદ છે એ વખતે આદરણીય નરેન્દ્રભાઇએ કહ્યું હતું કે Saurabh, Gujarat has to show the way to the nation. આપણે પહેલ નહીં કરીએ તો દેશ પહેલ નહીં કરે. કેન્દ્ર સરકારે થોડી ખરીદી અને ભારણ બધાને આપ્યું. આજે શ્રી નરેન્દ્રભાઇએ નેતૃત્વ લીધું પછી એ ૧૫ રૂપિયાના ૧.૯૯ પૈસાએ આવ્યા. મારે માનનીય સભ્યશ્રીઓને કહેવું છે કે, યાદ રાખજો ૧૦ વર્ષ પછી એક જમાનો આવશે તમે તમારા ઘર ઉપર આ એકેય પેનલોની જરૂર નહીં પડે, તમારી બારીઓ, પંખાઓ અને દિવાલો ઉપરથી તમને વીજળીનું ઉત્પાદન મળશે. આ વિઝનથી જોવાય, નાના વિઝનથી ન જોવાય. એ વખતે કોલસો લાવો, ભાડું ભરો, આ ટેન્કરોના પાણીની દુનિયા નથી, આ સૌનીની દુનિયા છે. તફાવત ખબર પડી ગઇને? મારે ઘણા બધા વિષયો છે એટલે હું વીજળીમાં બે-ત્રણ વિષય ઉપર વાત કરીશ. આજે અમારા ટ્રાયબલના ધારાસભ્યશ્રીએ વાત કરી એટલે મને થયું ટ્રાયબલમાં શું છે? ખેડૂતોની કેટલી ચિંતા કરી? વર્ષ ૧૯૬૦થી ૨૦૦૨ સુધીમાં ડાંગમાં (અંતરાય) વર્ષે ૨ કનેકશન આપ્યાં. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ ડાંગથી શરૂ કરો, એટલે એમને મુશ્કેલી જ છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ડાંગની અંદર તમે ૨ કનેકશનો આપ્યાં અમે ૧૭૧ આપ્યાં. નવસારીમાં તમે ૧૨૧ આપ્યા અમે ૧૧૬૨ આપ્યા. સુરતમાં આદિવાસીમાં ૩૮૨ આપ્યા અમે ૧૬૬૮ આપ્યા. નર્મદામાં તમે માત્ર ૩૧ આપ્યા અમે ૬૯૨ આપ્યા. વલસાડમાં તમે વર્ષે ૧૧૪ આપ્યા અમે ૮૪૪ આપ્યા. ભરૂચમાં ૭૭ ની સામે ૫૨૧, આ હું તમારા અને અમારા સમયની વાત કરું છું. સાહેબ, તમે એકેએક જિલ્લો તો જૂઓ. આદિવાસીઓની ચિંતા કરી હોય તો આ સરકારે કરી છે. માત્ર ને માત્ર આદિવાસી, આદિવાસી, આદિવાસીઓની વોટબેંક ઉપરથી હવે આદિવાસીઓ સમજી ગયા.

માનનીય અધ્યક્ષશ્રી, કિસાન સૂર્યોદય યોજનાની વાત કરું. કિસાન સૂર્યોદય યોજના આ એક જ વિષય હતો કે જે દિવસે વીજળીની માંગ હતી. આમાં વિષય દિવસે આપવાનો નથી. હું આપને આ હાઉસની અંદર કહુ છું કે આવતા ૨૦ વર્ષમાં એક રાજ્ય આ કરી આપે તો મને બતાવજો જાવ. એક રાજ્ય. એનું કારણ આપને સમજાવું વિષય એકલો વીજળી આપવાનો નથી. વિષય વીજળી ઉત્પાદન કરવાનો છે. બીજી બાજુ ઉત્પાદન કરવા એના માટે ટ્રાન્સમિશન નેટવર્ક કરવાનું છે. આપણે વર્ષે ૧૫૦-૧૫૦ સબ-સ્ટેશનો નાખીએ છીએ. એ સબ-સ્ટેશનો નાખો એટલે આખું એક નેટવર્ક બન્યું અને ત્રીજું, વીજળીનું ટ્રાન્સમિશન, વીજળીનું ઉત્પાદન અને આજની તારીખમાં ૫૦૦૦ મેગાવોટ જે રાતના ખેડૂતોને વીજળી આપીએ છીએ એને સંપૂર્ણપણે દિવસે શિફ્ટ કરવાની છે. બધું સંગ્રહ થાય છે, પણ આ વીજળી એક જ એવી વસ્તુ છે કે જેનો સંગ્રહ નથી થતો. એટલે આપ વિચાર કરો પાંચ વાગે વીજળી ચાલુ કરીએ છીએ તો વીજળી પાંચ વાગે ઉત્પાદન થાય છે? વીજળીનો જે ગ્રાફ આવે છે એ ૮-૦૦ વાગે ફૂલ સૂર્ય ઉપર છે? ફૂલ સૂર્ય તો ૧૦ થી ૩ કે ૪ હોય છે. બાકીનો સમય આગળ-પાછળ શું? આગળ-પાછળની કોઇએ કલ્પના કરી છે? કેટલો અઘરો વિષય છે અને અમારે લોડ ડિસ્ટન્સ સેન્ટરને હું અભિનંદન આપું કે ૧૫-૧૫ મિનિટના અમે ૧૫૩ બ્લોક પાડ્યા હતા. એટલે અમે બધાને ફ્લેટ બનાવી શકીએ. ઉદ્યોગની વીજળી આવે, સાંજના ૭-૩૦ વાગે ઘર વપરાશની વીજળી આવે. આ બધી વીજળી આવે પછી એનો લોડ ફ્લેટ આપવાનો કે જેથી ફ્રિકવન્સી ઉપર નીચે ન થાય અને જો ફ્રિકવન્સી ઉપર નીચે થાય તો અંધારપટ થઇ જાય. એટલે આજે પણ એટલો અઘરો વિષય છે. આજે મને કહેતા આનંદ થાય છે કે આજે ઓલરેડ્ડી જે ૧૫૩ બ્લોક હતા એમાંથી ૬૫ તો થઇ ગયા અને પછી વર્ષ ૨૦૨૨ સુધીમાં અમારા મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીને મારે અભિનંદન આપું કે મને ૧૦૦૦ કરોડ રૂપિયા આ વખતે નાયબ મુખ્યમંત્રીશ્રીએ આપ્યા છે અને ૨૦૨૨ સુધીમાં આ જ્યારે પૂરું કરીશું તો એક બાજુ કિસાન સૂર્યોદય યોજના પૂરી અને બીજી બાજુ કોંગ્રેસ પૂરી. એટલે પરફેક્ટ મેચિંગ થવાનું છે. આજે મને કહેતા આનંદ થાય છે કે સભ્યશ્રીઓ કહે છે તમે અમને વીજળી આપો એવી કિસાન સૂર્યોદય યોજનામાં માગણી કરી છે અને તમે તમારા વિસ્તારમાં અમારા વખાણ પણ કરજો. (અંતરાય)

શ્રી અમરીષભાઇ જી. ડેર : કોંગ્રેસને પૂરી કરીને તમારે કરવું છે શું?

શ્રી સૌરભ પટેલ : અમે લોકોની સેવા કરીશું. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે હું બીજા વિભાગો લઉં. પછી સમય મળશે તો ઊર્જા વિભાગમાં આવીશ. ગુજરાત નંબર વન દરેક ક્ષેત્રે છે. ઊર્જામાં છેલ્લા ૧૦ વર્ષથી પહેલી ૪ કંપનીઓને એવોર્ડ ૧,૨,૩,૪ અમારી કંપનીઓને મળ્યા છે. એમ દરેક ક્ષેત્રની અંદર દા.ત. પેટ્રો કેમિકલ્સમાં ગેસની વાત કરું તો CNG સ્ટેશન ભારતમાં ૨૬૨૯ છે. એમાં ગુજરાતમાં ૭૨૩ એટલે ૨૮ ટકા ગુજરાતનો ફાળો. PNG કનેકશન એટલે ઘરે ઘરે ગેસ કનેકશન ૭૨ લાખ કનેકશનો છે, એમાં ૨૩ લાખ ગુજરાતમાં એટલે ૩૨ ટકા. ૨૩ લાખ ઘરો એટલે શું થયું? ૪ કે ૫ હજારની વસ્તી ગણો. એટલે ૮૦ લાખથી કરોડ લોકોને ઘરની અંદર કનેકશન મળે છે. અને આ દેશને ફાયદો છે. દેશને એટલા માટે ફાયદો છે કે ખૂબ મોટા પ્રમાણમાં સબસિડી બચે છે. મને યાદ છે વર્ષો પહેલાં હું દિલ્હી ગયો હતો અને મેં કીધું હતું કે અમારે આ મોટું પાઇપલાઇન માટે નેટવર્ક બનાવવું છે અને આખા એકે એક જિલ્લામાં આપવું છે. અમને સબસિડી આપો, ત્યારે કેન્દ્રના નાણામંત્રીએ મને શું કીધું ખબર છે? મને કહે શ્રી સોરાબભાઇ, મને સોરાબ, સોરાબ કરીને કહે. સૌરાબ, 'We are taking about giving water connections through pipeline and you are talking about gas connection. Gujarat can do it on its own. અને મને કહેતા આનંદ થાય છે કે આજની તારીખમાં આખા દેશમાં સો ટકા જિલ્લાને કોઇએ માન્યતા આપી હોય અને ત્યાં કામ ચાલતુ હોય તો એ એકલા ગુજરાતમાં જ છે. એકલા ગુજરાતમાં, આખા દેશમાં કયાંય નથી અને એમને એમ નથી થતું. એના માટે વિઝન જોઇએ.

## તા. ૨૦મી માર્ચ ૨૦૨૧

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, પેટ્રોનેટ એલએનજીનું દહેજ કેવી રીતે આવ્યું? આજે ૧૭.૫ મેટ્રિક ટન પર એનમ છે. ૫ મેટ્રિક ટન એક્ષ્પાન્ડ કરે છે. બીજું, હજીરા-૫ મેટ્રિક ટન, મુંદ્રા-૨ મેટ્રિક ટન, બીજું ૩ મેટ્રિક ટન કરીએ છીએ. આ ટોટલ દેશની ૬૫ ટકા કેપેસિટી જે ગેસ આવે છે દેશના બંદરો અહીંયા આવે છે. બીજા બે ટર્મિનલ નવા આવે છે. એક, જાફરાબાદ જે ફ્લોટિંગ ટર્મિનલ આવે છે. ૫ મેટ્રિક ટનનું કામ ચાલુ છે અને ટૂંક સમયમાં પૂરું થશે. છારા, ૫ મેટ્રિક ટન આવે છે એટલે બીજું, ૧૦ મેટ્રિક ટન આવે છે એટલે કલ્પના કરો કે આપણે ત્યાં એલ.એન.જી.નું મેઇન હબ ગુજરાતની પોલિસીને કારણે થયું છે અને આજે નેચરલ ગેસ દેશનો ૩૩ ટકા ગુજરાતમાં વપરાય છે. આપણા ઉદ્યોગો, મોરબીથી માંડીને બધાનું ડેવલપમેન્ટ કેમ આટલું સારું છે? દુનિયાની અંદર હરિફાઇ કેમ કરી શકે છે? કલીન ફયુઅલના કારણે એની પ્રોડકટ સારી બને છે. પ્રોડકટની ક્વોલિટી સારી બને છે અને બીજું, ક્લિન ફયુઅલના કારણે હવે દુનિયાની અંદર એક્ષ્પોર્ટમાં પણ પૂછે છે કે તમે કયું ફયુઅલ વાપરો છો? ક્લિન ફયુઅલ વાપરો તો એક્ષ્પોર્ટના ઓર્ડર પહેલા મળે છે. આ કલાઇમેટ ચેન્જના કારણે દુનિયાની અંદર નવી નીતિ બની રહી છે. અહીંયા આદરણીય મુખ્યમંત્રીએ સી.એન.જી. સ્ટેશનની જોઇએ એટલી છૂટ આપી છે. ૩૦૦ સી.એન.જી. સ્ટેશનનો પ્લાન કર્યો છે અને ગેસ ટ્રાન્સમિશન નેટવર્ક આપણે માત્ર ગુજરાત માટે રાખ્યું નથી. પંજાબ સુધી લઇ ગયા છીએ. પંજાબમાં પણ આપણે ગ્રીડ નાંખી છે, આંધ્રમાં પણ ગ્રીડ નાંખી છે અને એના કારણે આખા દેશમાં એનો લાભ આપે છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ગેસ કંપનીની ૪૪ જિલ્લામાં હાજરી છે. મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, હરિયાણા, પંજાબ, દાદરાનગર હવેલી એટલે આ સરસ મઝાનું કામ ગુજરાત ગેસ અને આ કંપનીઓ કરે છે. જી.એસ.પી.સી. દેશમાં સેકન્ડ નંબરની ટ્રેનિંગ ઓર્ગેનાઇઝેશન છે. (અંતરાય) એ હું છેલ્લે જવાબમાં આપીશ. અત્યારે ઉદ્યોગ વિભાગની વાત કરું તો દેશમાં ૮ ટકા જી.ડી.પી.નો ગુજરાતનો હિસ્સો છે. રૂપિયા ૧.૧૯ લાખ કરોડ એફ.ડી.આઇ.નું ઇન્વેસ્ટમેન્ટમાં ૫૩ ટકા દેશનું એફ.ડી.આઇ.ઇન્વેસ્ટમેન્ટ માત્ર ગુજરાતમાં આવ્યું છે. ગુજરાત દેશનું ૨૩ ટકા ટોટલ એક્ષ્પોર્ટ પહેલા નંબરનું ગુજરાતમાંથી થાય છે. Gujarat is first ranked in Start-up, first ranked in logistics, Gujarat is first in industrial output. Lowest employment rate. એટલે ૧૭ ટકા દેશનું પ્રોડકશન ગુજરાતમાંથી થાય છે અને લોએસ્ટ એમ્પ્લોઇમેન્ટ રેટ ૩.૪ ટકા ગુજરાતમાંથી આજે એટલી રોજગારી આપીએ છીએ. હું થોડી વધારે વિગતવાર વાત કરું. એફ.ડી.આઇ. કેવી રીતે આવે છે? એફ.ડી.આઇ.નાં આવવાનાં કારણો ઘણાં છે. પહેલું કારણ તો એ છે કે બહારથી જે મોટી મલ્ટીનેશનલ કંપનીઓ છે યુ.એસ.એ.માં હોય, જાપાનમાં હોય, યુરોપમાં હોય એ ગુજરાતને બેસ્ટ ઇન્વેસ્ટમેન્ટ ડેસ્ટીનેશન ગણે છે અને ઇન્વેસ્ટમેન્ટ ડેસ્ટીનેશન કેમ ગણે છે? નીતિ, બીજું- સુરક્ષા, ત્રીજું- રોડ રસ્તા, ચોથું- પાણી, પાંચમું- સ્કીલ લેબર, છઠ્ઠી- વીજળી. આ બધાને કારણે ૧.૫૮ લાખ કરોડ રૂપિયા ગુજરાતમાં આવે છે. કેમ બીજા રાજ્યમાં સહેલાઇથી જતા નથી. એ બધા એમની એમની રીતથી નંબર-૧ છે. પણ આપણે નંબર-૧ના કારણે સૌથી વધારે બહારથી મૂડી રોકાણ આવે છે. એમ.એસ.એમ.ઇ.ની અહીંયા વાત કરી. એમ.એસ.એમ.ઇ.ની અંદર આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જે નીતિ કરી. કોઇપણ વ્યક્તિએ એમ.એસ.એમ.ઇ.ની અંદર પ્રાણ નાખવો હોય તો એન.એ. કર્યા વગર, મંજૂરી કર્યા વગર કરી શકશે. હા, પછી કેમિકલ પ્લાન્ટ નાખવો હોય તો ગમે ત્યાં કેમિકલ પ્લાન્ટ ના નંખાય? એને તો પોલ્યુશનની મંજૂરી લેવી પડે. બાંધકામની હોય, એન.એ.ની હોય, જે જનરલ કેટેગરીની પરમિશન હોય એમાંથી એને બાદબાકી મળે. એટલે આજની તારીખમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં ગુજરાતની અંદર ખૂબ સારી રીતે આપણે આગળ વધી રહ્યા છીએ. કોઇએ વિચાર્યું નહિ હોય લોજિસ્ટિક પાર્ક. આ લોજિસ્ટિક પાર્ક શા માટે કરીએ છીએ? આપણા બધા કન્ટેનરો જાય છે. ફેક્ટરીને એનો ટ્રાન્સપોર્ટેશનનો ખૂબ મોટો ખર્ચો હોય છે. એ ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચો કરવા માટે મલ્ટી મોડેલ લોજિસ્ટિક પાર્ક ૨૫,૦૦૦ માણસોનું ઇન્વેસ્ટમેન્ટ આવશે. અમદાવાદની નજીક નાંખવા જઇ રહ્યા છીએ. એટલે કન્ટેનરો આવે. લોજિસ્ટિક બધુ કામ કરે. લોજિસ્ટિક પાર્ક માત્ર ઉદ્યોગો માટે નથી. લોજિસ્ટિક પાર્ક એગ્રીકલ્ચર માટે પણ છે. આજે કોઇ ખેડૂત સરસ મજાનું ફુલ બનાવતો હોય તો અમદાવાદના લોજિસ્ટિક પાર્કમાં વહેલી તકે આવે તો ત્યાંથી અહીયા પ્લેનમાં બેસાડી બીજા દિવસે દુબઇ પણ મોકલાય અને નેધરલેન્ડ મોકલાય અને યુરોપમાં મોકલાય. આ ટાઇમ પીરિયેડ કેવી રીતે બચે અને આની અંદર ક્વોલિટી કેવી રીતે સચવાય આ બંનેનું કામ અહીંયા થાય છે. એગ્રીકલ્ચરની નવી પોલિસીની વાત કરતા હોઇએ, ખેડૂતોની વાત કરતા હોઇએ ત્યારે આ લોજિસ્ટિક પાર્ક ખૂબ મોટા પ્રમાણમાં કામમાં આવતું હોય છે. શાકભાજીથી માંડીને કોઇપણ વિષય લઇ શકો છો.

માનનીય અધ્યક્ષશ્રી, કોલ્ડ સ્ટોરેજથી માંડીને એકએક ફેસિલિટી, દવાઓ રાખવી હોય તો દવાઓ જુદા જુદા ટેમ્પરેચરમાં રાખી શકાય. ઓછો ખર્ચો કેમ થાય. ૭ ટકા ખર્ચો આવતો હોય તો ૩ ટકા કેવી રીતે કરાય અને ૨ ટકા નફો વધે. અન એમ્પ્લોઇમેન્ટની વાત કરી. આખા દેશના લોકો અહીયા નોકરી કરીને સંતોષકારક રીતે રહે છે. એ ગુજરાતનું ગૌરવ છે અને લોકો અહીયાથી પોતાની રોજગારી, મહેનત કરીને કમાય છે અને પરિવારમાં મોકલે છે. આપણા ગુજરાતીઓ યુ.એસ.એ. માં નથી? આપણને ગૌરવ છે કે નહિ? સરસ મજાનું કામ કરે છે. આખી દુનિયામાં છે. એમ ગુજરાત પણ રોજગારીનું એક હબ બની ગયું છે. અને ખૂબ મોટા પ્રમાણમાં રોજગારી આપી રહ્યા છીએ. બે પ્રોજેકટની વાત કરું. સ્પેશ્યલ ધોલેરા ગ્રીન ફીલ્ડ એરપોર્ટ પ્રોજેકટ. રૂપિયા ૯૮૭ કરોડના ખર્ચે આપણે એરપોર્ટ બનાવવા જઇ રહ્યા છીએ. અને આ એરપોર્ટ ધોલેરા નવા ગામ વીલેજ પાસે ૩૨૦૦ મીટરનો રન-વે ૩૫ લાખ પેસેન્જરોની કેપેસિટીનું બની રહેલ છે. આ વિઝન છે. આપણે ૧૦ વર્ષ પછી જોઇશું. સૌરાષ્ટ્ર, અમદાવાદના આખા ટોટલ પેસેન્જર ટ્રાફિકનું હબ બનશે. આજે આપણે ગિફ્ટ સિટી જોઇએ છીએ. આપણે સાબરમતી રિવરફ્રન્ટ જોઇએ છીએ. મોટા મોટા વિઝનરી પ્રોજેકટ ૧૦ વર્ષ થાય. બીજો એક મોટો પ્રોજેકટ ૩૧૮ બેડરૂમનો અહીયા

મહાત્મા મંદિરમાં રહેવા માટેની વ્યવસ્થા કરીએ છીએ. આ કેમ કરીએ છીએ? બધી ઇન્ટરનેશનલ કોન્ફરસિંગ થતી હોય તેની બાજુમાં જ હોટલ હોય છે. એનો સકસેસ રેશિયો છે. એમાં લોકો એટલા માટે આવે છે કે રહેવાની વ્યવસ્થા છે. ફાઇવસ્ટાર ૩૧૮ સારામાં સારા રૂમો. કાલે ઉઠીને મોટા દેશના સેમીનારો કરવા હોય અને ૧૦ દેશના વડાને બોલાવવાના હોય અને મહાત્મા મંદિરમાં કોન્ફરન્સ કરવી હોય તો આ હોટલ સૌથી મોટી કામમાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૫૦૦ કરોડ રૂપિયાનું એલોકેશન ટેક્સટાઇલ પોલિસીમાં કર્યું છે. (સમયસૂચક ઘંટડી) સાહેબ, પાંચ જ મિનિટ બાકી છે? માનનીય સભ્યશ્રીઓએ જે સવાલો પૂછ્યા છે તેનો થોડો જવાબ સમય છે તો આપી દઉં. માનનીય ભગાભાઇએ ૬૬ કે.વી. સબસ્ટેશનની વાત કરી. ચોરવાડની અંદર ટેસ્ટ ચાર્જ થઇ ગયો છે. તેની લાઇન મેઘલ નદીમાંથી પસાર થાય છે એટલે તેના પાઇલ ફાઉન્ડેશનનું કામ ચાલુ છે. તે પૂરું થશે અને ડિઝાઇનિંગ થશે એટલે તે સબસ્ટેશન વહેલામાં વહેલી તકે ચાલુ કરી દઇશું. ૬૬ કે.વી. સબસ્ટેશન અરેનાની વાત કરી તો તેમાં સાઇટ સિલેકશન ચોક્કસ શોધીએ છીએ. તે મળે એટલે બને એટલું ઝડપથી કરી નાખીશું. ૬૬ કે.વી. સબસ્ટેશન લાડુલાની વાત કરી. તેના ટેસ્ટ ચાર્જ થઇ ગયા છે અને કોમર્શિયલ કમિશનિંગ થઇ ગયું છે. તે આવતા એક મહિનામાં ચાલુ કરીશું. ૬૬ કે.વી. ખોરાસરા સબસ્ટેશનનું લાઇનવર્ક ચાલુ છે. તે પણ વહેલી તકે પૂરું કરી નાખીશું. ૬૬ કે.વી.નાણોદરા છે તેનું વર્ક કમ્પલીટ થઇ ગયું છે. તે પણ વહેલામાં વહેલી તકે પૂરું કરી નાખીશું. આમ, જેટલા સબસ્ટેશનની વાત કરી છે તે મારા ધ્યાનમાં જ છે. બીજું, જે સભ્યએ ટ્રીપિંગની વાત કરી તો તેમાં આપણે જે પ્રકારે ફીડર બાયફરગેશનનું કામ હાથ પર લીધું છે. સાહેબ, ફીડરો પચાસ-પસાચ, સો-સો કિલોમિટર લાંબા હતા. એક-એક ફીડર ઉપર મોટા પ્રમાણમાં ખેડૂતો હતા. એટલે છેલ્લી ઘડીએ ટ્રીપિંગ થાય તો લાઇનના પ્રોબ્લેમ થતા હતા. એટલે આમાં લોડ ઘટાડી ટ્રીપિંગ પૂર્ણ કરવા માગીએ છીએ. ખાણ ખનીજની વાત કરી, માનનીય લલીતભાઇ વસોયાએ વાત કરી તો તેમાં મને કહેતાં દુઃખ થાય છે અને બે દિવસ પહેલાં જ અહીંયાં નાયબ મુખ્યમંત્રીશ્રીએ વિગતવાર જવાબ આપ્યો હતો. તે જવાબની અંદર સ્પષ્ટપણે કહ્યું હતું કે, ભાદર ડેમની અંદર હાલમાં પાણી ભરાયું છે અને પાણી ફૂલ હોવાના કારણે કોઇ મુશ્કેલી છે નહીં. તેનો આખો વિગતવાર અહેવાલ, કલેકટરશ્રીનો કાગળ આવ્યો હતો તે મારે અત્યારે આ હાઉસમાં વાંચવો નથી.

અધ્યક્ષશ્રી : તમને એક પ્રશ્ન પૂછવા દઇશ.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કલેકટરશ્રીએ તેની અંદર ત્યાં પંચ કરેલ હતું તે પંચ સાથેનો જવાબ તેમણે મોકલી આપેલ છે.

અધ્યક્ષશ્રી : આપ બેસી જાઓ.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ચોક્કસપણે...

અધ્યક્ષશ્રી : બોલ, બોલ ના કરશો પ્લીઝ. તમને પૂછવા દઇશ. શાંતિ રાખો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માઇનિંગની વાત કરવા જઇએ તો તેમાં ઘણી બધી વસ્તુઓ છે. માઇનિંગની અંદર અમને વહીવટી રીતે ખનીજ ચોરી પકડવામાં કેટલી સફળતા મળેલ છે. માત્ર રાજકોટની અંદર વર્ષ ૨૦૧૯ની વાત કરું તો ૨૧૮ કેસ કર્યા છે અને ૧૦ લોકો ઉપર એફ.આઇ.આર કરી છે. વર્ષ ૨૦૨૦માં ૨૭૦ કેસ કર્યા છે અને તેમાં રૂપિયા ૩ કરોડ ૯૫ લાખની ચોરી પકડી છે. ભાદરની અંદર વર્ષ ૨૦૧૯માં ૬૨ કેસ કર્યા છે. વર્ષ ૨૦૨૦માં ૮૧ ચેકિંગ કર્યા છે. બીજું, જે ગોવિંદપુરાની વાત કરી તેમાં અપીલ દાખલ કરી છે અને ક્વોસિજ્યુડિશિયલ મેટર હોવાના કારણે અમે તેમાં અત્યારે આગળ વધી શકતા નથી. અપીલ પૂરી થશે એટલે અમે ચોક્કસ આગળ વધીશું. માનનીય સભ્યશ્રીએ સીમર પોર્ટસની વાત કરી તો તેમાં સીમરમાં ડ્રાફટના ઇસ્યુ હતા, એટલે સારામાં શાપુરજી પાલનજી અત્યારે પોર્ટસ નાખી રહ્યા છે. વેરાવળ પોર્ટની વાત કરી તો તેમાં આ પોર્ટ ફિશિંગ માટે ડેવલપ કરવા જઇ રહ્યા છીએ. રૂપિયા ૨૬ કરોડના ખર્ચ ભારત સરકાર, નાબાર્ડની સાથે જેટીનું નવું ડેવલપમેન્ટ કરવાનું છે, બ્રેકિંગ વોટર અને ડ્રેજિંગનું કામ કરવાનું છે. આવતા દિવસોમાં ખૂબ મોટી રોજગારી ફિશિંગની અંદર મળે તે પ્રમાણેનું આયોજન છે. આમ તો ઘણી બધી વાતો થઇ શકે તેવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને ખાણ ખનીજનો વિષય હતો ત્યારે એટલું જ કહેવું છે કે, વર્ષ ૨૦૧૯ની અંદર ૭૪૯૭ કેસો ખાણ ખનીજ ચોરીના પકડ્યા હતા. તેમાંથી રૂપિયા ૧૦૮ કરોડની રીકવરી કરી હતી. તેમાં ૧૭૦ ઉપર એફ.આઇ.આર. કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૦માં કોવિડ-૧૯ની મહામારી હોવા છતાં ૭૧૭૯ કેસો આપણે કર્યા છે. રૂપિયા ૧૦૦ કરોડ ૨૯ લાખની ચોરી પકડાઇ છે અને તેમાં ૧૨૧ લોકો ઉપર એફ.આઇ.આર. કરી છે. એટલે વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦માં કોવિડ-૧૯ના સંજોગો ઉભા થયેલ હોવા છતાં ખાણ ખનીજની અંદર ખૂબ મોટા પ્રમાણમાં ચેકિંગ કર્યા છે. માનનીય મુખ્યમંત્રીશ્રી આ બાબતમાં બહુ જ સ્પષ્ટ છે કે , લીઝ આપવી હોય ઓકશન દ્વારા જ આપવાની. તેમાં વિભાગને સ્પષ્ટપણે કહ્યું છે કે કોઇપણ ચમરબંધી આવે આપણે તેને છોડવાનો નથી. આપણે તેના પર એફ.આઇ.આર. કરવાની છે. પરંતુ આની પ્રોસિજર હોય છે તેના આધારે દરેક સ્ટેજ ઉપર આપણે તેમને સાંભળવા પડે છે. તે સાંભળવાના કારણે સમય મર્યાદા વધતી જતી હોય છે. એટલે આપણે આ ખાણ ખનીજની અંદર આટલી આટલી કામગીરી કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પોર્ટ્સની વાત કરી તો આજે મને ગૌરવ થાય છે આપણે આખા દેશમાં પોર્ટમાં નંબર વન છીએ. દેશમાં ગમે તેટલો કાર્ગો જતો હોય તો ૩૫ ટકા કાર્ગો ગુજરાતના ૧૬૦૦ કિલોમીટરના દરિયા કિનારેથી જાય છે અને આ

ગૌરવની વાત છે. આ રાતો રાત નથી બન્યું, આ ૧૫-૨૦ વર્ષની મહેનત છે અને નીતિના કારણે બન્યું છે અને આપણે કોઇ પણ ક્ષેત્રે જોવા જઇએ તો આપણે રેવન્યુ જનરેશનથી માંડીને બધે જ જોવા જઇએ તો કેટલી રોજગારી મળે છે પોર્ટ્સમાં? અને આજે નવા પોર્ટ આપણે ઉભા કરવા જઇ રહ્યા છીએ અને આ માત્રને માત્ર મેજર પોર્ટ્સ નહીં માઇનર પોર્ટ એટલે કે જે સંપૂર્ણપણે રાજ્ય સરકારની સત્તામાં આવતા ના હોય એવા પોર્ટ્સ. એટલે એ માઇનર પોર્ટ્સના આધાર ઉપર આ કાર્ગો વધે છે. એટલે એ.એન.જી.નો ગેસ હોય, ભાવનગરમાં ખાનગી ક્ષેત્રે સી.એન.જી.નું ટર્મિનલ આપ્યું હોય કે સીમર હોય કે ફિસરીઝનું હોય કોઇ પણ ક્ષેત્રે જોવા જાવ તો પોર્ટ્સની અંદર આપણે ખૂબ વિકાસ કર્યો છે. પોર્ટ્સ ડેવલપ થાય એટલે ઉદ્યોગો પોર્ટ્સની નજીક સ્થપાય કારણ કે આયાત પણ થઇ શકે અને નિકાસ પણ થઇ શકે. એટલે આ સરસ મજાની કામગીરી પોર્ટ્સ ક્ષેત્રે પણ આપણી સરકારે કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, મોટા ભાગના સભ્યોના સવાલોના જવાબ મેં આપી દીધા છે ત્યારે મને ચોક્કસ વિશ્વાસ છે કે સભ્યોને સંતોષ થયો હશે. માનનીય સભાગૃહને હું વિનંતી કરું છું કે મારી માગણી સર્વાનુમતે મંજૂર કરે.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં તારીખ ૧.૧૨.૨૦૨૦ના રોજ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને પત્ર એટલા માટે લખ્યો કે એમની અંદરમાં આવતા પંચાયત અને સ્ટેટના જે પુલો આવેલા છે એના પાયામાંથી રેતી ચોરી થાય છે અને એમાં સ્પષ્ટપણે લખ્યું છે કે, ઉપરોક્ત રજૂઆતના અનુસંધાને ગાંધીનગર ખાતેથી ખાનગી તપાસ કરવી. એને બદલે માનનીય નીતિનભાઇએ જે મને જવાબ આપ્યો છે, ખાણ ખનીજ અધિકારીના નામે આપ્યો છે અને એમાં એમ લખ્યું છે કે, નદીમાં પાણી ભર્યું છે. હું ૮૦ પત્રો સિંચાઇ વિભાગના આપું કે..(અંતરાય)

અધ્યક્ષશ્રી : ચાલો. આ પ્રશ્ન આપનો નથી. આ બધી વાત આપ કહી ચૂક્યા છો. એ બધી વાત હમણા ન હોય. બીજો કોઇ પ્રશ્ન હોય તો પૂછી શકાય. નહીં, નહીં, માનનીય અમરીષભાઇ ડેર..(અંતરાય) પ્લીઝ, નો કોમેન્ટ.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય સૌરભભાઇ પાસેથી હું જાણવા ઇચ્છું છું કે, આ પ્રધાનમંત્રી ક્ષેત્રિય ખાણ ખનીજ યોજના અને ડી.એમ.એફ. બાબતે પણ થોડી ચર્ચા કરે. આ બંનેમાં સામ્યતા શું છે અને વિસંગતતા શું છે? અને કોઇ પણ સભ્યશ્રીને આની માહિતી જોઇતી હોય તો કોની પાસેથી મળે એ મને જણાવે એવી મારી વિનંતી છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રેતી કંકરમાં જેટલી રોયલ્ટી આવે છે એ રોયલ્ટી, દાખલા તરીકે ગઇ સાલ એક જિલ્લામાં રૂપિયા ૧૦ કરોડની રોયલ્ટી આવી તો એ જે રોયલ્ટી આવે એમાંથી ૫ ટકા વહીવટી ખર્ચ બાજુ પર મૂકવામાં આવે છે અને ૯૫ ટકા એટલે કે જે રૂપિયા ૧૦ કરોડમાંથી ૫ ટકા બાદ કરતા રૂપિયા ૯.૫૦ કરોડ અમે જિલ્લા પંચાયતને આપીએ છીએ અને ડેવલપમેન્ટ કમિશનરશ્રી દ્વારા આપવામાં આવે છે. એ જે રૂપિયા મળે છે એમાંથી ૫૦ ટકા જિલ્લા પંચાયત વાપરે છે. એ એના નીતિ નિયમો પ્રમાણે વાપરે છે અને જે બાકીના ૫૦ ટકા ગ્રાન્ટ છે એ જે ગામડામાંથી રોયલ્ટી મળી હોય એ ગામને ફાળો આપવામાં આવે છે, એ ગામ ધોરણો મુજબ પોતાને એ જે રોયલ્ટીની રકમ મળી હોય એ વાપરી શકે છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ખેડૂતોને જ્યારે એક સરવે નંબરમાંથી બીજા સરવે નંબરમાં લેવલ કરવા માટે માટી પૂરવાની હોય એમાં જે રોયલ્ટી લેવામાં આવે છે એ ખેડૂતની રોયલ્ટી માફ કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નીતિ નિયમો બહુ ક્લિયર છે એ ક્યા સંજોગોમાં શું કરે છે એ જોયા પછી અને કાંઇ પણ વિષય હોય તો ત્યાં ઇન્સ્પેક્ટર પાસે મંજૂરી લઇને કરી શકે છે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : ભારતીય જનતા પાર્ટીના રાજમાં નળમાંથી પાણી આવતું થયું, નલ સે જલ, પછી નળથી ગેસ આપતા થયા એટલે આ મત જે કમલના મશીનમાં આવે છે એ એમનેમ નથી આવતા.

અધ્યક્ષશ્રી :સારું સારું, એકદમ ઝડપથી પૂછો.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય મંત્રીશ્રીએ મારા વેરાવળ બંદરના પ્રશ્નમાં જે જવાબ આપ્યો છે ફીશરીઝ બાબતનો જવાબ આપ્યો છે મેં કોમર્શિયલ જે અમારે ત્યાં બંદર હતું અને જે શીપ લોડ થતી હતી ત્યાંથી કોમર્શિયલ બંદરની વાત કરું છું, એ વર્ષ ૧૯૯૮ પછી ત્યાં બંધ થઇ ગયેલ છે તો એ ચાલુ કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૯૮નો વિષય મને બહુ ખ્યાલ નથી પણ હવે જે શીપની સાઇઝ છે એ શીપની સાઇઝ બહુ મોટી આવે છે, એટલે કોઇપણ કોમર્શિયલ પોર્ટ બનાવવું હોય તો પાણીનો ડ્રાફ્ટ જોવો પડે અને અગર એ ડ્રાફ્ટ ન હોય તો આપણે બંદર બનાવીએ તો પણ કોઇ બોટ આવી ન શકે એટલે વેરાવળની અંદર હમણાં મેરીટાઇમ બોર્ડે જોયું હશે અને આખા ગુજરાતની કોસ્ટલ લાઇનનો સરવે કર્યો હશે અને જ્યાં કોસ્ટલ લાઇન ઉપર ડ્રાફ્ટ વધારે હશે એને આપણે બીડિંગમાં મૂક્યું છે અને બીડિંગની અંદર એ પોર્ટ ડેવલપ થયા છે. બાકી ના હોય એ ફીશરીઝ માટે રાખેલ છે.

અધ્યક્ષશ્રી :પ્લીઝ, પ્રશ્ન પૂછજો, મારે સીધું મતદાન ઉપર જવું છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને સીધું જ પુછવા માગું છું, સામાજિક આર્થિક સર્વેક્ષણ વર્ષ ૨૦૦૨-૦૩માં જણાવ્યા મુજબ રાજ્યના કુલ ૧૮,૦૨૮ ગામડાઓ પૈકી વીજળીકરણ શક્ય હોય એવા તમામ ૧૭,૯૪૦ ગામોનું વીજળીકરણ થયેલ હતું, સામાજિક આર્થિક સર્વેક્ષણ વર્ષ ૨૦૦૨-૦૩માં આનો ઉલ્લેખ છે કે ૧૮,૦૨૮ ગામો પૈકી ૧૭,૯૪૦ ગામોનું વીજળીકરણ થઇ ગયું હતું તો આ વીતેલા ૨૦ વર્ષમાં આ વિધાનસભા પાસેથી આટલા કરોડ રૂપિયાનું બજેટ આપણે લીધું, ખર્ચ્યું, બધા જ ગામડાઓનું વીજળીકરણ થઇ ગયું હતું. માત્ર ૮૮ ગામ વધ્યા હતા, ૨૦ વર્ષમાં આપણું સરકારી વીજ ઉત્પાદન...

અધ્યક્ષશ્રી : ચાલો, પ્રશ્ન આવી ગયો છે. પ્રશ્ન આવી ગયો.. મારે મતદાન ઉપર લેવું છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મારે આપના મારફતે માનનીય મંત્રીશ્રીને એ પૂછવું છે કે, આ વર્ષ ૨૦૦૨-૦૩ની અંદર સામાજિક આર્થિક સર્વેક્ષણનો જે આપની સરકારે અહેવાલ આપ્યો હતો એ સાચો છે કે ખોટો છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યોતિગ્રામ યોજના ચોવીસ કલાક વીજળી આપવાની યોજના છે અને ૨૪ કલાક વીજળી આપવા માટે ૧૮,૦૦૦ ગામડાઓમાં જુદી ૧ લાખ કિલોમીટરની લાઇન નાંખી અને ૨૦ લાખ થાંભલા નાંખી અને જ્યોતિગ્રામ યોજના કરી, ગામડામાં કનેકશન હતું, પણ એ કનેકશનની અંદર પૂરેપૂરી વીજળી આપતા ન હતા અને એ વખતે ૧૦-૧૦, ૧૨-૧૨ કલાક લોડ શેડિંગ રહેતું હતું અને લોડ શેડિંગ દૂર કરવા માટે અમે લોકોએ આ ખર્ચો કર્યો અને પ્રજાના લાભાર્થે આ ખર્ચો કર્યો હતો.

**કાપ દરખાસ્તો ક્રમાંક-૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૩, ૨૪, ૨૬, ૨૮, ૨૯, ૩૨, ૩૩, ૩૫, ૩૭, ૩૯, ૪૦, ૪૧, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૬, ૫૭ અને ૫૯ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૪૯, ૫૦, ૭૫, ૧૨ અને ૧૩ મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

અધ્યક્ષશ્રી : માનનીય આરોગ્ય મંત્રીશ્રી, નીતિનભાઇ એક જાહેરાત કરવા માગે છે.

**નાયબ મુખ્યમંત્રીશ્રીની જાહેરાત**

રવિવારે વેક્સિનેશનની કામગીરી ચાલુ રાખવા અંગે

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહને જણાવતા મને આનંદ થાય છે કે, અત્યારે કોરોના વાઇરસની વેક્સિનેશનની કામગીરી જે અમારા આરોગ્ય વિભાગ તરફથી સમગ્ર રાજ્યના ૨૫૦૦ કરતા વધુ સેન્ટરો ઉપર ચલાવવામાં આવે છે, એ કામગીરીને વધુ વેગ આપવા માટે દર રવિવારે જે રજા રાખતા હતા એ આવતીકાલના રવિવારે, રજા રદ કરી અને વેક્સિનેશન ઝડપથી થાય એ માટે તમામ પી.એચ.સી., સી.એચ.સી. બધી જ હોસ્પિટલોમાં આવતીકાલે રવિવારે પણ સમગ્ર રાજ્યમાં વેક્સિનેશનની કામગીરી ચાલુ રાખવામાં આવશે. જેથી ૧.૫ થી ૨ લાખ નાગરિકો જે દરરોજ વેક્સીનેશન લે છે એમાં વધારો થાય. એની હું આ ગૃહને જાણ કરું છું અને જે ધારાસભ્યશ્રીઓ સતત આખા અઠવાડિયાથી અહીંયા છે અને જેમને વેક્સિનેશન કરાવવાનું બાકી છે એ આપના વિસ્તારમાં જાઓ તો આવતીકાલે જઇ તમને અનુકૂળ હોય એ સરકારી હોસ્પિટલમાં વેક્સિનેશન કરાવી લો એવી પણ હું બધાને વિનંતી કરું છું.

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

**અધ્યક્ષશ્રીની ઉચ્ચ પ્રણાલિકા અંગે જાહેરાત**

અધ્યક્ષશ્રી : મારા તરફથી ત્રણેક વાત હું મૂકવા માગું છું. જે સંસદીય પ્રણાલિકામાં ખૂબ ઉચ્ચ છે, આવકારદાયક છે. સારી લાગે તો વધાવજો.

આજે ગૃહમાં મને ખબર નથી કે કોણ વચ્ચે બોલ્યું એટલે મેં પૂછ્યું કે જે બોલ્યા હોય એ માનનીય ધારાસભ્યશ્રી ઉભા થઇ જાય, ત્યારે ક્ષણભરનો વિલંબ કર્યા વિના શ્રી ઇમરાનભાઇ ઇમાનદારીથી સ્વેચ્છાએ ઉભા થયા હતા. ઠપકાનો સંભવ હતો તેમ છતાં ઉભા થયા હતા. આ સારી વાતની હું નોંધ લઉં છું.

આજે માનનીય મંત્રીશ્રી સૌરભભાઇએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો. અધ્યક્ષસ્થાનેથી તેમણે ઉભો કરેલો પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો. તેમની વાત સાચી હોવા છતાં કોઇપણ જાતના તર્ક કે દલીલ કર્યા વિના બેસી ગયા હતા. આ વાતની પણ હું નોંધ લઉં છું.

માનનીય લલીતભાઇ વસોયા આજે પોતાના પ્રવચન પછી ગૃહ છોડીને તરત જતા રહ્યા હતા. આ બાબત ધ્યાને લાવતા તેમના દંડકશ્રી અશ્વિનભાઇ કોટવાલે રસ લીધો અને તેઓ પરત આવ્યા અને ત્યારના બેઠા છે તે વાતની પણ હું નોંધ લઉં છું.

ગઇકાલે માનનીય ધારાસભ્યશ્રી ઋત્વિકભાઇ મકવાણા, માનનીય ધારાસભ્યશ્રી શશીકાન્તભાઇ પંડયા અને માનનીય ધારાસભ્યશ્રી અમરીષભાઇ ડેરને અધ્યક્ષસ્થાનેથી ગઇકાલે તેમને બહાર જવાનો આદેશ કર્યો, ત્યારે ક્ષણભરનો પણ વિલંબ કર્યા વિના, કોઇ પણ જાતની દલીલ કર્યા વિના, કોઇ પણ જાતના હેઝીટેશન વગર, અધ્યક્ષના આદેશને સ્વીકારી અને ગૃહ છોડીને ગયા હતા. આ પણ એક આવકારદાયક બાબત છે. સંસદીય પ્રણાલિકાઓને જો મજબૂત કરવી હોય તો ગૃહ સારી રીતે ચલાવવા માટે આ બધી બાબતોની હું આજે નોંધ લઉં છું.

**સભાગૃહનું કામકાજ બપોરના ૨-૩૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૨૨મી માર્ચ, ૨૦૨૧ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૨૨મી માર્ચ ૨૦૨૧
તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તા. ૨૨મી, માર્ચ ૨૦૨૧**
**ચૈત્ર ૧, ૧૯૪૩ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**
**બનાસકાંઠા જિલ્લામાં ખોટા દસ્તાવેજો બનાવવા બાબત**

* ૩૬૩૩૫ **શ્રી ઈન્દ્રજિતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લાના રાધનપુરમાં જીવીત વ્યક્તિઓને મૃત બતાવી કેટલા દસ્તાવેજો કરવામાં આવ્યા, અને | (૧) શૂન્ય |
| (૨) જીવીત ખેડૂતને મૃત બતાવી દસ્તાવેજ કરનાર સામે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ઈન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્ધારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાધનપુર ગામે આ બે મહિનાની અંદર આવી કોઇ અરજી કોઇના દ્ધારા મળેલી છે? અને મારો બીજો પ્રશ્ન છે, રાધનપુર મુકામે ઉકા વજા નામના નિરાશ્રિત છે એ હમણાં જ અવસાન પામ્યા છે, પણ એમને દસ વર્ષ પહેલા મૃત્યુ પામેલ જાહેર કરી એમની જે જમીન છે, એમાં ભૂમાફિયાએ દસ્તાવેજ કરી લીધેલો અને તેઓ હમણા જ મરણ પામ્યા છે, તો ત્યાંના ચીફ ઓફિસરે એમને મરણનો દાખલો નથી આપ્યો તો આ દાખલો આપવા માગે છે કે નહીં? અને આ જે માફિયા છે એમની ઉપર લેન્ડ ગ્રેબિંગનો ગુનો દાખલ કરવા માગે છે કે નહીં?

અધ્યક્ષશ્રી : પહેલા તો આજે વિશ્વ જળ દિવસ છે એની વાત તો કહો. માનનીય મંત્રીશ્રી...

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એમાં થોડીક ભૂલ થઇ છે. બનાસકાંઠા જિલ્લામાં રાધનપુર પૂછ્યું પણ રાધનપુર આવે છે પાટણમાં, પણ હું એનો જવાબ આપવા માગું છું. પાટણ જિલ્લામાં એક પણ આવો બનાવ બન્યો નથી. બનાસકાંઠા જિલ્લામાં પણ આવો એક પણ બનાવ બન્યો નથી. માનનીય સભ્યશ્રીએ જે ત્રણ પ્રશ્ન પૂછ્યા છે એમાં ઉકાભાઇનો પ્રશ્ન છે એની જો માહિતી આપે તો આ આખા ગુજરાતમાં ૩૩ જિલ્લાઓ, ૨૫૧ તાલુકા અને ૧૮,૫૦૦ ગામ એમાં કઇ જગ્યાએ કયાં શું બને છે, એની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થઇ હોય આ બધું અમારી પાસે જે રેકર્ડ છે, આમાં ત્રણેય જગ્યાએ મૃત વ્યકિતને બતાવીને એક પણ કેસ નોંધાયો નથી. મને ચોક્કસ માહિતી આપે, તપાસ કરીશું. બીજી જે એમણે મરણનો દાખલો આપવાનો વાત કરી. એ તો સરકારી જે પ્રોસિજર છે એ પ્રમાણે નહીં મળ્યો હોય તો ચોક્કસ મરણનો દાખલો મળી શકે છે.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી રૂપાણીસાહેબ, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ અને માનનીય કૌશિકભાઇ પટેલ સાહેબને અભિનંદન આપું છું કે જે પ્રશ્ન પૂછાયો કે મૃતકના નામે દસ્તાવેજ થયો એવો કોઇ દાખલો નથી થયો એ બદલ અભિનંદન આપું છું અને આપના માધ્યમથી એ પૂછવા માગું છું કે સબ-રજિસ્ટ્રાર કચેરીમાં નોંધણી પ્રક્રિયાની પદ્ધતિ શું છે? ખોટી વ્યકિતના નામે દસ્તાવેજ ન થાય તે માટે સરકારે શું જોગવાઇ કરી છે?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પ્રથમ જે વાત કરી કે આવો કોઇપણ બનાવ જે મારી માહિતી છે એ પ્રમાણે રાજયમાં કયાંય અમારી પાસે આવ્યો નથી. આ બનવાનું કારણ માનનીય વિજયભાઇ અને માનનીય નીતિનભાઇના નેતૃત્વમાં અમારી સબ-રજિસ્ટ્રાર ઓફિસો ટેકનોલોજીના માધ્યમથી એવી ચુસ્ત બનાવી છે કે આવા કોઇ છેતરપિંડી કરવાવાળા, ગેરરીતિ કરવાવાળા લાભ ના લઇ જાય એટલા માટે ચુસ્ત વ્યવસ્થા કરી છે. માનનીય ધારાસભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે કે ખોટી વ્યકિતના નામે દસ્તાવેજ ન થાય તે માટે સરકારની જોગવાઇઓ છે. ખોટી વ્યકિતના નામે દસ્તાવેજ ન થાય તે માટે રાજય સરકારે નોંધણી અધિનિયમ તા.૧૦-૭-૨૦૨૦, આ કાયદો છે વર્ષ ૧૯૦૮નો, એમાં ઘણી વખત સુધારા થયા છે પણ અમારા વખતમાં છેલ્લે વર્ષ ૨૦૨૦ની અંદર બે મહત્વના સુધારા એક એપ્રિલ મહિનામાં અને એક જુલાઇ મહિનામાં થયા એના કારણે આખા રાજયમાં આવા કોઇ લોકો ગેરરીતિ અને છેતરપિંડી ના કરી શકે એની વ્યવસ્થા ગોઠવી છે. એમાં મિલકત લખી આપનાર, લખાવી લેનાર તથા તેમની ઓળખ આપનાર બે વ્યકિતઓના ઓળખના પુરાવા ફરજિયાત કરવામાં આવ્યા છે.એના કારણે ફરજિયાત પુરાવા આપવાના હોય ત્યારે આવી ગેરરીતિ કરવાવાળા, બોગસ નામે કરવાવાળા આવી શકતા નથી. દસ્તાવેજ કરી આપવા માટે આપવામાં આવેલ ઓથોરિટીના પુરાવા માગવામાં આવે છે એટલે કોઇ ગેરરીતિ કરવાવાળા

પુરાવા લઇને આવે નહીં. આપનાર, લેનારની દરેક પાના ઉપર સહીઓ કરવાની જોગવાઇ કરી છે એટલે એવું બને છે કે ઘણીવાર પાના કાઢી લઇ બીજા પાના મૂકી દે એટલે દરેક પેઇઝ ઉપર સહીઓ કરવાની જોગવાઇ રાખેલ છે. દસ્તાવેજ મૂળ પક્ષકાર વતી પાવર ઓફ એટર્ની કરી આપેલ હોય તો પાવર ઓફ એટર્ની આપનાર હયાત છે તેના પુરાવા પણ માગવામાં આવે છે. ઘણીવાર મૃત્યુ થયેલ વ્યક્તિનું લઇને આવતા હોય છે. હયાત છે કે નહીં એના પુરાવા લાવવામાં આવે તો જ દસ્તાવેજની નોંધણી થાય. તા. ૨૪-૯-૨૦૨૦થી વિધાનસભામાં અમે કાયદો લાવ્યા હતા, જે અત્યારે મહામહિમ રાષ્ટ્રપતિશ્રીની મંજૂરીમાં પેન્ડિંગ છે. આનાથી ક્યારેય કોઇને ખોટું કરવાનો મોકો નહીં મળે એવું બિલ વિધાનસભામાં પાસ કરીને રાષ્ટ્રપતિશ્રીને મોકલ્યું છે. એ મળશે એટલે ગુજરાતમાં આ છેતરપિંડી કરવાવાળા, ખોટા દસ્તાવેજ કરવાવાળા, મૃત્યુ થયેલ લોકોના દસ્તાવેજ કરવાવાળા કોઇને ચાન્સ મળશે નહીં અને કરી શકશે નહીં. હક્કની માલિકીની સાબિતીને લગતા દસ્તાવેજો સાથે રાખ્યા નહીં હોય તો સ્થાવર મિલકતને લગતા બિન વસિયતી સ્વીકારવાનો ઇન્કાર કરી શકશે. એટલે જો પૂર્તતા ન હોય, સબ રજિસ્ટ્રાર ઓફિસના અધિકારીઓ છે એ એને સ્વીકારશે નહીં. પૂર્તતા બધી જોઇશે. દસ્તાવેજ કરી આપનાર વ્યક્તિ, તેની ઓળખ આપનાર અને લખાવી લેનાર પક્ષકારોએ શક્ય હોય ત્યાં સુધી તેની ઓળખ કરવાના હેતુ માટે તેનો આધાર નંબર રજૂ કરવાની જોગવાઇ કરવામાં આવી છે. આ પણ ફુલપ્રુફ સિસ્ટમ ઉભી કરી છે. સરકારી મિલકતના દસ્તાવેજો, અગાઉ મેં કહ્યું કે એક સરકારી પ્રોપર્ટી એ.પી.એમ.સી.ની વેચી કાઢી. કાયદાથી અધિકારીને રક્ષણ ન હતું. હવે કાયદો લાવ્યા કે જ્યાં સુધી સરકારી અધિકારી મિલકતની ઓથોરિટી લખીને ન આપે તો કોઇપણ દસ્તાવેજની નોંધણી કરવી નહીં. એ.પી.એમ.સી. સરકારી યુનિટ છે એ એ.પી.એમ.સી. બીજાને વેચી મારવાનો બનાવ બન્યો હતો. સરકારી મિલકતોને કાંઇ ન થાય એટલે સક્ષમ સત્તાની પરવાનગી વગર નોંધણી થઇ શકશે નહીં. આ બધું કરવાના કારણે ગુજરાતમાં આવા કોઇ મૃત્યુ, જીવિત એ નહીં ઘણા બધા દસ્તાવેજોમાં લોકો છેતરપિંડી કરતા હતા. આ બધામાં રાજ્ય સરકારે વ્યવસ્થાઓ ગોઠવીને સરસ માળખું આખા ગુજરાતમાં ગોઠવવામાં આવ્યું છે.

અધ્યક્ષશ્રી : માનનીય ઇન્દ્રજીતસિંહજી, તમે તમારા પ્રશ્ન માટે માનનીય મંત્રીશ્રીને મળી આવજો. એમને સંતોષ થયો નથી, એમનો પ્રશ્ન ઉકેલી આપજો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીની જે લાગણી હતી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, ઉકા વજા નિરાશ્રિતનું તા. ૯-૨-૨૦૨૧ના રોજ અવસાન થયું. તેમના અવસાનને ૧૦ વર્ષ પહેલાં જણાવી રાધનપુરના સરવે નં. ૩૪૭/૧૨, ૨૭૯/અ, ૨૭૯/બ નો ગેરકાયદેસર દસ્તાવેજ નોંધી લેવામાં આવેલ હતો. મારી વિનંતી છે કે આ કેસ છે એને પુનરાવલોકનમાં લઇ અને જો બિન અધિકૃત ટ્રાન્ઝેક્શન થયું હોય તો મૂળ માલિકને એનો અધિકાર મળે અને ખોટું કરનારા લોકો ઉપર લેન્ડ ગ્રેબિંગ એક્ટ નીચે કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ પણ મેં કહ્યું કે અમારી પાસે માહિતી નથી. ઉકાભાઇની વાત કરી, એમાં તાત્કાલિક ચેક કરાવીને સમય મર્યાદામાં જે કોઇએ ખોટું કર્યું હશે, અધિકારીએ કે જેણે કર્યું હશે, રાજ્ય સરકારે જે કાયદાનો અમલ કરવાનો હશે એ અમે કરીશું.

**અમરેલી જિલ્લામાં ગૌચર જમીનની ફાળવણી**

* ૩૮૨૨૯ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત ગૌચર વ્યવસ્થાપન પોલિસીની જોગવાઇઓનો ભંગ કરીને અમરેલી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગૌચરની કેટલી જમીન કયા હેતુ માટે ફાળવવામાં આવી, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગૌચર વ્યવસ્થાપન પોલિસીની જોગવાઇઓનો ભંગ કરીને કોઈ જમીન ફાળવેલ નથી. |
| (૨) ઉક્ત ફાળવવામાં આવેલ જમીનની સામે કેટલી વૈકલ્પીક જમીન ગૌચર તરીકે નીમ કરવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત પૈકી બાકી રહેલ વૈકલ્પીક જમીન ગૌચર તરીકે ક્યાં સુધીમાં નીમ કરવામાં આવનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ગૌચર વિનાની ગાયો સલામત નથી તેમ મારા મત વિસ્તારમાં *(xxx) અમરેલી જિલ્લામાં ગૌચર જમીન મેળવવા કેટલી અરજીઓ આવી, માનનીય અધ્યક્ષશ્રી, ગૌચરની જમીનો ઉપર વ્યાપક ફરિયાદો થયેલ છે તે દૂર ન થતા જમીન ફાળવણી કરી શકાતી નથી એ વાત ખરી છે કે કેમ? છેલ્લો પ્રશ્ન, જવાબ મને જે આપ્યો છે એ પ્રમાણે મારા મત વિસ્તારની અંદર લીખાળા, ભોકરવા અને ભેકરા આ ત્રણ ગામની અંદર સરવે નંબરના પુરાવા સાથે આપી શકું. એની અંદર બે પગવાળા આખલાઓએ ગૌચરમાં પવન ચક્કીઓ ઊભી કરી છે એ દૂર કરવા માગો છો કે કેમ?

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૨૨મી માર્ચ ૨૦૨૧

તારાંકિત પ્રશ્નો

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા જવાબમાં સ્પષ્ટ કીધું છે. એમણે પણ સ્પષ્ટ સવાલ પૂછ્યો છે કે કેટલા ઢોરો છે અને શું છે? ગુજરાતમાં વિજયભાઇના નેતૃત્વવાળી સરકારે એક ઇંચ ગૌચર જમીન નિયમોનુસાર બહાર આપી નથી આ વખતો વખત મેં કીધું છે. ગૌચર નક્કી કરવાની પદ્ધતિ છે એ મુજબ ગૌચર કલેક્ટર નક્કી કરે છે ૧૦૦ ઢોર હોય તો ૪૦ એકર અને જંગલની હોય તો ૧૦૦ ઢોરે ૨૦ એકર આ એના નોર્મ્સ છે. કલેક્ટરની પાસે દરખાસ્ત આવે એટલે કલેક્ટર ગૌચર નીમ કરે છે. એ ગૌચરની જાળવણી-સંભાળ પંચાયત કરતી હોય છે. જાહેર ઉપયોગના હેતુઓ, સરકારી કામકાજના હેતુઓ માટે ગૌચરની જગ્યાની જો જરૂર પડે તો ગૌચરની ૨૦૧૫ની અમારી નીતિ અનુસાર એ ફાળવીએ છીએ પણ ગૌચર ઓછું કરતા નથી. ધારો કે સરકારને પૂલ, રસ્તાઓ બનાવવા માટે જમીન જોઇએ. હવે ગૌચરની જમીનમાં જ એમનું પ્લાનિંગ હોય તો એટલી જમીન અમે સરકારને આપીએ એટલી જમીન કલેક્ટર અમને નીમ કરી આપે એટલે ગૌચર ઓછું કરતા નથી. સરકારી નિયમ ૩ મુજબ સરકારને અમે જમીન આપીએ છીએ. એ ગૌચરની આપવાની થાય ત્યાં જ કરી શકાતો હોય અને અમે ગઇ સાલ નવું એમેન્ડમેન્ટ કર્યું છે એ મુજબ તળાવ, સ્મશાન એ બધાનો પણ સમાવેશ કર્યો છે એ જાહેર હેતુના છે પણ કલેક્ટર સરકારી જમીન નીમ કરે છે એટલે ગૌચર ઓછું થતું નથી. સવાલ છે ખાનગી લોકોને આપવનો, એમાં ગૌચરની સ્પષ્ટ નીતિ છે. જાહેર હેતુ માટે જો આપવાની હોય એટલી જમીન એણે ખરીદીને લેવાની અને આપવાની અને ઉપરાંત ૩૦ ટકા અથવા ૪૦ ટકા વધારાના લેવાના, જમીન તો એટલી લેવાની જ. ખાનગી હોય તો ૪૦ ટકા વધારે લેવાના. આ ૩૦ ટકા, ૪૦ ટકા અમે ગૌચર ફંડ ઊભું કરીએ છીએ. એ ગૌચર વિકાસ બોર્ડ એનો વહિવટ કરે છે. એટલે ગૌચર સુધારણા માટે પૈસા વાપરીએ છીએ. એટલે એક ઇંચ પણ જમીન ઓછી થતી નથી. એમણે જે દાખલા આપ્યા એની ચોક્કસ તપાસ કરાવીશું. એમાં ગૌચરનો પ્રશ્ન છે. જ્યારે જરૂર પડે ત્યારે કલેક્ટર દ્વારા ગૌચર નીમ કરવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીએ એમના જવાબમાં જણાવ્યું કે એક ઇંચ જગ્યા ગૌચરની આપવામાં આવતી નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પડોશીને કહી દો ને. એમને એક તક ભેગી આપીશ. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીએ એમના જવાબમાં જણાવ્યું કે એક ઇંચ જગ્યા ગૌચરની આપવામાં આવી નથી. આજની પ્રશ્નોત્તરીના કોષ્ટકમાં જ ૩૪,૬૩,૩૨૨ ચોરસ મીટર જગ્યા ગુજરાતની ગૌચરની આપી દેવામાં આવી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન છે, જોગવાઇનો ભંગ કરીને કોઇ જમીન આપી છે? બીજું પૂછો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન છે કે, તા.૬-૩-૨૦૨૧ના રોજ આ જ વિધાનસભા ગૃહની પ્રશ્નોત્તરીની અંદર અમરેલી જિલ્લામાં ગૌચરની કેટલી જગ્યાઓ ફાળવવામાં આવી? એમાં ૧,૫૮,૭૬૩ કહી છે. આજે મંત્રીશ્રી એવું કહે છે કે અમરેલી જિલ્લામાં ગૌચરની એક ઇંચ જગ્યા આપવામાં આવી નથી તો માનનીય મંત્રીશ્રી એનો જવાબ આપે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ પૂછ્યો એના જવાબમાં પહેલા જ કીધું કે ગૌચરની જગ્યા આપવાના રાજ્ય સરકારના વર્ષ ૨૦૧૫ના ચોક્કસ નિયમો છે. એ નિયમોમાં જાહેર હેતુ માટે અથવા સરકારી કામકાજો માટે ધારો કે જી.ઇ.બી.નું કોઇ ૬૬ કે.વી.નું સબસ્ટેશન બનાવવું હોય એ ગૌચરની જગ્યામાં જ બનાવવું પડે એવું હોય તો ગૌચરની જગ્યા ઓછી કરતા નથી. જી.ઇ.બી. પાસેથી એટલી જમીન સરકારી પડતર જી.ઇ.બી.ને નીમ કરે અને આપે એટલે ગૌચર ઓછું કરતા નથી. બીજા સંજોગોમાં કોઇએ જાહેર હેતુ માટે જગ્યા માગી હોય માટે તો ૩૦ ટકા જમીન, પ્લસ ૩૦ ટકા, એનાથી બીજા હેતુ માટે માગી હોય તો જમીન પ્લસ ૪૦ ટકા એટલે જમીન તો લેવાની જ. ગૌચર ઓછું નહીં કરવાનું વધારાના ૩૦ ટકા, વધારાના ૪૦ ટકા એ પૈસા ગૌચર ડેવલપમેન્ટ ફંડમાં જાય અને ગૌચરને કેમ વિકસાવવું, તારની ફેન્સિંગ કરવી, એ બધાના નિયમો છે ગૌચર ફંડ કયાં વાપરવું એમાં વાપરીએ છીએ અને આ બધો હિસાબ પંચાયત રાખે છે.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એક સૂચન પણ કરવા ઇચ્છું છું અને પ્રશ્ન પણ કરવા ઇચ્છું છું. આપણે પશુધનને બચાવવા માટે ખૂબ કાર્યક્રમો કરી રહ્યા છીએ. કરુંણા એમ્બ્યુલન્સ પણ સરકાર ફાળવી રહી છે સાથે સાથે બ્રીડ સુધારણાના કાર્યક્રમો એમાં ગીર ગાય, કાંકરેજ ગાય, કાઠિયાવાડી અશ્વ અને જાફરાબાદી ભેંસ આ બધા માટે સરકાર જયારે કમર કસી રહી છે તો એના મૂળમાં જો કોઇ હોય તો ગૌચર ઓછા થયા છે, ગાયો, ભેંસો બાંધીને જ એમને ખવડાવવામાં આવે છે એટલે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે આખા રાજયની અંદર જેટલા ગૌચરોની અંદર દબાણ છે એકસ વ્યક્તિના હોય, વાય વ્યક્તિના હોય કે ઝેડ વ્યક્તિના હોય આ બધા જ ગૌચર દબાણો સરકાર પોતે એક કમિટી બનાવીને ખુલ્લા કરાવવા માગે છે કે કેમ? કે જેથી પશુધનની સ્થિતિ સુધરે અને આપણી પણ.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દબાણ હશે તો અમારા મહેસૂલ વિભાગનું કામ છે. કોઇપણ પ્રકારનું ગેરકાયદેસર દબાણ અમે દૂર કરવા સંમત છીએ. અમારી સરકાર સંવેદનશીલ સરકાર છે.

અધ્યક્ષશ્રી : જવાબ આવી ગયો.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પશુઓની ચિંતા અમે કરીએ જ છીએ અને કરવાના છીએ.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે..

ચૈત્ર ૧, ૧૯૪૩ શાકે

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : પ્રશ્ન બરાબર લખી રાખો, પછી પૂછો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લામાં ગૌચરની ફાળવણી બાબતનો આ પ્રશ્ન છે. મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને એટલું જ પૂછવું છે કે ગૌચરની જમીન નામદાર સુપ્રીમ કોર્ટના હુકમના કારણે કોઇને આપણે ફાળવી શકતા નથી પણ ગુજરાતમાં એવા બનાવ બન્યા છે કે ગૌચરની જમીન હોય એ સરકારી હેડે દાખલ કરી અને કોઇને ફાળવવા માટે...

અધ્યક્ષશ્રી : શ્રી બળદેવજીભાઇ, પ્રશ્ન પૂછોને. આજે તમારા બધાના સહકારથી મારે વધારે પ્રશ્નો કવર કરવા છે. જેને પૂછવો હોય એ પ્રશ્ન લખીને રાખે. લાંબો પ્રશ્ન નહીં પૂછવા દઉં અને લાંબા જવાબ પણ પછી નહીં આપવા દઉં. તમે ટૂંકો જ પ્રશ્ન પૂછો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લાની અંદર ગૌચરની જમીન સરકારી હેડે દાખલ કરી અને કોઇને ફાળવવામાં આવી છે કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમનો પ્રશ્ન સ્પષ્ટ છે. કલેકટર ગૌચર નીમ કરે છે. પંચાયતવાળા એમની જરૂરિયાત પ્રમાણે ૧૦૦ ઢોરે ૪૦ એકર ગૌચર કલેકટર નીમ કરે છે. એ નીમ થઇ ગયું એમાં એમનો પ્રશ્ન એ છે કે કોઇને આપવા માટે સ્પેશિયલ નીમ કર્યું એવું નથી. ગૌચર ઢોરના આધારે નીમ થાય છે. દા.ત. અમે અમરેલી જિલ્લામાં જે ગૌચર આપ્યું છે એ ૯૦ ટકા, ૯૫ ટકા સરકારી કંપનીઓને આપ્યું છે. જી.ઇ.બી.ને આપ્યું છે, નર્મદાને આપ્યું છે, પાણી પુરવઠાને આપ્યું છે. જે જાહેર હેતુના છે. એટલે સરકારી પડતર ગૌચર કોઇના માટે નીમ કરીએ છીએ એવું નથી. એની જરૂરિયાતના આધારે સરકારે જમીન આપવાની છે એ નીમ કરીએ છીએ. એટલે કોઇના માટે ગૌચર નીમ નથી કરતા. ગૌચર જરૂરી હોય અને એને ગૌચર આપવું હોય તો કલેકટર નીમ કરી આપે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : શેનું? એક મિનિટ પણ, મને પૂછો. ત્યાં ના જોશો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ગૌચરમાંથી સરકારી હેડે દાખલ કરે એવા કોઇ બનાવ બન્યા છે? ગૌચર હેડે ચાલતી જમીન હોય એમાં સરકારના આદેશ પ્રમાણે એને સરકારી પડતર દાખલ કરવાના કોઇ હુકમો કરવામાં આવે છે કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સ્પેસિફિક આપો. નિયમો ચોકકસ છે. નિયમોની બહાર અમે એક પણ ઇંચ જમીન આપી નથી. એવા કોઇ કેસ હોય તો અમારી પાસે લાવો. તપાસ કરીશું.

અધ્યક્ષશ્રી : જવાબ આવી ગયો.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશશ્રી, આપના મારફત જાણવા માગું છું કે લીખાળા ગામ..

અધ્યક્ષશ્રી : ધીરે ધીરે બોલો.

શ્રી પ્રતાપ દુધાત : સાવરકુંડલા તાલુકામાં ૨૧૭ પૈકી ૭ સરવે નંબરની અંદરમાં ૬ પવન ચક્કીઓ ગૌચરમાં ઊભી છે. એ ગૌચર કયા આધારિત આપવામાં આવ્યું? કઇ પડતર જમીન ગામને ફાળવવામાં આવી? એ અત્યારે ન કહો તો પછી પણ મને જાણ કરો કે હું તમને લેખિત આપું? મે પત્ર વ્યવહાર પણ કર્યો છે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી આપને લેખિતમાં આપશે. આ વિગત આપની પાસે ન હોય. આપનો પ્રશ્ન સોલ્વ થશે. આપને લેખિતમાં આપશે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે દબાણો અમે ખુલ્લા કરાવીશું. તો અમરેલી જિલ્લામાં કલેકટર કચેરીમાં અને જિલ્લા પંચાયત કચેરીમાં દબાણ રજિસ્ટર હોય છે. આ દબાણ રજિસ્ટર ઉપર કેટલું દબાણ થયું છે અને છેલ્લાં ૫ વર્ષની અંદર આ દબાણ રજિસ્ટરની અંદર જે દબાણ ઓન રેકર્ડ છે એમાં અમરેલી જિલ્લામાં છેલ્લાં ૫ વર્ષમાં કેટલાં ખુલ્લા કરવામાં આવ્યા છે? એની વિગતો આપો?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ દબાણનો વિષય નથી. આ જુદો વિષય છે. જુદો પ્રશ્ન પૂછો. દબાણનો વિષય આ નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : દબાણ રજિસ્ટરો હોય છે. દબાણ રજિસ્ટરની અંદર લખેલું હોય છે. એ પૈકી મંત્રીશ્રીએ જવાબ આપ્યો એમાંથી મેં પેટા સવાલ ઊભો કર્યો છે.

અધ્યક્ષશ્રી : ગૌચરનું છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : ગૌચરની જ વાત કરું છું. કલેક્ટર કક્ષાએ દબાણ દૂર કરનાર રજિસ્ટર હોય છે. એ રજિસ્ટર પૈકી છેલ્લાં ૫ વર્ષમાં અમરેલી જિલ્લામાં કેટલા દબાણો ખુલ્લા કરવામાં આવ્યા? આપે જવાબમાં કહ્યું એટલા માટે.

અધ્યક્ષશ્રી : અમરેલી જિલ્લાનો પ્રશ્ન છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : આ પ્રશ્નમાં અગાઉ કહ્યું ગૌચરની કે કોઇપણ અનધિકૃત દબાણ અંગે સરકારની નીતિ છે. સરકાર દૂર કરવા માગે છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી તરફથી પોતાના જવાબમાં એવું કહેવામાં આવ્યું..

અધ્યક્ષશ્રી : સીધો પ્રશ્ન પૂછો.

## તા. ૨૨મી માર્ચ ૨૦૨૧
## તારાંકિત પ્રશ્નો

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : સીધો જ પ્રશ્ન પૂછું છું કે જ્યારે ગૌચર કોઇ કંપનીને ફાળવવામાં આવે છે, ત્યારે બીજી કોઇ જમીન ગૌચર તરીકે નીમ કરવામાં આવે છે. માનનીય મંત્રીશ્રી પાસેથી આપના મારફતે એ જાણવા માગું છું કે જે ગૌચર નીમ થાય છે તે પથરાળ જમીનમાં થાય છે. ત્યાં ઘાસ ઊગી શકતું નથી. ગાયો માટે કે ઘાસચારા માટે આ જમીન અનુકૂળ છે નહીં. એવા ગૌચરની જમીનની ફાળવણી કરવામાં આવી છે, તે અંગે સરકાર વિચારણા કરી રદ કરવા માગે છે કે નહીં?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : ગૌચરનો મતલબ એ છે કે પશુઓ ચરી શકે. એવી કોઇ બાબત ધ્યાનમાં આવશે...(અંતરાય)

અધ્યક્ષશ્રી : પહેલાં જવાબ તો સાંભળો. તમારો જવાબ સાંભળવાની તૈયારી નથી? મંત્રીશ્રી બધા જ પ્રશ્નનો જવાબ આપી રહ્યા છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : પશુઓ ચરી શકે એવી વ્યવસ્થા કરી છે. કોઇ ધ્યાનમાં લાવશો તો ગૌચર પશુઓ ચરી શકે એવી વ્યવસ્થા કરી છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : લેખિતમાં આપજો ને.

**કૃષિક્ષેત્રના મજૂરોનો વેતનદર**

*૩૭૨૯૯ **શ્રી ઈમરાન ખેડાવાલા**(જમાલપુર-ખાડિયા): **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં કૃષિ ક્ષેત્રે કામ કરતા મજૂરોનો વેતનદર કેટલો નક્કી થયેલો છે.

એચબી-૫૯૩-૧ (સીસ-૧૦)

(૨) આ વેતનદર છેલ્લે ક્યારે નક્કી થયો હતો, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ વેતનદરમાં વધારો કરવાનું આયોજન છે કે કેમ?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં કૃષિક્ષેત્રે કામ કરતાં કામદારોને નીચે મુજબ લઘુત્તમ વેતન ચૂકવવાનું ઠરાવવામાં આવેલ છે.

| અનુક્રમાંક | કામદારોનો વર્ગ | છુટક મજૂરને ચૂકવવાપાત્ર દૈનિક દર | કાયમી મજૂરને ચૂકવવાપાત્ર વાર્ષિક દર |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧ | કૃષિ રોજગારમાંના કામે રાખેલ કામદારો | રૂ.૧૭૮.૦૦ | રૂ.૬૪,૯૭૦-૦૦ |

(૨) તા.૧૯-૦૯-૨૦૧૬ના રોજ

(૩) હા જી

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી હું પૂછવા માગું છું કે દેશમાં કૃષિ ક્ષેત્રમાં સૌથી વધુ ૪૧૦ રૂપિયા લઘુત્તમ વેતન કેરળમાં ચૂકવાય છે. ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે સૌથી ઓછું વેતન..

અધ્યક્ષશ્રી : માનનીય ઇમરાનભાઇ, આપ સીધો પ્રશ્ન પૂછોને.

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : ૧૭૮ રૂપિયા ગુજરાત સરકાર ચૂકવે છે. એ વેતન વધારવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : સરસ.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ ક્ષેત્રે ૧૭૮ રૂપિયા લઘુત્તમ વેતન ચૂકવવામાં આવતું હોય છે. દર ૫ વર્ષે આની સમીક્ષા થાય છે. સમીક્ષા થયા પછી તા. ૧-૧-૨૦૨૧ના દિવસે નવું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે અને આ નવા જાહેરનામાની અંદર લઘુત્તમ વેતન ૨૬૮ રૂપિયા નક્કી કરવામાં આવ્યું છે અને પહેલી વાર ગુજરાતમાં ખાસ ભથ્થાં તરીકે ૫૬.૨૦ રૂપિયા આપણા રાજ્યની અંદર નક્કી કરવામાં આવ્યું છે.

શ્રી રમણભાઇ ધુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાત રાજ્યમાં લઘુત્તમ વેતન સલાહકાર મંડળ હોય છે તેમાં કોણ કોણ સભ્યો હોય છે અને તેની બેઠક ક્યારે મળતી હોય છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજ્યની અંદર લઘુત્તમ વેતન સલાહકાર મંડળની રચના કરવામાં આવેલ છે. આમાં શ્રીમતી ભાવનાબેન જોષીપુરા આ મંડળના અધ્યક્ષ છે. તેની અંદર શ્રમયોગીના ત્રણ પ્રતિનિધિ હોય છે. માલિક પ્રતિનિધિ ચાર હોય છે અને તેના સિવાય અન્ય એક સભ્યને રાખવામાં આવતા હોય છે. મદદનીશ શ્રમ આયુક્તને પણ આ મંડળની અંદર સામેલ કરવામાં આવતા હોય છે.

અધ્યક્ષશ્રી : આની બેઠક કયારે થઇ તેવું સભ્યશ્રીએ પૂછયું છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ મંડળની બેઠક વર્ષ ૨૦૧૬, ૨૦૧૭માં થઇ હતી. વર્ષ ૨૦૧૮ની અંદર આ લઘુત્તમ વેતનની અંદર સુધારા વધારા કરવા માટે પાંચ વખત બેઠક થઇ છે. વર્ષ ૨૦૧૯ની અંદર આ મંડળની એક વખત બેઠક મળી છે. આ બેઠકોમાં લઘુત્તમ વેતનદર વધારવા માટેની જે ભલામણો આવી તેના આધારે આ વધારો કરવામાં આવે છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઇમરાનભાઇએ જેમ વાત કરી તેમ અન્ય રાજ્યો કરતાં ગુજરાતમાં ખેતમજૂરોના વેતનદર ખૂબ ઓછા છે. મોંઘવારી ખૂબ વધારે છે. ત્યારે મારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ ૧૭૮ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે અને તેની નીચે બીજો જવાબ આપ્યો છે કે,..

અધ્યક્ષશ્રી : આ દર રૂપિયા ૨૬૮ કર્યા છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે છે તેમાં કામના કલાકો નક્કી કરવામાં આવેલ છે કે કેમ? બીજા નંબરે અત્યારે આમાં તમે રૂપિયા ૧૭૮ આપ્યા છે. તે દર છેલ્લે કયારે વધાર્યા છે? તેમાં કામના કલાકો નક્કી કરવામાં આવ્યા છે કે કેમ?

અધ્યક્ષશ્રી : એક જ પ્રશ્ન કામના કલાકોનો છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ખેતમજૂરોનું અલગ અલગ વિસ્તારોમાં શોષણ થતું હોય છે. આપણને કેટલીય એવી ફરિયાદો મળે છે કે, ખેતમજૂરોને લઘુત્તમ વેતન ચૂકવાતું નથી. તેના માટે નિવારણ માટે તાલુકા કે જિલ્લા કક્ષાએ કોઇ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : કામના કલાકો નક્કી કર્યા છે? માનનીય અમિતભાઇ આપનો પ્રશ્ન આવી ગયો.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૭૮ રૂપિયા આપે જે પ્રશ્ન પૂછયો ત્યારે ચૂકવાતા હતા. તા.૧-૧-૨૦૨૧ના દિવસે રાજ્ય સરકારે જાહેરનામું બહાર પાડીને ૨૬૮ રૂપિયા લઘુત્તમ વેતન નક્કી કરવામાં આવ્યું છે તે મેં પહેલાં પણ કહ્યું છે. આ ગુજરાતમાં પહેલીવાર આ લઘુત્તમ વેતન ઉપરાંત રૂ.૫૬.૨૦ રૂપિયા આપણે ખાસ ભથ્થાં તરીકે ચૂકવવાનું નક્કી કરવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : કામના કલાકોનો પ્રશ્ન પૂછયો છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, કામના કલાકોની અંદર જે કામના કલાકો પહેલાં ઠરાવ મુજબ નક્કી હતા તે જ પ્રમાણે નક્કી કરવામાં આવેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય અજમલજી ઠાકોર. ઠરાવ મુજબ કલાકો છે.

શ્રી અજમલજી વ. ઠાકોરઃ માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, લઘુત્તમ વેતનના દરો કેવી રીતે નક્કી કરવામાં આવે છે અને લઘુત્તમ વેતનની ચૂકવણી સુનિશ્ચિત કરવા માટે શું કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યની અંદર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ભાવનગર શહેરમાં જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓના ભાવ નક્કી થતા હોય છે. અમારા મંડળ મારફતે આ જે જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુના ભાવ હોય છે તે ભારત સરકારની એક સિમલા બ્યુરો કચેરી આવેલ છે તેમાં મોકલવામાં આવતા હોય છે. સિમલા બ્યુરો કચેરીમાં આ ચીજ-વસ્તુઓના ભાવના આધારે કેટલું વેતન વધારી શકાય તે નક્કી કરવામાં આવતું હોય છે.

અધ્યક્ષશ્રી : કામના કલાકોનો જવાબ હોય તો કહી દો ને.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ખાસ કરીને કૃષિ ક્ષેત્રની વાત ગ્રામ્ય વિસ્તારમાં હોય છે.

અધ્યક્ષશ્રી : જવાબ હોય તો કહી દઇએ, બાકી શું કામ રાખવું.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ ક્ષેત્રની વાત ગ્રામ્ય વિસ્તારમાં આવે છે. આ જે ખેતમજૂરો છે તેને એક દિવસના ૧૦૦ કે ૧૫૦ રૂપિયા આપવામાં આવતા હોય છે. ભલે તમે ૧૭૮ કે ૨૬૮ રૂપિયા કહ્યા પણ કોઇને ફરિયાદ કરવી હોય, રજૂઆત કરવી હોય તો તે કયાં કરવી?

અધ્યક્ષશ્રી : રજૂઆત કયાં કરવી?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો, હું પણ ખેડૂત જ છું. હું એટલા માટે કહું છું કે, આજે પણ અમારે ત્યાં ખેતી કરવા માટે ખેતમજૂરો મેળવવા અમારા માટે ઘણી બધી મુસીબત છે.

અધ્યક્ષશ્રી : રજૂઆત કયાં કરવી?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું તો એમ કહું છું કે, આ જે લઘુત્તમ વેતન અત્યારે નક્કી કરવામાં આવ્યું છે તેના કરતાં પણ વધારે ખેડૂતો શ્રમિકોને વેતન આપતા હોય છે.

અધ્યક્ષશ્રી : હું પણ ખેડૂત છું અને મને પણ ખબર છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે પણ લઘુતમ વેતન ન મળતું હોય, પહેલા એવું હતું કે લઘુતમ વેતન નહોતું મળતું, પણ અત્યારે તો લઘુતમ વેતન કરતા પણ વધારે રોજગારી ગુજરાતમાં મળી રહે છે.

અધ્યક્ષશ્રી : ફરિયાદ ક્યાં કરવાની?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, તેમ છતાં કોઇ ફરિયાદ હોય અને કોઇ શ્રમિક ફરિયાદ કરે તો અમારા અધિકારી એની તપાસ કરતા હોય છે.

તા. ૨૨મી માર્ચ ૨૦૨૧

તારાંકિત પ્રશ્નો

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સભ્યની ચિંતા બહુ સ્પષ્ટ છે. ૨૦ વર્ષથી નંબર વન ગુજરાતમાં મનરેગાના મજૂરોનું વેતન ૨૨૪ રૂપિયા છે. હરિયાણા, કેરળ, પંજાબ, કર્ણાટક, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને તેલંગણા કરતા આપણે પાછળ છીએ. ખેતીની જે વાત છે એમાં ખેત મજૂરોને જે વેતન ચૂકવવાનો દર છે, વર્ષ ૨૦૧૬માં આપણે ૧૭૮ રૂપિયા નક્કી કર્યો હતો ત્યારે આખા દેશમાં આપણે ૨૦માં ક્રમે હતા. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે તા.૧.૧.૨૦૨૧ના રોજ વધારીને ૨૬૮ રૂપિયા કર્યા તો પણ આપણે ત્યાં ઓરિસ્સા, ઝારખંડ અને બિહાર કરતા વેતનનો દર હજુ પણ ઓછો છે. ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવું છું કે, ૬૮ લાખ જેટલા ખેત મજૂરો ગુજરાતમાં છે..(અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, માત્ર પ્રશ્ન પૂછો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, એ ગુજરાતના ખેત મજૂરોને કેટલા કલાક કામ કરવા માટે આપણે આ દર નિયત કરેલ છે અને કેટલા કલાક માટે આપણે આ ૨૬૮ રૂપિયા દર નક્કી કર્યો છે? અને આ દર છે એ હજુ ઓછો છે તો આમાં વધારો કરીને મજૂરોને એનું વળતર ચૂકવવામાં ગુજરાત નંબર વન બનવા માગે છે કે કેમ?

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત નંબર વન જ છે અને રોજગારી આપવામાં પણ નંબર વન છે અને ૨૬૮ રૂપિયા વત્તા ૫૬.૨૦ રૂપિયા વધારાનું ભથ્થું એમ કરીને ૩૨૪.૨૦ રૂપિયા રોજનું લઘુતમ વેતન આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

અધ્યક્ષશ્રી : કલાકોનું પૂછે છે.

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કલાકોનો કોઇ ઉલ્લેખ કરવામાં આવેલો નથી.

**પોરબંદર જિલ્લામાં બિનખેતી પરવાનગીની અરજીઓ**

* ૩૬૭૦૮ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોરબંદર જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૩૭ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા કેસો પડતર છે, અને | (૨) |

| **તાલુકો** | **અરજીઓની સંખ્યા** |
|---|---|
| પોરબંદર ગ્રામ્ય | ૦૧ |
| પોરબંદર શહેર | ૦૨ |
| રાણાવાવ | ૦૨ |
| કુતિયાણા | ૦૩ |
| **કુલ** | **૦૮** |

| | |
|---|---|
| (૩) તેનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે? | (૩) હાલની સ્થિતિએ તમામ કેસોનો નિકાલ કરવામાં આવેલ છે. |

શ્રી દેવાભાઇ પું. માલમ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજયમાં ઓનલાઇન બિનખેતી પરવાનગી આપવા માટેની કાર્યપદ્ધતિ શું છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જવાબમાં જે વિગતો આપી છે એને ધ્યાને લઇને ૨૩૭ અરજીઓ આવી હતી.

અધ્યક્ષશ્રી : ના, એ પૂછતા નથી. એની કાર્યપદ્ધતિ શું છે? કાર્યપદ્ધતિ ટૂંકમાં કહો.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ પણ કહું છું. આ જવાબમાં ૨૩૭માંથી ફક્ત ૮ એન.એ.ની અરજીઓ સિવાય બીજી બધી અરજીઓને સમય મર્યાદા પહેલા ન્યાય મળી ગયો, આ અગત્યનું છે. ૮ જે બાકી છે એ ૮ અરજીઓનો પણ આજની તારીખે સમય મર્યદામાં નિકાલ થયો છે, આ જે નિકાલ થયો છે એ કાર્યપદ્ધતિ છે. માનનીય વિજયભાઇના નેતૃત્વમાં એન.એ.ની પદ્ધતિ અગાઉ પણ મેં કહ્યું હતું કે આ ઐતિહાસિક ક્રાંતિકારી નિર્ણય છે. અગાઉ ધક્કા-ભ્રષ્ટાચાર-સમયનો બગાડ અને એને લીધે પ્રોજેક્ટો ડીલે થાય આ બધા પ્રશ્નનો જવાબ એન.એ. ઓનલાઇન. હવે એમણે પદ્ધતિ પૂછી છે ત્યારે હું કહું છું અને બધા સભ્યશ્રીઓને પણ જાણવું જરૂરી છે કે, પદ્ધતિ શું અપનાવી છે? માનનીય અધ્યક્ષશ્રી, અરજદાર દ્વારા ioragujarat.com.in પર રજિસ્ટ્રેશન કરી ઓનલાઇન અરજી તથા સોગંદનામું ઓનલાઇન કરવાનું હોય છે. પ્રિસ્ક્રાઇબ ફોર્મ અને સોગંદનામું આટલું જ કરવાનું હોય છે. સાત/બાર, આઠ, ૬ કશું આપવાનું નથી એ બધું અમે અમારા રેકોર્ડમાંથી કાઢી લઇશું, આ અગત્યનું છે. બીજું, જરૂરી ફી પણ ઓનલાઇન ભરવાની છે અને ૫૦ પૈસા ચોરસ મીટર એની ફી છે એ પણ ઓનલાઇન લઇએ છીએ. ઓનલાઇન અરજી તથા સોગંદનામાની પ્રિન્ટની સહી-સિક્કા કરેલી નકલ વેબસાઇટ પર અપલોડ કરવાની હોય છે. તથા દિન-૧૦માં તેની નકલ સંબંધિત કલેકટર કચેરીને પહોંચાડવાની હોય છે, હવે હું કહું છું એ ખૂબ જ અગત્યનું છે, કદાચ દેશમાં બિનખેતી માટે આ સિસ્ટમ ક્યાંય નથી. એ પી.એસ.ઓ. પ્રિ-સ્ક્રૂટિની ઓફિસર્સ, એ બધા

આઠ જણા ગાંધીનગરમાં બેસે છે. જે અરજદાર અરજી કરે એની અરજી કયા અધિકારી પાસે જશે એની ખબર નથી, એ આઠ ઓફિસરને પણ ખબર નથી કે કોની અરજી આવી છે? એટલે એ ટ્રાન્સફરન્ટ રીતે અરજીઓ જે આવે છે તે વહેંચવામાં આવે છે એમને તો મેરીટ્સ જ જોવાના છે. કોની અરજી છે એ ખબર જ નથી અરજદારને પણ ખબર નથી કે મારી અરજી કયા સાહેબ પાસે ગઇ છે. એટલે આ સિસ્ટમ, એકદમ ટ્રાન્સફરન્ટ રીતે એ પ્રિ-સ્ક્રૂટિનીમાં જાય છે પછી એ પ્રિ-સ્ક્રૂટિની લોકો ચેનલ નક્કી કરે છે એ ગ્રીન ચેનલ, એમાં જેનો કેસ હોય એ ૧૦ દિવસમાં નિકાલ થઇ જ જવો જોઇએ, બીજી યલો ચેનલ, ૪૫ દિવસમાં એનો નિકાલ થઇ જવો જોઇએ અને ત્રીજી રેડ ચેનલ એનો ૯૦ દિવસમાં નિકાલ થઇ જવો જોઇએ. આ જ સભાગૃહમાં બીજા કે ત્રીજા દિવસે એક જિલ્લાના પ્રશ્નના જવાબમાં ૯૦ દિવસ પૂરા થયા એવી એક અરજી નહોતી. એટલે આખો જવાબ આ છે. આ રીતે પ્રોસિજરની જે સિસ્ટમ કરી છે એના આધારે આ શક્ય બન્યું છે.

અધ્યક્ષશ્રી : આ કાર્યપદ્ધતિ છે,

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : હા, એ રીતની આ ચેનલ પ્રમાણે નિકાલ થાય છે. એમાં કોઇ એક્સ્ટ્રા ઓર્ડિનરી કેસ અથવા ટેકનીકલ કેસ હોય તો સંભવ છે કે થોડીવાર થાય પણ એના પર્સન્ટેજ અરધો ટકો, એક ટકો બાકી ૯૯ ટકા કામ પૂરું થઇ જાય છે.

અધ્યક્ષશ્રી : આવી ગયું, આપનો જવાબ બહુ વિસ્તૃત સરસ આવી ગયો છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે બિનખેતીની સમયમર્યાદા તો હમણાં ૩૦ થી ૯૦ દિવસ સુધીની વાત કરી છે, પણ ઘણી જગ્યાએ બિનખેતીની અરજી કર્યા પછી એમાં કોઇ એન.ઓ.સી. સમય મર્યાદામાં ન આવતું હોય, કોઇ વિભાગનું, ખાસ કરીને વાત એટલા માટે કરું છું કે ફોરેસ્ટ ખાતામાંથી એન.ઓ.સી. સમય મર્યાદામાં આવતા નથી, વરસ દિવસ સુધી આવતા નથી એટલે એને કારણે અમારે ત્યાં બિનખેતીની મંજૂરી મળી નથી. તો આમાં કોઇ બદલાવ લાવીને એને સમય મર્યાદામાં એનું એન.ઓ.સી. મળી જાય એવી કોઇ વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : અમે એવી વ્યવસ્થા ગોઠવી છે કે જે સરકારી વિભાગો છે, ધારો કે પાણી પુરવઠા બોર્ડ, જી.ઇ.બી. એનું અગાઉથી માગી લેવામાં આવે છે કે તમારું પ્લાનિંગ છે એ કયા કયા એરિયામાં છે? એ અમારી પાસે રેકર્ડમાં છે. ધારો કે એરપોર્ટ તો એરપોર્ટ ઓથોરિટી આખા ગુજરાતમાં ન આવે એ લિમિટેડ જગ્યાએ જ હોય. એટલે ફોરેસ્ટની વાત કરે છે એ સરકારનો જ એક ભાગ છે. એ ફોરેસ્ટની જમીન રોજેરોજ બદલાતી નથી, પણ એમનો જે કંઇ પ્રોગ્રામ હોય એ અમે બધું ફીડ કર્યું છે. લગભગ રહી ગયું હશે તો ફીડ કરીશું એટલે એન.ઓ.સી. લેવામાં અત્યાર સુધી જે મોડું થતું હતું એમાં ઘણું ઝડપથી કામ થાય છે. કારણ કે અમે બધા અગાઉ લઇ લીધા છે.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, જિલ્લામાં બિનખેતીની પરવાનગીઓ પહેલાં જિલ્લા પંચાયત દ્વારા આપવામાં આવતી હતી. ગત વર્ષોમાં કોંગ્રેસના શાસનવાળી પંચાયતો આવી, પછીથી બિનખેતીની પરવાનગી આપવાની પદ્ધતિ બદલવામાં આવી હવે ભારતીય જનતા પાર્ટીની પંચાયતો વધારે આવી છે એટલે પરત આપવાના છો કે આ સારી સિસ્ટમ છે એ ચાલુ રાખવાના છો?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ કહેલું હતું, પણ ટૂંકમાં કહુ કે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીનો આ એકદમ બોલ્ડ નિર્ણય છે. જે પંચાયતોમાં એન.એ. આપણને બધાને ખબર છે વર્ણન કરવાની જરૂર નથી ક્યાં શું થતું હતું, કેવું થતું હતું એ બધાને ખબર છે. બે ભાગ હતા પંચાયત કરે અને કલેકટર બિનખેતી કરે એટલે એમાંથી એક એજન્સી કરી દીધી અને કલેકટર કરે છે. આમ, પણ જિલ્લાનું બધું કામ કલેકટર હસ્તક હોય છે એટલે એ કલેકટરને આપેલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી , હવે ફેરફાર કરવાના છો કે કેમ? ટૂંકમાં કહો.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : આખા જિલ્લાનું બિનખેતી કલેકટર હસ્તક કરેલ છે.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી પ્રશ્ન પૂછવો છે કે, બિનખેતીના કેસમાં જે પારદર્શકતાની વાતો કરે છે એમાં મોટાપાયે ભ્રષ્ટાચાર થાય છે, તો જૂનાગઢ જિલ્લામાં મામલતદારને એન્ટી કરપ્શનમાં પકડવામાં આવ્યા હતા કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તે વિગત મારી પાસે નથી. ચોક્કસ મંગાવીને યોગ્ય કરીશું.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં ગીર બોર્ડર છે તો બિન ખેતીની મંજૂરી કોઇ ખેડૂત માગે તો ૦ થી ૧૦ કિલોમીટર ઇકો-સેન્સેટીવ ઝોન આવે. દા.ત. મારું વિસાવદર સિટી છે તે સિટીથી બે-ત્રણ કિલોમીટર આ બાજુ જૂનાગઢ તરફ કોઇને નાનો ઉદ્યોગ કરવો હોય, કોઇ જૂના ઉદ્યોગ હોય તેને રિન્યુ કરવો હોય તો તેમા જીપીએ સિસ્ટમમાં જે આ ઇકો -સેન્સેટીવ ઝોન આવે છે એટલે તેને મંજૂરી ૦ થી ૧૦ કિલોમીટરની નથી મળતી તો સિટીની વચ્ચે કોઇને નાનામાં નાનો ધંધો કરવો હોય કે કોઇને મારબલનું નાનું કારખાનું કરવું હોય તો આવાને આપણે મંજૂરી આપવા માગીએ છીએ કે કેમ ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બિન ખેતી કરવા માટે ઘણાં બધા વિભાગોના અભિપ્રાય લેવામાં આવે છે અને એ અભિપ્રાયમાં જો ફીટ થાય તો બિન ખેતી આપવામાં આવે છે.

**સાબરકાંઠા જિલ્લામાં શૈક્ષણિક હેતુ માટે જમીન ફાળવણી**

* ૩૬૬૭૯ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા. ૨૨મી માર્ચ ૨૦૨૧

તારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શૈક્ષણિક હેતુ માટે કોઈ જમીન ફાળવવામાં આવેલ છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા તો ઉક્ત સ્થિતિએ કેટલી જમીન ફાળવવામાં આવેલ છે? | (૨) ઉક્ત સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં **૭૫૦૩૩ ચો.મી.** જમીન તથા<br>અરવલ્લી જિલ્લામાં **૬૫૦૯ ચો.મી.** જમીન ફાળવવામાં આવેલ છે. |

શ્રી કિશોર બા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાને જમીન ફાળવણીની નીતિ શું છે ?

શ્રી કૌશિકભાઈ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, શૈક્ષણિક ક્ષેત્ર માટે સરકારની ચોક્કસ નીતિઓ છે તેના અનુસંધાનમાં માનનીય ધારાસભ્યશ્રીએ ઉચ્ચ શિક્ષણ સંસ્થા માટે જે જમીન ફાળવણીની વાત કરી છે તેમાં મેડિકલ, એન્જિનિયરિંગ જેવા અરજદારોને સરકારી પડતર જમીન ફાળવવામાં આવે છે. નક્કી કરેલ ન્યૂનતમ ધોરણો જેટલી જમીન પ્રવર્તમાન બજાર કિંમતના ૫૦ ટકા રાહતદરથી આપવામાં આવે છે. ન્યૂનતમ ધોરણની જમીન કરતા ૧૦થી ૧૫ ટકા જેટલી વધુ વધારાની જમીન બજાર કિંમતના ૭૫ ટકાના દરથી, ઉપર કરતા વધુ જમીન માગણીના કિસ્સામાં પૂર્ણ બજાર કિંમતે જો સંસ્થા ઇચ્છે તો જમીન પ્રથમ સાત વર્ષ માટે ટોકન ભાડાના દરથી ભાડાપટ્ટે આપવામાં આવશે. સાત વર્ષ બાદ શરૂઆતની કિંમત અને તેના પર ૧૦ ટકા લેખે સાદા વ્યાજની ઘટતી રકમની ચૂકવણી આપવાની રહેશે. કેટલા એકર આપવી તે પણ શિક્ષણ ખાતા સાથે પરામર્શ કરીને તેના પણ ધોરણો આપ્યા છે. એટલે ૨૦ એકર આપવી, ૧૦ આપવી, ૫ આપવી આમ અલગ અલગ, ફાર્મા માટે કેટલી આપવી પછી મેડિકલ કોલેજ માટે કેટલી આપવી, ડેન્ટલ માટે કેટલી, ફિઝિયોથેરાપી માટે કેટલી એટલે તે બધા ધોરણો છે તે ધોરણો પ્રમાણે અમે આપીએ છીએ.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ગૌચરની જમીન શૈક્ષણિક હેતુ માટે માગણી કરવાની થતી હોય તો તેની પદ્ધતિ કઇ છે ? અમારા ભાભર તાલુકાની અંદર સરકારી કોલેજ મંજૂર થઇ ગયેલી છે પણ જે જગ્યાએ કલેકટરે અને એમણે જગ્યા નક્કી કરી છે તે ગૌચરની જગ્યા છે તો એ લોકોનું કહેવાનુ એવુ થાય છે કે બીજી જગ્યા આટલી સરભર કરવી પડશે કાંઇક પાંચ એકર જેવી કરી છે અને બીજી ત્રણ એકર બાકી છે. એટલે વાત એ જ છે કે આના માટેના જે કંઇ નિયમો છે તે કયા નિયમોને આધિન રહી અને આ સરકારી કોલેજોની જમીન સરકાર ફાળવવા માગે છે ?

અધ્યક્ષશ્રી : આગલો જવાબ સાંભળ્યો નહીં ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગૌચરની જમીન હશે તો એના ધોરણો પ્રમાણે આપવામાં આવશે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, એ જગ્યાએ કોલેજની જગ્યાનું લોકેશન નક્કી કરવામાં આવ્યું છે સરકારી કોલેજ છે તે ગૌચરની જગ્યા છે. હવે એ જગ્યા ગૌચરની હોવાના લીધે ત્યાં બાંધકામ કરી શકાતુ નથી અમે કલેકટરને સંકલનમાં પૂછાવ્યું તો કહે એટલી જગ્યા તમારે બીજી ગ્રામ્ય વિસ્તારમાંથી સરભર કરવી પડશે પણ તે પૈકીની ફાઇલ ગાંધીનગર આવી હશે તો એ સમય-મર્યાદાની અંદર જે કંઇ રેવન્યુ ડિપાર્ટમેન્ટ અને શિક્ષણ વિભાગ આ બે જ વિભાગ થઇ આનું સોલ્યુશન કરવા માગે છે કે કેમ?

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગૌચરના ધોરણમાં પાત્ર હશે તો વહેલામાં વહેલી તકે તેમને જમીન આપીશું.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, ગેનીબહેનનો પ્રશ્ન બહુ સ્પષ્ટ છે.

અધ્યક્ષશ્રી : જવાબ આપ્યોને ? તેમને સંતોષ થઇ ગયો એટલે તો તેઓ બેસી ગયા.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, દરખાસ્ત ત્યાંથી સરકારમાં આવી છે, તો જે ગૌચરની જમીનની સામે બીજી જમીન રેવન્યુની જે આપવાની થાય છે, તે તાત્કાલિક અસરથી સરકાર કક્ષાએથી નિર્ણય થઇ જાય તો પ્રશ્ન વહેલો હલ થઇ જાય.

અધ્યક્ષશ્રી : તે જ તેમણે કહ્યું, આવી ગયું.

**અમરેલી જિલ્લામાં જનસેવા કેન્દ્રોમાં અરજીઓ**

* ૩૬૭૫૪ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જનસેવા કેન્દ્રોમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૪,૬૧,૨૩૧ |

(૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૩) પડતર અરજીઓના નિકાલનું શુ આયોજન છે?

(૨) ૪,૬૧,૨૩૧

(૩) કોઈ અરજી પડતર ન હોઈ, આયોજનનો કોઈ પ્રશ્ન નથી.

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જનસેવા કેન્દ્ર મારફતે આપવામાં આવતી સેવાઓની વિગતો જણાવે?

અધ્યક્ષશ્રી : લિસ્ટ જોઈએ છે કે સામાન્ય વિગત જોઈએ છે?

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી : વિગતવાર મળે તો આ ગૃહમાં બધા સભ્યોને પણ જાણકારી મળે.

અધ્યક્ષશ્રી : એમને લેખિતમાં આપી દેજો. વાંચવાનું નથી. બે ચાર અગત્યની વિગત આંકડા સાથે કહો. આ બહુ લાંબુ લિસ્ટ છે. સરકાર હવે બધી જ સેવાઓ તેમાં આપે છે.

શ્રી કૌશિકભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જેમ સબ રજિસ્ટ્રાર ઓફિસની વાત કરી એમ જેનસેવા કેન્દ્ર થકી આ સરકાર રાજ્યમાં લોકોને ઝડપથી સેવાઓ મળે તે માટે એક આગવું આયોજન કરે છે. ગયા વખતે મેં ધારાસભ્યોને વિનંતી કરી હતી કે, ગાંધીનગરનું જનસેવા કેન્દ્ર જોવા જાઓ. જોવા જેવું છે. આખા ગુજરાતમાં આપણે આ સિસ્ટમથી વ્યવસ્થા કરી શકીએ તેમ છીએ. આવાં જ જનસેવા કેન્દ્ર આખા ગુજરાતમાં અમે ઊભા કરવાના છીએ. ત્યાં લગભગ ૩૦૦ જેટલી સેવાઓ મળવાની છે. અમુક વન ડે સેવાઓ અને અમુક ૧૦ દિવસની સેવાઓના ચોક્કસ ધોરણ નક્કી કરી જેનસેવા કેન્દ્રમાં એની સુવિધા ઊભા કરવાના છીએ. કહે છે ને કે પ્રજા માટે શું સુવિધાઓ હશે? પ્રજા માટે ત્યાં બેસવાની, પીવાના પાણીની, અધિકારીઓની વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. જેમ આપણી ઓફિસમાં હોય છે તેવી વ્યવસ્થા ત્યાં લોકો માટે મળી રહેશે. આથી જેનસેવા કેન્દ્ર દ્વારા રોજેરોજ નાના-નાના પ્રશ્નોનો નિકાલ કરવા માટેની આખી વ્યવસ્થા કરી છે. હું માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું કે, આખા રાજ્યમાં જનસેવા કેન્દ્રો ઊભા કરવા માટે અમને કુલ બજેટ આપ્યું છે. વાયબ્રન્ટ તાલુકો આખું ફોલોઅપ કરે છે. એમાં આખું જનસેવા કેન્દ્ર કાર્યરત છે.

અધ્યક્ષશ્રી : આપે માનનીય ધારાસભ્યશ્રીઓ માટે ગાંધીનગરના જનસેવા કેન્દ્રની વાત કરી. NAના આટલા બધાં પ્રશ્નોમા CM on board માનનીય મુખ્યમંત્રીશ્રી સ્વયં નિરીક્ષણ કરે છે કે, NA ની પ્રક્રિયાઓ ક્યાં અને કેટલે અટકી છે? એની માહિતી અહીં બેઠાં બેઠાં મેળવે છે. એ માહિતીમાં માનનીય તમામ ધારાસભ્યશ્રીઓએ કોરોનાની ગાઈડલાઈન મુજબ જોવા જવું જોઈએ. કોઈને પ્રશ્ન આમાં? કોઈનો હાથ ઊંચો થતો નથી.

**ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં જૂથ પાણી પુરવઠા યોજના**

* ૩૫૯૫૧ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ગીર-સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને જૂથ પાણી પુરવઠા યોજનાઓથી જોડવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ જોડવાના બાકી છે,

**જવાબ**

(૧) અને (૨) નીચેની વિગતે,

**જિલ્લોઃ- ગીર સોમનાથ**

| અનું | તાલુકો | જૂથ યોજનાનાં ગામો | જૂથ યોજનામાં જોડવાના બાકી ગામો |
|---|---|---|---|
| ૧ | ઉના | ૯૦ | ૨૧ |
| ૨ | ગીર ગઢડા | ૩૭ | ૦૫ |
| ૩ | કોડીનાર | ૬૩ | ૦ |
| ૪ | સુત્રાપાડા | ૩૨ | ૧૪ |
| ૫ | વેરાવળ | ૩૮ | ૧૬ |
| ૬ | તાલાળા | ૧ | ૬૩ |
| **કુલ** | | **૨૬૧** | **૧૧૯** |

**જિલ્લોઃ- જૂનાગઢ**

| અનું | તાલુકો | જૂથ યોજનાના ગામો | જૂથ યોજનામાં જોડવાના બાકી ગામો |
|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૪૯ | ૧૭ |
| ૨ | ભેસાણ | ૪૧ | ૦૧ |
| ૩ | વિસાવદર | ૭૮ | ૦૭ |
| ૪ | મેંદરડા | ૧૫ | ૩૦ |

| | | | |
|---|---|---|---|
| ૫ | માળીયા(હા) | ૬૩ | ૦૦ |
| ૬ | માંગરોળ | ૬૩ | ૦૦ |
| ૭ | કેશોદ | ૫૩ | ૦૦ |
| ૮ | વંથલી | ૪૧ | ૦૫ |
| ૯ | માણાવદર | ૫૫ | ૦૦ |
| **કુલ** | | **૪૫૮** | **૬૦** |

(૩) તેના કારણો શા છે, અને

(૪) આવા ગામોને ક્યાં સુધીમાં પીવાનું પાણી પૂરું પાડવામાં આવશે?

(૩) અને (૪)

**જિલ્લોઃ- ગીર સોમનાથ**

બાકી રહેતા ૧૧૯ ગામો સ્થાનિક સોર્સ આધારીત યોજનામાંથી પુરતું પાણી મેળવે છે.

આ ગામો પૈકી વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલીકા હેઠળનું ૧ પાટણ ગામ નગરપાલીકા દ્વારા પાણી પુરવઠો મેળવે છે. ૮૨ ગામોને તબક્કાવાર સમય-મર્યાદામાં જૂથ યોજના હેઠળ આવરી આયોજન કરવામાં આવેલ છે. અને ૩૬ ગામો રક્ષીત વન વિસ્તારમાં આવતાં હોઈ, તાંત્રિક રીતે જૂથ પાણી પુરવઠા યોજનામાં સમાવેશ કરી શકાય તેમ નથી.

**જિલ્લોઃ- જૂનાગઢ**

બાકી રહેતા ૬૦ ગામો સ્થાનિક સોર્સ આધારીત યોજનામાંથી પુરતું પાણી મેળવે છે.

આ ગામો પૈકી ૩૦ ગામોને તબક્કાવાર સમય-મર્યાદામાં જૂથ યોજનામાં આવરી લેવાનું આયોજન કરવામાં આવેલ છે. અને ૩૦ ગામો ઓછી વસ્તીવાળા હોઈ, રક્ષીત વન વિસ્તારમાં આવતાં હોઈ, તાંત્રિક રીતે જૂથ પાણી પુરવઠા યોજનામાં સમાવેશ કરી શકાય તેમ નથી.

અધ્યક્ષશ્રી : માનનીય વિમલભાઈ, આપને સી.એમ. સાહેબે અભિનંદન આપ્યા કે, આપ શર્ટમાં ખૂબ સ્માર્ટ દેખાઓ છો.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગીર-સોમનાથના વેરાવળ તાલુકામાં આવેલું ફોજી વિસ્તાર જેને કંસારાની ગાદી તરીકે ઓળખાય છે. ત્યાંના લોકો પીવા માટે અને પશુઓ માટે પાણીનો ઉપયોગ બોર અને કુવામાંથી કરે છે. ત્યાંથી સોનારિયા જૂથ જે ૧ કિ.મી. દૂર હિરણ ડેમ-૧ પાસે આવેલું છે, ત્યાં પાણીની પાઈપલાઈન કેટલા સમયમાં નાખવા માગો છો? પ્રશ્ન ક્રમ-૨ જૂનાગઢ જિલ્લાના ચોરવાડ નગરપાલિકાની હદમાં બંદર વિસ્તાર જે વૉર્ડ નં. ૫ અને ઘોલર વિસ્તાર જે વૉર્ડ નં. ૬ માં નગરપાલિકા દ્વારા પાણીના ટેન્ક દ્વારા પાણી આપવામાં આવે છે ત્યાં પાણીની પાઈપલાઈન, પાણીનો ટેન્ક અને સમ્પ કેટલા સમયમાં મંજૂર કરવા માગો છો?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યથી પ્રથમ તો આજના વિશ્વ જળ દિન નિમિતે આપ સૌને હું શુભેચ્છા પાઠવું છું.

અધ્યક્ષશ્રી : એ શુભેચ્છા ઉપરાંત આખા ગુજરાતમાં ગયા વખતે જે કામ થયું છે તે તો કહો?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા વિભાગ દ્વારા ૨૨મી માર્ચ, ૨૦૨૧ના રોજ વિશ્વ જળ દિવસ તરીકે ઊજવવામાં આવે છે, ત્યારે પાણીનો બચાવપૂર્વક ઉપયોગ થાય તે માટે હું ગૃહના સૌ સન્માનીય સદસ્યોને હૃદયથી અનુરોધ કરું છું અને અપેક્ષા રાખું છું કે, વિશ્વ જળ દિન નિમિતે આપણે પ્રતિજ્ઞા લઈએ અને આગામી દિવસોમાં પાણી બચાવવામાં આપણે સૌ સામેલ થઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સદસ્યશ્રીનો જે પ્રશ્ન છે કે, સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના પાટણના ઓજી વિસ્તાર એમાં કંસારા, કાદી તથા ખાટલા જે ઓજી વિસ્તાર છે એને સોનારિયા ગૃપ સાથે જોડવા માટે પાણી પૂરવઠો ત્યાંથી આપી શકાય એમ છે પણ પરિસ્થિતિ એવી થઇ છે કે, ત્યાં પહેલા સ્ટેટ હસ્તકનો રસ્તો હતો, એને નેશનલ હસ્તક રસ્તો જતાં આજે ત્યાં પાઇપલાઇન નાખવામાં આવેલી, એ ત્યાંથી કાઢી નાખેલ છે એટલે નીકળી ગઇ છે. ફરી પાછું એ ગામને, એ ઓજી વિસ્તારને પાણી મળે એ માટે સૂચિત સોનારિયા ગ્રુપ સુધારણા યોજના હેઠળ આ વિસ્તારોનો સમાવેશ કરેલ છે. જેમાં સેમારવા હેડવર્કસથી તળાળા ચોકડી સુધીની પાઇપલાઇન રોડ પહોળો થતાં ત્યાંથી જે નીકળી ગયેલી એને ફરી પાછી દુરસ્ત કરી શકાય તેવી નથી. એટલે એના અનુસંધાન જેના અંદાજ લગભગ તૈયાર થયા છે એના આગામી દિવસમાં અમે નવી પાઇપલાઇન નાખીને આ વિસ્તારને પીવાનું પુરતું પાણી મળી રહે, એ માટેનું અમારૂ આયોજન છે અને એના માટેના અંદાજો પણ નક્કી થઇ

ગયા છે. એ રૂપિયા ૨૨૫૦ લાખનું અંદાજે મંજૂર થયું છે. એને આગામી દિવસમાં અમે લગભગ છ એક મહિનામાં, વર્ષ પહેલા અમે આ વિસ્તારને પીવાના પાણી સાથે સાંકળી લેવાના છીએ અને પાણી મળતું થશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો એમનો પ્રશ્ન એ હતો કે, જે ચોરવાડ વિસ્તાર છે, ખાસ કરીને નગરપાલિકાના હદ અંદરના ભાગની માનનીય સદસ્યશ્રીએ વાત કરી છે ત્યારે જે બંદર વિસ્તાર અને ઘોડા વિસ્તારને નળ સે જળ અંતર્ગત પીવાનું પાણી આપવા માટેનું અમારું આયોજન છે પણ આ આયોજન, આ ચોરવાડ નગરપાલિકા વિસ્તારમાં આવતું હોવાથી એના અંતર્ગત પાણી પુરવઠાનો ડી.પી.આર. જી.ડી.યુ. જી.યુ.ડી.એમ. ગાંધીનગર દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. આ યોજનાથી અમલવારી નગરપાલિકા ચોરવાડ દ્વારા જ કરવાની છે પણ જે શહેરમાં લગભગ મોટાભાગનો વિસ્તાર છે ત્યાં હયાત જે યોજનાઓ છે એ પૂરતા પ્રમાણમાં છે, એ હું કહીશ તો લિસ્ટ થોડુ લાંબુ છે. જેમાં ખાસ કરીને, ૧૫ લાખ લિટરની ક્ષમતાનો સમ્પ અને ઉંચી ટાંકી ૭.૫ લાખ લિટરની ક્ષમતાવાળી છે. બીજી ૧૫.૧૫ લાખ લિટરની ક્ષમતાનો સમ્પ અને ઉંચી ટાંકી ૭.૫ લાખ લિટર ક્ષમતા અને ૨૦ મીટર ઉંચી ટાંકી એ પણ છે. ત્રીજું ૪.૫૦ લાખ લિટર ક્ષમતાનો સમ્પ અને ૨ લાખ લિટરની ઉંચી ટાંકી એ હયાત છે. ચોથું ૧૦ લાખ લિટર ક્ષમતાનો સમ્ચ અને ઉંચી ટાંકી, ૩.૦ લાખ લિટરની ક્ષમતાની આ જે હમણાં તાજેતરમાં નવી ટાંકી બનાવી છે. એમનો જે સવાલ છે બંદર વિસ્તારમાં અને ઢોલા વિસ્તારમાં સમ્પ અને ઉંચી ટાંકી વગેરે જે બનાવવાના છે એના ડી.પી.આર. એ સૂચવ્યા મુજબના તૈયાર કર્યા છે. આગામી દિવસમાં આ ડી.પી.આર. તૈયાર થઇને એને ખાસ કરીને નગરપાલિકા વિસ્તાર હોવાથી એને પ્રાદેશિક નિયામકશ્રી, નગરપાલિકા, ભાવનગરના ઝોનમાં મંજૂરી માટે ત્યાં મોકલાયા છે અને આ બધી સમગ્ર કાર્યવાહી છે એ શહેરી વિસ્તારમાં, નગરપાલિકા વિસ્તારમાં આવતો હોવાથી ડી.પી.આર. બાબતે પ્રાદેશિક નિયામકશ્રી, ભાવનગર નગરપાલિકા તા. ૧૦.૦૨.૨૦૨૧ ના રોજ એમની જે બેઠક મળેલી, એમાં આ દરખાસ્ત સુધારવા માટે સૂચવવામાં આવેલી છે, એ પ્રમાણે એની જે ડી.પી.આર.ની અંદાજિત કિંમત છે, એ કિંમત ૫.૫૭ કરોડ રૂપિયા જેટલી થવા જાય છે અને તાજેતરમાં જ એ મંજૂરી મળતા આ જે વધારાના સમ્પ અને ટાંકીની કામગીરી કરવાની છે, એ નગરપાલિકા વિસ્તારમાં આવતી હોવાથી નગરપાલિકા મારફતે કરવાની થાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય ગીતાબા જાડેજા. આ બાજુથી એક અને આ બાજુથી એકે પૂછવાનું. જેને એકવાર તક મળી હોય એને જલદી આપતો નથી.

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, જૂનાગઢ જિલ્લામાં જે પાણી પુરવઠા યોજનાઓમાં તાલુકાવાર કુલ કેટલા ગામો આવરી લીધેલ છે?

અધ્યક્ષશ્રી : લાંબુ લિસ્ટ છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે જૂનાગઢ જિલ્લાના જૂથ પાણી પુરવઠા યોજનાના તાલુકાવાર કુલ કેટલા ગામોને આવરી લીધા છે. લિસ્ટ લાંબુ છે પણ આપ કહો તો કાં ટેબલ ઉપર, અથવા હું બોલી જઉં.

અધ્યક્ષશ્રી : આપ માનનીય સભ્યશ્રીને આપી દેજો.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : મુખ્ય મુખ્ય બોલી જઉં.

અધ્યક્ષશ્રી : મુખ્ય મુખ્ય બોલી જાઓ.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, એમાં જે જૂથ યોજનાઓનાં નામ છે મહી જૂથ યોજનામાં જૂનાગઢ, મેંદરડા અને વંથલીમાં કુલ ૧૪ ગામની આ જૂથ યોજનામાં આવરી લીધા છે. બીજા ભેસાણ તાલુકાના છે, એના ભેસાણ જૂથ યોજનામાં ૪૧ ગામને આવરી લીધા છે. વિસાવદર તાલુકાના છે, એમાં વિસાવદર અને જૂનાગઢ, આ વિસાવદર જૂથ યોજનામાં ૭૯ ગામને આવરી લીધા છે. ઓઝત જૂથ યોજના છે તેમાં કેશોદ, વંથલી અને માણાવદરના ૬૦ ગામોને આવરી લીધા છે. જૂનાગઢ અને વંથલી જૂથ યોજના છે એમાં ૩૮ ગામોને એમાં આવરી લીધાં છે. માળીયા પાર્ટ-૨માં માળીયા, માણાવદર, કેશોદ અને કેશોદ કુલ ૩૧ ગામોને આ જૂથ યોજનામાં આવરી લીધાં છે. બાકીની જે માંગરોળ, મેંદરડા, જૂનાગઢ અને માળીયા એમ કુલ ૩૫ ગામોને એને મેંદરડા અને બિલખા અને માળીયા પાર્ટ-૧ જૂથ યોજનામાં આવરી લીધાં છે. માંગરોળ સુધારણા જૂથ યોજનામાં ભાગ-૨ માં માંગરોળ તાલુકા ૪૫ આમ કુલ ૪૫૮ ગામો આ જૂથ યોજનામાં આવરી લીધેલાં છે.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી આજે વિશ્વ જળ દિનના દિવસે માનનીય મંત્રીશ્રી પાસે જાણવા ઇચ્છું છું કે, ભૂતકાળના બજેટની અંદર માનનીય નાણા મંત્રીશ્રીએ ગુજરાતની અંદર ચાર કે પાંચ જેટલા ડિસેલિનેશન પ્લાન્ટ માટે મંજૂરી આપી હતી. એના ટેન્ડર પણ થયાં હતાં, દૂર્ભાગ્યે મારા વિસ્તારની અંદર આ જાહેર થયા પછી ટેન્ડર થયા હોવા છતાં એ કામને રદ કરવામાં આવ્યું છે, તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આખીય દરિયાઇ પટ્ટીની અંદર મોટા ભાગે કોળી સમાજની વસતિ છે, આપના સમાજની વસતિ છે તો આજે વિશ્વ જળ દિવસે એ ડિસેલિનેશ પ્લાન્ટ ફરીથી કાર્યરત થાય એવું આપ કરવા ઇચ્છો છો કે કેમ અને જો રદ કર્યો છે તો તેની પાછળનાં કારણો શું છે તે આપ મને જણાવશો તો મને અને મારા મત વિસ્તારને ખૂબ આનંદ થશે.

## તા. ૨૨મી માર્ચ ૨૦૨૧

## અતારાંકિત પ્રશ્નો

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે વાત કરી રહ્યા છે એ એમના વિસ્તારની અંદર જે પીપાવાવ ખાતે અગાઉ જે ડિસેલિનેશ પ્લાન્ટ કરવાની વાત હતી. પરંતુ જયારે અમે ઘોઘા ખાતેથી પહેલાં અમે ૫૦ એમએલડીનો ડિસેલિનેશન પ્લાન્ટ બનાવવાનું આયોજન હતું. ઘોઘાથી એટલે ભાવનગરથી બુધેલ અને બુધેલથી બોરડા સુધી અને છેક રાજુલા - જાફરાબાદ અને દરિયાઇ પટ્ટીમાં ત્યાંની બલ્ક પાઇપ લાઇન મારફતે આજે પાણી અપાય છે. જયારે અમે ઘોઘા ખાતે આ પ્લાન્ટ બનાવી રહ્યા છીએ ત્યારે પીપાવાવ ખાતે ૨૦ એમએલડીનો બનાવવાનો હતો, એમાં જમીનના અને બધા પ્રશ્નો હોવાના કારણે અમારો જે ઘોઘા ખાતે ૫૦ એમએલડીનો પ્લાન્ટ બનાવવાનો હતો એની સાથે અમે મર્જ કરીને ૫૦ ને બદલે ૭૦ એમએલડીનો પ્લાન્ટ ત્યાં ઘોઘા ખાતે બનાવીએ છીએ અને હયાત જે પાઇપ લાઇન ત્યાં નાંખેલી છે એની સાથે વધારાનો ખર્ચ ન થાય એમ કરીને એને સાથે રાખીને માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે એ વિસ્તારની અંદર પૂરતું પીવાનું પાણી મળી રહે એ રીતનું અમારું આયોજન છે, એટલે અમે એને રદ કર્યું નથી, પણ એની જે કાંઇ વધારાની એની કેપિસિટી હતી એમાં મર્જ કરી દીધો છે. ઘોઘા ખાતે એ પ્રમાણે હયાત પાઇપ લાઇન સાથે સામેલ કરીને આવતા દિવસોમાં પૂરતું પાણી મળે એના માટેની વ્યવસ્થા અમે કરી છે.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લાના ૬૦ ગામોના એમાંથી ૩૦ સ્થાનિક સોર્સના હિસાબે એને આપવાનું છે. ૩૦ ગામો નાના છે અને વન વિભાગમાં છે. તો આ ૩૦ ગામોને આપવા માટે વન વિભાગની મંજૂરી લેવી હોય તો તે અને આવી મંજૂરી લઇને આપવા માગો છો કે કેમ? ચોરવાડમાં સાહેબ, સાહેબે લાંબો લાંબો જવાબ આપ્યો, તો આ જે  ગ્રાન્ટ છે એ એ ચોરવાડ ગ્રામ પંચાયતને આપવા માગો છો કે કેમ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા :માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકા વિસ્તાર હોવાથી પહેલાં તો આ જે ગ્રાન્ટ છે એ નગરપાલિકાએ કામ કરવાનું હોય છે. એટલે શહેરી વિકાસ વિભાગે આ ગ્રાન્ટ નગરપાલિકાના હવાલે મૂકીને એના માધ્યમથી જ નલ સે જલના માધ્યમથી આ યોજના બની શકે છે.

બીજી સભ્યશ્રીએ જે વાત કરી એમાં જે ૬૦ ગામો છે, ૩૦ ગામ એવાં છે કે  નેસ છે. નેસ એટલે એ બધા જંગલ વિસ્તારની અંદર આવેલાં છે. જેની અંદર આપણે પાણી પુરવઠા વિભાગ પાઇપ નાંખવાનું વગેરે કરી શકતા નથી. અત્યારે નેસ વિસ્તારની અંદર પાણીની જયાં જયાં જરૂરીયાત છે ત્યાં વન વિભાગ વાળા  લોકલ સોર્સ ઉભો કરીને પાણી આપે છે. ભવિષ્યમાં જરૂર પડે તો લોકલ સોર્સ મેળવીને પાણી પુરવઠા વિભાગ ત્યાં પણ જંગલ ખાતાના પરાર્મશમાં રહી અને એવા નેસ વિસ્તારની અંદર પણ પાણી મળે તેના માટેની વ્યસ્થા કરવા માટે પાણી પુરવઠા વિભાગ તૈયાર છે.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, મારા જૂનાગઢ અને વંથલી તાલુકાના ગામોમાં ઉબેર નદી પસાર થાય છે. જેતપુર ડાઇંગ એસોસીએશન દ્વારા પ્રદૂષિત પાણી એમાં છોડવામાં આવે છે, ભૂર્ગભ જળ બગડી ગયું છે. જૂનાગઢ તાલુકો વંથલી તાલુકો ઉબેર નદીના કાંઠાના વહેલી તકે આ જૂથ યોજનામાં જોડવા માગો છો કે કેમ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા :માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લામાં કુલ ગામ છે, એમાં મોટા ભાગના ૫૫૮ ગામ (અંતરાય)...

શ્રી ભીખાભાઇ ગ. જોષી :ઉબેર નદીના કાંઠાના ગામ છે, જાલાસર, મજેવડી.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### મોરબી જિલ્લામાં ઔદ્યોગિક ભરતી મેળા

૩૬૬૯૪ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મોરબી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા કેટલા ઔદ્યોગિક ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૩૧ |
| (૨) આ ભરતીમેળામાં કેટલા ઉમેદવારોને રોજગારી આપી? | (૨) ૧૩૪૯ |

- - - - - - - - -

### વડોદરા જિલ્લામાંથી શ્રમયોગીઓને પરત મોકલવાની વ્યવસ્થા

૩૬૭૫૬ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કોરોના મહામારીમાં લોકડાઉન દરમિયાન વડોદરા જિલ્લામાંથી અન્ય રાજયના શ્રમયોગીઓને ટ્રેન | (૧) હા જી |

મારફત વતન પરત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવેલ હતી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાંથી કુલ કેટલા શ્રમયોગીઓને ટ્રેન મારફત વતન પરત મોકલવામાં આવેલ?

(૨) ૫૬,૫૬૭

---------

**જામનગર અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં જમીન ભાડે અથવા વેચાણથી આપવા બાબત**

૩૫૯૩૯ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર સરકારી પડતર, ખરાબા અને ગૌચરની કેટલી જમીન ભાડે અથવા વેચાણ આપવાના હુકમો કરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીન અન્વયે સરકારને કેટલી આવક થઈ, અને

(૩)ઉક્ત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીનમાં હેતુફેર ઉપયોગ થવાની કેટલી ફરીયાદો સરકારને મળી?

**જવાબ**

(૧)

| **જામનગર (ચો.મી)** | | | |
|---|---|---|---|
| | **સરકારી પડતર** | **ખરાબા** | **ગૌચર** |
| વર્ષ ૨૦૧૯ | ૧૬,૫૫,૫૨૩ | શૂન્ય | શૂન્ય |
| વર્ષ ૨૦૨૦ | ૭૩,૯૦,૨૦૦.૪૫ | શૂન્ય | ૧૩,૩૦૦ |
| **દેવભુમિ દ્વારકા (ચો.મી.)** | | | |
| | **સરકારી પડતર** | **ખરાબા** | **ગૌચર** |
| વર્ષ ૨૦૧૯ | ૨,૦૫,૮૭૩ | શૂન્ય | ૪૯૦૦ |
| વર્ષ ૨૦૨૦ | ૩,૨૧,૬૧૮ | શૂન્ય | શૂન્ય |

(૨) રૂ. ૩૩,૧૫,૧૮,૧૨૨/-

(૩) એક પણ નહીં.

**પાટણ જિલ્લામાં ગૌચર જમીનની ફાળવણી**

૩૮૨૩૨ **શ્રી કિરીટકુમાર** (પાટણ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત ગૌચર વ્યવસ્થાપન પોલિસીની જોગવાઈઓનો ભંગ કરીને પાટણ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગૌચરની કેટલી જમીન ક્યા હેતુ માટે ફાળવવામાં આવી,

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ જમીનની સામે કેટલી વૈકલ્પિક જમીન ગૌચર તરીકે નીમ કરવામાં આવી, અને

(૩) ઉક્ત પૈકી બાકી રહેલ વૈકલ્પિક જમીન ગૌચર તરીકે ક્યાં સુધીમાં નીમ કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગૌચર વ્યવસ્થાપન પોલિસીની જોગવાઇઓનો ભંગ કરી કોઇ જમીન ફાળવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**થરાદ તાલુકામાં સીમતળના વાડા કાયદેસર કરવા બાબત**

૩૫૮૭૬ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં

**જવાબ**

(૧) ના, જી.

સીમતળના વાડાનો સર્વે કરી, તેના માપ પ્રમાણે રકમ લઈ કાયદેસર કરી આપવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકામાં કેટલા સીમતળના વાડા કાયદેસર કરી આપવામાં આવ્યા,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) સીમતળના વાડામાં મકાન હોય તો તેને નિયમિત કરી આપવામાં આવે છે કે કેમ, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) જો ના, તો તેના કારણો શા છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

- - - - - - - - -

**સુરેન્દ્રનગર જિલ્લામાં ''નલ સે જલ'' યોજના**

૩૫૯૩૧ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર ''નલ સે જલ'' યોજના અંતર્ગત કેટલા ઘરોમાં નળ દ્વારા પાણી પૂરું પાડવામાં આવે છે,

(૧)

| તાલુકો | વર્ષ ૨૦૧૯ | વર્ષ ૨૦૨૦ |
|---|---|---|
| વઢવાણ | ૦૦ | ૦૦ |
| મુળી | ૦૦ | ૦૦ |
| સાયલા | ૦૦ | ૦૦ |
| ચોટીલા | ૦૦ | ૦૦ |
| લખતર | ૦૦ | ૦૦ |
| થાનગઢ | ૦૦ | ૦૦ |
| દસાડા | ૦૦ | ૧૦ |
| ધ્રાંગધ્રા | ૦૦ | ૮૦ |
| લીંબડી | ૦૦ | ૧૩ |
| ચુડા | ૦૦ | ૧૧૯ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ઘરોમાં નળ કનેકશન આપવાના બાકી છે, અને

(૨)

| તાલુકો | નળ કનેકશન આપવાના બાકી ઘરોની સંખ્યા |
|---|---|
| વઢવાણ | ૩૯૮૬ |
| મુળી | ૨૭૧૪ |
| સાયલા | ૬૬૩૪ |
| ચોટીલા | ૨૬૫૭ |
| લખતર | ૫૪૪૬ |
| થાનગઢ | ૧૫૭૯ |
| દસાડા | ૮૮૮૮ |
| ધ્રાંગધ્રા | ૨૮૮૬ |
| લીંબડી | ૭૭૨૩ |
| ચુડા | ૨૮૨૬ |

(૩) તે ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

(૩) તબક્કાવાર ડીસેમ્બર-૨૦૨૨ સુધીમાં.

- - - - - - - - -

**નવસારી જિલ્લામાં ચાફકટર ખરીદી સહાય યોજના**

૩૬૭૬૦ **શ્રી નરેશભાઈ પટેલ** (ગણદેવી) : **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ

(૧) સામાન્ય જાતિ-૧૬૬

દરમ્યાન નવસારી જિલ્લામાં પાવર ડ્રીવન ચાફકટર ખરીદી સહાય યોજના હેઠળ સામાન્ય જાતિ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓની કુલ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

અનુસૂચિત જાતિ - ૦૭
અનુસૂચિત જનજાતિ - ૩૩
કુલ - ૨૦૬

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કેટેગરી વાઈઝ કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૨) જનરલ કેટેગરી - રૂ.૧૮,૦૩,૦૦૦/ -
અનુસૂચિત જાતિ - રૂ.૪૫,૦૦૦/ -
અનુસૂચિત જનજાતિ - ૩,૩૩,૦૦૦/ -
કુલ - રૂ.૨૧,૮૧,૦૦૦/ -

- - - - - - - - -

**સુરત અને વલસાડ જિલ્લામાં નોંધાયેલ ખેતમજૂરો અને શ્રમિકો**

૩૬૦૦૮ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સુરત અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ખેતમજૂરો અને બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે,

(૧)

| જિલ્લાનું નામ | ખેતમજૂરોની સંખ્યા | બાંધકામ શ્રમિકોની સંખ્યા | કુલ |
|---|---|---|---|
| સુરત | ૧૫૦૨૭૭ | ૩૨૭૮૧ | ૧૮૩૦૫૮ |
| વલસાડ | ૬૧૯૧૨ | ૧૯૧૭૨ | ૮૧૦૮૪ |
| ૮ | _ _ " _ _ | ૧૦૦ | શહેરી દવાખાનાઓમાં વારંવાર આગ લાગવાથી થતાં મૃત્યુના બનાવો સામે અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| ૯ | ૨૨૧૦-<br>તબીબી....આરોગ્ય<br>૦૧- શહેરી...એલોપથી<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૭,૬૪,૭૩,૩૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પાનાનં. ૧૦થી૧૨ | ૧૦૦ | કોવિડ-૧૯ની મહામારીને રોકવા માટે દરેક જિલ્લા-તાલુકાઓમાં તાકીદે લેબૉરેટરીઓ ઉભી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઇ ચૌધરી |
| ૧૦ | ૨૨૧૦-<br>તબીબી....આરોગ્ય<br>૦૧- શહેરી...એલોપથી<br>૧૧૦- હોસ્પિટલ અને દવાખાના<br>૦૧-HLT-2<br>સિવિલ...વહીવટ<br>રૂ. ૫,૩૨,૪૬,૦૮,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પાનાનં. ૧૦થી૧૮ | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં ફરજ બજાવતા કોરોના વોરીયર્સને પૂરતા માસ્ક-કીટ ઉપલબધ ન થતાં હોવાની ફરીયાદો છતાં યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૧૧ | _ _ " _ _ | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં કોરોનાના તેમજ અન્ય દર્દીઓને ઉતરતી કક્ષાનું ભોજન આપતી એજન્સીઓ સામે સખ્તાઇથી પગલાં લેવામાં તેમજ આવા ભોજન બિલો મંજૂર કરવામાં થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી |
| *૧૨ | _ _ " _ _ | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં ડોક્ટર/કર્મચારીઓની ગેરરીતિ, બેદરકારી તેમજ અસભ્ય ભાષા પ્રયોગોના કારણે આમ દર્દીઓને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીતભાઇ કગથરા |
| *૧૩ | _ _ " _ _ | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં એમ્બ્યુલન્સના અભાવે કોરોનાથી મૃત્યુ પામતા દર્દીઓને અંતિમધામ સુધી લઇ જવામાં પડતી હાલાકી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિક્રમભાઇ માડમ |
| ૧૪ | _ _ " _ _ | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં પ્રોકયોર ઓફીસરની ગેરકાયદેસર પોસ્ટ ઉભી કરી ખરીદી કૌભાંડ આચરનાર સામે શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા |
| *૧૫ | ૨૨૧૦-<br>તબીબી....આરોગ્ય<br>૦૩- ગ્રામીણ...એલોપેથી<br>૧૦૩-પ્રાથમિક...કેન્દ્ર<br>૦૧-HLT-34<br>પ્રાથમિક...કેન્દ્રો<br>રૂ. ૫,૩૦,૪૮,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પાના નં. ૪૬થી ૪૯ | ૧૦૦ | જર્જરિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોનું સત્વરે સમારકામ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| ૧૬ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં હોમ ક્વોરન્ટાઇન થતા કોરોના | શ્રી મોહનલાલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | દર્દીઓને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાંથી પૂરતી દવાઓ ઉપલબ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા. | વાળા |
| ૧૭ | _ _ " _ _ | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડોક્ટરોની ઘટ નિવારી પૂરતી સુવિધાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઇ પટેલ |
| *૧૮ | ૨૨૧૦-<br>તબીબી....આરોગ્ય<br>૦૬- જાહેર આરોગ્ય<br>૧૦૪-ઔષધ નિયમન<br>૦૧-HLT-45<br>ખોરાક...તંત્ર<br>રૂ. ૪૭,૨૭,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પાનાનં. ૮૬થી૧૦૬ | ૧૦૦ | હલકી ગુણવતાવાળા દૂધ-માવાનું વેચાણ થતું અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સંજયભાઇ સોલંકી |
| ૧૯ | _ _ " _ _ | ૧૦૦ | ભેળસેળયુક્ત દૂધ-મીઠાઇ વેચનાર સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાખાભાઇ ભરવાડ |
| ૨૦ | _ _ " _ _ | ૧૦૦ | ખાદ્ય પદાર્થોનું નિયમિત ચેકીંગ ન થતાં ફક્ત તહેવારોના સમયે જ ચેકીંગ કરાય છે તેની તપાસ કરી જવાબદારો સામે શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ |
| | | **માંગણીનં. ૪૦** | | |
| ૨૧ | ૨૨૧૧-પરિવાર કલ્યાણ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧-HLT-114<br>રાજ્ય..કાર્યાલય<br>રૂ. ૭,૧૬,૪૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પાનાનં. ૧૧૯ | ૧૦૦ | સરકાર દ્વારા પ્રોત્સાહક રકમો આપવા છતાં કુટુંબ નિયોજનની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રઘુભાઇ દેસાઇ (શ્રી પુનાભાઈ ગામીત) |
| ૨૨ | _ _ " _ _ | ૧૦૦ | જિલ્લા કક્ષાએ પરિવા રકલ્યાણની કથળતી જતી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નથાભાઇ પટેલ |
| | | **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**<br>**માગણીનં. ૬૫** | | |
| ૨૩ | ૪૭૦૦-<br>મોટી....જોગવાઇ<br>૩૧-નર્મદા....એકમ-૧<br>૧૯૦-જાહેર ક્ષેત્રના...રોકાણ<br>રૂ. ૧,૦૮,૩૨,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં૧૮ (ભાગ-૧)<br>પાનાનં. ૧૧૭ | ૧૦૦ | સાથી રાજ્યો પાસેથી નર્મદા યોજનાના ખર્ચ પેટે લેણી નીકળતી રકમ સમયસર વસૂલવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અંબરીષભાઇ ડેર |
| *૨૪ | _ _ " _ _ | ૧૦૦ | નર્મદા કેનાલ નજીકના વિસ્તારોને પાણીની સુવિધાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઇ પણદા |
| *૨૫ | _ _ " _ _ | ૧૦૦ | નર્મદા યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારોમાં સમયસર પૂરતું પાણી આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬ | _ _ " _ _ | ૧૦૦ | કોન્ટ્રાક્ટરો દ્વારા નર્મદાની નાની કેનાલોની ગુણવત્તા સુધારી વારંવાર તૂટી જતી કેનાલોથી થતો પાણીનો બગાડ તેમજ આ પાણીથી ખેડૂતોના ઉભા પાકને થતું નુકસાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદનજી ઠાકોર (શ્રી મોહનસિંહ રાઠવા) |
| ૨૭ | _ _ " _ _ | ૧૦૦ | નર્મદા નિગમની નબળી કામગીરીને કારણે ડેમોમાં પૂરતું પાણી હોવા છતાં ખેડૂતોને પાણી આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગભાઇ કાલરીયા |
| ૨૮ | ૪૭૦૦-મોટી....જોગવાઇ<br>૩૧-નર્મદા....એકમ-૧<br>૧૯૦-જાહેર ક્ષેત્રના...રોકાણ<br>રૂ. ૧,૦૮,૩૨,૫૦,૦૦૦<br>અં.પ્ર.નં૧૮ (ભાગ-૧)<br>પાનાનં. ૧૧૭ | ૧૦૦ | છેલ્લા બે વર્ષમાં કેનાલો તૂટવાના બનેલ બનાવો અને તેની મરામત પાછળ કરવામાં આવેલ ખર્ચની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભીખાભાઇ જોષી |
| *૨૯ | _ _ " _ _ | ૧૦૦ | કેનાલો વારંવાર તૂટવાના કારણે ખેડૂતોના ઉભા પાકને થતા નુકસાન સામે યોગ્ય વળતર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| ૩૦ | ૪૭૦૦-મોટી...જોગવાઇ<br>૩૪-નર્મદા....એકમ-૫<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૨૬,૫૭,૩૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૮ (ભાગ-૧)<br>પાનાનં. ૧૨૨ અને ૧૨૩ | ૧૦૦ | સૌની યોજના અંતર્ગત નક્કી કરેલ ખર્ચની સરખામણીએ થયેલ વધુ ખર્ચની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઇ વાજા |
| ૩૧ | _ _ " _ _ | ૧૦૦ | બનાસકાંઠા જિલ્લામાં અવારનવાર કેનાલો તૂટવાના બનાવોની તપાસ માટે ધારાસભ્યોના વડપણ હેઠળ તપાસ સમિતિની નિમણૂક કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ગેનીબેન ઠાકોર |
| ૩૨ | _ _ " _ _ | ૧૦૦ | સુજલામ્ સુફલામ્ યોજનામાં થયેલ ગેરરીતિની તપાસનો અહેવાલ સત્વરે જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત |
| ૩૩ | _ _ " _ _ | ૧૦૦ | નર્મદાની નાની મોટી કેનાલો વારંવાર ઓવરફ્લો થવાના કારણે થતો પાણીનો બગાડ અને ખેતીના ઉભા પાકને થતું નુકસાન અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શીવાભાઇ ભુરીયા |
| *૩૪ | _ _ " _ _ | ૧૦૦ | પાટણ-બનાસકાંઠા જિલ્લાની તમામ નબળી નહેરોનો સર્વે કરાવી જરૂરી મરામત કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભરતજી ઠાકોર |
| *૩૫ | _ _ " _ _ | ૧૦૦ | કેનાલોમાં ભરાયેલ કાંપ-કચરો નિયમિત રીતે સાફ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ |
| | | **માર્ગ અને મકાન વિભાગ**<br>**માંગણી નં. ૮૫** | | |
| ૩૬ | ૨૨૧૬-આવાસન<br>૮૦-સામાન્ય | ૧૦૦ | જર્જરિત અને બંધ પડેલા સરકારી મકાનોનું ઝડપથી મરામત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેશકુમાર ગોહિલ |

| | | | | |
|---|---|---|---|---|
| | ૮૦૦-અન્ય ખર્ચ ૦૧-રહેણાકના....મરામત રૂ. ૧,૧૭,૭૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૨ (ભાગ-૧) પાનાનં.૩૭ | | | |
| ૩૭ | _ _ " _ _ | ૧૦૦ | સરકારી આવાસોમાં મરામત કામગીરી સદંતર નિષ્ફળ રહી છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| **માગણી નં. ૮૬** | | | | |
| ૩૮ | ૩૦૫૪-માર્ગ ...પુલ ૦૪-જિલ્લા...માર્ગો ૩૩૭-માર્ગકામો ૧૧-RBD-4-માર્ગ અને પુલો રૂ. ૧,૪૫,૧૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૨ (ભાગ-૧) પાનાનં. ૪૮ | ૧૦૦ | ગ્રામ્ય માર્ગોને તાલુકા મથક સાથે જોડી મજબૂત બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| *૩૯ | _ _ " _ _ | ૧૦૦ | ભારે વાહનોના કારણે જિલ્લાના માર્ગો તૂટી જતા હોય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનમભાઇ પરમાર |
| *૪૦ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારોમાં નાળા-પુલીયાના કામો સત્વરે પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુખરામભાઇ રાઠવા |
| ૪૧ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં માર્ગની ગુણવત્તાની ચકાસણી ઉચ્ચ કક્ષાએ કરાવી તેમાં થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઇ વંશ |
| *૪૨ | ૩૦૫૪-માર્ગ ...પુલ ૦૪-જિલ્લા...માર્ગો ૩૩૮-પ્રધાનમંત્રી..યોજના રૂ. ૨,૦૦,૦૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૨ (ભાગ-૧) પાનાનં. ૫૦ | ૧૦૦ | પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાનો વ્યાપ વધારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી સુનિલભાઇ ગામીત |
| ૪૩ | ૩૦૫૪-માર્ગ ...પુલ ૮૦-સામાન્ય ૦૦૧-નિર્દેશઅનેવહીવટ રૂ. ૧,૯૮,૧૦,૭૨,૦૦૦ અં.પ્ર.નં.૨૨(ભાગ-૧) પાનાનં. ૫૧ થી ૫૪ | ૧૦૦ | જોબ નંબર અપાયેલ રસ્તાઓ સમયસર નાણાં ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૪૪ | _ _ " _ _ | ૧૦૦ | નવા બનાવેલા રસ્તાઓ વારંવાર તૂટી જાય છે તેની તપાસ | શ્રી કીરીટકુમાર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | કરાવી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | પટેલ |
| ૪૫ | _ _ " _ _ | ૧૦૦ | ગામોમાં ગેરકાયદેસર બાંધકામોને કારણે ભારે વરસાદ અને પૂરના સમયે પાણી ભરાઇ જવાથી આમ જનતાને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રેમસિંહભાઇ વસાવા |
| *૪૬ | _ _ " _ _ | ૧૦૦ | કોન્ટ્રાક્ટરો દ્વારા થતી ગેરરીતિઓની ફરિયાદો સામે અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હિંમતસિંહ પટેલ |
| ૪૭ | _ _ " _ _ | ૧૦૦ | કામો અપૂર્ણ હોવાછતાં કોન્ટ્રાક્ટરોને અગાઉથી પૂરા નાણાં ચૂકવાઇ જાય છે તે માટે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ.અનિલ જોષિયારા |
| *૪૮ | _ _ " _ _ | ૧૦૦ | કોન્ટ્રાક્ટરો અધવચ્ચેથી કામો છોડી દે છે અથવા પેટા કોન્ટ્રાક્ટરોને કામ સોંપી દે છે તેવી ફરિયાદો છતાં પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કનુભાઇ બારૈયા |
| *૪૯ | ૩૦૫૪-માર્ગ ...પુલ<br>૮૦-સામાન્ય<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧,૯૮,૧૦,૭૨,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨(ભાગ-૧)<br>પાના નં. ૫૧થી ૫૪ | ૧૦૦ | રાજ્યના તમામ રસ્તાઓ પર ભરાતાં વરસાદી પાણીનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઇ મુસડીયા |
| ૫૦ | _ _ " _ _ | ૧૦૦ | છોટાઉદેપુર જિલ્લા પંચાયત હસ્તકના આદિવાસી વિસ્તારના બિસ્માર રસ્તાઓની સુધારણાની કામગીરી સત્વરે હાથ ધરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુખરામભાઇ રાઠવા |
| ૫૧ | ૫૦૫૪-માર્ગ...જોગવાઇ<br>૦૩-રાજ્ય...માર્ગ<br>૧૦૧-પુલો<br>રૂ. ૨,૧૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨(ભાગ-૧)<br>પાનાનં. ૨૭૩થી૨૭૬ | ૧૦૦ | પુલોના બાંધકામમાં હલકા પ્રકારના મટીરીયલનો ઉપયોગ અને યોગ્ય ડીઝાઇનની ખામીને કારણે નવા પુલો થોડા સમયમાં જ તૂટી જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિરજીભાઇ ઠુમ્મર |
| ૫૨ | _ _ " _ _ | ૧૦૦ | પુલો બનાવવાની વ્યાપક માગણીઓ હોવાછતાં પુલોના બાંધકામોને સત્વરે મંજૂરી આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર |
| ૫૩ | _ _ " _ _ | ૧૦૦ | નદીઓ ઉપર બનાવેલ નીચા પુલોના કારણે ભારે વરસાદથી પુલો ઉપર પાણી ફરી વળતા વાહનવ્યવહારને ભારે અસરો થાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાંતિભાઇ સોઢાપરમાર |
| ૫૪ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્યના દરેક જિલ્લા-તાલુકામાં પુલો બનાવવાનો સર્વે કરી તેનો સત્વરે અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તિભાઇ પરમાર |
| ૫૫ | ૫૦૫૪-માર્ગ...જોગવાઇ<br>૦૩-રાજ્ય...માર્ગ<br>૩૩૭-માર્ગ કામો<br>રૂ.૪૦,૦૯,૮૪,૩૧,૦૦૦<br>અં.પ્ર.નં.૨૨(ભાગ- | ૧૦૦ | રાજ્ય ધોરી માર્ગોની મરામતની કામગીરી નિયમિત રીતે કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઇ ચુડાસમા |

| | | | | |
|---|---|---|---|---|
| | ૧)<br>પાના નં. ૨૮૮થી ૨૯૪ | | | |
| ૫૬ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્ય ધોરી માર્ગો ઉપર ભરાતાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા સત્વરે કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઋત્વિકભાઇ મકવાણા |
| | | માગણી નં.૮૭ | | |
| ૫૭ | ૨૨૧૭-શહેરીવિકાસ<br>૦૧-રાજય..વિકાસ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૭,૧૨,૫૬,૦૦૦<br>અં.પ્ર.નં ૨૨(ભાગ-૧)<br>પાના નં.૩૯થી ૪૧ | ૧૦૦ | ગાંધીનગરની રચના સમયે પાટનગર યોજનાના બાંધકામ માટે પોતાની જમીન સરકારને આપનાર ખેડૂતોને દુકાન આપવાના નિયમ બાદ પણ દુકાનો અપાઇ નથી તે માટે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. સી.જે. ચાવડા |
| ૫૮ | ૨૨૧૭-શહેરી વિકાસ<br>૦૧-રાજય..વિકાસ<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૭,૧૨,૫૬,૦૦૦<br>અં.પ્ર.નં ૨૨(ભાગ-૧)<br>પાના નં.૩૯થી ૪૧ | ૧૦૦ | સરકારી આવાસોની ફાળવણીમાં પ્રતિક્ષા યાદીનો નિયમોનુસાર અમલ ન થતાં વર્ષોથી રાહ જોતા પ્રતિક્ષા યાદી પરના કર્મચારીઓને થતો અન્યાય દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| ૫૯ | _ _ " _ _ | ૧૦૦ | પાટનગર યોજના કચેરીઓમાં પૂરતા મહેકમના અભાવે વિકાસના કામોમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. સી.જે. ચાવડા |

*** આ કાપ દરખાસ્ત સભાગૃહમાં રજૂ થયેલ નથી.**

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલ માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી પોતાના હસ્તકના વિભાગો આરોગ્ય અને પરિવાર કલ્યાણ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, માર્ગ અને મકાન વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તે અંગે મારાં સૂચનો રજૂ કરવા માટે અને આ સરકારે કેગના અહેવાલને પણ છૂપાવીને, આરોગ્ય ક્ષેત્રે કેગના અહેવાલમાં જે જણાવ્યું હતું, તેમાં હોસ્પિટલો માટે આ સરકાર કેટલી ચિંતિત છે તે બાબતે કહેવા માટે ઉપસ્થિત થયો છું. કેગના રિપોર્ટ-૨૦૧૬ના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે રાજયની ૩૪ જિલ્લા હોસ્પિટલોમાં નિષ્ણાંત ડોકટરોની ૨૭થી ૭૭ ટકા મેડિકલ ઓફિસરોની અને નિષ્ણાંત ડોકટરોની એમાં મેડિકલ ઓફિસરોની ૭થી ૬૯ ટકા, નર્સની ૭થી ૭૨ ટકા અને નિષ્ણાંત ડોકટરોની ૨૭થી ૭૭ ટકા, અન્ય સ્ટાફની ૩૧થી ૮૯ ટકા જેટલી ઘટ પ્રવર્તી રહી છે આ કેટના વર્ષ ૨૦૧૬ના અહેવાલમાં જણાવ્યું હતું. સન ૨૦૧૭માં નવી ચૂંટણી આવી, ફરી વખત આ ગુજરાતની જનતાએ ભારતીય જનતા પાર્ટીની સરકારને શાસન કરવાની તક આપી, ૨૫ વર્ષથી વધુ વર્ષથી આ ભારતીય જનતા પાર્ટી આ ગુજરાત રાજયમાં રાજય કરી રહી છે, છતાં પણ આરોગ્ય ક્ષેત્રની પોતાની નિષ્ફળતા છુપાવવા માટે સતત કોંગ્રેસ ઉપર આરોપો કરીને અમે દોષિત નથી, એ ભૂતકાળની સરકાર દોષિત છે. ભૂતકાળની સરકારે આ માટેની નવી મેડિકલ હોસ્પિટલો ઉભી ન કરી અને નવા ડોકટરો ન મળે તે માટે ચિંતા ન કરી તેના કારણે આ પરિસ્થિતિ ઉભી થઇ છે. ૨૫-૨૫ વર્ષથી, સો વર્ષના ચોથા ભાગથી આ સરકારને ગુજરાતની પ્રજા સતત આ રાજયની ચિંતા કરવા માટે તમને મત આપે છે અને તમે એમના આરોગ્યની શું ચિંતા કરી છે એની કેગ પણ ચિંતા કરે છે. છતાં પણ આજે ચાર વર્ષ વીત્યા છતાં આ ઘટ પૂરી કરવા માટે કોઇ ગંભીર પ્રયાસો થયા હોય એવું આ બજેટ પ્રવચન ઉપરથી મને લાગતું નથી. હું આંકડા સાથે કહેવા માગીશ, હોસ્પિટલોમાં ૧૩,૮૩૩ પથારીઓ છે તે અંગે પણ કેગના અહેવાલમાં ચિંતા વ્યકત કરી હતી. ત્રણ વર્ષથી સરકાર આરોગ્ય ક્ષેત્રે ચિંતા કરે છે, આ કોરોના જેવી મહામારી આવી, કોંગ્રેસ પક્ષે સતત સરકારને ટેકો આપ્યો કે કોરોના મહામારીને કારણે આ ગુજરાતનો એક પણ વ્યકિત મોટને ઘાટ ના ઉતરે તેના માટે આ સરકારે જે ચિંતા કરવી હોય એ કરે અમે સરકારની સાથે છીએ. એના આંકડા પણ આપીશ કે કોરોનાના કારણે સરકારે બજેટમાં જોગવાઇ વધારી છે પણ એ માત્ર નજીવી જોગવાઇ વધારી છે. શહેરોમાં અત્યારે કૂદકે અને ભૂસકે કોરોના વધતો જાય છે. ગઇ કાલના આંકડા એવા છે શ્રી નીતિનભાઇ કે ગુજરાત સરકારે આ અંગે સતત વિચારવું પડે તેવી ચિંતા ઉભી થઇ છે. છેલ્લા ઘણા મહિના પછી ગઇકાલના હાઇએસ્ટ આંકડા આવ્યા છે. ૧૫૦૦નો આંક વટી ગયો છે. હજી પણ આંક વધવાના છે, ચૂંટણી થઇ તેના કારણે થયા છે, કોંગ્રેસ પક્ષ પણ કાર્યક્રમોમાં દોષિત હશે, પરંતુ ભારતીય જનતા

પાર્ટીએ તેના પદાધિકારીઓના જન્મદિવસ માટે જે *(xxx) કર્યા છે એના કારણે પણ મહામારી વધી છે. આપણે ત્યાં માસ્ક ન પહેરે એના હજાર-હજાર રૂપિયા દંડ લેવામાં આવે છે. અમે એના પ્રેસ મિડિયા મારફત છાપાઓમાં ફોટા જોયા, તો સતત માસ્ક વગરના ભારતીય જનતા પાર્ટી, શાસક પક્ષના પદાધિકારીઓ આ બાબતમાં ચિંતા કર્યા વગર અનેક *(xxx) યોજી દે છે.

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બે વખત *(xxx) શબ્દ વાપર્યો, આપણી પદ્ધતિ એવી છે, હું જે જોઇ રહ્યો છું કે સભ્યશ્રીનું પ્રવચન પૂર્ણ થાય પછી આપ શબ્દો રદ કરો છો પણ એનો દુરુપયોગ થાય છે અને વારંવાર રિપીટિશન થાય છે એટલે જયારે બોલે ત્યારે જ અટકાવવા જોઇએ એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : એવું કરીશું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારા શબ્દો પાછા ખેંચી લઉં છું, પણ એના માટે સતત આવી રીતે ભેગા થઇને જયારે રૂલિંગ પાર્ટી ...(અંતરાય) નહીં બોલીએ શ્રી જેઠાભાઇ, તમે ચિંતા ન કરો.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, મને કહો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, આ ચિંતા કરવાના બદલે કેગના રિપોર્ટની અવહેલના કરવામાં આવી છે. ચિંતા એટલા માટે થાય છે કે આજે કોરોના મહામારીના કારણે મધ્યમવર્ગમાં જીવતા માણસો ગરીબી રેખા નીચે ધકેલાયા છે અને ગુજરાતમાં એની સંખ્યામાં સતત વધારો થઇ રહ્યો છે. આઇ.એમ.એસ. સી વોટરનો સરવે આવ્યો છે કે ભારતમાં ૬૬ ટકા લોકો રોજનું ખાવા માટે ફાંફા મારે છે એમાં ગુજરાત પણ આવી જાય છે. ગુજરાત તો એક મોડેલ રાજ્ય છે. ચીનમાંથી આવેલ કોરોના અને ચીન જો કોરોનાની અસર ખાળવામાં સફળ રહ્યો હોય તો આપણો તો એક મહાન દેશ છે. સતત આપણે કોઇની વાતો કરીએ છીએ. આજે ગરીબ માણસને પોતાનું ઘર ચલાવવું મુશ્કેલ બન્યું છે. ચૂંટણી હતી ત્યાં સુધી સરકાર ચિંતા કરતી ન હતી. બે દિવસ શનિવાર અને રવિવારના દિવસોમાં એકે એક રોડ ઉપર પોલીસ ઉભી રાખી છે અને તમે બેલ્ટ પહેર્યો છે કે કેમ, માસ્ક પહેર્યું છે કે કેમ એના માટે ચેકિંગ રાખવામાં આવ્યું છે. મને પણ રોકવામાં આવ્યો હતો, મેં માસ્ક પહેરેલ હતું. (અંતરાય) ખોટું નથી થયું એનું જ કહું છું. આ ભારતીય જનતા પાર્ટીની આટલી બધી નિષ્ફળતાના કારણે ગુજરાત કોરોનાગ્રસ્ત બન્યું છે. પાપના ભાગીદાર બનવું પડે એવી પરિસ્થિતિ થઇ છે. મારે *(xxx) શબ્દ વાપરવો નથી. સામાન્ય માણસ, મજૂરી કરતો માણસ, ગરીબ માણસ, પોતાની રોજીરોટી મેળવવા જતો માણસ એ કાંઇ કરે તો પોલીસ દંડા ચલાવે છે. પોલીસ એના ઉપર જુલ્મ કરે છે, ત્યારે રાજકીય પાર્ટીના પદાધિકારી તરીકે મારી પણ ફરજ બને છે. શાસક પક્ષની અમારા કરતા વિશેષ ફરજ બને છે. સતત આવા કાર્યક્રમોના કારણે લોકોમાં જે ડર પ્રવેશવો જોઇએ એના બદલે એના મનમાં એમ થાય છે કે આ તો કદાચ આપણને ડરાવવા માટે જ ચાલતું હોય એ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. શાસક વ્યક્તિઓ જો ડર પેદા કરવાના બદલે આવા કાર્યક્રમો કરતા હોય તો એના કારણે લોકો પર એની અસર થતી હોય છે. એના કારણે આ વિકસિત ગુજરાતમાં છેલ્લા એક વર્ષમાં ૪૬ હજાર ૬૫૧ ગરીબ પરિવારો વધ્યા છે. આ કાંઇ મારા આંકડા નથી, આ સરકારના ચોપડેથી આવેલા આંકડા છે. અચ્છે દિનના નામે આજે મોંઘવારીના ખપ્પરમાં ગરીબ જનતા હોમાઇ રહી છે. ઓગસ્ટ-૨૦૧૯માં લોકીસભામાંથી આવેલ માહિતી પ્રમાણે ગુજરાતમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ૯૨ ટકા સ્ટાફ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ૮૫ ટકા સ્ટાફની અછત છે. અનુક્રમે ૯૦ ટકા અને ૨૯ ટકા જગ્યાઓ ખાલી છે. આવી ખરાબ સ્થિતિમાં સામૂહિક આરોગ્ય કેન્દ્રનો ક્રમ બીજો છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ચોથા ક્રમે છે. વર્ષ ૨૦૨૧-૨૨માં બજેટની જોગવાઇ જોતાં જગ્યાઓ જલ્દી ભરાય એવું લાગતું નથી. ચિંતા એટલે થાય છે. સરકારી આરોગ્ય સેવાઓ ઉભી થાય તેવી શક્યતાઓ ઉપર પણ અમને શંકા ઉભી થાય છે. ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૬થી માર્ચ-૨૦૨૨ સુધી અમલમાં રહેનાર આરોગ્ય નીતિ જાહેર કરી છે. એમાં સ્વનિર્ભર મેડિકલ કોલેજો સ્થાપવા, સ્વનિર્ભર સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલો સ્થાપવા અને ખાનગી અને બિનસરકારી સંગઠનોને સહાય કરવાનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેમાં ગ્રામ્ય કે શહેરી વિસ્તારના આરોગ્ય કેન્દ્રોને સુધારવાનો સમાવેશ થતો નથી. હું નહીં, કેન્દ્ર સરકાર લોકસભામાં ચિંતા કરી રહી છે. આ બાબતમાં મને લાગે છે કે ખાનગીકરણ તરફ સરકારની નીતિ વધારે જતી હોય એવું લાગે છે. ખાનગીકરણ તરફ જશો તો ગરીબ માણસો કેવી પરિસ્થિતિમાં મૂકાશે તેની પણ ચિંતા કરવાની જરૂરિયાત ઉભી થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા અને જળસંપત્તિ માટેની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં નર્મદાની નહેરો છાછવારે તૂટી જાય છે. બનાસકાંઠામાં નહેરો છલકાય છે. એના રિપરિંગના અભાવે નર્મદાનું પાણી વેડફાઇ રહ્યું છે. આજે વિશ્વ જળ દિવસ હોય ત્યારે મારે સરકારને આપના મારફત વિનંતી કરવી છે. જળ ભારત માટે એક અમૂલ્ય પદાર્થ છે ત્યારે એ જળને બચાવવાના બદલે આ નહેરો મારફત આ પ્રકારની પરિસ્થિતિ ઊભી થાય છે ત્યારે (અંતરાય) સરકારને તાકીદે ધ્યાન દોરવાની જરૂરિયાત ઊભી થઇ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનો અવાજ મોટો છે એનો ગેરલાભ ના લો. પ્લીઝ, બેસી જાવ. માનનીય નીમાબેન.

ડો. નીમાબેન ભા. આચાર્ય(ભજ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે વિશ્વ જળ દિવસ છે અને આજે નર્મદા વિકાસ યોજનાની માગણીઓ જ્યારે લઇને આવ્યા છે ત્યારે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇને હું અભિનંદન અને શુભેચ્છા આપું છું. વિશ્વ જળ દિવસ નિમિત્તે સમગ્ર ગુજરાતની પ્રજાને ખૂબ ખૂબ શુભ્છા અને અભિનંદન આપું છું. નર્મદા યોજના આપણા લોખંડી

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પૂરુંષ સરદાર પટેલ એક સ્વપ્ન દ્રષ્ટા અને એમનું સપનું આજે ભારતીય જનતા પાર્ટીને સરકારે પૂરું કર્યું છે. આખો ઇતિહાસ સૌ જાણે છે એની વાત નહીં કરું પણ માનનીય અધ્યક્ષશ્રી, એટલું ચોક્કસ કહીશ કે આજે નર્મદાના કામો માટે ઘણી બધી ગેરસમજો લોકોની વચ્ચે ઊભી કરવામાં આવે છે પણ નર્મદાની મેઇન કેનાલ કચ્છની અંદર ૩૫૭ કિલોમીટરની લંબાઇ પૂરી થઇ અને ૩૫૭ કિલોમીટરની લંબાઇમાંથી ૩૩૬.૫૦ કિલોમીટર પૂરી થઇ છે અને બાકીની ૨૦ કિલોમીટરની લંબાઇનાં કામો પ્રગતિમાં છે. આ કેનાલનું કામ ચાલુ થયા પછી ૨૧૫ કિલોમીટર સુધી પાણીનું પરિવહન કરવામાં આવ્યું અને વર્ષ ૨૦૧૭માં આપણા લોકલાડીલા વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇના હસ્તે મારા ટપર ડેમને પાણીથી ભરવામાં આવ્યો. જેના પરિણામે પશ્ચિમ વિભાગમાં જ્યાં પીવાના પાણીની તકલીફ હતી. છેક વાઘાકોટ બોર્ડરથી માંડીને, અબડાસા સુધીના તમામ ગામોને પીવાનું પાણી પહોંચાડ્યું અને આજે ૮૭૭ ગામો અને ૧૪ શહેરોની અંદર પીવાનું પાણી પાઇપ લાઇન દ્વારા પહોંચાડ્યું અને એ ૫૦૦ કિલોમીટરથી વધારે લંબાઇની મહાકાય પાઇપ લાઇન કે જેમાંથી મારૂતી નીકળી જાય, એમાંથી માણસ હાથ ઊંચો કરીને ચાલ્યો જાય એવી મોટી પાઇપ લાઇનની વાત કરીએ ત્યારે લોકો માનવા તૈયાર નહતા. વિરોધ પક્ષના લોકો એમ કહેતા કે આમાં તો પાણી નહીં આવે પણ હવા આવશે પણ પાણી આવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપને કહું કે લોકોની વચ્ચે એક જ વાત છે કે આ દુનિયાની અજાયબી જેવી પાઇપ લાઇનથી કચ્છને પીવાનું પાણી પહોંચાડ્યું. આવું અશક્ય કામ થાય ત્યારે આપણને કહેવાનું મન થાય કે આ મોદી મેજિક છે એવું કહી શકાય. અને એ એવું કામ આજે કચ્છમાં થયું છે. આજે રૂપિયા ૩૨૭૨ કરોડનો ખર્ચ કચ્છના નર્મદાના કામો પાછળ થયેલો છે અને એમાંથી રૂપિયા ૧૨૨૨ કરોડના કુલ ૧૯ કામો પ્રગતિમાં છે અને હજુ રૂપિયા ૧૧૦૦ કરોડ બીજા જે ગયા વર્ષે ફાળવ્યાં એ એટલે ઘણી બધી ગેરસમજો ફેલાવવામાં આવી છે. ચૂંટણીમાં અમારે આ જ પ્રશ્નના જવાબ હતા કે ભાઇ, નર્મદાનું શું થશે? માનનીય અધ્યક્ષશ્રી, હું આપને કહીશ કે કચ્છના લોકો ખૂબ સમજદાર છે. બધું બધા જોવે છે અને જે રીતે ભૂકંપ પછી કચ્છને એક બાળકની જેમ મોટું કર્યું. આદરણીય વડાપ્રધાન ૮૯ વાર કચ્છમાં આવ્યા અને કચ્છને બાળકની જેમ મોટું કરીને કચ્છને વિશ્વના નકશામાં મૂક્યું પછી એ સફેદ રણ હોય કે હાઇબ્રીડ રિન્યુએલ એનર્જીનો પાર્ક ૭૨,૦૦૦ હેકટર જમીનમાં કચ્છની બોર્ડર ઉપર કરવામાં આવ્યો હોય એવા કચ્છને વિશ્વના નકશામાં મૂકાયેલું છે ત્યારે અમારી કચ્છની પ્રજા બરોબર સમજે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને એ યાદ કરાવવું છે કે કચ્છની કેનાલનું કામમાં કેમ મોડું થયું? એ વાત કચ્છની પ્રજા ક્યારેય ભૂલશે નહીં. કારણ કે ૧૦ વર્ષ સુધી અમારી ફાઇલ પર્યાવરણ અને વાઇલ્ડ લાઇફ સેંકચ્યુરીના નામે મંજૂરીની અંદર કેન્દ્રની કોંગ્રેસ સરકારમાં પડી રહી. એને મંજૂરી નહોતી મળતી અને જેવા માનનીય નરેન્દ્રભાઇ વડાપ્રધાન બન્યા એવું પહેલું કામ સત્તર દિવસમાં એમણે એ ફાઇલને મંજૂરી આપી. મારો તો એક જ પ્રશ્ન છે કે ૧૭ દિવસમાં નરેન્દ્રભાઇ મંજૂરી આપી શકે તો કોંગ્રેસની સરકારે ૧૦ વર્ષ સુધી કેમ મંજૂરી ન આપી? ૭૨ કલાકના અપવાસ કર્યા. શ્રી નરેન્દ્રભાઇએ મુખ્યમંત્રી બન્યા ત્યારે ૯૦ મીટરથી વધારે હાઇટ કરવાની મંજૂરી કોંગ્રેસની સરકારને આપવાનું કમ્પલ્ઝન થયું અને આજે આપણે જોઇએ છીએ કે દરવાજા પણ મુકાઇ ગયા. એની મંજૂરી પણ શ્રી નરેન્દ્રભાઇએ આપી. ૬ વર્ષ સુધી એની મંજૂરી પણ ન આપી અને જેને લીધે કરોડો રૂપિયાનો ખર્ચ આ દરવાજાના મેન્ટેનન્સમાં સરકારને થયો. આજે હું આપને કહીશ અને કેટલું પાણી વેડફાયું એ અલગ વિષય છે. હું એટલું કહીશ કે આપણા આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જયારે જોયું કે કચ્છની નર્મદાનું કામ ઝડપથી કરવું છે તો એમણે અવારનવાર તબકકાવાર રિવ્યુ મિટિંગો કરી, ફોલોઅપ મિટિંગો કરી અને આજે હું કહીશ કે માત્ર ને માત્ર ૧૦ ટકા જ જમીન સંપાદન બાકી છે અને એના પણ એવોર્ડ થઇ ગયા છે. ખાલી લોકોને આપવાનું છે એટલો જ વિષય છે. આજે ૧૯ કામો પ્રગતિમાં છે. ખૂબ ઓછું કામ બાકી છે ત્યારે નર્મદાના નીર વન મિલિયન એકર ફીટ પાણીને જે કચ્છની પ્રજાને ખોટી રીતે ગેરમાર્ગે દોરવામાં આવે છે એની પૂરી ફોલોઅપ મિટિંગ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીએ લીધી છે અને કામ પ્રગતિમાં છે. મારી વિનંતી છે કે આ કામ ઝડપથી થાય અને હમણાની છેલ્લી જે રિવ્યુ મિટિંગ અમારી થઇ, ધારાસભ્યને સાથે રાખીને, હાઇપાવર કમિટીના તમામ અધિકારીઓ આ મિટિંગમાં હાજર હતા અને મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી છે કે તાત્કાલીક વન મિલિયન એકર ફીટ પાણી માટેની પાઇપ લાઇન છે એનું ટેન્ડર કાઢો અને જલદીથી કામ થાય. મારા વિસ્તારનો જે રુદ્રમાતા ડેમ છે એ આખા કચ્છનો સૌથી મોટો ડેમ છે. આ રુદ્રમાતા ડેમ ભરવામાં ખાલી ૨૫ કિલોમીટરની કેનાલ બાકી છે અને એ કામ ઝડપી થશે, કચ્છના લોકોને પૂરી રીતે વન મિલિયન એકર ફીટ પાણી આપવા સરકાર કૃતનિશ્ચયી છે એટલી જ વિનંતી છે કે કામ ઝડપથી થાય અને અમારો વિસ્તાર નવપલ્લવિત થાય.

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી પોતાના વિભાગ હસ્તકની માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. આરોગ્ય વિભાગની ઘણીબધી ચર્ચાઓ થઇ ત્યારે વિપક્ષ એટલે સારું થાય ત્યાં આવકારીએ પણ છીએ, સરકારને ટેકો પણ આપીએ છીએ પરંતુ જયાં લોકોને નુકસાન થતું હોય, પ્રજા પીડાતી હોય, હાડમારી ભોગવતી હોય ત્યાં વાસ્તવિક સ્થિતિ તરફ સરકારનું ધ્યાન દોરવું એ પણ અમારી જવાબદારી છે. કોરોનાને એક વર્ષ થયું છે. આ મહામારી વૈશ્વિક મહામારી અને વૈશ્વિક મહામારીમાં પ્રશ્નો ઘણા બધા ઉભા થાય છે. જે રીતે સરકારે આ વૈશ્વિક મહામારીની સામે નિર્ણયો કર્યા અને કામગીરી કરી એ કામગીરીને આવકારવામાં

આવે છે પણ એ કામગીરીની ક્ષતિને કારણે, ભૂલોને કારણે લોકોને જે હાડમારી સહન કરવાની આવી છે એની પણ ગંભીરતાપૂર્વક નોંધ લેવી જોઇએ. હજારો લોકોની મોતની ખુવારી અને કરોડો લોકોની કથળી ગયેલી પરિસ્થિતિની પાછળ માત્ર જો કોઇ જવાબદાર હોય તો એ સરકાર ખૂદ છે. બીજી ડિસેમ્બરે પહેલો કેસ ચીનમાં આવ્યો અને ત્યારબાદ ૨૯ મી જાન્યુઆરીએ પહેલો કેસ ભારતમાં આવ્યો અને તેની સામેની લડાઇની તૈયારી કરવાને બદલે તમે દિલ્હીની ચૂંટણી લડવા અને જીતવાની તૈયારીમાં વ્યસ્ત હતા. મધ્યપ્રદેશની સરકારને ઉથલાવવામાં તમે વ્યસ્ત હતા. ડોનાલ્ડ ટ્રમ્પને નમસ્તે ટ્રમ્પની આગમનની તૈયારી કરવામાં સરકાર વ્યસ્ત હતી. ચીનને એ વખતે ફોન કરીને કહેતા હતા કે કઇ કામકાજ હોય તો અમને જણાવજો. એમાં તમે વ્યસ્ત હતા. ટ્રમ્પના કાર્યક્રમ રંગેચંગે પૂરો કર્યો. ૧૮ જાન્યુઆરીથી ૨૩મી માર્ચ સુધી ૧૫ લાખ લોકો વિદેશમાંથી કોઇપણ જાતના ટેસ્ટિંગ વિના ભારતમાં આવી ગયા. આટલી નિષ્ફળતાના કારણે કોરોના ફૂલો ફાલ્યો અને આપણે જે કાઇ નજર સમક્ષ જોયું આ કોરોનાની કામગીરીમાં જે રીતે રાજ્ય સરકારે નિર્ણયો કર્યા છે. સરકારી હોસ્પિટલો આપણી પાસે પૂરતા પ્રમાણમાં હતી. નવી હોસ્પિટલો ખોલી શકતા હતા, પણ સરકારી હોસ્પિટલોમાં વ્યવસ્થા કરવાને બદલે અને નવી કોવિડ હોસ્પિટલો પાછળથી ઊભી કરી એ પહેલા રાજ્ય સરકારે ખાનગી હોસ્પિટલોને આ મહામારીની સામે લડવા માટે નિર્ણય કર્યો. મારે દુઃખ સાથે કહેવું પડે કે આ ખાનગી હોસ્પિટલોએ કોરોનાને નામે નાના અને ગરીબ માણસોને *(xxx) કામ કર્યું છે.

અધ્યક્ષશ્રી : આ *(xxx) શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : જે પ્રકારે નાના લોકો પાસેથી પૈસા વસૂલવામાં આવ્યા છે, તે શબ્દોમાં કહી શકાય તેમ નથી. જે પ્રકારની ખરીદી કરવામાં આવી. હું માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરું છું કે તમારો વિભાગ છે. સરકારના નક્કી કરેલા ધારાધોરણ, જે નક્કી કરેલી કિંમત છે, એ કિંમત પ્રમાણે તમારે ખરીદી કરવાની હોય તે ખરીદી કરતા આ સાધનોની જે જરૂરિયાત હતી તે સાધનોની ખરીદીની અંદર તપાસ કરાવવી જોઇએ. આ ખરીદીની અંદર લાખો રૂપિયાની નાણાકીય ગેરરીતિ આચરવામાં આવી હોય તેવું સ્પષ્ટપણે જણાય છે. માર્કેટમાં જે વસ્તુ મળતી હતી એના કરતા જે ખાનગી કંપની અનુકૂળ હતી તે કંપની પાસેથી ઊંચા ભાવે વસ્તુ ખરીદી છે. એ માસ્ક હોય, હાથ મોજા હોય કે અન્ય વૈકલ્પિક બીજાં સાધનો હોય, એ પછી વેન્ટીલેટર હોય કે અન્ય કોઇપણ બાબતો હોય. એની આપણે સંપૂર્ણપણે ચકાસણી કરવી જોઇએ. ગુજરાત મેડિકલ સર્વિસ કોર્પોરેશને વગર ટેન્ડરે એઝીથ્રોમાઇસીન એનો ભાવ રેટ કોન્ટ્રાક્ટ ૪.૬૪ પૈ. ઓલરેડી મંજૂર થયેલ હતો. મૂળ ગોળી તો ૬૦ પૈસાની જ આવે છે, છતાં પણ આ ગોળી મને વિગત મળી છે તે મુજબ સરકારશ્રીનું ધ્યાન દોરું છું. સરકાર આની તપાસ કરાવડાવે. ૪.૬૪ પૈસાની ગોળી ૧૬.૬૭ પૈસામાં ૩૦ લાખ કરતા વધુ ગોળી ખરીદવામાં આવી. પછી પાછળથી કેટલી ખરીદી તેની વિગત મારી પાસે નથી. પાછળથી ખરીદી હશે. આ પ્રકારની નાણાકીય ગેરરીતિ આચરવામાં આવી હોય તેવું સ્પષ્ટપણે દેખાઇ આવે છે. મેડિકલ કોર્પોરેશન દ્વારા નિશ્ચિત કરવામાં આવ્યા હતા, એનાથી વધુ ૭૦૦ ટકાએ માસ્ક, ગ્લોવ્ઝ અને પી.પી.એ. કીટ ખરીદવામાં આવી. કોર્પોરેશને અને સરકારે ૧ રૂપિયા ૨૯ પૈસામાં થ્રી લેયર માસ્ક લીધેલ હતા. આ જ માસ્ક એ જ કંપની પાસેથી ૯ રૂપિયા ૪૦ પૈસામાં ૩૦ લાખ માસ્ક ખરીદવામાં આવ્યા. આ વાસ્તવિક સ્થિતિ જે રીતે એક વર્ષ અને દિવસો સુધી ચાલી છે. એમાં ગુજરાતની ૬.૫ કરોડની જનતાએ સાથ સહકાર આપ્યો છે. ધારાસભ્યોના પગારમાં ૩૦ ટકાનો કાપ મૂક્યો છે. એમાં ૧.૫ કરોડ રૂપિયા વર્ષે આપતા હતા એમાં કાપ મૂક્યો. બધાએ સહયોગ કર્યો અને પૈસા એકત્રિત કર્યા છે. એ આ નાણાકીય ખરીદી કરવામાં નથી વપરાયા એ અમે સરકાર પાસે સ્પષ્ટ જાણવા માગીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે કોરોનાની મહામારી સામે રાજ્ય સરકારે નિર્ણયો કર્યા તેમાં ગરીબ પ્રજા જે રીતે હેરાન પરેશાન થઇ અને આપણે પગપાળા ચાલતા જતા લોકોના ટી.વી.માં જે દ્રશ્યો જોયા છે તેમાં...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય અભેસિંહભાઇ

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટમાં માર્ગ અને મકાન વિભાગની વાત કરીને મારી વાત પૂરી કરીશ.

અધ્યક્ષશ્રી : પણ આ મિનિટ હું કયાંથી લાવું ?

શ્રી પુંજાભાઇ ભી. વંશ : ઓ. કે., થેન્ક યુ સર.

અધ્યક્ષશ્રી : બોલી લો, બોલી લો, હું આપના સભ્યની એક મિનિટ કાપી લઇશ.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગમાં જે કામો મંજૂર કરવામાં આવે છે તે મંજૂર થયેલાં કામો એજન્સી ફિક્સ થઇ ગયા પછી સમયસર પૂરાં ન થાય અને એજન્સી સમય મર્યાદામાં આવાં કામ પૂરાં ન કરે તો તેના ખર્ચે અને જોખમે તે કામો કરાવવાના હોય છે. મારા ગીર સોમનાથ જિલ્લામાં ૨૦૧૭ના વર્ષમાં મંજૂર થયેલા રસ્તાના કામો માટે ટેન્ડર બહાર પડ્યા પછી એજન્સી ફિક્સ થઇ ગઇ અને તે એજન્સીએ અડધું કામ પૂરું કર્યું છે અને બાકીનાં કામો પૂરાં કર્યા નથી તેમ છતાં તે એજન્સી સામે કોઇપણ જાતની કાર્યવાહી કરવામાં આવતી નથી. બીજી બાજુ કામો પૂરાં કરવામાં આવતાં નથી તો આવનારા દિવસોમાં સરકાર આની તપાસ કરાવી સમય મર્યાદામાં કામો પૂરા કરાવે તેવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય અભેસિંહભાઇ.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ચૈત્ર ૧, ૧૯૪૩ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન(છઠ્ઠો દિવસ)

શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ માગણી નં.૮૫ અને ૮૬ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં પચ્ચીસ વર્ષ કરતાં વધુ સમયથી રાજ્યની શાસનધુરા સંભાળતી ભારતીય જનતા પાર્ટીની સરકારે જન વિશ્વાસ કાયમ રહે અને લોકોના સુખાકારીનાં કામો પારદર્શક વહીવટ સાથે અવિરતપણે આગળ ધપાવીને પ્રગતિની કેડી કંડારી છે. માનનય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ રાજ્યના સર્વાંગી વિકાસ માટે કાર્યશીલ છે. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ કાબેલ અને ખૂબ સારા વહીવટકર્તા છે. તેઓશ્રી માર્ગ અને મકાન વિભાગની જવાબદારી સંભાળી રહ્યા છે ત્યારે તેઓએ ગામડાંથી શહેરો સુધી સાંકળતા રસ્તાઓની ચિંતા કરી છે. આ વર્ષના બજેટમાં જોગવાઇ કરી છે તેમાં સાત વર્ષથી કે તેથી વધુ સમયથી રિકાર્પેટ ન થયા હોય તેવા ૧૬૮૫૭ કિલોમીટરના ૪૯૪૯ કામો માટે રૂપિયા ૪૫૦૬ કરોડની જોગવાઇ કરી છે. છેલ્લા પાંચ વર્ષમાં રેલવે ઓવરબ્રિજનાં કામો ૮૭૩ કરોડના ખર્ચે પૂરાં કરેલ છે. સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓને અમદાવાદ, ગાંધીનગર સાથે જોડતા રાજકોટ-અમદાવાદ રસ્તાનું રૂપિયા ૨૬૨૦ કરોડના ખર્ચે છ માર્ગીય બનાવવાનું કામ પ્રગતિમાં છે. અમદાવાદ-બગોદરા રસ્તાને છ માર્ગીય કરવા માટે રૂપિયા ૨૮૯૩ કરોડની જોગવાઇ કરી છે. ૧૧૬ રસ્તાના અનુભાગોના ૧૯૫૧ કિલોમીટરની લંબાઇના રસ્તા દસ મીટર કે સાત મીટર પહોળા કરવાની કામગીરી માટે રૂપિયા ૨૩૦૦ કરોડની જોગવાઇ કરી છે અને તે કામ પ્રગતિ હેઠળ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા છોટા ઉદેપુર જિલ્લાની વાત કરું તો અમારી ગામડાંની આદિવાસી પ્રજા માટે અમારા ડુંગરાળ વિસ્તારમાં રસ્તા પહેલાં ન હતા. આ ભાજપની સરકાર આવ્યા પછી ગામડે ગામડે રસ્તા બન્યા છે. પહેલાં કોઇને ડિલિવરી હોય તો ગામડાંમાથી ઝોલામાં નાખીને લઇ જતા હતા. આ ભાજપની સરકાર આવ્યા પછી અમારા વિસ્તારમાં ખૂબ રસ્તા બન્યા છે. નસવાડી તાલુકાનો ગયા વર્ષના બજેટમાં જે ઉલ્લેખ થયેલ છે તે પુલ કે જેના માટે ૬૦ ગામોની રજૂઆત હતી તે પુલનું રૂપિયા ૬ કરોડના ખર્ચે કામ શરૂ થયું છે. તેના લીધે ૬૦ ગામોને આ પુલનો લાભ મળશે. તેવી જ રીતે બોરીયાદ - ધાનાનો પુલ રૂપિયા ૫(પાંચ) કરોડના ખર્ચનો મંજૂર કર્યો છે. તેવી જ રીતે કોસિન્દ્રા-ચીખોદરા-ભાટા પુલ રૂપિયા ૧૨ કરોડના ખર્ચે મંજૂર કર્યો છે અને તેનું કામ શરૂ થયું છે. બોડેલીથી છોટા ઉદેપુર જવા માટે પહેલાં રેલવેનું ફાટક વારંવાર બંધ થઇ જતું હતું તો તે ઓવરબ્રિજ બનાવવા માટે રૂપિયા ૫૦ કરોડના જોબ નંબર શ્રી નીતિનભાઇ પટેલ સાહેબે આપ્યો છે. અમારા ૬૮ રિકાર્પેટ રસ્તાઓ માટે ૪૬ કરોડ રૂપિયા જેટલી રકમ આ વર્ષે આપી છે. એટલે હું વિધાનસભા મતવિસ્તાર વતી શ્રી નીતિનભાઇ સાહેબનો ખૂબ ખૂબ અંતઃકરણપૂર્વક આભાર માનું છું. અમારા આગલા વર્ષના બજેટના જે રસ્તા આવેલા છે તેમાં પ્રગતિ હેઠળના રસ્તા જોઇએ તો નસવાડી-ભાટા રોડ ૩૨ કરોડ રૂપિયા, તાલુકાથી તાલુકા એટલે કે કવાંટથી છોટા ઉદેપુર ૨૯ કરોડ રૂપિયા. દાહોદના બારીયા ધાનપુર માટે રૂપિયા ૨૧ કરોડ, ગોધરા માટે રૂપિયા ૩૦ કરોડ, રાજપીપળા માટે રૂપિયા ૭૫ કરોડ, છોટા ઉદેપુરનો પુલ પહોળો કરવા માટે રૂપિયા ૧૨ કરોડ અને છોટા ઉદેપુર ક્વાંટ માટેના રૂપિયા ૧૦ કરોડ તેમજ અમારા છોટા ઉદાપુરના નિવાસી કલેકટરના રહેઠાણ માટે રૂપિયા ૧.૧૪ કરોડ, છોટા ઉદેપુરના કર્મચારીઓના રહેઠાણ માટે રૂપિયા ૩.૮૬ કરોડ, અંકલેશ્વરમાં અધિકારીઓના રહેઠાણ માટે રૂપિયા ૯.૫૮ કરોડ, મારા વિસ્તારમાં જે પ્રગતિનાં કામો હવે શરૂ થવાનાં છે એમાં જગુગામ ચલામણી રોડ માટે રૂપિયા ૮.૪૫ કરોડ, જેતપુર-ચલામણી રોડ માટે રૂપિયા ૭.૨૦ કરોડ, તાલુકાથી તાલુકા ખેરવાડી રોડ માટે રૂપિયા ૬.૩૦ કરોડ, છોટા ઉદેપુરનો સૂર્યઘોડા રોડ માટે રૂપિયા ૩.૫૦ કરોડ, જેતપુરના કડવાલ રોડ માટે રૂપિયા ૪.૬૦ કરોડ, સૂર્યા-આછાલી રોડ માટે રૂપિયા ૩.૧૦ કરોડ, કડિલા-ખેરવા-ડુમા રોડ માટે રૂપિયા ૨.૪૫ કરોડ, હાંડોડ-નાગરવાડા રોડ માટે રૂપિયા ૧.૪૫ કરોડની ફાળવણી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ, અમારા અલગ અલગ વિસ્તારમાં સરકારે ખૂબ સારા કામો માટે બજેટ ફાળવ્યું છે અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇએ અમારા છોટા ઉદેપુરની આદિવાસી પ્રજા માટે જે ડુંગર વિસ્તારમાં આવેલ છે, મહારાષ્ટ્રની બોર્ડરને અડીને આવેલો વિસ્તાર છે અને હિમાચલમાં હોય છે એવા ૬૦ ગામો અમારા છે અને એમાં અમને સાતમ-આમટાનો રોડ છે જે ત્રણ કિલોમીટરનો અને ઉંચાઇથી ચડીને જવું પડે છે એના માટે પણ ૩ કરોડ રૂપિયા અમને આપ્યા છે. અમારી આદિવાસી પ્રજાની લાગણી છે કે હજુ થોડા રસ્તા બાકી છે એ પણ અમને વિશ્વાસ છે કે માનનીય નીતિનભાઇ અમને આપવાના છે. અમારા વિસ્તારમાં આ વખતની ચૂંટણીમાં કોંગ્રેસના સૂપડા સાફ થઇ ગયા છે. આ રસ્તાઓ બને છે એટલે ગામડાના લોકોમાં એટલો બધો આનંદ છે કે, પહેલા રસ્તા ન હતા અને ખૂબ તકલીફ પડતી હતી પણ અત્યારે તણખલાથી જવું હોય, ડુંગરમાં જવું હોય, ક્વાંટમાં જવું હોય એ બધા માટે રસ્તા બન્યા છે અને એ રસ્તાને કારણે ખૂબ વિકાસ થયો છે માનનીય આનંદભાઇ, માનનીય અધ્યક્ષશ્રી, આ સામેના મિત્રોને દેખાતું નથી પણ અમારા વિસ્તારમાં છોટા ઉદેપુર જિલ્લામાં ૩૨માંથી ૨૮ જિલ્લા પંચાયત ભારતીય જનતા પાર્ટીની આવી છે અને ૬ એ ૬ તાલુકા પંચાયત ભારતીય જનતા પાર્ટીની આવી છે આ વિકાસ છે. રસ્તાઓ, પાણી, વીજળી બધું જ અમારી સરકારે આપ્યું છે એટલે માનનીય નીતિનભાઇ જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું ટેકો આપું છું અને અભિનંદન આપું છું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ): માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માગે ઉપસ્થિત થયો છું.

## તા. ૨૨મી માર્ચ ૨૦૨૧

## માગણીઓ પર ચર્ચા અને મતદાન(છઠ્ઠો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાની જ્યારે વાત થાય છે, નર્મદાની કેનાલ ઉપર કોઇ ખેડૂતે મશીન મૂક્યું હોય, મશીનથી પાણી લેતા હોય એમાં કોઇ નાની મોટી વાત થાય તો ખેડૂતો ઉપર ફરિયાદ દાખલ કરી એની ધરપકડ કરવામાં આવે અને ત્રણ ત્રણ મહિના સુધી જેલમાં રાખવામાં આવ્યાના દાખલા આ રાજયમાં બન્યા છે, એની સામે વાંધો હોઇ શકે નહીં, પણ તારીખ ૨૯.૦૭.૨૦૨૦ના રોજ કાર્યપાલક ઇજનેર સૌરાષ્ટ્ર શાખાએ એક લેટર લખ્યો, જયંતી સુપર કન્સ્ટ્રકશન પ્રાઇવેટ લિમિટેડ, મહેસાણાના કોન્ટ્રાકટર છે. હલકી ગુણવત્તાવાળું કામ કરી વધારાનું બિલ ૨૪,૯૨,૯૭,૫૭૭/ -રૂપિયાનું કામ કર્યા સિવાયનું અને હલકી ગુણવત્તાવાળું કામ કરીને અને કામ જ ન કર્યું હોય અને વધારાનું બિલ લઇ ગયા હોય એવો પત્ર કાર્યપાલક ઇજનેર સૌરાષ્ટ્ર શાખા તરફથી લખવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, રૂપિયા ૯,૨૬ કરોડની એની પાસેથી રિકવરી કરવામાં આવી છે, ત્યાંથી વાત અટકતી નથી. એ જ કાર્યપાલક ઇજનેર બાકીના ૧૫.૬૬ કરોડ રૂપિયા હજુ રિકવર કરવાના બાકી છે અને એને વિનંતી કરતો પત્ર લખે છે કે તમે આ પૈસા જમા કરાવો એવી વિનંતી કરી છે, આદેશ નહિ, જયંતી સુપર કન્સ્ટ્રક્શન્સ એ મહેસાણાના વતની છે. આ જ નર્મદા વિભાગે એમને બ્લેકલિસ્ટ કરેલા છે. વિભાગે સારી કામગીરી કરી કહેવાય. આવડો મોટો ભ્રષ્ટાચાર કર્યો હોય ૨૫ કરોડ રૂપિયાનો, કામ વગર પૈસા ઉપાડ્યા હોય અને બ્લેકલિસ્ટમાં મૂક્યા હોય. ગુજરાત સરકારમાં કામ કરતા હોય. નર્મદા વિભાગમાંથી બ્લેકલિસ્ટ થયેલા આ જ કોન્ટ્રાક્ટર પાણી પુરવઠા વિભાગમાં કરોડો રૂપિયાનાં કામો કરે છે. એના અનેક દાખલા હું આપું. એમણે કરમસદમાં કામ અધૂરું છોડી દીધું છે, વિરમગામમાં પણ એમના પર બોગસ બિલિંગના આક્ષેપો થયેલા છે, સિદ્ધપુરમાં પણ બોગસ બિલના આક્ષેપો થયેલા છે, કરજણ તાલુકામાં એ રીતે જ એમના પર આક્ષેપો થયેલા છે. થાનગઢમાં, પેટલાદમાં, આ તમામે તમામ જગ્યા પર આ જયંતી સુપર કન્સ્ટ્રક્શન્સ દ્વારા આજે પણ પાણી પુરવઠાના કામો કરવામાં આવે છે. એકબાજુ બ્લેકલિસ્ટ કરેલ છે નર્મદા વિભાગમાંથી, એ જ બ્લેકલિસ્ટેડ જયંતી સુપર કન્સ્ટ્રક્શન્સને કઇ રીતે પાણી પુરવઠા વિભાગનાં કામો મળે છે એ પણ એક ચર્ચાનો વિષય છે. મારે એ પણ કહેવું છે કે, ભ્રષ્ટાચાર કરવાની, પૈસા મંગાવવાની વ્યવસ્થા બીજી થઇ છે, હાથોહાથ નહિ, આંગડિયામાં અમદાવાદની આંગડિયાની પેઢીમાંથી એક દસ રૂપિયાની નોટ આપે એ નોટના આધારે ભ્રષ્ટાચાર કરેલા કોન્ટ્રાક્ટરે ઘણા બધા અધિકારીઓને પૈસા પણ ચૂકવવાના આક્ષેપો થયા છે. આવા કોન્ટ્રાકટરને એક વિભાગમાંથી સરકારે બ્લેકલિસ્ટ કર્યા હોય તો બીજા વિભાગમાંથી એને કામ ન મળે એવું કરવાની જરૂર છે તો સરકારના પૈસા બચશે અને આવો ભ્રષ્ટાચાર થતો અટકશે.

તારીખ ૬-૧૧-૨૦૨૦ના રોજ મેં માહિતી માગતો પત્ર સભ્ય સચિવ, પાણી પુરવઠા બોર્ડને લખ્યો છે. આજ દિન સુધી આ વિભાગમાંથી આ કાગળનો જવાબ પણ મને આપવામાં આવ્યો નથી. શેના માટે આ જયંતી સુપર કન્સ્ટ્રક્શન્સના કોન્ટ્રાક્ટરને બચાવવામાં આવે છે એ પણ આ રાજ્યની અંદર ચર્ચાનો વિષય બન્યો છે. આ જયંતી સુપર કન્સ્ટ્રક્શન્સનાં કામો હિંમતનગર, વડોદરા, રાજકોટ, સુરત, નડિયાદ, લુણાવાડા, બાલાસિનોર, છોટા ઉદેપુર અને દાહોદ આ બધી જગ્યાએ ચાલે છે. કોની મહેરબાનીથી ચાલે છે, કોને કોને મળવા જાય છે એમાં મારે નથી પડવું.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાના કાળમાં જો સરકારે ધાર્યું હોત તો તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકા કે મહાનગરપાલિકાની ચૂંટણી એ લંબાવીને પણ વસતિ ભેગી ન થાય એવા પ્રયત્નો થયા હોત અને ફરીવાર ગુજરાતની અંદર અને દેશની અંદર જે કોરોના ફરી થઇ રહ્યો છે એમાંથી આપણે બચી શક્યા હોત. આ તબક્કે મારે સરકારી ડોકટરોને અભિનંદન આપવા છે. જે તે વખતે કોરોના કાળ સમયે હું પણ સપડાયો હતો. તમામે તમામ સરકારી ડોકટરોએ રાત દિવસ જોયા સિવાય નર્સ હોય કે ડોકટર હોય કે આરોગ્ય વિભાગમાં નોકરી કરતા કોઇપણ કર્મચારી હોય એમણે રાત દિવસ જોયા સિવાય, પોતાને કોરોના થશે કે નહિ થાય એની ચિંતા કર્યા સિવાય એ લોકોની સેવા કરી છે, એટલા માટે આવા સરકારી કર્મચારીઓને અભિનંદન જેટલા આપીએ એટલા ઓછાં છે. સાથે સાથે મારે એક વાત કહેવાની છે કે કોરોનાકાળની અંદર આ ગુજરાત રાજ્યમાં પ્રાઇવેટ ડોકટરોએ જે બેફામ લૂંટ ચલાવી છે એ ક્યારેય પણ ભૂલી શકાય તેમ નથી. કોઇપણ માણસ કોરોનાના કારણે પ્રાઇવેટ દવાખાનામાં જ્યારે દાખલ થયો હોય ત્યારે એની ફી બે લાખ, ત્રણ લાખ, ચાર લાખ, પાંચ લાખ, પંદર પંદર લાખ રૂપિયા સુધી વસૂલ કરવામાં આવી છે ત્યારે દુઃખ થાય છે.

આર. એન્ડ બી.ની જ્યારે વાત આવે છે ત્યારે મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે કલોલની અંદર જે એક વરસની અંદર પાકા રોડ બનાવવામાં આવ્યા એવા ૮૦ ટકા રોડ એ એક વર્ષની અંદર તૂટી ગયા છે. નાળીયામાંથી પાકા રોડ બનાવવા માટે જે જોબ નંબરો અમને મળ્યા, એ જોબ નંબર મળ્યે બે બે, ત્રણ ત્રણ વરસ થયેલ હોવા છતાં આજદિન સુધી એ રોડ પૂરા કરવામાં આવ્યા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલે ગૃહમાં જાહેરાત કરી હતી કે ચોમાસાના કારણે જે રોડો તૂટી ગયા હોય તે તમામે તમામ રોડો તે રિપેર કરવા માટે અમને ફોન પણ આવ્યા હતા, પણ આજદિન સુધી ભાડજથી ડાભલા ચોકડી થઇ સાણંદ જતો રોડ હોય, સાંતેજથી ખાત્રજ જતો રોડ હોય, જેઠલજથી અઢાણા જતો રોડ હોય, કારોલીથી ખાત્રજ જતો રોડ હોય, વાંસજડાથી હાજીપુર જતો રોડ હોય, પલસાણાથી જાસપુર જતો રોડ હોય, પલસાણાથી ખોરજ ડાભી જતો રોડ હોય, ખોરજ ડાભીથી જાસપુર જતો હોય આવા કલોલ તાલુકાના અસંખ્ય રોડો એક જ વર્ષમાં તૂટી ગયા હોવા છતાં આજદિન સુધી રિપેર કરવામાં આવ્યા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે નવો રોડ બનતો હોય ત્યારે મારે માનનીય નીતિનભાઈને કહેવું છે કે, તેમા ડામરનું પ્રમાણ બિલકુલ ઓછું હોવાના કારણે જે રોડો તૂટી જાય છે તો જયારે આ કામ ચાલુ હોય ત્યારે ડામર તે પૂરતા પ્રમાણમાં વપરાય તેનું ધ્યાન રાખવામાં આવે.

શ્રી આત્મારામ પરમાર(ગઢડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે ગૃહ સમક્ષ આરોગ્ય અને પરિવાર કલ્યાણની માગણી નંબર- ૩૯, ૪૦ જે લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ હાઉસમાં જે ચર્ચાઓ થઈ રહી છે હું હમણાં બોલવા ઉભો થયો હતો ત્યારે વિપક્ષમાંથી કોમેન્ટ આવી. હું ખાલી માનનીય સભ્યશ્રીઓને એટલી જ વિનંતી કરીશ કે તમે *(xxx) આપણામાં...

અધ્યક્ષશ્રી :* (xxx) શબ્દ કાઢી નાંખવામાં આવે છે અને જેણે પણ કોમેન્ટ કરી છે તે પણ કાઢી નાંખવામાં આવે છે.

શ્રી આત્મારામ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જગતનું ઝેર પીવાને હવે આપણી વચ્ચે કોઈ શંકર નથી એટલી મારી વાત છે. ડો.નીમાબહેને સરસ મજાનું ભાષણ આપ્યું. સાહેબ, કોંગ્રેસને ખબર હતી કે નર્મદાનું પાણી જેમ જેમ આવશે તેમ તેમની અવદશા થવાની છે એટલે નર્મદાને સતત રોકવાના પ્રયત્નો કર્યા હતા. આપણે નર્મદાનું પાણી લઈ આવ્યા. જેમ નર્મદાનું પાણી આવતું ગયું તેમ કોંગ્રેસ તણાતી ગઈ. હવે તે તેના છેલ્લા સ્ટેજે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અને ગુજરાતની આખી સરકાર આ કોરોના કાળમાં જે પ્રશંસનીય કામગીરી કરી છે તેના માટે શબ્દોના ગમે એટલા સાથિયા પૂરીએ તો એ ઓછાં પડે એટલી કામગીરી સરકારી તંત્રે, ડોકટરોએ, પોલીસ ડિપાર્ટમેન્ટે, કર્મચારીઓએ, નર્સોએ આ ગુજરાતને કોરોનાના કાળમાંથી મુકત કરવાના સંપૂર્ણ પ્રયત્નો કર્યા છે. તેમ છતાં પણ આ કામગીરીમાં સરકારની જયારે ટીકા કરવાના પ્રયત્નો થાય છે, ત્યારે મારે ખાલી એટલુ જ કહેવું છે કે ગુજરાતમાં જે આંકડાઓ છે તેના કરતા મહારાષ્ટ્રમાં કોરોનાના આંકડાઓ વધારે છે. ત્યાં કોની સરકાર છે, કોણ પાછળના બારણેથી સત્તામાં બેઠું છે તે જરા વિચારી લેજો મારે ખુલાસો કરવાની જરૂર નથી. આ સરકારે ગ્રામ્ય વિસ્તારની આરોગ્ય સુવિધાઓ વધે તે માટેના સતત પ્રયત્નો કર્યા છે. ગ્રામ્ય કક્ષામાં પેટા આરોગ્ય કેન્દ્ર પીએચસી,સીએચસી, શહેરી આરોગ્ય કેન્દ્ર આવાં હજારોની સંખ્યામાં આ આરોગ્ય કેન્દ્રના માધ્યમથી જન સુવિધા લોકો સુધી પહોંચે તેના સતત પ્રયત્નો કર્યા છે. ઘર આંગણે આરોગ્યની સુવિધાઓ મળે તેવા પ્રયત્નો કર્યા છે અને આપણે જોઈએ છીએ એ પ્રમાણે લગભગ જે સબ સેન્ટરો છે એની સંખ્યા ૯૨૩૧ એટલે કે ૧૦ હજારની લગોલગ પહોંચવા જાય છે. એ રીતે PHC ૧૪૭૭ અને CHC ૩૪૮. ગ્રામ્ય કક્ષાએ ખૂબ મોટી સંખ્યામાં આરોગ્ય વિષયક સુવિધાઓ મળે એવા પ્રયત્નો સરકારશ્રી દ્વારા થઈ રહ્યાં છે. આ ઉપરાંત કોરોના કાળમાં મોબાઈલ યુનિટો અને ધન્વંતરી રથની યોજનાઓનો બે કરોડની આસપાસના લોકોએ લાભ લીધો છે. ગુજરાત રાજ્યમાં એ વખતના મુખ્યમંત્રીશ્રીએ ૧૦૮ની યોજના અમલમાં મૂકી તે લોકોને માટે સંજીવનીરૂપ કહી શકાય એવી યોજના છે. આ યોજના થકી ગુજરાતમાં અકસ્માતો થતાં જે જિંદગી જતી હતી તે બચી ગઈ. અનેક દીકરીઓ અને માતાઓના પ્રસૂતિ દરમિયાન થતાં મોત ઉપર પણ કન્ટ્રોલ આવ્યો. આજે ગુજરાતમાં ડેથ રેશિયો ઘટી ગયો. આપણે એમ કહીએ છીએ કે યમ એના દૂત મોકલાવે છે અને જે લોકોનું મૃત્યુ થાય એ લોકોને લઈને યમરાજા પાસે જાય છે. એ દિવસે યમરાજાએ બેઠક બોલાવી અને પૂછ્યું કે ગુજરાતનો ટારગેટ તમે કેમ પૂરો કરતા નથી? યમના દુતોએ યમરાજાને કહ્યું કે, સાહેબ, અમને માફ કરજો. આ તમારા યમદુતો ગુજરાતમાં જાય એ પહેલાં શ્રી નરેન્દ્રભાઈ મોદીની ૧૦૮ ત્યાં પહોંચી જાય છે એટલે અમે ટારગેટ પૂરો કરી શકતાં નથી. ઘણાં લોકોને એમ થતું હોય છે કે આ શ્રી નરેન્દ્રભાઈ મોદી કેમ સત્તા ઉપર છે? અનેક લોકોની જિંદગી બચી છે અને તેઓના આશીર્વાદથી આજે શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના સર્વોચ્ચ સ્થાન પર પહોંચ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, શાળા આરોગ્ય તપાસણીના કાર્યક્રમની એક વાત કરીને હું મારું પ્રવચન પૂરું કરીશ. મારા વિસ્તારમાં શાળા આરોગ્ય તપાસણીના કાર્યક્રમ દરમિયાન એક ગરીબ વિદ્યાર્થીના હાથમાં કંઈક મુશ્કેલી દેખાઈ. એના શિક્ષકોએ વિદ્યાર્થીને કહ્યું કે, આજે સાંજે અમે તમારા ઘરે આવીશું. મજૂરી કરતાં, દાડિયે જતા ગામડાના ગરીબ માણસને સાંજે બે શિક્ષકોને પોતાના ઘરે જોતા એને થયું કે નક્કી તેનો દીકરો કંઈક તોફાન કરીને આવ્યો છે એટલે શિક્ષકો આવ્યા છે. શિક્ષકોએ કહ્યું કે, તમારા દીકરાએ કોઈ તોફાન નથી કર્યું પણ તેના હાથમાં મુશ્કેલી છે. તેને કાલે અમદાવાદ મોટી હોસ્પિટલમાં બતાવવું પડશે. તેને લઈને તમારે સાથે આવવું પડશે. શિક્ષકોના ગયા પછી ઘરના લોકો ચિંતામાં છે કે તેને કોણ બચાવશે. (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી આત્મારામ પરમાર : સાહેબ, એક જ વાત. કોણ બચાવશે તો કહ્યું કે ભગવાન બચાવે. બીજા દિવસે હોસ્પિટલમાં લઈ ગયા, તેનું ઓપરેશન થઈ ગયું. નાનો બાળક ઘરે આવીને પૂછે કે હું બચી ગયો છું બાપા. મને ભગવાન બતાવો. ત્યારે તેના પિતાએ ઘરના કેલેન્ડરમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીને બતાવ્યા અને કહ્યું કે, આ ભગવાન છે. ભગવાનની જેમ લોકોને બચાવવાનું કામ એમણે કર્યું છે એટલે દેશમાં શાસન કરે છે.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તા. ૨૨મી માર્ચ ૨૦૨૧

## માગણીઓ પર ચર્ચા અને મતદાન(છઠ્ઠો દિવસ)

અધ્યક્ષશ્રી : માનનીય આત્મારામભાઈ, શબ્દોના સાથિયા પૂરીએ એટલાં ઓછાં છે. આપનું પ્રવચન પૂરું થાય છે. આપે આ શબ્દો ખૂબ સુંદર વાપર્યાં, એટલે મેં નોંધી લીધી છે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્યમંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તેના પર હું મારા વિચારો પ્રસ્તુત કરવા સન્માનનીય સભાગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. કોરોનાકાળમાં પહેલી લહેર નમસ્તે ટ્રમ્પ પછી ઊભી થઈ, બીજી લહેર જ્યારે દિવાળીના તહેવારો પછી આખા ગુજરાતમાં એવી પરિસ્થિતિ નિર્માણ થઈ કે અમદાવાદમાં દવાખાનામાં જગ્યા ન હતી. લોકોને અમદાવાદથી બહાર બીજી હોસ્પિટલમાં લઈ જવા પડ્યાં. એ ગંભીર ચિંતા જ્યારે સ્થાનિક સ્વરાજની ચૂંટણી હતી ત્યારે મેં દર્શાવી હતી. મેં નામદાર હાઈકોર્ટમાં PLI પણ કરી હતી કે, અત્યારે માંડ ગુજરાતમાં કોરોના કાબૂમાં આવ્યો છે ત્યારે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ જો સમય કરતાં થોડી આગળ લઈ જઈએ તો હું માનું છું કે આની ઉપર સંપૂર્ણ કાબુ મેળવી શકીશું પરંતુ છ મહિના સુધી ચૂંટણી આગળ લઈ જઈ શકાય તેમ હતું છતાં ફક્ત ત્રણ મહિના ચૂંટણી આગળ લઈ ગયા અને તેનાં પરિણામો જોયાં. મેં એની અંદર આશંકા વ્યકત કરી હતી કે, કરોડો લોકો મતદાન કરવાના છે, હજારો ઉમેદવારો ફોર્મ ભરવાના, વિજય સરઘસ નિકળવાના, રેલીઓ થવાની, સભાઓ થવાની અને કોંગ્રેસ કે ભાજપ કોઇપણ માનવાનું નથી જયારે ચૂંટણીઓ જાહેર થશે ત્યારે તમામ લોકો આનું ઉલ્લંઘન કરવાના છે અને જેનાથી કોરોનાની જે મહામારી છે એ વધુ ફેલાવવાનો ડર છે. ૩ લાખ ૧૨ હજાર કરતાં વધુ કર્મચારીઓ આની અંદર કામ કરવાનાં હતાં. પરંતુ આપણે જે આશંકા વ્યકત કરી હતી એ જ પરિસ્થિતિ આપણે ચૂંટણીઓ પછી જોઇ છે. એનાથી પણ સબક શીખ્યા વગર જયારે કોરોનાની મહામારી ધીમે ધીમે આગળ વધવા માંડી હતી, એવા સમયની આપણે નરેન્દ્ર મોદી સ્ટેડિયમની અંદર મેચો રમાડવી શું વ્યાજબી હતું ? અને એ મેચોની અંદર રાજયકક્ષાના મંત્રી પોતે લોકોને પ્રોત્સાહન પૂરું પાડતા હોય, એવાં દ્રશ્યો પણ ત્યાં દેખાયા છે. વાત હતી કે, આ સ્ટેડિયમની અડધી કેપિસિટીથી લોકોને ભરવામાં આવશે, પરંતુ આપણે સોશિયલ મીડિયા ઉપર જોયું અને મીડિયા પર પણ જોયું કે સ્ટેડિયમ ગીચોગીચ હતા, એમાં કોઇપણ જગ્યા સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન થતું ન હતું. પછી જયારે કોરોના થઇ જાય પછી એની સંપૂર્ણ જવાબદારી લોકો ઉપર નાખી દેવી એના માટે પ્રજા જ ગુનેગાર હોય એવો ભાવ પ્રગટ કરવો એ હું માનું છું કે વાજબી નથી. અમદાવાદ શહેરની વાત કરું તો લોકોએ કોરોના, મોંઘવારી, બેકારીના લીધે ત્રાહિમામ પોકારેલ છે, એવા સમયની અંદર તમે જુઓ એ.એમ.ટી.એસ. બસો બંધ કરવામાં આવી, બી.આર.ટી.એસ. બંધ કરવામાં આવી, સોશિયલ ડિસ્ટન્સિંગની સાથે એને આપણે ચાલુ રાખી શકયા હોત. એસ.ટી. બસો ગુજરાતમાં ચાલુ છે, ફકત અમદાવાદની અંદરની જે એ.એમ.ટી.એસ બસો છે, લોકો તો હવે અહીંયા સુધી કહે છે કે, કોરોનાથી મરવાનું અમને પસંદ છે પરંતુ અમારે ભૂખ્યા મરવું નથી. લોકોની આર્થિક સ્થિતિ કંગાળ છે અને છેલ્લા એક વર્ષના કોરોના કાળની અંદર લોકોની જે પરિસ્થિતિનું નિર્માણ થયું છે, તેઓ અમે પ્રજાના પ્રતિનિધિ છીએ એટલે અમારી પાસે આ વાત મૂકતા આવ્યા છે. હું આપને કહેવા માગું છું કે, કોરોનાની સારવાર આપણે કરીએ છીએ. કોરોનાની સારવાર એસ.વી.પી. હોસ્પટિલમાં બહુ સારી રીતે થઇ, સિવિલના તંત્રની અંદર આપણને બહું ઝઝૂમવું પડ્યું, હાઇકોર્ટે પણ ટકોર કરવી પડી, પરંતુ કોરોના કરતાં વિશેષ જે લોકોના મૃત્યુ થયા હતા એ મૃત્યુ કોરોના સિવાયના દર્દીઓના થયા હતા, કેમ કે સિવિલ હોસ્પિટલની અંદર પણ હાર્ટ, કિડની, કેન્સરના તમામ જે હાર્ટ સિવાયના તમામ વિભાગો હતા એની અંદર આપણે કોરોનાની સારવાર માટે રિઝર્વ કર્યા હતા. એટલે એ પરિસ્થિતિનું નિર્માણ થયું કે, અન્ય બીમારીઓના દર્દીઓને કયાં જવું? એમને કંઇ સમજાતું ન હતું. મારી આપના માધ્યમથી મંત્રીશ્રીને વિનંતી છે કે, જયારે અત્યારે ફરીથી કોરોનાએ માથું ઉંચકયું છે, એવા સમયની અંદર અન્ય બીમારીઓના દર્દીઓને પણ પૂરતી સારવાર મળી રહે, એ માટેની પૂરતી વ્યવસ્થા કરે. જે આપણો પહેલો અનુભવ હતો, સમજી શકાય છે કે પહેલા અનુભવની અંદર આપણાથી કદાચ ભૂલ પણ થઇ હોય, પરંતુ હવે જયારે આપણે એક વર્ષથી આ વસ્તુને જોઇ રહ્યા છીએ, એવા સમયની અંદર અન્ય દર્દોના જે રોગીઓ છે એમને પણ પૂરેપૂરી સારવાર મળી રહે એ માટેની આખી વ્યવસ્થા ગોઠવાવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આખા ગુજરાતની અંદર ૧૧૪ કરોડ રૂપિયા એટલે સવા અબજ રૂપિયા આપણે દંડરૂપે વસૂલ્યા છે. સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન ન થાય, દંડ થવો જોઇએ, લોકો માસ્ક ન પહેરે, દંડ થવો જોઇએ પણ પોલીસ કમિશનરશ્રી ટાર્ગેટ આપે અને દરેક પોલીસ સ્ટેશન દીઠ રોજ એક લાખ રૂપિયા ભેગા કરવાની વાત કરે, હું માનું છું કે આ જે ઘટના છે એ બહુ નીંદનીય ઘટના છે. આવી ઘટના થવી ન જોઇએ. કેમ  કે, લોકોની પરિસ્થિતિ એવી હતી કે, જે રોડ ઉપર ધંધા રોજગાર કરનારા લોકો છે, લારી ચલાવનારા હોય, પાથરણાં વાળા હોય, નાની રેસ્ટોરન્ટવાળા હોય, જે પોલીસની રહેમનજર ઉપર જ એમનો ધંધો ચાલે છે, પોલીસ ઘણી જગ્યાએ તો એવું કરતી હતી કે, ત્રણ ત્રણ લોકોને ભેગા કરે, તમારી પાસે હજાર નથી, ચાલો બધા ત્રણસો રૂપિયા આપો, હજાર રૂપિયા કરો એક પાવતી લઇ જાઓ. એટલે ટાર્ગેટ પૂરા કરવા માટે આવા પણ કૃત્યો અમદાવાદ શહેરની અંદર થયા છે. મારી વિનંતી છે કે, જે સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન ન કરે એની સામે કડકાઇથી કામ લો, પરંતુ આવા ટાર્ગેટ ન આપવા જોઇએ. બીજું કે, પ્રાઇવેટ હોસ્પિટલો જયારે આપણે રિઝર્વ કરી હતી એની અંદર પણ પ્રાઇવેટ હોસ્પિટલના જે સંચાલકો છે એમના દ્વારા જે રીતના *(xxx) ચલાવવામાં આવી છે,

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## ચૈત્ર ૧, ૧૯૪૩ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન(છઠ્ઠો દિવસ)

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : રિઝર્વ બેડ પર જાય, આઇ.સી.યુ. બેડ હોય, એની પાસે વેન્ટિલેટર હોય, પરંતુ જે કોર્પોરેશનના ખર્ચે, સરકારી ખર્ચે સારવાર લેવા ગયો હોય એને આઇ.સી.યુ.માં પણ જગ્યા ન મળે અને એને વેન્ટિલેટર પણ ન મળે અને પ્રાઇવેટમાં જે જાય, જે લાખો, કરોડો રૂપિયા ખર્ચી શકતા હોય એવા લોકો જાય તો એમના માટે આઇ.સી.યુ.માં જગ્યા હોય અને વેન્ટિલેટરમાં પણ જગ્યા હોય. વારંવાર રજૂઆત કરી છે કે, આ બાબતે પદ્ધતિ બનાવો. અમદાવાદની અંદર તમે મ્યુનિસિપલ કમિશનર બદલીને નવા કમિશનર મોકલ્યા એ કમિશનર તો ચૂંટાયેલા પ્રતિનિધિઓને મળતા પણ નથી. એકપણ સંકલન સમિતિની મિટિંગ બોલાવી નથી. બીજા એક આઇ.એ.એસ. અધિકારીને તમે મૂક્યા છે, એમનું વલણ તમે જુઓ એટલું બધું તુમાખીભર્યું છે. આજે આવું વાતાવરણ ઉભું થયું હોય એની અંદર એમણે ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરવી જોઇએ. છેલ્લા ૧૩-૧૩ મહિનાથી સંકલન સમિતિની મિટિંગો મળી નથી. મ્યુનિસિપલ કમિશનર, રિવરફ્રન્ટ પર બેસીને ત્યાં આખું તામ-જામ ચલાવી રહ્યા છે. એટલે જો તેઓ પ્રજાના પ્રતિનિધિઓ સાથે વાતચીત નહીં કરે તો લોકોની અંદર આપણે જન જાગૃતિ કેવી રીતના ફેલાવીશું? આ બીમારીને કાબૂમાં લેવા માટે આપણે કઇ જાતના પ્રયત્નો કરીશું? એ મને સમજાતું નથી. જે રીતના આપણે એક-એક સિનિયર આઇ.એ.એસ. અધિકારીઓની નિમણૂકો દરેક શહેર અને જિલ્લામાં કરી છે. આમાં મારી માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી વિનંતી છે કે, એક એક આપણા જે જિલ્લા પ્રભારી મંત્રીશ્રીઓ હોય એમને જવાબદારી સોંપવામાં આવે, જેનાથી જે તે વિસ્તારના પ્રશ્નો હોય કાઉન્સિલરો, ધારાસભ્યો કે સંસદ સભ્યો હોય એ પ્રભારી મંત્રીશ્રી સાથે ચર્ચા-વિચારણા કરી શકે અને જે કાંઇ સમસ્યાઓ હોય તેનું નિવારણ કરી શકે. (અંતરાય) એક જ મિનિટ. માનનીય અધ્યક્ષશ્રી, હું મારી વાત પૂરી કરું છું.

ખાસ કે જે સિવિલ હોસ્પિટલની અંદર જે કાંઇ વધારે પરેશાની થઇ છે એ કોરોનાના દર્દીઓના મૃત્યુ વધવાનું કારણ મારી દ્રષ્ટિએ એક જ છે કે સુપર સ્પેશિયાલિસ્ટ સેવાઓ હતી એની સારવાર આપણે આપી શક્યા નથી. હું એમ કહેવા માગું છું કે કોરોનાના જે દર્દીઓ હોય એમને અન્ય કોઇ બીમારી હોય હાર્ટ, કિડની કે કેન્સર જેવી તો એ બીમારીની પણ સારવાર એમને મળવી જોઇએ. સિનિયર ડોકટરોની હાજરી ત્યાં હોય, એમની સારવાર વ્યવસ્થિત રીતે કરે તો મૃત્યુ આંક ઓછો થઇ શકે તેમ છે. ખાસ કરીને હું ડોકટરોની ટીકા કરવા માગતો નથી અમે સરકારી ડોકટરોને સલામ કરીએ છીએ તેઓએ એમના જીવના જોખમે સારી કામગીરી કરી છે. પરંતુ મારો વાંધો અને વિરોધ છે તે એ છે કે પ્રાઇવેટ હોસ્પિટલના જે સંચાલકો છે એમણે તો ફકત *(xxx) જ ચલાવી છે. એમની પર ખરેખર આવી સ્થિતિ હોય દેશ અને રાજયમાં યુદ્ધ જેવી સ્થિતિ નિર્માણ થઇ હોય ત્યારે એવા સમયે જો એ સેવાભાવના ભૂલતા હોય તો એમની સામે પણ કડકમાં કડક પગલાં લેવાં જોઇએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ વારંવાર બોલો છો, એ શબ્દો કાઢી નાંખવામાં આવ્યા છે. ફરીથી એ બોલશો નહીં. આપનું પ્રવચન પૂરું થાય છે, માનનીય રાઘવજીભાઇ પટેલ.

શ્રી રાઘવજીભાઇ પટેલ(જામનગર-ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી પોતાના ખાતાની માગણી નંબર-૬૫ નર્મદા વિકાસ યોજનાની રૂ.૩૭૦ કરોડની મહેસૂલી અને રૂ.૩૪.૬૬ કરોડની મૂડી ખર્ચની માગણી લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે તેને સમર્થન આપવા અને તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

આજે વિશ્વ જલ દિવસ છે. મારું સદ્ભાગ્ય છે કે આ દિવસે આ નર્મદા વિકાસ વિભાગ બાબતમાં મારા વિચારો આ ગૃહ સમક્ષ રજૂ કરવા માટેની મને તક મળી છે. એક સમયે ગુજરાત પાણી વગરનું રાજય હતું. ગુજરાતમાં સિંચાઇ અને પીવાના પાણીની બહુ મોટા પ્રમાણમાં તંગી હતી. વર્ષ ૧૯૮૫-૮૬ અને વર્ષ ૧૯૮૭ આ ત્રણ વર્ષના દુષ્કાળ વખતે અમારા સૌરાષ્ટ્રના મોટા ભાગના લોકો સિંચાઇ અને પીવાના પાણી વગર સુરત, વડોદરા કે અમદાવાદ જેવા શહેરોમાં હિજરત કરી ગયા હતા, આ સ્થિતિ ગુજરાતની હતી. ગુજરાતમાંથી પીવાના પાણીની કાયમી ધોરણે તંગી દૂર થાય એના માટે જો કોઇએ નર્મદા યોજના માટે આગામી મહત્વની કામગીરી હાથ ધરી હોય તો મારે કહેવું પડશે કે ભારતીય જનતા પાર્ટીની સરકાર જયારથી ગુજરાતમાં અસ્તિત્વમાં આવી ત્યારથી આ યોજનાને જે ઝડપથી આ યોજનાના અવરોધો દૂર કરી આ યોજનાને આગળ વધારી, જેનાં પરિણામે આખા ગુજરાતમાં પીવાના પાણીની તકલીફ દૂર થઇ. અમારું સૌરાષ્ટ્ર હોય, ઉત્તર ગુજરાત હોય કે પછી કચ્છ હોય એમાં પીવાના પાણીની સો ટકા તકલીફ જો કોઇ યોજનાની દૂર થઇ હોય તો માત્રને માત્ર નર્મદા યોજનાથી દૂર થઇ એટલું જ નહીં, પણ આ યોજનાના કારણે આ યોજનાની મુખ્ય નહેરો હોય,સૌની યોજના કે પછી સૂજલામ્ સૂફલામ્ યોજના હોય આ બધાય કામો શ્રી નરેન્દ્રભાઇ મોદીને સરકાર બની ત્યારથી જે ઝડપે જે કામગીરી થઇ અને એના પરિણામે આજે ગુજરાત પાણીની તંગીથી વંચિત થયું છે. ચાહે સિંચાઇ કે પીવાના પાણીનો પ્રશ્ન હોય કે પછી ઔદ્યોગિક એકમોને પાણી આપવું હોય તો આજે ગુજરાત પાણીની બાબતમાં પાણીની જે અછત હતી એ સ્થિતિમાંથી ગુજરાત બહાર આવી ગયું છે એનો સમગ્ર જશ જો કોઇને જાય તો તે હું માનું છું ત્યાં સુધી ભારતીય જનતા પાર્ટીની સરકારોને જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક સમયે આપણા લોખંડી પૂરુંષ, અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલનું સ્વપ્ન હતું. અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલનું સ્વપ્ન હતું કે નર્મદા ઉપર મોટો બંધ બાંધવો. એમના અવસાન બાદ

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ખાતમૂહૂર્ત પણ થયું અને ધીરે ધીરે યોજના આગળ પણ વધી, પરંતુ પછી એ યોજનામાં એટલા બધા ગુજરાત વિરોધી લોકોએ અવરોધ નાખ્યા કે જેના પરિણામે આ યોજનાનું કામ આગળ વધતું નહોતું. જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે, ત્યારથી આ યોજનાને અગ્રતા આપીને અને એમાંય જ્યારથી માનનીય નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી થયા. એમણે આ યોજના બાબતે અંગત ધ્યાન આપ્યું અને કેન્દ્ર સરકારના એ વખતના જે શાસકો હતા એમનું નર્મદા વિરોધી વલણ હતું એની સામે એમણે જે લડત કરી એ ચાહે ધારણા કરવા પડ્યા હોય કે ચાહે બીજી રીતે લડત કરવી પડી હોય. માનનીય નરેન્દ્રભાઇ મોદીના લોખંડી મનોબળના કારણે આ યોજના આગળ વધી એટલું જ નહિ સાહેબ કે, ડેમના દરવાજા મૂકવા અને બંધ કરવા એ બાબત જો સાત સાત વર્ષ કેન્દ્રમાં નિર્ણય ન થતો હોય અને જે માણસ વડાપ્રધાન થયાને ફકત ૧૭માં દિવસે દરવાજા મૂકીને બંધ કરવાનો આદેશ કર્યો. સાહેબ, આ સમગ્ર યોજના પૂર્ણ થવાનો જશ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર, માનનીય નરેન્દ્રભાઇ મોદી મુખ્યમંત્રી હતા અને વડાપ્રધાન બન્યા ત્યાર પછી એમણે કરેલી ભગીરથ કામગીરીના કારણે આ યોજના આજે મહંદઅંશે પૂરી થઇ ગઇ છે અને એનો લાભ સમગ્ર ગુજરાતને તમામ રીતે મળી રહ્યો છે.

નર્મદા યોજનાનો વિશેષ લાભ મળે એના માટે માનનીય નરેન્દ્રભાઇ મોદીએ સન ૨૦૦૫માં ગુજરાત ગ્રીન રીવોલ્યુએશન કંપનીની સ્થાપના કરી હતી. આ કંપની દ્વારા ડ્રીપ ઈરીગેશન સિસ્ટમ જો કોઇ ખેડૂતને નાખવી હોય તો ૭૦થી ૯૦ ટકા જેટલી સબસિડી આપવામાં આવે છે અને જેનો લાભ અત્યાર સુધીમાં ૧૯ લાખ ૬૭ હજાર હેકટરમાં ખેડૂતોએ સુક્ષ્મ સિંચાઇની વ્યવસ્થા ઉભી કરેલ છે. સુક્ષ્મ સિંચાઇનો અમલ કરવામાં આજે ગુજરાત સમગ્ર રાષ્ટ્રમાં પ્રથમ ક્રમે છે.

સૌરાષ્ટ્ર શાખા નહેરની શરૂઆતની લંબાઇમાં આવતા વિસ્તારોમાં જે ભૌગોલિક સ્થિતિ નીચે ઉતરતો ઢોળાવ છે એના કારણે એને ફ્લો આપીને એના ઉપર હાઇડ્રો પાવર સ્પેશ્યલ સ્થાપી વીજળી પેદા કરવાનું કામ પણ આવકારદાયક છે. સૌરાષ્ટ્ર બ્રાન્ચનો છેવાડાનો ભાગ ઉંચાઇ ઉપર છે ત્યાં સુધી પાણી પહોંચાડવા માટે જુદી જુદી પાંચ જગ્યાએ પમ્પિંગ સ્ટેશનો કરીને લગભગ ૨૬૪ ફૂટ ઉંચે પાણી લઇ જઇને એટલે કે ૨૦ થી ૨૫ માળના ઉંચાઇ ધરાવતા મકાન જેટલી ઉંચાઇ સુધી પાણીનું ઉદ્વહન કરીને છેક સુધી પાણી પહોંચાડવાનું ભગીરથ કામ આ નર્મદા વિકાસ વિભાગે કર્યું છે એને જેટલા અભિનંદન આપું એટલા ઓછા છે.

છ પેટા શાખા નહેરોની લંબાઇ ૭૨૮.૯૮ કિલોમીટરનાં કામો પૂરાં કરીને એના છેડા સુધી પાણી પહોંચાડવામાં આવ્યું છે. વિતરણ વ્યવસ્થાની નહેરોના ૭૮.૧૧ ટકાથી વધુ કામો પૂર્ણ થઇ ગયાં છે. બાકીના કામો સન ૨૦૨૧-૨૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. આ ભગીરથ કામ કરવા બદલ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

ચોમાસામાં સરદાર સરોવર ડેમમાંથી પૂરનું પાણી જે વહી જાય છે જે વધારાના પાણીને નહેરમાં વાળીને એક મિલિયન એકર પાણી સૌરાષ્ટ્રને સૌની યોજના મારફત પહોંચાડીને સૌરાષ્ટ્રના ડેમો છે, ચેકડેમો છે કે તળાવો છે એ ભરી દેવાનું કામ કરવાનો પણ આ સરકારે ભગીરથ પ્રયત્ન કરેલો છે. સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ સિંચાઇ એટલે કે સૌની યોજનાના કામો યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત નર્મદાના પાણીને સૌરાષ્ટ્ર શાખા નહેરો મારફત સૌરાષ્ટ્ર વિસ્તારની નદીઓમાં નાખવામાં આવશે.

ડો. અનિલ જોષિયારા(ભિલોડા): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી એમના વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

એમની આરોગ્ય અને પરિવાર કલ્યાણ, નર્મદા અને માર્ગ અને મકાન વિભાગની માગણીઓ છે. કોરાના મહામારીને વર્ષ પૂરું થઇ ગયું છે અને ફરી પાછો હમણાં કોરાના ઉથલો મારવાની તૈયારી કરી હોય તેવું દેખાય છે. સૌ પ્રથમ આ મહામારીમાં જે કોરોના વોરિયર્સ છે જે ડોકટરો છે, પેરા મેડિકલ સ્ટાફ છે અને સાથે સાથે આરોગ્યનો સ્ટાફ તથા માનનીય નીતિનભાઇ પટેલની ટીમને હું અભિનંદન આપું છું કે આવી પરિસ્થિતિમાં સંક્રમણ થવાની પરિસ્થિતિમાં જાનને જોખમમાં મૂકીને કામગીરી કરી છે એ અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં ગુજરાતમાં આરોગ્યની સેવાઓ નજીકના સ્થળે મળી રહે એટલા માટે આપણે સબસેન્ટરથી માંડીને શહેરોમાં છેક સિવિલ હોસ્પિટલો અને મેડિકલ હોસ્પિટલો અને સ્પેશિયાલિટી હોસ્પિટલો આવેલી છે. એ રીતે સરસ તંત્ર ગોઠવાયેલું છે અને સમયાંતરે વસતિના ધોરણે ફેરફાર પણ કરતા જઇએ છીએ. તેમાં ઘણા સમયથી એક જ મુશ્કેલી છે તે છે ડોકટરોની. શ્રી નીતિનભાઇ એમ કહે છે કે તમારા વખતે પણ જગ્યાઓ ખાલી હતી અને અમારા વખતે પણ જગ્યાઓ ખાલી છે. ના, શ્રી નીતિનભાઇ, આમાં કંઇક વિચારો. મારી વિનંતી છે. તે વખતે મેડિકલમાં ૧૧૨૫ જગ્યાઓ હતી. ડોક્ટરો ઓછા બહાર પડતા હતા એટલે જગ્યાઓ ખાલી રહેતી હતી તે સ્વાભાવિક છે. અત્યારે ૬,૦૦૦ ઉપર મેડિકલની સીટો થઇ ગઇ છે. નીટની રીતે ૩૩૧૭ જેટલા ડોક્ટરો બહાર પડે એવી સ્થિતિ છે. આવા સંજોગોમાં ડોક્ટરો બહાર પડે છે એ આ હોસ્પિટલમાં કેમ નથી આવતા? મારી તો વિનંતી છે કે તમે આ લોકો સાથે એક મિટિંગ કરો. એક સેમિનાર કરો. એમની શું મુશ્કેલી છે એ ચર્ચા કરો તો મને એમ લાગે છે કે કદાચ આ ડોક્ટરો તૈયાર થાય પણ ખરા. એમને જે નડે છે એ ફિક્સ પગાર નડે છે. ભૂતકાળમાં ક્યારેય ફિક્સ પગાર હતો નહીં. આ આપના સમયથી શરૂ થયું છે. એટલે મારી વિનંતી છે કે આમાં થોડું વિચારો, કારણ કે એક બાજુ ડોક્ટરો મળતા નથી. બીજી બાજુ આપણે યોજનાઓ કરીએ છીએ. મા અમૃત યોજના, મા વાત્સલ્ય યોજના

અને આયુષ્યામાન ભારત, તમે જે ખર્ચ કરો છો. તમે તો નાણા મંત્રી છો. તમે તો બધું જ કેલ્ક્યુલેટ કરી શકો છો. તેની પાછળ ૧૫૦૦ કરોડ રૂપિયા ખર્ચો. આયુષ્યમાન ભારત પાછળ ૪૫૦ કરોડ રૂપિયા ખર્ચો. આ બધા ખર્ચાને ધ્યાનમાં રાખીને તમે થોડો ફેરફાર કરો. તમારો વિચાર બદલવાની જરૂર છે. જો કરો તો કદાચ જગ્યાઓ ભરાશે એવું મારું માનવું છે. બીજું, ડોક્ટરોને સમયાંતરે પ્રમોશન મળતા નથી. ડી.પી.સી. થતી નથી અને ટીકુ કમિશનનો પણ ઘણાં ડોક્ટરોને લાભ મળ્યો નથી. આ જો સમયસર મળી જાય તો મને એમ લાગે છે કે ડોક્ટરોને કામ કરવાનો ઉત્સાહ જાગે. બીજું, કોવિડ હોસ્પિટલોમાં જે ડોક્ટરો મૂક્યા હતા. પેરામેડિકલ સ્ટાફ મૂક્યો હતો. આપે એક ઇન્સેન્ટિવની જાહેરાત કરી હતી કે આ લોકોને વધારાનો પગાર મળવાપાત્ર થશે. કોઇએ એક મહિનો કામ કર્યું. કોઇએ ૨૧ દિવસ કામ કર્યું. કોઇએ ૧૫ દિવસ કામ કર્યું. કોઇએ ૭ દિવસ કામ કર્યું પણ આ લાભ મળી શક્યો નથી. જે પ્રમાણે આ કેલક્યુલેશન થતું હોય એ પ્રમાણે આપ કરો એવી મારી વિનંતી છે. એમ.સી.આઇ.ના ધારાધોરણ પહેલાં જુદા હતા. હવે કમિશન આવ્યું. કમિશનના બીજાં ધારાધોરણ આવ્યા. જે આયુર્વેદિક વૈદ્ય છે તેમને પણ ૫૬ પ્રકારની સર્જરી કરવાની છૂટ આપવામાં આવી છે. આ મને એમ લાગે છે કે આરોગ્ય સાથે ચેડાં છે. આ કદાચ નહીં કરી શકાય. કારણ કે જે શરીરની રચના છે, શરીરના ભાગો છે, શરીરની નસો છે તેનો કદાચ ખ્યાલ ન આવે, એટલે આ જે આપ કરવા જઇ રહ્યા છો એ સારું નહીં હોય એમ મને લાગે છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો એક સારો નિર્ણય. તમે બી.પી. અને ડાયાબિટીસની ગોળીઓની વાત કરી. એક વખત રોગ થયા પછી મટતો નથી, એટલે દરેક હોસ્પિટલ ખાતે આ દવા હોવી જોઇએ. આના સિવાય મારે ભીલોડાની મોટી કોચરજ હોસ્પિટલની વાત કરવી છે. વર્ષ ૧૯૬૫-૬૬માં બનેલી. આજે ૫૫ વર્ષ થઇ ગયા. તેને નોનયુઝ કરી દીધી છે. તમે ગયા વખતે તેને મંજૂરી પણ આપી છે પણ કામગીરી શરૂ થઇ નથી. તેના બધા કવાર્ટર્સ પણ જર્જરિત થઇ ગયા છે. ઇવન સુપ્રિન્ટેન્ડન્ટનું કવાર્ટર્સ પણ જર્જરિત થઇ ગયું છે. ત્યાં કોઇ રહેતું નથી. મારી વિનંતી છે કે આમાં અધિકારીઓ મોકલીને ચકાસણી કરાવો અને જે કંઇ કરવા જેવું હોય એ કરો.

બીજું, અત્યારે સ્પેશિયાલિસ્ટ ડોક્ટરોની જગ્યાઓ ખાલી છે, પણ કમસેકમ મેડિકલ ઓફિસર મૂકો એવી મારી વિનંતી છે. ત્રણ જગ્યા જ મંજૂર થયેલી છે. વધારાની પાંચ જગ્યા મંજૂર કરો એવી મારી વિનંતી છે. કારણ કે ઓ.પી.ડી. ચલાવવી, ઇન્ડોર સંભાળવું અને ઇમરજન્સી સંભાળવી, બીજી પણ કામગીરી આવતી હોય છે. આમાં બે ડોક્ટરથી કામગીરી થઇ શકે નહીં એટલે ૧૨૫ બેડની હોસ્પિટલ છે. આમાં થોડું મહેકમ વધારવું જોઇએ એવું મને લાગે છે. મહેકમ વધારો તો વધારે સારું. સાહેબ, અમારે એક પી.એચ.સી. મંજૂર થયેલું છે અને તે ઇન્ટિરિયર વિસ્તારમાં છે. સેન્ટરમાં રાખો તો બધા ગામોને લાભ મળે. ત્યાં જમીનના વિવાદના કારણે બનતું નથી. એક સમાજ એમ કહે છે કે તમારે ત્યાં બનાવો અને બીજો સમાજ એમ કહે છે કે તમારે ત્યાં બનાવો. આના લીધે એ ત્રણ વર્ષથી વિવાદમાં છે. મારી વિનંતી છે કે તેના કરતાં એમના ગામથી અઢી કિલોમીટર દૂર હાઇવે આવે છે. હાઇવે પર બનાવો તો બધાને લાભ મળી શકશે એટલે એટલો ફેરફાર કરો એવી મારી વિનંતી છે. મારે માર્ગ અને મકાન વિભાગની વાત કરી છે. માનનીય નીતિનભાઇએ બહુ સારી વાત કરી કે આખા ગુજરાતમાં એક લાખ ચોવીસ હજાર જેટલા રસ્તાઓ અમે કરી દીધા છે અને દરેક ગામ જોડી દીધા છે પણ મારે નીતિનભાઇને આ સરવે કરાવવો છે કે તમારા અધિકારીઓને મોકલો કે અમારે ત્યાં એવા ગામો છે જેવા કે નવા ઘરા, વાદિયોલ, વાઘપુર બોડાત ફળીયું, ભાણમેળ ફળીયું, શોભાયડા કંમ્પા એવા લગભગ ૧૮ જેટલા ગામો છે, જયાં વસ્તી ઘણા ગામોમાં ૫૦૦થી ઉપર છે પણ ત્યાં રસ્તાની સુવિધાઓ નથી. બીજું, એની સાથે અમારે ત્યાં હાથમતી અને ઇન્દ્રાસી નદી છે, એમાં હાથમતી નદી ઉપર બે ડીપ વર્ષોથી બનાવેલા હતા, ત્યાં માણસો અવરજવર કરી શકતા હતા, પણ ૪ વર્ષ પહેલા ફુલ પાણી આવ્યું એટલે એ તૂટી ગયા અને આજદિન સુધી એ રિપેર થતા નથી. જયારે જયારે અમે રજૂઆત કરીએ, એટલે કાકરો નાખે અને સાફ થાય અને જઇ શકાય પણ હવે એ જગ્યાએ ચાલે એમ નથી તો ત્યાં બેઠા ઘાટનો કે ગમે તે પુલ બનાવો એવી મારી વિનંતી છે. મેં આના માટે રજૂઆત કરી છે, તો આપ એમાં રસ લઇ અને એના માટે થોડીક જોગવાઇ કરો એવી મારી વીનંતી છે. નર્મદા ડેમની જે હાઇટ છે, બધા જ માનનીય સભ્યશ્રીઓ નર્મદાની વાત કરે છે પણ પાયાથી માંડીને ૮૫ મીટર સુધીની હાઇટ સુધીનું કામ કોંગ્રેસની સરકારે કર્યું, આ લોકો ગેટની વાત કરે છે પણ કયારેય અમારા આદિવાસીઓની ચિંતા કરતા નથી. ત્યાંથી પાણી જેટલો ગેટ મૂકો એટલે જે પાણી જાય છે મધ્યપ્રદેશમાં એનાથી અમારી લગભગ ૨૩૬ જેટલી વસાહતો ડૂબમાં જાય છે એનો કયારેય કોઇએ વિચાર જ નથી કર્યો. બધા જ એમ કહે છે કે ગેટ ન મૂકયા, ગેટ ન મૂકયા પણ એનાથી અમારા લોકો ડૂબાણમાં જાય છે. એની ચિંતા જો કરી હોત તો આવા શબ્દ ન વાપરેત. અમારા લોકો ભોળા હતા એટલે ઉઠી ગયા, અહીંયા બેઠેલા છે એમને પૂછો કે તમારા ઘરમાંથી કેનાલ જાય તો તમે તમારું ઘર હટાવો? કોઇ હટાવશે? કોઇ તૈયાર નહીં થાય સાહેબ, અમારા માણસો ઉઠયા છે એટલે મારી વિનંતી છે કે આવી વાત વારેઘડીએ કરો છો જેનાથી અમારા માણસોને દુઃખ પહોંચે છે કે અમે અમારા ગુજરાત માટે અમે ભોગ આપ્યો છે, અમને તો પાણી નથી મળવાનું, અમને તો એવું કહેવામાં આવ્યું હતું કે તમને નર્મદાનું પાણી મળશે, ત્યારે એવા સંજોગોમાં તમે..

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.. માનનીય સભ્યશ્રી રાજેન્દ્રસિંહ ચાવડા...

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા પરિશ્રમી નાયબ મુખ્યપ્રધાન માગણી ક્રમાંક-૮૫ અને ૮૬ જે લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

## તા. ૨૨મી માર્ચ ૨૦૨૧

## માગણીઓ પર ચર્ચા અને મતદાન(છઠ્ઠો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જે પાંચ ટ્રિલિયન ડોલર ઈકોનોમીનું લક્ષ લઇને નીકળ્યા એ લક્ષને સાકાર કરવા ગુજરાતમાં અમારી સરકાર માનનીય વિજયભાઇ અને માનનીય નીતિનભાઇના નેતૃત્વમાં જે આંતરમાળખાકીય સુવિધાઓ થકી ગુજરાત ભારતનું ગ્રોથ એન્જિન બને એ દિશામાં જે વિઝનરી કાર્યો કર્યા, જે ગોલ સેટ કર્યો, આજે ગુજરાત ભારતના જી.ડી.પી.માં ૮ ટકા જયારે યોગદાન ધરાવતું હોય, રૂપિયા ૧ લાખ ૧૯ હજાર કરોડનું ગયા વર્ષે વિદેશી મૂડી રોકાણ જે ગુજરાતમાં આવ્યું એ સમગ્ર ભારતનું કુલ યોગદાન છે, એમાં ગુજરાતનું ૫૩ ટકા યોગદાન છે. લોજેસ્ટિકમાં પણ ગુજરાત ભારતમાં પ્રથમ હોય તો એના મૂળમાં જે કનેક્ટિવિટી અને આંતરમાળખાકીય સુવિધાઓ એમાં માર્ગ અને મકાન વિભાગની જે કામગીરી છે, એ કામગીરી માટે હમણાં જ માનનીય ડો. જોષીયારાસાહેબ, હાથમતી અને ઇન્દ્રાસીના વિસ્તારની વાત કરતા હતા, એ ૧૭ ગામો ભિલોડા તાલુકાના છે એનો હિંમતનગર તાલુકામાં સમાવેશ કર્યો છે. ત્યાં અંધારીયો ખંડ કહેવાતો. જયારે મેં પ્રથમ વખત એ ગામડાની મુલાકાત લીધી તો એ ૧૭ ગામોના આગેવાનોએ અમે કીધું કે આ અમારો અંધારીયો ખંડ છે. અમે એમને એમ કીધું હતું કે અંધકારનો જમાનો પૂરો અને હવે તમારે ત્યાં ઉજાસ પાથરીશું. છેલ્લા ૫ વર્ષોમાં માનનીય નીતિનભાઇના નેતૃત્વમાં રોડ રસ્તાઓ થકી એ વિસ્તારને અમે હરિયાળો બનાવ્યો. માનનીય સભ્યશ્રી બળદેવજીભાઇ ઠાકોર હમણાં કહેતા હતા કે વરસાદ પડયો અને રસ્તા ખરાબ થઇ ગયા. પણ એ વખતે મને પણ યાદ છે શ્રી નીતિનભાઇની ઓફિસમાંથી મને પણ ફોન આવ્યો હતો અને એમણે જે ઝુંબેશ ઉપાડી અને વી-કાર્પેટનાં જે કામો હતાં એ સમગ્ર ગુજરાતના ૪૭૪૯ કામોને ૧૬,૮૫૭ કિલોમીટર માટે અંદાજિત રૂપિયા ૪૯૦૦ કરોડના ખર્ચે તાત્કાલિક મંજૂરીઓ આપી અને એ કામો પણ સમગ્ર ગુજરાતમાં ચાલુ થઇ ગયાં. ઋગ્વેદમાં શ્લોક છે કે અમને સર્વે દિશાઓથી સુંદર વિચારો પ્રાપ્ત થાઓ. એ પ્રમાણે હિંમતનગર તાલુકાને ભારતીય જનતા પાર્ટીની સરકાર વતીથી છેલ્લા ત્રણ વર્ષમાં રૂપિયા ૩૦૭ કરોડના ૧૫૬ કામોની અમને મંજૂરી મળી છે. આપણા આસ્થા, શ્રદ્ધા અને વિશ્વાસના પ્રતિક એવા અંબાજીને ફોરલેનથી જોડવાનું કાર્ય, હિંમતનગર-વિજાપુર મહેસાણા વર્લ્ડ બેન્ક આયોજિત ભારતનો સૌથી પહેલો રસ્તો એનો લાભ અમને મળ્યો. શામળાજી, ધનસુરા, ભિલોડાને જોડતો હોય એવા અનેકવિધ રસ્તાઓ થકી આ ગુજરાત વિકાસની ગતિમાં ભારતનું ગ્રોથ એન્જિન બની રહ્યું છે. મને વિનંતી કરવાનું મન થાય કે જે પ્રમાણે અત્યંત લોકપ્રિય યોજના મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના રૂપિયા ૨ હજાર કરોડના ખર્ચે કામો હાથ ધરાનાર છે, ત્યારે નમ્રતાપૂર્વક વિનંતી કરું છું કે એમાં થોડો વધારો થાય તો આવનારા દિવસોમાં જે ગ્રામીણ અર્થતંત્રને બેઠું કરવાનું શ્રી નરેન્દ્રભાઇનું લક્ષ છે એ કનેક્ટિવિટી આધારિત પેટ્રોલ, ડીઝલ, વૃદ્ધ મહિલાઓ અને અશક્ત ખેડૂતોને ખેતરો થકી પશુપાલન થઇ શકે, એમના બાળકોને સ્કૂલમાં ભણવા માટે અનેક રીતે બધાને લાભ થાય તેમ છે. જે કાંઇ પણ કામો આદરણીય નરેન્દ્રભાઇ, આદરણીય વિજયભાઇ, આદરણીય નીતિનભાઇના નેતૃત્વમાં ગુજરાતમાં થયા એનો યશ સમગ્ર ભારતીય જનતા પાર્ટી વતીથી તમામ આગેવાનોને હૃદયપૂર્વકના અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હોન્ડા કંપનીએ વર્ષ ૧૯૬૧માં એક ગોલ સેટ કર્યો હતો. એ ગોલની પંચલાઇન હતી, destroy the competition. શ્રી નરેન્દ્રભાઇ, શ્રી વિજયભાઇ, શ્રી નીતિનભાઇ અને અમારા પ્રદેશ પ્રમુખ આદરણીય શ્રી સી.આર. પાટીલ સાહેબે જે ગોલ સેટ કર્યો કે ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ તરફ લઇ જવું, કોંગ્રેસમુક્ત ભારત બનાવવાના યોગદાનમાં હમણાં જ ગુજરાતે પંચાયતના ઇલેક્શનમાં જે પરિણામો આપ્યાં એ ગોલ સેટ કરવા તરફનું એક અભિયાન છે. એ માટે પણ સમગ્ર ટીમને હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. Journey of life માં એમ કહેવાય છે કે ઇશ્વરે આપણને આ જીવનયાત્રામાં જે રોલ આપ્યો, આપણે ઇશ્વરના ગુનેગાર ન થઇએ એ પ્રમાણે સમગ્ર પ્રજાજનોની સેવા કરતાં કરતાં આ ગુજરાતને ખૂબ આગળ લઇ જઇએ. ગુજરાતને સમૃદ્ધ, સર્વોત્તમ, સલામત, સ્વચ્છ, સ્વસ્થ બનાવીએ એ જ અભિલાષા. ઘણી વખત અહીં જે કહેવામાં આવ્યું, ઘણા મિત્રોએ આજની ચર્ચામાં મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રીનો જે વિભાગ છે, માર્ગ અને મકાન વિભાગ એમાં ક્યાંય ટિપ્પણી કરી નથી. હું માનું છું કે, ગુજરાતનું ૧ લાખ ૨૪ હજાર કિલોમીટરનું જે નેટવર્ક છે એ રસ્તાઓ થકી ગુજરાતનું ગ્રામીણ અર્થતંત્ર બેઠું થાય, આખા ગુજરાતનો વિકાસ થાય એ પરિપ્રેક્ષમાં જે ભૂમિકા ભજવી છે આદરણીય આપણા પરિશ્રમી અને વિઝનરી નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલને હિંમતનગર તાલુકાના સર્વાંગી વિકાસમાં સહાયોગ બદલ હૃદયપૂર્વકના અભિનંદન. એ સિવાય હમણાં જ ૧૦-૧૨ કરોડના કામોની મંજૂરી મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાની આપી એ અનુસંધાનમાં મેં અગાઉ પણ વાત કરી એમ હજી સર્વ સભ્યોની લાગણી છે કે એમાં વધારો થાય તો ગુજરાત ખૂબ તેજ ગતિએ આગળ વધે. અમારા વિસ્તારમાં લેબર કોર્ટનું રૂપિયા સાડા ત્રણ કરોડનું બિલ્ડિંગ હતું.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. વિરામનો સમય થયો છે. ગૃહ ૩-૦૦ વાગ્યે ફરી મળશે.

**(વિરામ બપોરના ૨-૩૦થી ૩-૦૦)**

**( અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )**

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહ સમક્ષ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટેની માગણી નંબર ૩૯, ૪૦ લઇને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરવાની અનુમતિ લઉં છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે બધા જ જાણીએ છીએ કે કોરોનાની કપરી પરિસ્થિતિમાં સૌ પ્રથમ પગલું જે લેવાયું હતું એ વહેલું નિદાન અને ત્વરિત સારવાર જેથી રોગીને તાત્કાલિક સારવાર મળે, જલ્દી સાજા થાય એની પૂરેપૂરી કાળજી અમારી

સરકાર અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા કરવામાં આવી હતી. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબના નેતૃત્વ હેઠળ ગુજરાત રાજ્યમાં કોવિડની મહામારી દરમ્યાન કરેલ અભૂતપૂર્વ કામગીરીને હું પુન: એકવાર આ ગૃહ સમક્ષ યાદ અપાવું છું કે રાજ્યમાં ૯૨૩૧ પેટાઆરોગ્ય કેન્દ્ર, ૧૦૭૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૩૨૧ શહેરી આરોગ્ય કેન્દ્ર અને ૩૪૮ સામૂહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા હાલમાં આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. એટલે જ આજે ગુજરાતમાં કોરોનાની પરિસ્થિતિ નિયંત્રણમાં છે. કોરોનાની સ્થિતિ ખૂબ જ વકરી હતી. જ્યારથી લોકડાઉન શરૂ થયું ત્યારથી લઇને આજ દિન સુધી જે વ્યવસ્થા રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે અને ખાસ કરીને આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી છે ત્યારે મને લાગતું નથી કે બીજા કોઇ રાજ્યમાં આરોગ્ય વિષયક કોરોનાની કપરી પરિસ્થિતિમાં જે વ્યવસ્થા અહીંયા આરોગ્ય વિભાગ દ્વારા અને આરોગ્ય મંત્રીશ્રી દ્વારા કરવામાં આવી છે એવી વ્યવસ્થા બીજા કોઇ રાજ્યમાં કરી હશે. મહારાષ્ટ્રની વાત કરીએ તો ત્યાં હજુ પણ પરિસ્થિતિએ એટલું વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું છે કે સવારથી લઇને સાંજ સુધી એમને કોઇને આટલી બધી પરિસ્થિતિ ખરાબ છે કે કોઇને બેડ મળતા નથી. અમારા ઘણા રિલેટીવ મહારાષ્ટ્રમાં રહેતા હોવાથી એ વારંવાર અમને ફોન કરતા હોય છે કે તમારે ત્યાં ઘણી બધી પરિસ્થિતિ સારી છે પણ અમારે ત્યાં અહીંયા બેડ કે અમને ઇન્જેકશન જોઇએ એ પણ મળતા નથી તો તમારી સરકાર ખૂબ સારી છે કે તમને બધી જ સુખ-સવિધા અને જે કાંઇ પ્રાથમિક સુવિધા જોઇએ છે એ કોરોનાના ઉપચાર માટે આપે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગ દ્વારા વ્યવસ્થા સાથેની સુવિધા દરેક મોટાં શહેરોમાં કરવામાં આવી હતી અને એને પ્રતિકૂળ પરિસ્થિતિનો તાગ કાઢવા હોય કે એની માહિતી પૂરેપૂરી લેવાની હોય તો આઇ.એ.એસ. કેડરના અધિકારીઓની જે તે શહેરોમાં નિમણૂક કરવામાં આવી હતી અને પ્રતિકૂળ પરિસ્થિતિની ક્ષણે ક્ષણની માહિતી કેવી રીતે મેળવી શકાય એ બધી જ વ્યવસ્થા કરવામાં આવી હતી અને મને આનંદ છે કે આઇ.એ.એસ. કેડરના બધા જ અધિકારીઓથી લઇને બધા જ મંત્રીશ્રીઓ અનેક જિલ્લામાં જતા હતા અને ત્યાંની પરિસ્થિતિનો સામનો કરીને પણ આ બધી જ માહિતી આપતા હતા અને બધા જ જીવના જોખમે કામ કરતાં હતાં. કોરોના સંક્રમણને અટકાવવાના પગલાંઓ તરીકે રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નવી નવી પદ્ધતિઓ અપનાવવામાં આવી હતી. જેવી કે તમામ કેસોનું જલ્દીથી નિદાન અને સારવાર. મૃત્યુ અટકાવવા અંગેના પગલાઓ માટે ૧૦૪, ૧૦૮ની સેવા ૨૪ કલાક હાજર. વધુમાં કહેવું હોય તો ધન્વતરી આરોગ્ય રથ સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. માનનીય અધ્યક્ષશ્રી, મને લાગે છે કે બે દિવસથી ધન્વતરી રથની આરોગ્ય સેવા ફરી ચાલુ કરવામાં આવી છે. આ ધન્વતરી રથ સોસાયટી સોસાયટી ફરીને કોરોનાના સંક્રમણની શંકા હોય એમની પ્રાથમિક તપાસ અને ચેકઅપ કરે છે. એમને શરદી, ખાંસીના પ્રાથમિક લક્ષણો દેખાય તો તેનો તરત જ ત્યાં ઉપચાર કરે છે. અને લોકોના માટે ધન્વંતરી રથ આશીર્વાદરૂપ છે. ધન્વંતરી રથ શરૂ કરવામાં આવ્યો એટલા માટે માનનીય નીતિનભાઇને હું અભિનંદન આપું છું કે ધન્વંતરી રથ ગામ-ગામ અને શહેર-શહેરમાં ચાલુ કર્યા છે. કોરોનાના કાળમાં લોકડાઉન દરમિયાન ગુજરાતનો એક પણ નાગરિક ભૂખ્યો ન સૂઇ જાય એના માટેની ચિંતા અમારી સરકારે કરી છે. હું મારા સુરત શહેરની વાત કરું તો સુરત મહાનગરપાલિકા દ્વારા અનેક જગ્યાઓ ઉપર જે વિસ્તારમાં વધુ ગરીબ લોકો રહેતા હોય, સામાન્ય લોકો રહેતા હોય એવા વિસ્તારમાં એસ.એમ.સી. દ્વારા અને ઘણાબધા એન.જી.ઓ. દ્વારા જે જમવાની વ્યવસ્થા શરૂ કરવામાં આવી હતી અને અમે પણ આ વ્યવસ્થા શરૂ કરી હતી. એક લાખથી પણ વધુ લોકોને ફુડ પેકેટની અને જમવાની વ્યવસ્થા અમારા લિંબાયત ઝોનમાં કરવામાં આવી હતી એટલા માટે સુરત મહાનગરપાલિકા અને એન.જી.ઓ.ઓએ એ સમય દરમિયાન જે એમણે કામગીરી કરી છે એના માટે હું એમનો આભાર વ્યકત કરવા માગું છું. અમારી સરકારે વખતોવખત, વારંવાર ચિંતા કરીને સામાન્ય વ્યક્તિને પણ જો કોરોના થયો હોય તો એને લગતા જે ઇન્જેકશન આવે છે એ ઇન્જેકશન બહુ મોંઘા હોય છે. રૂપિયા ૪૦,૦૦૦નું એક ઇન્જેકશન હોય કે રેમડીસીવર હોય, એનો જથ્થો પૂરો પાડવાનો હોય તો દરેક શહેરમાં પૂરેપૂરો જથ્થો મળે એની પણ તકેદારી અમારા આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલસાહેબ દ્વારા કરવામાં આવી છે. હું અભિનંદન આપું છું કે રૂપિયા ૪૦,૦૦૦નું એક ઇન્જેકશન હોય, ગરીબ લોકોને મળતું ન હોય તો સિવિલ હોસ્પિટલમાં જે દાખલ હોય એમને એ ઇન્જેકશન વિના મૂલ્યે મળે એવી અમારી સરકાર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. આ જે વ્યવસ્થા કરી છે એના માટે શ્રી નીતિનભાઇ પટેલ સાહેબને અને આરોગ્ય વિભાગને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આભાર વ્યકત કરું છું અને મારું સમર્થન આપું છું.

શ્રી અનંતકુમાર હ. પટેલ(વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જે માર્ગ અને પુલ માગણી નં. ૮૬ અને ૩૯ લાવ્યા છે એના ઉપર હું મારા વિચારો પ્રસ્તુત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રોડ રસ્તાઓ, પીચિંગો, પુલો ઘણાબધા બનતા હોય છે અને તૂટતા હોય છે, પરંતુ જયારે પંદરમા નાણાં પંચના રસ્તા હોય, તાલુકા પંચાયતના રસ્તા હોય, ઓછી લેન્થવાળા રસ્તા હોય, એ યોગ્ય જાળવણીના અભાવે તૂટી પણ જતા હોય છે. પરંતુ જયારે જિલ્લા પંચાયતના રસ્તા હોય, સ્ટેટ હાઇવેના રસ્તા હોય, નેશનલ હાઇવેના રસ્તા હોય છે તો એ રસ્તા ઘણા સમય સુધી પણ ચાલે છે. સાથે સાથે ઘણા પીચિંગો હોય છે એ ડુબાઉ નાળા હોય છે એના ઉપર જો પુલ નિર્માણ કરવામાં આવે અને વર્ષો જૂના પુલ જે ઓછી લેન્થના ઓછી પહોળાઇવાળા હોય એને પહોળાઇવાળા કરવામાં આવે તો ઘણી બધી ટ્રાફિકની સમસ્યા અને વિસ્તારની સમસ્યા દૂર થાય તેમ છે. અમારો વિસ્તાર ડુંગર અને જંગલ વિસ્તારમાં આવેલો છે અને એ વિસ્તારને કારણે ઘણાબધા ડામરવાળા રસ્તા બનવાના બાકી છે તેમજ એ વિસ્તારની અંદર રસ્તા પહોળા કરવાના

બાકી છે. ઘણો વરસાદ પડવાને કારણે અમારા વિસ્તારના નાળા ડૂબાઉ નાળા હોય છે એના ઉપરથી પાણી જાય છે. એવી જ રીતે મોટી નદીઓમાં જે પીચિંગ બનાવ્યા છે એ પીચિંગમાંથી પાણી જ્યારે જવાનું હોય છે ત્યારે પાણી જતી વખતે ડૂબી જાય છે અને ઘણી વખત મજૂર વર્ગ અને આદિવાસી સમાજના ખેડૂતો એમાં પાણી વધારે હોવાથી અકસ્માતો સર્જાય છે. મારા વિસ્તારમાં મોટાભાગના પુલો જે છે અંબિકા નદી, કાવેરી નદીના પુલોના નિર્માણ ઘણા બાકી છે. એની સાથેસાથે ઘણા બધા મોટા રસ્તાઓ પણ બાકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે હું મત વિસ્તારની સાથે સાથે આજુબાજુ જેટલા પણ મોટી નદીઓ ઉપરના પુલ બાકી છે એના વિશેની હું થોડી માહિતી અને માગણી માટેની વિનંતી કરી રહ્યો છું. વાંસદા તાલુકામાં સૌથી મોટી નદી જે ડાંગમાંથી આવે છે એ અંબિકા નદી છે. આ અંબિકા નદીને કિનારે વસેલું વાટી ગામ, કાળાઆમ અને વાટીગામ વચ્ચે પુલ ન હોવાને કારણે વાટીગામના લોકો હંમેશા વઘઇ થઇને એટલે કે ડાંગ ફરીને પોતાના કામકાજ અર્થે આવે છે. ઘણા બધા નાના છોકરાઓ ત્યાંથી નેરોગેજ ટ્રેન જાય છે, નેરોગેજના પુલ ઉપરથી પસાર થઇને બાજુના ગામ વઘઇવાળા વિસ્તારમાં જાય છે. ત્યાં પુલની અથવા પીચિંગની જરૂરિયાત છે એવી જ રીતે મારા મત વિસ્તારમાં આવેલું વારાણસી ગામ અને ડુબણફળીયા ગામમાં ડુબાઉ નાળું છે ત્યાં અનેક વખત અકસ્માતો પણ થયા છે અને ત્યાં પુલની જરૂરિયાત છે. એવી જ રીતે નવસારી જિલ્લો અને વલસાડ જિલ્લો બેની વચ્ચે જે ગામ આવેલું છે મોળાઆમ અને બોપી. ધરમપુર તાલુકાનું બોપી ગામ છે અને તેની વચ્ચે પણ એક મોટો પુલ, એ રસ્તાને જોડતા પુલની તાતી જરૂરિયાત છે. તેવી જ રીતે ચીખલી તાલુકો અને વાસદા તાલુકાના લાકડબારી અને મીયાઝરી ગામની વચ્ચે ડુબાવ પીચિંગ છે. તે અવાર-નવાર વરસાદની સીઝનમાં ડૂબી જાય છે. ત્યાંના લોકોને ફરીને બીજા વિસ્તારમાં જવું પડે છે. છે.ત્યાં પણ પુલની તાતી જરૂરિયાત છે. એવી રીતે વાંદરવેલા દોણઝા રોડ જે કાવેરી નદીના ઉપર છે એના ઉપર પણ પુલની તાતી જરુરિયાત છે. એવી જ રીતે ખેરગામ તાલુકાના નાંધઇથી સારંગપુર ઓરંગા નદી ઉપર આવેલો છે ત્યાં કોઝ-વે છે, તે કોઝ-વે ડૂબી જાય છે એટલે કોઝ-વેની જગ્યાએ પુલનું નિર્માણ થવું જરૂરી છે. એવી રીતે ડાંગના વઘઇ તાલુકામાં આવેલું આંબાપાળા ગામ છે તે હરહંમેશા વઘઇથી વિખૂટું પડી જાય છે ત્યાં પણ પુલની જરૂર છે. એવી જ રીતે ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં આવેલું વાંગણ ગામ તે ગામ પણ વિખૂટું પડી જાય છે ત્યાં પણ પુલની તાતી જરૂરિયાત છે. તેવી જ રીતે સુરત જિલ્લામાં આવેલું અનાવલ ગામ. ત્યાં બધા જાતિના લોકો, બધા ધર્મના લોકો ક્રિયા કર્મ કરવા માટે જાય છે. અને ત્યાં નદી કિનારાના વિકાસ માટે જોબનંબર ફાળવાયો છે, પણ તેનું કામ હજુ સુધી પૂરું થયું નથી. એવી રીતે અનાવલથી નવસારી જિલ્લાને જોઇન્ટ થતો રસ્તો છે, જે અનાવલથી રૂપવેલ, કંડોલપાડા અને લીમઝર જાય છે એ રસ્તાની પહોળાઇ માટે દરખાસ્ત પણ કરી છે, તેની પહોળાઇની ખૂબ જ જરૂરિયાત છે. મારા મત વિસ્તારમાં પસાર થતો નેશનલ હાઇવે નં. ૫૬ ઉપર જૂના બે પુલો એક ઉનાઇ ચડાવ નજીકનો એક પુલ અને કોશખાડી ઉપરનો પુલ છે અને બીજો જાનકીવનની બાજુમાં ભાનાર ગામ આવેલ છે તે ગામની નજીકનો પુલ છે. વર્ષો જૂનો પુલ છે, તેને પહોળો કરવાનો અને નવિનીકરણ કરવાની તાતી જરૂરિયાત છે. એવી જ રીતે અમારા વિસ્તારમાં કાચા ડામર લગભગ ૨૦૧ રસ્તા બાકી છે. જો એ રસ્તા તાત્કાલિક પૂરા કરવામાં ન આવે તો પાછો પ્રશ્ન ઉપસ્થિત રહેશે. આભાર.

અધ્યક્ષશ્રી : શ્રી અનંતભાઇએ જે અનાવલ ગામની વાત કરી. ત્યાં આગળ રામ ભગવાન આવેલા અને અનાવલ બ્રાહ્મણ જે બધા છે. ઉનઇ તો આવેલા જ. પણ અનાવલની અંદર દિક્ષા આપીને બ્રાહ્મણો બનાવેલા. આભાર. માનનીય શંભુજી ઠાકોર. આ અનાવલનો રસ્તો સારો કરવો જોઇએ. એ વાત આવી ગઇ. માનનીય નીતિનભાઇ સાહેબે સાંભળી.

શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ ગુજરાત રાજ્યના પાટનગર ગાંધીનગરની બાંધકામ યોજનાની માગણી નં. ૮૭ લઇને આવ્યા છે, એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઊભો થયો છું.

ગુજરાત રાજ્યનું પાટનગર ગાંધીનગર એનો વિકાસ એ આખા રાજ્યના વિકાસનું પ્રતિબિંબ પાડતું હોય ત્યારે આપણું રાજ્ય ગાંધીનગરના વિકાસ માટે વર્ષ-૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં રૂપિયા ૨૯૪.૩૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. આપણા રાજ્યની પાયાની સગવડ જેવી કે પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા, મુખ્ય તથા આંતરિક રસ્તાઓ, લગ્નવાડી, રંગમંચ, સરકારી કચેરી, રાજભવન, વિધાનસભા ભવન, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય વગેરે તમામ સરકીટ હાઉસ, અધિકારી કર્મચારી માટે સુવિધા યુક્ત રહેણાકના આવાસો નવા બનાવવા, મરામત, જાળવણી, સેન્ટ્રલ વિસ્ટા, ગાર્ડન, સ્ટ્રીટ લાઇટ વગેરે કામગીરી ઉપરાંત અન્ય સરકારી વિભાગો માટે નવા બાંધકામ તથા મરામત, જાળવણીની કામગીરી માર્ગ મકાન વિભાગ દ્વારા થાય છે. છેલ્લાં ૩ વર્ષમાં પૂર્ણ કરેલાં મહત્વનાં કામો ગાંધીનગર ખાતે સરકારી કર્મચારીઓ માટે આધુનિક ડિઝાઇન સાથેના સગવડતા યુક્ત બહુમાળી ટાવર સેક્ટર ૩૦ ખાતે, વીર સાવરકર નગર ખાતે બી કક્ષાના ૩૩૬ ક્વાર્ટસ અંદાજિત રકમ રૂપિયા ૭૩.૬૯ કરોડ, વંદેમાતરમ પાર્ક ખાતે બી કક્ષાના ૪૪૮ ક્વાર્ટસ રૂપિયા ૮૭.૧૦ કરોડની રકમનાં કામ પૂર્ણ થયેલ છે. ગાંધીનગર જિલ્લામાં વાવોલ, ઉવારસદ, અડાલજ રોડ ૮.૭૦ કિ.મી. લંબાઇનો ચાર માર્ગીય પહોળો કરવાનું કામ અંદાજિત રૂપિયા ૧૯.૧૬ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે. અડાલજ-સાબરમતી-કલોલ-મહેસાણા રોડની સાઇડમાં ૨.૨૫ કિલોમીટર લંબાઇમાં સર્વિસ રોડ બનાવવા માટેનું કામ અંદાજિત રૂપિયા ૨૧.૬૭ કરોડ, અડાલજ-કોબા લીંક રોડ ચાર માર્ગીય પહોળો કરવાનું કામ અંદાજિત રકમ રૂપિયા ૧૫.૬૪ કરોડ, ગાંધીનગર શહેરમાં ક અને ખ રોડ વચ્ચે રેલવે લાઇન નીચે અન્ડરપાસ બનાવવાનું કામ

અંદાજિત રકમ રૂપિયા ૬૪ કરોડનું પૂર્ણ કરેલ છે. આ ઉપરાંત ક-૬થી કોલવડા જતો ૧.૨૦ કિલોમીટરનો ચાર માર્ગીય પહોળો કરવા રૂપિયા ૩.૮૨ કરોડની રકમના કામ પૂર્ણ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સેક્ટર-૨૧ ખાતે ક્રિકેટ સ્ટેડિયમ તથા ગ્રાઉન્ડ સુધારણા અંદાજિત રકમ રૂપિયા ૨૫(પચ્ચીસ) કરોડ, ગાંધીનગર ખાતે ગવર્નમેન્ટ પોલિટેકનિક ખાતે કેમિકલ ડિપાર્ટમેન્ટમાં એકેડેમિક બિલ્ડિંગની અંદાજિત રકમ રૂપિયા ૯.૪૫ કરોડ, સેક્ટર-૧૫ ખાતે અનુસૂચિત જાતિ કુમાર છાત્રાલય માટે અંદાજિત રકમ રૂપિયા ૧૮.૬૦ કરોડ, ચાલુ વર્ષે દરમ્યાન સરકારી કર્મચારીઓ માટે ગાંધીનગર ખાતે બી-કક્ષાના ૫૬૦, સી-કક્ષાના ૬૧૬ તથા ચ-કક્ષાના ૨૮૦ આવાસ મળી કુલ ૧૪૫૬ આવાસો રૂપિયા ૩૮૩.૪૫ કરોડની અંદાજિત રકમનાં કામ પ્રગતિમાં છે. રાજ્ય સરકારની વિવિધ કચેરીઓ માટે કર્મયોગી ભવનમાં એક નવા બ્લોકનું બાંધકામ અંદાજિત રૂપિયા ૬૦ કરોડ, અન્ય વિભાગ માટે સેક્ટર-૨૨ ખાતે રિઝલ્ટ સેસિંગ સેન્ટરનું બાંધકામ અંદાજિત રકમ રૂપિયા ૨૪.૬૩ કરોડ, સેકટર-૧૫ ખાતે સમરસ કુમાર છાત્રાલયના બાંધકામ માટે રૂપિયા ૩૬ કરોડ, સેક્ટર-૧૪ ખાતે સ્ટેટ લેવલ ડેટા સ્ટોરેજ સેન્ટરનું બાંધકામ અંદાજિત રકમ રૂપિયા ૩૫ કરોડ, ગાંધીનગર શહેરના ક રોડ તથા રોડ નં.૫ ને ૬.૫૦ કિલોમીટર લંબાઇમાં છ માર્ગીય પહોળો કરવાનું કામ અંદાજિત રૂપિયા ૧૧.૧૦ કરોડ, ગાંધીનગર શહેરના સેકટર નં. ૧૭, ૨૪, ૨૫, ૨૬ અને ૨૭ ના આંતરિક રસ્તાના રિસર્ફેશિંગનું કામ રૂપિયા ૭.૮૦ કરોડના ખર્ચે પ્રગતિમાં છે. ગાંધીનગર ખાતે સરકારી કર્મચારીઓ માટે છ-કક્ષાના ૫૬૦ સુવિધાયુક્ત કવાર્ટરનું બાંધકામ અંદાજિત રૂપિયા ૧૩૧ કરોડ, બિનરહેણાક મકાનોમાં સેકટર-૧૭ ખાતે આવેલ ટાઉનહોલના આધુનીકરણનું કામ અંદાજિત રૂપિયા ૧૫.૭૫ કરોડ, લેકાવાડા ગામ ખાતે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના વિવિધ ભવનોના બાંધકામ માટે અંદાજિત રૂપિયા ૨૨૫ કરોડ, ગાંધીનગર શહેરમાં ભૂગર્ભ ગટર લાઇન નવિનીકરણ માટે રૂપિયા ૨૫૦ કરોડ, સેકટર-૧૧ ખાતે પ્રાંત કચેરી, મામલતદાર તથા સબરજિસ્ટ્રારની કચેરીના બાંધકામ માટે અંદાજિત રકમ રૂપિયા ૩૫.૪૭ કરોડના કામો શરૂ થનાર છે. ગાંધીનગર ખાતે સેકટર-૭ એ, ૧૦, ૧૧, ૨૮ અને ૨૯ ના આંતરિક રસ્તા તેમજ ઘ-રોડ અને ડી.એલ.એફ. ઇફ્લીબનેટ રોડ રિસર્ફેસિંગ કરવાનું કામ અંદાજિત રકમ અંદાજિત રૂપિયા ૧૫.૨૦ કરોડ, ગાંધીનગર-કોબા-હાંસોલ રોડ (એરપોર્ટ રોડ) રાજસ્થાન સર્કલ એકસ્ટ્રા ડોઝ કેબલ સ્ટેઇડ બ્રિજનું કામ અંદાજિત રકમ રૂપિયા ૧૩૫.૭૦ કરોડ, ગાંધીનગર ખાતે રક્ષાશક્તિ સર્કલ પર ફ્લાય ઓવરબ્રિજનું કામ રૂપિયા ૫૦ કરોડ, સાદરા ગામ તથા ગાંધીનગરથી અલુવા ગામ, કલોલને જોડતો પુલ અંદાજિત રકમ રૂપિયા ૭૧.૫૦ કરોડનાં કામ થનાર છે.

અધ્યક્ષશ્રી : આપનું વક્તવ્ય પૂરું થાય છે. માનનીય સુખરામભાઇ

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ. ગાંધીનગર ખાતે રૂપિયા ૧૨૦ કરોડની અંદાજિત રકમના નવા સદસ્ય નિવાસનું બાંધકામ કરવા માટે રૂપિયા ૨૫(પચ્ચીસ) કરોડની જોગવાઇ તથા રૂપિયા ૭૨.૮૦ કરોડની અંદાજિત રકમના શહેરના ચ-રોડ પર ચ-૨ અને ચ-૩ જંક્શન પર અન્ડરપાસનું બાંધકામ કરવા માટે રૂપિયા ૨૪ કરોડની રકમની બજેટમાં જોગવાઇ કરી છે. હું નાયબ મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર (પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાયબ મુખ્યમંત્રી, આરોગ્ય પરિવાર કલ્યાણ, સિચાઇ અને માર્ગ અને મકાન વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જાહેર જનતાને સારા આરોગ્યની જરુર પડે, ખેડૂતોને પીવાના અને સિંચાઇના પાણીની જરૂર પડે અને સારા રસ્તાની પણ જરૂર પડે એટલે ત્રિવેણી સંગમ જેવું કહી શકાય. સૌથી પહેલા તો ગુજરાતના આરોગ્ય તંત્રએ જે કામ કર્યું, કોરોનાની મહામારીમાં જેણે જેણે જ્યાં જ્યાં કામ કર્યું અને લોકોના જાન બચાવ્યા એવા તમામ કોરોના વોરિયર્સને મારા તરફથી અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની વાત આવે એટલે ગામડાનો છેવાડાનો માનવી અમને પહેલો યાદ આવે. અમારા માનનીય જોષિયારા સાહેબ કહે છે તેમ ગામડામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર થયા છે પણ આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરો નથી, અન્ય સ્ટાફ નથી અને જેને કારણે ગામડાના માણસને જે સેવા મળવી જોઇએ એ મળતી નથી. મારા ક્વાટ તાલુકાની વાત કરું તો મારે ત્યાં મેડિકલ ઓફિસરની ૬ ખાલી જગ્યા છે, આયુષ ડોકટરની ૬ ખાલી જગ્યા, મલ્ટીપરપઝ હેલ્થ વર્કરની ૩ જગ્યા ખાલી, મલ્ટીપરપઝ હેલ્થ વર્કર બેન ૧૩ જગ્યા ખાલી, સ્ટાફ નર્સની ૧૦ જગ્યા ખાલી, લેબોરેટરી ટેકનિશિયનની ૨ જગ્યા ખાલી અને ફાર્માસિસ્ટની ૪ જગ્યા ખાલી છે. હું ગઇ કાલે એજ વાત કરતો હતો કે, ફાર્માસિસ્ટ વગર આપણે દવાખાના ચલાવતા હોય ત્યારે ડોકટર સાહેબે એવું કહ્યું કે એની સમકક્ષ જે ભણેલા હોય એના મારફત અમે દવા આપીએ છીએ. મારી પુનઃ રિક્વેસ્ટ છે કે આદિવાસી વિસ્તારમાં જો તમે અન્ય સ્ટાફ મારફતે દવા આપતા હોય તો ફાર્માસિસ્ટને જે કોર્સ કરવાનો હોય છે એવો કોર્સ સરકારના ખર્ચે કરાવીને એને ટ્રેનિંગ આપીને આદિવાસી વિસ્તારમાં દવાનું વિતરણ કરવું જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, અમારી છોટાઉદેપુરની હોસ્પિટલમાં ક્લાસ વનની જગ્યા ખાલી, ઓર્થોપેડિક ડોકટરની જગ્યા ખાલી, ગાયનેકની જગ્યા ખાલી, તે દિવસે મેં સાહેબને યાદ કરાવ્યું તો કહ્યું કે નામ આપો, હું તમને નામ આપીશ. બે ડોકટરો આવવા માટે સંમત છે, પંચમહાલમાં છે એટલે તમે પાછા દાહોદનું નામ લઇને કાઢી નહીં નાંખતા કેમ કે, સરકારનું કંઇક રિસ્ટ્રિકશન છે કે દાહોદમાંથી કોઇને ઉંચકવા નહીં. એટલે અમારા આદિવાસી વિસ્તારમાં જે આવવા માગતા હોય એવા ડોકટરોને મૂકવા જોઇએ. હું સમજું છું ત્યાં સુધી

વડોદરા ખાતેની એસ.એસ.જી., જમનાબાઇ અને ગોત્રી આ હોસ્પિટલોમાં આખા રાજયના આદિવાસી વિસ્તારના, મધ્યપ્રદેશના અને મહારાષ્ટ્રના દર્દીઓ જ્યારે સારવાર લેતા હોય ત્યારે એ હોસ્પિટલો આદિવાસીના મંદિર સમાન છે અને આ હોસ્પિટલમાં જે સગવડતા ઉભી કરવાની થાય એ થઇ નથી. ભલે, રાજયના મુખ્યમંત્રી એઇમ્સ હોસ્પિટલ રાજકોટ લઇ ગયા પણ રાજકોટ જેવી સગવડ અમારા આ ત્રણ દવાખાનામાં નથી. સાહેબ, આપનો પણ વિસ્તાર છે આ એટલે આપના બધાના સહકારથી અને માનનીય સુખડિયા સાહેબના સહકારથી આપણા વડોદરાની આ ત્રણે હોસ્પિટલો એસ.એસ.જી., જમનાબાઇ અને ગોત્રીમાં સગવડ વધે એવું આપણે ઇચ્છીએ છીએ. અમારે ત્યાં દીપક ફાઉન્ડેશન ટ્રસ્ટ ખૂબ સારી કામગીરી કરે છે, જગુ ગામમાં સરકાર સાથે એમ.ઓ.યુ. કરીને સામૂહિક આરોગ્ય કેન્દ્ર ચલાવે છે. છેલ્લાં બે વર્ષમાં જે ગ્રાન્ટ એને આપવી જોઇએ એ ગ્રાન્ટ આપવામાં આવી નથી અને વર્ષ ૨૦૨૦-૨૧માં તો એને ગ્રાન્ટ જ નથી આપી. ૨૩ જેટલા કર્મચારીઓને છૂટા કર્યા છે અને કર્મચારીઓને છૂટા કર્યા હોય ત્યારે ત્યાં સારવાર લેવા આવતા દર્દીઓની શું હાલત હશે એ આપણે વિચારવું રહ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગની વાત કરું તો પાનવડ-ચલામણી-કોર્સીંદ્રા માર્ગ ત્રણ તાલુકાને જોડતો રસ્તો છે એને પહોળો કરવાની જરૂર છે, નવાલજા-વખતગઢ રોડ મધ્યપ્રદેશને જોડતો રસ્તો છે એને પણ પહોળો કરવાની જરૂર છે અને ગઇ વખતે યાદ કરાવ્યું હતું એ કડીપાણીથી હાફેશ્વરના માર્ગના બે નાળાં તૂટી ગયાં છે એને કારણે અમારા લોકો યાત્રા કરી શકતા નથી ત્યારે આ નાળાં થઇ જાય એવું લોકો ઇચ્છે છે.

અધ્યક્ષશ્રી : માનનીય વલ્લભભાઇ કાકડીયા, પાંચ મિનિટ, ગણીને પાક્કી, ૧૫-૧૯એ શરૂ થયું અને ૧૫-૨૪એ પૂરું થયું એની જગ્યાએ ૧૫-૨૪.૫૫ થઇ. હમણાં ૧૫-૨૫ થઇ હશે. આ સમયનું એવું છે ને સમયની રાહ જોઇએને તો પાંચ મિનિટ પણ કલાક લાગે અને કામમાં હોઇએ ને તો કલાક આપણને એમ થાય કે ક્યારે પૂરો થઇ ગયો.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર વિભાગના મંત્રી અને નાણામંત્રી શ્રી નીતિનભાઇ પટેલ માગણી નંબર-૩૯ અને ૪૦ લઇને આવ્યા છે તેને હું આવકારું છું અને મારું સમર્થન આપું છું.

રાજ્ય સરકારે લોકોનું આરોગ્ય જળવાઇ રહે અને તેમને સેવા મળી રહે તેના માટે આ વરસના બજેટમાં રૂપિયા ૧૧,૩૨૩ કરોડની જોગવાઇ કરેલ છે તેના માટે માનનીય આરોગ્ય મંત્રીશ્રીને હું અભિનંદન આપું છું. છેલ્લાં એક વર્ષથી દેશ અને દુનિયામાં કોરોના મહામારીએ દેશ અને દુનિયાને ખૂબ જ મોટું નુકસાન કરેલ છે, ત્યારે આવા કપરા કાળના સમયમાં રાજ્ય સરકારે કોરોનાગ્રસ્ત દર્દી સારવારના અભાવે તકલીફમાં ન મૂકાય તેના માટે કોવિડ સેન્ટરો, હોસ્પિટલો ઉભી કરેલ છે અને તેમાં ૫૫,૦૦૦થી વધારે પથારીઓની વ્યવસ્થા રાજ્ય સરકારે કરેલ છે તેમાં ૫,૦૦૦ કરતા વધારે આઇ.સી.યુ. બેડ અને ૩૪૧૦ વેન્ટિલેટર પણ વસાવવામાં આવેલ છે. કોઇ ગરીબ માણસ આ લોકડાઉનમાં ભૂખ્યો ન સૂવે તેના માટે પણ સરકારે આઠ મહિના સુધી મફત અનાજ આપેલ છે અને ગરીબોની ચિંતા કરી તેથી મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. આ ઉપરાંત લોકો કોરોનાથી બચી શકે એના માટે ૧૩૦૦થી વધુ ધન્વંતરી રથ દ્વારા ૩ કરોડથી વધારે લોકોને ઘેર બેઠા સારવાર અને દવાઓ પૂરી પાડેલ છે. તેમાં સરકારે રૂપિયા ૧૮૦૦ કરોડ કરતાં વધારે ખર્ચ કરેલ છે તેની કેન્દ્ર સરકાર તથા વિશ્વ આરોગ્ય સંસ્થા ડબલ્યુ.એચ.ઓ. એ પણ નોંધ લીધેલી છે. કોરોના વધેલ છે ત્યારે આ ધન્વંતરી રથ અત્યારે વધારેમાં વધારે ચાલુ રાખવાની જરૂરિયાત હોય એવું મારું સૂચન છે. આ રીતે લોકોની સેવા કરી છે તેના માટે આરોગ્યમંત્રીશ્રીને હું અભિનંદન પાઠવું છું. આ કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવા કરવાનો લાભ મને પણ મળેલ છે. મારા વિસ્તારમાં અમદાવાદ ડાયમંડ એસોસીએશન મેડિકલ ટ્રસ્ટને સરકારે ૧૦,૦૦૦ ચોરસમીટર જમીન હોસ્પિટલ બનાવવા માટે આપેલ તેમાં હું પ્રમુખ ટ્રસ્ટી પણ છું. તેમાં સાત માળની ૨૦૦ બેડની હોસ્પિટલ મશીનરી સાથે તૈયાર કરેલ, ઉદ્‌ઘાટન બાકી હતું, આ કોરોના મહામારીમાં સારવાર માટે એ વખતના તત્કાલ મ્યુનિસિપલ કમિશનર શ્રી વિજય નહેરાએ લોકોની સારવાર માટે કોવિડ હોસ્પિટલ બનાવવા માટે આ હોસ્પિટલની માગણી અને અમે લોકોએ તત્કાલ હા કહીને તારીખ ૧૧-૫-૨૦૨૦ના રોજ માનનીય આરોગ્યમંત્રીશ્રીના વરદ્‌હસ્તે ફક્ત દીપ પ્રાગટ્ય કરીને આ હોસ્પિટલ કોવિડ-૧૯ માટે કોર્પોરેશનને સુપ્રત કરેલ. આ હોસ્પિટલમાંથી મ્યુનિસિપલ કોર્પોરેશનના ડોકટરો તથા સ્થાનિક ડોકટરોના સહકારથી ૩૮૪૦ દર્દીઓ સાજા થઇ પોતાના ઘરે પાછા ફરેલ છે. આ હોસ્પિટલ સ્વીકારવા અને મને અને મારા સાથી લોકોને આ સેવામાં ભાગીદાર બનાવવા માટે હું આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલનો આભાર માનું છું. કારણ કે એ વખતે માનનીય નીતિનભાઇને સવારમાં જ ફોન કર્યો હતો કે હોસ્પિટલ પર તમે આવી શકશો અને એમણે કહ્યું કે બપોરે હું તમને કહીશ, બપોરે ૧૨ વાગ્યે તેમનો ફોન આવ્યો કે એક વાગે હું ત્યાં પહોંચું છું એટલે તાત્કાલિક અમે ત્યાં પહોંચી ગયા અને બીજી કોઇપણ વિધિ કર્યા વગર શ્રી નીતિનભાઇના હાથે ખાલી દીપ પ્રાગટ્ય કરી અને આ હોસ્પિટલ કોર્પોરેશનને સુપ્રત કરેલ એટલે તાત્કાલિક હોસ્પિટલ પર આવવા બદલ પણ હું માનનીય નીતિનભાઇનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહાન વિચારક શ્રી ચાણક્યએ કહ્યું છે કે, કોઇ દેશ કે રાજ્યની સરકાર હસ્તક ચાલતી આરોગ્યની સંસ્થા ઉપરથી નક્કી થાય છે કે રાજ્યની આરોગ્યની સેવાઓ કેવી હશે. આવી જ રાજ્ય હસ્તક ચાલતી જૂની સિવિલ હોસ્પિટલ અને આજે જેને મેડિસિટી કહીએ છીએ તેમાં યુ.એન.મહેતા કાર્ડિયાક હોસ્પિટલ જે પહેલાં ૪૫૦ બેડની હતી. હમણાં જ તારીખ ૨૪-૧૦-૨૦૨૦ના રોજ ગુજરાતના પનોતા પુત્ર અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ઇ-

લોકાર્પણથી આ હોસ્પિટલનું ઉદઘાટન કરેલ. અને વધારાના ૮૦૦ બેડ વધારીને હાલ આ હોસ્પિટલ ૧૨૫૧ બેડની થયેલ છે જે દેશની કાર્ડિયાક હોસ્પિટલ વિશ્વની સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ બનેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ હોસ્પિટલમાં પહેલાં વર્ષ ૧૯૯૨માં ૩૬ બેડથી શરૂ કરીને અત્યારે ૧૨૫૧ બેડની અદ્યતન સુવિધાવાળી હૃદયરોગની વિશ્વની એક માત્ર સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ બનેલ છે જે ભૂકંપ પ્રૂફ છે. આ હોસ્પિટલમાં હૃદયરોગની અનેક સારવારો થાય છે અને આ હોસ્પિટલમાં વર્ષ ૨૦૧૯-૨૦માં ૫૫૦૦ બાયપાસ સર્જરી થયેલ અને ૨૨ હજાર એન્જિયોગ્રાફી, એન્જિયોપ્લાસ્ટ થયેલ કે જયારે ૪૫૦ બેડ જ હતા આજે તો ૧૨૫૦ બેડ થયેલ છે. આ હોસ્પિટલમાં આધુનિક સુવિધા ધરાવતા ૧૫ ઓપરેશન થિયેટરો છે જેમાંથી ૧૨ હાઇ મોડ્યુલર થિયેટર તથા એક હાર્ટ અને ફેફસાના ટ્રાન્સપ્લાન્ટ માટે એક રોબોટિક ઓપરેશન થિયેટર તેમજ થોરાસિક ઓપરેશન થિયેટર પણ છે. આ સુપર સ્પેશિયાલિસ્ટ કાર્ડિયાક હોસ્પિટલમાં ૫ કાર્ડિયાક કેથલેબ તેમજ હાઇબ્રીડ કેથલેબ જે છે. કાર્ડિયાક દર્દીને તકલીફ થાય તો આ કેથલેબ ઉપર ઓપરેશન કરી શકાય છે. એક સાથે ૧૫ થિયેટરો છે, ૫ કેથલેબ છે એક સાથે ૨૦ વ્યકિતઓના ઓપરેશન કરવા હોય તો કરી શકીએ છીએ અને આ હોસ્પિટલમાં અત્યાર સુધી ૨૨ હજાર લોકોએ લાભ લીધો છે અને ભવિષ્યમાં વધારે લોકો કારણ કે એટલા માટે કે ત્યારે તો ૪૫૦ બેડની હતી અત્યારે ૧૨૫૦ બેડ થયા છે એટલે સરકારને આ સારી સેવા બદલ અભિનંદન આપું છું, આભાર માનુ છું.

શ્રી અમરીષભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના ઉપ મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી બજેટ ઉપર જે પોતાના વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેમની ઉપર થોડી વિનંતી અને થોડી ચર્ચા કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૦ ડિસેમ્બર, ૨૦૧૯ના દિવસે વેસ્ટર્ન રેલ્વેના અધિકારીશ્રીઓએ આ રાજયના તત્કાલિન ચીફ સેક્રેટરીશ્રીને પત્ર લખેલો કે ગુજરાત રાજયની અંદર રેલ્વેની સરપ્લસ જમીનો જે પડેલી છે તે જમીનોની જરૂર જો રાજય સરકારને કોઇ રસ્તા બનાવવા માટે અથવા તો કોઇ બ્યુટીફિકેશન માટેની જરૂરિયાત હોય તો સરકાર જો ચોક્કસપણે પત્ર લખશે તો વેસ્ટર્ન રેલ્વે તેને જમીન આપવા માટે તૈયાર છે. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને અને આદરણીય નીતિનભાઇ સાહેબને વિનંતી કરું છું કે, ગુજરાતની અંદર રેલ્વેની ઘણી બધી જમીનો સરપ્લસ પડેલી છે તેનો ઉપયોગ જો સારી રીતે થાય તો લોકોની સુખાકારી વધી શકે તેમ છે. મારા રાજુલા શહેરની અંદર પણ આવી સરપ્લસ જમીનો ઘણાં બધાં વર્ષોથી પડી છે. જો રેલ્વે જૂના જમીન માલિકોને જમીન પરત આપવા ઇચ્છે તો અમને વાંધો નથી પણ જો એને જમીન પરત આપવા ઇચ્છતા ના હોય તો નગરપાલિકાઓને બ્યુટીફિકેશન માટે આ જમીન આપવી જોઇએ. જેવી રીતે ભાવનગરમાં આપી છે, જામનગરમાં આપી છે અને મહુવાની અંદર તો પાલિકાએ પરાણે લઇ લીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા શહેરની અંદર આ જમીનો પાસ થયેલી હોય તેમ છતાં પણ ભારતીય જનતા પાર્ટીના અમુક સત્તાધિશોએ પોતાનુ ખરાબ લાગે તેના માટે આવી જમીનો જાણી જોઇને ન આપવા માટેનો પ્રયત્ન કર્યો છે અને થોડાં દિવસ પહેલાં હું માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે પણ રૂબરૂ ગયો હતો એટલા માટે હું વિનંતી કરું છું કે લોકોની જો સુખાકારી વધતી હોય તો આવી જમીનો ઝડપથી જેમ બને તેમ આપવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પાસે માર્ગ અને મકાન વિભાગની ચર્ચાઓ દરમિયાન હું સાંભળતો હતો ત્યારે બધા સભ્યશ્રીઓની વિનંતી એવી હતી કે ભૂતકાળની અંદર જે નોન પ્લાનના રસ્તાઓ પાસ થયા છે, સ્ટેટના રસ્તાઓ પાસ થયા છે, રીસર્ફેસના રસ્તાઓ પાસ થયા છે, કોઇ પુલો પાસ થયા છે, કોઇ બ્રીજો પાસ થયા છે અમુકને બે-બે, ત્રણ-ત્રણ વર્ષ થઇ ગયા હોવા છતાં પણ કામો શરૂ થયા નથી તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે જેમ બને તેમ ઝડપથી આવા રસ્તાઓ શરૂ કરાવે. તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને આપણાં દેશના વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે મુખ્યમંત્રી હતા ત્યારે તેણે આ સરકારના સર્વે અધિકારીશ્રીઓને એક સૂત્ર આપ્યુ હતું કે, query is right, but never twice. એ સૂત્ર ઉપર કામ થશે તો હું એવુ માનુ છું કે બધાં જ કામો જેમ બને તેમ ઝડપથી પૂર્ણ થશે. માનનીય નાણામંત્રીશ્રીએ આ વખતે પણ દરેક ધારાસભ્યશ્રીઓને ૫૦ કરોડ રૂપિયા રિ-સરફેસ માટે પંચાયત અને સ્ટેટ વિભાગમાં આપ્યા છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, અમારા ઘણા બધા રસ્તાઓ આવી ગયા હોવા છતાં પણ રૂપિયા ૫૦ કરોડમાંથી અમારી અમુક રકમ બચત થાય છે તેને જેમ બને તેમ ઝડપથી ચોમાસા પહેલા જોબ નંબર આપીને પાસ કરે તો પણ રસ્તાઓ અને પુલો ઝડપથી શરૂ થઈ જાય એવી સ્થિતિ છે. છેલ્લાં ત્રણ વર્ષથી મારા વિસ્તારના ખૂબ મોટા ત્રણ ગામો ચાંચ, ખેરા અને પટવા માટે એક ખાડી ઉપર પુલ બનાવવા માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરી રહયો છું અને પહેલાં વર્ષે જ્યારે મે વિનંતી કરી ત્યારે માનનીય મંત્રીશ્રી નીતિનભાઇએ એમની ચેમ્બરમાં મને બોલાવ્યો હતો અને કહ્યુ હતું કે શ્રી અમરીષભાઈ આ ૫૦૦ મીટરની ખાડી ઉપર પુલ બનાવવા માટે રૂપિયા ૫૦ કરોડનો ખર્ચ થાય તેમ છે જે સરકાર કદાચ ન કરી શકે. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, મારા વિસ્તારના માત્ર પાંચ ગામોએ એક હજાર કરોડ રૂપિયા રોયલ્ટી પેટે સરકારમાં જમા કર્યા છે તો હું એવું માનું છું કે, આ ૫૦ કરોડ રૂપિયા ચાંચ, ખેરા અને પટાવાને વિક્ટરથી ખાડી ઉપર પુલ બનાવવા માટે અમારો વિસ્તાર તમારા ઉપર ભારી નહિ પડે. મારા વિસ્તારમાં ખાખબાઈ ગામે પણ રૂપિયા ૧૦ કરોડના પુલ માટે અમે ટળવળી રહ્યાં છીએ તો એટલા માટે માનનીય મંત્રીશ્રી આપને વિનંતી કરી રહ્યો છું. માનનીય મંત્રીશ્રીનું એ પણ ધ્યાન દોરવા ઈચ્છું છું કે ગુજરાતમાં જેટલાં પણ કામો આપના દ્વારા પાસ કરવામાં આવે છે એ કામોના ખાતમુહૂર્ત આપ અહીંથી બેઠાં બેઠાં કરો તો બે ફાયદા થાય તેમ છે.

પહેલો ફાયદો તો એ થાય એમ છે કે એ બધાં કામો સારી ગુણવત્તાવાળા થાય અને બીજો ફાયદો ભૂતકાળમાં સત્તા ઉપર હતા ત્યારે કંઈ કરી ન શક્યા અને અત્યારે હારી ગયા પછી પણ નકરા ખાતમુહૂર્ત કરવા માટે પોતાની ગાડીમાં ત્રિકમ અને પાવડા લઈને ફરે છે એને પણ ખ્યાલ આવે કે આ વ્યાજબી નથી. માનનીય અધ્યક્ષશ્રી, આપે હમણાં ભગવાન રામ વિશે ઉલ્લેખ કર્યો હતો. એ બાબતે પણ હું આપનું ધ્યાન દોરવા ઈચ્છું છું કે ભૂતકાળમાં શ્રીલંકામાં જવા માટે નર, નીલ અને અંગદ જ્યારે પુલનું કામ કરી રહ્યાં હતાં ત્યારે રાક્ષસો શક્તિશાળી હોવા છતાં કામ અટકાવવાનો પ્રયત્ન કર્યો ન હતો પણ *(xxx) આવા પ્રયત્નો કરી રહ્યા છે તો આ બાબતે માનનીય મંત્રીશ્રી ધ્યાન આપે.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ રહેણાકના મકાનો તેમજ માર્ગ અને પુલ વિભાગની માગણી ક્રમાંકઃ ૮૫ અને ૮૬ આ સભાગૃહમાં લઈને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા અને તેને સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈ પણ રાજ્યનો સર્વાંગી વિકાસ એ આ બધા વિભાગ એટલે કે માર્ગ, પુલો, કર્મયોગી માટેના રહેણાકના મકાનો, વહીવટી કચેરીઓ, આરોગ્ય માટેનાં મકાનો, હોસ્પિટલ, એને નિભાવવા માટે અને તેના નવા બાંધકામ માટે આ વિભાગ લગભગ ખૂબ મોટા પ્રમાણમાં કાર્યરત રહે છે. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે ગુજરાતને ફાટકમુક્ત બનાવવા માટે જે યોજના અમલમાં મૂકી છે એના માટે અને સાથે સાથે છેલ્લાં ત્રણ વર્ષથી સમસ્ત ગુજરાતના છેવાડાના માનવીને એટલે કે ૨૦૦થી ૨૫૦ ઘરનું કુટુંબ જે વિસ્તારમાં રહેતું હોય તેને પાકા રસ્તાઓથી જોડવા માટે મુખ્યમંત્રી સડક યોજના અમલમાં મૂકવાથી ગુજરાતમાં એક આગવી ઓળખ ઊભી થઈ છે એના માટે હું એમને આપના માધ્યમથી અભિનંદન પાઠવું છું. ચાલુ વર્ષે ૨૦૨૧-૨૨ના વર્ષ માટે માર્ગ અને મકાન વિભાગ માટે રૂ. ૧૧,૧૮૫ કરોડની જે બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે તે બદલ હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું. રાજ્યમાં આ વિભાગથી લાંબા કોરિડોરની પ્રગતિના પ્રગતિ પથની યોજના હોય, બંદરોને જોડતાં રસ્તા હોય, ઔદ્યોગિક વિસ્તારોને જોડતા રસ્તા હોય, યાત્રાધામને જોડતાં રસ્તા હોય, એક જિલ્લાથી બીજા જિલ્લાને જોડવા માટે, જિલ્લા મથકોને જોડવા માટે ૧૦ મીટરથી પહોળા રસ્તા હોય, કિસાનોના ખેત ઉત્પાદનના વહન માટેની કિસાન પથ યોજના હોય અને સાથે સાથે મુખ્યમંત્રી સડક યોજના હોય એના આધારે આપણા સમસ્ત ગુજરાતની અંદર જે પ્રમાણેના રોડ-રસ્તા, પુલો જે ડેવલપ થયા છે, એના આધારે સમસ્ત દેશની અંદર એક ગુજરાતની આગવી ઓળખ ઉભી થઇ છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રી સાહેબે અમારા અમદાવાદની નજીક એટલે કે એસ.જી.હાઇવે ઉપર જે સરખેજથી લઇ વૈષ્ણોદેવીથી ગાંધીનગર, ચિલોડા સુધી એ રોડ ઉપરનો ખૂબ મોટો ટ્રાફિક, અવાર નવાર સાંજના ટાઇમે નીકળીએ તો અડધો અડધો, પોણો પોણો કલાક, જે ડેવલપમેન્ટના આધારે ટ્રાફિકની જે સમસ્યા હતી એને હલ કરવા માટે કેન્દ્ર સરકારના સહયોગથી લગભગ રૂપિયા ૮૫૦ કરોડના ખર્ચે આ સરખેજથી ચિલોડા સુધીનો હાઇવે ૬ લેન કરવા માટે અને તમામ ચાર રસ્તાઓ ઉપર લાઇવ ઓવરબ્રિજ બનાવવા માટેનું કામ ખૂબ ઝડપી આજે રાજ્ય સરકાર હસ્તક કરવામાં આવી રહ્યું છે. એમાં અત્યારે હાલ સાણંદ ચોકડી ઉપર, પકવાન ચોકડી ઉપર, ઉવારસદ ચોકડી ઉપર એનું કામ પૂર્ણ કરી, પ્રજા માટે એને ખુલ્લો મુકવામાં આવ્યો છે. હું શહેરી વિસ્તારની અંદર જે પ્રમાણે મારો જે વિસ્તાર છે સાબરમતી વિધાનસભા, એ રેલવેથી ઘેરાયેલો વિસ્તાર છે. ઉત્તર ગુજરાતની રેલવે લાઇન હોય, અમદાવાદ, બોટાદ, ભાવનગરની રેલવે લાઇન હોય, સૌરાષ્ટ્રની રેલવે લાઇન હોય કે ગાંધીનગરની રેલવે લાઇન હોય, એ મારા વિસ્તારમાંથી નીકળી છે. રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને કોર્પોરેશનની સંયુકત ભાગીદારીથી અમારી સરકાર અને કોર્પોરેશન જે કામ કરે છે એની વાત આપના માધ્યમથી હું કરવા માગું છું. મારા વિસ્તારની અંદર અત્યારે અમદાવાદ, બોટાદ, ભાવનગરની નવી રેલવે લાઇન નાખવામાં આવે છે એની અંદર ૯ જેટલા અંડર પાસ એ આ તમામ સરકારના અને કોર્પોરેશનના માધ્યમથી પૂર્ણતાના આરે છે. સાથે સાથે બે ઓવરબ્રિજ, એક ૬૫ કરોડના ખર્ચે જી.એસ.ટી. ઓવરબ્રિજ પ્રજાના માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે અને જગતપુરનો એક ફાટકમુકત એટલે કે ત્યાં પણ ઓવરબ્રિજનું કામકાજ અત્યારે ૫૫ કરોડના ખર્ચે ચાલુ કરવામાં આવ્યું છે. એવા ૬ જેટલા અંડરબ્રિજ અમારા વિસ્તારની અંદર તાજેતરમાં કોર્પોરેશન અને રાજ્ય સરકારના સહયોગથી મંજૂર કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ એક વાત આપના માધ્યમથી કરવા માગું છું કે, જાશપુર મુકામે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ટ્રસ્ટ વતી રૂપિયા ૧૦૦૦ કરોડનો જે પ્રોજેકટ બનાવવામાં આવ્યો છે, અમલમાં મૂકવામાં આવ્યો છે, પ્રજાના દાનથી, એ વિસ્તારમાં જે પ્રોજેકટ કરવામાં આવ્યો છે એની અંદર વિશ્વનું સૌથી ઉંચું મા ઉમિયાનું ૪૩૧ ફૂટની ઉંચાઇવાળું મંદિર ત્યાં બનાવવા જઇ રહ્યા છીએ ત્યારે એ ટ્રસ્ટની સાથે આજુબાજુના જે ડેવલપમેન્ટ એટલે કે ટી.પી. રસ્તા અને રાજ્ય સરકારના રસ્તાની અંદર સંસ્થાએ, માનનીય નીતિનભાઇ સાહેબની પાસે જે રજૂઆત કરી હતી, એ રજૂઆતમાં મુખ્ય રોડ રૂપિયા ૧૭.૫ કરોડના ખર્ચે રાજ્ય સરકારે એને મંજૂરી આપી છે અને એના કામનું ટેન્ડર પણ ઈસ્યુ કર્યું છે તે બદલ હું આપના માધ્યમથી સંસ્થા વતી અને ધારાસભ્ય તરીકે એમનો આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : માનનીય પ્રતાપભાઈ દુધાત, થેંક યું અરવિંદભાઈ.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ચૈત્ર ૧, ૧૯૪૩ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન(છઠ્ઠો દિવસ)

શ્રી પ્રતાપ દુધાત(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, ૩૯ અને ૪૦ નંબરની માંગણીમાં નાયબ મુખ્યમંત્રી જે વાત લઇને આવ્યા છે એમાં હું મારા વિચાર રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજથી એક વર્ષ પૂર્વે એટલે કે આજના દિવસે ગુજરાત, આખા દેશ, આખા વર્લ્ડની અંદર કોરોનાનો કહેર હતો. દેશના વડાપ્રધાને બપોરના બાર વાગે સ્ટેટમેન્ટ આપ્યું કે, આજે સાંજે બધા થાળી વગાડો, તાળી વગાડો, ઘંટ વગાડો અને બધાએ વગાડ્યા, પણ આપણને ખબર ન હતી કે, આ કોરોના બહેરો હશે, એને સંભળાતું નથી. આજે પણ કોરોનાનો કહેર યથાવત છે. કોરોનાની અંદર દેશની મહામારી હોય ત્યારે રાજકીય ટીકા-ટિપ્પણીથી ઉપર ઉઠીને વાત કરવી જોઇએ અને એના ભાગરૂપે કોરોનાની અંદર કોંગ્રેસ હોય કે ભાજપ હોય કે અન્ય પાર્ટીના નેતા હોય કે આમ પબ્લિક હોય બધા જ નીતિ નિયમોને વળગીને આગળ વધવા માટે બધાએ સહિયારો પ્રયાસ કર્યો. દેશની આ આપત્તિમાં બધાયે સાથે રહેવું જોઇએ. પરંતુ આ કોરોનાની બે પ્રકારની વાત જોવા મળી કે કોરોનાની અંદર એક બસની અંદર ૩૦ જણા બેસે તો કોરોના ના ફેલાય અને ૩૧મો જણો બેસે એટલે કોરોના ફેલાય. કોરાનાની અંદર અમારા શ્રી પરેશભાઇ ધાનાણી અમારા વર્ષાભાભીને ગાડીમાં લઇને જતા હોય એટલે રોડ ઉપર જાય એટલે કોરોના ફેલાય પણ ઘરમાં એ અમારાં વર્ષાભાભીને રોટલા બનાવી દેતા હોય તો કોરોનો ના ફેલાય.

માનનીય અધ્યક્ષશ્રી, આ કોરોના એ પ્રકારનો આવ્યો કે ૫૦ જણના નીતિનકાકા લગ્ન કરવા હોય તો મા-બાપને પરમિશન લેવાની, એ જ સરકાર મારફતે મોટા- મોટા કાર્યક્રમો થાય તો કોરોના ના ફેલાય. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, અમરેલી જિલ્લાની અંદર ૧૬ યુગલોના નવદંપત્તિના લગ્ન ચાલુ હતાં, ત્યાંથી પાંચ કિલોમીટર દૂર ભારતીય જનતા પાર્ટીનો મોટો કાર્યક્રમ ચાલતો હતો. મારે દુઃખ સાથે કહેવું પડે કે લીલા તોરણે પરણ્યા વગરની જાનો પાછી ગઇ, આવો કલંક કોરાનાની અંદર લાગ્યો. કોરાનામાં ક્વોરન્ટાઇન ઝોન બનાવવામાં આવ્યા, આ ક્વોરન્ટાઇન ઝોનની અંદર જે પતરાં આપણે નવાં લેવાં જઇએ, વાંસ નવા લેવા જઇએ એના કરતાં ડબલ બિલો મૂકાયા, આ દુઃખ સાથે એટલા માટે કહેવું પડે કે આ કોરોનાની અંદર લોકો ત્રાહિમામ્ એટલા મોટા પ્રમાણમાં થઇ ગયા, નમસ્તે, ટ્રમ્પનો કાર્યક્રમમાં કોરોના ના ફેલાણો, થોડાક દિવસ પહેલાં ટી-૨૦ મેચના નામે સરદાર સાહેબના સ્ટેડિયમનું નામ બદલીને એની ઉપર નરેન્દ્રભાઇ મોદી સ્ટેડિયમ નામ આપવામાં આવ્યું , સીત્તેર હજાર લોકો એમાં ભરવામાં આવ્યા, સાહેબ કોરોના ના ફેલાણો, પાછો કોરોના આવી ગયો. આના જ સમયમાં જે લોકો સાંજે નવ વાગ્યે વેપાર ધંધો કરવો હોય તો મહા મુસીબતે લોકો એમના ધંધા-રોજગાર કરતા હોય સાહેબ, નવ વાગ્યે કોરોના આવી જાય. આ કોરોનાની અંદર સ્થિતિ ઘણી કપરી થઇ છે. નીતિ-નિયમો એક બીજા માટે અલગ અલગ લાગુ પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, તમારા માટે જે નિયમ લાગુ પડે, નિયમ જે નીતિનકાકા માટે લાગુ પડે, એ નિયમ મારા માટે લાગુ પડે અને એ જ નિયમ આમ-પબ્લિક માટે લાગુ પડવો જોઇએ. કારણ કે આપણે બધા વિધાનસભામાં નિયમો બનાવવા માટે બેઠા છીએ ત્યારે કોરોનાના નામે લોકો જે ત્રાહિમામ્ થયા છે તેને બહાર લાવવનો આપણે જે સહિયારો પ્રયાસ કરવો જોઇએ.

આરોગ્યલક્ષી માગણીઓ લઇને આવ્યા છે,ત્યારે ભૂતકાળમાં શ્રી અમરીષભાઇના વિસ્તારમાં મુખ્યમંત્રીશ્રી અને શ્રી નીતિનભાઇ પણ પધાર્યા હતા. ફ્રી દવાખાનાની અંદર જે ચાલતા હશે એને અમે સહાય આપીશું. અમારે ત્યાં પણ લલ્લુભાઇ શેઠ આરોગ્ય મંદિર ચાલે છે અને ત્યાં તમે રાજુલામાં પણ શ્રી નીતિનભાઇ સાહેબે વાત કરેલી, ભાષણમાં પણ વાત કરેલી કે આવા દવાખાનાને અમે મદદ કરીશું તો અમે હજુ મદદની રાહે બેઠા છીએ. આ ફ્રી દવાખાનામાં બે-ચાર દિવસ પહેલાં મોરારીબાપુ જેવા સંતે પણ ત્યાં વેક્શિન લઇને અને સંદેશો પૂરો પાડયો છે, ત્યારે એક લાગણી વ્યકત કરું છું. અમારા દવાખાનાને એની માગણી પ્રમાણે પૂરી કરવામાં આવે. રાષ્ટ્રીય આરોગ્ય નીતિની અંદર ૨.૫ ટકાની ભલામણ છતાં આરોગ્યનો જીડીપીનો ૦.૬૨ ટકા જ ખર્ચ થયો છે. આરોગ્ય બજેટની ૫.૮ ટકા ખર્ચની સામે રાષ્ટ્રીય નીતિમાં ૮ ટકા કરતાં વધુ ખર્ચની ભલામણ. ૫૭ ટકા ગ્રામીણ વસતિ માટે રૂ. ૧.૧૦૩ કરોડ ૪૩ ટકા અને શહેરી વ્યકિત માટે રૂપિયા ૨.૭૮૩ કરોડ ગ્રામ્ય વિસ્તાર આરોગ્ય કેન્દ્રની અંદર ખર્ચમાં વર્ષ ૨૦૨૦-૨૧માં ઘટાડો થયો છે. કેગના વર્ષ ૨૦૧૬ના અહેવાલ પ્રમાણે ૩૩ જિલ્લાના હોસ્પિટલ નિષ્ણાંત ડોકટરોની ૨૭ ટકાથી ૭૭ ટકા મેડિકલ ઓફિસર ૬૦થી ૬૯ ટકા નર્સ, ૭થી ૧૨ ટકા અન્ય સ્ટાફની ૩૧થી ૮૯ ટકા જેટલી ઘટ પ્રવર્તે છે જે આપણા માટે દુઃખદ બાબત છે. ઓગસ્ટ, ૨૦૧૯ની લોકસભામાં આપવામાં આવેલી માહિતી અનુસાર ગુજરાત સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ૯૨ ટકા સ્ટાફની અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ૮૫ ટકા સ્ટાફની અછત છે. ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૬થી ૨૦૨૨ સુધી અમલમાં રહેનારી આરોગ્ય નીતિ જાહેર કરી છે તેમાં સ્વનિર્ભર મેડિકલ કોલેજો સ્થાપવી, સરકારી હોસ્પિટલમાં સ્વનિર્ભર મેડિકલ કોલેજો સ્થાપવા, સાધનો ખરીદવા માટે સહાય કરવા માટેનો જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પ્રતાપ દુધાત : તેથી આરોગ્ય ક્ષેત્રે ગુજરાત ખાનગી હોસ્પિટલો, વર્તમાન પરિસ્થિતિમાં ખાનગી હોસ્પિટલોનું પ્રમાણ વધતું જાય છે, માટે સરકારી હોસ્પિટલો પર ભાર મૂકીએ. કોરોનાની જે બે વાત છે એમાંથી આપણે સહિયારા સહુ બહાર નિકળી અને પ્રજાને ન્યાય આપીએ એટલી વિનંતી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય વિનોદભાઇ મોરડીયા.

## તા. ૨૨મી માર્ચ ૨૦૨૧

## માગણીઓ પર ચર્ચા અને મતદાન(છઠ્ઠો દિવસ)

શ્રી વિનોદભાઈ અ. મોરડિયા(કતારગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણી ક્રમાંક- ૩૯ અને ૪૦ વર્ષ ૨૦૨૧-૨૨ની લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

ભારત સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા નવી મેડીકેલ કોલેજ શરૂ કરવાની કેન્દ્રીય પુરષ્કૃત યોજના ફેઇઝ-૩ અંતર્ગત જે જિલ્લાઓમાં મેડિકલ કોલેજ નથી તેવા જિલ્લામાં ૩૨૫ કરોડના ખર્ચે ૧૦૦ સીટોની નવી ૭૫ મેડિકલ કોલેજો ચાલુ કરવાની જાહેરાત કરી છે તે બાબતમાં ગુજરાત રાજયના ૨૩ જિલ્લાઓ પૈકી ૧૯ જિલ્લાઓમાં કુલ ૨૯ મેડિકલ કોલેજો આવેલી છે. જયારે રાજયના ૧૪ જિલ્લાઓમાં મેડિકલ કોલેજો નથી તે પૈકી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગરના તા. ૨૪-૧૨-૨૦ના ઠરાવ ક્રમાંકઃ એમસીજી/૧૦૧૯ એસએફએસ-૧૪૫-થી કેન્દ્રીય પુરસ્કૃત યોજના ફેઇઝ-૩ અંતર્ગત ગુજરાત રાજયમાં નવી મેડિકલ કોલેજો રાજપીપળા જિલ્લો નર્મદા, નવસારી જિલ્લો નવસારી, પોરબંદર જિલ્લો પોરબંદર, વેરાવળ જિલ્લો ગીરસોમનાથ, બોટાદ જિલ્લો બોટાદ, જામખંભાળીયા જિલ્લો દેવભૂમિ દ્વારકા, ગોધરા જિલ્લો પંચમહાલ, મોરબી જિલ્લો મોરબી એમ કુલ આઠ જિલ્લા હોસ્પિટલોને અપગ્રેડ કરીને નવી મેડિકલ કોલેજો ચાલુ કરવાનો રાજય સરકારે નિર્ધાર કરેલ છે ત્યારે આ નવી આઠ મેડિકલ કોલેજો ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી ગાંધીનગરમાં સમાવવામાં આવેલ છે. આ આઠ મેડિકલ કોલેજો પૈકી ભારત સરકારશ્રીએ તારીખ ૨૭-૧-૨૦૨૦, તા. ૭-૯-૨૦૨૦ અને તા. ૧૪-૧૨-૨૦ના પત્રોથી પ્રથમ તબક્કામાં રાજપીપળા, નવસારી, પોરબંદર, ગોધરા અને મોરબી જેવા પાંચ જિલ્લા હોસ્પિટલને અપગ્રેડ કરીને નવી મેડિકલ કોલેજો ચાલુ કરવા મંજૂરી આપી છે, ત્યારે રાજયમાં નવી મેડિકલ કોલેજોની સ્થાપનાની કામગીરીમાં ઝડપ અને સરળતા તથા અસરકારકતા લાવવાના હેતુસર સોસાયટી રજિસ્ટ્રેશન એકટ, ૧૮૬૦ અને મુંબઇ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ ગુજરાત મેડિકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટીની સ્થાપના કરીને રજિસ્ટર કરવામાં આવેલ છે. આ સોસાયટીની સ્થાપનાનો મુખ્ય હેતુ મેડિકલ કોલેજોના સંચાલન અને નીભાવણી સાથે તબીબી સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો છે. રાજયના અંતરિયાળ આદિવાસી અને છેવાડાના વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે અને પૂરતા પ્રમાણમાં ડોકટરો ઉપલબ્ધ થાય તે માટે મેડિકલ કોલેજો શરૂ કરવાનો પણ હેતું છે. આમ મેડિકલ કોલેજોનો સ્થાપના અને સંચાલનનો ધ્યેય સામાજિક સેવાઓનો આ રાજય સરકારનો છે. ભારત સરકારશ્રી દ્વારા સેન્ટ્રલી સ્પોન્સર સ્કીમ હેઠળ ૬૦ ટકા કેન્દ્ર સરકાર ૪૦ ટકા રાજય સરકારના નાણાકીય શેરથી આ કોલેજો શરું થનાર છે. એ કોલેજની પ્રોજેકટ કોસ્ટ ૩૨૫ કરોડ મંજૂર થયેલ છે ત્યારે ભારત સરકારના ૬૦ ટકા શેર મંજૂર થયેલ છે અને રૂપિયા ૧૯૫ કરોડ ફાળવવામાં આવનાર છે. જેની સામે રાજય સરકારના મેચિંગ શેર ૪૦ ટકા મુજબ ૧૩૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવનાર છે. આના ઉપરથી ફલિત થાય છે કે રાજય સરકાર રાજયના આરોગ્ય માટે કેટલી ચિંતિત છે. અહીંયા ઘણા સભ્યશ્રીઓએ કહ્યું કે ડોકટરોની અછત છે આ તો વર્ષોની અછત છે ફકત અત્યારની નથી. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઘણી વખત વાત કરી છે કે ડોકટરોની અછત છે જે પ્રકારે ડોકટરો ગામડાંની અંદર કામ કરવા માગતા નથી, પરંતુ અત્યારની જાહેરાત છે એ પ્રમાણે સરકાર આગળ વધી રહી છે એ જોતા મને એમ લાગે છે કે આવનાર દિવસોમાં વધારેમાં વધારે ડોકટરો ગુજરાતમાં થવાના છે. અન્યથા આગળના સમયમાં ઘણા અમારા છોકરાઓ પણ અન્ય રાજયોમાં જયારે જતા હતા ત્યારે ત્યાંથી ડોકટર બનીને આવતા હતા અને એના કારણે અહીંનો ખર્ચ બહારના રાજયોમાં કરવો પડતો હતો. મને આનંદ છે કે આટલી બધી સીટો વધવાથી ગુજરાતની આરોગ્ય સેવામાં વધારો થવાનો છે.

રાજય સરકારે શાળા આરોગ્ય કાર્યક્રમ રાખ્યો છે, રાજય સરકારે અમલમાં મૂકેલ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ એ સૌથી મોટો આરોગ્ય કાર્યક્રમ છે. વર્ષ ૨૦૦૭-૦૮થી પ્રાથમિક શાળાના બાળકો ઉપરાંત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના બાળકોને પણ આ કાર્યક્રમ નીચે આવરી લેવાયેલ છે. વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન શાળા આરોગ્ય કાર્યક્રમ પછી નવેમ્બર, ૨૦૧૯થી ૩૦ જાન્યુઆરી, ૨૦૨૦ સુધી હાથ ધરવામાં આવેલ છે, જે દરમિયાન નવજાત શિશુથી લઇને છ વર્ષના આંગણવાડીના બાળકો ધોરણ-૧૨ સુધીના તમામ બાળકો અને ઝીરોથી ૧૮ વય જૂથના શાળાએ ન જતા ૧૬૦ લાખથી પણ વધુ બાળકોની આરોગ્ય તપાસણી કરવામાં આવેલ છે. જેમાં ૨૮ લાખ બાળકોને સ્થળ ઉપર સારવાર આપવામાં આવેલ છે અને ૨ કરોડ ૬૨ હજાર બાળકોને સઘન સેવા પૂરી પાડવામાં આવેલી છે. ૨૫,૩૯૮ બાળકોને સુપર સ્પેશિયાલિટી સારવાર પૂરી પાડવામાં આવેલ હતી. જેમાં હૃદયની બીમારી માટે ૨૦,૦૦૦ બાળકો, કિડનીની બીમારી માટે ૨૮૦૦ બાળકો અને કેન્સરની બીમારી માટે ૧૮૫૫ બાળકોને સારવાર આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૧ દરમ્યાન કોવિડ-૧૯ના કારણે ડિસેમ્બર-૨૦૨૦ સુધીમાં શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત બાળકોની આરોગ્ય ચકાસણી થઇ શકેલ નથી. આ સમયગાળા દરમ્યાન ૭૪૭૧ બાળકોને સુપર સ્પેશિયાલિટી સારવાર પૂરી પાડવામાં આવેલ હતી. હૃદયની બીમારી માટે ૪૭૫૧ બાળકોને, કિડનીની બીમારી માટે ૧૫૫૭ બાળકો અને કેન્સર માટે ૧૦૯૩ બાળકોને સારવાર આપવામાં આવેલ હતી. આટલી મોટી મહામારીની અંદર પણ રાજ્ય સરકારે બાળકોની જે ચિંતા કરી છે એ બદલ હું રાજ્ય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. અસ્તુ.

અધ્યક્ષશ્રી : શ્રી વિનોદભાઇ, સમયસર પ્રવચન પૂરું કરવા બદલ આભાર.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન(છઠ્ઠો દિવસ)

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી ગુજરાતના નાણામંત્રીશ્રી આદરણીય નીતિનભાઇ પટેલ સાહેબ જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા હોય, આરોગ્ય વિભાગ હોય કે માર્ગ અને મકાન વિભાગ હોય આ ગુજરાતના તમામ લોકોને સ્પર્શતો મુદ્દો છે. ખાસ કરીને હું ગુજરાતા છેવાડાના વિસ્તાર એવા થરાદમાંથી આવું છું. એ વાવ વિસ્તાર હોય કે થરાદ વિસ્તાર હોય ત્યાં નર્મદા કેનાલ એ લોકોની જીવાદોરી સમાન હોય ત્યારે દુઃખ સાથે કહેવું પડે છે કે આજે નર્મદા વિભાગની અંદર સ્ટાફની એટલી બધી ઘટ છે કે માત્ર ૨૫ ટકા કરતા ઓછા સ્ટાફ સાથે નર્મદા વિભાગમાં કેનાલોથી લઇને દફતર સુધી જે સ્ટાફની ભરતી હોવી જોઇએ એ નથી. ૨૫ ટકા કરતા ઓછા સ્ટાફ સાથે નર્મદા કેનાલો ચલાવવામાં આવી રહી છે. તેના કારણે સમયસર આ કેનાલોની સાફસફાઇ થતી નથી અને નવેમ્બરમાં પાણી છોડવામાં આવે ત્યાં સુધી કેનાલોની સાફસફાઇ ન થવાના કારણે વારંવાર કેનાલો તૂટે છે. રોજ ટી.વી. અને છાપામાં જોઇએ છીએ કે આજે આ કેનાલ તૂટી. આજે આ કેનાલ તૂટી. ત્યાંના ખેડૂતોને ભારે નુકસાન થાય છે. નર્મદાની મુખ્ય કેનાલ વર્ષોથી સાફ કરવામાં આવી નથી. તેના કારણે ક્યાંક કેનાલ બેસી ગઇ છે. ક્યાંક કેનાલ લીક થઇ રહી છે અને લીક થવાના કારણે મારા વિસ્તાર થરાદના દોઢગામ હોય, નાગલા હોય કે ખાનપુર ગામ ત્રણે ગામમાં એવી હાલત થઇ છે કે ત્યાંના ખેડૂતોની જમીન બંજર થઇ ગઇ છે. ખેતી કરી શકતા નથી. પાણી એટલું લીક થાય છે કે ત્યાંના ખેડૂતોની હાલત અત્યારે ગંભીર છે. સબમાઇનોર કેનાલમાં જે પાઇપ લાઇન નાખવામાં આવી તેમાં જે બિલ મંજૂર કરવામાં આવ્યા હતા તેમાં નાની સાઇઝની પાઇપલાઇનો નાખવામાં આવી છે. જેના કારણે આજે ખેડૂતોને સમયસર પાણી મળતું નથી. નાની પાઇપોના કારણે પાણી જતું નથી અને આજે ખેડૂતો હેરાન થઇ રહ્યા છે. નર્મદાની અંદર ખેડૂતોએ જે જમીનો આપી છે. ૧૦ વર્ષ થઇ ગયા તેમ છતાં ખેડૂતોને હજી સુધી વળતર મળતું નથી. આજે ડીઝલનો ભાવ આપણે બધા જોઇએ છીએ કે ૯૦ રૂપિયા સુધી પહોંચી ગયો છે ત્યારે હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ડીઝલ મોંઘું છે તો ખેડૂતોને સોલાર પંપ આપીએ અને તેના દ્વારા ખેડૂતો સિંચાઇ કરે તો ડીઝલની બચત થશે અને ખેડૂતોની આવકમાં પણ વધારો થશે. નર્મદા યોજનામાં જે પૈસા ફાળવવામાં આવે છે. પ્રજા હિત માટે થઇને નહેરો મજબૂત બનાવવા માટે, નવી બનાવવા માટે વાપરવાના હતા પણ ક્યાંકને ક્યાંક કેવડિયા ખાતે મોટી હોટલો, બગીચા કે મકાનો બનાવવા માટે વપરાયા તે દુઃખની બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની વાત કરું તો ત્યાં અર્ધ સરકારી હોસ્પિટલો, સિવિલ હોસ્પિટલો મંજૂર કરવામાં આવી હતી. આઠ-આઠ વર્ષ થઇ ગયા, ૫૦ બેડની ૧૦૦ બેડ કરવાની હતી. મારા વિસ્તારની સિવિલ હોસ્પિટલ છે હજી સુધી ૫૦માંથી ૧૦૦ બેડ કરવામાં આવ્યા નથી. વર્ષ ૨૦૧૯માં આરોગ્ય વિભાગ દ્વારા પી.આઇ.ઓ.ને એક લેટર લખવામાં આવ્યો હતો કે તમારી હોસ્પિટલને અપગ્રેડ કરવા માટે ૧૫૧૯ લાખ રૂપિયા ફાળવવામાં આવે છે પણ આજ સુધી તેનો ક્યાંય ઉપયોગ કરવામાં આવ્યો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગની વાત કરું મારા વિસ્તાની અંદર રાજ-જેતવા રસ્તો છે. ત્યાં મંત્રીશ્રી દ્વારા વર્ષ ૨૦૧૭માં ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આજે ચાર-ચાર વર્ષ થયાં છતાં રસ્તો પૂરો કરવામાં આવ્યો નથી. જ્યારે પણ આંદોલન થાય તો બે દિવસ કામ થાય છે. બાકી કામ થતું નથી. લોકો હેરાન થઇ ગયા છે કારણ કે ૪૦ ગામનો રસ્તો છે. લોકોને આવવા જવામાં તકલીફ પડે છે. રોડના કામના ૨૦-૨૫ ટકા બિલો મંજૂર થાય એના કારણે રોડ રસ્તાના કામમાં ગુણવત્તાપણ જળવાતી નથી અને જયારે કોઇકને ફરિયાદ કરીએ કે રોડ રસ્તા બરાબર નથી થતા તો એક-દોઢ વર્ષ સુધી ત્યાં તપાસ પણ કરવામાં નથી આવતા. આપશ્રીના માધ્યમથી માનનીય નીતિનભાઇ સાહેબ, અપેક્ષા સાથે કહું છું કે કોન્ટ્રાકટ બેઝથી કામ કરતા કર્મચારીઓને સમયસર પગાર મળી રહે તેવી વ્યવસ્થા થવી જોઇએ. બનાસકાંઠાની અંદર આજે ઘણા બધા આરોગ્ય કર્મચારીઓને ફેબ્રુઆરી મહિનાનો પગાર નથી મળ્યો. કોન્ટ્રાકટ બેઝમાં આમ તો કામ કરતા હોય અને છતાં જો આવી રીતે પ્રાઇવેટ કંપનીઓ શોષણ કરતી હોય તો ગુજરાતના યુવાનો નિરાશ થાય છે. ગામડાના રસ્તા માટે માનનીય નીતિનભાઇને કહેવા માગું છું કે ગામડાના કાચાથી પાકા રસ્તા ખૂબ જરૂરી છે તો આ બજેટની અંદર ખાસ કરીને આમાં વધુ ધ્યાન આપવામાં આવે એવું આપશ્રીના માધ્યમથી માનનીય નીતિનભાઇને કહેવા માગું છું અને આ બજેટની માગણીમાં મેં મારા વિચારો રજૂ કર્યા છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રી માગણી ક્રમાંકઃ ૩૯, ૪૦,૬૫, ૮૫, ૮૬ અને ૮૭ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન કે જેને ધોરી નસ કહી શકાય, કોઇપણ રાજયની અંદર જઇએ તો રસ્તા કેવા છે એની ઉપર લોકોની સૌથી પહેલા નજર હોય છે. અમે બિલકુલ બોર્ડર ઉપર રહીએ છીએ, અન્ય રાજયોમાં જયારે જતા હોઇએ રસ્તાઓ જેવા કે સ્ટેટના રસ્તાઓ, પંચાયતના હોય કે ગ્રામ્ય રસ્તા હોય કે જે કંઇ રસ્તાઓ એમાં સૌથી સારા રસ્તા ગુજરાતમાં છે. ગ્રામ્ય વિસ્તાર હોય કે શહેરી વિસ્તાર હોય બધે ખૂબ સારા રસ્તાઓ છે. ગુજરાતના ગામડાઓની વાત કરીએ તો ગામડાઓના જે ગ્રામ્ય રસ્તા છે એને ધોરીનસ કહેવામાં આવે છે. ખાસ કરીને પ્લાન રસ્તા, નોન પ્લાન રસ્તા, એમ.ડી.આર., ઓ.ડી.આર. રસ્તા, સ્ટેટના રસ્તા અને ખાસ કરીને જે વાઇડનિંગ થયું, વર્ષો પહેલાં ૩ મીટરના રસ્તા, પછી એમાં ૩.૭૫ થયું, ૫.૫ થયા, એમાંથી વધી ૭ મીટર અને એનાથી વધુ ૧૦ મીટરના રસ્તા, ગ્રામ્ય વિસ્તારમાં કોઇ જગ્યાએ નેશનલ હાઇવે પણ ૭

મીટરનો હોઇ શકે. અત્યારે ગામડાની અંદર સ્ટેટના રસ્તાઓ પણ દસ-દસ મીટરના પહોળા થઇ રહ્યા છે એના થકી ગામડાઓને સુવિધા મળવાની છે અને એના થકી એ વિસ્તારનો જે વિકાસ થવાનો છે એટલે એ વિસ્તારના નાગરિકોને વિશેષ સુવિધાઓ મળવાની છે ત્યારે આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રીનો હું ખૂબ આભાર માનું છું. વલસાડ જિલ્લાની સન ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે ૧૭ લાખ ૫ હજાર ૬૭૮ની વસતિ હતી આજે એમાં ખાલી કપરાડાનો દાખલો આપું. કપરાડા વિધાનસભા મત વિસ્તારની અંદર સન ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ની અંદર ૨૦,૧૪૮ લાખ રૂપિયા જેટલી રકમ ફાળવવામાં આવી છે એટલે ૨૦૧ કરોડ અને ૪૮ લાખ રૂપિયા જેટલી રકમ ફાળવવામાં આવી છે એના થકી કુલ ૧૨૩૧ કિલોમીટરના રસ્તા મુખ્યમંત્રી સડક યોજના, રિ-સર્ફેસિંગ હોય, વાઇડનિંગ હોય આ બધા જ રસ્તા મળીને લગભગ ૧૨૩૧ કિલોમીટર જેટલા રસ્તા મંજૂર કરવામાં આવ્યા છે. એ જ પ્રમાણે સ્ટેટના જે રસ્તા છે, ૬૭ કરોડ રૂપિયાના વાઇડનિંગના રસ્તા કપરાડા વિધાનસભા મતવિસ્તાર માટે રિ-સર્ફેસિંગ હોય, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હોય, કાચા કે પાકા રસ્તા હોય, સ્ટેટ હસ્તકના રસ્તા હોય, બોર્ડર વિલેજ હોય, આદીમ જૂથ હોય, હળપતિ આવાસના રસ્તા હોય એજ પ્રમાણે વલસાડ જિલ્લાની વાત કરું તો વલસાડ જિલ્લાની અંદર પૅરેલલ દરીયો, પૅરેલલ સુપરફાસ્ટ રેલવે, પૅરેલલ નેશનલ હાઇવે અને અત્યારે બુલેટ ટ્રેન પૅરેલલ છે. મુંબઇથી સુરત સુધી પૅરેલલ દરિયો છે. ચારે તરફ ઇન્ડસ્ટ્રી વિસ્તાર છે. ઉમરગામ, સરીગામ, વાપી, પારડી એ બધા ઇન્ડસ્ટ્રી વિસ્તાર છે. ગુંદલાવ ઇન્ડસ્ટ્રી વિસ્તાર છે, એ વિસ્તારની અંદર મુખ્યત્વે રેલવે ઓવરબ્રિઝની જરૂરિયાત છે. આર.ઓ.બી.ની જરૂરિયાત હોય છે. ત્યારે વલસાડ જિલ્લાની અંદર મુખ્યત્વે ૨૧ જેટલા આર.ઓ.બી. મંજૂર કરવામાં આવેલા છે. ૨૧ આર.ઓ.બી. માટે રૂપિયા ૧૫૦૫ કરોડ ૭૯ લાખ જેટલી રકમ મંજૂર કરવામાં આવી છે. એમાંથી પ્રગતિની વાત કરું તો વલસાડ જિલ્લાના મોતીવાડા આર.ઓ.બી., ડુંગરી આર.ઓ.બી., મલાવ આર.ઓ.બી., કરમબેલી આર.ઓ.બી., બલીઠા આર.ઓ.બી., જોરાવાસણ આર.ઓ.બી., સંજાણ આર.ઓ.બી., સુળસુમ્બા આર.ઓ.બી., અતુલ અને વલસાડ ખાતે વસેર એમ કુલ ૧૦ જેટલા આર.ઓ.બી.નું કામ પ્રગતિ હેઠળ છે અને ટૂંક સમયમાં પૂરા પણ થશે. કારણ કે ઇન્ડસ્ટ્રિયલ વિસ્તાર હોવાના કારણે એની ખૂબ જ જરૂરિયાત છે. ગુજરાતના વાપી ઇન્ડસ્ટ્રીઝ સાથે મુંબઇનું જે કનેકશન છે એના કારણે ખૂબ જ મુશ્કેલી પડતી હતી. સૌથી વધારે છેલ્લા ૪-૫ વર્ષમાં એક પછી એક આર.ઓ.બી. આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કર્યા છે ત્યારે એમનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને આરોગ્યની વાત કરું તો આદિવાસી વિસ્તારમાં મા-અમૃતમ્ હોય કે મા-વાત્સલ્ય હોય કે મુખ્યમંત્રી આયુષ્યમાન ભારતની યોજના હોય, જનની સુરક્ષા કાર્યક્રમ હેઠળ ૩૦ દિવસ સુધી બાળકને સુરક્ષા માટેની યોજના હોય કે બાળસખા યોજના હોય. ખાનગી હોસ્પિટલમાં એક વર્ષ સુધી બાળકને મફત સુવિધાની યોજના, ચિરંજીવી યોજના, એસ.સી., એસ.ટી. લાભાર્થીઓને ખાનગી હોસ્પિટલમાં ડિલિવરીનો સંપૂર્ણ ખર્ચ સાથેની યોજના. ગ્રામ્ય વિસ્તારમાં ખાસ કરીને આરોગ્યને લગતી યોજનાઓ છે એ યોજનાઓ થકી ગ્રામ્ય વિસ્તારના મહત્તમ આદિવાસી અને ગરીબ વ્યક્તિઓ છે એમને વધારેમાં વધારે લાભો આપણા નાયબ મુખ્યમંત્રીશ્રી અને આપણા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબના નેતૃત્વમાં સરકાર ચાલી રહી છે એ સરકારની અંદર જે લાભો મળે છે એના થકી ૧૦૮ હોય કે સરકારની અન્ય જે કોઇ યોજના છે એમાં ગામડા વિસ્તારમાં વધારેમાં વધારે લાભકર્તા બને અને ગુજરાતની પ્રજાને સુવિધા ઉપલબ્ધ થાય એના માટે સરકારને અને આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને તમામને ધન્યવાદ આપું છું. ભારત માતા કી જય.

અધ્યક્ષશ્રી : માનનીય પ્રતાપભાઇ, આમ તો બધાના રસ્તા અલગ અલગ હોય છે. કોઇ કવિએ કહ્યું છે કે, 'રાસ્તે અલગ અલગ હૈ, મંઝીલ તો એક હૈ.'

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી આરોગ્ય, બાંધકામ અને નર્મદાની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જળ દિવસ છે. જળ એ જ જીવન અને આજે આપણે બધા અહીંયા બેઠેલા તમામ સભ્યશ્રીઓ પણ પ્રતિજ્ઞા લઇએ કે પાણી ન બગાડીએ. પાણીનો સદુપયોગ કરીએ અને જેમ દેશના વડાપ્રધાને કહ્યું છે એમ પાણી છે એ પ્રસાદ છે તો પ્રસાદના રૂપમાં એનો ઉપયોગ કરીએ અને પાણીને બચાવીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોના કાળમાં લોકડાઉન સમયમાં આરોગ્ય કર્મીઓએ એમના જીવના જોખમે જે કામગીરી કરી છે એ બદલ હું એમને અહીંથી ખૂબ ખૂબ અભિનંદન આપું છું. કારણ કે મેં નજરે જોયેલું છે. મારે અત્યારે વાત કરવી છે એ અત્યારના સમયમાં જે ભેળસેળ થાય છે એ અંગે વાત કરવી છે. આજે માર્કેટમાંથી દૂધ લઇએ તો પણ ભેળસેળ, ઘી લઇએ તો એમાં પણ ભેળસેળ. નાના બાળકો, નાના ભૂલકાઓ જે ગ્રામ્ય વિસ્તારમાં જે પણ ખાદ્ય પદાર્થ પોતાની સામે મળતો હોય અને લઇને ખાતા હોય છે એ પણ કેમિકલયુક્ત હોય છે. એમાં એવા પદાર્થ હોવાથી એને એનું વ્યસન થઇ જાય છે. કોઇ માણસ વ્યસની હોય અને વ્યસન વિના ન રહી શકે એ રીતે બાળકોને એની નજર સામે પડીકામાં ખોરાક સ્વરૂપે જે મળતું હોય એમાં કેમિકલ નાખવામાં આવેલ હોવાથી એને એનું બંધાણ થઇ જાય છે. લાંબાગાળે એ કુપોષણનો ભોગ બને છે અને એમાં ઘણી ખામીઓ થાય છે. એટલે મારી વિનંતી છે કે એ ભેળસેળની અંદર જે કાયદો છે એ કાયદાને કડક કરવામાં આવે. હું પણ એક ખેડૂતનો દીકરો છું. મારા ઘરે ગાયો છે. અમે પણ દૂધ અને ઘી બનાવીએ છીએ. હું પોતે એનો હિસાબ કરું તો મારે ઘરની અંદર મારું ઘી છે એ મને પોતાને ૧૨૦૦થી ૧૫૦૦ રૂપિયામાં પડે છે. આજે બજારની અંદર ૪૦૦ રૂપિયામાં ઘી મળે. ૫૦૦ રૂપિયાની

કોઇ પ્રોડક્ટ બહાર પાડીને કોઇ પણ નામથી ઘી વેચાય છે તો ખરેખર એ વસ્તુની તપાસ થવી જોઇએ જેનાથી લોકોના જીવન અને આરોગ્ય સાથે નુકસાન થાય છે એના ઉપર મેઇન કંટ્રોલ આવવો જોઇએ. ઘણી વખતે જિલ્લાની કોઇ લેબોરેટરીમાં ટેસ્ટ કરાવવા જાય ત્યારે એ લોકો ગેરંટી આપતા હોય છે કે અમારું ઘી લઇને તમે ટેસ્ટ કરાવવા જાવ એમાં કોઇ ભેળસેળ નહિ નીકળે. જિલ્લાની કોઇ લેબોરેટીરીમાં જાવ તો એનું કોઇ કારણ હશે કે એનો રિપોર્ટ પોઝિટિવ જ આવે. એમેનું ઘી પાસ થાય. જે કોઇ કારણો હોય તે એની ટીકા-ટિપ્પણમાં પડવા માગતો નથી પણ માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા સરકારશ્રીને અને મંત્રીશ્રીને મારી વિનંતી કરું છું કે આરોગ્યની સાથે ચેડાં કરવામાં આવે છે, નાના ભૂલકાઓ સાથે ખિલવાડ કરે છે આવા ભેળસેળિયા લોકોને કડકમાં કડક કાયદો એ જામની ઉપર ના છૂટે, એને સજાઓ થાય એવો કાયદો કડક બનાવીને સરકાર અમલવારી કરે તો આવનારા સમયમાં આરોગ્યની સાથે ચેડાં કરનાર લોકોને પણ એક મસેજ મળે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારની અંદર ઘણાં સમયથી મને જોબ નંબર પણ મળ્યો છે. મારા સૂત્રાપાડા તાલુકાનું એક ગોરખમઢીથી નવાગામની વચ્ચે સરસ્વતી નદી આવેલી છે એનો વિયર પાસ થઇ ગયેલો છે પણ આજની તારીખ સુધી એની કોઇ ટેન્ડર પ્રક્રિયા નથી થઇ તો વહેલી તકે એની ટેન્ડર પ્રક્રિયા પણ થાય. તાલાલાથી ખિરધાર થઇને ગલીયાવડનો અમારો એક રસ્તો છે એના ઉપર હિરન નદી આવેલી છે. બહુ જૂનો જર્જરિત હાલતમાં જૂનો બ્રિજ એના ઉપર છે. ગમે ત્યારે અકસ્માત થતાં બ્રિજ તૂટી જાય એવી પરિસ્થિતિમાં છે તો માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે એ બ્રિજને પણ વહેલી તકે જોબ નંબર આપવામાં આવે કે જેનાથી આવનારા સચમની અંદર કોઇ અકસ્માત ના ઘટે. માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા બીજું પણ માનનીય મંત્રીશ્રીને ધ્યાન દોરવા માગું છું કે અમારે કોડીનારથી સૂત્રાપાડા ફાટક સુધીના રસ્તામાં મોટા ઉદ્યોગો આવેલા છે અને હમણા ફોર ટ્રેકનું કામ પણ ત્યાં મંદ ગતિએ ચાલુ છે. જ્યારે ત્યાં ફોર ટ્રેક ચાલુ થઇ જશે ત્યારે ત્યાં ટોલનાકાઓ આવવાથી બધો ટ્રાફિક છે એ કોડિનાર થઇને એ ઇન્ડસ્ટ્રિયલોમાં જવા માટે રોડ ઉપર ડાયવર્ટ થવાનો છે, ત્યારે એ રસ્તો પણ ૧૦ મીટરનો કરવા અમારી માગણી છે અને આવનારા સમયમાં એ ૧૦ મીટરનો રસ્તો પણ માનનીય મંત્રીશ્રી મંજૂર કરે અને એનો જોબ નંબર આપે. આભાર.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. આપને એક મિનિટ વધારે આપી. કારણ કે પાણી એ પ્રભુનો પ્રસાદ છે અને ભેળસેળની વાત કરી, એટલે ભેળસેળનું મુખ્ય કારણ ઇમાનમાં ભેળસેળ થયેલી છે, ધન્યવાદ. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મને કહેતા આનંદ છે કે રાજ્યના વિકાસ માટે સમૃદ્ધી માટે, સ્વાસ્થ્ય માટે ખૂબ જરૂરી એવા વિભાગોની માગણીઓ આ સન્માનનીય ગૃહ સમક્ષ લઇને હું આવ્યો છું જેમાં નર્મદા વિભાગ, આરોગ્ય વિભાગ, માર્ગ મકાન વિભાગ અને પાટનગર યોજના વિભાગનો સમાવેશ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસની આ ચર્ચાઓમાં ૨૨ જેટલા માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા એનો મને આનંદ અને ગૌરવ છે કે લગભગ રૂપિયા ત્રીસેક હજાર કરોડ જેટલું બજેટ આ મારા વિભાગો આખા વર્ષ દરમિયાન ગુજરાતની પ્રજાના ઉપયોગ માટે વાપરવાના છે. આ રૂપિયા ત્રીસ હજાર કરોડનું બજેટ લગભગ ગઇ સાલ પણ આનાથી આસપાસનું જ હતું. કોઇપણ માનનીય ધારાસભ્યશ્રીએ અમારા કોઇપણ વિભાગની કામગીરીમાં કોઇ મોટી કરોડો રૂપિયાની ગેરરીતિ થઇ હોય, કોઇ મોટો ભ્રષ્ટાચાર થયો હોય એવો કોઇપણ પ્રકારનો આક્ષેપ અમારા કોઇપણ અધિકારી ઉપર, અમારા તંત્ર ઉપર કે મંત્રી તરીકે મારા ઉપર નથી કર્યો એનો મને સંતોષ અને આનંદ છે. પ્રજાના પૈસા છે. મેં પરમ દિવસે પણ કહ્યું હતું કે આ આપણા કોઇના પૈસા નથી. રૂપિયા ૨,૧૭,૦૦૦ કરોડનું બજેટ ગયા વર્ષે હતું એમાં આ વર્ષે વધારો કરીને રૂપિયા ૨,૨૭,૦૦૦ કરોડ કર્યું છે. આ ૨,૨૭,૦૦૦ કરોડ રૂપિયા ગુજરાતની જનતાની મહેનતની કમાણીના ટેકસરૂપે સરકારની તિજોરીમાં આવતી રકમ છે. એનો સારી રીતે, યોગ્ય રીતે, જરૂરિયાત પ્રમાણે પ્રમાણિકતાથી, દૂરદર્શિતાથી વહીવટ કરવો એ મારી, અમારા મુખ્યમંત્રીની અને અમારા સમગ્ર મંત્રીમંડળની અને અમારા પક્ષના સૌ સાથીઓની અને વિપક્ષના સાથીઓ સહિતની આપણા બધાની જવાબદારી છે. પહેલી વાત હું કરીશ આજે નર્મદા વિભાગ માટે કારણ કે નર્મદા કામગીરી બધી હવે લગભગ પૂર્ણતાના આરે છે. નર્મદાનું કામ વર્ષ ૧૯૬૦થી શરૂ થયું. ગમે તે કારણસર ધીમેધીમે લંબાયું. હું કોઇ કારણોમાં જવા માગતો નથી, કોઇના ઉપર ટીકા-ટિપ્પણી કરવા માગતો નથી પણ હવે આપણે એના અંતિમ ચરણમાં જયારે પ્રવેશી ચૂકયા છીએ, ત્યારે નર્મદા યોજનાથી જે લાભ થાય છે એ હવે હું માનું છું કે ગુજરાતમાં કે દેશમાં કોઇને કહેવું પડે, આંગળી ચીંધવી પડે, બતાવવું પડે કે આ નર્મદાનો ફાયદો થયો એવું હવે કયાંય બાકી રહ્યું નથી. લગભગ ૯૦ ટકા કરતાં વધુ કામ નર્મદાના પૂર્ણ થઇ ચૂકયાં છે. અમારા સભ્ય નીમાબહેને કહ્યું, બીજા સભ્યશ્રીએ કહ્યું કે કચ્છ સુધી નર્મદાનું કામ અંતિમ ચરણમાં પહોંચ્યું છે અને જયારે નર્મદા યોજના કરી, કદાચ બધા સભ્યશ્રીઓને ખ્યાલ નહીં હોય ત્યારે કોઇને કલ્પના નહોતી કે નર્મદાની વધારાની જે ફાયદાકારક પ્રવૃત્તિથી રાજયને લાભ થવાનો છે એ નર્મદાનું વધારાનું એક મિલિયન એકર ફીટ પાણી એટલે જયારે નર્મદામાં પૂર આવે અને નર્મદાનું પાણી ભરૂચથી દરિયામાં જતું રહે ત્યારે પાણીને આપણે ઉપયોગમાં નહોતા લઇ શકતા. મને આનંદ છે માનનીય નરેન્દ્રભાઇ મુખ્યમંત્રીશ્રી હતા, માનનીય કેશુભાઇ મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે અમારી ભારતીય જનતા પક્ષની સરકારે આ અગત્યની બાબત ધ્યાનમાં લીધી કે નર્મદાનો ઉપયોગ તો કરીએ છીએ પણ નર્મદાનો ડેમ ભરાઇ જાય. આપણે જોયું છે કે વર્ષોવર્ષ ભરાઇ જાય છે અને આખેઆખો બંધાઇ ગયા પછી પૂરેપૂરી ઉંચાઇ પ્રાપ્ત કર્યા પછી પણ આ વર્ષે પણ નર્મદામાં ખૂબ

મોટા પ્રમાણમાં પાણી આપણને પ્રાપ્ત થયું અને ડેમ વારંવાર ઉભરાયો તો એ ઉભરાયેલું પાણી દરિયામાં જતું રહેતું હતું. સ્વ. કેશુભાઇ પટેલ અને માનનીય નરેન્દ્રભાઇ મોદીજીએ આ વધારાના પાણીને આપણે નર્મદા કેનાલ મારફતે રાજયના અછતવાળા વિસ્તારમાં ફાળવીએ અને એ વખતે ભારતીય જનતા પક્ષની સરકારે, અમે નિર્ણય કર્યો કે એક મિલિયન એકર ફીટ પાણી નર્મદાનું વહી જતું વધારાનું ઉત્તર ગુજરાતમાં, એક મિલિયન એકર ફીટ વહી જતું પાણી સૌરાષ્ટ્રમાં અને એક મિલિયન એકર ફીટ પાણી કચ્છને ફાળવી આપવું. હું તમને ચોકકસ કહીશ કે ભૂતકાળમાં કોઇને આ કલ્પના નહોતી.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાનું આયોજન બરાબર હતું પણ વધેલા પાણીનું શું કરવું? ઉભરાઇ જતા દરિયામાં જતા રહેતા પાણીનું શું કરવું એ વિચારણા કોઇને નહોતી થઇ. એ અમારા રાષ્ટ્રીય નેતાઓને થઇ. અમારા દીર્ઘદ્રષ્ટી વિચારવાળા ખેડૂતલક્ષી, પ્રજાલક્ષી નેતાઓને થઇ. આ પાણી ફાળવી આપ્યું. એમાં ૧ મિલિયન એકર ફૂટ પાણી સુજલામ સુફલામ કેનાલ દ્વારા કડાણાનું પાણી નર્મદાની પાઇપલાઇનનું પાણી ચેકડેમ દ્વારા એ લગભગ આપણે ફાળવી આપ્યું છે. એ ૬થી ૭ જિલ્લા સાબરકાંઠાથી માંડી સુરેન્દ્રનગર સુધી એ પાણી વર્ષોથી પહોંચી ચૂક્યું છે અને મોટા પ્રમાણમાં ખેડૂતો બનાસકાંઠા સહિત લોકો લાભ લઇ રહ્યા છે. બીજો નિર્ણય કર્યો સૌની યોજના અંગે. એ પણ માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ મુખ્યમંત્રી હતા ત્યારે સૌરાષ્ટ્રમાં પણ અવાર-નવાર દુષ્કાળ પડે, ડેમ ખાલી રહે, ખેડૂતોને સિંચાઇનું પાણી ન મળે, લોકોને પીવાનું પાણી ન મળે, એટલે સૌની યોજનાનું કામ મંજૂર કરવામાં આવ્યું અને સૌની યોજનાના માધ્યમથી તોતિંગ પાઇપલાઇન અમારા સભ્યશ્રીએ ખૂબ સારી રીતે કહ્યું હું તો હાથ ઊંચો કરું તો પણ ના પહોંચું. કદાચ શ્રી જીતુભાઇ મારાથી ઘણા ઊંચા છે એ હાથ ઊંચો કરે કદાચ પહોંચે. શ્રી જીતુભાઇ પણ ના પહોંચી શકે અને મારુતિ ગાડી સડસડાટ જઇ શકે તેવી મોટી પાઇપ લાઇનનું નેટવર્ક અમે સૌરાષ્ટ્રમાં. (અંતરાય) શ્રી પ્રદીપસિંહ પણ ન પહોંચે, કોઇ ન પહોંચે તેવું છે. હવે કોઇ ન પહોંચે તેવાં કામ કરીએ છીએ. પહોંચે તેવું કામ તો બધાં કરે. ના પહોંચે તેવાં કામ કરીએ તે અમારી ભાજપની વિશિષ્ટતા છે, એટલે એ કામ અમે કર્યું. સૌરાષ્ટ્રના ધારાસભ્યો બંને બાજુએ બેઠા છે. કોઇ ધારાસભ્ય એમ કહે કે સૌની યોજનાથી ફાયદો નથી થયો? કોઇ ઉત્તર ગુજરાતના, મધ્ય ગુજરાતના ધારાસભ્ય એમ કહે કે સુજલામ સુફલામથી ફાયદો નથી થયો તો હું ધારાસભ્ય તરીકે રાજીનામું આપી દેવા તૈયાર છું.

અધ્યક્ષશ્રી : પણ હું નહિ સ્વીકારું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : બરાબર છે, હું એટલા માટે ખાતરીપૂર્વક, વિશ્વાસપૂર્વક કહું છું કે કયાંક કચાશ રહી ગઇ હશે, કયાંક બાકી હશે, કોઇ જગ્યાએ ભૌગોલિક સ્થિતિના કારણે કોઇ ડુંગરાળ વિસ્તાર કે ઊંચાઇવાળો વિસ્તાર હોય તો ત્યાં પાણી ન પણ પહોંચ્યું હોય, પણ જયાં પહોંચ્યું..

અધ્યક્ષશ્રી : સારું કામ થયું છે એનો કોઇ ઇન્કાર ન કરી શકે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ જ મારું કહેવું છે. એનો ખૂબ મોટો ફાયદો.(અંતરાય) હું મંત્રી છું, એટલા માટે. ના થાય તો મારી જવાબદારી છે એટલે(અંતરાય) મતદાનમાં મને ખબર છે. મને સંપૂર્ણ વિશ્વાસ છે. મિત્રો અમારા ભલે નર્મદાની ટીકા કરે, માગણી કરે. એ એમનો અધિકાર છે. નર્મદાનું બજેટ પરંપરાથી સર્વાનુમતે મંજૂર કરીએ છીએ. થવાનું છે. મને વિશ્વાસ છે કે પરેશભાઇ, શૈલેષભાઇ, બધા ઉપર મને વિશ્વાસ છે. મારું રાજીનામું હું કયાં આપું છું. તમે બધા ના કહો છો. નથી જોઇતું સાહેબે ના પાડી. તમે સાબિત કરો કે અમે નિષ્ફળ ગયા છીએ. રાજીનામું કયારે આપવાનું હોય? નિષ્ફળ થઇએ તો. અમે તો સફળ થયા છીએ. શૈલેષભાઇ, સમય ન બગાડશો. મને આનંદ છે કે સારું કામ થતું હોય તો ભગવાન પણ કૃપા કરતા હોય છે. આ વર્ષે આજની તારીખની સ્થિતિએ નર્મદા ડેમમાં ગયા વર્ષે ૧૨૨.૪૯ મીટરના લેવલે પાણી ભરેલું હતું. આજે ૧૨૭.૪૦ મીટરના લેવલે પાણી ભરેલું છે. એટલે જથ્થાની દ્રષ્ટીએ જોઇએ તો ગયા વર્ષે ૫૯,૦૮૨ એમસીએફટી પાણી ભરેલું હતું. આજે ૯૨,૯૬૦ એમસીએફટી પાણી ભરાયેલ છે, એટલા માટે મેં થોડા દિવસ પહેલા જાહેરાત કરી આમ તો નર્મદાના પાણી માટે ટ્રિબ્યુનલની પણ જોગવાઇ છે. જે એવોર્ડ આવેલ છે સુપ્રીમ કોર્ટે માન્ય રાખ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે એવોર્ડ આવેલો છે તે સુપ્રીમ કોર્ટે પણ માન્ય રાખ્યો છે કે, શિયાળું પાક અને ચોમાસામાં જરૂર પડે તો જ નર્મદાનું પાણી સિંચાઇ માટે આપવું, પણ વધારે પાણી ભગવાને કૃપા કરીને આપણને આપ્યું છે એટલે આ વખતે અમે ઉત્તર ગુજરાતની સુજલામ્ સુફલામ યોજનામાં પાણી આપ્યું. પરમદિવસે મેં જાહેરાત કરી કે, સૌરાષ્ટ્રમાં સૌની યોજનાના ડેમો, ચેકડેમો, તળાવો ભરવા માટે ૪૦૦૦ એમ.સી.એફ.ટી. પાણી આપવાની મંજૂરી આપી. ઉનાળામાં આપણા મહેનતું ખેડૂતો તેનાથી ઉનાળું પાકનું વાવેતર કરે અને તેમની આવક વધારે તે માટે અમારી સરકાર આ આયોજન કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીં પાણી માટે વિપક્ષમાંથી કોઇએ સારું કહ્યું. મને લાગે છે કે, શ્રી ભગાભાઇએ કહ્યું છે કે, આ વરસાદનું પાણી તે ભગવાનની પ્રસાદી છે. મૂળ તો આ મોદી સાહેબનું વાક્ય છે તે શ્રી ભગાભાઇના હ્રદયમાં ઉતરી ગયું એટલે તેમનો હું આભાર માનું છું કે, આ પ્રસાદીરૂપ પાણીનો આપણે ખૂબ સુંદર રીતે ઉપયોગ કરીએ છીએ. આપણા સૌનો તેના ઉપર અધિકાર છે. બનાસકાંઠા જિલ્લો કે કચ્છ, આ બાજુ ઉત્તર ગુજરાતના બધા વિસ્તાર અને આખા સૌરાષ્ટ્રમાં સિંચાઇ તો ખરી જ. મેં બે દિવસ પહેલાં જ આ આંકડા આપ્યા હતા કે, નર્મદાના પાણીનો લાભ લઇ ગુજરાતના મહેનતું ખેડૂતોએ ૧ લાખ ૭૨ હજાર કરોડ રૂપિયાથી વધુ રકમનું કૃષિ ઉત્પાદન કર્યું છે. તેની સાથે સાથે ચાર કરોડ નાગરિકો માટે નર્મદા યોજનાના કારણે આપણે પીવાનું પાણી ઘરે ઘરે પહોંચાડવાની વ્યવસ્થા કરીએ છીએ. તેના લીધે લાખો પશુઓ, ગાયો, ભેંસો, બળદ, ઊંટ, બકરાં જે પશુ પંખી જે હોય તે બધાને આપણે આ પાણી આપી શકીએ છીએ. હજારો તળાવો ભરીએ છીએ. તે તળાવોમાં પાણી

રિચાર્જ થાય છે. તેના લીધે ખારાશવાળું પાણી ઓછું થાય છે. પાણીના તળ ઉંચા આવે છે. તે બધો લાભ આ નર્મદા યોજનાના કારણે થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જયારે વિશ્વ જળ દિવસ છે ત્યારે નર્મદાની માગણી એ તો જોગાનુંજોગ આ વિશ્વ જળ દિવસના દિવસે આવી છે. એટલે તેનો મને ખૂબ આનંદ છે. આપણે જાણીએ છીએ કે, નર્મદા ડેમ ઉપર આપણે હાઇડ્રો પાવરનું પણ ઉત્પાદન કરીએ છીએ. આ હાઇડ્રો પાવરની ઉત્પાદન ક્ષમતા છે અને તેમાંથી જે પાવર ઉત્પાદિત થાય છે તેનો ભાગ ગુજરાતના હિસ્સામાં ઓછો આવે છે, તેમાં આપણને પાણી વધારે મળે છે પણ વીજળી મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રને વધારે મળે છે. આ ટ્રીબ્યુનલનો ચુકાદો છે. છતાં પણ આ રાષ્ટ્રીય ઉત્પાદન છે. ખાલી વર્ષ ૨૦૨૦ના ફેબ્રુઆરીથી ૨૦૨૧ના ફેબ્રુઆરી સુધી એટલે કે એક વર્ષની જો માહિતી આપું તો ૩૫૬ કરોડ યુનિટ વીજળી નર્મદાના પાણીથી ઉત્પન્ન થાય છે. આ પાણી નકામું નથી જતું. તે પાણીથી ટર્બાઇન ચાલે. તે પાણી આપણી કેનાલમાં સિંચાઇ માટે અને પીવા માટે પાછું મળી જાય છે. આ જે ૩૫૬ કરોડ યુનિટ વીજળીનું ઉત્પાદન થયું તેને યુનિટદીઠ રાષ્ટ્રીય સ્તરે ચાર રૂપિયા એક યુનિટનો ભાવ ગણીએ તો ફક્ત એક વર્ષમાં સરદાર વલ્લભભાઇ પટેલનું સ્વપ્ન હતું અને જે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પૂર્ણ કર્યું તેના કારણે દેશને ૧૯,૭૯૪ કરોડ રૂપિયાની વીજળી વિના મૂલ્યે પ્રાપ્ત થઇ છે. તેનો કોઇ ખર્ચ નથી. પાણીથી ટર્બાઇન ચાલે અને વીજળી ઉત્પન્ન થાય અને પાણી પાછું મળે. આ રીતે ૧૯૭૯૪ કરોડ રૂપિયાની વીજળી પ્રાપ્ત થઇ તે આપણા આ ગુજરાતની નર્મદા યોજનાનો મોટો પ્રતાપ છે. નર્મદા યોજનાની કામગીરી કચ્છમાં ખૂબ ઝડપથી પૂર્ણતાના આરે છે. અમારા કચ્છના બધા જ માનનીય ધારાસભ્યશ્રીઓ, કિસાન સંઘના આગેવાનો, મુંબઇમાં જે કચ્છીઓ રહે છે તે કચ્છની ચિંતા કરે છે અને પાણીની માગણી કરે છે તેનો મને આનંદ છે. સૌરાષ્ટ્રના વતનીઓ દેશ વિદેશમાં ગમે ત્યાં રહેતા હોય તે પણ પાણીના પ્રશ્નોની ચિંતા કરે છે. આ બધી જ ચિંતાનો એક જ જવાબ નર્મદા યોજનાનું કામ આપણે ઝડપથી પૂર્ણ કરીએ અને તેના માટે આ વખતે અમે જે જોગવાઇ કરી છે તેને માનનીય સભ્યશ્રીઓ સર્વાનુમતે મંજૂર કરે તેવી સૌને હું વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો અગત્યનો વિભાગ એ અમારો આરોગ્ય વિભાગ છે. કોરોનાની ચર્ચા બહુ થઇ છે, પહેલા દિવસથી થઇ છે, એક વર્ષથી ચાલે છે અને ભગવાન જાણે ક્યાં સુધી ચાલશે? આ ચર્ચા પર ક્યારે પૂર્ણ વિરામ મૂકાશે એની આપણને કોઇ કલ્પના નથી. પરંતુ હું આ ગૃહના બધા સભ્યશ્રીઓનો આભાર માનુ છું કે, ગુજરાત સરકારની કામગીરી અને કોરોના વોરિયર્સ એટલે કે આપણા ડોકટર, નર્સીસ, પેરા મેડિકલ સ્ટાફ, સફાઇ કામદારો, પોલીસ કર્મચારીઓ, બીજા તંત્રના કર્મચારીઓ એ બધાની કામગીરીને આપ સૌએ બિરદાવી છે એનો મને આનંદ છે. માનનીય અધ્યક્ષશ્રી, આજની સ્થિતિએ, ગઇ કાલની સ્થિતિએ થોડી તાજી માહિતી એટલા માટે આપવી છે કે, કોરોના ચિંતાજનક છે જ, આખી દુનિયા માટે ચિંતાજનક છે. અહીંયા ભલે આપણે રાજકીય ટીકા કરીએ કે, ટ્રમ્પ આવ્યા એટલે થયું, ક્રિકેટ મેચ રમાઇ એટલે થયું પણ મહારાષ્ટ્રમાં આપણા કરતા હજારો કેસ વધુ આવે છે. હું મહારાષ્ટ્રની કોઇ ટીકા કરતો નથી, ત્યાંના સંજોગ એવા હશે એને કારણે આવતા હશે પણ આપણે ત્યાં આ થયું એટલે આવે છે એવી ટીકા કરવાનું કોઇ કારણ નથી. ક્રિકેટ મેચની ટીકા કરી, મારે પૂછવું છે કે, ક્રિકેટ મેચ તો અમદાવાદમાં હતી, નરેન્દ્રભાઇ મોદી સ્ટેડીયમમાં હતી તો સુરતમાં વધુ કેસ આવે છે, રાજકોટમાં પણ કેસ આવે છે, બીજા જિલ્લાઓમાં પણ કેસ આવે છે તો શું ક્રિકેટના બોલની જેમ બધે ઉછાળો માર્યો? (અંતરાય) તમે શાંતિ રાખો શ્રી આનંદભાઇ, *(xxx) ખાલી બોલવા ખાતર બોલવું પડે હું સમજું છું. વિરોધ પક્ષમાં છે એટલે થોડી ફરજ બજાવવી પડે પણ અમારા આરોગ્ય વિભાગની આપણા સૌની કામગીરીને પણ મારે આ સન્માનનીય ગૃહના ધ્યાન ઉપર મૂકવી છે. માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) મેચમાં આવ્યા હોય અને સંક્રમિત થયો હોય તો એમ મેં કહ્યું છે અને હજુ કહું છું. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, તમે કેવી રીતે નક્કી કરી શકો કે, સમાજનો ક્યો વ્યક્તિ મેચ જોવા આવ્યો હતો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બતાવો તમે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ તો સમાજનું અપમાન છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : કોઇનું અપમાન નથી. બેસો તમે, કોઇનું અપમાન નથી. સાહેબ, આ કોંગ્રેસવાળાને દરેક વાત...(અંતરાય)

અધ્યક્ષશ્રી : કોઇનું અપમાન નથી. પ્લીઝ, બેસી જાવ, શ્રી આનંદભાઇ, પ્લીઝ બેસી જાવ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇનું અપમાન નથી બેસો શ્રી સુખરામભાઇ, સાહેબ, કોંગ્રેસવાળાએ દરેક વાતમાં જાતિવાદ, જ્ઞાતિવાદ, પેટા-જ્ઞાતિવાદ આ રીતે વહેંચી વહેંચી અને દેશને તમે ખલાસ કરી નાંખ્યો છે.

અધ્યક્ષશ્રી : આટલી સારી વાત થઇ રહી છે. પ્લીઝ, પ્લીઝ. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભાગલા પાડવા, ટૂંકડા કરવા, વિચારભેદ કરવો આ જ તમારું કામ છે. હજુ કહું છું કે, એમના જિલ્લાનો કોઇ આવ્યો હોય તો બતાવે અને શ્રી પુંજાભાઇને કહું છું કે એમના જિલ્લાનો કોડિનારનો કોઇ

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

આવ્યો હોય તો બતાવે, ઉનાનો કોઇ આવ્યો હોય તો બતાવે. ખોટી રીતે વાતો કરીને ઉશ્કેરવાની પદ્ધતિ પડી ગઇ છે. સાહેબ, જ્ઞાતિવાદ ફેલાવવો એજ કોંગ્રેસનું કામ છે. ના સાંભળવું હોય તો કંઇ નહીં. (અંતરાય) એકેય વખત નથી બોલ્યો, એકેય વખત નથી બોલ્યો. તમારે ભાગલા પાડવા છે? તમારે ગુજરાતના, દેશના, હિન્દુ ધર્મના ભાગલા પાડવા છે, તમારે જાતિવાદ કરવો છે, તમારે તમારું રાજકારણ ચલાવવું છે. સાહેબ, કંઇક બોલીએ એટલે જાતિવાદ, જ્ઞાતિવાદ આના સિવાય કંઇ આવડતું નથી, એ જ મુદ્દો આવડે છે. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગયે વખતે માનનીય નીતિનભાઇ આદિવાસી ડોકટરો સરકારી હોસ્પિટલમાં નોકરી કર્યા પછી આદિવાસી વિસ્તારમાં જતા નથી. (અંતરાય) આ શબ્દો શ્રી નીતિનભાઇના છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હજુ કહું છું, હજુ કહું છું, શ્રી શૈલેષભાઇ, બેસો.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, બધા બેસી જાવ, આપ પણ બેસી જાવ. માનનીય શૈલેષભાઇ, પ્લીઝ પ્લીઝ. કુલડાઉન, માનનીય પરેશભાઇ પ્લીઝ, શ્રી પ્રતાપભાઇ, શ્રી અમરીષભાઇ પ્લીઝ, શ્રી આનંદભાઇ પ્લીઝ.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નીતિનભાઇએ એવું કહ્યું કે, આદિવાસીઓનો માત્ર નાચવા અને ગાવા માટે એ ઉપયોગ કરે છે અને સરકાર પણ કરે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : કોંગ્રેસ કરે છે, કોંગ્રેસ કરે છે એમ કહ્યું છે. તમે એ જ કર્યું છે, એ જ કર્યું છે, હજુ કહું છું. (અંતરાય)

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : તમે કરો છો, તમે કર્યું છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : આદિવાસી આપણા ભાઇઓ છે, આપણે બધા એકબીજાના ભાઇઓ છીએ, આમાં કોઇ આદિવાસી કે એવું કશું છે નહિ, આ કહેવાની વાત છે, બોલવાની વાત છે. માનનીય પ્રતાપભાઇ, પ્લીઝ બેસી જાઓ. હવે, હું ઉભો છું મારા લેગ્સ પર, પ્લીઝ બેસી જાઓ, ડોકટર સાહેબ પ્લીઝ, શ્રી સુખરામભાઇ પ્લીઝ. પ્લીઝ બેસી જાઓ, શ્રી આનંદભાઇ પ્લીઝ બેસી જાઓ, પ્લીઝ આપ બેસી જાઓ. પ્લીઝ આપ બેસી જાઓ, હું વિનંતી કરું છું, આપ બેસી જાઓ. આપ આપની જગ્યાએ સ્થાન લો, પ્લીઝ, પ્લીઝ, ચાલો આગળ.. આનંદભાઇ પ્લીઝ,

શ્રી નીતિનભાઇ ર. પટેલ : બેસો બેસો, સાહેબ, હું વિસ્તારની વાત કરું છું, આદિવાસી વ્યક્તિ નહિ, હું આદિવાસી વિસ્તારની વાત કરું છું, આદિવાસીઓ પણ કહે છે કે અમારો આદિવાસી વિસ્તાર, અમારો આદિવાસી વિસ્તાર, તમે નથી બોલતા?, તમે નથી બોલતા? કેવી રીતે વાત કરો છો?

અધ્યક્ષશ્રી : પ્લીઝ, આ વિષયને છોડી દઇએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : વારંવાર બોલો છો, હું પૂરું કરું છું સાહેબ.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, આ વિષયને છોડી દઇએ. આપણે બહોળું મન રાખીએ. આમાં કોઇ વ્યક્તિગત વાત ના હોઇ શકે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમે વારંવાર બોલો છો, એમના ક્વોટેશન કાઢીને બતાવું, આ શ્રી સુખરામભાઇ દસ વાર આજે બોલ્યા, અમારા આદિવાસીઓ, અમારા આદિવાસીઓ, તો તમે ભેદ નથી પાડતા? તમે ભેદ નથી પાડતા? તમને બોલવાની છૂટ, તમને ભેદ પાડવાની, ભાગલા પાડવાની છૂટ, મેં ક્રિકેટની વાત કરી છે કે કોઇ ત્યાંથી આવ્યું હોય અને કોરોના થયો હોય તો મને બતાવો.

શ્રી શૈલેષ મ. પરમાર : તમે એવું કેવી રીતે કહી શકો કે ૭૦,૦૦૦ પબ્લિક જે સ્ટેડિયમમાં બેઠી હતી એમાં એક પણ આદિવાસી બેસવા નહોતો ગયો? તમારી પાસે પ્રુફ છે ? બતાવો તમે. સાહેબ, પર્ટીક્યુલર કાસ્ટને તમે કેવી રીતે કહી શકો? મારો વાંધો આ વાતનો છે. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હવે આ વાત પૂરી કરો, મારે સમયની મર્યાદા છે, શ્રી પરેશભાઇ, મારે સમયની મર્યાદા છે. તમે મને બોલાવશો નહિને ભાઇ, તમે પટેલોને ઉશ્કેરતા હતા, તમે ઠાકોરોને ઉશ્કેરતા હતા, દલિતોને ઉશ્કેરો છો, ઉશ્કેર્યા સિવાય કર્યું છે શું તમે? તમે શું કર્યું છે? આના સિવાય શું આવડે છે તમને?, તમે શું કર્યું છે? ઉશ્કેરણી કર્યા સિવાય કોંગ્રેસે કર્યું છે શું? સાહેબ, દેશના ભાગલા પડાવ્યા છે. બધી વાતો કરો છો.

અધ્યક્ષશ્રી : બેસી જાઓ, પ્લીઝ,

શ્રી પરેશ ધાનાણી : ૭૦,૦૦૦ માણસોને ભેગા કરવાની છૂટ લીધી. એમાં પણ મુખ્યમંત્રીશ્રીનો આભાર માને. આ સરકારની ભૂલના કારણે ગુજરાતના કરોડો લોકોને કોરોનાના સંક્રમણનો ભોગ બનવું પડ્યું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : મહારાષ્ટ્રમાં ૪૫,૦૦૦ કેસો આવે છે જાઓને ત્યાં સલાહ આપવા, મહારાષ્ટ્રમાં ૪૫,૦૦૦ કેસો આવે છે જઇને સલાહ આપોને, જાઓ સલાહ આપો, જાઓ, ૧૦૦ કરોડ રૂપિયાની ખંડણી ઉઘરાવો છો ત્યાં જઇને સલાહ આપોને, જઇને સલાહ આપો, ત્યાં રૂપિયા ૧૦૦ કરોડનો હિસાબ આપો, ૧૦૦ કરોડ રૂપિયા? દર મહિને ૧૦૦ કરોડ રૂપિયા, આ તો અમે બોલતા નથી એટલે, અમે બોલતા નથી એટલે, બેસી જાઓ, બેસી જાઓ ભાઇ.

અધ્યક્ષશ્રી : આ શું ચાલી રહ્યું છે? બધા જ બેસી જાઓ,

શ્રી નીતિનભાઇ ર. પટેલ : બેસી જાઓ ભાઇ, બેસી જાઓ,

ચૈત્ર ૧, ૧૯૪૩ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન(છઠ્ઠો દિવસ)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, શ્રી ઇમરાનભાઇ પ્લીઝ બેસી જાઓ, માનનીય પરેશભાઇ, પ્લીઝ આ વિષય હવે છોડી દો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એ શબ્દો દૂર કરો..

અધ્યક્ષશ્રી :કયા શબ્દો દૂર કરું?

શ્રી શૈલેષ મ. પરમાર :* (xxx) એ શબ્દો દૂર કરો, માનનીય અધ્યક્ષશ્રી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ભાઇ, દૂર કરો, મને કોઇ વાંધો નથી.

અધ્યક્ષશ્રી : ચાલો, એ શબ્દો દૂર કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : દૂર કરો, મને કોઇ વાંધો નથી. હવે તમે બોલશો તો હું બતાવીશ તમને, તમે લઘુમતીની વાતો કરશો, બીજી વાતો કરશો તો પણ બતાવીશ તમને, તમને બતાવીશું, દરરોજ બોલો છો દિવસમાં દસ વાર તમે સમસ્ત દેશ- ભારતની જનતાની તો કદી વાત જ નથી કરી, તમે તો ભાગલા પાડો અને રાજ કરો, અંગ્રેજોનો વારસો રાખ્યો છે, (અંતરાય).

અધ્યક્ષશ્રી : પ્લીઝ, ચાલો, હવે વિષય છોડી દો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : ચાલો હવે પૂરું કરો ભાઇ, એ શ્રી પરેશભાઇ, હવે પૂરું કરોને ભાઇ, શ્રી વિરજીભાઇ, સાહેબ, મારે, (અંતરાય)તો રૂપિયા ૧૦૦ કરોડની ખંડણીનું ચાલુ રાખું?, રૂપિયા ૧૦૦ કરોડની ખંડણીનું ચાલુ રાખું?, તમે કહો તો ચાલુ રાખું. ( અંતરાય) બેસ જાવ માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી ( અંતરાય) શ્રી વિરજીભાઇ, હજુ પહેલી તારીખ આવવાને વાર છે ત્યાં સુધી પરેશભાઇ બેઠા જ છે ચિંતા ના કરશો પછી નક્કી થશે. માનનીય અધ્યક્ષશ્રી, હવે બહુ થયું (અંતરાય)

શ્રી પ્રતાપ દુધાત : (બેઠા બેઠા ) તમારા મુખ્યમંત્રીના અભરખા રહી ગયા.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભાઇ શ્રી પ્રતાપભાઇ, હું અહીંયા પહોંચ્યો છું એટલું સમજી લેજો કે તમારી આવનારી સો પેઢી પણ નહીં પહોંચે અને તમારી આ પહેલી અને છેલ્લી ટર્મ, બધું પૂરું. એ તો પાટીદાર આંદોલન હતું એટલે બધા આવ્યા, અત્યારે ચૂંટણી લાવો ખબર પડે. બધું સાફ થઇ ગયું અને તમે તો સુરતમાં પણ સાફ કર્યું અને અમરેલીમાં પણ સાફ કર્યું મને બોલાવશો જ નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી ગુજરાતમાં કુલ ૨ લાખ ૮૩ હજાર ૮૬૪ નાગરિકોને કોરોના સંક્રમણ થયુ. તેમાંથી આરોગ્ય વિભાગ, સરકારી, ખાનગી, બધું તંત્ર, લોકોની મહેનત ૨ લાખ ૭૩ હજાર નાગરિકો તે કોરોનામાંથી સાજા થઇ ગયા અને કોરોનામાં ટેસ્ટ કરવા ખૂબ જરૂરી છે. સાહેબ, હું રેકર્ડ આંકડો આપું ૧ કરોડ ૨૬ લાખ ૪૬ હજાર ૯૪૮ નાગરિકોના અમારા આરોગ્ય વિભાગના કર્મચારીઓ, ડોકટરો, આશા વર્કર બહેનો, ફિલ્ડ હેલ્થ વર્કરો, અમારા આયુષના ડોકટરો આ બધા ભેગાં થઇ ૧ કરોડ ૨૬ લાખ ૪૬ હજાર ૯૪૮ લોકોના ટેસ્ટ કર્યા છે અને લોકોનું જીવન બચાવવાનો અથાગ પ્રયત્ન કર્યો છે. કમનસીબે આપણે શ્રદ્ધાંજલિ આપી ચૂકયાં છીએ અને આપણને આજે પણ દુઃખ છે કે આ ૨ લાખ ૮૩ હજાર પૈકી ૪૪૩૭ નાગરિકોને આપણે બચાવી શકયા નથી તેનુ આપણને દુઃખ છે. અહીંયા ડોકટરો વિશે ઘણી ચર્ચાઓ કરવામાં આવી, ટીકાઓ કરવામાં આવી. રાજયની હોસ્પિટલો કોરોનાની કપરી સ્થિતિમાં પણ ચાલુ હતી (અંતરાય) ભાઇ ઋત્વિકભાઇ, અહીંયા ધ્યાન આપશો તો કંઇક ફાયદો થશે, અહીંયા ધ્યાન રાખો. હું કહું ફાયદો થશે તેનો અર્થ સમજી લો અહીંયા ધ્યાન આપો એટલુ જ કહું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારી હોસ્પિટલોમાં આ ગંભીર સ્થિતિ હતી છતાં પણ જે અમે કામગીરી ચાલુ રાખી તેના કારણે રોજ ૧૨૪૧ પ્રસૂતિ થતી હતી. આ કોરોનાનું ગયુ વર્ષ ગયું. આ કોરોનાના ગયા વર્ષમાં પણ સરકારી હોસ્પિટલોમાં ૪ લાખ ૧૪ હજાર ૬૫૦ માતાઓએ બાળકોને જન્મ આપ્યો આ અમારા ડોકટરો, અમારી નર્સોની કામગીરી આ કોરોનોમાં પણ સાહેબ પ્રજાની જે સેવા કરી છે તે સન્માનનીય ગૃહના ધ્યાન ઉપર હું મૂકું છું. અહીંયા ડોકટરો અંગે પણ ઘણી ચર્ચા કરવામાં આવી છે. ડોકટરોની જે ભરતી વગેરે કરવામાં આવે છે તે નિયમિત રીતે કરવામાં આવે છે, કાયમી રીતે કરવામાં આવે છે આજે પણ લગભગ ૭થી ૮ હજાર ડોકટરો ગુજરાત સરકારની સેવામાં કાર્યરત છે. ૧૮થી ૧૯ હજાર નર્સિંગ બહેનો કાર્યરત છે. આ ઉપરાંત સીધી ભરતીનો અને આઉટસોર્સિંગનો સ્ટાફ દર્દીઓની સેવામાં ઉપલબ્ધ છે. અહીંયા શ્રી પ્રતાપભાઈ કે શ્રી અમરીષભાઈ કોઇએ વાત કરી કે ખાનગી હોસ્પિટલ/ટ્રસ્ટની હોસ્પિટલને સરકાર તરફથી મદદ કરવી જોઇએ. ભૂતકાળમાં કોંગ્રેસ સરકાર વખતે કોઇ ખાનગી એટલે કે ટ્રસ્ટની હોસ્પિટલને એક રૂપિયો સરકાર તરફથી અપાતો ન હતો. મને ખરેખર આનંદ છે કે, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને અમે ગયા વર્ષે નિર્ણય કર્યો કે, સરકાર તો સારવાર કરે છે પણ આ ચેરિટેબલ ટ્રસ્ટ, દાતાઓ, ધાર્મિક સંસ્થાઓ, સેવાભાવી સજ્જનો, આખી દુનિયાના ગુજરાતીઓ દાન આપીને હોસ્પિટલને ચલાવે છે તો આપણે એમને એક્સ રે, સોનોગ્રાફી, સીટી સ્કેન, એમ.આર.આઈ. મશીન આપવા, સાધન સહાય, ગ્રાન્ટ આપવી જોઇએ. એમણે જે વાત કરી કે લલ્લુભાઇ શેઠ હોસ્પિટલની તો ૨ કરોડ ૬૨ લાખ રૂપિયા ગયા વર્ષના એમને ચૂકવાઇ ગયા છે. એટલે તમારે ચેક કરવું હોય તો કરી લેજો. મને યાદ છે લલ્લુભાઇ શેઠ ગાંધીવાદી હતાં, કોંગ્રેસના સિનિયર નેતા હતાં. ખૂબ સારી હોસ્પિટલ છે પણ કોઇએ મદદ કરી નથી. આ ભારતીય જનતા પક્ષની સરકારે રૂપિયા બે કરોડની ગ્રાન્ટ આપી દીધી. એક વખત નહિ અમે પદ્ધતિ ચાલુ કરી દીધી કે દર વર્ષે ગુજરાતની લગભગ આવી ૨૬ જેટલી ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલ છે એમને સરકાર સ્ટાફ, મહેકમ, ડોકટર અને સાધન સહાય લેખે ગ્રાન્ટ આપશે. લલ્લુભાઇ શેઠ હોસ્પિટલને પણ જે રીતે કામ કરે છે એ રીતે કરતી રહેશે તો દર વર્ષે ૨ કરોડ ૬૨ લાખ રૂપિયાની ગ્રાન્ટ ગુજરાતની ભાજપ સરકાર તરફથી આપવામાં આવશે. નડિયાદમાં મિશન હોસ્પિટલ ચાલે છે. કેટલાંક ક્રિશ્ચિયન ધારાસભ્યો હશે, જાહેર હોય કે ખાનગી

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હોય કોણ શું છે એ મને ખબર નથી. અમે સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ એ શ્રી નરેન્દ્રભાઈના સૂત્ર અને માનવસેવાને ધ્યાનમાં રાખી કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મની હોસ્પિટલ હોય એને મદદ કરીએ છીએ. નડિયાદની મિશન હોસ્પિટલને રૂપિયા ૫૦ લાખ, સુરતની માનવસેવા હોસ્પિટલને રૂ. ૧ કરોડ ૩૭ લાખ, ધરમપુરની આદિવાસી વિસ્તારની હોસ્પિટલને એમ રૂપિયા ૩૦ લાખ ૫૯ હજારની ગ્રાન્ટ ફાળવી છે. હવે એમ ન કહેતાં કે આદિવાસી શબ્દ કેમ વાપર્યો? શહેરામાં હોસ્પિટલને, ગોંડલમાં ખૂબ સારું સદગુરૂ ચેરિટેબલ ટ્રસ્ટ છે તેને, સંસ્કાર ધામ મોરબીને ગ્રાન્ટ ફાળવી છે. રાજકોટની ખૂબ પ્રખ્યાત કેન્સર હોસ્પિટલને દોઢ કરોડ રૂપિયા ફાળવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ, દર વર્ષે અનેક સંસ્થાઓને લગભગ ૪૭ કરોડ રૂપિયા કરતાં વધુ રકમની ગ્રાન્ટ અમારી ભારતીય જનતા પક્ષની સરકાર દ્વારા અમે ફાળવીએ છીએ. 'મા' યોજના, 'મા-વાત્સલ્ય' યોજના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પંડિત દીનદયાળ જેનરિક દવાઓની યોજના વગેરેનો લાભ ગુજરાતના કરોડો ગરીબ દર્દીઓને મળે છે. શાળા આરોગ્ય કાર્યક્રમ વારંવાર પ્રશ્ન ચર્ચા માટે મૂકાયો છે. બધા જ સભ્યશ્રીઓ જાણે છે. ગરીબમાં ગરીબ માણસ, અપંગ, નિરાધાર કે વૃધ્ધ હોય, સિકલસેલ એનેમિયા હોય કે થેલેસિમિયા હોય, કેન્સર, કિડની, હૃદય રોગ, બોનમેરો સહિત તમામ રોગોની સારવાર સરકાર તરફથી આપણી શ્રેષ્ઠ હોસ્પિટલમાં વિના મૂલ્યે કરવામાં આવે છે. આથી ૧૧ હજાર કરોડ રૂપિયા કરતાં વધુ માતબર રકમનું બજેટ અહીંયા મેં રજૂ કર્યું છે. ભૂતકાળમાં મેડિકલ કોલેજો ન હતી તે અમે વધારી છે અને હજુ પણ વધારતા જઈએ છીએ. ભારત સરકારે પણ ઘણી મદદ કરી છે. આયુષ ડોક્ટર, આયુર્વેદિક-હોમિયોપેથિક ડોક્ટર, યુનાની ડોક્ટર એમની પણ સેવા લઈએ છીએ. કરોડો લોકોને પ્રતિકારક શકિત વધારવા માટે આ કોરોના દરમિયાન પણ આપણે ઉકાળા આપ્યા, સમસમની વટી આપી, હોમિયોપેથીક દવાઓ આપી એનો પણ નાગરિકોને ખૂબ મોટા પ્રમાણમાં લાભ મળ્યો છે. કામદાર રાજય વિમા યોજના કેન્દ્ર સરકારની મદદથી ચાલે છે. ૧૭ લાખ કરતા વધુ કામદારો એનો લાભ લે છે અને એમાં પણ જુદી જુદી હોસ્પિટલો દ્વારા એમાં આપણે મદદ કરીએ છીએ અને લેબૉરેટરીઓ, એકસ-રે અને જુદી જુદી વ્યવસ્થાઓ એ બધું પણ આપણે ગુજરાત સરકારની વ્યવસ્થા દ્વારા કરીએ છીએ. ૧૦૮ એમ્બ્યુલન્સ એની પણ કંઇ વિશેષ જણાવવાની જરૂર આ તબકકે મને લાગતી નથી. ૧૦૮ હોસ્પિટલને હવે ૧ કરોડ જેટલા ફોન આવે છે, સારવાર મળે છે, પ્રસૂતિ થાય છે, બધું થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગની પણ ટૂંકમાં થોડી વાત કરી દઉં. કારણ કે બધા જ ધારાસભ્યો મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના, કોઝ-વે, પુલ, ફ્લાઇઓવર, અંડર ગ્રાઉન્ડ રોડ જે બધું માગે છે એ બધું માર્ગ અને મકાનમાં આવે છે. એ વિકાસનું કામ પણ અમે જે કરીએ છીએ અને ૧૧,૧૮૫ કરોડ રૂપિયાનું આ બજેટ છે. આ વખતે મોરબીનો રોડ ૭૦ કિ.મી.નો ૩૦૯ કરોડ રૂપિયાના ખર્ચે મંજૂર કર્યો છે. સુરતના વિકાસને ધ્યાનમાં રાખી ૩૦૦ કરોડ રૂપિયાના ખર્ચે મીંઢોળા નદી ઉપરનો પુલ મંજૂર કર્યો છે. મહેસાણા, કલોલ, કડી અને ગાંધીનગરને સાંકળતો જે ૭૦ કિ.મી.નો લાંબો રોડ છે એને ૬ માર્ગીય બનાવવાનું લગભગ ૮૦૦ કરોડ રૂપિયાનું કામ મંજૂર કર્યું છે. એની પણ આપણે મંજૂરી આપી દીધી છે. એવી રીતે સૌરાષ્ટ્રમાં રાજકોટથી અમદાવાદ, બગોદરાથી ભાવનગર અને પાલીતણા થઇ છેક સૌરાષ્ટ્રને જોડતો રોડ પણ મંજૂર કર્યો છે. કોબા, ગાંધીનગર, અડાલજ, એરપોર્ટ, ગાંધીનગરના આજુબાજુના રસ્તા, એ પણ મંજૂર કર્યા છે અને ખાસ મારે ટૂંકમાં નવી જાહેરાતો માર્ગ મકાનની જે કરવી છે એમાં, અમદાવાદ, દહેગામ, ધનસુરાનો જે ૩૮ કિ.મી.નો રસ્તો અમારા ધારાસભ્યશ્રીઓની બધાની માંગણી હતી ઉત્તર ગુજરાતની, એ ચાર માર્ગીય કરવાનું કામ ૧૯૦ કરોડ રૂપિયાના ખર્ચે મંજૂર કરવાની હું જાહેરાત કરું છું. એવી રીતે બીજી જાહેરાત ૧૦,૦૦૦થી વધુ વસતિ ધરાવતાં જે ગામો છે, એ ગામોનો રસ્તો સાડા ત્રણ, પોણા ચાર મીટર પહોળો હોય પણ હવે ઓછામાં ઓછા સાડા પાંચ મીટર પહોળો કરવાની પણ જાહેરાત કરું છું. એવી જ રીતે ગાંધીનગર, કોબા, પી.ડી.પી.યું. જે જંકશન છે ત્યાં ૫૦ કરોડ રૂપિયાના ખર્ચે નવો ફ્લાય ઓવર બનાવવાની પણ જાહેરાત કરું છું. એવી જ રીતે દરેક નર્મદા કેનાલ ઉપર જે રસ્તાઓ આવે છે, રોડ ટૂ લેન હોય કે ફોર લેન હોય, નર્મદાના પુલ એક લેન હોય કે ટુ લેન હોય, હવે એવો નિર્ણય અમે કર્યો છે કે જેટલો રોડ પહોળો એટલો જ પુલ પહોળો, તો એ પ્રમાણે જયાં નર્મદાને જોડતા રસ્તા ફોર લેન હશે તો એ પુલ ફોર લેન અને રસ્તા ટુ લેન હશે તો એ પુલ ટુ લેન કરવાની પણ જાહેરાત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક ધારાસભ્યોની જેમ ગુજરાતના ૨૬ માનનીય સંસદ સભ્યો છે એમની પણ માંગણી હતી, અમારા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર. પાટીલ, જેઓ પણ સંસદ સભ્ય છે એમની પણ લાગણી હતી કે, તમે ધારાસભ્યને જોબનંબર આપો છો તો અમને સંસદ સભ્યોને પણ જોબ નંબર આપો. તો સાહેબ અમે નિર્ણય કર્યો છે કે, ૨૬ ચૂંટાયેલા લોકસભાના સંસદસભ્યોને પોતાના મત વિસ્તાર દીઠ ૨ કરોડ રૂપિયાના જોબ નંબર આપવાની પણ અમે મંજૂરી આપીશું અને એ સંસદ સભ્યો પણ પોતાના વિસ્તારમાં વિકાસના કામોમાં વેગ લાવી શકશે. એવી જ રીતે (અંતરાય) ધારાસભ્યોનું ચાલુ જ છે. રૂપિયા ૫૦ કરોડ આપ્યા છે. સાહેબ, એક એક ધારાસભ્યશ્રીને આ વર્ષે બધાના જોબ નંબર ૯૦ ટકા અપાઇ ગયા છે. ૫૦ કરોડ રૂપિયાના એક એક વિસ્તાર દીઠ.(અંતરાય) તમે શહેરમાં આવો છો. શહેરમાં ન આવે ને. માર્ગ અને મકાન વિભાગ શહેરમાં ન આવે. એ શહેરી વિસ્તારમાં આવે છે. જયાં શ્રી વિજયભાઇ રૂપાણી શહેરી સ્વર્ણિમ જયંતિમાં કરોડો રૂપિયા આપે જ છે. એનો તમે લાભ લેશો. જરૂર પડશે તમારી વિચારણા કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક અગત્યની જાહેરાત કરું છું. આ વર્ષે અમે જે સાત વર્ષે રિ-પેવર નથી થયા એવા રસ્તાને ધારાસભ્યોની માગણી પ્રમાણે રિ-કાર્પેટ કરવાની મંજૂરી આપી. આનાથી ધારાસભ્યશ્રીઓને ખૂબ સંતોષ થયો. એટલે હવે એવી જ યોજના સુધારી સાત વર્ષના બદલે પંચાયત વિસ્તારના જે મુખ્ય જિલ્લા માર્ગ જેને એમડીઆર કહે છે. એ રસ્તાઓ પાંચ વર્ષ થઇ ગયા હશે અને એને રિ-કાર્પેટ કરવાના હશે તો એને પણ રિ-કાર્પેટ કરવાની મંજૂરી આપીશું. આમ, સાહેબ નર્મદા, આરોગ્ય અને માર્ગ મકાન વિભાગ બધાને

ઉપયોગી છે. આપણે બધા કાર્યકરોને, પ્રજાને, સરપંચોને આપણે લાભ આપી શકીએ એવું અમારું બજેટ છે. તો સર્વાનુમતે મંજૂર કરવા સર્વને વિનંતી. સાહેબ, હું આદિવાસી શબ્દ નિર્દોષતાથી બોલ્યો છું, છતાં કોઇની લાગણી દુભાઇ હોય તો દુઃખ વ્યકત કરું છું.

અધ્યક્ષશ્રી : માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો મત માટે મૂકું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ રજૂ કરેલ માગણી નંબર-૬૫ જે નર્મદા વિભાગની છે, એમાં અમારી જે કાપ દરખાસ્તો છે એ અમે પાછી ખેંચીએ છીએ. એ માટે સભાગૃહ અમને અનુમતિ આપે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : માગણી ક્રમાંક ૬૫ પરની કાપ દરખાસ્તો પાછી ખેંચવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી માગણી નંબર-૬૫ જે નર્મદા વિભાગની લાવ્યા છે, એમાં અમારી જે કાપ દરખાસ્તો છે એ અમે પાછી ખેંચીએ છીએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા વિભાગની માગણી ક્રમાંક-૬૫ છે એને સર્વાનુમતે અમે ટેકો આપીએ છીએ.

નર્મદા વિભાગની માગણી ક્રમાંક-૬૫ પરની કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩, ૨૬, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨ અને ૩૩ પાછી ખેંચી લેવામાં આવી.

**માગણી ક્રમાંક-૬૫ સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

કાપ દરખાસ્તો ક્રમાંક- ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૬, ૧૭, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૩૬, ૩૭, ૩૮, ૪૧, ૪૩, ૪૪, ૪૫, ૪૭, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮ અને ૫૯ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

**માગણી ક્રમાંક-૩૯, ૪૦, ૮૫, ૮૬ અને ૮૭ મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ સાહેબ, અમારા કેટલા ધારાસભ્યશ્રીઓને કંઇક જાણવું હોય કે કાંઇક પૂછવું હોય આ બાબતમાં, આમ તો પ્રથા નથી. એ સમય હતો પહેલાં, પ્લીઝ, આ તો બધા પાંચ-પંદર જણા થઇ ગયા. હું તો બે જ જણને પૂછવા દઇશ, નક્કી કરો કોણ બે. એક શ્રી અમરીષભાઇ ડેર અને શ્રી નૌશાદભાઇ બે જણા બસ. જે વચ્ચે બહુ બોલ બોલ કરતા હોય એમને નહીં. બસ ચાલો.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય નીતિનભાઇ પાસે જાણવા માગું છું કે જે રીતે માનનીય સંસદ સભ્યશ્રીઓને બે કરોડ રૂપિયા ફાળવ્યા અને માનનીય ધારાસભ્યશ્રીઓને જે રકમ ફાળવતા હતા. હવે આપ જે કાગળ ધારાસભ્યશ્રીઓને આપશો એમાં માનનીય સંસદ સભ્યશ્રીઓનું નામ કદાચ નહીં લખો, તો ઘણું બધું સારું રહેશે. જે અલગથી આપણે એમને બે કરોડ રૂપિયા ફાળવ્યા છે. એટલે આપને વિનંતી કરું છું કે હવે ધારાસભ્યશ્રીઓના હક્કનું જે ફાળવો છો તેમાં ધારાસભ્યશ્રીનું નામ લખશો, તો અમને ન્યાય મળ્યો ગણાશે. એવું હું માનું છું, આપનો આભાર.

શ્રી નૌશાદ ભ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આપનો ખૂબ ખૂબ આભાર. પહેલાં તો સાચી રીતે હમણા જે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇએ વાત કરી. અમને બધા ધારાસભ્યશ્રીઓને જો નોન-પ્લાનના રસ્તાઓ, ખરેખર એમણે અમારી જે માગણીઓ હતી એ કોરાનાના છેલ્લા સમયમાં એમણે મંજૂર કરી છે, એટલે એના માટે એમનો ખૂબ ખૂબ આભાર પણ માનવો પડે અને અમારા બે ત્રણ રસ્તાઓ કે જે પ્રાણ પ્રશ્નો જેવા છે, માનનીય મંત્રીશ્રી દિલીપસિંહજી ઠાકોરની પણ રજૂઆત છે, મારી પણ રજૂઆત છે. સુરેલથી કુવર વચ્ચેનો રસ્તો છે બે જિલ્લાને જોડતો છે એમાં એક બ્રિજ બની જાય તો ત્યાંના વિસ્તારના લોકોને ૨૦ થી ૨૫ કિલોમિટર ફરીને આવવું પડે છે એ ન આવવું પડે. બોલેરો પારડીવાલા જે રસ્તો છે એ આપની પાસે દરખાસ્ત પણ આવી હતી એમાં જમીન સંપાદનનો પણ કોઇ પ્રશ્ન નથી. બીજા પ્રશ્નો માટે વ્યકિતગત આવીશું પણ આવા પ્રાણ પ્રશ્નોવાળા રસ્તાઓ છે એને કદાચ સાત વર્ષ કે પાંચ વર્ષની મર્યાદામાં કરીને ઘણાં વર્ષો જૂના પ્રશ્નો છે એને ન્યાય આપવા માટે આપના માધ્યમથી માનનીય નીતિનભાઇને વિનંતી કરું છું.

તા. ૨૨મી માર્ચ ૨૦૨૧

માગણીઓ પર ચર્ચા અને મતદાન(છઠ્ઠો દિવસ)

અધ્યક્ષશ્રી : કોઇપણ જાતની ભવિષ્યમાં ધમાલ નહિ કરવાની શરતે માનનીય પ્રતાપભાઇ આપને પ્રશ્ન પૂછવાની મંજૂરી આપું છું.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત નાણામંત્રી પાસે એટલું જાણવા માગું છું કે ફ્રી હોસ્પિટલો ચાલે છે એમાં અમારી પોતાની ગ્રાન્ટ આપી શકતા નથી અને આપીએ છીએ તો એમાં સાધનો હોય કે અન્ય વિગતોની અંદર તકલીફ ઘણી બધી પડે છે અને મંજૂરી મળતી નથી. તો અમારી પોતાની ગ્રાન્ટ અમે બાકડાંમાં ન આપીએ અને દર્દીને સીધો લાભ મળે. આ રીતે ૨૦ લાખ રૂપિયા જેટલી આપવાની પરમિશન આપો તો અમારા વિસ્તારમાં સારું કરી શકીએ. એમાં કંઇ સરળીકરણ કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : સૂચન છે. માનનીય મંત્રીશ્રીએ સાંભળી લીધું છે.

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારા સિદ્ધપુર વિસ્તારમાં માનનીય નીતિનભાઇ આપે ૫૦ કરોડ રૂપિયાના જોબ નંબર આપી દીધા છે પણ મુખ્ય વસ્તુ એવી છે કે રેલવે સિદ્ધપુરની વચ્ચે આવે છે, એમાં ફાટક આવે છે એટલે એના ઉપર ઓવર બ્રિજ બનાવવાની તકલીફ છે એના કારણે રેલવેની ક્રોસિંગમાં થઇને લોકો અવરજવર કરે છે, એના લીધે વારંવાર અકસ્માત અને મૃત્યુના બનાવો બને છે. તો સિદ્ધપુરને એક રેલવે બ્રિજ આપવા માટે આપને વિનંતી કરું છું. અને ખાસ રાજપુર જવા માટે કોઇ માર્ગ નથી એ રેલવેની અંદર છે એટલે આ કામ કરાવવા માટે આપને વિનંતી કરું છું.

